# વિકસતું ગુજરાત

## સહયાત્રા



એચ. આર. પાટણકર • કિરીટ શેલત





# વિકસતું ગુજરાત
## સહયાત્રા

સંપાદન

શ્રી એચ. આર. પાટણકર • ડૉ. કિરીટ એન. શેલત



પ્રકાશક

**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**

સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ

ફોન : (079) 2546 9101 - 02 • Email : smpl99@gmail.com

# જ્યાં જ્યાં વસે એક ગુજરાતી
# ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત



**વિશ્વભરમાં ગુજરાતીઓ સર્વત્ર વસ્યા છે. ઈંગ્લૅન્ડ, કેનેડા, યુ.એસ.એ., સાઉથ આફ્રિકા, ન્યૂઝિલેન્ડ, યુએઈ-ઓમાન સહિતના ૧૨૯ સાર્વભૌમ દેશોમાં ગુજરાતીઓની નોંધપાત્ર વસતી છે.**

# અર્પણ



ગુજરાતમાં મુદ્રણ ઉદ્યોગના અગ્રિમ પ્રણેતા

**આદરણીય શ્રી વિષ્ણુપ્રસાદ એસ. પંડ્યાને**

આદરસહ

# વિકસતું ગુજરાત - સહયાત્રા


**લેખન - સંપાદન**
**શ્રી એચ. આર. પાટણકર,** IAS (Retd.)
**ડૉ. કિરીટ એન, શેલત,** IAS (Retd.)



પ્રથમ આવૃત્તિ : નવેમ્બર, ૨૦૧૮ (અંગ્રેજી)
દ્વિતીય આવૃત્તિ : ડિસેમ્બર, ૨૦૧૯ (ગુજરાતી)



વાચકો તરફથી તેમનાં અનુભવો અને સૂચનો આવકાર્ય છે.


**ડૉ. કિરીટ એન, શેલત,** IAS (Retd.)
એક્ઝિક્યૂટીવ ચેરમેન, એન.સી.સી.એસ.ડી.
પટેલ બ્લોક, રાજદીપ ઈલેક્ટ્રોનિક્સ કંપાઉન્ડ,
સ્ટેડિયમ છ રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
મોબાઈલ : +૯૧૯૯૦૪૪૦૪૩૯૩ ● ફોન : +૯૧૭૯ ૨૬૪૨૧૫૮૦
Email: drkiritshelat@gmail.com



મૂલ્ય. ૪૯૫/-

**પ્રકાશક અને મુદ્રક :**
**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ – ૩૮૦ ૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬ ૯૧૦૧, ૨૫૪૬ ૯૧૦૨
Email : smpl99@gmail.com



વડાપ્રધાન
**Prime Minister**

## સંદેશ

મને આનંદ થાય છે કે, ગુજરાત રાજ્યની વિકાસયાત્રા પર પ્રકાશ પાડતું, બે સફળ સનદી અધિકારીઓ સર્વ શ્રી એચ. આર. પાટણકર તથા ડૉ. કિરીટ એન. શેલત દ્વારા સંયુક્ત રીતે સંપાદિત પુસ્તક, 'વિકસતું ગુજરાત – સહયાત્રા' (ડેવલપિંગ ગુજરાત – માય મે'મરિઝ) પ્રકાશિત થઈ રહ્યું છે.

આ પુસ્તકમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ, મુખ્ય સચિવો, ગણમાન્ય અધિકારીઓ, અર્થશાસ્ત્રીઓ, આધ્યાત્મિક માર્ગદર્શકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, કૃષિ અને વિકાસ તજ્જ્ઞો તથા ખેડૂતોના યોગદાનનો સમાવેશ કરાયો છે. વિકાસ પ્રક્રિયાના સહભાગીઓ દ્વારા ગુજરાત રાજ્યની આર્થિક વૃદ્ધિ અને પ્રગતિના દસ્તાવેજીકરણનો આ એક નૂતન તથા પ્રશંસનીય અભિગમ છે.

ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ તરીકે સેવા આપી ચૂકેલા શ્રી એચ. આર. પાટણકરે રાજ્યના ઔદ્યોગિક વિકાસને વેગ અપાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ગુજરાતના વિકાસનો નક્કર પાયો સ્થાપનારાઓમાંના તેઓ એક છે.

ડૉ. કિરીટ એન. શેલત ગુજરાતમાં સનદી અધિકારી તરીકે વિવિધ વિકાસ યોજનાઓ અને કાર્યક્રમોમાં નોંધપાત્ર ફલશ્રુતિ સાથેની જ્વલંત કારકિર્દી ધરાવે છે. તેઓ જે કોઈ પ્રૉજેક્ટ સાથે સંકળાયેલા રહેતા તેમાં પોતાની આગવી સૂઝ તથા કુશાગ્રતાને લીધે નવો પરિપ્રેક્ષ્ય ઉમેરતા. તેમના બહોળા ક્ષેત્રઅનુભવને કારણે પુસ્તકમાં વાસ્તવિકતા દૃશ્યમાન થાય છે, જે વાચકોને પુસ્તકના વિષયવસ્તુ-ગુજરાતના વિકાસની પ્રક્રિયાને સમજવાનું સરળ બનાવે છે.

મને ખાતરી છે, આ પુસ્તક ગુજરાતના અનન્ય વિકાસ-ગાથા જાણવા માગતાં સર્વે વિકાસ-નિષ્ણાતો, વહીવટકર્તાઓ અને સંશોધકો માટે મૂલ્યવાન સાબિત થશે. મને વિશ્વાસ છે કે આ કૃતિ વિકાસ-ઘટકોની સાંપ્રત અભ્યાસવૃત્તિને સમૃદ્ધ કરશે તેમજ નીતિ-નિર્માણ અને એક્ઝિક્યુટિવ ભૂમિકા દ્વારા નેતૃત્વ પ્રદાન કરનારના દૃષ્ટિકોણથી રાષ્ટ્રના વિકાસ સામેના પડકારો સમજવામાં વાચકોને ઉપયોગી થશે.

આ પ્રકાશન માટે તેમજ લેખકોના ભાવિ પ્રયાસો માટે મારી શુભેચ્છાઓ.

**(નરેન્દ્ર મોદી)**

નવી દિલ્હી
૦૫ ઓક્ટોબર, ૨૦૧૮

પ્રતિશ્રી,
**ડૉ. કિરીટ એન. શેલત,** આઈ.એ.એસ. (નિવૃત્ત)
એક્ઝિક્યુટિવ ચેરમેન, એન.સી.સી.એસ.ડી.
પટેલ બ્લૉક, રાજદીપ ઈલેક્ટ્રોનિક્સ કંપાઉન્ડ,
સ્ટેડિયમ છ રસ્તા પાસે, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯.



**વિજય રૂપાણી**

મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

## સંદેશ

એ જાણીને મને આનંદ થાય છે કે, શ્રી એચ. આર. પાટણકર અને આપ, સંયુક્ત રીતે **'વિકસતું ગુજરાત – સહયાત્રા'** પર પુસ્તક તૈયાર કરી રહ્યા છો.

વિકાસની યાત્રા, તેમાં જે કોઈ પણ માધ્યમ બન્યા હોય તેની વ્યવસ્થિત નોંધ અને યોગ્ય દસ્તાવેજીકરણ થવું જોઈએ. આવું દસ્તાવેજીકરણ વીતેલા સમયને ભાવિ સાથે જોડનાર ધબકતી કડી બને છે. તેમાંથી ઉદ્ભવતો પ્રગતિનો નકશો ઉજ્જવળ ભવિષ્ય માટે મજબૂત પાયો સ્થાપે છે.

ગુજરાત રાજ્યની રચનાના સમયથી માંડીને આજ સુધીના વિકાસની સમગ્ર પ્રક્રિયાની તવારીખ આપે આ પુસ્તકમાં કંડારી છે એ બાબતની મને ખુશી છે. ગુજરાતમાં વિકાસ-પ્રક્રિયાનું સર્વાંગી સમગ્ર ચિત્ર આ પુસ્તક પીરસે છે. પુસ્તકની જ્વલંત સાર્થકતા માટે હું હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

'વિકસતું ગુજરાત–સહયાત્રા' પુસ્તક તદ્દન નવીન અભિગમથી તૈયાર થયું છે. વિકાસ ક્ષેત્રે ગુજરાત પ્રતિષ્ઠાપ્રાપ્ત રાજ્ય હોઈ દરેક પ્રકારના વાચકો આ માટેનું સાહિત્ય ઝંખે છે. ગુજરાતના વિકાસની પ્રક્રિયા પર સાહિત્ય પ્રકાશિત કરવા ઈચ્છુક અનેક લોકો પુસ્તક-ભંડારોમાં જોવા મળે છે.

કોઈ પણ સાહિત્યનું મૂલ્ય તેની અનન્ય પ્રસ્તુતિ તથા તે કયા પરિમાણ થકી રચાયું છે તે પર નિર્ભર હોય છે.

આપ બંનેએ રાજ્યના પ્રારંભિક તબક્કાથી આજ સુધીના વિકાસ ઘડતરના સંપૂર્ણ પ્રવાસમાં મહત્ત્વપૂર્ણ કામગીરી બજાવી છે તેથી ગુજરાતના

વિકાસ પ્રતિ ધ્યેયનિષ્ઠા અને અભિનવ અભિગમ આ પુસ્તકનું શ્રેષ્ઠ લક્ષણ બની રહ્યું છે.

આપણા માનનીય વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ પ્રતિના વિશિષ્ટ દર્શનને કારણે રાજ્યનું સમગ્ર સંચાલન માત્ર વહીવટી અધિકારીઓ દ્વારા નક્કી થતી નીતિઓ અને વિધાનસભામાં મંજૂર થયેલા મુસદ્દાઓના અમલીકરણ પૂરતું ન રહ્યું; શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, સરકાર દ્વારા જે કાંઈ હાથ ધરવામાં આવ્યું તેમાં માનવીય સ્પર્શ ઉમેર્યો. દેખીતું જ છે કે, આથી વર્ષ ૨૦૦૧થી ૨૦૧૪ના ગાળામાં ગુજરાત સરકારે પહેલ કરેલ પ્રત્યેક નીતિઓ, કાર્યક્રમો અને તેની અંતર્વસ્તુ સમાજના બધા સમૂહોને આવરી લે છે, તેમજ લોકોના દૈનિક જીવનના તમામ પાસાઓને સ્પર્શે છે.


અમલ કરનારાઓ દ્વારા સરકારી તંત્રમાં ઉમેરાયેલો માનવીય સ્પર્શ પ્રત્યેક લોકો સુધી પહોંચ્યો અને રાજ્યનો વિકાસ વણથંભી પ્રક્રિયા બની. એ સમાજમાં છેવાડાના વ્યક્તિ સહિતના સહુના વિકાસ અને કલ્યાણ સુધી તેને સતત આગળ ધપાવવાનું ઉત્તરદાયિત્વ આપણું બની રહ્યું છે.

પ્રસ્તુત પુસ્તક વિકસતા ગુજરાતનું યથાર્થ સર્વાંગી ચિત્ર રજૂ કરે છે. આ એક સંપૂર્ણ નવો દૃષ્ટિકોણ છે. આ કૃતિ આગામી આયોજન અને ભવિષ્યની વ્યૂહરચના અને કાર્ય-ધ્યેયો ઘડવામાં સહાયરૂપ થશે અને આવનારી પેઢી તથા ગુજરાત અને ગુજરાતીઓ સાથે જોડાયેલા સહુ માટે અત્યંત રસદાયક બની રહેશે.

**(વિજય રૂપાણી)**

પ્રતિશ્રી,
**ડૉ. કિરીટ એન. શેલત,** આઈ.એ.એસ. (નિવૃત્ત)
એક્ઝિક્યુટિવ ચેરમેન, એન.સી.સી.એસ.ડી.
પટેલ બ્લૉક, રાજદીપ ઈલેક્ટ્રોનિક્સ કંપાઉન્ડ,
સ્ટેડિયમ છ રસ્તા પાસે, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯.

# પ્રસ્તાવના



ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ શ્રી એચ. આર. પાટણકર અને ડૉ. કિરીટ એન. શેલત દ્વારા સંપાદિત પુસ્તક **'વિકસતું ગુજરાત – સહયાત્રા'** સાથે સંલગ્ન હોવાની મને ખુશી છે.

આ પુસ્તક પચાસના દશકનું દુષ્કાળગ્રસ્ત, ગરીબાઈ પીડિત ગુજરાત આજે નવા સહસ્ત્રાબ્દિમાં જ્યાં છે તે ગતિશીલ અર્થતંત્રની સુભગ કક્ષા પર કેવી રીતે આવ્યું, તે માટેની આવશ્યક વિકાસ પ્રક્રિયા કેવી રીતે શરૂ થઈ તેની વિસ્તૃત નોંધ જણાવવાનો મૌલિક વિચાર છે.

અનેક સહભાગી યોગદાતાઓનો આમાં અમૂલ્ય ફાળો છે; જેમ કે, નજીકના ભૂતકાળના બધા જ પૂર્વ મુખ્યમંત્રીશ્રીઓ; શ્રી એચ. કે. ખાન જેવા પૂર્વ સચિવશ્રીઓ અને ડૉ. પી. કે. મિશ્રા જેવા વરિષ્ઠ સનદી અધિકારીઓ, ગાયત્રી પરિવારના ડૉ. પ્રણવ પંડ્યા જેવા આધ્યાત્મિક માર્ગદર્શકો, ડૉ. જગદીશ ભગવતી જેવા અર્થશાસ્ત્રીઓ, જાણીતા તેમજ અજ્ઞાત ઉદ્યોગ સાહસિકો, ખેડૂતો અને અવશ્ય સિવિલ સોસાયટીના સભ્યો- પ્રત્યેકનું આ વિકાસ પ્રક્રિયામાં પોતપોતાની રીતે આગવું પ્રદાન છે. સાથોસાથ – 'મૅપિંગ ગુજરાત' - ગુજરાતના વિકાસના નકશા ગુજરાતના પ્રાચીન ભૂતકાળથી હાલના અર્વાચીન સમય સુધીની એકંદર ગાથાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે; બધું રસપ્રદ છે અને વિકાસની પ્રક્રિયાના અપરિચિત પાસાંઓને ઉજાગર કરે છે.

આ એક અદ્‌ભુત પ્રયાસ છે. સર્વે યોગદાતાઓ દ્વારા થયેલા પ્રયાસો ચોક્કસ પ્રશંસનીય છે.

શ્રી એચ. આર. પાટણકરને સિત્તેરના દાયકાના પ્રારંભથી જ્યારે તેઓ જી.આઈ.ડી.સી.ના સી.ઈ.ઓ. હતા ત્યારથી હું જાણું છું. ત્યારે વાપી ખાતે રાસાયણિક એકમ અમે શરૂ કર્યું હતું. તેઓશ્રીને ગુજરાતના વિકાસ માટે ઉમદા દર્શન અને ઉત્સાહ સાથે રાત-દિવસ કાર્યરત જોયા છે. તેઓશ્રીએ નાના કદના ઉદ્યોગોથી માંડી વિશાળકાય ઔદ્યોગિક એકમો માટેના વિકાસનો પાયો નાંખ્યો હતો.

ડૉ. કિરીટ એન. શેલતને પણ હું જી.આઈ.ડી.સી.ના દિવસોથી જાણું છું. તેઓશ્રી જી.આઈ.ડી.સી.ના સહાયક મુખ્ય કાર્યવાહક અધિકારી હતા ત્યારથી અને ત્યારબાદ અમે સાથે મળીને કૃષિ અને ગ્રામીણ વિકાસના કાર્યો કર્યાં છે. તેઓશ્રી નામાંકિત વિકાસ નિષ્ણાત છે. જ્યારે આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના નેતૃત્વ હેઠળ તેમણે ખૂબ અસરકારક રીતે કામગીરી બજાવી હતી. **'કૃષિ મહોત્સવ'** હેઠળ ખેડૂતો માટે **'તમારે દ્વારે'** અભિગમ તેમણે દાખલ કર્યો હતો. ડૉ. શેલતના નવા વિસ્તરણ વ્યવસ્થાપન પદ્ધતિના વિસ્તૃત તેમજ ઝીણવટભર્યા માળખાને કારણે છેલ્લા દાયકામાં ખેડૂતોની આવકમાં ચારગણી વૃદ્ધિ થઈ છે.

નિવૃત્તિ પછી તેમની સ્વૈચ્છિક સંસ્થા, નેશનલ કાઉન્સિલ ફોર ક્લાઈમેટ ચેન્જ, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ પબ્લિક લીડરશિપ (એન.સી.સી.એસ.ડી.) મારફતે આબોહવા પરિવર્તનના અટપટા ક્ષેત્રમાં ટકાઉ ખેતી અને તે દ્વારા હવામાન-કુશળ, (ક્લાઈમેટ સ્માર્ટ) ખેડૂતો ઘડવાની વિભાવનાના અમલની પહેલ તેમણે કરી છે.

ખૂબ પ્રશંસાપાત્ર એવું આ મૂલ્યવાન પુસ્તક તૈયાર કરવા બદલ હું બેઉ સંપાદકોને અભિનંદન આપું છું. આ કૃતિ આજના સમૃદ્ધ ગુજરાતના એક અંગ-યુવા પેઢીમાંના જેઓ, આ સિદ્ધિ કેવી રીતે આવી છે તે જાણતા નથી. તેમને તથા દેશમાં હોય કે પરદેશમાં, ગુજરાત અને ગુજરાતીઓ સાથે કંઈ પણ સંબંધ હોય તે સર્વને અત્યંત ઉપયોગી થશે.

શુભેચ્છાઓ સાથે,

**રજ્જુભાઈ શ્રોફ**

૨૪-૧૧-૨૦૧૯
મુંબઈ

# આમુખ



દેશ-રાજ્યોની વિકાસ પ્રક્રિયા પર સારા પ્રમાણમાં સંશોધનો થયા છે અને પુસ્તકો લખાયા છે. આજ રીતે ગુજરાતના વિકાસ પ્રક્રિયા પર લખેલ પુસ્તકો ઉપલબ્ધ છે.

આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજચરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓના હસ્તે મારા પુસ્તક, 'મૅપિંગ ડેવલપમેન્ટ'ના વિમોચન વેળાએ તેમને વિકાસના દસ્તાવેજીકરણની કલ્પના પસંદ પડી. આ વિકાસની પ્રક્રિયા કેવી રીતે શરૂ થઈ તેમજ આગળ ધપી તેની વાતો અને અનુભવો આ ક્ષેત્રમાં રસપૂર્વક સક્રિય લોકો લખે તેવું તેમણે સૂચન કર્યું.

આ સંદર્ભે પૂર્વ મુખ્યસચિવ શ્રી એચ. આર. પાટણકરે અને મેં સાઠના દશકથી આજ સુધીના ગાળામાં ગુજરાતમાં વિકાસ બાબતે જે તે ક્ષેત્રમાં જે કાંઈ થતું રહ્યું તેના દસ્તાવેજીકરણનું વિચાર્યું. અમારો શરૂઆતનો વિચાર માત્ર સનદી સેવાઓના સભ્યોને આમાં જોડવા એવો હતો, પરંતુ પાછળથી શ્રી નારાયણ ગુરુજીના સૂચન પ્રમાણે આ કાર્ય માટે સંભવિત રીતે પ્રભાવિત કે સંકળાયેલા સર્વ સહભાગીઓ, ચૂંટાયેલા સભ્યો, સ્વૈચ્છિક સંસ્થાઓ, અર્થશાસ્ત્રીઓ, આધ્યાત્મિક ગુરુઓ, વિવિધ વિષયોના તજ્જ્ઞો અને અલબત્ત ખેડૂતો સહિત તમામ સમાવિષ્ટ હોય તેવું વ્યાપક માળખું હોવું જરૂરી લાગ્યું. વિવિધ ક્ષેત્રોની ૩૦૦થી વધુ વ્યક્તિઓને અમે

પોતાના કાર્ય-યોગદાન વિશે જણાવવા નિમંત્ર્યા. આમાંના ત્રીજા ભાગના સાથે તો અમે કામ કર્યું હતું. ડૉ. પી. કે. મિશ્રાને 'પ્રજા, રાજપુરુષો અને અધિકારીઓ – વિકાસમાં વહીવટનું ગતિશાસ્ત્ર' લખવા અમે ખાસ વિનંતી કરી.

અમારી એ સમજણ છે અને એ ખરું છે કે વિકાસ એ લોકશાહી તંત્રમાં સહભાગિતાની પ્રક્રિયા છે. લોકશાહી સમાજને જો ઝડપી દરે વિકાસવૃદ્ધિ હાંસલ કરવો હોય તો સ્વાભાવિક છે કે નાની-મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે. આ માટે અવરોધો સાંધવા પડે. નાનામાં નાના માનવી સુધી પહોંચવા માટે વહીવટી તંત્રએ સજાગ પ્રયત્નો કરવા પડે. દરેક વ્યક્તિએ યોગદાન કરવું પડે. એટલું જ નહીં, પરંતુ બધાએ સાથે મળીને કામ કરવું પડે. વિવિધ સહભાગીઓ – સંબંધિત સંસ્થાઓના અભિપ્રાયમાં, અભિગમમાં ભિન્નતા હોઈ શકે. છતાં પણ તેઓ લક્ષ્ય-અભિમુખ થઈ સમાજના એકંદર ભલા માટે પરસ્પર સુમેળથી કાર્ય કરે તો સર્વસમાવેશક ઝડપી વિકાસ શક્ય છે. તે ચોક્કસ પ્રાપ્ત થઈ શકે છે, જેમાં લોકોએ પણ પોતપોતાના સામાજિક ઢાંચાઓમાં આવશ્યક પરિવર્તનો સ્વીકારવા તૈયાર રહેવું પડે અને સમયની પાર જોવાની ધગશવાળા નેતૃત્વની આગેવાની હેઠળ એકજૂટ બની પ્રયાસ કરવા પડે.

આ માટે સમાજને ધગશવાળા નેતાઓ જે મોખરે રહી વિકાસ આગળ ધપાવી શકે તેની જરૂર છે. આવું નેતૃત્વ ગ્રામ્ય કક્ષાથી, જિલ્લા કક્ષાથી રાજ્ય કક્ષા સુધીના પ્રત્યેક સ્તરે અને પ્રત્યેક ક્ષેત્રમાં જરૂરી છે. પરંતુ વાસ્તવમાં ઝડપી અસ્ખલિત સરળ પ્રગતિપથ લોકો ખુદ જ લાવી શકે છે. તેઓ ખુલ્લા દિલના, પ્રગતિલક્ષી, અનુકૂલનશીલ અને સહિષ્ણુ હોવાની સાથોસાથ કોઈ અનિચ્છનીય ભૂલ-ચૂક કે અનપેક્ષિત વિટંબણાઓનું બહારની મદદ વડે કે તે વિના, પોતાની જાતે જ નિરાકરણ શોધી શકે તેવા હોવા જોઈએ. ગુજરાતની વિકાસગાથા આનું ઉદાહરણ છે.

આ પુસ્તક તૈયાર કરવામાં પૂર્વ માનનીય મુખ્યમંત્રીશ્રીઓ, પૂર્વ મુખ્ય સચિવો, અન્ય વરિષ્ઠ અધિકારીઓ, અર્થશાસ્ત્રીઓ, ઉદ્યોગ-અગ્રણીઓ, પરંતુ ખાસ કરીને લઘુ-મધ્યમ ઉદ્યોગ સાહસિકો, સંસ્થાઓના ઘડવૈયાઓ, આધ્યાત્મિક નેતાઓ, મૅનેજમેન્ટ ગુરુઓ, કલા અને સંસ્કૃતિ ક્ષેત્રની પ્રતિભા-સંપન્ન વ્યક્તિઓ, નાગરિક સમાજના સભ્યો અને અલબત્ત લોકો પોતે જ, કેટલાંક સુવિખ્યાત અને કેટલાંક અજાણ્યા એવા લોકોનો રાજ્યના વિકાસમાં નોંધપાત્ર ફાળો રહ્યો છે અને એ સહુનું યોગદાન પ્રાપ્ત થયું છે. બધું મળીને

૮૦થી વધુ યોગદાતાઓએ પોતાના કાર્ય-અનુભવ અને ફલશ્રુતિને વર્ણવ્યા છે. તથા વિકાસના કેન્દ્રસ્થ વિચારને ભૂત-વર્તમાન-ભાવિ અનુસંધાને ‘મેપિંગ ડેવલપમેન્ટ – વિકાસનું રેખાંકન’ શીર્ષક હેઠળ વણી લીધો છે. આ સમગ્ર વાત પણ સંપૂર્ણ તેમજ સર્વસમાવેશક ન પણ હોય. ગુજરાતની વિકાસયાત્રા માટે નોંધપાત્ર કામગીરી કરી હોય તેવી બધી જ વ્યક્તિઓ કે સંસ્થાઓની વિગતો આમાં સામેલ નથી. ઉપરાંત ગુજરાતમાં વિકાસ ક્ષેત્રે થયેલું સઘળું જ આમાં નથી. જુદા જુદા ક્ષેત્રમાં સહભાગી લોકોની પોતાની વાત આ પુસ્તકમાં કરેલ છે.

આ અનુદિત કૃતિ ‘વિકસતું ગુજરાત – સહયાત્રા’ના મૂળ અંગ્રેજી પુસ્તક, ‘ડેવલપિંગ ગુજરાત – માય મે’મરિઝ’નું વિમોચન માન. રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલી દ્વારા ગણમાન્ય મંત્રીઓ, પૂર્વ મુખ્યમંત્રીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં તા. ૨૬ નવેમ્બર, ૨૦૧૮ના રોજ થયું હતું. નવી દિલ્હી ખાતે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આ પુસ્તક ડૉ. કિરીટ શેલત દ્વારા રૂબરૂમાં આપવામાં આવ્યું હતું. પુસ્તકના વિષયવસ્તુ બાબતે તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી તેની અમને ખુશી છે. આ ગુજરાતી આવૃત્તિમાં જરૂરી જણાયેલા સુધારા-વધારા-ફેરફાર આવરી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

પરંતુ આ એક અનોખો પ્રયાસ છે. તેમાં આ સંબંધિત સહભાગી-યોગદાતાઓ દ્વારા પોતાની વાત છે જે ભેગી કરીને રજૂ કરી છે. ગુજરાતનો વિકાસ કેવી રીતે થયો ? કેટલીક બાબતો શા માટે શક્ય ન બની? તંત્રએ શું કર્યું ? ઝડપી સંકલિત વિકાસસિદ્ધિ માટે વિવિધ પાસાંઓ કેવી રીતે જોડાયા વગર છૂટક છૂટક રીતે એકત્રિત કરી, પ્રવર્તમાન આધાર-સામગ્રીનો ઉપયોગ કરીને તૈયાર થતું ચિત્ર રજૂ કરવાનો સંનિષ્ઠ પ્રયાસ છે. ગુજરાત સાંઈઠના દાયકામાં વરસાદ અને કૃષિકેન્દ્રિત અર્થવ્યવસ્થા આધારિત, ગરીબીગ્રસ્ત રાજ્ય હતું. હવે એ નવી સહસ્ત્રાબ્દિમાં કેવી રીતે પ્રગતિમાં હરણફાળ ભરતું, સર્વસ્વીકૃત વિકાસશીલ રાજ્ય થયું અને ટકાઉ વિકાસમાં વિશ્વકક્ષાએ નવા સીમાચિહ્નો રચ્યા તે દર્શાવવાનો આ પ્રયાસ છે.

સહયોગીઓએ આપેલા તથ્યો તેમજ વિગતોને અમે સંપૂર્ણપણે પ્રામાણિક રહેવાનો પ્રયાસ કર્યો છે. છતાં પણ કોઈ ભાષાકીય કે અન્યથા ભૂલ કે ક્ષતિ જણાય તો તે અમારી છે.

**એચ. આર. પાટણકર,** આઈએએસ(નિવૃત્ત)

**૩૦-૧૧-૨૦૧૯** **ડૉ. કિરીટ એન. શેલત,** આઈએએસ(નિવૃત્ત)

# ઋણ સ્વીકાર

જેઓના લીધે આ પુસ્તક શક્ય બન્યું તેવા અનેક વ્યક્તિઓના અમો આભારી છીએ.

- માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને માનનીય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી, જેમણે તેમના સંદેશા દ્વારા અમને પ્રોત્સાહિત કર્યા છે.
- યોગદાતાઓ – નામાંકિત મહાનુભાવો કે જેમણે તેમના મૂલ્યવાન અનુભવો જણાવ્યા છે.
- ડૉ. વી. જી. પટેલ તથા ડૉ. એની પ્રસાદ – જેમણે અમૂલ્ય ટિપ્પણીઓ લખી આપી છે.
- ડૉ. પી. કે. મિશ્રા જેમણે સુધારા માટે અનેક વિચારો આપ્યા છે.
- શ્રી પુલક ત્રિવેદી – માહિતી વિભાગ, ગુજરાત
- અમારા પ્રકાશક – શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી દિનેશભાઈ પટેલના સાહિત્ય મુદ્રણાલયની ટીમ.
- એન.સી.સી.એસ.ડી. ટીમ – મુખ્ય કારોબારી અધિકારી સુશ્રી નિશા શાહ, સહાયક શ્રી મોહનદાસ કલ્લિંગલ, સુશ્રી ધ્વનિ પંડ્યા, શ્રી હસમુખ ઉપાધ્યાય.
- શ્રી રજ્જુ શ્રોફ, જેઓ અમને હંમેશાં પ્રોત્સાહિત કરે છે. તેમજ પુસ્તકની પ્રસ્તાવના લખી આપી છે.
- એન.સી.સી.એસ.ડી.ના અધ્યક્ષશ્રી, ન્યાયમૂર્તિ બી. પી. સિંઘ, પૂર્વ ન્યાયાધીશ, સર્વોચ્ચ અદાલત, ભારત.
- અમો પરમ આદરણીય મહાન ઋષિ મહંત સ્વામી મહારાજના ઋણી છીએ. જેમણે આ સમગ્ર સાહસને આશિષ આપ્યા છે.

# અનુક્રમણિકા


- પ્રધાનમંત્રીનો સંદેશ ........ v
- મુખ્યમંત્રીશ્રી - ગુજરાત રાજ્યનો સંદેશ ........ vii
- પ્રસ્તાવના — શ્રી રજ્જુ શ્રોફ ........ ix
- આમુખ - શ્રી એચ. આર. પાટણકર અને ડૉ. કિરીટ એન. શેલત ........ xi
- ઋણ સ્વીકાર ........ xiv
- વિકાસનું રેખાંકન : પ્રારંભ - અરુણુંપ્રભાત — ડૉ. કિરીટ એન. શેલત ........ ૧

નેતૃત્વ ........ ૨૧

મહાત્મા ગાંધી ........ ૨૧

સરદાર વલ્લભભાઈ પટેલ ........ ૨૧

મોરારજી દેસાઈ ........ ૨૨

ગુલઝારીલાલ નંદા ........ ૨૨

ઈન્દુલાલ યાજ્ઞિક ........ ૨૩

રવિશંકર મહારાજ ........ ૨૩

કે. એમ. મુનશી ........ ૨૪

પ્રોફેસર યશપાલ ........ ૨૪

અનસૂયા સારાભાઈ ........ ૨૫

જેઆરડી ટાટા ........ ૨૫

ધીરુભાઈ અંબાણી ........ ૨૬

પી. એન. ભગવતી ........ ૨૬

નાનુભાઈ શેલત ........ ૨૭

ડૉ. વિક્રમ સારાભાઈ ........ ૨૭

શ્રીમતી મૃણાલિની સારાભાઈ ........ ૨૮

કસ્તુરભાઈ લાલભાઈ.................................... ૩૦
શ્રેણિકભાઈ લાલભાઈ.................................... ૩૧
પ્રૉફેસર રામલાલ પરીખ.................................... ૩૨
વિઠ્ઠલદાસ ઉદેશી.................................... ૩૩
ઝીણાભાઈ ફતાભાઈ (ખેડૂત) .................................... ૩૪
શ્રી વિષ્ણુપ્રસાદ એસ. પંડ્યા.................................... ૩૫
શ્રી પ્રાણલાલ ભોગીલાલ .................................... ૩૬
ગુજરાતના મુખ્યમંત્રીઓ.................................... ૩૯
ડૉ. જીવરાજ મહેતા.................................... ૩૯
ડૉ. બળવંતરાય મહેતા .................................... ૩૯
શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઈ .................................... ૪૦
શ્રી ઘનશ્યામ છોટાલાલ ઓઝા .................................... ૪૦
શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ .................................... ૪૦
શ્રી માધવસિંહ સોલંકી.................................... ૪૧
શ્રી અમરસિંહ ચૌધરી .................................... ૪૧
શ્રી ચીમનભાઈ પટેલ .................................... ૪૧
શ્રી છબીલદાસ મહેતા.................................... ૪૨
શ્રી કેશુભાઈ પટેલ.................................... ૪૨
શ્રી સુરેશભાઈ મહેતા .................................... ૪૩
શ્રી શંકરસિંહ વાઘેલા.................................... ૪૩
શ્રી દિલીપ પરીખ.................................... ૪૪
શ્રી નરેન્દ્ર મોદી .................................... ૪૪
શ્રીમતી આનંદીબેન પટેલ.................................... ૪૪
શ્રી વિજય રૂપાણી .................................... ૪૫

- ગુજરાતનો વિકાસ ..........................શ્રી કેશુભાઈ પટેલ ............ ૪૬
- ગુજરાત : ભવ્ય સફળતા મારી યાદો............શ્રી સુરેશભાઈ મહેતા ......... ૪૯
- અભૂતપૂર્વ વિકાસ..........................શ્રી શંકરસિંહ વાઘેલા.......... ૫૩
- ગુજરાત એક આદર્શ રાજ્યની દિશામાં..........શ્રી દિલીપ પરીખ............. ૫૭

- શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રોને
  ક્રાંતિકારી અગ્રિમતા ..........................શ્રીમતી આનંદીબેન પટેલ...... ૫૯
- સંસ્મરણીય અનુભવો..........................શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા....... ૬૩
- અનુકૂલનશીલ ગુજરાતનું અત્યંત તેજસ્વી ભાવિ ..શ્રી પરશોત્તમ રૂપાલા.......... ૬૭
- વિકાસનું રેખાંકન –
  સ્વર્ણિમ્ ગુજરાત નવ સહસ્ત્રાદી - 'મોદી યુગ' ..ડૉ. કિરીટ એન. શેલત........ ૭૧
- ગુજરાતનો વિકાસ – મારાં સંસ્મરણો ...........શ્રી એચ. આર. પાટણકર ..... ૭૯
- ગુજરાતનો વિકાસ – મારાં સંસ્મરણો ...........શ્રી એચ. કે. ખાન............ ૮૭
- ભારતમાતાનું લક્ષ્મી સ્વરૂપ ....................શ્રી નાગરાજન વિઠ્ઠલ ......... ૯૨
- ગુજરાતનો વિકાસ – મારી યાદો ................શ્રી પી. વી. સ્વામીનાથન ..... ૯૬
- મારું રાજ્ય ગુજરાત..........................ડૉ. જી. સુંદરમ............... ૯૯
- વિકાસશીલ ગુજરાત – મારાં સંસ્મરણો .........શ્રી એ. પ્રસાદ ..............૧૦૩
- ગુજરાતનો વિકાસ – ગૌણ રાજ્યથી મોખરાના
  રાજ્ય સુધીની યાત્રા - મારાં સંસ્મરણો ..........શ્રી વી. બી. બુચ............૧૦૬
- વિકાસનું રેખાંકન : સરદાર સરોવર પ્રૉજેક્ટ .....ડૉ. કિરીટ એન. શેલત.......૧૧૨
- તૃષાતુર ગુજરાત માટે પેય જળ.................શ્રી ગૌરીશંકર ઘોષ...........૧૧૮
- ગુજરાત : વિપદાઓ વચ્ચે વિકાસ ..............શ્રી પ્રવીણ ક. લહેરી.........૧૨૨
- ગુજરાતનો વિકાસ : મારી સ્મૃતિઓ.............ડૉ. મંજુલા સુબ્રમણ્યમ........૧૨૭
- આધ્યાત્મિક વિકાસ ..........................સ્વામી અધ્યાત્માનંદજી........૧૩૦
- આધુનિક વ્યવસ્થાપનમાં આધ્યાત્મિકતા..........શ્રી નારાયણ ગુરુજી ..........૧૩૫
- જગન્નાથજી મંદિર : ભગવાનની નગરયાત્રા......શ્રી મહેન્દ્ર ઝ્હા..............૧૪૦
- વિકાસનું રેખાંકન : ગુજરાત હિંદુ
  આધ્યાત્મિકતાનો સંદેશ વિશ્વભરમાં પહોંચાડે છે. .ડૉ. કિરીટ એન. શેલત.......૧૪૪
- આધ્યાત્મિકતાનો વિકાસ.......................ડૉ. પ્રણવ પંડ્યા .............૧૫૩
- ગુજરાત : વિકાસ અને ગરીબી નિર્મૂલન.........ડૉ. જગદીશ ભગવતી........૧૫૫
- નવીન ઔદ્યોગિક વ્યૂહરચનાઓ :
  ગુજરાતના વિકાસનો સુવર્ણ દશક...............ડૉ. વી. જી. પટેલ...........૧૫૮
- ગુજરાતમાંથી પ્રેરણા અને ગુજરાતને પ્રદાન......ડૉ. મુકુલ આશર ............૧૬૪
- માપન, વિશ્લેષણ અને નીતિસલાહ.............પ્રો. રવીન્દ્ર ધોળકિયા.........૧૬૯

- વિકેન્દ્રિત આયોજન : પંચમહાલના સંસ્મરણો ....ડૉ. સુદર્શન આયંગર.........૧૭૨
- ગુજરાતમાં ઈનોવેશન સંભાવનાનું પ્રેરક ઉદાહરણ
  ત્રણ દાયકાનું સ્મૃતિદશ્ય ........................ડૉ. અનિલ ગુપ્તા............૧૭૬
- ગુજરાતનો વિકાસ : મારી યાદો ................શ્રી રજ્જુ શ્રોફ ..............૧૭૮
- ગુજરાતનો વિકાસ  મારા સંસ્મરણો.............શ્રી સુનિલ પારેખ............૧૮૧
- ગુજરાતનો વિકાસ : મારી યાદો ................શ્રી ગિરીશ દાણી ............૧૮૫
- ગુજરાતના વિકાસ સાથે મુદ્રણ ઉદ્યોગની હરણફાળ .શ્રી શ્રેયસ વિ. પંડ્યા ..........૧૮૮
- ‘વાડીલાલ’ બ્રાંડની યાત્રા ...........................શ્રી દેવાંશુ ગાંધી .............૧૯૧
- ગુજરાતનો વિકાસ : મારી યાદો ................ડૉ. પ્રવીણ ભગવતી .........૧૯૩
- ગુજરાતનો વિકાસ  ........................શ્રી જિતેન્દ્ર ચૌહાણ ..........૧૯૫
- ગુજરાતની વિકાસયાત્રાના સહયાત્રી
  વિડીયો-ફોટો ક્ષેત્રના જાટકીયાબંધુ...............શ્રી હર્ષદ જાટકીયા ...........૧૯૭
  શ્રી જયેન્દ્ર જાટકીયા
- ‘ઓનેસ્ટ’ની સફળતાની વાત...................શ્રી વિજય ગુપ્તા.............૨૦૦
- વાપીની વિકાસગાથા .........................શ્રી મિલન આર. દેસાઈ......૨૦૨
- ઉદ્યોગમાં ટ્રસ્ટીશિપનો અમલ....................શ્રી અશ્વિન શ્રોફ.............૨૦૪
- વિકાસશીલ ગુજરાત : મારી યાદો ..............સુશ્રી સ્મિતા શાસ્ત્રી ..........૨૦૭
- ગુજરાતનો વિકાસ : મારા સંસ્મરણો ............પ્રૉફેસર વાય. એસ. રાજન...૨૧૧
- ગુજરાતના વિકાસમાં સંચાર વ્યવસ્થાનું યોગદાન .શ્રી બી. એસ. ભાટીયા.......૨૧૪
- વિકાસ સંદર્ભે ગુજરાતમાં સંભાવના.............શ્રી ભૂષણ પુનાની ...........૨૧૯
- ગુજરાતનો વિકાસ : મારી યાદો ................ડૉ. એચ. એલ. ત્રિવેદી......૨૨૩
- ગુજરાતનો વિકાસ : મારા સંસ્મરણો ............શ્રી મનુભાઈ જી. પટેલ.......૨૨૬
- ગુજરાતમાં આરોગ્ય સંચાર પ્રણાલિનું
  સશક્તિકરણ ...............................ડૉ. અરબિંદ સિંહા...........૨૨૯
- ગુજરાતનો વિકાસ  : મારી સ્મૃતિઓ ...........શ્રી કે. કે. નાયર ............૨૩૩
- વિકાસનું રેખાંકન : શ્વેત ક્રાંતિ................. ડૉ. કિરીટ એન. શેલત.......૨૩૭
  શ્રી ત્રિભુવનદાસ પટેલ, ડૉ. વર્ગીસ કુરિયન
- વિકાસનું રેખાંકન : સ્વનિર્ભર ગુજરાતીઓ
  સ્વયં સહાય : સામુદાયિક પ્રયાસો .............સુશ્રી ધ્વનિ પંડ્યા............૨૪૧
  વાંકાનેરના ૫જગામની વાત.............................................૨૪૧
  ભાવનગરના મેથક ગામની વાત .........................................૨૪૨

ખેડાના હરિવાલા ગામના પુરીબેન.....................................૨૪૨
- દાહોદની કાયાપલટ ..........................શ્રી હરનાથ જગાવત .........૨૪૪
- વિકાસનું રેખાંકન :
સુરતબેન ઉદયસિંહભા મહિલા ખેડૂતની વાત.....સુશ્રી નિશાબેન શાહ .........૨૪૮
- છોટાઉદેપુરના આદિવાસી અને ગરીબ ખેડૂતોનું
સશક્તિકરણ ..................................શ્રીમતી શ્રુતિ શ્રોફ ...........૨૫૦
- વિકાસનું રેખાંકન : બેખડીયા ગામના ગ્રામજનો દ્વારા
૨૧ ચેકડેમો....................................શ્રી હસમુખ ઉપાધ્યાય ........૨૫૫
- 'સેવા'ની ગ્રામ્ય મહિલા કાર્યકરો................સુશ્રી રીમા નાણાવટી.........૨૫૭
- ગુજરાતના ગ્રામ્ય સમુદાયોના ઉત્થાનમાં
બાયેફ ડેવલપમેન્ટ રિસર્ચ ફાઉન્ડેશનનો ફાળો ....ડૉ. નારાયણ જી. હેડગે ......૨૬૪
- ગુજરાતનો વિકાસ : મારાં સંસ્મરણો ............ડૉ. બી. કે. કિકાણી .........૨૬૮
- ગુજરાતનો વિકાસ : મારાં સંસ્મરણો ............ડૉ. એ. આર. પાઠક.........૨૭૦
- ભવિષ્યની ખેતી ................................ડૉ. સી. જે. ડાંગરીયા........૨૭૩
- ગુજરાતના મારા અનુભવો અને સંસ્મરણો.......પ્રો. ઓડેમારી એમબુયા ......૨૭૭
- વિકાસનું રેખાંકન : કૃષિ મહોત્સવ - નવતર
વિસ્તરણ અભિગમ ખેડૂતોના દ્વારે પહોંચવું.......ડૉ. કિરીટ એન. શેલત.......૨૮૦
- વિકાસનું રેખાંકન : મહેશભાઈ યુવા ખેડૂતની વાત ..સુશ્રી નિશાબેન શાહ ..........૨૮૪
- વિકાસનું રેખાંકન : ટકાઉ વિકાસ : વૈશ્વિક
તાપમાન વૃદ્ધિનો હરિયાળો ઉપાય -
સ્વપ્નદૃષ્ટા શ્રોફની પહેલ ......................ડૉ. કિરીટ એન. શેલત.......૨૮૬
- ગુજરાતનો વિકાસ : અમારી યાદો..............ડૉ. અનિલ દેસાઈ ...........૨૮૮
- ગુજરાતમાં બહેરા-મૂંગા માટે સર્વસમાવેશક શિક્ષણ
અને સારવાર...................................ડૉ. નંદલાલ માનસેતા........૨૯૩
- પ્રગતિના પંથે ગુજરાત – મારાં કેટલાંક સંસ્મરણો...શ્રી દેવેન્દ્રકુમાર ર. દેસાઈ......૨૯૭
- ગુજરાતનો વિકાસ : મારી યાદો ................સુશ્રી એની પ્રસાદ ...........૨૯૯
- પ્રજા, રાજપુરુષો અને અમલદારો :
વિકાસમાં વહીવટનું ગતિશાસ્ત્ર...................ડૉ. પી. કે. મિશ્રા ...........૩૦૭
- વિકાસનું રેખાંકન : જાહેર શાસન...............ડૉ. કિરીટ એન. શેલત.......૩૨૭
- માન. મુખ્ય મંત્રીશ્રીનું ભાવિદર્શન ..............શ્રી વિજયભાઈ રૂપાણી .......૩૩૬
- સંસ્થા પરિચય એન.સી.સી.એસ.ડી.............સુશ્રી નિશાબેન શાહ .........૩૩૯

# ગાંધીનું ગુજરાત



# વિકાસનું રેખાંકન
# પ્રારંભ — અરુણુંપ્રભાત

ગુજરાત એટલે ગુજરાતીઓ; ભગવાન શ્રીકૃષ્ણ, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, પ્રમુખ સ્વામી મહારાજ અને હવે નરેન્દ્ર મોદીની ધબકતી ભૂમિ.

ગુજરાત ભારતની પશ્ચિમે ૧૬૦૦ કિ.મી. લાંબી સમુદ્રને સ્પર્શતી, તટવર્તી સીમા ધરાવતું રાજ્ય છે. વાયવ્ય સરહદે સીમા પાર પાકિસ્તાન આવેલું છે. કચ્છનું પ્રખ્યાત 'સફેદ રણ' તેના ભૌગોલિક વિસ્તારનો આ એક તૃતિયાંશ ભાગ ધરાવે છે. તેમજ દરિયાઈ સીમાઓને લીધે 'કોરીક્રિક' ખાડીમાંથી જમીનમાં ક્ષારીયતા સતત આગળ ધપી રહી છે.

ગુજરાત કૃષિ–આબોહવા–ક્ષેત્રની દૃષ્ટિએ આઠ વિભાગોમાં વહેંચાયેલું છે. જેમાં સારા વરસાદવાળા દક્ષિણ ગુજરાત, મધ્યમ વરસાદવાળા મધ્ય ગુજરાત અને નહિવત્ વરસાદવાળા ઉત્તર ગુજરાત અને કચ્છના સૂકા પ્રદેશનો સમાવેશ થાય છે.

હિમાલય અને પંજાબની દિશામાંથી પ્રવાસ ખેડીને આવેલા ગુર્જરો અહીં સ્થાયી થયા હતા તેથી આ ભૂમિ ગુજરાત તરીકે ઓળખાય છે.

અલબત્ત, ૧૯૬૦માં ગુજરાતની જ્યારે જૂના મુંબઈ રાજ્યમાંથી અલગ નવા રાજ્ય તરીકે સ્થાપના કરવામાં આવી ત્યારે અત્યાર સુધી કચ્છ અને સૌરાષ્ટ્ર જે સ્વતંત્ર ઘટકો હતા તેનું ગુજરાતમાં વિલીનીકરણ કરવામાં આવ્યું.



હડપ્પન સંસ્કૃતિ : લોથલ — અમદાવાદ જિલ્લો

ઐતિહાસિક દૃષ્ટિએ દ્વારકા ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા નિર્મિત પૌરાણિક યાત્રાધામ છે. ગુજરાતની નર્મદા ખીણ પ્રદેશ બાબત મહાભારતમાં એવો ઉલ્લેખ છે કે અશ્વત્થામાએ પોતાનું શાપિત જીવન અહીં વિતાવ્યું હતું. તેવી જ રીતે ડાંગ જિલ્લા વિશે અભ્યાસુઓ એવું જણાવે છે કે વનવાસ દરમ્યાન ભગવાન શ્રી રામે સીતા અને લક્ષ્મણ સહિત, ત્યારે દંડકારણ્ય તરીકે ઓળખાતા આ જંગલમાં વસવાટ કર્યો હતો. અન્ય કેટલાક સંશોધનો પ્રમાણે ગુજરાતની સંસ્કૃતિ ૪૫૦૦ વર્ષોથી વધારે પુરાણી છે.

અમદાવાદ જિલ્લામાં ધોળકા પાસે લોથલ પ્રાક્ ઐતિહાસિક કાળ (ઇ.પૂ.૨૫૦૦ થી ઇ.પૂ. ૩૦૦૦)માં વેપાર-ઉદ્યોગથી ધમધમતું નગર હતું તથા કચ્છમાં ધોળાવીરા ખાતે પણ સુંદર રીતે આયોજિત નગર હતું તેવા અનેક પુરાવા પ્રાપ્ત થયા છે. આવું બધું ઇ.પૂ. ૨૬૫૦ના ગાળાની ગુજરાતની સંસ્કૃતિની ઝાંખી આપે છે. તે સમયની આ સમૃદ્ધ હડપ્પન સંસ્કૃતિ ઇ.પૂ. ૨૧૦૦ની આસપાસના સમયમાં નષ્ટ થઈ હતી.

ભગવાન શ્રીકૃષ્ણ જન્મ્યા મથુરામાં, ઉછર્યા ગોકુળ-વૃંદાવનમાં, પરંતુ તેમણે સૌરાષ્ટ્રમાં દરિયાકાંઠે પોતાની દ્વારકા નગરીની સ્થાપના કરી. આવી નગરી તે કાળે હોવાના પુરાતત્ત્વીય પુરાવા દ્વારકા પાસે અને અન્યત્ર જોવા મળે છે.

ભગવાન જગન્નાથજી અમદાવાદમાં બિરાજમાન છે. વર્ષમાં નિશ્ચિત તિથિએ ભગવાન જગન્નાથજી એટલે શ્રીકૃષ્ણની, ભાઈ બલરામ અને બહેન સુભદ્રા સાથેની ઉત્સાહ-ઉલ્લાસસહ નગર રથયાત્રાની અનન્ય પરંપરા વરસોવરસ જળવાઈ રહી છે. પ્રત્યેક સમાજના આબાલ-વૃદ્ધ નગરજનો આ યાત્રાના આદર અને પૂજ્યભાવ સાથે દર્શનનો લાભ મેળવે છે.

બુદ્ધ અને મહાવીરના અનુયાયીઓ ગુજરાતમાં સારી રીતે સક્રિય રહ્યા છે. સમ્રાટ અશોકની સૌથી જૂની ઈ.સ. પૂર્વે ૨૫૭ની રાજાજ્ઞા શિલાલેખ તરીકે જૂનાગઢ પાસેના ગિરનારમાં છે. પાલિતાણાના સુપ્રસિદ્ધ દેરાસરો અને વ્યાપાર-વાણિજ્યમાં અગ્રેસર—કુશાગ્ર એવો બહોળા જૈન સમુદાય મહાવીરના પ્રભાવને લીધે અહીં જોવા મળે છે.

ગુજરાતમાંના અન્ય મહત્ત્વનાં સ્થાનો, આરતપુર-હાલનું વડનગર-મહેસાણા, ગિરિનગર-


ધોળાવીરા - કચ્છ - ગુજરાત


દ્વારકા મંદિર - ગુજરાત



પાલિતાણા મંદિર - ભાવનગર



સોમનાથ મંદિર - પ્રભાસપાટણ - વેરાવળ

જૂનાગઢ, વલ્લભિપુર-ભાવનગર અને પાટણ તથા શક્તિપીઠ અંબાજીની ભવ્યતા ઉપરાંત અરબી સમુદ્રના કિનારે આવેલું પ્રખ્યાત સોમનાથ મંદિર અતિ મૂલ્યવાન પ્રાચીન સીમાચિહ્નો છે.

બંદર-ગોદી તરીકે સુરત ભારતના પ્રવેશદ્વાર તરીકેનું અગત્યનું બારું હતું. ઈરાનથી આવેલા પારસીઓ પ્રથમ અહીં ઉતર્યા હતા. ગુજરાતનો અખાતના દેશો, આફ્રિકા અને યુરોપ સાથેના વ્યાપાર-વ્યવહારનો અહીંથી આરંભ થયો હતો.

મુસ્લિમ શાસક અહમદશાહે સન ૧૪૧૧માં પોતાનું વડું મથક વડોદરા પાસેના ચાંપાનેરથી અમદાવાદમાં ખસેડ્યું અને અમદાવાદને પાટનગર તરીકે સ્થાપ્યું. મોગલો પણ અહીં આવી ગયા. અકબરે સુરતની મુલાકાત લીધી હતી. શાહજહાં મોગલ સામ્રાજ્યના સુબા-ગવર્નર તરીકે અમદાવાદમાં ગવર્નર હાઉસ-શાહીબાગમાં રહ્યા હતા. હાલમાં અહીં સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક આવેલું છે.

બ્રિટિશરોએ અમદાવાદની બહારથી શાસન કર્યું હતું. પાછળથી સાદરા નજીક આવ્યા અને આખરે અમદાવાદમાં પોતાનું મથક સ્થાપ્યું. પોર્ટુગીઝોએ દરિયા કિનારે આવેલા નગરો દીવ અને દમણમાં તેમનાં ઓળખચિહ્નો ઊભા કર્યાં.

## કુદરતી સંપત્તિની લૂંટ

બ્રિટિશ સલ્તનત ગુજરાતમાં વ્યાપક હતી. બ્રિટિશરો ગુજરાતમાંથી ઘણી સાધન-સંપત્તિ લઈ ગયા હતા. તેમના ધ્યાનમાં ડાંગ જિલ્લો આવ્યો હતો. ૧૭૦૦ ચોરસ માઈલના આ વિસ્તાર વન, જંગલ અને સારી જાતના વૃક્ષોવાળું હતું. ત્યાં ખૂબ જ ઉમદા ગુણવત્તાવાળા 'સાગ'ના ઝાડોનું જંગલ હતું. સાગના ખૂબ જ ઊંચા અને ભરાવદાર વૃક્ષ જહાજ બાંધવામાં, રેલવેના સ્લીપર્સ બનાવવામાં ખૂબ જ ઉપયોગી હતા. તેમને આ પ્રકારનું લાકડું લઈ જવા માટે મુંબઈથી વઘઈ સુધી રેલવે લાઈન સ્થાપી. વઘઈ ખાતે લાકડા વહેરવાની સો મિલ

બનાવી. તેમના અધિકારીઓને રહેવા ગેસ્ટ હાઉસ સમગ્ર ડાંગ જિલ્લામાં જુદી-જુદી જગ્યાએ બનાવ્યા. ત્યાંની સ્થાનિક પ્રજા અને ડાંગ રાજ્યના રાજાનો હક નાબૂદ કરી ખૂબ મોટા પ્રમાણમાં ઉપલબ્ધ સારી ગુણવત્તાવાળા બધા જ વૃક્ષોનું લાકડું બ્રિટન રવાના કરી દીધું અને જંગલ ખાલી કરી દીધું હતું.

ગુજરાત કપાસ ઉત્પાદક રાજ્ય હોવાથી, કાપડ ઉદ્યોગનો અહીં જબરો વિકાસ થયો અને ૧૦૦થી વધુ કાપડની મિલોવાળું અમદાવાદ ભારતનું માન્ચેસ્ટર બન્યું. આ કાપડ ઉદ્યોગની શરૂઆત શ્રી રણછોડલાલ છોટાલાલ દ્વારા થઈ હતી.

મહાત્મા ગાંધીનું પ્રારંભિક જીવન પોરબંદરમાં અને સરદાર વલ્લભભાઈ પટેલનું આણંદમાં રહ્યું હતું. સન્ ૧૯૧૫માં મહાત્મા ગાંધીએ કસ્તુરબા સાથે આફ્રિકાથી પાછા ફર્યા બાદ સ્વતંત્ર સંગ્રામ શરૂ કરવા અમદાવાદને કર્મભૂમિ બનાવી. ગાંધીજીનો પ્રથમ આશ્રમ અમદાવાદમાં પાલડી પાસે સન ૧૯૧૫માં કોચરબ ખાતે હતો ત્યાર બાદ તેમણે ૧૯૧૭માં સાબરમતી આશ્રમની સ્થાપના કરી. અહીંથી તેમણે દેશની સ્વતંત્રતા માટે અનેક રચનાત્મક પ્રયોગો કર્યા હતા. ગુજરાતની મુલાકાતે આવતા વિશ્વભરના રાજપુરુષો અને મહાનુભાવો માટે આ ગાંધી આશ્રમ અહિંસક તેમજ સવિનય પ્રતિકાર માટેનું પ્રેરણા સ્ત્રોત બની રહ્યું છે.

સરદાર વલ્લભભાઈ પટેલે બારડોલીમાં ખેડૂતોની ચળવળની આગેવાની લીધી હતી અને ગાંધીજીએ નવસારી નજીક દાંડી ખાતે પ્રખ્યાત 'દાંડીકૂચ' કરી ખૂબ જ અસરકારક એવા 'મીઠા સત્યાગ્રહ'ની આગેવાની લીધી હતી. રાજ્ય સામે બળવો કરવા બદલ ગાંધીજી પર 'સર્કિટ હાઉસ' શાહીબાગ, અમદાવાદ ખાતે મુકદ્દમો ચલાવવામાં આવ્યો હતો. આ સમય દરમ્યાન તેમણે ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના પણ કરી.

અમદાવાદ શરૂમાં કિલ્લાની અંદરના વિસ્તાર પૂરતું જ હતું. પરંતુ સરદાર પટેલે તેનો



દાંડીકૂચ અને મીઠા સત્યાગ્રહ

વિસ્તાર વધાર્યો. તેમણે સન્ ૧૯૦૭માં અમદાવાદ નગરપાલિકામાં મ્યુનિસિપલ કોર્પોરેટર તરીકે કારકિર્દીની શરૂઆત કરી; સન્ ૧૯૨૨માં તેઓ અમદાવાદના મેયર બન્યા અને અમદાવાદના વિકાસના અનેક કાર્યો કર્યા.

## સ્વતંત્રતા બાદનો યુગ

## ભારતને સ્વતંત્રતા પ્રાપ્તિ

ભારત સ્વતંત્ર થયું તે સાથે ગુજરાત મુંબઈ રાજ્યનો એક ભાગ બન્યું હતું. તેમાં અમદાવાદ, મહેસાણા, સાબરકાંઠા, ખેડા, ભાવનગર, વડોદરા અને સુરત જિલ્લાઓનો સમાવેશ થતો હતો.

સરદાર વલ્લભભાઈ પટેલે પહેલ કરી અને ગુજરાત અને સૌરાષ્ટ્રનાં ૩૧ નાના રાજ્યો અને ૧૯૧ જાગીરોની મુલાકાત લીધી. સર્વે રાજવીઓએ ભારત સરકાર સાથે ભળી જવાના કરારોમાં હસ્તાક્ષર કરી આપ્યા અને સૌરાષ્ટ્ર-રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. કચ્છ એક અલગ રાજ્ય રહ્યું અને તે કેન્દ્ર શાસિત – સી(ક) રાજ્ય બન્યું. સન્ ૧૯૫૬માં કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રના વિદર્ભ અને મરાઠવાડા, ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઈનું બોમ્બે રાજ્યમાં વિલીનીકરણ કર્યું.

આનો વિરોધ થયો અને મહાગુજરાત આંદોલન શરૂ થયું.

## મહાગુજરાત આંદોલન

મહાગુજરાત આંદોલન ૧૯૫૬માં દ્વિભાષી બોમ્બે રાજ્યમાંથી ગુજરાતી ભાષી લોકો માટેના અલગ રાજ્યની ગુજરાતની માંગ કરતું 'લોકોનું આંદોલન' હતું. તે ૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્ય અને મરાઠી ભાષી લોકો માટે મહારાષ્ટ્ર રાજ્યની રચના સાથે સફળ થયું.

સ્વતંત્રતા બાદ રાજ્યોનું પુનર્ગઠન કરવાનું હતું. ડિસેમ્બર, ૧૯૫૩માં પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરુએ રાજ્ય પુનર્ગઠન આયોગ (એસ.આર.સી.)ની નિમણૂક કરી. ન્યાયમૂર્તિ ફઝલઅલી આ આયોગના વડા હતા. એસ.આર.સી.એ ભાષાકીય ધોરણે રાજ્યો રચવાની ભલામણ કરી, સાથોસાથ એમ પણ સૂચન કર્યું કે બોમ્બે રાજ્યને ખાસ કિસ્સા તરીકે દ્વિભાષી રાજ્ય તરીકે જ રહેવા દેવું. ઉપરાંતમાં સૌરાષ્ટ્ર રાજ્ય અને કચ્છ રાજ્ય તથા નાગપુર ડિવિઝન અને મરાઠાવાડાના





મરાઠી ભાષી વિસ્તારોને ઉમેરીને બોમ્બે રાજ્યનું વિસ્તરણ કરવામાં આવ્યું.

૮ ઑગસ્ટ, ૧૯૫૬ના રોજ, અમદાવાદ કેટલાક કૉલેજના વિદ્યાર્થીઓ અલગ રાજ્યની માંગ કરવા લાલદરવાજા પાસેના કૉંગ્રેસ ભવન પર ગયા. તેમના પર પોલીસે દમન આચર્યો જેમાં પાંચથી આઠ વિદ્યાર્થીઓનાં મોત નીપજ્યાં. આને લીધે રાજ્યભરમાં મોટા પાયે વિરોધ ભભૂકી ઊઠ્યો. શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક રાજનીતિમાંની નિવૃત્તિમાંથી બહાર આવ્યા. આ આંદોલનની દોરવણી માટે મહાગુજરાત જનતા પરિષદની સ્થાપના કરી. ઈન્દુલાલ યાજ્ઞિક, દિનકર મહેતા, ધનવંત શ્રોફ સહિત અનેક આંદોલનકારીઓની ધરપકડ કરવામાં આવી.

આંદોલન ખાસ્સુ લાંબુ ચાલ્યું. આખરે વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ ભાષાકીય ધોરણે બે રાજ્યોની રચના માટે સંમતિ આપી. ૧ મે, ૧૯૬૦ના રોજ બે નવા રાજ્યો ગુજરાત અને મહારાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યા.

ગુજરાતના પહેલા મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાર ડૉ. જીવરાજ મહેતાએ સંભાળ્યો. તેમના વડપણ હેઠળ ગુજરાતની પ્રથમ સરકાર બની.

## સરદાર દ્વારા ગુજરાતનું એકત્રીકરણ - સૌરાષ્ટ્રનો ઉદય

શ્રી પાટણકર જણાવે છે :

૧૫ ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ કાઠિયાવાડના એકીકૃત રાજ્યનું સરદાર પટેલે ઉદ્‌ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે જામસાહેબ તથા અગાઉના રજવાડાંના અન્ય શાસકો પ્રતિ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું :

**"આજે તમે જે સુખદ પરિણામ જુઓ છો તે અહીંના પૂર્વ રજવાડાંના સહુ રાજપુરુષોની દૂરંદેશી, ડહાપણ અને દેશભક્તિને લીધે શક્ય બન્યું છે. સમગ્ર કાઠિયાવાડ સંયુક્ત રીતે એક હોવું જોઈએ એ મહાત્મા ગાંધીનું સ્વપ્ન હતું. મને પરમ આનંદ થાય છે કે તેમનું આ એકત્રીકરણનું સ્વપ્ન સાકાર થયું છે."**

આના પ્રતિભાવમાં કાઠિયાવાડના રજવાડાંઓ તરફથી મુખ્ય વાટાઘાટાકાર નવાનગર રાજ્યના જામસાહેબ કે. એસ. દિગ્વિજયસિંહજીએ પોતાના અવલોકનો ટાંકતા જણાવ્યું :

**"એવું નથી કે અમે થાકેલા અને આરામ શોધતા રાજવીઓ છીએ અને એવું પણ નથી કે અમારા પર જબરદસ્તી થઈ છે. અમારી આંતરિક પ્રતીતિ અને ભાવનાથી પ્રેરાઈને અમારા સર્વાધિકાર અમે રાષ્ટ્રને સમર્પિત કર્યા છે, જેથી કાઠિયાવાડ એક બને, ભારત અખંડ તેમજ એકત્વવાળું રહે."**

પંડિત જવાહરલાલ નહેરુએ આ ઘટનાને રાષ્ટ્રની પ્રગતિ માટે ઐતિહાસિક અને મહાન પગલું ગણાવ્યું, એ માટે સરદાર પટેલની ઉત્તમ રાજનીતિજ્ઞતાની મુક્તકંઠે પ્રશંસા કરી. ૨૦ ફેબ્રુઆરી, ૧૯૪૮ના પ્રાંતીય મુખ્યપ્રધાનોને ઉદ્દેશીને લખેલા પત્રમાં તેમણે જણાવ્યું :

**"પૂર્ણ જવાબદાર સરકાર હોવા છતાં, કાઠિયાવાડના સેંકડો રજવાડાંઓના વહીવટી વિલીનીકરણનો વિચાર પોકળ થીંગડાં મારવા જેવો મિથ્યા તરંગ ગણાયો હોત. પરસ્પર અસંતુષ્ટ અને દ્વેષયુક્ત, ભિન્નભિન્ન કક્ષાનું સાર્વભૌમત્વ ધરાવતા, અબાધિત સત્તા જ જેમનું એકમાત્ર સામાન્ય લક્ષણ હતું તેવા અલગઅલગ ટાપુઓના દ્વીપકલ્પ ૧૫ ફેબ્રુઆરીના રોજ એક ઉત્તરદાયી શાસન હેઠળ સમભાવી એકીકૃત એકમ બની ગયું. આ માટે સરદાર પટેલ અધિકતમ પ્રશંસાને પાત્ર છે."**

**કાઠિયાવાડના એકત્રિત રાજ્યની રચના પછી, લૉર્ડ માઉન્ટબેટને પણ સરદાર પટેલને અભિનંદન આપતા જણાવ્યું : "એવું સ્પષ્ટપણે જણાય છે કે તમે ફરીથી કાઠિયાવાડના રજવાડાંઓના પ્રશ્નને ઉકેલવામાં જ્વલંત સફળતા મેળવી છે."**

અલબત્ત, આખું કાઠિયાવાડ એક છત્ર હેઠળ સંયુક્ત બની રહે તેવું પોતાનું સ્વપ્ન સાકાર થતું જોવા ગાંધીજી હયાત ન હતા.

નવેમ્બર, ૧૯૪૮માં કાઠિયાવાડ સંયુક્ત રાજ્યમાં વિલીન થયેલા રજવાડાંઓના મૂળ શાસકો સાથે વળતર-લાભો સહિતની પૂરક વાટાઘાટો થઈ ત્યારે કાઠિયાવાડ સંયુક્ત રાજ્યનું નામ બદલીને સૌરાષ્ટ્ર રાજ્ય કે સૌરાષ્ટ્ર કરવામાં આવ્યું.

આ વિસ્તારનું સૌરાષ્ટ્ર રાજ્ય તરીકેનું નામાંકન તા. ૧ નવેમ્બર, ૧૯૫૬ સુધી રહ્યું. તે દિવસે બોમ્બે રાજ્યના વિસ્તારો વધારવામાં આવ્યા અને તેમાં કચ્છ રાજ્ય, સૌરાષ્ટ્ર રાજ્ય, મરાઠાવાડા અને વિદર્ભનો સમાવેશ થયો. દક્ષિણનો પ્રદેશ કર્ણાટક રાજ્યમાં જતાં તેને બાકાત રાખવામાં આવ્યો.

મહાગુજરાત આંદોલનને પગલે ૧ મે, ૧૯૬૦ના રોજ બોમ્બે રાજ્ય ફરીથી વિસર્જિત થયું અને ભાષાકીય આધારે મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે અલગ રાજ્યો થયાં. આ સાથે સૌરાષ્ટ્ર રાજ્યના વિસ્તારો ગુજરાત રાજ્યની અંદરના સૌરાષ્ટ્ર તરીકે વ્યાખ્યાયિત થયાં.

## સાંસ્કૃતિક ક્ષેત્રે ગુજરાત

ગુજરાત વિવિધતાસભર સાંસ્કૃતિક વારસાથી સમૃદ્ધ છે. આધુનિક આવશ્યકતાઓ સાથે. સમુચિત અનુકૂલન સાધવામાં ગુજરાત હંમેશાં સફળ રહ્યું છે. સૌંદર્ય, શાલિનતા અને રસલક્ષી રુચિપ્રેરક શાબ્દિક તેમજ અશાબ્દિક કલાસંયોજનમાં ગુજરાતનું વિશિષ્ટ સ્થાન છે. પરંપરાગત હસ્તકળાથી તૈયાર કરેલા રંગીન પોશાકો, બાંધણી, પટોળા ઉપરાંત રંગાટ કાર્ય, છાપકામ તથા મોતી-આભલા કામ માટે ગુજરાત સુવિખ્યાત છે. કસબ અને હસ્તકલા ક્ષેત્રે ગુજરાત અઢળક કીર્તિપ્રાપ્ત છે. ભૂતકાળના આ ભવ્ય સાંસ્કૃતિક વારસાને વર્તમાન હસ્તકારીગરો દ્વારા આધુનિકતાને પહોંચી વળવા જે તે સમયે યથોચિત રીતે જાળવી રાખવામાં આવ્યો છે. વસ્ત્રો, પોશાક-પરિધાનો, વિશાળ શ્રેણીમાં સોયકામ અને પરંપરાગત કલાની વારસાગત પ્રતિભા ગુજરાતમાં થતા ભરતકામની વિવિધતામાં જોવા મળે છે. આવી જ ઉત્કૃષ્ટતા કાષ્ટ કોતરણી, પથ્થર-અકીકમાં કળા અને સોહામણા ઘરેણાના વિવિધ પ્રકારોમાં જોવા મળે છે.

ગુજરાત હિંદુ, ઈસ્લામ, બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી વગેરે ધર્મ અને સંપ્રદાયોના સંગમ સમાન છે. ગુજરાતની સંસ્કૃતિ કળા, માન્યતાઓ, રિવાજો, પરંપરાઓ, સંસ્થાઓ, શોધખોળો, ભાષાઓ, પ્રાદ્યોગિકી, સાંસ્કૃતિક અને ધંધાકીય મૂલ્યોનું સંમિશ્રણ છે. ગુજરાતીઓમાં પટેલ, શાહ, ભટ્ટ, જાડેજા, પરમાર, અગ્રવાલ, સિંઘ, ભણસાળી, મોદી વગેરે વગેરે જાતિઓ-જ્ઞાતિઓના સમાજોથી ભાતીગર સંસ્કાર પ્રાપ્ત રાજ્ય છે. આજના ગુજરાતમાં બધાં જ રાજ્ય અને પ્રદેશમાંથી આવેલા પરિવારો વસે છે. તમે ક્યાંના છો તેવું તમને અહીં કોઈ પૂછતું







લક્ષ્મીવિલાસ પેલેસ – વડોદરા

નથી. તમે તરત જ અહીંની પારંપારિક પ્રથાનો સંકલિત ભાગ બનો છો. સુરત શહેરમાં તો અત્યારે સ્થાનિક ગુજરાતી કરતાં વધુ બહારથી આવેલા લોકોનો સુમેળભર્યો સમાવેશ થયો છે.

ગુજરાત પરંપરાગત ડાયરાઓ માટે પ્રખ્યાત છે. આમાં નિપુણ વાર્તાકાર દ્વારા કે સિદ્ધહસ્ત હાસ્યકલાકાર દ્વારા તેમજ સંગીતકાર અને નૃત્યના સંયોજન દ્વારા લોક-રંજનના કાર્યક્રમો યોજાય છે. એવું માનવામાં આવે છે કે ગુજરાતના રાસ અને ગરબાનો વારસો ભગવાન શ્રીકૃષ્ણની રાસલીલાનું અવતરણ છે. ગુજરાતમાં લોકગીતો, શાસ્ત્રીય રાગોની ભિન્નતાની પ્રભાવી હારમાળા માણવા મળે છે.

ગુજરાતમાં પ્રખ્યાત કથાકારો જેવા કે, શ્રી મોરારિ બાપુ, રમેશભાઈ ઓઝા અને શ્રી ભીખુદાન ગઢવી જેવા લોકડાયરાના કસબી કલાકારો, આ બધા સમાજમાં પૂજનીય સ્થાન ધરાવે છે. તેજ રીતે ઇલાક્ષી ઠાકોર, મૃણાલિની સારાભાઈ, કુમુદિની લાખિયા, સ્મિતા શાસ્ત્રી વગેરેની પારંપરિક અને સંવર્ધિત શાસ્ત્રીય નૃત્યો માટે પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

મહારાજા સયાજીરાવ ગાયકવાડે સંગીત શિક્ષણ સંસ્થા શરૂ કરી હતી જે સંગીત કૉલેજ બની અને અત્યારે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ તરીકે સંગીત અને કલા માટેનો ઉમદા શિક્ષણ મંચ છે. સન ૧૯૧૪માં મહારાજા સયાજીરાવ ગાયકવાડના શાસન દરમિયાન વડોદરામાં પ્રથમ અખિલ ભારતીય સંગીત પરિષદ યોજાઈ હતી.

ગુજરાતમાં નવરાત્રિના તહેવારને અનેરા ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવવામાં આવે છે. 'નવ દિવસના ગાયન અને નૃત્ય'ના આ પરંપરાથી ચાલતા આવતા ઉત્સવમાં વિશ્વભરમાંથી મુલાકાતીઓ ભાગ લેવા આવે છે અને ભરપૂર માણે છે. નવરાત્રિના તહેવારનો સમગ્ર ગુજરાતમાં ગુજરાતી સહિત બધા જ સમુદાય-સમાજના આબાલ-વૃદ્ધ સહુ અખૂટ આનંદ લે છે.

'સપ્તક' સંસ્થા દ્વારા અમદાવાદમાં આખા અઠવાડિયા સુધી ચાલતા સંગીત ઉત્સવ થકી

સંગીત સંસ્કૃતિ તરોતાજા અને ચેતનવંતી રહે છે. આ ઉત્સવમાં નવોદિતોથી માંડી વરિષ્ઠ કક્ષાના ખ્યાતનામ ધૂરંધર સંગીત વિશારદો વિવિધ વાદ્યો સાથે ગીત-સંગીત પીરસે છે.

ગુજરાતીઓમાં ઉજવણીઓ અતિ પ્રિય છે. અને તે પણ જે-તે સમુદાય સાથે સહભાગિતા ધોરણે નિયમિત ઉજવાય છે. મુખ્યત્વે આમાં જગન્નાથયાત્રા, નવરાત્રિ, દીપાવલી, બેસતું વર્ષ, પતંગોત્સવ, હોળી, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી, મોહરમ અને નાતાલ વગેરેનો સમાવેશ થાય છે.

પતંગોત્સવ ખૂબ જ લોકપ્રિય છે. પર્યટકો આ સમય દરમ્યાન ખાસ રસપૂર્વક આનંદ માણે છે. દર વર્ષે મકરસંક્રાંતિ એટલે કે ૧૪ જાન્યુઆરીના રોજ મકાનોમાં ધાબાં-છત પરથી લોકો પતંગ ચગાવે છે. રાજ્ય તરફથી પતંગ મહોત્સવનું વિશેષ આયોજન ગોઠવાય છે. જેમાં અમદાવાદ, સુરત અને અન્ય રાજ્યોના અને વિદેશોના પતંગબાજો વિવિધ, અનેરી તેમજ આકર્ષક રચના ધરાવતી પતંગો ઊડાડવાની મોજ માણે છે. આ એક સામાજિક ધોરણે ઉજવાતો ઉત્સવ છે. રાજ્ય કક્ષાએ આનો પહેલ સમાન વિચાર ગુજરાત ટુરિઝમના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી વરેશ સિન્હાનો હતો. શ્રી અમરસિંહ ચૌધરીને એ ખૂબ પસંદ પડ્યો. તેની પ્રથમ ઉજવણી ૧૯૮૨માં અમદાવાદના પોલીસ સ્ટેડિયમ ખાતે થઈ હતી. જેમાં સર એડમન્ડ હિલેરી મુખ્ય અતિથિ તરીકે પધાર્યા હતા. આ એક સામાજિક સમરસતા-સમાનતાકારક તહેવાર છે. કોઈ પણ નાનું કે મોટું, ગરીબ કે તવંગર એક બીજાનાં પતંગ કાપી શકે છે.

શ્રી નરેન્દ્ર મોદીએ 'રણ મહોત્સવ'ને પ્રોત્સાહન આપ્યું, જે દર વર્ષે નવેમ્બરથી ફેબ્રુઆરી દરમ્યાન ઉજવાય છે. 'કચ્છનું રણ' અન્ય રણ કરતાં ભિન્ન - સર્વત્ર દૃશ્યમાન સફેદ મીઠાના આવરણ વડે વિશાળ વિસ્તારમાં પથરાયેલ છે. વિશ્વમાં આવું આ એક જ 'સફેદ રણ' છે. સમગ્ર ભારત અને વિદેશોમાંથી પ્રવાસીઓ રણ મહોત્સવ દરમ્યાન કચ્છની મુલાકાતે આવે છે.

## સાહિત્યિક ગુજરાત

ગુજરાતની બહાર ગુજરાતીઓની છાપ માત્ર વ્યાપાર-ઉદ્યોગ સાથે સંકળાયેલ લોકોના રાજ્યની છે, પરંતુ ઐતિહાસિક રીતે ખ્યાતનામ અને આદર પ્રાપ્ત કવિઓ જેવા કે, 'વૈષ્ણવ જન' અને 'સુદામાચરિત્ર'ના રચયિતા નરસિંહ મહેતા. 'અખાની ગીતા' આપનાર અખા ભગત વગેરેએ વિપુલતાસભર અને રસાળ સાહિત્યિક પરંપરાઓ સ્થાપી છે.

ગુજરાતના અગણિત પ્રતિભાવંત લેખકો, ગ્રંથકર્તાઓ અને કવિઓએ સાહિત્ય ક્ષેત્રે વૈવિધ્યપૂર્ણ યોગદાન કર્યું છે.

મહાત્મા ગાંધીની જીવનશૈલી આલેખતી મહાદેવભાઈની ડાયરી તથા નારાયણ દેસાઈએ લખેલી અને વર્ણવેલી ગાંધીગીતા, નગીનદાસ પારેખ, એક લેખક-વિવેચક, હાસ્ય લેખક કવિ અને વક્તા જ્યોતીન્દ્ર દવે, કવિ ઉમાશંકર જોશી; 'નિશીથ', 'વિશ્વશાંતિ', ચંદ્રવદન મહેતા — 'ગઠરિયા', આનંદશંકર ધ્રુવ — 'ધરા ગુર્જરી', સુરસિંહ ગોહિલ — 'કલાપી', ક. મા. મુનશી — 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', પ્રેમાનંદ — 'કુંવરબાઈનું મામેરું', દયારામ — 'ગરબી

સંગ્રહ', ઝીણાભાઈ દેસાઈ – સ્નેહરશ્મિ – 'ગીતા-આસોપાલવ', રમણલાલ દેસાઈ – 'ગ્રામ લક્ષ્મી', સુરેશ જોશી – 'ચિન્ના પત્ર', નિરંજન ભગત – 'છંદાલય', ઈશ્વર પેટલીકર – 'જનમટીપ', કાકાસાહેબ કાલેલકર – 'જીવનનો આનંદ', મનુભાઈ પંચોલી – દર્શક – 'ઝેર તો પીધાં છે જાણી જાણી', ગુણવંતરાય આચાર્ય – 'દરિયાલાલ', પંડિત સુખલાલ 'દર્શન અને ચિંતન', ગિજુભાઈ બધેકા – 'દિવાસ્વપ્ન', જયંતી દલાલ – 'ધિમુ અને વિભા', કવિ રાજેન્દ્ર શાહ – 'ધ્વનિ', નર્મદાશંકર દવે (કવિ નર્મદ) – 'નર્મદ', ત્રિભુવનદાસ લુહાર (સુંદરમ્) – 'પિયાસી', ગુલાબદાસ બ્રોકર – 'મનસના માન', પન્નાલાલ પટેલ – 'માનવીની ભવાઈ', જીવરામ જોશી – 'મિયાં ફૂસકી', ઝવેરચંદ મેઘાણી – 'લાગ્યો કસુંબીનો રંગ', ચુનિલાલ મડિયા – 'લીલુડી ધરતી', ગોવર્ધનરામ ત્રિપાઠી – 'સરસ્વતીચંદ્ર', હેમચંદ્રાચાર્ય – 'સિદ્ધમ્ અનુશાસનમ્', વગેરે વગેરે.

પ્રવર્તમાન સમયના કાજલ ઓઝા, પ્રિયકાંત મહેતા, કુમારપાળ દેસાઈ, ગુણવંત શાહ, હરેન્દ્ર દવે, સુરેશ દલાલ, બકુલ ત્રિપાઠી, ચેતન ભગત, અશોક દવે, નિરંજન ભગત, પ્રિયકાન્ત મણિયાર, ચંદ્રકાંત બક્ષી, ભગવતીકુમાર શર્મા, લાભશંકર ઠાકર, વિનોદ ભટ્ટ, રાજેન્દ્ર શુક્લ, રઘુવીર ચૌધરી, ભૂપત વડોદરિયા, સુરેશ અને રેણુ શેઠ અને અન્યો જેવાં અનેક પ્રતિભાવંત લેખકો-કવિઓ ગુજરાતનો સાહિત્ય વૈભવ સમૃદ્ધ કરતા રહે છે.

ગુજરાતના કેટલાક અગ્રણી આધ્યાત્મિક માર્ગદર્શકોમાં સહજાનંદ સ્વામી – ભગવાન સ્વામિનારાયણ (૧૭૮૧–૧૮૩૦), દયાનંદ સરસ્વતી (૧૮૯૮-૧૯૭૬), શ્રીમદ્ રાજચંદ્ર (૧૮૬૮-૧૯૦૧), શ્રી મોટા (૧૮૯૮-૧૯૭૬) અને અન્યો સમાવિષ્ટ છે.

## ઉદ્યમશીલ ગુજરાત

ગુજરાતની કેટલીક બીજી આગળ પડતી પ્રતિભાઓને યાદ કરીએ તો તેમાં સુશ્રી સવિતા મહેતા, સુશ્રી કુમુદિની લાખિયા, ડૉ. હોમિ ભાભા, ડૉ. હોમિ શેઠના, દાદાભાઈ નવરોજી, શ્યામજી કૃષ્ણવર્મા, મેડમ ભિખાજી કામા, વિઠ્ઠલભાઈ પટેલ, કિશોરલાલ મશરૂવાલા, ઠક્કરબાપા, જુગતરામ દવે, પાંડુરંગ આઠવલે, ઉચ્છંગરાય ઢેબર, રસિકલાલ પરીખ, પ્રેમજી ભવાનજી અને અન્યોનો સમાવેશ થાય છે.

ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાતના ગૌરવ સમા કેટલાક નામાંકિત અગ્રણીઓમાં જમશેદજી જીજીભાઈ, પ્રેમચંદ રાયચંદ, રણછોડલાલ છોટાલાલ, જમશેદજી ટાટા, વિઠ્ઠલદાસ ઠાકરસી, નાનજી કાલિદાસ મહેતા, રામદાસ કિલ્લાચંદ, કસ્તુરભાઈ લાલભાઈ, વાડીલાલ લલ્લુભાઈ, ટોરેન્ટના મહેતા, ઈન્ટાસના ચુડગર, ગણેશ હાઉસિંગના ગોવિંદ પટેલ, વાપીના અમૃતલાલ શાહ, નિરમાના કરસનભાઈ પટેલનો સમાવેશ થાય છે.

અંબાણી, અદાણી, રુઈયા, બિરલા વગેરે નવી પેઢીના મોખરાના ઉદ્યોગ અગ્રણીઓ છે અને એલ. એન્ડ ટી.ના અનિલ નાયક, વોકહાર્ટના ખુરિકિવાલા, સન ફાર્માના સંઘવી, ઝાયડસ

કેડિલાના પંકજ પટેલ, એશિયન પેઈન્ટ્સના દાણી વગેરે આગળ પડતાં વ્યાવસાયિકોનું પણ ગુજરાતના ઉદ્યોગ-ઉદ્યમ ક્ષેત્રે પ્રેરક યોગદાન છે.

ગુજરાતનું રમતગમત અને ખેલકૂદ ક્ષેત્ર શ્રી નરેન્દ્ર મોદીના પહેલકારી પ્રયાસોથી ખેલ મહાકુંભના આયોજનો દ્વારા પુનઃ ધબકતું થયું છે. તાજેતરમાં એશિયાડ ખેલ સ્પર્ધાઓમાં સુદૂરના આદિવાસી જિલ્લાના ડાંગની યુવતી સરિતા ગાયકવાડ અને ત્રણ અન્ય રમતવીરોએ સુવર્ણચંદ્રક હાંસલ કર્યા છે. ગુજરાતના જાડેજા, પુજારા અને હાર્દિક પંડ્યા જેવા યુવા ક્રિકેટખેલીઓએ તથા બિલિયર્ડમાં ગીત શેઠીએ સિદ્ધિઓની ઊંચાઈઓ સર કરી છે.

## સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

સ્વૈચ્છિક સંસ્થાઓનું ગુજરાતમાં વિશિષ્ટ પ્રદાન છે. તે વિકાસના કાર્યમાં લોકો અને સરકાર વચ્ચે કડી બની અને વિકાસની પ્રક્રિયાને વેગવંતી બનાવવામાં તેમનો મહાન ફાળો છે. આ ઉપરાંત કુદરતી આફતોમાં લોકોને મદદરૂપ થઈ અગત્યની કામગીરી કરેલ છે. ઘણી બધી સંસ્થાઓ છે એટલે બધાનો ઉલ્લેખ કરવો શક્ય નથી. પણ મહત્ત્વના સંસ્થાઓના પ્રદાનની આગળ વાત આવે છે.

ન્યાયપ્રણાલી ક્ષેત્રમાં ગુજરાત ન્યાયમૂર્તિ ભગવતી, ન્યાયમૂર્તિ જે. એમ. શેલત, ન્યાયમૂર્તિ દિવાન, ન્યાયમૂર્તિ જે. એન. ભટ્ટ અને ન્યાયશાસ્ત્રીઓ જેમ કે ચંદ્રકાંત દરુ, ઈન્દ્રવદન નાણાવટી, સુરેશ શેલત, એસ. બી. વકીલ અને અનેક કાયદા નિષ્ણાતોનો ખજાનો છે.

## વિકાસમાં અવરોધકારક પરિબળો :

### દુષ્કાળ

ગુજરાતમાં સરેરશ દર ત્રણ વર્ષે દુષ્કાળની સ્થિતિ સર્જાય છે. આમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સૌથી વધુ અસર પામતા વિસ્તારો છે. ૧૯૧૧, ૧૯૩૫ અને ૧૯૩૯ના દુષ્કાળ વ્યાપક રીતે અત્યંત વિનાશક દુષ્કાળ હતા. સ્વતંત્રતા પછી પણ દુષ્કાળો પડવાનું યથાવત્ રહ્યું હતું. તેમાંથી ૧૯૫૭-૫૮, ૧૯૬૮, ૧૯૭૩, ૧૯૮૪-૮૬ અને ૧૯૯૨-૯૩ના દુષ્કાળો ગંભીર હતા.

૧૯૮૪-૮૫માં ગુજરાતમાં વ્યાપક દુષ્કાળ હતો. મોટા ભાગના સૌરાષ્ટ્રના વિસ્તારો અને કચ્છમાં વરસાદ થયો જ ન હતો. ૧૯૮૪માં આ લેખક રાજકોટમાં જિલ્લા વિકાસ અધિકારી





હતા. રાજકોટ જિલ્લામાં ૧૦૦૦ જેટલા ગામડાઓમાં રાહતકાર્યો ચલાવવામાં આવ્યા હતા. રાજકોટ શહેરમાં પાણીની તીવ્ર તંગી હતી. શ્રી પ્રવીણ લહેરીએ સૂચન કર્યું કે રેલવે દ્વારા પાણી ગાંધીનગરથી રાજકોટ મોકલીએ અને મુખ્યમંત્રી શ્રી અમરસિંહ ચૌધરીએ તે સ્વીકાર્યું અને ગાંધીનગરથી પાણીના ટેન્કરો દ્વારા રાજકોટ મોકલવાનું ગોઠવાયું. આ એક નવીન પ્રયોગ હતો.

આ લેખકે ડાંગ જિલ્લાના અધિક સહાયક મૅજિસ્ટ્રેટ તરીકે ૧૯૬૮માં કચ્છમાંથી હિજરત કરી આવેલા અસંખ્ય ઢોરોની જંગલ વિસ્તારવાળા ડાંગ જિલ્લામાં પશુ રાહતશિબિરોમાં સંભાળ લીધી હતી. તેમજ ૧૯૯૩માં અમદાવાદના જિલ્લા સમાહર્તા તરીકે બગોદરા પાસે વિશાળકાય પશુ રાહત શિબિરોનું વ્યવસ્થાપન સંભાળ્યું હતું. આ દુષ્કાળોને લીધે મોટા પાયે તથા પશુઓએ હિજરત કરી હતી. અતિ અસરગ્રસ્ત એવા કચ્છ અને બનાસકાંઠાના વિસ્તારોમાંથી અનેક પરિવારોએ કાયમ માટે મુંબઈમાં સ્થળાંતર કર્યું હતું.

ગુજરાતના ખેડૂતો સહનશીલ, ધૈર્યવાન પ્રકૃતિના હોઈ, ગંભીર આઘાતો અને અવરોધો છતાં સારો વરસાદ થતાં એજ જૂના ઉત્સાહ સાથે હિંમતભેર વતનમાં ખેતીમાં પરત આવી જતા.

ગુજરાતની આ કપરી પરિસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ દ્વારા લેવાયેલા બે ઉપાયો થકી ધરખમ સુધારો થયો. પ્રથમ તેમણે નર્મદા બંધમાંથી પાઈપલાઈન દ્વારા ગુજરાતના દુષ્કાળ પ્રભાવિત વિસ્તારોના ૧૧૦૦૦ ગામડાંઓ જોડ્યા. દ્વિતીય તેમણે વરસાદી પાણીના પ્રત્યેક બિંદુની સાચવણી માટે વિશાળ પરિમાણ પર ચેક ડેમો બાંધવાનું કાર્ય આરંભ્યું. એક લાખથી વધુ ચેકડેમો બાંધવાનું ભગીરથ કાર્ય સરકાર અને લોકોના સહભાગિતાના ધોરણે શરૂ થયું. જેમાં સ્થાનિક ગ્રામ્યફાળો, શ્રમ અને મજૂરીના સ્વરૂપે ૨૦ પ્રતિશત અને બાકીનો ફાળો સરકાર તરફથી આપવામાં આવ્યો. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ યોજનાને વધુ વિશાળ બનાવી એક પ્રબળતાપૂર્વક ચાલુ રાખી. તેમાં બોરીબંધ, ખેતતળાવ, ગામતળાવનો સમાવેશ કરાયો. આથી સમગ્ર પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું. પશુઓ અને માનવીઓનું સ્થળાંતર પૂર્ણપણે બંધ થયું. સાથોસાથ તળમાં પાણીનું સ્તર ઊંચું આવતાં કૃષિ ક્ષેત્રે ઉત્પાદનમાં ધરખમ સુધારો જોવા મળ્યો. વાસ્તવમાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનું ખેતીનું સરેરાશ ઉત્પાદન દક્ષિણ ગુજરાતથી વધી ગયું.

## ભારત-પાકિસ્તાન યુદ્ધ

ગુજરાત ભૌગોલિક રીતે પાકિસ્તાનની સરહદને અડીને આવેલું છે. ગુજરાત રાજ્યની સ્થાપના બાદ ૧૯૬૫માં અને ૧૯૭૧માં એમ બે વખત ઈન્ડો-પાક ‘યુદ્ધ’ની ઘટનાઓ બની હતી.

એપ્રિલ-સપ્ટેમ્બર, ૧૯૬૫ના યુદ્ધ દરમિયાન મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતા અને તેમના ધર્મપત્ની સરોજબેન મહેતાનું કચ્છના રણ પ્રદેશના હવાઈ નિરીક્ષણ દરમ્યાન તેમના એરક્રાફ્ટને પાકિસ્તાનના એરફોર્સે બૉમ્બમારો કર્યો તેમાં અવસાન થયું હતું.

૩જી ડિસેમ્બર, ૧૯૭૧ના રોજ શરૂ થયેલા અને તેર દિવસ ચાલેલા પાકિસ્તાન સાથેના

બીજા યુદ્ધ દરમ્યાન ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન હતું અને માનનીય શ્રીમાન નારાયણ રાજ્યપાલ હતા. પાકિસ્તાની હવાઈ દળ દ્વારા જામનગર પર બૉમ્બ નાખવામાં આવ્યા હતા. પરંતુ ગુજરાત પેટ્રોલિયમ પ્લાન્ટ અને દ્વારકા મંદિર પર બૉમ્બ નાખવાના તેમના પ્રયાસ આપણા હવાઈદળે નિષ્ફળ બનાવ્યા હતા. ભુજના એરપોર્ટ પર પણ હવાઈપટ્ટી નકામી બનાવવા માટે બૉમ્બ નંખાયા, પણ સ્થાનિક લોકો - ખાસ કરીને બહેનોએ જવાનો સાથે રહી હવાઈપટ્ટી રાતોરાત દુરસ્ત કરી હતી.

## ભૂકંપ

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ગુજરાતમાં પ્રચંડ ભૂકંપ આવ્યો હતો. કચ્છ, સૌરાષ્ટ્ર, અમદાવાદ અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં એની વ્યાપક રીતે વિધ્વંસક અસર થઈ હતી. કચ્છમાં તો પારાવાર તારાજી થઈ હતી. ૧૮૦૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા હતા. આશરે ૨,૦૦,૦૦૦ લોકોને ઈજાઓ થઈ હતી અને ગ્રામ્ય તેમજ શહેરી ઈલાકાઓમાં જાહેર મિલકતો સહિત લગભગ બધાં જ મકાનો નષ્ટ થયા હતા.

પરંતુ ગુજરાતીઓની સ્થિતિસ્થાપક અને એકબીજાને પડખે ઊભા રહેવાની ભાવનાને લીધે ગુજરાત આ વજ્રાઘાતમાંથી બહાર નીકળી આવ્યું. પ્રારંભિક રાહતકાર્યો માટે અને રહેઠાણો અને ગામડાઓનાં પુનઃનિર્માણ માટે સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી વિપુલ પ્રમાણમાં સહાય આવી. આવા કુદરતી મહા હોનારતના સમયે સમસ્ત દેશ ગુજરાતની પડખે ઊભો રહ્યો.

એથી વધીને આર્થિક ક્ષેત્રે પુનઃનિર્માણ નોંધપાત્ર રહ્યું. શ્રી કેશુભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે આર્થિક પુનર્વસનની સવિસ્તર નીતિ ઘડી અને વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ ગુજરાતની મુલાકાત લીધી તથા કેન્દ્ર સરકારે કરવેરા-પ્રોત્સાહનો મંજૂર કર્યા. આ કદાવર કાર્ય-ધ્યેયનું શ્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી તરીકે ખુદની દેખરેખ હેઠળ દૈનિક ધોરણે નિયંત્રણ સંભાળ્યું. વરિષ્ઠ અધિકારીઓએ અઠવાડિયામાં ત્રણ દિવસ ગામોમાં જ રોકાઈને પુનર્વસનના કાર્યને આગળ ધપાવ્યું અને ખૂબ જ ટૂંકા સમયમાં કચ્છનું અર્થતંત્ર પુનઃ ધબકતું થયું.

શ્રી સુરેશ મહેતા ઉદ્યોગમંત્રી હતા. તેમણે ભુજથી આ કાર્યને વેગ આપ્યો અને સંપૂર્ણ અભિયાન પૂરું થાય ત્યાં સુધી કચ્છમાં રોકાયા.

આજે કચ્છ સેઝ-સ્પેશિયલ ઈકોનોમિક ઝોન, બંદરો, મોટા સિમેન્ટ અને પાવર પ્લાન્ટ તથા અનેક કારખાના-ઉદ્યોગોના ધમધમાટ સાથે ગતિશીલ અર્થતંત્રમાં પરિણમ્યું છે તથા બહારથી આવેલા અનેક કુશળ અને બિનકુશળ કામદારો-કર્મચારીઓ ધરાવે છે.

## લોકઆંદોલનો

આઝાદી પહેલાંના કાળથી ગુજરાતે લોકો દ્વારા આંદોલનો અને ચળવળોની પહેલ કરી છે. જેમાં નોંધપાત્ર રીતે મહાત્મા ગાંધીના સવિનય કાનૂનભંગની સફળ અહિંસક દાંડીયાત્રા અને ઐતિહાસિક મીઠા સત્યાગ્રહ મોખરે છે. સ્વતંત્રતા પછી ૧૯૫૬માં શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકની આગેવાની હેઠળ ગુજરાતના લોકોએ મહાગુજરાત આંદોલન ચલાવ્યું હતું. પરિણામે ગુજરાતનો રાજ્ય તરીકે ઉદ્‌ભવ થયો.

સાઈઠના દશક પછી ગુજરાતમાં લોકો દ્વારા મોટી ચળવળ નવનિર્માણ આંદોલન હતું, જે તત્કાલિન મુખ્યમંત્રી શ્રી ચિમનભાઈ પટેલની આગેવાની હેઠળની ચૂંટાયેલી સરકારના રાજીનામામાં પરિણમી. આ આંદોલનનું વિશિષ્ટ લક્ષણ જનતા-કર્ફ્યુ અને રાત્રે થાળી-ઘંટનાદ હતા. રાષ્ટ્રીય સ્તરે ૧૯૭૫માં શ્રી જયપ્રકાશ નારાયણે પ્રખ્યાત 'સિંહાસન ખાલી કરો' આંદોલન ચલાવ્યું અને લશ્કરી દળોને લોકો સાથે જોડાવા હાકલ કરી. આથી વડાપ્રધાન શ્રીમતી ગાંધી કે જેઓ કોર્ટકેસ હારી ગયા હતા તેમને દેશમાં 'કટોકટી' લાદવાનું કારણ મળ્યું. આંદોલન તેજ બન્યું અને ગુજરાત સહિત સમગ્ર દેશમાં વિસ્તર્યું.

ગુજરાતે આ આદેશો નહીં માનવાનો નિર્ધાર કર્યો અને તે સામે લડત આપવાનું નક્કી કર્યું. શ્રી ચંદ્રકાંત દરૂ 'સાધના' અને 'ભૂમિપુત્ર' પર લાદવામાં આવેલી સેન્સરશિપના કેસ લડ્યા, પરંતુ ૧૨ માર્ચ, ૧૯૭૬ના રોજ જેવું જનતા મોર્ચા સરકારે રાજીનામું આપ્યું કે લોકઆગેવાનોની ધરપકડનો દોર શરૂ થયો. શ્રી બાબુભાઈ પટેલ, શ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી કેશુભાઈ પટેલ, શ્રી નરેન્દ્ર મોદી, શ્રી ચીમનભાઈ શુક્લ, શ્રી વજુભાઈ વાળા, શ્રી રામલાલ પરીખ, શ્રી ચુનિભાઈ વૈદ્ય, શ્રી વિજય રૂપાણી અને બીજા અનેક નેતાઓ અને કાર્યકરોને જેલમાં ધકેલવામાં આવ્યા.

સરદાર પટેલની પુત્રી સુશ્રી મણિબેન પટેલે સત્યાગ્રહનો આરંભ કર્યો. ભૂગર્ભ પદ્ધતિએ અહિંસક લડત શરૂ થઈ; ચોપાનિયાં છાપીને વહેંચવાનું શરૂ થયું.

શ્રી નરેન્દ્ર મોદીએ તેમના પુસ્તક 'સંઘર્ષમાં ગુજરાત'માં આની વિગતો ખૂબ સરસ રીતે વર્ણવી છે.







નવાં ગામો - પુનનિર્મિત ઘરો અને શાળા





## અનામત વિરુદ્ધ આંદોલન

૧૯૮૪માં ગુજરાતમાં કૉંગ્રેસને ભારે વિજય પ્રાપ્ત થયો. શ્રી માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી બન્યા. પરંતુ પછાત વર્ગ માટે તેમણે કેટલીક અનામતો દાખલ કરી જેના વિરોધમાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને સરકારી કર્મચારીઓએ આંદોલન ચલાવ્યું. પરિણામે શ્રી માધવસિંહ સોલંકીને મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું અને તેમને દિલ્હીમાં કેબિનેટમાં વરિષ્ઠ મંત્રી પદે મુકવામાં આવ્યા. શ્રી અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રી બન્યા.

## કાપડ મિલોનું બંધ પડવું

ગુજરાતમાં ૧૦૦ કરતાં વધુ સંયોજિત કાપડની મિલો હતી, જેમાં કાંતણ, વણાટ અને રંગકામ વગેરે બધા જ વિભાગો કામ કરતા હતા. મોટી સંખ્યામાં લોકો તેમાં સીધી કે આડકતરી રીતે રોજગારી મેળવતા હતા. સિત્તેર-ઍંશીના દશકમાં, અર્થવ્યવસ્થાને ખૂબ જ ટેકારૂપ આ મિલો સ્પર્ધાનો સામનો કરવામાં અને આધુનિકીકરણ કરવામાં વિફળ રહી. એક પછી એક એમ ધીરે ધીરે બંધ થઈ ગઈ. મોટી સંખ્યામાં કારીગરો બેરોજગાર થઈ ગયા. જેની અમદાવાદના અર્થતંત્ર અને સામાજિક વ્યવસ્થા પર ગંભીર પ્રતિકૂળ અસર પડી. તેમના પુનઃસ્થાપનની મોટી સમસ્યા ઉપસ્થિત થઈ. સામાજિક-આર્થિક તણાવ પણ ઊભો થયો, જે તે સમય દરમિયાન થયેલ રમખાણોનું કારણ બની રહેલ. કામદારોના પુનર્વસન અને ઉત્કર્ષ માટે સરકારે અમદાવાદ અને સુરતમાં પાવર લુમ્સને પ્રોત્સાહન આપ્યું અને પ્રશિક્ષણ કેન્દ્રોને કાર્યરત કર્યા. ધીમે ધીમે સ્થિતિ પૂરી રીતે થાળે પડી. શ્રી એલ. એન. એસ. મુકુન્દને આ કાર્ય સંભાળ્યું હતું.

## નર્મદા બચાવો અભિયાન

ગુજરાતમાં વારંવારે સર્જાતી દુષ્કાળની પરિસ્થિતિનો કાયમી ધોરણે સામનો કરવાના ભાગરૂપે સરકારે નર્મદા નદી ઉપર બંધ બાંધવાનો નિર્ણય લીધો. અમુક વર્ષો પછી શ્રી ચીમનભાઈ પટેલના સમયમાં કાર્ય શરૂ થયું. તેમણે નર્મદા બંધને ગુજરાતની જીવાદોરી તરીકે જાહેર કરી. આ બંધના અમલમાં વિસ્થાપિત કુટુંબોના પુનઃવસન અંગે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થયા. મેઘા પાટકર પ્રેરિત એક આંદોલન – 'નર્મદા બચાવો' શરૂ થયું. આ બંધ બાંધવા સામે વિરોધ કર્યો. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ નર્મદા બચાવો આંદોલન (એનબીએ) ચલાવ્યું. આ અવરોધને પહોંચી વળવા શ્રી ચિનુભાઈ વૈદ્ય અને શ્રીમતી ઉર્મિલાબેન પટેલ, પડદા પાછળથી શ્રી ચીમનભાઈ પટેલના પ્રોત્સાહનથી એક લોકપ્રિય પ્રતિ-આંદોલન ચલાવ્યું. જેને તમામ રાજકીય પક્ષો, નાગરિક સમાજના સભ્યો, વ્યાપાર અને ઉદ્યોગ સમૂહો, ખેડૂતો અને સામાન્ય પ્રજાજનનો ટેકો પ્રાપ્ત થયો. એવું જાહેર થયું કે સરદાર સરોવર બંધનો વિરોધ કરનાર વિકાસ વિરોધી અને ગુજરાત વિરોધી કહેવાશે. આ લોક-આંદોલન વેગપૂર્વક ચાલ્યું. તે બળવત્તર થતાં નર્મદા બંધના વિરોધના પ્રયાસો વિફળ રહ્યા. વારંવારના દુષ્કાળથી પીડિત

ગુજરાતની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા બંધને પૂરી ઊંચાઈ સુધી બાંધવામાં આવ્યો. નહેરોના નેટવર્ક દ્વારા કચ્છ અને સૌરાષ્ટ્રને તે સાથે જોડવામાં આવ્યા.

## કોમી તંગદિલી

અવારનવાર પડતા દુષ્કાળની જેમ, ગુજરાત છાશવારે કોમી તંગદિલી અને હુલ્લડોનું ભોગ બનતું રહેતું. આવી ઘટનાઓ પુનરાવર્તિત રીતે ગમે ત્યારે બનતી. જેને કારણે જિંદગી અને માલમિલકતને મોટી હાનિ થતી. આર્થિક પ્રવૃત્તિઓમાં વિક્ષેપ ઉપસ્થિત થતા. છેલ્લાં દોઢેક દાયકામાં આવું ધીમે ધીમે નહિવત્ થઈ ગયું છે. જો કે, ક્યારેક ક્યારેક સામાજિક ઘર્ષણ અને અથડામણોની છૂટીછવાયી ઘટનાઓ ચોક્કસ બને છે. છેલ્લે હાલમાં એવું કોઈ વ્યાપક આંદોલન થયું નથી. પરંતુ એક ૨૦૦૦ની સાલમાં સુરતી ઉબરગામ બંદરના વિરોધમાં અને બીજું ૨૦૧૦ની સાલમાં સિમેન્ટ પ્લાન્ટ માટેની જમીન સંપાદનના વિરોધમાં મહુવા આંદોલન એમ બે આંદોલન થયા હતા. બંને આંદોલનો સફળ રહ્યા. તાજેતરમાં પાટીદારોએ અનામત માટે આંદોલન શરૂ કર્યું હતું.

પચાસ અને સાંઈઠના દાયકાઓ પર નજર કરીએ તે દિવસોમાં ગુજરાત શું હતું તે જોઈએ. સૌરાષ્ટ્ર-કચ્છ-ઉત્તર ગુજરાત દર ત્રણ વરસે સતત બે વર્ષ દુષ્કાળની પરિસ્થિતિ ભોગવતા તેમજ પાણી અને ઘાસચારાની તીવ્ર તંગી ઉપસ્થિત થતી. પરિણામે પશુઓનું સ્થળાંતર થતું. હકીકતમાં આવી હિજરત દર વર્ષે ચાલુ રહેતી.

- આધારરૂપ માળખાની સગવડો નબળી હતી. અમદાવાદથી ભુજ પહોંચવા માટે ૩૦થી ૪૦ કલાકનો સમય લાગતો. પાલનપુર પહોંચી ત્યાંથી મીટરગેજ ટ્રેઈન પકડવી પડતી અથવા નવલખી કે રાજકોટ થઈને માંડવી સુધી સ્ટીમ-લોંચ કે હોડીમાં જવું પડતું. આવું જ સોમનાથ જવામાં થતું.
- ગ્રામ્ય વિસ્તારોમાં ગરીબાઈ વધારે હતી. આર્થિક રીતે નબળા પરિવારો ગામના છેવાડે કાચા અને અસ્થાયી ઘરોમાં વસતા. તેઓ છૂટક મજૂરી કરતા. સમગ્ર વિસ્તારમાં વરસાદની અનિશ્ચિત સ્થિતિ હોવાથી નબળા વરસાદના સમયમાં લોકોને આવકની કોઈ ગુંજાઈશ રહેતી નહીં. જમીનદારો હતા અને દૂબળા ખેતમજૂરો હતા. અલબત્ત જમીન સુધારણા દાખલ કરવામાં આવી હતી અને ખેડે તેની જમીનની પ્રક્રિયા શરૂ થઈ હતી. માત્ર સૌરાષ્ટ્રમાં એનો ઠીકઠીક અમલ થયો હતો, જ્યારે ગુજરાતના બાકીના વિસ્તારોમાં તેનો અમલ પ્રારંભિક સ્થિતિમાં જ રહ્યો હતો.
- ગુજરાતની વસ્તીના ૧૭% લોકો આદિજાતિ વિસ્તારોમાં હતા. ભૂખમરો, આરોગ્ય અને આજીવિકાના પ્રશ્નોને લીધે તેઓ બહારની દુનિયાથી વિખૂટા હતા.
- ખેતીમાં ઉત્પાદકતા ખૂબ ઓછી હતી. જો કે ગ્રામ્ય કારીગરો ચોક્કસ હતા, પરંતુ નાના

કે મધ્યમ કદના કોઈ કારખાનાં - ઉદ્યોગો ન હતા. ખાનગી રોજગારી મર્યાદિત હતી. માંડમાંડ નિર્વાહ થાય તેવું અર્થતંત્ર હતું.

- શ્રી પાટણકર જણાવે છે, "ઇન્ડિયન એર લાઈન્સનું ૨૨ બેઠકોની ક્ષમતાવાળું ડાકોટા પ્લેન રાજકોટથી સવારે ઉપડતું, પહેલાં અમદાવાદ પછી ઉદયપુર રોકાતું. ત્યારબાદ જયપુર ઉતરતું અને છેલ્લે આગ્રામાં રોકાઈ દિલ્હી જતું. લગભગ આખા દિવસની મુસાફરી થતી. ક્યારેક તો યાંત્રિક કારણોસર તે પ્લેન આગ્રા સુધી જ જતું અને મુસાફરો રિકેટી બસમાં મધ્યરાત્રિ બાદ દિલ્હી પહોંચતા. માર્ગ વ્યવહાર માટે રસ્તાઓની જોઈતી સગવડ ન હતી. મુંબઈથી અમદાવાદનો ૮ નંબરનો રાષ્ટ્રીય ધોરી માર્ગ કહેવા પૂરતો હતો. હકીકત કંઈક જુદી જ હતી. ટુકડાઓમાં, એક માર્ગી, અનેક જગ્યાએ ધોવાઈ ગયેલા ખાડાવાળા માર્ગ પ્રમાણે વાહન હાંકવું પડતું. કેટલાંક જિલ્લાઓમાં મોટા ભાગના સરકારી કર્મચારીઓ એક ગામથી બીજે ગામ પગપાળા જતા. પગનો થાક ઉતારવા માટે પગચંપી માટેની નોકરીઓમાં વિશેષ જગ્યાઓ રહેતી. જો કે, પાછળથી આ પ્રથા નાબૂદ કરવામાં આવી. જેથી તલાટી / ગ્રામસેવક આવશ્યક પ્રમાણે પોતાની પગચંપી ખુદ જ કરે. વૃક્ષ પર બેસીને રાત્રિરોકાણ કરવા માટે કેટલાક કર્માચરીઓ વિશેષ ભથ્થું મેળવતા."

કેટલીક આશાસ્પદ ઊજળી બાબતો પણ હતી :

- અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ગોંડલ, મોરબી, રાજકોટ જેવા શહેર સારી રીતે આયોજિત નગરો હતા અને બીજા શહેરો પણ તે પ્રમાણે વિકસી રહ્યાં હતાં. ત્યાં પણ ઔદ્યોગિક વિકાસ ઝડપથી શરૂ થયો.
- અમદાવાદ ૧૦૦થી વધુ સંયોજિત કાપડ મિલોનું કપડા ઉત્પાદન અને ઔદ્યોગિક વિકાસનું મોટું કેન્દ્ર હતું.
- મહાત્મા ગાંધી અને સરદાર પટેલ દ્વારા શરૂ કરાયેલ સ્વરાજ ચળવળ અને દાંડીકૂચ સાથેના મીઠાના સત્યાગ્રહને કારણે ગુજરાત દેશ અને પરદેશમાં વિખ્યાત હતું. બધા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નેતાઓ મહાત્મા ગાંધીને મળવા અમદાવાદ સાબરમતી આશ્રમ ખાતે આવતા.


આવી ખેતી આધારિત અતિ નબળી અર્થવ્યવસ્થામાંથી, ગુજરાત પછીના વરસોમાં અસાધારણ વિશાળ ઔદ્યોગિક અને વ્યાપારના મથકમાં પરિવર્તિત થયું. દેશમાં સૌથી વધુ ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકે ઊભરી આવ્યું.

આ સમગ્ર પરિવર્તન પ્રક્રિયામાં ગુજરાતની ખમીરવંતી પ્રજાનું મહત્ત્વનું પ્રદાન છે. વિષમ દુકાળ કે કારમો ધરતીકંપ – ભાંગી પડેલાને બેઠા કરવામાં ગુજરાતીઓ સ્વયં કુશળ છે.

ગુજરાતની બહુમુખી સંકલિત પ્રગતિ અને ટકાઉ વિકાસનું જ્વલંત ઉદાહરણ છે;

જેમાં દેશમાં વસતા તેમજ પરદેશમાં સ્થાયી થયેલા ગુજરાતીઓ પણ સહભાગી બન્યા છે. રાજપુરુષો, વહીવટીતંત્ર, સ્વૈચ્છિક અને સહકારી સંગઠનો, આધ્યાત્મિક સંસ્થાઓ, ઉદ્યોગગૃહો અને એકમો – સમાજના બધા જ સહયોગથી, સહુને લાભ થાય તેવો વિકાસ થઈ રહ્યો છે. આ આલેખન આ બધું કેવી રીતે થયું તેની વાર્તા છે.


# નેતૃત્વ



## મહાત્મા ગાંધી

(૧૮૬૯-૧૯૪૮)

મોહનદાસ કરમચંદ ગાંધી રાજકીય અને આધ્યાત્મિક ક્ષેત્રે પ્રથમ કક્ષાના નેતા હતા. તેમણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને દોરવણી આપી. સત્ય અને અહિંસાના સિદ્ધાંતો પર દૃઢપણે મક્કમ રહી, સામૂહિક સવિનય કાનૂન ભંગ દ્વારા પરદેશી અત્યાચારી શાસન સામે સત્યાગ્રહની લડતના તેઓ પ્રેરક હતા. આથી ભારતને આઝાદી પ્રાપ્ત થઈ. તેઓ વિશ્વભરમાં નાગરિક અધિકારો અને સ્વતંત્રતા-સ્વાયત્તતાની અહિંસક અને શાંત ચળવળો માટે પ્રેરણાસ્રોત બન્યા. મહાત્મા ગાંધી ભારતના રાષ્ટ્રપિતા તરીકે ઓળખાય છે.



## સરદાર વલ્લભભાઈ પટેલ

(૧૮૭૫-૧૯૫૦)

વલ્લભભાઈ પટેલ પ્રખર રાજકીય અને સામાજિક નેતા હતા. સરદારના નામે તેઓ જાણીતા છે. ભારતના લોખંડી પુરુષ તરીકે તેમની ગણના થાય છે. બ્રિટિશ રાજ્યની દમનકારી નીતિઓ વિરોધમાં તેમણે ગુજરાતમાં ખેડા, બોરસદ અને બારડોલીના ખેડૂતોને અહિંસક અસહકારની લડતમાં જોડાવાનું આહ્‌વાન કર્યું. તેમાં અસરકારક નેતૃત્વ પૂરું પાડ્યું. સ્વતંત્રતા સંગ્રામમાં તેઓ દેશના એક ખૂબ જ પ્રભાવકારી નેતા તરીકે ઊભરી આવ્યા. આઝાદી પહેલાના કાઠિયાવાડ સહિત ગુજરાતનાં ૩૦૦ જેટલા નાના મોટા રજવાડાંઓને સરદાર પટેલના ભગીરથ પ્રયાસોથી એકત્રિત કરીને રાષ્ટ્રમાં અને ગુજરાતમાં સમાવવામાં આવ્યા. આજનો સંગઠીત ગુજરાત પ્રદેશ આ પ્રયાસોની ફલશ્રુતિ છે.

## શ્રી મોરારજી દેસાઈ



**(૧૮૯૬–૧૯૯૫)**

મોરારજી દેસાઈ નીડર, આક્રમક અને સ્વતંત્ર મિજાજના જાહેર નેતા હતા. જનતા પાર્ટી દ્વારા રચાયેલી સરકારમાં ૧૯૭૭-૭૯ દરમ્યાન તેમણે ભારતના ચોથા પ્રધાનમંત્રી તરીકે સેવા આપી હતી. રાજનીતિમાં દીર્ઘ કારકિર્દીમાં તેમણે બોમ્બે રાજયના મુખ્યમંત્રી, ભારતના ગૃહમંત્રી, નાણાંમંત્રી અને નાયબ પ્રધાનમંત્રી જેવી અનેક અગત્યની જવાબદારીઓ નિભાવી હતી.

મોરારજીભાઈ ગોધરાના નાયબ કલેક્ટર તરીકેનું સનદી કાર્યક્ષેત્ર છોડીને મે, ૧૯૩૦માં નાગરિક અસહકાર આંદોલનમાં જોડાયા. ઘણાં વર્ષોનો કારાવાસ ભોગવ્યો. તેમનામાં તીક્ષ્ણ નેતૃત્વ કૌશલ અને સિદ્ધાંતો માટે અજોડ મક્કમતા હતાં. ધીમે ધીમે તેઓ ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના એક મહત્ત્વના નેતા તરીકે ઊપસી આવ્યા હતા.

૧૯૫૨માં તેઓ બૉમ્બે રાજ્યના મુખ્યમંત્રી તરીકે ચૂંટાયા હતા. બૉમ્બે રાજ્ય ત્યારે દ્વિભાષી રાજ્ય હતું. ગુજરાત અને મહારાષ્ટ્ર બંનેના સ્થાનિક લોકો પોતપોતાનું રાજ્ય હોવું જોઈએ એવું ઈચ્છતા હોવાથી તેમને બેઉ બાજુએથી આંદોલનોનો સામનો કરવો પડ્યો હતો.

મોરારજી દેસાઈ મહાત્મા ગાંધીના સિદ્ધાંતો અને નૈતિક મૂલ્યોના ચુસ્ત આગ્રહી. તેમજ શાકાહારી હતા. નીડરપણે પોતાના અભિપ્રાયો વ્યક્ત કરવામાં તેઓ નિખાલસ અને સ્પષ્ટ હતા. સમગ્ર જીવન તેમણે એક સામાજિક કાર્યકર, સંસ્થાના નિર્માતા અને મહાન સિદ્ધાંતવાદી સુધારક તરીકે ગાળ્યું હતું.

તેઓ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે મૂલ્યવાન માર્ગદર્શક હતા. મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન પણ તેઓ ઑક્ટોબર માસમાં વિદ્યાપીઠમાં જતા અને ત્યાં રહેતા. પ્રધાનમંત્રી હોવા છતાં પોસ્ટકાર્ડ જાતે લખતા. સરદાર પટેલે તેમને ખેડા જિલ્લાના ખેડૂતોની સભાઓ-બેઠકોનું સંચાલન સોંપ્યું હતું, જેમાંથી અમૂલ સહકારી આંદોલન અસ્તિત્વમાં આવ્યું. ૧૯૮૦ની સામાન્ય ચૂંટણી દરમ્યાન તેમણે જનતા પાર્ટી માટે વરિષ્ઠ રાજકારણી તરીકેનું સુકાન સંભાળ્યું હતું. પોતે ઉમેદવાર તરીકે ઊભા રહ્યા ન હતા. રાજકારણમાંથી ક્ષેત્ર સંન્યાસ બાદ તેઓ મુંબઈ રહ્યા અને ૧૦ એપ્રિલ, ૧૯૯૫ના રોજ ૯૯ વર્ષની ઉંમરે અવસાન પામ્યા.


## ગુલઝારીલાલ નંદા

**(૧૮૯૮-૧૯૯૮)**

૪થી એપ્રિલ, ૧૮૯૮ના સંયુક્ત પાકિસ્તાન-ભારતના પંજાબ પ્રાંતમાં જન્મેલા શ્રી ગુલઝારીલાલ નંદાએ અલ્હાબાદ યુનિવર્સિટીમાં શ્રમિકોની સમસ્યાઓ પર સંશોધક વિદ્વાન




તરીકે કામ કર્યું હતું. સ્વાતંત્ર્ય સંગ્રામમાં જોડાયા હતા. અનેક પ્રસંગોએ જેલવાસ ભોગવ્યો હતો. ૧૯૨૨માં અમદાવાદ મજૂર સંઘના તેઓ મંત્રી બન્યા. અમદાવાદને જ પોતાનું વતન બનાવ્યું. નંદા લોકસભામાં ચૂંટાયા હતા. તેમણે શ્રમ, રોજગાર અને આયોજનના કેન્દ્રીય મંત્રી તરીકેની જવાબદારી સંભાળી હતી. ૧૯૬૪માં શ્રી જવાહરલાલ નહેરુના અવસાન, ૧૯૬૬માં શ્રી લાલ બહાદુર શાસ્ત્રીના અવસાન બાદ બે વખત ટૂંકા ગાળા માટે ભારતના વચગાળાના પ્રધાનમંત્રી બન્યા હતા. શ્રી નંદા ૯૯ વર્ષની વયે ૧૫ જાન્યુઆરી, ૧૯૯૮ના રોજ અવસાન પામ્યા હતા.



## ઈન્દુલાલ યાજ્ઞિક

(૧૮૭૨-૧૯૭૨)

શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક સરદાર પટેલના નિકટના સહયોગી હતા. તેમણે સત્યાગ્રહની ચળવળમાં મહત્ત્વની ભૂમિકાઓ ભજવી હતી. અમદાવાદમાંથી સંસદના સભ્ય પદે આવ્યા હતા. તેમણે અંગ્રેજી સામયિક 'યંગ ઈન્ડિયા'ની શરૂઆત કરી હતી. તેમજ અખિલ ભારતીય કિસાન સભા તથા ગુજરાત કિસાન પરિષદની સ્થાપના કરી હતી. આઝાદીની લડત દરમ્યાન તેઓને અનેક વખત જેલમાં ધકેલવામાં આવ્યા હતા. ૧૯૫૬માં ગુજરાતના અલગ રાજ્ય માટે તેમણે મહાગુજરાત આંદોલનનું નેતૃત્વ કર્યું હતું. મહાગુજરાત જનતા પરિષદના સ્થાપક-પ્રમુખ બન્યા. તેમના નેતૃત્વ અને પ્રયાસોને પરિણામે 'ગુજરાત' રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું.



## રવિશંકર મહારાજ

(૧૮૮૪-૧૯૮૪)

સાદગી અને લોકોની સેવાને સમર્પિત એવા ચુસ્ત ગાંધીવાદી કાર્યકર તરીકે પંકાયેલા શ્રી રવિશંકર મહારાજ આઝાદીની ચળવળમાં સામેલ હતા. તેઓ મહાત્મા ગાંધી તથા સરદાર પટેલના સંનિષ્ઠ સહયોગી હતા. ૧૯૨૦માં તેમણે સુણવ ગામમાં રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરી. ૧૯૩૦માં તેમણે બારડોલી સત્યાગ્રહ, દાંડીકૂચમાં ભાગ લીધો હતો. ભારતની આઝાદી પછી સામાજિક કાર્યોમાં સમગ્રપણે સામેલ રહ્યા. વિનોબા ભાવેના ભૂદાન આંદોલનમાં જોડાયા. દેશમાં


૬૦૦૦ કિલામીટરની યાત્રા કરી. તેમના નિઃસ્વાર્થ કાર્યો ગરીબ પરિવારોને સહાયકારક પુરવાર થયા. ગાંધી આશ્રમ, સાબરમતી ખાતે ૧ મે, ૧૯૬૦ના રોજ નવનિર્મિત 'ગુજરાત રાજ્ય'નું ઉદ્‌ઘાટન શ્રી રવિશંકર મહારાજના હાથે થયું. ત્યારબાદ ગુજરાતના દરેક નવા નિમાયેલા મુખ્યમંત્રી પદ માટેની શપથવિધિ બાદ તેમને મળવા અને તેમના આશીર્વાદ લેવા આવતા તેવી પ્રણાલી બની.



## કે. એમ. મુનશી

(૧૮૮૭-૧૯૭૧)

શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીએ સોમનાથ મંદિરના પુનઃનિર્માણ કાર્યને આગળ ધપાવ્યું. કેન્દ્રીય મંત્રીમંડળમાં તેઓ ખોરાક અને કૃષિ મંત્રાલયના પ્રધાન રહી ચૂક્યા હતા. સોમનાથ ટ્રસ્ટના તેઓ દ્વિતીય અધ્યક્ષ હતા. આ ઉપરાંત શ્રી મુનશી એક નામાંકિત લેખક-ગ્રંથકાર અને જાહેર વકતા હતા. તેમની લગભગ બધી જ ગુજરાતી નવલકથાઓ ઈતિહાસ આધારિત રહેતી, જેને ગુજરાતી વાચકો રસપૂર્વક વાંચે છે. તેમની ખૂબ જાણીતી નવલકથાઓમાં 'ગુજરાતનો નાથ' અને 'પાટણની પ્રભુતા'નો સમાવેશ થાય છે. 'ભારતીય વિદ્યાભવન' જેવા ઉત્તમ શિક્ષા-સંકુલની સ્થાપના શ્રી મુનશીએ કરી છે.



## પ્રોફેસર યશપાલ

(૧૯૨૬-૨૦૧૭)

યશપાલ ભારતના મોખરાના ભૌતિકશાસ્ત્રીઓમાંના એક છે. તેમણે અનેક શૈક્ષણિક પદો પર અને પછીથી યુનિવર્સિટી ગ્રાંટ કમિશનના અધ્યક્ષ તરીકે સેવા આપી છે. નિવૃત્તિ પછી તેમણે ભારતીય દૂરદર્શન પર વિજ્ઞાનના પ્રચારનું અભિયાન ચલાવ્યું. પ્રતિષ્ઠિત અમેરિકન ઍકેડમી ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ માટે તેઓ ચૂંટાયા હતા.


પ્રતિષ્ઠિત માર્કોની પુરસ્કાર ૧૯૮૦માં પ્રોફેસર યશપાલને એનાયત કરવામાં આવ્યો હતો. અમદાવાદમાં સ્પેસ એપ્લિકેશન સેન્ટરના પ્રથમ નિયામક તરીકે તેમણે ગુજરાતના ગ્રામજનોની શિક્ષણ અને વિકાસની જરૂરિયાતોને પહોંચી વળવા આધુનિક સંચાર તક્‌નિકો દ્વારા ઉપગ્રહ આધારિત સીધા ટેલિવિઝન પ્રસારણને કાર્યરત કર્યું હતું. એમણે ગુજરાતના ઇસરોના અવકાશ સંશોધનોમાં વપરાતા વિજ્ઞાન અને ટેક્‌નોલૉજીનો ગ્રામ અને કૃષિ વિકાસમાં ઉપયોગ કર્યો.



## અનસૂયા સારાભાઈ

(૧૮૯૫-૧૯૭૨)


અનસૂયાબેન સારાભાઈએ શ્રમ આંદોલનની આગેવાની લીધી હતી અને અમદાવાદમાં મજૂર સંઘની સ્થાપના કરી હતી. લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં અભ્યાસ પૂરો કરી ૧૯૧૩માં ભારત આવ્યા બાદ તેમણે મહિલાઓ અને ગરીબ પરિવારોના કલ્યાણ માટે કાર્ય કરવાનું શરૂ કર્યું. ૧૯૧૮માં મજૂરીમાં ૫૦ પ્રતિશત વધારાની માંગ કરી. એક મહિનો ચાલેલી વણાટકામના કારીગરોની સફળ હડતાળનું નેતૃત્વ કર્યું હતું. મહાત્મા ગાંધીએ અનસૂયાબેનના યોગદાનની પ્રશંસા કરી હતી.



## જે.આર.ડી. ટાટા


(૧૯૦૪-૧૯૯૩)


નવસારીના શ્રી જહાંગીર રતનજી દાદાભાઈ ટાટા અગ્રેસર વિમાનચાલક અને ભારતીય ઉદ્યોગના સ્થાપકોમાં મોખરાનું સ્થાન શોભાવે છે. તેમને ભારત સરકારે સર્વોચ્ચ પુરસ્કાર 'ભારત રત્ન' વડે સન્માનિત કર્યા છે. તેમના નેતૃત્વ હેઠળ ટાટાની અસ્ક્યામતો ૧૯૩૯માં જે રૂ. ૬૨ કરોડ હતી તે ૧૯૯૦માં રૂ. ૧૦૦૦૦ કરોડ કરતાં વધુ થઈ. ટાટા સમૂહે સંખ્યાબંધ નવા ધંધાકીય સાહસોમાં પ્રવેશ કર્યો. જેમાંના મોટા ભાગના અપરંપરાગત હતા. સેવા અને ઉત્પાદનની વિશાળ શ્રેણીમાં એરલાઈન્સ, હોટેલ્સ, રેલવે એંજિનો, સોડા-એશ અને બીજા રસાયણો, દવાઓ અને નાણાંવિષયક સેવાઓ, ચા અને એર-કન્ડિશનર વગેરેનો સમાવેશ થાય છે. તેમણે સામાજિક સેવાઓ અને પાયાના સંશોધનો સંબંધિત શ્રેણીબંધ સંસ્થાઓ સ્થાપી છે. તેમની સફળતાની ચાવી આધુનિક ભારત માટેની તેમની આગવી સૂઝ અને દૃષ્ટિ છે.



વૈશ્વિક પ્રેરણામૂર્તિ સમાન શ્રી રતન ટાટા તેમના પગલે ચાલ્યા અને ભાવિ દર્શનને એ રીતે આકાર આપ્યો કે ટાટા હવે અનેક સાહસો-ઉદ્યમોમાં વૈશ્વિક કક્ષાએ શિખર સ્થાને છે અને ભારતને ઔદ્યોગિક ઉત્કૃષ્ટતામાં અસાધારણ સ્થાન અપાવે છે. ટાટા ગ્રુપે સંખ્યાબંધ પ્રતિષ્ઠિત ઔદ્યોગિક એકમો

અમેરિકા અને યુરોપના દેશોમાં સ્થાપ્યા છે. તેમની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટી.સી.એસ.) આઈ. ટી. સેવાઓ, કન્સલ્ટિંગ ટેક્નોલૉજી અને ડિજિટલ સોલ્યુશનના ક્ષેત્રમાં ગ્લોબલ લીડર છે. તેમાં વિશ્વના ૪૫ દેશોમાં ૧૪૯ સેન્ટરો પર દેશના તેમજ વિદેશના સંખ્યાબંધ યુવાનો ઉત્તમ કામગીરી કરી રહ્યા છે.






## ધીરુભાઈ અંબાણી

(૧૯૩૨-૨૦૦૨)

ધીરુભાઈ હીરાચંદ અંબાણી જુનાગઢના ગ્રામીણ વિસ્તારમાં નિમ્ન-મધ્યમ વર્ગના પરિવારમાં જન્મ્યા અને ઉછર્યા હતા, જે પાછળથી ભારતના સૌથી સફળ આધુનિક ઉદ્યોગ સાહસિક સાબિત થયા. કારકિર્દીની શરૂઆત તેમણે કપડા ઉદ્યોગને આગળ ધપાવવા એક ફેરિયા-વિક્રેતા તરીકે કરી હતી. તેમાંથી ભારતમાં સૌથી મોટી પેટ્રોકેમિકલ કંપની દેશની સૌથી મોટી રિફાઈનરી અને ટેલિકોમ્યુનિકેશન કંપનીઓ સ્વરૂપે તેમના પ્રયત્નોથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના નેજા હેઠળ અનેકાઅનેક ગણો વિકાસ જોવા મળ્યો છે. ત્રણ દાયકામાં કોઈપણ ઔદ્યોગિક એકમે પ્રાપ્ત ન કરી હોય તેવી આ અભૂતપૂર્વ સિદ્ધિ છે. ભાવિ તકો પારખવાની આંતરસૂઝ, નીડર-સાહસિકતા અને જોખમ ખેડવાની ક્ષમતા, મોટા પરિમાણમાં વિચારવું અને પોતાના શેરધારકો સાથે સહભાગિતાના પ્રયાસોમાં તેમની સફળતાની ચાવી રહેલી છે. તેમના પુત્ર મુકેશ અંબાણીએ રિલાયન્સના ઔદ્યોગિક સામ્રાજ્યનો અનેકગણો વિસ્તાર કર્યો છે. વૈશ્વિક સ્તર પર તેઓ નોંધપાત્ર હસ્તી બની રહ્યા છે. વિશ્વમાં ભારતની ઔદ્યોગિક સાહસિકતા તરીકેની પ્રતિષ્ઠામાં તેઓએ વૃદ્ધિ કરી છે.



## પી. એન. ભગવતી

(૧૯૨૧-૨૦૧૭)

શ્રી પી. એન. ભગવતી ૧૯૬૭માં ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ હતા. ૧૯૮૫માં તેમણે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકે ન્યાયિક સુધારા શરૂ કરાવ્યા. જાહેર હિતના દાવાઓને પ્રોત્સાહન આપ્યું તથા વકીલોના સ્વૈચ્છિક સહયોગ

અને યોગદાનથી ગરીબ અને નબળા વર્ગના લોકો માટે નિઃશુલ્ક કાનૂની સહાય અને સલાહ સમિતિની સ્થાપના કરી. ન્યાયમૂર્તિ ભગવતી રાષ્ટ્રમાં સફળ અને નિર્ણાયક ન્યાયાધીશ તરીકે ખ્યાતનામ છે. ન્યાયિક પ્રણાલીની જટિલતાની તેમજ મુકદ્દમામાં સામેલ વ્યક્તિના દૃષ્ટિકોણથી કાનૂની સ્થિતિની ઊંડી સમજ તેમની જ્વલંત સફળતામાં ચાવીરૂપ હતા.



## નાનુભાઈ શેલત

(૧૯૦૮-૧૯૭૨)

શ્રી નાનુભાઈનો જન્મ આણંદ જિલ્લાના ઉમરેઠમાં. વિદ્યાર્થીકાળમાં સ્વરાજ આંદોલનમાં ભાગ લીધો. કાયદાશાસ્ત્રનો અભ્યાસ પૂરો કરી નડિયાદમાં પોતાની પ્રૅક્ટિસ શરૂ કરી. ૧૯૩૮માં તેઓ ગૌણ ન્યાયતંત્રમાં જોડાયા અને અત્યારના મહારાષ્ટ્રના જુન્નુરમાં ન્યાયાધીશ તરીકે મૂકાયા. તેઓ ૧૯૬૫માં ગુજરાતની વડી અદાલતમાં ન્યાયમૂર્તિ તરીકે બઢતી પામ્યા. પોતાના કાર્યકારી જીવનમાં સક્રિય સામાજિક યોગદાતા તરીકેનું તથા ન્યાયિક સેવાઓની સ્વતંત્રતાનું તેમણે સફળતાપૂર્વક અદ્‌ભૂત સમતોલન કર્યું. સંસ્કૃત ભાષાના વિકાસ માટે તેમણે બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદની સ્થાપના કરી. વૈદિક કાળના જન્મ, લગ્ન, મૃત્યુ જેવા પ્રસંગોએ કરવામાં આવતી વિવિધ ધાર્મિક વિધિઓ અને પદ્ધતિઓના સાચા અર્થ, હેતુ અને સિદ્ધાંતોને સમજાવવા માટેનું સંસ્કાર-જ્ઞાનપ્રેરક કાર્ય તેમણે કર્યું. તેમણે ન્યાયાધીશની ભૂમિકા અને જીવન કેવું હોય તે પર અને ન્યાયિક કાર્યકાળના તેમના અનુભવો પર પુસ્તકો લખ્યા છે. નાના ગામડાનો વિદ્યાર્થી ન્યાયતંત્રના સર્વોચ્ચ પદ પર પહોંચી શકે તે માટેનું વ્યક્તિગત વિકાસને પ્રોત્સાહિત કરનારું વાતાવરણ ગુજરાતમાં છે.



## ડૉ. વિક્રમભાઈ સારાભાઈ

(૧૯૧૯-૧૯૭૧)

ડૉ. વિક્રમભાઈ સારાભાઈનો જન્મ ગુજરાતના વિખ્યાત અંબાલાલ સારાભાઈના પરિવારમાં ૧૨ ઑગસ્ટ, ૧૯૧૯ના રોજ થયો હતો. તેઓ ૧૯૩૭માં કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી પદાર્થવિજ્ઞાન અને ગણિતમાં સ્નાતક થયા હતા. શિક્ષણકાળ દરમ્યાન તેઓ અનેક ખ્યાતનામ તેમજ મહાન પ્રતિષ્ઠિત વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા હતા. ગાંધીજી સાથે કામ કરતાં કરતાં તેમની સમાજ પ્રત્યેની જવાબદારી પ્રબળ બની. ભારત પરત ફર્યા પછી સર સી. વી. રામનના માર્ગદર્શન હેઠળ તેમણે કોસ્મિક કિરણોના ક્ષેત્રમાં સંશોધન કાર્ય શરૂ કર્યું હતું. ૧૯૪૭ દરમિયાન તેમના

માર્ગદર્શન હેઠળ, શ્રી કસ્તુરભાઈ લાલભાઈએ અટીરા (અમદાવાદ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ ઍસોસિયેશન)ની સ્થાપના કરી.

ડૉ. વિક્રમભાઈનું સ્માર્ટ ભૌતિકશાસ્ત્ર સંશોધન લેબોરેટરી વિકસાવવાનું સ્વપ્ન હતું. પોતાના ઘરમાં જ તેમણે એક નાની લેબોરેટરી ઊભી કરી. ડૉ. હોમિ ભાભાને આ વિચાર ગમ્યો. ડૉ. હોમિ ભાભા તથા સર શાંતિસ્વરૂપ ભટનાગરની સહાયથી અમદાવાદમાં પી.આર.એલ. (ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી) ૧૯૫૪માં અસ્તિત્વમાં આવી. ડૉ. વિક્રમભાઈએ પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરુને અવકાશ સંશોધનના ખાસ હેતુ માટે એક અલગ જ સ્પેસ ડિપાર્ટમેન્ટ રચવાનું સૂચન કર્યું. પંડિત નહેરુને આ સૂચન ગમ્યું. અમદાવાદમાં ઈસરો (ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન) સ્થાપવા મંજૂરી આપી. ડૉ. વિક્રમભાઈ તેના પ્રથમ નિયામક બન્યા. સાથોસાથ ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસની રચના કરવામાં આવી.

હાલમાં ઈસરો કૃષિ, મત્સ્ય ઉદ્યોગ, શિક્ષણ, દવા વગેરે ક્ષેત્રોમાં અસરકારક રીતે કાર્ય કરે છે અને વિજ્ઞાન અને અવકાશના ક્ષેત્રમાં જાગૃતિ ફેલાવવાનું અદ્ભુત કાર્ય કરે છે. ઈસરોએ અવકાશને સામાન્ય માણસોની સેવા તથા રાષ્ટ્રની સેવા કરવાના કાર્ય-ધ્યેયને સાર્થક બનાવ્યું છે.

અવકાશ ક્ષેત્રે સંશોધન કરતી વિશ્વની છ મોટી સંસ્થાઓમાં ઈસરો સ્થાન ધરાવે છે.

શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સાથે મળીને તેમણે બે બીજી મહત્ત્વની સંસ્થાઓની અમદાવાદમાં સ્થાપના કરી છે. અગ્રણી શ્રેષ્ઠ સંસ્થા ભારતીય પ્રબંધન સંસ્થાન (આઈ.આઈ.એમ.) ડૉ. વિક્રમભાઈના નેતૃત્વ હેઠળ અમદાવાદ ખાતે કાર્યરત થઈ. ઉદ્યોગો અને વાણિજ્ય સંસ્થાનોમાં કાર્યરત વ્યક્તિઓની સંચાલકીય ક્ષમતા અદ્યતન કરવા માટે તથા યુવા ઉદ્યોગ સાહસિકો તેમજ વિદ્યાર્થીઓમાં જરૂરી જ્ઞાન-આવડતો વિકસાવવા તેમણે અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિયેશન (એ.એમ.એ.)ની સ્થાપના કરી. તેમણે બાળકોમાં વૈજ્ઞાનિક અભિરુચિ વિકસાવવા સામુદાયિક વિજ્ઞાન કેન્દ્રોની રચના કરવામાં પહેલ કરી.

ઈસરો સંચાર ઉપગ્રહ (ઈન્સેટ) અને રિમોટ સેન્સિંગ (આઈઆરએસ)ના માહિતી આદાન-પ્રદાન ઉપગ્રહોના સૌથી મોટા કાફલાની જાળવણી કરે છે.



ડૉ. વિક્રમભાઈએ ભારતીય પ્રૌદ્યોગિકીને વિશ્વના નકશામાં સ્થાન અપાવ્યું. તેઓ ગુજરાતમાં અને ભારતમાં વૈશ્વિક કક્ષાની સંસ્થાઓના સ્થાપક-પ્રેરક બની રહ્યા.

## શ્રીમતી મૃણાલિની સારાભાઈ

(૧૯૧૮-૨૦૧૬)

મૃણાલિની સારાભાઈ પ્રખ્યાત શાસ્ત્રીય નૃત્યાંગના હતાં. કેરાલામાં જન્મેલાં, તામિલનાડુમાં ઉછરેલાં મૃણાલિનીબેન અભ્યાસ અને નૃત્યની તાલીમ પૂરી કર્યા બાદ ખ્યાતનામ

વૈજ્ઞાનિક ડૉ. વિક્રમભાઈ સારાભાઈને પરણ્યાં હતાં. એ દિવસોમાં ગુજરાતમાં લોકો નૃત્યને કલા તરીકે સ્વીકારતા નહીં અને પૂરતો આદર આપતા નહીં. મૃણાલિની સારાભાઈએ તે સામે ઝઝૂમ્યા. પતિના ટેકાથી માત્ર ૧૦ વિદ્યાર્થીઓ સાથે ૧૯૪૯માં અમદાવાદમાં નૃત્ય શિક્ષણ આપતી સંસ્થા 'દર્પણ ઍકેડેમી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ'ની સ્થાપના કરી. શિષ્યોનાં 'અમ્મા' બન્યાં. તેમના અથાક પ્રયત્નોને કારણે આ નૃત્ય સંસ્થાને માત્ર ભારતમાં જ નહીં, સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ. તેમણે શાસ્ત્રીય નૃત્યોના ક્ષેત્રમાં ગુજરાતને વિશ્વના નકશા પર સ્થાન અપાવ્યું.

તેમની નૃત્ય શિક્ષણ સંસ્થામાં જોડાયેલી કન્યાઓ મહિલા સ્વાતંત્ર્ય અને વિકાસનું મહત્ત્વ પણ સમજતી થઈ.

શાસ્ત્રીય નૃત્યના 'ભારતનાટ્યમ્' પ્રકારને મૃણાલિનીબેને અમદાવાદમાં ખૂબ લોકપ્રિય બનાવ્યું. પોતાની નૃત્ય શિક્ષણ સંસ્થામાં 'ભવાઈ'ના જાણીતા કલાકાર શ્રી મહેન્દ્ર કોન્ટ્રાક્ટરની સહાયથી શરૂઆત કરી. 'કઠપૂતળી' નૃત્ય પ્રકારને પણ પ્રોત્સાહન આપ્યું અને દેશભરમાં પ્રચલિત કર્યું. પર્યાવરણના રક્ષણ માટે તેમણે 'વૃક્ષમિત્ર' અભિયાન, વિવિધ કાર્યક્રમો દ્વારા સંવર્ધિત કર્યું. 'ગુજરાત હસ્તકલા નિગમ'ના સહયોગમાં 'ગુર્જરી' છાપ-મહોરને પ્રસિદ્ધિ અપાવી. તેમની નૃત્ય આધારિત નવલકથા 'ધીસ એલોન ઇઝ ટ્રુથ'નું 'પાર્વતીની ત્રણ અવસ્થા' નામે નૃત્ય રૂપાંતર લોકોમાં ખૂબ વખણાયું. જીવનમાં ગાંધી-સિદ્ધાંતોનું તેઓ હંમેશાં અનુકરણ કરતા રહ્યા.

ભારતના શાસ્ત્રીય નૃત્ય 'ભારત નાટ્યમ્નો કાર્યક્રમ 'આરંગેત્રમ્' જેમાં ઔપચારિક પ્રશિક્ષણ મેળવ્યા બાદ તાલીમાર્થી પ્રથમ વખત મંચ પર નૃત્ય કાર્યક્રમ રજૂ કરે તે શિષ્યો-શિષ્યાઓ માટે સામાન્ય રીતે ખર્ચાળ હોય છે. શ્રીમતી મૃણાલિનીબેને એને સાદા પરંતુ લાવણ્યમય 'આરાધના'માં પરિવર્તિત કર્યો.



આજે 'દર્પણ ઍકેડમી ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ'નું સંચાલન પ્રતિભાસંપન્ન પુત્રી મલ્લિકા સારાભાઈ સુચારુ રૂપે સંભાળે છે. મલ્લિકા સારાભાઈ પણ પ્રતિષ્ઠિત શાસ્ત્રીય નૃત્યાંગના છે અને શાસ્ત્રીય નૃત્ય સંસ્કૃતિને સમગ્ર વિશ્વમાં પ્રચલિત કરી રહ્યાં છે. તેમનાં કાર્યો-કાર્યક્રમો ભારતભરમાં અને અનેક દેશોમાં નિયમિતપણે રજૂ થતા રહ્યા છે. ભારતની 'નેશનલ ડાન્સ ઈન્સ્ટિટ્યૂટ', ન્યૂયૉર્કની 'બૅટરી ડાન્સ ઍકેડમી', લંડનની 'પાન પ્રૉજેક્ટ' સાથે તેમણે પર્થ, સિંગાપોર, હોંગકોંગ, જાપાન, ઇઝરાયેલ અને ઇજિપ્તમાં ત્યાંના જે-તે તહેવારોમાં નૃત્ય-કાર્યક્રમો આપ્યાં છે.



## કસ્તુરભાઈ લાલભાઈ

(૧૮૯૪-૧૯૮૦)

શ્રી કસ્તુરભાઈ લાલભાઈ આઝાદી પહેલાંના અને પછીના ગાળામાં સૌથી સાહસિક ઉદ્યોગપતિઓમાંના એક હતા. કાપડની એક મિલથી શરૂ કરીને તેમણે લાલભાઈ નામને વિશાળ ઉદ્યોગજૂથમાં પરિવર્તિત કર્યું. ગુજરાતના શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિદ્દશ્યને તેમણે અતિ સમૃદ્ધ કર્યું છે. વિક્રમ સારાભાઈ સાથે મળીને શિક્ષણ અને સંશોધન માટે ભારતની શ્રેષ્ઠ સંસ્થાઓના નિર્માણમાં યોગદાન કર્યું. ઉપરાંત પ્રખ્યાત આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના પ્રમુખ તરીકે તેમણે અનેક જૈન મંદિરોના નવનિર્માણ અને નવીનીકરણમાં નોંધપાત્ર ફાળો આપ્યો અને તેમાં પૂર્ણ ભવ્યતા પુનઃપ્રસ્થાપિત કરી.

લાલભાઈ જૂથ ૧૯૦૦ના પ્રારંભના ગાળામાં ભારતની કુલ કાંતણ ક્ષમતાના ૧૨ પ્રતિશત અને ગુજરાતની વણાટ ક્ષમતાના ૨૪ પ્રતિશત હિસ્સો ધરાવતું હતું. કસ્તુરભાઈએ રંગ અને રસાયણનો જેવા નવા ક્ષેત્રોમાં ઝંપલાવ્યું અને સમૂહના ધંધામાં સફળતાપૂર્વક વૈવિધ્ય લાવ્યા.

કસ્તુરભાઈએ અમૃતલાલ હરગોવિંદદાસ અને ગણેશ માવળંકર સાથે મળીને અમદાવાદ ઍજ્યુકેશન સોસાયટી (એઈએસ)ની સ્થાપના કરી. એ.ઈ.એસ.એ. એમ. જી. સાયન્સ કૉલેજ, એલ. ડી. કૉલેજ ઑફ આર્ટ્સ, એચ. એલ. કોમર્સ કૉલેજ, એમ. એસ. કૉલેજ ઓફ ફાર્મસી, એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, એ. જી. ટીચર્સ ટ્રેઈનિંગ સ્કૂલની સ્થાપના કરી હતી તથા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (પી.આર.એલ.), ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો), સેન્ટર ફોર એન્વાયર્મેન્ટલ પ્લાનિંગ અને ટૅક્નોલૉજી (હાલમાં સેપ્ટ યુનિવર્સિટી), બ્લાઈન્ડ મેન્સ ઍસોસિયેશન (અંધજન મંડળ), વિક્રમ સારાભાઈ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગુજરાત વિશ્વકોષ અને બીજી સંસ્થાઓ માટે જમીનોનું દાન કર્યું હતું. ઉપરાંતમાં અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના માટે નાણાં અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદ (આઈ.આઈ.એમ.એ.) સ્થાપવા માટે જમીન દાનમાં આપી હતી.

કસ્તુરભાઈ અને સારાભાઈએ અમદાવાદ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ ઍસોસિયેશન (અટીરા) અને અમદાવાદ ટેક્ષ્સટાઇલ મિલ ઓનર્સ ઍસોસિયેશન (એટીએમએ) સ્થાપ્યાં હતાં અને પછીથી કસ્તુરભાઈએ ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ (જી.સી.સી.આઈ.)ની ૧૯૪૯માં શરૂઆત કરાવી હતી.

કસ્તુરભાઈ મહાત્મા ગાંધી અને સરદાર પટેલ સાથે ગાઢ રીતે સંકળાયેલા હતા. 'ભારત છોડો' આંદોલનમાં પણ તેમણે ભૂમિકા ભજવી હતી. ભારત સરકારે કસ્તુરભાઈ લાલભાઈને ૧૯૬૯માં પદ્મભૂષણના ખિતાબથી નવાજ્યા હતા.



## શ્રેણિકભાઈ કસ્તુરભાઈ લાલભાઈ

(૧૯૨૫-૨૦૧૪)


શ્રી શ્રેણિકભાઈની જ્વલંત સફળતાનું રહસ્ય તેમનું પ્રામાણિક અને સિદ્ધાંતવાદી જીવન હતું. તેઓ જે સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા તેમાં ટ્રસ્ટીશીપ અને પારદર્શિતા લાવ્યા. તેમની લાંબી સક્રિય કારકિર્દી દરમ્યાન ઘણી ઔદ્યોગિક, શૈક્ષણિક, રિસર્ચ, સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં અધ્યક્ષ તરીકે કે સંચાલક મંડળના સભ્ય તરીકે તેમણે નોંધપાત્ર યોગદાન કર્યું છે. તેમણે લાલભાઈ જૂથને વિકસાવ્યું. તેનું વિસ્તરણ કર્યું. પારદર્શતા, પ્રામાણિક શાસન અને ટ્રસ્ટીશીપનાં મૂલ્યો સ્થાપિત કર્યાં. ગુજરાત વિશ્વકોષ ભવન, સેપ્ટ યુનિવર્સિટી, અમદાવાદ યુનિવર્સિટી અને તેવી વિવિધ શૈક્ષણિક એકમોની રચના કરીને ગુજરાતના શિક્ષણ જગતને સમૃદ્ધ કર્યું.

તેઓ જૈન ઇતિહાસના ઊંડા જાણકાર તજ્જ્ઞ હતા. આણંદજી કલ્યાણજી પેઢીનું તેમણે નેતૃત્વ કર્યું હતું. માત્ર ગુજરાતમાં જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં ૧૨૦૦થી વધુ તીર્થ સ્થળોના વિકાસ અને જાળવણીમાં મોટો ફાળો આપ્યો હતો. જેમાં શત્રુંજય, રાણકપુર, કુંભારિયાજી, ગિરનાર, તારંગા અને શેરીશ જેવા તીર્થસ્થાનોનો સમાવેશ થાય છે. પાલિતાણાને પરમ ધાર્મિક શહેરનો દરજ્જો અપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા શ્રેણિકભાઈએ ભજવી હતી.

સાદગી અને નૈતિકતાપૂર્ણ જીવનમાં માનતા પ્રખર ગાંધીવાદ શ્રેણિકભાઈ સામાજિક વિકાસના યોગદાનમાં હંમેશાં વિનમ્ર અને નિરાભિમાની હતા. સમૃદ્ધિ ભૌતિક સુખ શોખમાં નહીં, પરંતુ સમાજને બહોળા પ્રમાણમાં આપવામાં છે એવા જીવનમૂલ્યોવાળા શ્રેણિકભાઈએ પોતાનાં મોટા ભાગનો સમય, શક્તિ અને નાણાં સમાજના ઉત્થાન માટેના કાર્યોમાં વાપર્યા હતા.







## પ્રોફેસર રામલાલ પરીખ

(૧૯૨૭-૧૯૯૯)

શિક્ષણ, યુવકપ્રવૃત્તિ અને સેવાકીય કાર્યો દ્વારા ગુજરાતના સંસ્કાર વિકાસ માટે અમૂલ્ય પ્રદાન કરનાર, મહાત્મા ગાંધીના અહિંસા અને રચનાત્મક અભિગમને નખશિખ સમર્પિત પ્રોફેસર રામલાલ પરીખ 'શાંતિ શિક્ષણ'માં ડાયરેક્ટર અને મૅનેજમેન્ટમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ધરાવતા હતા.

૨૦ વર્ષની ઉંમરે તેમનું નામ સમગ્ર દેશમાં વિદ્યાર્થી યુવક નેતા તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યું હતું. ગુજરાતમાં ૧૯૪૨થી ૧૯૪૬ વચ્ચે આઝાદીની ચળવળ માટે તાલુકે તાલુકે ફરી તેમણે ૫૦ જેટલા વિદ્યાર્થી મંડળો સ્થાપ્યા. પંડિત જવાહરલાલ નહેરુના અનુરોધથી તેમણે ભારતીય યુવક કૉંગ્રેસના મંત્રી તથા પ્રમુખ તરીકે સમગ્ર દેશમાં ફરી યુવકોને વિધેયાત્મક પ્રવૃત્તિઓમાં સાંકળ્યા હતા. વર્લ્ડ એસેમ્બ્લી ઑફ યુથના અધિવેશનમાં સક્રિય ભાગ લીધો હતો અને યુવક કૉંગ્રેસનું એની સાથે જોડાણ કર્યું હતું. એશિયાના મંત્રી તરીકે કાર્યભાર તેમણે સંભાળ્યો હતો. તેમણે ૧૯૬૨માં રામકૃષ્ણ બજાજ સાથે રહી વિશ્વ યુવક કેન્દ્રની સ્થાપના કરી હતી. આ સંસ્થા ૧૪ રાજ્યોમાં કાર્યરત છે. તે દ્વારા દોઢથી બે લાખ યુવાનોને નાગરિક શિક્ષણ અને કૌશલ્યનિર્માણમાં તાલીમબદ્ધ થયા છે.

શ્રી મોરારજી દેસાઈના આગ્રહથી તેઓ માત્ર ૩૬ વર્ષની વયે ગૂજરાત વિદ્યાપીઠમાં મહામાત્રા તરીકે આવ્યા. વિદ્યાપીઠને આઝાદ ભારતના વિદ્યાજગત-વિશ્વવિદ્યાલયો સાથે જોડવાનું તેમનું સ્વપ્ન હતું. વિદ્યાપીઠમાં સમાજ માનવશાસ્ત્ર, માનવ અર્થશાસ્ત્ર, કમ્પ્યૂટર વિજ્ઞાન જેવા નવા વિષયો સહિત પ્રત્યેક વિષયને વિસ્તરણ પ્રવૃત્તિ સાથે જોડ્યા. વિદ્યાપીઠમાં આદિવાસી સંશોધનો અને તાલીમકેન્દ્ર શરૂ કર્યું અને આદિવાસી પ્રવૃત્તિને ગાંધીવિચારોનું પીઠબળ અપાવ્યું. ગ્રંથાલયને કમ્પ્યૂટરાઈઝ્ડ કરવાની પહેલ કરી. ગ્રામવિકાસ સાથે સીધા સંકળાયેલા તલાટી, ગ્રામસેવક, તાલુકા અધિકારીઓના તાલીમ કેન્દ્ર પણ વિદ્યાપીઠમાં સ્થાપ્યું. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને જનશિક્ષણ સંસ્થાને પણ તેમણે ગાંધીવિચારના પાયા પર કામ કરતા કર્યા.

ગૂજરાત વિદ્યાપીઠને ડિમ્ડ યુનિવર્સિટીની ઓળખ સાથે સમગ્ર દેશમાં અને વિશ્વમાં ગાંધી શિક્ષણની બહુખ્યાત સંસ્થા તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત સંસ્થા બનાવી. કૉલેજમાં પ્રૌઢશિક્ષણ અને વસતી શિક્ષણના કેન્દ્રો કાર્યરત કરાવ્યા. પ્રૌઢ માટેનું અલગ સાહિત્ય રચાવ્યું. બુનિયાદી અને નો ફૉર્મલ શિક્ષણના તત્ત્વો સાથેના અનેક નવા અભ્યાસક્રમો શરૂ કરાવ્યા. ભારતની તમામ ભાષાઓના શિક્ષણની વ્યવસ્થા સાથે વિદ્યાપીઠમાં ૧૪ રાજ્યોના અનુદાનથી ૧૪ ભારતીય ભાષાઓ શીખવાડાય છે.


ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે તેમણે ૧૯૯૬થી ૧૯૯૯ સુધી મૂલ્યનિષ્ઠ અને કાબેલ નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

સ્વભાવે ઋજુ, શિક્ષણ અને સંસ્કાર સંશોધન માટે સંનિષ્ઠ એવા પ્રોફેસર રામલાલ પરીખને ભારત સરકારે લાઈફ ટાઈમ લિટરસી ઍવોર્ડથી સન્માનિત કર્યા હતા. તેઓએ ૧૯૭૫થી ૧૯૮૧ દરમ્યાન રાજ્યસભામાં સાંસદ તરીકે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેમને સંયુક્ત રાષ્ટ્રસંઘ – યુ.એન. દ્વારા પીસ મેન્યુઅર ઍવોર્ડ તથા યુનેસ્કો દ્વારા 'પદ્મકૃપાસ્કય લેવિન' ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રામલાલભાઈ પોતાને હંમશાં યુવાન કહેતા અને 'ઓલ્ડ એજ ઈઝ સેકન્ડ યુથ' એમ કહી એક યુવાનનો તરવરાટ પણ જાળવી રાખતા.

તેમની સમર્પિત કાર્યપ્રણાલી અને જીવનમૂલ્યો આજની અને આવનારી પેઢી માટે પણ એટલી જ પ્રસ્તુત છે. તેમના સાથે તેમના દીકરી શ્રી મંદાબેન પરીખનો આ ક્ષેત્રમાં ખૂબ જ મોટો ફાળો છે. જે હાલ ગ્રામ વિકાસ અને યુવા શિક્ષણ ક્ષેત્રે કાર્યરત છે.



## શ્રી વિઠ્ઠલદાસ ઉદ્દેશી

શ્રી વિઠ્ઠલદાસ ઉદ્દેશીએ એરંડાના બીજ, એરંડિયાના મહત્ત્વને સ્થાપિત કર્યું અને એરંડિયા ક્રાંતિ લાવ્યા. 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન'ની પ્રખ્યાત ઉક્તિવાળો એરંડો વિષમ આબોહવામાં પણ અસ્તિત્વ ટકાવી રાખવા સક્ષમ હોય છે. દીવાઓમાં વપરાતા એરંડિયાના તેલનું તેમણે વાણિજ્યકરણ કર્યું. પશ્ચિમના દેશોમાં એરંડિયાના સાધિત રૂપોને અરોમેટિક સુગંધી પદાર્થો બનાવવામાં મોટા વ્યાપમાં ઉપયોગમાં લેવામાં આવે છે. વિઠ્ઠલદાસ ઉદ્દેશીએ જયંત એગ્રો ઓર્ગેનિક કંપનીની સ્થાપના કરી. 'ગુજરાત સ્ટેટ એગ્રો ઈન્ડસ્ટ્રિયલ કોર્પોરેશનના એરંડા તેલના જગાણા પ્લોટને હસ્તગત કર્યો. જયંત એગ્રો ઓર્ગેનિક લિમિટેડ દ્વારા એરંડિયા તેલમાં મોખરાંનુ સ્થાન હાંસલ કર્યું. તેમાંથી પોતાનું જ એરંડા-સાધિત પદાર્થો, ડેરિવેટીવ્સનું એકમ સ્થાપ્યું. વધુ અગત્યનું તો એ છે કે તેમણે બેકવર્ડ ઈન્ટિગ્રેશન કર્યું. ગામડાઓમાંથી સીધા જ ખેડૂતો પાસેથી એરંડા ખરીદવાનું અને ખેડૂતોને એક અઠવાડિયામાં ચૂકવણું કરવાની ગોઠવણ કરી. ખેડૂતોને એરંડાના સફાઈનાં સાધનો આપ્યાં અને ગામમાંથી કારખાના સુધી પહોંચાડવાના પરિવહનની વ્યવસ્થા કરી. ડીસા એપીએમસીના બજાર ભાવ પ્રમાણે ચૂકવવાનું ગોઠવ્યું. તેઓએ ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિ શીખવા માટે ખાસ પ્રબંધ કર્યો. તેમના ભાઈઓ શ્રી મનુભાઈ અને શ્રી વામનભાઈએ ગામેગામ જઈ ખેડૂતોને આ માટે તૈયાર કર્યા. તેમના પુત્રો અભયભાઈ અને હેમંતભાઈ આ સમગ્ર સાહસને વિકસાવી રહ્યા છે.

## ઝીણાભાઈ ફતાભાઈ – ખેડૂત



મારું નામ ખરાદી ઝીણાભાઈ ફતાભાઈ છે. હું એરંડાની ખેતી કરું છું. મારું ગામ વગડાદી, જિલ્લો બનાસકાંઠા, ગુજરાત.

દરેક માટે મારો મંત્ર છે કે, ''ચીલાચાલુ રીતે ત્યજો, મોટું વિચારો, કલ્પનાશક્તિનો ઉપયોગ કરો અને જીવનમાં વૃદ્ધિ પામો.''

એરંડાના ખેડૂત તરીકે પરંપરાગત એરંડાની ખેતીમાં નબળી ઉપજ થાય છે. એટલું જ નહીં, પરંતુ વધારે ખેડથી જમીનના પોષક તત્ત્વો નાશ પામે છે તે મેં અનુભવ્યું છે. જયંત એગ્રોના કાર્યક્રમના નેજા હેઠળ શ્રી મનુભાઈના માર્ગદર્શન પ્રમાણે ગામડાના ખેડૂતોએ નવી કૃષિ પદ્ધતિઓ અપનાવવાનું નક્કી કર્યું છે. ડીસાના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સંકુલમાં તે માટેની સઘન તાલીમ તથા સ્થળ પર ખેતી પદ્ધતિનું નિદર્શન ગોઠવવામાં આવ્યાં હતાં. નિયમિત માર્ગદર્શન અને પ્રૅક્ટિકલ નિદર્શન દ્વારા વૈજ્ઞાનિક ખેતીની પદ્ધતિઓમાં મેં સફળતાપૂર્વક પ્રશિક્ષણ પ્રાપ્ત કર્યું છે. કેન્દ્ર - કે.વી.કે.માં પપૈયા ઉગાડનારા ખેડૂતો સાથે પણ મારો પરિચય કરાવવામાં આવ્યો. તેમના અનુભવો અને સફળતાના કિસ્સાઓ મેં જાણ્યા. આથી મને પણ આધુનિક, બિનપરંપરાગત ખેતી પદ્ધતિઓ માટે પ્રેરક બળ પ્રાપ્ત થયું.

મારા બધા પ્રયત્નો અને સંસાધનો હું આ નવી વૈજ્ઞાનિક પદ્ધતિનો લાભ લેવામાં વાપરું છું. મારા પાકના જથ્થા તથા ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે. હેક્ટર દીઠ મારી ચોખ્ખી આવકમાં પાંચ ગણી વૃદ્ધિ થઈ છે. મારી જમીનની ફળદ્રુપતા સચવાઈ રહી છે અને ઓછામાં ઓછી ખેડથી વધારે સારી ઉપજ મેળવી શક્યો છું. વૈજ્ઞાનિક રીતોમાં આત્મવિશ્વાસ, અનુભવ અને સફળતાને લીધે મારી સામાજિક પ્રતિષ્ઠા પણ વધી છે. ગ્રામ્ય પંચાયતમાં મને ચૂંટવામાં આવ્યો. તેમજ શિક્ષણ સમિતિની જવાબદારી સોંપવામાં આવી. આ બધાને લીધે હવે હું ખેડૂત વિજ્ઞાન ક્લબના સન્માનનીય સભ્ય તરીકેની ઓળખ ધરાવું છું. આ બધાનો શ્રેય શ્રી વિઠ્ઠલભાઈને જાય છે.

અત્યારના બદલાતા વિપરીત અસરોવાળા હવામાનમાં એરંડો પાક અન્ય પાકની સરખામણીમાં વધુ આવક આપતો ટકાઉ પાક તરીકે સાબિત થયો છે.

– સુશ્રી નિશાબેન શાહ



## શ્રી વિષ્ણુપ્રસાદ એસ. પંડ્યા


ગુજરાતમાં છાપકામ ક્ષેત્રે અદ્યતન યંત્ર-સામગ્રી અને પદ્ધતિ અપનાવવાની ક્રાંતિકારી પહેલ શ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યાએ આજથી છ દાયકા પહેલા કરી. પ્રિન્ટિંગની ગુણવત્તા, ઝડપ અને ઉત્પાદકતામાં આથી ધરખમ પરિવર્તન આવ્યું અને આ ઉદ્યોગને વેગ મળ્યો.

વ્યાપક દૃષ્ટિકોણ અને જીવનધ્યેય પ્રતિ સમર્પિત શ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યાએ અમદાવાદમાં ૧૯૭૨માં નાના પણ મજબૂત પાયે સાહિત્ય મુદ્રણાલયની સ્થાપના કરી. સાહસિકતા અને સમાજને શ્રેષ્ઠ યોગદાન માટેની તેમની ઉત્કટતા વડે તેમણે નવી તકનીકો અને નવા મશીનો કાર્યરત કરીને છાપકામ વિશેના સામાન્ય ખ્યાલોને નવીન સ્વરૂપ આપ્યું. સાહિત્ય મુદ્રણાલય બહુ જ ટૂંકા સમયમાં એક સન્માનનીય છાપકામગૃહ બની ગયું.

કોર્પોરેટ દૃષ્ટિકોણ, સહકારી વલણ અને ગુણવત્તાને વરેલા શ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યાના પથસર્જક નેતૃત્વ હેઠળ સાહિત્ય મુદ્રણાલયે ઉદ્યોગમાં તેમજ સામાજિક સેવા ક્ષેત્રે ઉત્તરોત્તર ઉચ્ચ સીમાચિહ્નો સ્થાપ્યા છે. બે વખત દેશના સર્વોચ્ચ કક્ષાના 'રાષ્ટ્રીય ઍવોર્ડ' તથા સાર્ક નેશન્સના પ્રતિષ્ઠિત 'સ્ટાર ઍવોર્ડ' વડે સાહિત્ય મુદ્રણાલયને સન્માનીત કરવામાં આવી છે.

૧૯૭૭ થી ૧૯૮૭ દરમિયાન શ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યાએ અમદાવાદ પ્રિન્ટિંગ પ્રેસ એસોસિયેશનના પ્રમુખ તરીકે ગુજરાતના છાપકામ ઉદ્યોગને સાર્થક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.





## શ્રી પ્રાણલાલ ભોગીલાલ


**વિન્ટેજ કાર સંગ્રહાલય**

શ્રી પ્રાણલાલ ભોગીલાલે જીવન દરમ્યાન એક હાથે ખૂબ મોટી સંખ્યામાં જૂની (૧૯૩૦ પહેલાં બનેલી) કાર એકઠી કરી. તે બધાની જાળવણી કરી. કારના સંગ્રાહક તરીકે જાણીતા પ્રાણલાલભાઈનું ઉદ્યોગોમાં યોગદાન પણ પ્રશંસનીય હતું. એસોચેમ (વ્યાપાર અને ઉદ્યોગની એપેક્ષ સંસ્થા), ઈન્ડિયન મર્ચન્ટ્સ ચેમ્બર, ઓલ ઈન્ડિયા સ્ટાર્ચ મેન્યુફેક્ચરર્સ ઍસોસિયેશન, ઈન્ડિયન ટેક્સટાઈલ ઍસોસિયેશન, મશીનરી મેન્યુફેક્ચરર્સ ઍસોસિયેશન, વેસ્ટર્નઈન્ડિયા ઓટોમોબાઈલ ઍસોસિયેશનના પ્રમુખ તરીકે સેવા બજાવી હતી. અનેક પરોપકારી પ્રવૃત્તિઓને તેણે ભરપૂર સહાય કરી હતી. જૂની કારોને એકઠી કરવાનો તેમને ગજબનો શોખ હતો. અમદાવાદ શહેરના અને બહારથી આવતા લોકો તેમના જૂના કારના સંગ્રહને નિહાળવા પધારતા.









પ્રત્યેક કારની વિશિષ્ટ કહાણી સંભળાવવા પ્રાણલાલભાઈ હાજર રહેતા. તેમણે ઉમંગ-ઉત્સાહથી પોતાના ફાર્મ હાઉસમાં વર્લ્ડ ઓટો મ્યુઝિયમ વિકસાવ્યું હતું. ૧૦૫ વિન્ટેજ કાર ઉપરાંત આ સંગ્રહસ્થાનમાં બગીચો અને મોટર સાઈકલો અને મોટી સંખ્યામાં ઘોડાગાડીઓ પણ કાળજીપૂર્વક પ્રદર્શિત કરવામાં આવી છે.

આ રસપ્રદ અને આકર્ષક એવું જૂની મોટરગાડીઓ, ઘોડાગાડીઓ, મોટર-સાઈકલો અને અન્ય વાહનોનું ખુલ્લું ઓપન-એર વર્લ્ડ વિન્ટેજ કાર સંગ્રહાલય, દસ્તાન, સરદાર પટેલ રિંગ રોડ, ન્યૂ ઈન્ડિયા કોલોની, કઠવાડા- અમદાવાદ ખાતે આવેલું છે.







ટેક્ષ્ટાઈલનું કેલિકો સંગ્રહાલય



**વિચાર વાસણ સંગ્રહાલય :** પ્રાચીન વાસણો, સૂડીઓ અને અન્ય ઉપયોગી જણસોનું સંગ્રહાલય

# ગુજરાતના મુખ્યમંત્રીઓ



## ડૉ. જીવરાજ મહેતા (૧૮૮૭-૧૯૭૮)

ઈંગ્લૅન્ડમાં એફ.આર.સી.એસ. ડિગ્રી પ્રાપ્ત કરી ડૉ. જીવરાજ મહેતા ૧૯૧૫માં ભારત પરત ફર્યા. મહાત્મા ગાંધીના તેઓ અંગત ડૉક્ટર હતા. સ્વાતંત્ર્ય ચળવળ અને સત્યાગ્રહમાં તેમણે ભાગ લીધો હતો. ૧૯૪૭માં આઝાદી પછી તેમણે વિવિધ જાહેર કચેરીઓનો કાર્યભાર સંભાળ્યો હતો. અગાઉના બરોડા સ્ટેટના તેઓ પ્રથમ દિવાન હતા. એપ્રિલ, ૧૯૬૦થી સપ્ટેમ્બર ૧૯૬૩ દરમ્યાન નવા રચાયેલા ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી બન્યા. સૌરાષ્ટ્ર, કચ્છ અને મુંબઈના પ્રદેશોમાંથી બનેલા ગુજરાતની રાજ્યવ્યવસ્થા અને વહીવટ સંકલિત કરવા તેમણે અગત્યની ભૂમિકા ભજવી હતી. પછીના ગાળામાં તેમણે ઈંગ્લૅન્ડના ભારતીય હાઈકમિશનર તરીકે સેવા આપી હતી.



## શ્રી બળવંતરાય મહેતા (૧૯૦૦-૧૯૬૫)

શ્રી બળવંતરાય મહેતાએ ગુજરાતના દ્વિતીય મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. કૉલેજનો અભ્યાસ અધૂરો મૂકી તેઓ સ્વાતંત્ર્ય લડતમાં જોડાયા હતા. તેમણે વિકેન્દ્રિત લોકશાહી પ્રણાલી માટેની સમિતિના વડા તરીકે ત્રિસ્તરીય પંચાયતી રાજ્યની પ્રથા પ્રસ્થાપિત કરી, જે આજે પણ અસ્તિત્વમાં છે. ડૉ. જીવરાજ મહેતાના અનુગામી તરીકે તેઓએ ૨૫ ફેબ્રુઆરી, ૧૯૬૩માં મુખ્યમંત્રીનો કાર્યભાર સંભાળ્યો હતો. ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમ્યાન ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫ના દિવસે જ્યારે તેઓ કચ્છની સરહદમાં જઈ રહ્યા હતા ત્યારે તેમના વિમાનને પાકિસ્તાન એરફોર્સે ગોળીબાર કરી તોડી પાડ્યું તેમાં તેઓનું નિધન થયું.




## શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઈ

(૧૯૧૫-૧૯૯૩)

શ્રી હિતેન્દ્ર કનૈયાલાલ દેસાઈ ગુજરાતના તૃતીય મુખ્યમંત્રી હતા. દક્ષિણ ગુજરાતના આ લોકપ્રિય નેતા શ્રી મોરારજી દેસાઈના નિકટના સાથી હતા.

ભારત છોડો આંદોલન દરમ્યાન તેમણે જેલવાસ ભોગવ્યો હતો. પુનર્ગઠિત બોમ્બે રાજ્યમાં તેઓ શિક્ષણમંત્રી હતા અને ગુજરાતમાં કાયદામંત્રી હતા. ૨૦ સપ્ટેમ્બર, ૧૯૬૫થી ૧૨ મે, ૧૯૭૧ દરમ્યાન તેમણે મુખ્યમંત્રી તરીકે સેવા બજાવી હતી.



## શ્રી ઘનશ્યામ છોટાલાલ ઓઝા

(૧૯૧૧-૨૦૦૨)


શ્રી ઘનશ્યામ ઓઝા ૧૭ માર્ચ, ૧૯૭૨થી ૧૭ જુલાઈ, ૧૯૭૩ દરમ્યાન ગુજરાતના ચોથા મુખ્યમંત્રી પદ પર રહ્યા હતા. કાઠિયાવાડ એકત્રિત રાજ્યના યુ.એન.ઢેબર મંત્રીમંડળમાં તેઓ ૧૯૫૨-૫૬ દરમ્યાન મંત્રી હતા. ૧૯૬૨માં તેઓ લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીના મંત્રીમંડળમાં કેબિનેટ મંત્રી રહ્યા હતા. સાદા, સીધા અને સરળ વ્યક્તિ હતા. શ્રી ઘનશ્યામ ઓઝાએ ગરીબોના કલ્યાણ માટે ઘણું યોગદાન કર્યું છે.



## શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ

(૧૯૧૧-૨૦૦૨)

શ્રી બાબુભાઈ જશભાઈ પટેલે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે બે વખત કાર્યભાર સંભાળ્યો હતો. પ્રથમ જૂન, ૧૯૭૫થી માર્ચ, ૧૯૭૬ સુધી જનતા પાર્ટીના નેતા તરીકે અને બીજી વખત એપ્રિલ, ૧૯૭૭થી ફેબ્રુઆરી, ૧૯૮૦ સુધી જનતા પક્ષના નેતા તરીકે. ૧૯૭૯ મચ્છુ ડેમ હોનારત થતાં તેમણે મુખ્યમંત્રીનું ક્ષેત્રીય કાર્યાલય મોરબી ખાતે રાખ્યું. મોરબીના પુનઃસ્થાપન અને પુનર્વસનના જટિલ કાર્યોની ચોકસાઈપૂર્વક સીધી દેખરેખ રાખી હતી.



## શ્રી માધવસિંહ સોલંકી

બોરસદ-આણંદ જિલ્લાના શ્રી માધવસિંહ સોલંકીએ તેમની લાંબી રાજકીય કારકિર્દીની શરૂઆત પહેલાં વકીલાત કરી હતી અને બાદમાં કૉંગ્રેસમાં જોડાયા હતા. જૂના બૉમ્બે રાજ્યના નાયબપ્રધાન રહી ચૂકેલા શ્રી માધવસિંહ સોલંકી ૧૯૭૬-૭૭ અને ૧૯૮૦-૮૫ સુધી ગુજરાતના મહેસૂલ મંત્રી તથા મુખ્યમંત્રી રહ્યા હતા. પછીથી તેઓ ૧૯૯૧માં કેન્દ્રમાં વિદેશમંત્રી બન્યા હતા.



## શ્રી અમરસિંહ ચૌધરી

(૧૯૪૧-૨૦૦૪)

શ્રી અમરસિંહ ચૌધરી ૧૯૮૫માં મુખ્યમંત્રી બન્યા. તેમણે શ્રી માધવસિંહ સોલંકી પાસેથી આ હવાલો સંભાળ્યો હતો. વ્યારાના આ આદિવાસી યુવા નેતા સિવિલ ઈજનેર હતા. ઉકાઈમાં સેક્શન ઓફિસમાં કામ કરતા હતા. ૩૧ વર્ષની વયે તેમણે ૧૯૭૨માં જુનિયર મંત્રી તરીકે શરૂઆત કરી. પાછળથી ૧૯૮૫થી ૧૯૮૯ સુધી મુખ્યમંત્રી પદે રહ્યા હતા. તેમના કાર્યકાળ દરમ્યાન ગુજરાતે કપરા દુષ્કાળનો સામનો કરવો પડ્યો. તે વખતે રાજકોટમાં પાણીની તંગી હળવી કરવા પાણીના ટેન્કરોને રેલવે દ્વારા પહોંચાડવાનો નવતર પ્રયોગ તેમણે કર્યો હતો. ગામડાના લોકોની તકલીફો-ફરિયાદોના સ્થળ પર નિકાલ માટે ગામમાં જ લોક દરબાર યોજનાનો આરંભ કરાવ્યો હતો. વિનમ્ર પ્રકૃતિ અને મુલાકાતો માટેની સુલભતા માટે તેઓ લોકો અને અધિકારીઓમાં માનીતા બન્યા હતા. શ્રી અમરસિંહ ચૌધરીએ ગરીબ પરિવારોના ઉત્થાન માટે પારાવાર પ્રયાસો કર્યા હતા. પાછળથી તેઓ વિરોધપક્ષના નેતા બન્યા હતા.



## શ્રી ચીમનભાઈ પટેલ


(૧૯૨૯-૧૯૯૪)

કૉલેજ કાળમાં ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના વિદ્યાર્થી સંઘના પ્રથમ પ્રમુખ તરીકે ચૂંટાયેલા

શ્રી ચીમનભાઈ પટેલે સેંટ ઝેવિયર્સ કૉલેજમાં અર્થશાસ્ત્રના લેક્ચરર તરીકે અધ્યાપન કાર્ય કર્યું હતું. શ્રી હિતેન્દ્ર દેસાઈ તેમજ શ્રી ઘનશ્યામ ઓઝા મંત્રીમંડળમાં રહી ચૂકેલા શ્રી ચીમનભાઈ પટેલ ૧૭ જુલાઈ, ૧૯૭૩થી ૯ ફેબ્રુઆરી, ૧૯૭૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા. નવનિર્માણ આંદોલનને પગલે તેમને પદ છોડવાની ફરજ પડી હતી. જનતા દળ-ભારતીય જનતા પાર્ટીના ગઠબંધન સરકારના નેતા તરીકે તેઓ ફરીથી ૪ માર્ચ, ૧૯૯૦ના રોજ મુખ્યમંત્રી બન્યા. પાછળથી તેઓ ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસમાં જોડાયા. ૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૪ના તેમના અચાનક અવસાન સુધી મુખ્યમંત્રીના પદ પર રહ્યા હતા.

શ્રી ચીમનભાઈ આધુનિક ઔદ્યોગિક ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા અને બાહોશ રાજનીતિજ્ઞ હતા. મુખ્યમંત્રી તરીકેના પ્રથમ કાર્યકાળમાં નર્મદા ડેમ પ્રૉજેક્ટની પરિકલ્પના તેમણે કરી હતી અને મુખ્યમંત્રી તરીકેના તેમના બીજા કાર્યકાળમાં નર્મદા બંધ સફળતાપૂર્વક બંધાયો. શ્રી ચીમનભાઈએ નર્મદા ડેમને ગુજરાતની જીવાદોરી ગણાવી છે. અમદાવાદને આંતરરાષ્ટ્રીય હવાઈમથક તેમણે અપાવ્યું છે.

ગુજરાતના ઉદ્યોગીકરણની બૃહદ યોજનાના ભાગ સ્વરૂપે ગુજરાતના બંદર, રિફાઈનરી અને પાવર પ્લાન્ટના વિકાસમાં ખાનગી એકમોના સહભાગનો ઉપયોગ તેમણે દાખલ કર્યો. હિંદુ તેમજ જૈનોના ધાર્મિક તહેવારોના દિવસોએ કતલખાના બંધ રાખવાનો અને માંસનું વેચાણ બંધ રખાવવાનો ખરડો પણ તેમણે પસાર કરાવ્યો હતો.



## શ્રી છબીલદાસ મહેતા

(૧૯૨૫-૨૦૦૮)


૧૯૯૪માં શ્રી ચીમનભાઈ પટેલનું અચાનક અવસાન થતાં શ્રી છબીલદાસ મહેતા મુખ્યમંત્રી બન્યા. જીવનના પ્રારંભિક તબક્કામાં, ૧૯૪૨માં તેઓ શાળાનો અભ્યાસ છોડી સ્વતંત્રતા આંદોલનમાં જોડાયા હતા. પાછળથી પ્રજા સમાજવાદી પક્ષમાં જોડાયા. સમય જતાં તેઓ કૉંગ્રેસમાં આવ્યા. શ્રી ચીમનભાઈ પટેલની સરકારમાં તેઓ નાણાંમંત્રી હતા.

## શ્રી કેશુભાઈ પટેલ

શ્રી કેશુભાઈ પટેલ ૧૯૯૫માં અને ૧૯૯૮થી ૨૦૦૧ દરમ્યાન મુખ્યમંત્રી હતા અને છ વખત ગુજરાત વિધાનસભામાં ચૂંટાયા હતા. ૧૯૮૦ના દાયકાથી ભારતીય જનતા પાર્ટીના સ્થાપક સભ્યોમાંના એક અને સાલસ રીતે કારકિર્દી આરંભી હતી. આમ, જનતાના આ નેતાએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આર.એસ.એસ.)માં ૧૯૪૫થી સંઘ પ્રચારક તરીકે કાર્ય




કર્યું હતું. ૧૯૬૦માં જનસંઘની સ્થાપનામાં તેમણે અગત્યનો ભાગ લીધો. ૧૯૭૫માં જનસંઘ-કૉંગ્રેસ (સંસ્થા) ગઠબંધન સત્તા પર આવ્યું તેમાં કૃષિ તેમજ ગ્રામીણ મંત્રી બન્યા હતા. ગુજરાતના લોકકલ્યાણ તથા વિકાસના કાર્યોમાં સક્રિય રહ્યા. તેમણે ગુજરાત માળખાકીય વિકાસ મંડળની રચના કરી. અમદાવાદ, રાજકોટ, ગાંધીનગર, મહેસાણા વગેરેને સાંકળતા ચાર-છ માર્ગી રસ્તાઓ બાંધવાના કાર્યનો આરંભ તેમણે કરાવ્યો. ગ્રામીણ સ્તરના આંતરમાળખાને મજબૂત બનાવવા તેમણે ગોકુલ ગ્રામ યોજનાને પ્રોત્સાહન આપ્યું જે માટે પરદેશમાં વસતા બિન-નિવાસી ગુજરાતીઓ તરફથી નોંધપાત્ર ફાળો એકત્રિત કરી શકાયો હતો.



## શ્રી સુરેશભાઈ મહેતા

૫ ઑગસ્ટ, ૧૯૩૬માં માંડવી-કચ્છમાં જન્મેલા શ્રી સુરેશભાઈ મહેતા ન્યાયાધીશ તરીકેની પોતાની પ્રારંભિક કારકિર્દી છોડીને ભારતીય જનતા પક્ષમાં સામેલ થયા હતા. ૧૯૯૫માં શ્રી કેશુભાઈ પટેલના મંત્રીમંડળમાં તેઓ કેબિનેટ પ્રધાન બન્યા. શ્રી કેશુભાઈ પટેલના રાજીનામાના પગલે તેઓ ઑક્ટોબર, ૧૯૯૫થી ૧૯૯૬ સુધી ગુજરાતના મુખ્યમંત્રી રહ્યા તથા શ્રી કેશુભાઈ પટેલ તથા શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકારમાં ઉદ્યોગપ્રધાન તરીકે સેવા આપી.


૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના આવેલા ભયાનક ધરતીકંપથી ધ્વંસ થયેલા કચ્છના પુનઃસ્થાપન અને પુનર્વસન માટે તેમણે રાત-દિવસ તનતોડ મહેનત કરી હતી.



## શ્રી શંકરસિંહ વાઘેલા

૨૧ જુલાઈ, ૧૯૪૦ના રોજ જન્મેલા શ્રી શંકરસિંહ વાઘેલાએ તેમની રાજકીય કારકિર્દી જનસંઘના સંનિષ્ઠ કાર્યકર્તા તરીકે કરી હતી. પાછળથી તેઓ ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા બન્યા હતા. તેઓએ ૧૯૯૬થી ૧૯૯૭ દરમ્યાન ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની સેવા આપી, ત્યાર બાદ તેમણે પોતાનો પક્ષ રાષ્ટ્રીય જનતા પાર્ટી સ્થાપ્યો હતો. પછી તેનો વિલય કરી ભારતીય કૉંગ્રેસ પક્ષમાં જોડાયા હતા અને સંસદ સભ્ય બન્યા

હતા. ૨૦૦૪થી ૨૦૦૯ દરમ્યાન કેન્દ્રિય મંત્રીમંડળમાં કાપડ ઉદ્યોગના પ્રધાન તરીકે તેમણે કાર્ય કર્યું. તેઓ રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પણ રહી ચૂક્યા હતા.



## શ્રી દિલીપ પરીખ

(૧૯૩૭-૨૦૧૯)

૨૮ ઑક્ટોબર, ૧૯૯૭થી ૪ માર્ચ, ૧૯૯૮ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કાર્ય કરનાર શ્રી દિલીપ પરીખ મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજના સ્નાતક છે. ભારતીય જનતા પક્ષ તરફથી તેમણે ચૂંટણીમાં ભાગ લીધો હતો. ૧૯૯૬માં જ્યારે શ્રી શંકરસિંહ વાઘેલાએ બળવો કરી ભાજપમાંથી વિખૂટા પડી રાષ્ટ્રીય જનતા પક્ષ રચ્યો ત્યારે શ્રી દિલીપ પરીખ તેમાં જોડાયા અને ઉદ્યોગપ્રધાન બન્યા હતા. ૧૯૯૭માં શ્રી વાઘેલાના અનુગામી તરીકે તેઓ મુખ્યમંત્રી બન્યા.



## શ્રી નરેન્દ્ર મોદી

હાલમાં ભારતના પ્રધાનમંત્રી તરીકે સેવા આપતા શ્રી નરેન્દ્ર મોદીનો જન્મ ૧૭ સપ્ટેમ્બર, ૧૯૫૦ના રોજ ગુજરાતના વડનગરમાં થયો છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૨૦૦૧થી ૨૦૧૪ સુધી તેમનો સૌથી લાંબો કાર્યકાળ રહ્યો છે.

બાળપણમાં ચા વેચનાર નરેન્દ્ર મોદી નાની વયે જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં જોડાયા હતા. ૨૦૦૧માં તેઓ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને દાયકાથી પણ વધુ સમયવાળી સ્થિર સરકારનું તેમણે સંચાલન કર્યું.

તેમના નેતૃત્વ હેઠળ ગુજરાતનો ઝડપથી વિકાસ થયો. તેમણે અનેક નવીન યોજનાઓ અમલમાં મૂકી જેનો ‘ગુજરાત મૉડેલ’ તરીકે અન્ય રાજ્યોએ પણ અમલ કરવાનું શરૂ કર્યું.



## શ્રીમતી આનંદીબેન પટેલ


શિક્ષકના પુત્રી એવા, વિનમ્ર આરંભ કરનાર આનંદીબેન શિક્ષિકા બન્યા હતા. શાળાના પ્રવાસ દરમ્યાન સરદાર સરોવરના જળાશયમાં ડૂબતી બે કન્યાઓને બચાવવા માટે તેઓ પાણીમાં કૂદી પડ્યાં હતાં અને રાષ્ટ્રપતિના હસ્તે બહાદુરીનો ઍવોર્ડ મેળવ્યો હતો. શ્રી નરેન્દ્ર મોદી તેમજ શ્રી કેશુભાઈ

પટેલના સૂચનને માન આપી તેઓ ૧૯૮૭માં ભાજપમાં જોડાયા. ગુજરાત પ્રદેશ મહિલા પાંખના પ્રમુખ બન્યા. તેઓ સંસદ સભ્ય પણ રહી ચૂક્યા છે. ૧૯૯૮માં તેઓ ધારાસભ્ય બન્યા અને મંત્રીમંડળમાં કેબિનેટ કક્ષાના મંત્રી બન્યા. બાદમાં માર્ગ અને મકાન ખાતાના મંત્રી બન્યા. શ્રી નરેન્દ્ર મોદીના અનુગામી તરીકે તેઓ વર્ષ ૨૦૧૪માં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. હાલમાં તેઓશ્રી ઉત્તરપ્રદેશના રાજ્યપાલ પદે કાર્યરત છે.



## શ્રી વિજય રૂપાણી

ગુજરાતના વર્તમાન મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીનો જન્મ બર્માના રંગૂન શહેરમાં ૨ ઑગસ્ટ, ૧૯૫૬ના રોજ થયો હતો. ૧૯૬૦માં તેમનો પરિવાર રાજકોટ ખાતે સ્થાયી થયો. બી.એ.; એલએલ.બી. થયેલા શ્રી વિજય રૂપાણીએ રાજકોટના નગરપતિ તરીકે સેવા આપી છે. ૨૦૧૪માં કેબિનેટ કક્ષાના મંત્રી બનતા પહેલાં તેઓ ૨૦૧૪માં સંસદ સભ્ય હતા અને ઑગસ્ટ, ૨૦૧૬થી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેઓ ગુજરાતના વિકાસ કાર્યક્રમોને સુચારુંરૂપે આગળ ધપાવી રહ્યા છે.



# ગુજરાતનો વિકાસ

**શ્રી કેશુભાઈ પટેલ**
પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત

મને એ જાણીને આનંદ થાય છે કે તમે ગુજરાતમાં ૧૯૬૦માં અસ્તિત્વમાં આવ્યું ત્યારથી થઈ રહેલા વિકાસની પ્રક્રિયા પર 'વિકસતું ગુજરાત - સહયાત્રા'ની યાદો પર વિગતવાર પુસ્તક તૈયાર કરી રહ્યા છો.

ગુજરાતમાં બધાં જ ક્ષેત્રોમાં સાર્વત્રિક વિકાસ લાવવાની પ્રબળ રાજકીય ઈચ્છા અને મક્કમ પ્રતિબદ્ધતા સાથે 'પરિવર્તન'ની પ્રક્રિયાને અમે શરૂ કરી હતી. રાજ્યના પ્રજાજનોમાં પરિવર્તનલક્ષી અનુકૂળ સામૂહિક વિચારસરણીનું વાતાવરણ સર્જી શક્યાં. 'સિટિઝન્સ ચાર્ટર'નો ખ્યાલ દાખલ કરીને લોકો અને સરકારી વહીવટી વચ્ચેની ઉણપને દૂર કરવાની સાથોસાથ વહીવટી તંત્રને સામાન્ય લોકોના અધિકારો અપાવવા માટે જવાબદારી બનાવવાનો અમે પ્રયાસ કર્યો હતો.

રાજ્યના રાજકોષીય સંચાલનમાં આમૂલ પરિવર્તન ઉપરાંત, રાજ્યની વિકાસકારી યોજનાઓનો ખ્યાલ પણ અમે બદલ્યો. જે માટે પૂર્ણ આશાસભર 'ગોકુલ ગ્રામ યોજના' દ્વારા ગ્રામીણ વિકાસને અમે વધુ મહત્ત્વ આપ્યું છે. સાથોસાથ અમે ગુજરાત સરકાર દ્વારા શહેરી અને અર્ધ-શહેરી વિસ્તારોમાં વિકાસલક્ષી કાર્યક્રમો માટે રૂ. ૧૪૦ કરોડની 'વાજપેયી નગર વિકાસ યોજના' શરૂ કરી. પછાત જાતિઓ, અનુસૂચિત જાતિઓ અને સમાજના નબળા વર્ગના લોકોની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉન્નતિ માટે કેટલાક નક્કર કાર્યક્રમો જાહેર કર્યા.

આ કલ્યાણ કાર્યક્રમોના અમલ માટે સરકારે અંદાજપત્રમાં અનેકગણી ફાળવણી કરી. ગરીબ તથા તવંગર વર્ગો વચ્ચેની આર્થિક અસમાનતાને ઘટાડવાના પ્રયાસોના ભાગરૂપે બે મહત્ત્વાકાંક્ષી યોજનાઓ 'વાજપેયી યુવા સ્વરોજગાર' અને 'દીનદયાળ યુવા સંકલિત સ્વાવલંબન' રજૂ કરી, રાજ્યમાં લગભગ ૧.૫૦ લાખ યુવાનોને રોજગારી પૂરી પાડવાનું લક્ષ્યાંક નિશ્ચિત કર્યું. 'ગોકુલ ગ્રામ યોજના' અંતર્ગત વિવિધ રોજગારલક્ષી કાર્યક્રમોનું અસરકારક સંકલન કરીને ૩૬૧૬ ગામોની વસ્તીને ગરીબી રેખાની ઉપર લાવવાનો નિર્ણય લીધો. વિવિધ સ્વરોજગારી યોજના હેઠળ ૫૧ તાલુકાઓમાં ૪૭,૦૦૦ જેટલા યુવાનોને સામેલ કરી, પ્રત્યેકને રૂપિયા એક લાખ સુધીની લોન દ્વારા રાજ્યમાં શૂન્ય બેરોજગારીનું લક્ષ્યાંક પૂરું કરવાનો નિર્ધાર કરવામાં આવ્યો.

આપણા કેટલાક અતિ પુરાણા કાયદા અને નિયમોની સમગ્ર સમીક્ષા કરી સરકારને યોગ્ય સુધારા માટે સૂચનો કરવા 'રાજ્ય કાયદા પંચ'ની રચના અમે કરી.

મારી સરકારના ગૃહખાતાએ, રાજ્યમાં 'અપરાધ દર' પર નિયંત્રણ માટે વિસ્તૃત 'ઍક્શન પ્લાન' કાર્યાન્વિત કર્યો. જેના પ્રોત્સાહક પરિણામો આવવાનું શરૂ થયું હતું. ૮૫૦ જેટલા અસામાજિક તત્ત્વોની પાસા / ટાડા હેઠળ ધરપકડ કરવામાં આવી અને ગુનેગારોને રાજકીય આશ્રય ભૂતકાળની બાબત બની ગઈ. જાહેર જનતામાંથી આવતી ફરિયાદો નોંધવા માટે સચિવાલયના ગૃહ વિભાગમાં સ્વચાલિત ટેલિફોન રેકોર્ડિંગ પ્રણાલી ગોઠવવામાં આવી, જે ગુનાખોરી ઘટાડવામાં સહાયરૂપ થઈ. આવું જ ઉપકરણ ખોરાક અને નાગરિક પુરવઠા વિભાગમાં પણ કાર્યરત કર્યું.

આઈ.ટી. ક્ષેત્રને પ્રોત્સાહન આપવા ગુજરાત સરકારે પહેલી વાર સંકલિત નીતિ રજૂ કરી. ગાંધીનગરની સીમા પર ૨૦૦ એકર જમીનમાં વિશાળ 'હાઈ-ટેક ઈન્ફોસિટી' વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું જેથી રાજ્યમાં તાલુકા અને જિલ્લાના મુખ્યમથકો અને ગામડાંઓને સાંકળતું વ્યાપક કમ્પ્યુટર કૉમ્યુનિકેશન નેટવર્ક રચાયું. માધ્યમિક શાળાઓમાં ધોરણ-૮થી કમ્પ્યૂટર શિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું. લગભગ ૬૦૦૦ આવી શાળાઓને કમ્પ્યૂટરોની ખરીદી માટે નાણાકીય સહાય માટે આયોજન કર્યું.

ગુજરાત સરકારે પ્રાકૃતિક સંસાધનોનો સર્વોત્તમ ઉપયોગ કરવા ગુજરાત વિકાસ એજન્ડા-૨૦૧૦ તૈયાર કર્યો. રાજ્યમાં આંતરમાળખાકીય સુવિધાક્ષેત્રમાં તેમજ શિક્ષણ અને આરોગ્યમાં ઝડપી સુધારા શરૂ કર્યા. ૨૦૧૦ સુધીમાં રાજ્યમાં રસ્તાઓના આધુનિકરણ માટે રૂ. ૧૦,૦૦૦ કરોડની યોજના ઘડી. વિકાસની પ્રક્રિયામાં ખાનગી સહભાગિતાને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે સરકારે અમદાવાદ-મહેસાણા અને વડોદરા-હાલોલ રસ્તાઓને ચાર માર્ગી રસ્તાઓમાં ફેરવવા માટે બી.ઓ.ટી. (બિલ્ડ, ઓપરેટ અને ટ્રાન્સફર) નીતિ અપનાવી; રાજ્યમાં રોડ ક્ષેત્રને આગળ ધપાવવા ગુજરાત રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનની સ્થાપના કરવામાં આવી. અમદાવાદ-વડોદરા વચ્ચેના કરોડોની લાગતનો મહત્ત્વાકાંક્ષી એક્સપ્રેસ હાઈ-વે બાંધવા સંબંધી વર્ષોથી અટવાતા વિવાદો ઉકેલવામાં આવ્યા. પ્રૉજેક્ટ સફળતાપૂર્વક પૂરો કર્યો. પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીના હાથે તેનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

મારા મુખ્યમંત્રી તરીકેના પ્રથમ સમયગાળામાં ૧૯૯૫માં રાજ્યની નવી બંદરનીતિ ઘડવામાં આવી. સરકારે છ મુખ્ય બંદરોની ખાનગી ક્ષેત્રમાં વિકાસ કરવાનું નક્કી કર્યું.

કોઈ મોટા નવા બંધ બાંધ્યા વિના વધારાની ૫૦,૦૦૦ હેક્ટર સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવી. કાર્યરત પ્રૉજેક્ટ્સમાં સિંચાઈની તક્નિકમાં સુધારા દ્વારા આ વિકાસ સાધવામાં આવ્યો.

નાના ચેકડેમ, અનુસ્ત્રાવ તળાવો અને લઘુ સિંચાઈ માટે એક વિશાળ કાર્યક્રમ હાથ પર લેવામાં આવ્યો. જેમાં લોકભાગીદારીથી ચેકડેમ બાંધવાનો મોટા કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો. બહુઆયામી અભિગમ દ્વારા કૃષિમાં ૧૦% વૃદ્ધિ દરનું આયોજન કરવામાં આવ્યું.

કૃષિ ક્ષેત્રમાં પ્રતિકૂળ પરિસ્થિતિઓની વેળાએ ખેડૂતોના રક્ષણ માટે રૂપિયા ૨૫ કરોડનું અનામત ભંડોળ ફાળવવામાં આવ્યું.

ઔદ્યોગિક વિકાસમાં ગુજરાતને મોખરાની ગતિશીલતા જાળવી રાખવા માટે જરૂરી વિદેશી રોકાણ અને પ્રૌદ્યોગિકીને આકર્ષવા 'ઇન્ટેક માર્ટ ૯૮'નું આયોજન કર્યું હતું, જેમાં ૮૦ એમ.ઓ.યુ. (મેમોરેન્ડમ ઑફ અંડરસ્ટેન્ડિંગ) પર હસ્તાક્ષર થયા અને ૧૨,૦૦૦ કરોડનું રોકાણ ધારવામાં આવ્યું. બી.આઈ.એફ.આર. (બોર્ડ ફોર ઈન્ડસ્ટ્રિયલ ઍન્ડ ફાઈનાન્સિયલ રિકન્સ્ટ્રક્શન – ઔદ્યોગિક અને નાણાકીય પુનઃરચના મંડળ)ના માર્ગે માંદા એકમોને મદદ કરવા રાજ્યકક્ષાના બી.આઈ.એફ.આર.ની રચના કરવામાં આવી. એશિયન ડેવલપમેન્ટ બેંક સાથે લોનનો બીજો હપ્તો મેળવવા સફળતાપૂર્વક વાટાઘાટો કરવામાં આવી. એન.આર.આઈ. (પરદેશમાં વસતા) ગુજરાતીઓની સમસ્યાઓ ઉકેલવા અને ગુજરાતની સંસ્કૃતિ તથા વિરાસત સાથેના તેમના સંબંધોને મજબૂત કરવા બિનનિવાસી ગુજરાતી ફાઉન્ડેશનની સ્થાપના કરવામાં આવી.

વેપાર અને ઉદ્યોગોને મંદીના વલણો સામે રક્ષણ પ્રદાન કરવા ઉપરાંત રોજગારી આધારિત બાંધકામ ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા ૧૫ મુદ્દાનો કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યો. જનમાર્ગ એક્સપ્રેસ બસના પ્રૉજેક્ટને, આપણા નાગરિકો મહદ્ અંશે પ્રામાણિક હોઈ, ખૂબ સરસ પ્રતિસાદ પ્રાપ્ત થયો છે.

સન ૧૯૭૫થી જ્યારે બાબુભાઈ જશભાઈ પટેલની સરકારમાં હું મંત્રી હતો ત્યારે રાજ્યમાં પીવાના પાણી-પેયજલની સમસ્યા મુખ્ય મુદ્દો રહેતો. અમે ખૂબ જ અગાઉથી નર્મદા બંધની યોજનાઓની વિગતોનું હોમવર્ક કરી રાખ્યું હતું. ત્યાર બાદ પ્રધાનમંત્રી શ્રી મોરારજી દેસાઈના હસ્તક્ષેપથી લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે નર્મદા ટ્રિબ્યુનલનો ચુકાદો આપણી તરફેણમાં આવ્યો અને નર્મદા બંધના નિર્માણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું.

રાજ્યના તમામ આર.ટી.ઓ. ચેક મથકોને કમ્પ્યૂટર નેટવર્કથી જોડવામાં આવ્યા જેના પરિણામે રાજ્યની આવકમાં ધરખમ વધારો થયો. ટૂંકમાં મારા શાસનના કાર્યકાળ દરમ્યાન રાજ્યના બધા ક્ષેત્રોમાં સાર્વત્રિક વિકાસ થતો જોવા મળ્યો હતો.

મને આશા છે કે આ પુસ્તક આપણી વિકાસની પ્રક્રિયાના દસ્તાવેજીકરણનું સીમાચિહ્ન બની રહેશે. નિવૃત્ત અનુભવી આઈ.એ.એસ. અધિકારીઓએ તૈયાર કરેલું આ પુસ્તક ગુજરાતના લોકોને મૂલ્યવાન ઉપહાર સાબિત થશે. આવું અભિનવ પ્રકાશન બહાર પાડવા માટે શ્રી એચ. આર. પાટણકર તથા ડૉ. કિરીટ એન. શેલતને હું મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.



# ગુજરાત : ભવ્ય સફળતા મારી યાદો

**શ્રી સુરેશ મહેતા**
પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત

અમે માંડવી-કચ્છના નિવાસીઓ છીએ. માંડવી દરિયાઈ કાંઠાનું શહેર છે જે એક જમાનામાં ધમધમતું બંદર હતું. આજે પણ અહીં વહાણો બાંધવાનું કાર્ય ખૂબ સારી રીતે ચાલ્યા કરે છે. ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કચ્છ છે તે મોટા અને નાના રણ તેમજ સમુદ્ર વચ્ચે છે. કચ્છમાં અતિ મામૂલી વરસાદને લીધે મોટા ભાગે તે સૂકો વિસ્તાર છે. વિદ્યાર્થી તરીકે હું માંડવીમાં ઊછર્યો, વકીલ બન્યો ત્યારબાદ ન્યાયાધીશ થયો. બાદમાં રાજકારણ અને ભારતીય જનતા પક્ષમાં સક્રિય થવા માટે રાજીનામું આપ્યું.

૧૯૭૫માં માંડવીની બેઠક પરથી હું ધારાસભ્ય તરીકે ચૂંટાયો. એ જ ગાળામાં ગુજરાતના આર્થિક, રાજકીય અને સામાજિક વિકાસનો આરંભ થયો. ૧૯૭૫થી દેશનું રાજકીય વાતાવરણ અશાંત અને ઝંઝાવતી હતું. દેશમાં ‘કટોકટી’ લાદવામાં આવી. તે સમયમાં રાજ્યના વિકાસની પ્રક્રિયા ઝડપથી ન થઈ. શ્રી બાબુભાઈ પટેલે રાજીનામું આપ્યું. રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું. દરેક બાબતો લગભગ આગળ વધતી અટકી ગઈ. પછીના પાંચ વર્ષ માટે હું કૉંગ્રેસના શ્રી માધવસિંહ સોલંકીના શાસન દરમ્યાન ધારાસભ્ય હતો. ત્યાર પછીના પાંચ વર્ષના ગાળામાં જ્યારે શ્રી માધવસિંહ સોલંકીના કેન્દ્ર ખાતે બઢતી થઈ અને શ્રી અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રી બન્યા. આ બધા વરસો દરમ્યાન રાજ્યમાં ચોમેર આંદોલનો થતા હતા. અને પછી દુકાળના દિવસો આવ્યા. પરંતુ એ વરસો દરમ્યાન મારી ભૂમિકા સ્થાનિક વિકાસના કામોની કાર્યક્ષમ ગોઠવણ કરવામાં રહી. ખાસ કરીને વિકાસના એવા કામો ગોઠવવા કે જે દુષ્કાળને કારણે ઉદ્‌ભવતી સ્થાનિક સમસ્યાઓ અને સામાજિક આર્થિક વિકાસ આડે પેદા થતાં પ્રશ્નોનું નિવારણ થઈ શકે.

૧૯૯૦માં શ્રી કેશુભાઈની ગઠબંધન સરકારમાં મંત્રી તરીકે થોડા સમય માટે હું રહ્યો. ૧૯૯૫માં ફરીથી શ્રી કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બન્યા. તેના મંત્રીમંડળના નાણામંત્રી, ઉદ્યોગમંત્રી અને કાયદામંત્રી તરીકે મેં સકારાત્મક રીતે કાર્ય કર્યું. ત્યારબાદ મુખ્યમંત્રી તરીકેની ભૂમિકા ભજવવાનું મારે થયું.

એ સમય દરમ્યાન ગુજરાતમાં સમાનતાના ધોરણે ઝડપી આર્થિક વિકાસની દિશામાં કેટલાંક મહત્ત્વના પગલાં અમે લીધાં. અમારું ધ્યાન સ્થાનિક સ્તરે રોજગારી ઊભી કરવા માટેનું હતું. તે માટે રોકાણો લાવવા અને લઘુ તેમજ મધ્યમ ઉદ્યોગ સાહસોને ટેકો આપતી

નવી ઔદ્યોગિક નીતિ રજૂ કરી ગ્રામ્ય વિકાસના ક્ષેત્રે, મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ દ્વારા પ્રેરિત ખ્યાલ પ્રમાણેની ગોકુલ ગ્રામ યોજના દાખલ કરવામાં આવી.

તે સમયમાં કાપડની મિલો બંધ પડવાને કારણે કામદારોના પુનઃસ્થાપન અને પુનર્વસનનો ગંભીર પ્રશ્ન ઉકેલવાનો હતો અને તેના વિકલ્પમાં વિકેન્દ્રીકૃત પાવરલૂમ્સના વિચાર-યોજનાને અમલમાં મૂકી સુરત અને અમદાવાદમાં આશરે દસ લાખ પાવરલૂમ્સ ચલાવતા અગત્યના કેન્દ્રો બન્યા. સંયુક્ત કાપડ મિલોનો ઉદ્યોગ વિફલ થયો હતો. તેને પુનર્જીવિત કરવું અસંભવ હતું, પરંતુ આવા વિકેન્દ્રિત ઉત્પાદનથી નવા ઉદ્યોગસાહસિક બહાર આવ્યા અને જરૂરી રોજગારી અને આવકનાં સાધનો ઊભાં થઈ શક્યા હતાં. હકીકતમાં સુરતમાં ગુજરાત બહારના ઓરિસ્સા અને બીજા રાજ્યોમાંથી મોટી સંખ્યામાંથી લોકો રોજગારી મેળવવા આવવાનું થયું.

૧૯૯૫માં ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બોર્ડની રચના કરી. તે આયોજિત માળખાકીય વિકાસને આગળ ધપાવવામાં કાનૂની બોર્ડ તરીકેનું કાર્ય કર્યું. અમે સર્વસમાવેશક વિકાસ આયોજન 'વિઝન-૨૦૧૦' પણ તૈયાર કર્યું.

ગુજરાત તેલ અને કુદરતી ગૅસના સમૃદ્ધ સંસાધનો ધરાવે છે. પ્રારંભમાં રાસાયણિક ઉદ્યોગના વિકાસ પર ભાર મૂકાયો હતો. ખાસ ઔદ્યોગિક વસાહતો વાપી અને અંકલેશ્વરમાં શરૂ થઈ. બાદમાં અન્ય સ્થળોએ પણ ઔદ્યોગિક વિકાસ વિસ્તર્યો. આની સાથે ઔદ્યોગિક કચરાના નિકાલની ગંભીર સમસ્યા પેદા થઈ. આ માટે એક વ્યાપક નીતિ ઘડી. કચરાના નિયંત્રણના આંતરરાષ્ટ્રીય ધોરણોને ચુસ્તપણે અનુસરવા ગુજરાત પ્રદૂષણ બોર્ડની રચના કરી અને તેને કાર્યરત કર્યું. ઉદ્યોગોમાં નીકળતા પાણી અને ઘન કચરાનો ફરીથી ઉપયોગમાં લેવાય તે સ્વરૂપમાં ફેરવવા માટેની રિસાઇકલિંગ પ્રક્રિયા માટેના આધુનિક પ્રક્રિયા સંયંત્ર સ્થાપવા પ્રોત્સાહન નીતિ અમલમાં મૂકી. હકીકતમાં આ માટે વાપી અને અંકલેશ્વરમાં ઔદ્યોગિક કચરાના રિસાયકલિંગ પ્રક્રિયાથી મળતા ઉપયોગી પદાર્થોના વેચાણમાંથી આવક માટે અનુકરણીય મોડેલો બન્યા.

બીજું, ગુજરાતના ખાસ કરીને સુરતમાં કેન્દ્રિત હીરા ઘસવાના, કાપવાના અને પોલિશિંગના વ્યવસાયને વિકસાવવા પર અમે ભાર મૂક્યો અને પ્રોત્સાહક યોજનાઓ અમલમાં મૂકી. જેથી નવસારી, અમદાવાદ અને ભાવનગર વગેરે જેવા વિસ્તારોમાં હીરા ઉદ્યોગના નવા એકમો કાર્યરત થયા જે વિપુલ રોજગારી આપતું અને કાચા હીરામાં અપાર મૂલ્યવૃદ્ધિ કરતું ક્ષેત્ર સાબિત થયું.

કૃષિ-ઉદ્યોગના પ્રોત્સાહન માટે ખાસ નીતિ અમલમાં મૂકી આ નીતિથી સ્થાનિક સ્તરે એકમો સ્થપાયા તથા કૃષિ પેદાશોમાં મૂલ્યવૃદ્ધિ આવી. તેમજ ગુજરાતની પેદાશને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય બજારમાં મુકાઈ. ઔદ્યોગિક અને આર્થિક વિકાસ વેગવંતો થયો. ગુજરાત જે એક વખત ઘઉંની બીજા રાજ્યોમાંથી આયાત કરતું હતું તે હવે ઘઉંની (દાઉદખાની જાતની)

નિકાસ કરવા લાગ્યું. ખાખરા, મઠીયા, કચોરી જેવી તૈયાર ખાદ્ય વસ્તુઓ બનાવવાનો વ્યાપક ગૃહઉદ્યોગ શરૂ થયો, જેને લીધે મહિલાઓને ઘેરબેઠા રોજગારી મળવા લાગી. અનેક તૈયાર ખાદ્ય-વસ્તુઓની નિકાસ કરવા ગુજરાત સક્ષમ બન્યું.

એ જ રીતે હસ્તકલાને પ્રોત્સાન આપ્યું. ગુજરાતમાં અને ખાસ કરીને કચ્છમાં વનસ્પતિ-છપાઈ, ભરતકામ, આભલા-મોતીકામ અને શાલના નિકાસ માટેના મોટા ઓર્ડરો આવવા લાગ્યા.

આવી બધી ઔદ્યોગિક નીતિના અમલીકરણથી ૧૯૯૯-૨૦૦૦માં ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે ગુજરાત દેશમાં પ્રથમ નંબરનું રાજ્ય થયું.

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ આવેલા ભયાનક ભૂકંપથી કચ્છની ભારે દુર્દશા થઈ. જાન-માલનું ભયંકર નુકસાન થયું. કચ્છના લગભગ બધાં જ ગામ અને ઘરો પડી ભાંગ્યા હતા. મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલે મને કચ્છની જવાબદારી સોંપી. વહીવટી ટીમ અને સર્વ સંસ્થા- રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ લોકોના પુનઃસ્થાપન અને પુનર્વસનના કાર્યો અમલમાં મુક્યા. દરેક ઘરે-ઘરે, ઝૂંપડે-ઝૂંપડે અને ગામોગામને કાળજીપૂર્વક પુનઃ સ્થાપિત કર્યું અને પુનઃજીવન ઝડપથી અસ્તિત્વમાં આવ્યું.

ઔદ્યોગિક વિકાસને પુનઃ ધબકતું કરવા કેન્દ્ર સરકારની ખાસ કર-રાહત-પ્રોત્સાહક ઘોષણાની સહાયથી એક સર્વ-સમાવેશક વ્યાપક યોજના અમલમાં મૂકી. મુંદ્રા બંદર, નવા મોટા સિમેન્ટના કારખાનાં, પાવર પ્લાન્ટ, સિરામિક પ્લાન્ટ સહિત બીજા ઉદ્યોગોથી, ટૂંકા ગાળામાં કચ્છ મોટા આર્થિક વિસ્તાર તરીકે ઓળખાવા લાગ્યું. કચ્છ નાણાકીય રોકાણો માટેનું આકર્ષક ક્ષેત્ર બની ગયું. સાથોસાથ પ્રત્યેક ગામ આધુનિક માળખાકીય સુવિધા સાથેની નવી નગર વસાહત બન્યા.

અતિ વિનાશક એ ભૂકંપ બાદ વરસો પછીના કચ્છને જોતાં મને ખૂબ જ ખુશી અને પ્રસન્નતા થાય છે કે ત્યારે જે પહેલ કરવામાં આવી હતી તેની કેટલીક ઉદ્દીપક અસરો-ફલશ્રુતિ સ્પષ્ટપણે જણાય છે. જેમ કે—


- કચ્છ અત્યારે ભારતનો સૌથી મોટો સિમેન્ટ ઉત્પાદક જિલ્લો છે.
- કચ્છમાં વરસ દરમ્યાન દેશનું ૧૦% પોટાશ પેદા થાય છે જે રાસાયણિક ખાતરનું મુખ્ય ઘટક છે. કચ્છમાં સૌથી વધુ પવનચક્કી આધારિત વીજળી પેદા થાય છે.
- કચ્છ ગૅસ પાઈપિંગમાં વપરાતા લાકડાના ભૂસા આધારિત સૉ-પાઈપનું દેશમાં સૌથી મોટું ઉત્પાદક છે.
- કચ્છમાં સૌથી વધારે ખાદ્ય તેલ શુદ્ધિકરણની તેલ મિલો અને લાકડા વહેરણ મિલો છે.
- કચ્છમાં પ્રવાસનનો અસાધારણ રીતે ઉત્તમોત્તમ વિકાસ થયો છે
- કચ્છ હાલમાં ખારેક, દ્રાક્ષ અને કેરીની નિકાસ કરે છે. આને લગતી ખેતીની પ્રવૃત્તિઓ ખૂબ સારી રીતે ચાલી રહી છે.

- જિલ્લા તરીકે કચ્છ સારા રસ્તાઓનું સૌથી મોટું માળખું ધરાવે છે.

આ બધું આપણી નજર સામે નિર્માણ પામ્યું છે - વિકાસ પામ્યું છે એવા કચ્છમાં કે જે ૨૦૦૧ના ધરતીકંપમાં રાખ બની ગયું હતું.

પાછળ દૃષ્ટિ કરતાં ગુજરાતના વિકાસની પ્રક્રિયા આપણને સહુને ગર્વ થાય તેવી થઈ છે. આમાં પ્રત્યેક પ્રયાસ, પ્રત્યેક પહેલને મોટા પાયે હકારાત્મક પ્રતિભાવ મળ્યો છે. વહીવટ, સરકારી કર્મચારીગણ અને જનસમુદાય ચોમેર પડકારોનો સામનો કરવામાં અને કઠિન લાગતી પરિસ્થિતિનો સફળતાપૂર્વક આહ્‌લાદક પરિસ્થિતિમાં પરિવર્તિત કરવા માટે આત્મવિશ્વાસપૂર્વક તત્પર હોય છે. તેથી જ ગુજરાતના મૉડેલની સર્વત્ર પ્રશંસા થાય છે અને અન્ય રાજ્યો તેને સ્વીકારવા અને પોતાના રાજ્યોમાં પુનરાવર્તિત કરવા ઈચ્છુક છે.





# અભૂતપૂર્વ વિકાસ

**શ્રી શંકરસિંહ વાઘેલા**
પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત

બાપુ શ્રી શંકરસિંહ વાઘેલા હેઠળની કૉંગ્રેસના ટેકાવાળી, ટૂંકાગાળાની રાષ્ટ્રીય જનતા પાર્ટી સરકારના સમય ગાળામાં સામાન્ય જનતા માટે વિકાસ અને જાહેર કલ્યાણની અભૂતપૂર્વ પહેલ કરવામાં આવી.

તેમના જ શબ્દોમાં :

હું એમ ચોક્કસ કહીશ કે મને પ્રાપ્ત ટૂંકા ગાળાના સમયમાં રાજ્યના વિકાસ-ગૌરવ અને જાહેર સુખાકારી માટે યોગદાન આપવાની મને તક મળી. આમાં અમે રાજ્યની છેવાડાની વ્યક્તિ સુધી પહોંચવાનો પ્રારંભ કર્યો. હું કહી શકું કે, આજે તેનાં મીઠાં ફળ મળ્યાની લાગણીનો અનુભવ થઈ રહ્યો છે.

મારા કાર્યકાળ દરમ્યાન અભૂતપૂર્વ ઘટનાઓની હારમાળા સર્જાઈ તથા મારા માટે અપૂર્વ સિદ્ધિ. કારણ કે આ બધું જટિલ પડકારોનો સામનો કરીને પ્રાપ્ત થયું. આમાં મારો વર્ષોનો અનુભવ, ઊંડાણપૂર્વકનું હોમવર્ક અને સમસ્યાઓ અંગેની ભાવનાત્મક બાજુની સમજણ બહુ કામ લાગ્યા. સરકાર તથા વહીવટ પાસેથી જનતાની શી અપેક્ષાઓ છે તે જાણવા હું આતુર રહેતો.

મેં લોકોની અપેક્ષાઓને ખૂબ નજીકથી જાણવાનો પ્રયાસ કર્યો. સ્વાભાવિક રીતે જ જેમાં વહીવટની પારદર્શિતા, તત્કાલ ઉપાયો, નિર્ણયો જાણવામાં વિલંબ, વાણી અને ભાષા પ્રતિ ગ્રામ્ય જનતાના તથા ખેડૂતોના સંવેદનશીલ પ્રતિભાવો અને શિક્ષણ માટેની મૂળભૂત સવલતોનો સમાવેશ થતો હતો. મેં આ બધી બાબતોને પ્રાધાન્ય આપ્યું અને અસરકારક રીતે તેને પહોંચી વળવા સંનિષ્ઠ પ્રયત્નો કર્યા.

- આમાં અમે વહીવટી નિર્ણય પ્રક્રિયાની પારદર્શિતાને પ્રાથમિકતા આપી. અમુક ટેન્ડર શા માટે જે તે ઠેકેદારોને આપવામાં આવે છે. ઉપરાંત તેનું કાર્ય વિવિધ તબક્કે ક્યાં સુધી પહોંચ્યું છે. તેની આરંભથી અંત સુધીની રજેરજની માહિતી જાણવાનો જાહેર જનતાને અધિકાર છે એવું અમે સ્વીકાર્યું. આ બાબતમાં વહીવટી અમલદારો કંઈ કાર્ય કે માહિતી લોકો પર ઠોકી બેસાડે તે અસ્વીકાર્ય ગણ્યું. લોકોને સાચી સ્થિતિની જાણ થાય અને સંપૂર્ણ વહીવટી તંત્ર હાથમાં લીધેલા તમામ કાર્ય પારદર્શિતા સાથે પૂરા કરવા ઉપલબ્ધ

છે તેવી પ્રતીતિ કરાવવા પર ભાર મુક્યો. ભારત સરકારનું રાઈટ ટૂ ઈન્ફોર્મેશનનું મૂળ આમાં રહેલ છે.

- નીતિ, આયોજન અને અમલીકરણમાં નિષ્ણાતોના અને તજ્જ્ઞોના મંતવ્યો-ભલામણો લેવાનું નિશ્ચિત કર્યું. ડૉ. સામ પિત્રોડાના જ્ઞાન-અનુભવનો લાભ લીધો. તેમને ગુજરાત અસ્મિતા સભાના અધ્યક્ષ બનાવ્યા. તેમણે ખેતી, સિંચાઈ, રસ્તાઓ, કાયદો અને વ્યવસ્થા વગેર ક્ષેત્રો માટે વિવિધ નિષ્ણાત જૂથોની રચના કરી. જેમણે બહુ જ ઉપયોગી સૂચનો કર્યા. ગુજરાતના વહીવટી તંત્રે તેનો ખુલ્લા દિલે સ્વીકાર કર્યો અને આ સૂચનોનું કાર્યક્રમોમાં રૂપાંતરિત કર્યું. પ્રત્યેક માનનીય મુખ્યમંત્રીઓને હું નિષ્ણાતોની સલાહ લેતા રહેવાનું સૂચન કરું છું. આથી સરકારને તાજગી પ્રદાન થાય છે.
- ચૂંટાયેલા તથા બિનચૂંટાયેલા સરકારી કાર્યકર્તાઓને મળવાનું સામાન્ય લોકો માટે સુલભ હોવું જોઈએ. લોકો પોતાના દ્વારે જ ઉપાયો પ્રાપ્ત કરે તેવી તેમની અપેક્ષા હોય છે. આ માટે વહીવટમાં જરૂરી વિકેન્દ્રીકરણ અમે દાખલ કર્યું. લોકદરબારનું અઠવાડિક આયોજન આનું ઉદાહરણ છે.
- અમે લોકદરબારની પદ્ધતિ શરૂ કરી. જેમાં લોકોને સાથે રાખીને લોકોના પ્રશ્નોનો ખુલ્લામાં સ્થળ પર જ વહીવટી અધિકારીઓ દ્વારા નીવેડો લાવવામાં આવે. લોકદરબારનો ખ્યાલ સમસ્ત ગુજરાતમાં લોકપ્રિય સાબિત થયો અને આવા લોક દરબાર ગોઠવવા માટેની લોકોની માંગણી વધતી ચાલી. મેં અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં સમજાવ્યું હતું કે એક જ પ્રશ્ન-સમસ્યા માટે વ્યક્તિ બે વખત આવે તો તે ચલાવી લેવાય, પરંતુ ત્રીજી વખત તેવું થાય તો ક્યાં તો તે વ્યક્તિની વાત ખોટી છે અથવા તમારી સમજ ભૂલ ભરેલી છે. સમસ્યાના ઝડપી નિરાકરણમાં મને રસ હોવાનું મેં તેમને જણાવ્યું હતું અને જો સામેની વ્યક્તિ ખોટી જણાય તો તેને તરત જ જણાયો કે તમારી વાત ખોટી છે અને તેથી તમારું ઈચ્છિત કાર્ય કરી શકાય તેમ નથી અને વાત સાચી જણાવો તો તેને યોગ્ય નિર્ણય દ્વારા પરિણામની પ્રતીતિ કરાવો. તેને ધક્કા ન ખવડાવો. આ અભિગમ વડે અમે અનેક સમસ્યાઓના સમાધારી અને સંતોષપ્રદ ઉકેલો આણ્યા. એક એક પ્રશ્નને ફરી ફરીને હાથ પર લેવા કરતાં સરકારે પરિણામલક્ષી હેતુ સાથે કાર્ય કર્યું. જેથી એક વર્ષની અંદર ખૂબ બધાં કાર્યો અમે પૂરાં કરી શક્યા.
- રાજ્ય કે રાષ્ટ્રના વિકાસ માટે વિકેન્દ્રીય અર્થવ્યવસ્થા અને વિકેન્દ્રીય વહીવટી બેઉ ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તાલુકા/જિલ્લા કક્ષાએ વાસ્તવિક ફરિયાદો-મુશ્કેલીઓના તે કક્ષાએ જ નિરાકરણ કરવાનો અભિગમ અમને શ્રેષ્ઠ લાગ્યો હતો. એક મહિલાએ એક પ્રસંગે મને જણાવ્યું કે તેનું ઘર ડાર્ક ઝોન વિસ્તારમાં હોવાથી ત્યાં વીજળીની સુવિધા નથી, મેં તપાસ કરી અને સમગ્ર ગુજરાતમાં ડાર્કઝોનનું લેબલ સદંતર નાબૂદ કર્યું. આથી રાજ્યના અનેક ખેડૂતોના પ્રશ્નો ઉકેલાઈ ગયા અને બધા જ પડતર કેસોનો નિકાલ થઈ

ગયો. લોકોની સમસ્યા માટેના આવા નિર્ણયો લેવામાં સંવેદનશીલ અભિગમ એકંદરે લોકોને લાભકારી થાય છે.

- પ્રજાકીય કામોને પ્રાધાન્ય રાજકોટ-અમદાવાદ ડબલ-સિક્સ લેન રોડ બનાવ્યો. કેબિનેટની જિલ્લાઓમાં બેઠક કરી, રહેમ રાહે નોકરીની વર્ષો જૂની સમસ્યાનો ઉકેલ અને બજેટમાં સોશિયલ સેક્ટર માટે પર્યાપ્ત બજેટ ફાળવેલ તે મહત્ત્વની સિદ્ધિઓ છે.
- વિકાસની પ્રક્રિયામાં પાછળ ન રહી જાય તે માટે અમે મહિલાઓ અને સમાજના નબળા વર્ગનો જરૂરિયાતોને પ્રાધાન્ય આપ્યું. એ જ પ્રમાણે આદિવાસી જનજાતિ, પછાત વર્ગ, અન્ય પછાત વર્ગના સમૂહોની આવશ્યકતાઓને પણ ધ્યાનમાં લેવામાં આવી, તલાટીની ભરતીમાં, સહકારી ક્ષેત્રોમાં, નોકરીમાં મહિલાઓ માટે અનામત જાળવી રાખ્યું. તેમજ કન્યા કેળવણી પર વિશેષ ભાર મૂક્યો. લોકોની મુખ્ય જરૂરિયાતો પીવા માટે તથા સિંચાઈ માટે પાણી, વીજળી, રોજગારી અને રહેવા માટે આવાસ, અમે દૂરના પર્વતીય વિસ્તારો, આદિવાસી વિસ્તારો, બનાસકાંઠા અને કચ્છ જેવાં વિસ્તારોમાં પીવા માટેનું સ્વચ્છ પાણી પૂરું પાડવા ગુજરાત વૉટર ડેવલપમેન્ટ ઑથોરિટીની રચના કરી. યુવાનોની બેરોજગારી એક પડકારજનક સમસ્યા હતી. અમે ઔદ્યોગિક સલામતી દળને વિકસાવ્યું અને ગ્રામ્ય તેમજ શહેરી યુવાનોને તેમાં જોડાવા તક આપી. અનેક યુવાનોને આ દ્વારા રોજગારી પ્રાપ્ત થઈ.
- અમે ગુજરાત આદિવાસી પેટર્ન વિકસાવી જે વડે આદિવાસીઓની મોટા ભાગની મુશ્કેલીઓનો ધીમે ધીમે અંત આવ્યો.
- અમે રાજ્યમાં ઝડપી અને નિશ્ચિત વિકાસ માટે 'ગુજરાત વિઝન-૨૦૧૨' તૈયાર કર્યું.
- અમારી પાસે મુખ્ય સચિવ શ્રી એસ. કે. શેલતની આગેવાની હેઠળ વરિષ્ઠ વહીવટી અધિકારીઓની ઉત્તમ ટીમ હતી. મેં ગુજરાતના એકંદર-વ્યાપક ઝડપી વિકાસ માટે સમગ્ર વહીવટને સતત પ્રોત્સાહન આપ્યું.એક હંમેશાંની સમસ્યા હતી, જમીનને બિનખેતીમાં ફેરવવા માટેની. તે ઉપરાંત મકાન બાંધકામ. નકશાની મંજૂરીની મુશ્કેલીનો પ્રશ્ન કાયમ રહેતો. તે પ્રણાલીને અમે સરળ-સુરેખ બનાવી અને અરજદારને ચોક્કસ સમય મર્યાદામાં પ્રત્યુત્તર મળે તેવી વ્યવસ્થા ગોઠવી.
- કેટલીક સમસ્યાઓ હજુ પડતર અને અનિર્ણિત છે તે માટે સરકારે કાનૂની રાહે ઉચિત કાર્યવાહી કરવી જોઈએ. એવું હું ઇચ્છું છું. આ સમસ્યા છે અતિક્રમણની. શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં લોકો ગેરકાયદે બાંધકામ કરે છે અને તે મિલકતને પોતાના કબજાની જણાવે છે. આવી જગ્યાઓ પરના બાંધકામોને નિયમોમાં આવરી લેવાં જોઈએ. જેથી લોકોને તેનો કાયદેસરનો લાભ મળે અને સરકારને સારી આવક થાય.
- શિક્ષણ ખાતું મેં મારી પાસે રાખ્યું હતું. મારો ઉદ્દેશ એવી ભાવિ પેઢી તૈયાર કરવાનો


હતો જે ભવિષ્યના અનિશ્ચિત પડકારોનો આત્મવિશ્વાસ સાથે સામનો કરી શકે. આપણી પાસે વર્ગખંડોની અછત છે. અમે જિલ્લા બેંકને વર્ગખંડો માટે સહાય માટે વિનંતી કરી જે તેમણે માન્ય રાખી હતી.

- પોલીસ દળમાં આધુનિકીકરણ માટે અમે કરાઈ ખાતે પોલીસ ઍકેડમીની સ્થાપના કરી. પ્રથમ મહિલા પોલીસ સ્ટેશન જુનાગઢ ખાતે શરૂ કરવામાં આવ્યું.
- પ્રથમ ખાનગી બંદર, પિપાવાવ ખાતે સ્થાપ્યું. અમદાવાદ ઈલેક્ટ્રિસિટીનું ખાનગીકરણ કરવામાં આવ્યું. મુંદ્રા બંદર વિકાસ ગુજરાત પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની દ્વારા સંભાળવામાં આવતું હતું.

મર્યાદિત સમય અને સંસાધનો વડે અમે ગુજરાતના વ્યાપક અને સર્વાંગી વિકાસ માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયત્નો-પુરુષાર્થ કર્યા છે. આવતા સમયમાં ગુજરાત અને ગુજરાતીઓ માટે ખૂબ જ ઉજ્જવળ ભવિષ્ય દેખાય છે. વિકાસના તમામ ક્ષેત્રમાં આપણે પ્રગતિ કરીશું અને વિકાસના લાભો, બાકાત રહી ગયેલા બધા જ લોકો સુધી પહોંચશે એમાં મને શંકા નથી. હું જોઉં છું કે, વિશ્વની કપાસ અને સુતરાઉ કાપડ મિલોની જરૂરિયાતોને ગુજરાત પહોંચી વળે તેમ છે. એ જ રીતે જેમાં યુરોપનું એકાધિકાર પ્રભુત્વ હતું તે એરંડાના મૂલ્યવાન સુગંધિત ડેરિવેટીવ્સનું ગુજરાતમાં મોટા પ્રમાણમાં ઉત્પાદન કરી શકીએ તેમ છીએ.

આપણે વૈશ્વિક ધોરણે વધી રહેલી ફળો, શાકભાજી અને ડેરી ઉત્પાદનોની માંગને પહોંચી વળવા સક્ષમ છીએ. ટૅક્નિકલ લાયકાત ધરાવતો આપણા યુવા વર્ગ યુરોપની અને જાપાનની પણ કે જ્યાં યુવાનો કરતાં વરિષ્ઠ નાગરિકોની સંખ્યા વધુ છે ત્યાં સ્કિલ્ડ અને નોનસ્કિલ્ડની માર્કેટની જરૂરિયાતને પહોંચી વળે તેમ છે.





# ગુજરાત એક આદર્શ રાજ્યની દિશામાં

**શ્રી દિલીપ પરીખ**
પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત

ગુજરાત આદર્શ રાજ્ય બને એ મારું સ્વપ્ન હતું. હું મુખ્યમંત્રી હતો ત્યારે મેં આ સ્વપ્ન સેવ્યું હતું. એ આદર્શના લક્ષ્ય પ્રતિ મેં કાર્ય કર્યું. પરંતુ મારી સેવા મુદત દરમ્યાન બહુ જ ઓછો સમય મળ્યો. છતાં તે સ્વપ્ન પરિપૂર્ણ કરવાનો શક્ય પ્રયત્ન મેં કર્યો છે. રાજ્યની સૌથી મોટી સમસ્યા પીવાના પાણીની હતી. આ માટે રાજ્યની એકમાત્ર નર્મદા યોજના હતી જે વિવાદોમાં ઘેરાયેલી હતી. ગુજરાત, મહારાષ્ટ્ર અને કચ્છના તમામ ગામોને પીવાનું પાણી મળી રહે તે માટે આ વિવાદનો ઉકેલ લાવવાનું અત્યંત આવશ્યક હતું. આ માટે અમે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી દિગ્વિજયસિંહને ગાંધીનગર બોલાવ્યા હતા. અમારા ઓફિસરો-અધિકારીઓ સાથે હેલિકોપ્ટરમાં તેમણે આપણા વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું કે ત્યાં શા માટે પાણીની તાતી જરૂરિયાત અને ત્યાંના પાણીની તંગીથી પીડિત લોકોને શા માટે વહેલી તકે નર્મદાનું પાણી પહોંચાડવું જોઈએ તે બાબતે ખાતરી કરાવી. તેઓ સહમત પણ થયા. ભોપાલ પહોંચ્યા બાદ તેમણે પહેલાં તો સૂર બદલ્યો પરંતુ છેવટે સહકાર આપવા સંમત થયા.

એ જ રીતે મેં કનેવાલ પ્રૉજેક્ટ વિશે વિચારી રાખ્યું હતું, જેમાં મહી નદીના પાણીને ખંભાત થઈ સૌરાષ્ટ્રમાં ધંધુકા અને અમરેલી સુધી પાઈપલાઈન દ્વારા પહોંચાડવાની કલ્પના હતી. પરંતુ મુખ્યમંત્રી પદમાં બદલાવ આવવાની આ પ્રૉજેક્ટ વિસારે પડી ગયો.

નર્મદાની જેમ આ કનેવાલ પ્રૉજેક્ટ પણ મહામુશ્કેલ પ્રકરણ હતું. ગુજરાત રાજ્યને ઔદ્યોગિક ક્ષેત્રે નવી ઊંચાઈઓ અપાવવાના હેતુથી મેં દિલ્હી, કોલકાતા, ચેન્નાઈ, હૈદરાબાદ, બેંગ્લોર અને મુંબઈના ઔદ્યોગિક સ્થાનોની, જે તે રાજ્યમાં મુલાકાતો યોજવાનું નક્કી કર્યું અને તેમને ગુજરાતમાં ઉદ્યોગો સ્થાપવા આમંત્રિત કર્યા. તેમને જરૂરી બધી જ સવલતો પૂરી પાડવામાં આવશે તેવું વચન આપ્યું. આને કારણે અન્ય રાજ્યોમાંથી ઉદ્યોગો ગુજરાતમાં આવવા લાગ્યા. તેની સિદ્ધિ રૂપે બીજાં રાજ્યોની તુલનામાં ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત મોખરાના સ્થાને આવી ગયું.

આ સફળ પ્રયત્નોથી પ્રેરાઈને વિશ્વના વિવિધ દેશોની મુલાકાત લેવાનું મેં નક્કી કર્યું. ટોકિયો, સિંગાપુર, સિઓલ, લંડન, પેરિસ, એન્ટવર્પ, એમ્સ્ટરડમ, ન્યૂયોર્ક, ન્યૂજર્સિ, શિકાગો, સાનફ્રાન્સિસ્કો, સિલિકોન વેલિની મુલાકાત લીધી અને ત્યાંના ઉદ્યોગપતિઓને ગુજરાતમાં મૂડી રોકાણ કરવા અને તેમના ઉદ્યોગો સ્થાપવા આમંત્રણો આપ્યાં. મારો એ અનુભવ ખૂબ સરસ રહ્યો.

બેંગ્લોરમાં ત્યાંના ઉદ્યોગપતિઓ જોડેની લાંબી ચર્ચાઓમાં તેઓએ અનેક પ્રશ્નો પૂછ્યા હતા. તેઓનો એક પ્રશ્ન એ હતો કે આપણે એમને બીજું શું આપી શકીએ. એના જવાબમાં મેં જણાવ્યું

કે કર્ણાટકની સ્થાનિક સરકાર તમને જે સુવિધાઓ આપે છે તે બધી જ આપી શકીએ, સિવાય કે ત્યાંની આબોહવા, જે સ્થળ તરીકે બેંગ્લોરનું ખૂબ હકારાત્મક પાસું છે. મારા આ પ્રત્યુત્તરથી મેં અને મારા મોટા ભાગના અધિકારીઓએ પ્રસન્નતા અનુભવી હતી. ક્યારેક તમે કેટલાક આવા સંજોગોમાં તમારું શ્રેષ્ઠ પ્રદાન કરી શકો છો.

એકવાર અમે મુંબઈમાં એક મોટી સભામાં હતા. અનેક ઉદ્યોગપતિઓ અને પ્રભાવશાળી અગ્રણીઓ ઉપસ્થિત હતા. મેં અંગ્રેજીમાં પ્રવચન કર્યું. શ્રી શંકરસિંહ વાઘેલાએ હિન્દીમાં અને શ્રી બાબુભાઈ મેઘજી શાહે ગુજરાતીમાં. અમારી ત્રણેયની વાતોથી સમસ્ત સભાગૃહ પ્રભાવિત થયું હતું. અંગ્રેજી પ્રવચનની શ્રોતાઓએ પ્રશંસા કરી હતી.

તે સભામાં ગુજરાતમાં દારૂબંધી બાબતે અનેક પ્રશ્નો પૂછવામાં આવ્યા. તેઓમાંના મોટા ભાગના શ્રોતાઓએ કહ્યું કે ગુજરાતમાં દારૂબંધી નિષ્ફળ રહી છે. કોઈએ એમ પણ કહ્યું કે કોઈપણ વ્યક્તિ ગુજરાતમાં ગમે ત્યારે પીવા માટે દારૂ મેળવી શકે છે. મેં રાજ્યની દારૂબંધી નીતિનો જોરદાર બચાવ કરતાં જણાવ્યું કે ગુજરાતમાં દારૂબંધીની નીતિ સફળ રહી છે. લોકો રસ્તા પર દારૂ પીતા નથી. ગુજરાતના કોઈ શહેરમાં તમે રસ્તા પર લથડિયા ખાતા દારૂડિયાયો નહીં જુઓ અને જાહેર સ્થાનો પર કોઈ દારૂ પીતું નજરે ચડતું નથી. મહિલાઓ દારૂબંધીથી ખુશ છે કેમ કે, તેથી તેમની જીવનશૈલી અને જીવનધોરણ સારાં રહે છે. દારૂબંધીની નીતિની આ સફળતા છે.

ગુજરાતની ૭૦% વસ્તી ગામડાંઓમાં વસે છે. જેમાંના મોટા ભાગના કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા છે. તેમના વિકાસ માટે પાણી, રસ્તાઓ, વીજળી અને ગંદા પાણીના નિકાલની અસરકારક વ્યવસ્થા અત્યંત આવશ્યક બની રહી છે. આ દ્વારા જ 'આદર્શ ગામ'નો પ્રૉજેક્ટ સાર્થક થયો ગણાશે. ગુજરાતને હરિત ક્રાંતિની ભૂમિ બનાવવી અને ખેતીમાં ક્રાંતિ આણવી એ મારું સ્વપ્ન હતું.

૧૬૦૦ કિ.મી.નો દરિયા કાંઠો ધરાવતા ગુજરાતમાં એક જ કાર્યરત બંદર છે – કંડલા. તે પણ કેન્દ્ર સરકારની સીધી દેખરેખ હેઠળ કાર્ય કરી રહ્યું છે. મારા માનવા પ્રમાણે ગુજરાતને આવા ૧૦ થી ૧૫ બંદરોની જરૂરિયાત છે. આવા બંદરોનું ખાનગીકરણ થાય તે અત્યંત આવકારદાયક છે. આ બંદરોને રાસાયણિક બંદર, નિકાસ બંદર, ખાતર બંદર એવા વિવિધ બંદરો તરીકે વિકસાવવા માટે અવકાશ છે. કેન્દ્ર સરકારનો સહકાર આ બાબતે પ્રાપ્ત ન થતાં કંઈ થઈ શક્યું નથી.

રાજ્યમાં આંતરમાળખાકીય સુવિધાઓ અપર્યાપ્ત હતી. લઘુ અને મધ્યમ ઉદ્યોગો સ્થાપવા અને તેના વિકાસ માટે તેમજ તે દ્વારા રોજગારીની તકો ઊભી કરવા વ્યાપક માળખાકીય સુવિધાઓ સત્વરે જરૂરી જણાય છે.

ગુજરાતના લોકોને સાથે રાખીને તેમના સહકાર-સહયોગમાં રાજ્યનો વધુને વધુ વિકાસ થાય તેવી મારી પ્રબળ ઇચ્છા હતી. રાજકીય વાતાવરણની દૃષ્ટિએ ગુજરાતનો પાયો સુદૃઢ છે. પરંતુ વિકાસ કાર્યો હજુ વધુ વ્યવસ્થિત અને અસરકારક રીતે થાય તે જરૂરી છે જે માટે હું વિશાળ ફલક પર વિચારતો હતો તે મારા ટૂંકા ગાળાના કાર્યકાળમાં સાકાર થઈ શક્યું નથી.

**જય જય ગરવી ગુજરાત**



# શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રોને ક્રાંતિકારી અગ્રિમતા

**આનંદીબેન પટેલ**
પૂર્વ મુખ્યમંત્રી, ગુજરાત

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી, શૈક્ષણિક અને સામાજિક ક્રાંતિના મશાલચી સમાન અગ્રેસર, 'લોખંડી મહિલા' તરીકે ઓળખાતા આનંદીબેન પટેલનું નામ ગુજરાતમાં સુવર્ણ અક્ષરો વડે લખાયેલું રહેશે. રાષ્ટ્ર નિર્માણ તેમના હૈયે સર્વોપરી પ્રાથમિકતા હતી. તેથી તેમણે વિદ્યાર્થીઓને આદર્શ નાગરિક બનાવવાના ભાગ રૂપે તેમના 'ચારિત્ર્ય ઘડતર'ના કાર્યોને અગત્યતા આપી હતી. આ માટે તેઓએ શિક્ષકો, વહીવટકર્તાઓ, અધિકારીઓ અને કર્મચારીઓ, વાલીઓ, સામાજિક સંસ્થાઓ અને સંબંધિત સહુના સૂચનો ધ્યાનમાં લીધા હતા.

તેમના માટે હંમેશા આદર્શ પ્રેરણાસ્ત્રોત માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી હતા. તેણીએ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓમાં વ્યક્તિગત મુલાકાતો લીધી હતી અને શિક્ષણકાર્યનું માર્ગદર્શક નિયમન કર્યું હતું. વિવિધ શૈક્ષણિક યોજનાઓ અને કાર્યક્રમો માટે તેઓ નિયમિતપણે શિક્ષકો અને અધિકારીઓ સાથે ચર્ચા-સત્રો ગોઠવતા રહેતા. તેમણે શિક્ષણ વિભાગને ગતિશીલ બનાવ્યું અને જ્યાં પણ જણાયું ત્યાં ભ્રષ્ટાચારને સદંતર નાબૂદ કરવા કાર્યવાહી કરી.

વિદ્યાર્થીઓના શાળામાં પ્રવેશને તહેવાર જેવો પ્રફુલ્લિત બનાવવા ૧૯૯૮-૯૯ થી શાળા 'પ્રવેશોત્સવ' ઉજવવાની શરૂઆત કરાવી. બધા જ મંત્રીઓ, મુખ્ય સચિવ અને અન્ય સચિવો, માતાપિતા-વાલીઓ રાજકીય આગેવાનો, શિક્ષકો, સામાજિક કાર્યકરો, સરકારના તમામ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સહીત સમાજના પ્રત્યેક ઘટકોને સાથે રાખી 'કન્યા શિક્ષણ અને પ્રવેશ કાર્યક્રમો'માં સક્રિય અને સકારાત્મક સહકાર પ્રાપ્ત કર્યો. આ માટે 'મહિલા અને બાળ કલ્યાણ' વિભાગને આમાં સામેલ કર્યું.

કન્યા કેળવણી રથયાત્રામાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રી અને રોકડના સ્વરૂપમાં દાન એકત્રિત કરી મદદ અપાવી, કન્યા કેળવણીનિધિ માટે ભંડોળ ઊભું કરવાની જાહેરાત કરી જેમાં ભારે માત્રામાં સમાજમાંથી દાન પ્રાપ્ત થયું

આ પ્રયાસોથી વિદ્યાર્થીઓની સંખ્યામાંના અસમાન લિંગ ગુણોત્તરને સંતુલિત કરવા જરૂરી જાગરૂકતા બાબતે હકારાત્મક પરિણામો આવ્યા. ભ્રૂણહત્યા રોકવા અને કન્યા સંતાનોને બચાવવા નક્કર પગલાં લેવામાં આવ્યા.

'લોકમંચ'ના માધ્યમથી સામાન્ય પ્રજાજનોના પ્રશ્નો ઉકેલવામાં ગતિ આવી. તેમણે 'વિદ્યાલક્ષ્મી' બોન્ડ શરૂ કરાવ્યા. અભ્યાસકાળ દરમ્યાન વિદ્યાર્થીના મૃત્યુના કિસ્સામાં પરિવારને મદદ મળે તે માટે 'વિદ્યાદીપ' યોજનાનો આરંભ કર્યો. વધારાના વર્ગખંડ અને શાળાઓ નિર્માણનું કાર્ય કરાવ્યું. અનેક શાળઓનું નવીનીકરણ કરાવ્યું અને બધેજ મૂળભૂત જરૂરિયાતો અને સુવિધાઓ પ્રદાન કરવામાં આવી. શાળાઓને વ્યવસ્થિત કોમ્પ્યૂટર શિક્ષણ  માટે સુસજ્જ કોમ્પ્યૂટર પ્રયોગશાળાઓ આપવામાં આવી. આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરાયેલા સ્વચ્છતા અભિયાન, શાળા સ્વચ્છતા સંકુલ અને શૌચાલયના નિર્માણના કાર્યધ્યેયને શ્રીમતી આનંદીબેન પટેલે પોતાના સીધા માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં શરૂ કરાવ્યું.

એનસીઈઆરટી, નવી દિલ્હી દ્વારા તૈયાર કરવામાં આવેલ નવા અભ્યાસક્રમનો ગુજરાતમાં અમલ કરવામાં આવ્યો. શિક્ષણમાં સુધારણા અને નાવીન્યકરણ માટે શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર દ્વારા રજૂ કરવામાં આવ્યો.

માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા પ્રેરિત યોગશિક્ષણનો ગુજરાતમાં શ્રીમતી આનંદીબેનના નિરીક્ષણ હેઠળ આરંભ થયો. શ્રીમતી આનંદીબેને ઈકો કલબ, વિજ્ઞાન મેળા અને વાંચે ગુજરાત જેવા નોંધપાત્ર કાર્યક્રમો શરૂ કરાવ્યાં.

**બી.આર.સી. મકાનો**

તેમના કાર્યકાળમાં બી.આર.સી. મકાનો બંધાયાં. બ્લોક રિસોર્સ અને કલસ્ટર રિસોર્સની રચનાઓ કરવામાં આવી. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના દાખલ કરવામાં આવી અને અમલમાં મૂકવામાં આવી.

દિવ્યાંગો માટે વિશેષ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી અને ગ્રામ્યસ્તરની સમિતિઓ રચવામાં આવી. શ્રીમતી આનંદીબેનના સક્રિય પ્રયાસોથી શાળા, કૉલેજ અને યુનિવર્સિટી સ્તરે શૈક્ષણિક તથા વહીવટી કર્મચારીઓની ભરતીની પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા લાવવામાં આવી. ટૂંકા ગાળામાં વધુ સારા લક્ષ્યાંક થઈ શકે તે માટે અનુદાન સહાય પામતી કૉલેજોમાં કેન્દ્રિય આચાર્યની ભરતી અને નિમણૂક યુનિવર્સિટી સ્તરે કરવાનું શરૂ કરાવ્યું.

શ્રીમતી આનંદીબેને જિલ્લા તેમજ તાલુકા સ્તરે કેટલીક નવી કૉલેજોની સ્થાપના કરાવી. નવી અનુદાન પામતી શૈક્ષણિક સંસ્થાઓનાં અનુદાન મંજૂર કરવાની પ્રક્રિયા પારદર્શક બનાવવામાં આવી. તેમનાં દૃષ્ટિવંત નેતૃત્ત્વ હેઠળ 'સાક્ષરતા દીપ' પ્રોગામ અમલમાં મૂકવામાં આવ્યો અને તેમના માર્ગદર્શન હેઠળ કચ્છ વિશ્વવિદ્યાલય, શ્રી સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય, પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગુજરાત ટૅકનોલૉજીકલ યુનિવર્સિટી, ધીરુભાઈ અંબાણી માહિતી અને સંચાર યુનિવર્સિટી, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગણપત વિશ્વવિદ્યાલય, નિરમા યુનિવર્સિટી અને સેપ્ટ યુનિવર્સિટીઓ જેવી અનેક સરકારી તેમજ સ્વનાણાંકીય ખાનગી યુનિવર્સિટીઓ કાર્યરત થઈ. તેમણે ઈન્સ્ટિટ્યૂટ અને સરકારી પ્રશિક્ષણ કેન્દ્રોમાં ડિગ્રી એન્જિનિયરીંગ,

ફાર્મસી, આર્કિટેક્ચર, હોટેલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ, સિવિલ ડિપ્લોમાં માં નવા ટૅકનિકલ અભ્યાસક્રમ શરૂ કરાવ્યા. ટૅકનિકલ કૉલેજો અને માન્યતા પરિષદ ક્ષ્એનરોએસીજ્ઞની માન્યતા માટે કાર્યરત કરી.

ટૅકનિકલ શિક્ષણ ગુણવત્તા સુધારણા કાર્યક્રમ માટેના વિશ્વ બેંક પ્રોજક્ટમાં ગુજરાત રાજયનો સમાવેશ કરાવવામાં આવ્યો. ગુજરાત રાજયમાં ટૅકનિકલ કૉલેજોની સ્થાપના કરવામાં આવી, ગુજરાતમાં બી.આઈ.એસ.એ.જી. (ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓ ઈન્ફોર્મેટિક્સ)ની સહાયથી શિક્ષણનો વ્યાય વધારવાની પહેલ શ્રીમતી આનંદીબેને કરાવી.

ગણિતશાસ્ત્ર અને વિજ્ઞાનમાં વિદ્યોર્થીઓના રસ-રુચિને વધારવા શૈક્ષિણક પ્રવાસો અને વિજ્ઞાન-મેળાનું આયોજન કરવામાં આવ્યું. મહિલાઓ માટે રોજગારી અને આવકક્ષમતા વધારવા મહિલા આયોગ રચવામાં આવ્યું. આંગણવાડીઓની સંખ્યા વધારવામાં આવી તેમજ બે લાખથી વધુ 'સખી મંડળો'ની રચનામાં પ્રોત્સાહક ભૂમિકા ભજવી. કન્યા શિશુઓને બચાવવાના પ્રયાસોમાં ગુજરાતને તેમણે અગ્રેસર કર્યું. 'બેટી બચાવો, 'બેટી પઢાવો' શ્રીમતી આનંદીબેનનું કાર્યધ્યેય હતું અને તે માટે તેઓ હંમેશા પ્રતિબદ્ધ રહ્યાં હતાં.

રાજ્યમાં શિક્ષકોની હડતાલોને અટકાવવા ઇ.એસ.એમ.એ. (એસેન્શિઅલ સર્વિસિસ મેઇન્ટેનન્સ એકટ)નો ઉપયોગ કરીને ખુદને નિર્ણાયક નેતા પુરવાર કર્યા.

એવું કહેવાય છે કે રાજા ટોડરમલ પછી મહેસૂલ વિભાગમાં સુધારાઓ દાખલ કરાવનાર તેઓ પ્રથમ વ્યક્તિ હતા. તેમણે એ વિભાગને ભષ્ટાચાર મુક્ત બનાવવા અને ખેડૂતોને પોતાના અધિકારો અપાવવા રાત-દિવસ જહેમત ઉઠાવી. શ્રીમતી પટેલે મહેસૂલમંત્રી તરીકે લોક દરબારોનું સફળતાપૂર્વક સંચાલન કર્યું જેમાં તેમણે ખેડૂતો અને ગ્રામજનોના પ્રશ્નોના નિવારણ માટે જિલ્લા સમાહર્તા, જિલ્લા વિકાસ અધિકારી, અન્ય સંબંધિત કર્મચારીઓ તથા સ્થાનિક નાગરિકોને આ પ્રક્રિયામાં સહભાગી બનાવ્યા.

જાહેર હિતની પ્રત્યેક સવિસ્તૃત માહિતી તેમણે બધા માટે ઓન-લાઇન ઉપલબ્ધ કરાવી જેમાં ખેડૂતના ઘરથી ખેતર સુધીના રસ્તા, જમીન સંપાદન અંગેની બાબતો, બીજા ૭/૧૨ ના ઉતારા જેવા અનિર્ણિત પ્રશ્નોની સ્થિતિને પારદર્શક બનાવી. નર્મદા નહેરોનું કામ જે તે જમીન માલિકોની સંપૂર્ણ સહમતિથી કરવામાં આવ્યું. તેમના કાર્યકાળ દરમ્યાન ખેડૂતોએ જમીન સંપાદનમાં કુંટુંબ દીઠ વધારે રકમ મેળવી. મહેસૂલ સંબંધી બાકી રહેલા કેસોનો લોક દરબાર દ્વારા અથવા જિલ્લા સમાહર્તાના નિરીક્ષણ હેઠળ નિકાલ કરવામાં આવ્યો. રસ્તા અને બાંધકામના મંત્રી તરીકે ખેડૂતોના ઘરથી ખેતર સુધીના રસ્તાના કામ પૂરા કરવામાં આવ્યા.

જિલ્લાઓ અને તાલુકાના વિભાગોનું પુનઃવિભાગીકરણ જ્યાં જરૂરી લાગ્યું ત્યાં તેમની કાર્યકાળમાં કરવામાં આવ્યું. ગ્રામ્ય અને તાલુકા કક્ષાએ સુધારણામાં પુનઃ આયોજન અને સંગઠન રચવામાં આવ્યું કે જેમાં હેન્ડપંપની મરામત્ત, વીજળી એ પાણીની ઉપલબ્ધિ અંગેના પ્રશ્નોનો સત્વરે ઉપાય આવવાનું શરૂ થયું પ્રત્યેક સામાન્ય પ્રજાજન સાથે જોડાયેલાં રહેવા


તેમણે 'સંપકયાત્રા' શરૂ કરી. અનિર્ણિત બાબતોનો અધિકારીઓની હાજરીમાં જ તેમણે નિકાલ કર્યો જેથી જે તે કાર્ય માટેના ભંડોળનો ઉપયોગ યોગ્ય માર્ગે થાય. 'ગરીબ કલ્યાણ મેળા', આર્થિક રીતે નબળા લોકોના વિકાસની દિશામાં તેમની સ્તુત્ય પહેલ હતી. તેમાં આવશ્યક ભંડોળની જરૂરિયાત સીધી જ લાભાર્થીને પ્રાપ્ત થાય છે.

તેમના નેતૃત્ત્વ હેઠળની સરકાર દરમ્યાન ખેતી માટેની જમીનની માપણી, સર્વેક્ષણ માટેના અદ્યતન ટૅકનિકલ ઉપકરણો દ્વારા કરવાનું અને ડિજિટલ અહેવાલ તૈયાર કરવાનું શરૂ થયું. 'આપનો તાલુકો, વાઈબ્રંટ તાલુકો'ના કાર્યધ્યેય હેઠળ મહેસૂલ વિભાગમાં નવી અનુદાન રાશિ ફાળવવામાં આવી અને વધારાના જરૂરી ઑફિસરો અને કર્મચારીઓની ભરતી કરવામાં આવી.

---

(આ નોંધ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. પંકજ જાનીએ તૈયાર કરી છે.)





# સંસ્મરણીય અનુભવો

**શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**
માનનીય મંત્રી, ગુજરાત

જાહેર અને સામાજિક કાર્યકર તેમજ સરકારના ભાગ તરીકેના મારા કેટલાક અનુભવો નોંધવાનું મને ગમશે, ગુજરાતની વિકાસ યાત્રામાં કેટલીક ઘટનાઓએ આશ્ચર્યકારક વળાંક આપ્યા છે અને પ્રોત્સાહક અંકો પણ આપ્યા છે. જે હું અહીં સંક્ષેપમાં જણાવવાનો પ્રયાસ કરું છું.

વર્ષ ૧૯૯૦ માં મને પહેલવહેલી કૃષિમંત્રી તરીકેની સેવા બજાવવાની તક મળી. તે સમયે બાગાયત વિભાગ કૃષિ વિભાગનો ભાગ હતો. બાગાયત, તેની જરૂરિયાત અને તેનું મહત્ત્વ હું સમજ્યો. બાગાયતનું ઊજળું ભાવિ મને સ્પષ્ટ દેખાયું. વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવીને બાગાયતને મજબૂત અને વિકસિત કરવી જોઈએ તેવી મેં સરકાર સમક્ષ આગ્રહપૂર્વક રજૂઆત કરી. મેં બાગાયતના વિકાસ માટે અલગ ડિરેક્ટોરેટ ઑફ હોર્ટિકલ્ચરની રચના કરી, જરૂરી બજેટ સ્રોતની વ્યવસ્થા પણ ગોઠવી. આના પરિણામે થોડા સમયમાં જ બાગાયતી ઉત્પાદનમાં નોંધપાત્ર વૃદ્ધિ જણાઈ અને રાષ્ટ્રીય ઉત્પાદન તથા નિકાસમાં ગુજરાત સૌથી વધુ ફાળો આપતું રાજ્ય બન્યું.

- ફરીથી વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૭ દરમિયાન મને કૃષિ મંત્રી તરીકેની સેવા બજાવવાની તક મળી. કૃષિ વિશ્વવિદ્યાલયોની સહાયથી ખેડૂતો સુધી વૈજ્ઞાનિક કૃષિ પદ્ધતિ પહોંચવી જોઈએ તેવા મારા લાંબા સમયના સ્વપ્નને સાકાર કરવાનો મોકો મળ્યો. તત્કાલિક મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના ગુજરાતના પ્રત્યેક ગામડાઓમાં 'કૃષિ મહોત્સવ' ઉજવવાના ઐતિહાસિક નિર્ણયથી મારા લેબથી લેન્ડ, પ્રયોગશાળામાંથી ખેતરોમાં'ના દૃઢ ખ્યાલને પ્રોત્સાહન મળ્યું. રાજ્યના કૃષિ ઉત્પાદન અને ખેડૂતોના આર્થિક ઉત્થાનમાં નોંધપાત્ર પ્રગતિ થઈ.

- મારા કાર્યકાળ દરમ્યાન સરકાર દ્વારા લેવાયેલા ખૂબ મહત્ત્વના નિર્ણયોમાં જમીનના પ્રત્યેક ભાગ માટે 'સોઈલ હેલ્થ કાર્ડ'ની પ્રણાલી અપનાવવામાં આવી તેનો સમાવેશ થાય છે ખેડૂતોને જમીનની સ્થિતિ અનુસાર પાકની પસંદગી, ખાતર અને જંતુનાશક દવાના સમુચિત ઉપયોગ અંગે વૈજ્ઞાનિક ઢબે માહિતી અને માર્ગદર્શનથી આબોહવા પરિવર્તનના ક્ષેત્રમાં ટકાઉ ખેતી માટેના ઉપાય તરીકે સાબિત થયું. આનો સમગ્ર અમલ ત્યારે કૃષિ સચિવ ડૉ. કિરીટ શેલતે અસરકારક રીતે કરાવ્યો હતો.

- 'કૃષિ મહોત્સવ' સમગ્ર રાષ્ટ્રને ઉદાહરણરૂપ બન્યું. જેને કેટલાક રાજ્યોમાં અપનાવવામાં આવ્યો છે. પરંતુ 'સોઈલ હેલ્થ કાર્ડ'ની પદ્ધતિ આખા દેશમાં અપનાવવામાં આવી છે.
- ૧૯૯૮ થી ૨૦૦૦ના ગાળા દરમિયાન હું સરદાર સરોવર નર્મદા નિગમનો અધ્યક્ષ હતો. પ્રોજેક્ટને આગળ ધપાવાવમાં અનેક પ્રકારના જટિલ પ્રશ્નો હતા. નર્મદાનું પાણી ગુજરાતની જમીનને મળશે કે કેમ તે અનિશ્ચિત જણાતું હુતં. સંબંધિત પક્ષો વચ્ચે વિશ્વાસ-અવિશ્વાસનું વાતાવરણ હતું. એક તરફ ઉચ્ચતમ ન્યાયાલય, બીજી તરફ કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બંધનો વિરોધ અને તે માટેના આંદોલનો. છેવટે ૨૦ ઓક્ટોબરે ઉચ્ચતમ ન્યાયાલયે બંધની ઊંચાઈ વધારવાની સંમતિ આપી. આ સમગ્ર ઘટનાક્રમનો હું ભાગ બન્યો તેનું મને ગૌરવ છે. આજે પણ તે માટે હું ઈશ્વરનો આભાર માનું છું અને બંધના સ્થળ પર વિશેષ પૂજા-પ્રાર્થના ગોઠવું છું.
- હું આપણા દૃષ્ટિવંત નેતાઓનો અત્યંત આભાર માનું છું જેમણે સિંચાઈ માટે બાયપાસ ટનલ-નહેરો દ્વારા ગુજરાતના વિસ્તારોમાં પાણી પહોંચાડવાનું વિચાર્યું હતું. આજના પાણીની કટોકટી જેવા કાળમાં આ વ્યવસ્થા અત્યંત ઉપયોગી સાબિત થઈ રહી છે. વર્ષ ૨૦૦૧ માં જ્યારે સમગ્ર રાજ્યને પાણીની તીવ્ર અછતનો સામનો કરવાનો આવ્યો ત્યારે જ અમારા વિભાગીય અધિકારીઓએ સિંચાઈ બાયપાસ ટનલનું વિશાળ કાર્ય નિયત સમયસર પૂરું કર્યું હતું.
- જાહેર જીવનમાં હું સામાજિક સુમેળમાં વિશ્વાસ કરું છું. તેની પાછળનું મોટું કારણ એ છે કે સમાજનો કોઈ પણ ભાગ, ખાસ કરીને સમાજના નબળા વર્ગના સહકાર-સહયોગ વિના પોતાના રોજિંદા કાર્યો, સમસ્યાઓ કે તહેવારો-ઉજવણીઓને સંતોષકારક રીતે પાર પાડી ન શકે. નબળા-સબળા બધા વર્ગો પરસ્પર સહકારમાં કાર્ય કરે તો જ સમાજમાં એકંદરે લોકોનાં જીવન સામાન્ય રીતે ચાલી શકે છે. આ મુદ્દાને ધ્યાનમાં રાખીને સામાજિક ભેદભાવ કે પરસ્પર અસ્પૃશ્યતાની ભાવના દૂર થાય તે માટે છેલ્લા ૩૮ વર્ષથી ૧૪ એપ્રિલ, ડૉ. બાબાસાહેબ આંબેડકરણના જન્મ દિવસે અને ભારતીય બેસતા વર્ષને દિવસે, સમાજના નબળા-સામાજિક રીતે પછાત લોકોના વિસ્તારમાં અચૂક જાઉં છું અને ત્યાંના રહેવાસીઓ સાથે ચા-નાસ્તાની મિજબાની ગોઠવું છું. મેં 'સમરસતાનો મારો પ્રયાસ' નામનું પુસ્તક પણ લખ્યું છે. જે તપસ ફાઉન્ડેશન દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું હતું અને ગુજરાતના માનનીય રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીજીના હસ્તે તેનું વિમોચન કરવામાં આવ્યું હતું.
- એ જ રીતે રાજ્યમાં કોમી તણાવ અને રમખાણોનો પણ હું સાક્ષી છું. અને તે વખતે ગરીબ પરિવારોની આજીવિકા પર પ્રતિકૂળ અસર થતી આપણે સહુએ જોઈ છે. મારો જ્યાં જન્મ થયો છે, ઉછેર થયો છે અને જ્યાં મેં સેવાકાર્યોનો પ્રારંભ કર્યો છે એવા

ધોળકાના વિસ્તારોમાં પણ આવા રમખાણોની ઘટનાઓ બની છે. જે-તે સમુદાયો-કોમો વચ્ચે સંવાદ-સુમેળ-સમાધાન લાવવા અમે જવાબદારી પૂર્વક પહેલકારી એવા શ્રેણીબદ્ધ કાર્યક્રમો હાથ ધર્યાં. આમાં ભેદભાવ વિના પ્રત્યેક પરિવારના યુવા વર્ગને અને મોટી ઉંમરના લોકોને પણ શિક્ષણ આપવાના કાર્યક્રમો અને બધા કોમો-સમુદાયોના તહેવારોની ઉજવણી સહુ સાથે મળીને કરે તેવી ગોઠવણ કરી. આ પ્રયાસોના પરિણામે પરસ્પરના અવિશ્વાસ અને ધિક્કારની લાગણીઓ સમાપ્ત થઈ. છેલ્લા કેટલાક વર્ષોથી ત્યાં કોમી તોફાનની એક પણ ઘાટના બની નથી.


- હું જ્યારે શિક્ષણમંત્રી બન્યો તે સાથે જ મેં આપણી શિક્ષણ વ્યવસ્થામાં સુધારણા માટે વ્યાપક પગલાં લેવા શરૂ કરી દીધાં હતાં. ૧૦ અને ૧૨ ધોરણની પરીક્ષાઓ સમયે પરીક્ષાખંડમાં સીસીટીવી કેમેરા અને ટેબ્લેટ્સ મૂકવાનું હિંમતભર્યું પગલું લીધું જેને પરિણામે પરીક્ષાઓ દરમ્યાન થતી ગેરરીતિઓમાં નોંધપાત્ર કાબૂ આવ્યો.

- શાળાઓમાં વિસ્તારના ૧૦૦ ટકા બાળકોની અભ્યાસ માટે નોંધણી થાય તે હેતુથી શરૂ થયેલો 'પ્રવેશોત્સવ મહોત્સવ' ખૂબ સુંદર રીતે શાસનનો અને સમાજનો સર્વસ્વીકૃત ઉત્સવ બની ગયો છે. આ પ્રોગ્રામના ભાગ રૂપે મારી કારકિર્દીનો એક યાદગાર પ્રસંગ જણાવવાની ઇચ્છા થાય છે. વર્ષ ૨૦૧૧ ના પ્રવેશોત્સવમાં ગામ લોકોએ પરંપરાગત ઢોલ, નગારાં, શરણાઈ વગેરે વગાડીને અમારું ઉમળકાભેર સ્વાગત કર્યું. આવા પ્રસંગોએ વાજિંત્રો વગાડનારા, કે જેઓ સામાન્ય રીતે ગામના પછાત વર્ગના હોય છે તેમને મહેમાનો તરફથી બક્ષિસ અપાતી હોય છે. કાર્યક્રમ સુચારુ રીતે સંપન્ન થયો. મેં પ્રાસંગિક પ્રવચન આપ્યું. મને સાંભળ્યા બાદ એક ઢોલ વગાડનાર યુવાન ઊભો થયો. મને લાગ્યું કે ગામના કેટલાક પ્રશ્નો વિશે રજૂઆત કરશે. એથી ઊલટું તેણે જણાવ્યું કે રાજ્ય સરકાર અમારા શિક્ષણ માટે ખૂબ ચિંતિત રહે છે અને બધું જ કરી છૂટે છે. પરંતુ કોઈક રીતે અમે જ તેનો પૂરતો લાભ લઈ ભણતા નથી. પોતાને મળેલા બક્ષિસના રૂ. ૨૫૦/- તેણે બાળકોના અભ્યાસમાં કામ લાગે તે માટે શાળામાં જમા કરાવ્યા. તેનો આવો ઉચ્ચ ભાવાત્મક અભિગમ જોઈ મેં પ્રસન્નતા અનુભવી અને બીજાઓને પણ તેના જેવા બનવા સૂચન કર્યું. હાજર નેતાઓ આગળ આવ્યા અને કૂપોષણની સમસ્યા સામે લડવા, દવાઓનો ખર્ચ કાઢવાં, પોષણયુક્ત ભોજનની વ્યવસ્થા માટે સ્થાનિક સમુદાયે નાણાંની સરવાણ વહેવડાવી.

- ગાંધીજી સમાજ સુધારક દેશભક્ત હોવાની સાથો-સાથ ઊંડા અર્થશાસ્ત્રી પણ હતા. તેમણે ગ્રામીણ વિકાસ ખેતી અને ગરીબ પરિવારોની ઉન્નતિ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. 'ચરખા'ને તેમણે ભારતની આઝાદી અને ગરીબો માટે આવકના સ્ત્રોતનું પ્રતીક બનાવ્યું અને ખાદીના ઉપયોગ માટે સમાજના બધા જ વર્ગોને પ્રોત્સાહિત કર્યા. આ વિચારસરણીને હૃદયપૂર્વક માનતો હોઈ મેં અમારા શિક્ષણ વિભાગ તથા શિક્ષકોને

અઠવાડિયામાં ઓછામાં ઓછું એક દિવસ, મંગળવારે ખાદીના કપડાં પહેરવાનું સૂચન કર્યું. આ વિચારને સહુએ આવકાર્યો અને એક વર્ષના ગાળામાં જ ખાદીના વેચાણમાં રૂપિયા સાડા ત્રણ કરોડ જેટલો વધારો નોંધાયો.

- પૃથ્વીની સપાટી પરના પાણીનો માત્ર અઢી ટકા ભાગ જ પીવાના પાણી તરીકે વપરાશક્ષમ છે. મેં આનો વિગતવાર અભ્યાસ કર્યો. ભાલ પ્રદેશની વ્યક્તિ તરીકે પાણીની બચત મારી પ્રકૃતિમાં વણાયેલ છે. જ્યાં પણ હું જાઉં છું ત્યાં પાણીની બચત કરવાનો સંદેશ અચૂક વહેતો કરું છું. ઘરે પણ મહેમાનોને પાણી આપીએ ત્યારે અમે અર્ધો ગ્લાસ ભરીને જ આપીએ છીએ. આ પાછળનો હેતુ પાણીનો બગાડ અટકાવવાનો અને પાણીની બચતનો સંદેશ ફેલાવવાનો છે.
- વ્યક્તિને માતૃભાષામાં જ વિચારો આવે છે અને તેમજ સ્વપ્નાઓમાં પણ માતૃભાષા વાપરે છે. માતૃભાષાનું મહત્ત્વ ક્યારેય નીચું આંકી શકાય નહીં. મને એ વાતનું ગૌરવ છે કે શાળાઓમાં ગુજરાતીને ફરજિયાત વિષય તરીકે દાખલ કરવાનો નિર્ણય લેવામાં હું સામેલ હતો.
- સંસ્કૃત ભારતની બધી ભાષાઓની માતા છે. એ હકીકતને ધ્યાનમાં લઈએ મે અલગ જ ‘સંસ્કૃત વિકાસ બોર્ડ’ની રચના કરી અને તેને સફળતાપૂર્વક કાર્યરત કર્યું.
- શિક્ષણ દિવસો દિવસ ખર્ચાળ બનતું જાય છે. એ બાબતને ધ્યાનામાં લઈ તેથી ‘દરેક માટે શિક્ષણ અને પરવડે તેવું શિક્ષણ’ના સિદ્ધાંતને ધ્યાનમાં લઈ ‘ગુજરાત ફી નિયમન ધારો’ ઘડાવ્યો અને તેને અમલમાં મૂકાવ્યો.
- આમ, જાહેર જીવનમાં મને વખતોવખત જે કોઈ જવાબદારી સોંપવામાં આવી ત્યારે તેનો મેં ઈશ્વરના કૃપા-પ્રસાદ તરીકે સ્વીકાર કર્યો છે અને અત્યંત ખુશી અને પ્રસન્નતાપૂર્વક મેં મારી જવાબદારી-ભૂમિકા નિભાવી છે તેનો મને આત્મીય આનંદ છે. ‘ગુજરાતનો વિકાસ-મારાં સંસ્મરણો’ પુસ્તક માટે મારા વિચારો વ્યક્ત કરવાની તક મળી તેનો મને આનંદ છે. આ પુસ્તકની જ્વલંત સફળતા માટે હું હાર્દિક શુભેચ્છા પાઠવું છું.



# અનુકૂલનશીલ ગુજરાતનું અત્યંત તેજસ્વી ભાવિ

**શ્રી પરશોત્તમ રૂપાલા**
કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્ય મંત્રી, ભારત સરકાર

હું ખેડૂત છું. મારો જન્મ અને ઉછેર અમરેલી જિલ્લાના ઈશ્વરીયા ગામે થયો છે. બી.એસસી, બી.એડ્. સુધી અભ્યાસ કરી શાળામાં શિક્ષક અને ત્યારબાદ બગસરા તાલુકાના હામાપુર ગામમાં ૧૯૭૭ થી ૧૯૮૩ સુધી માધ્યમિક શાળાનો આચાર્ય રહ્યો. ૧૯૮૩ થી ૧૯૮૭ દરમ્યાન મેં અમરેલી નગરપાલિકામાં ઑફિસર તરીકે સેવા આપી. બાદમાં મારી રાજકીય કારકિર્દીની શરૂઆત થઈ. હું ભાજપમાં જોડાયો. ૧૯૯૧ થી ૨૦૦૨ દરમ્યાન અમરેલી મતદાન ક્ષેત્રના ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કર્યું. નર્મદા વિકાસ, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કૃષિ વિભાગના મંત્રી તરીકે તથા ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ ડેવલમેન્ટ કોર્પોરેશનના કાર્યક્રમ-વિકાસલક્ષી સંચાલનમાં ચેરમેન તરીકે જવાબદારીપૂર્વકનું યોગદાન આપ્યું. ૨૦૦૮ માં સંસદ સભ્ય બનતા પહેલાં મેં ગુજરાત પ્રદેશના પ્રમુખ તરીકે સેવા આપી. ૨૦૧૬ થી કેન્દ્ર સરકારમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના રાજ્ય કક્ષાના મંત્રી તરીકે કાર્યરત છું. મારી રાજકીય પ્રગતિ અને વિકાસની સાથો સાથ ગુજરાતની સતત પ્રગતિ અને વિકાસનો હું સાક્ષી રહ્યો છું. અને તેમાં મને પણ અગત્યની ભૂમિકાઓ ભજવવા મળી છે. તેનો મને આનંદ છે.

સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના વિકાસ માટે તેમજ પીવાના પાણી અને સિંચાઈ માટેના પાણીની તીવ્ર અછતના ગંભીર પ્રશ્નોને ઉકેલવામાં નર્મદા વિકાસ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી તરીકે નેવુંના દાયકામાં નર્મદા નદીને સાબરમતી અને સૌરાષ્ટ્રની બીજી નદીઓ સાથે જોડવાનું કરેલું કાર્ય અતિ મહત્ત્વનું પગલું સાબિત થયું છે. આ દિશામાં અમે શ્રેણીબદ્ધ કાર્યક્રમોની પહેલ કરી વિશેષ કરીને સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને આદિજાતિ વિસ્તારોની સૂકી જમીન પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યું, લોક ભાગીદારીની પદ્ધતિથી પાણી સંરક્ષણના કાર્યક્રમને અમલમાં મૂક્યો, ચેક ડેમો બનાવવાનું કાર્ય વિશાળ ફલક પર હાથ ધર્યું, ૮૦% સબસિડી વાળી આ યોજનામાં માત્ર ૨૦% ફાળો ગામના સમુદાયે સહભાગીના ધોરણે ખર્ચવાનો થતો હતો. આથી રાજ્યના સૂકા પ્રદેશોની ખેતીની ગુણવત્તા અને ઉત્પાદનમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું. ભૂતળનાં પાણીના સ્તરમાં, જમીનમાં ભેજના પ્રમાણમાં ખાસ્સો સુધારો થયો. જો સારો વરસાદ હોય તો ખેડૂતો એક કરતાં વધુ પાક લેવા સક્ષમ બન્યા. સરકારે ખેડૂતોને ટપક અને છંટકાવ સિંચાઈ પદ્ધતિઓ અપનાવવા અને પાણીના પ્રત્યેક ટીપામાંથી વધુ પાક મેળવવા પ્રોત્સાહન આપ્યું.

નર્મદા નહેર અને પાણીની પાઈપલાઈનના કામને પણ અમે અગ્રતાક્રમ આપ્યો, અને દુષ્કાળ સંભવિત વિસ્તારોવાળા બધાજ ગામોને આમાં આવરી લીધા. માનવી અને પશુઓને ખાસ કરીને ઉનાળામાં પાણી ઉપલબ્ધ થતા લોકો અને પશુઓનું સ્થળાંતર અટકાવી શકાયું.

જમીન મહેસૂલ કાયદા એ તે હેઠળના નિયમો અને ખાસ કરીને ખેતીની જમીન માટેના કાયદા ખેડૂતોને સમજવામાં સરળ પડે તેવા ઘડી તેને અમલમાં મૂક્યા, ખેતીની જમીનના કબજા કે તબદીલીની અરજીના સત્વરે નિકાલ માટે અને તુમારશાહીનો વિલંબને ટાળવા મહત્તમ પ્રયાસો કર્યાં.

નવી ભાજપની સરકાર દ્વારા કાયદાની અમલવારીમાં દખલગીરી ન કરવાના કેટલાક સાહસિક પગલાથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં ધરખમ સુધારો થયો. ગુજરાત રાજ્ય કર્ફ્યુ રાજમાંથી મુક્ત થયું. નવી પેઢી જાણે કે કર્ફ્યુથી અજાણ જ રહી છે.

જી.આઈ.ડી.સી.માં ઓખાથી વધઈ, ડાંગ સુધીના પ્રત્યેક તાલુકામાં યોગ્ય માળખાંકીય સુવિધા સાથેના યોજનાપૂર્વકના ઔદ્યોગિક વિસ્તારો સ્થાપવાનો કાર્યક્રમ હાથ ધર્યો. આવા વિસ્તારોમાં પ્રવાહી તેમજ ઘન ઔદ્યોગિક કચરા માટે એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાંટ સ્થાપ્યા. આથી લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો દ્વારા રાજ્યના ઔદ્યોગિક વિકાસ માટે માર્ગ મોકળો થયો.

વર્ષ ૨૦૦૧ના ગાળામાં, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સંખ્યાબંધ નોંધપાત્ર નિર્ણયો લેવાયાં. શિક્ષણમાં શિક્ષકોની ઘટ પૂરી કરવા લગભગ બધી જ ખાલી જગ્યાઓમાં મોટા પાયે લાયકાતવાળા શિક્ષકોની ભરતી કરી, શાળાના વર્ગખંડો બાંધવાનો વ્યાપક કાર્યક્રમ હાથ ધર્યો. જિલ્લા અને તાલુકા કચેરીઓને ‘સેવા સદન’ એવું નામ આપવામાં આવ્યું. બધા જ જિલ્લાઓનાં એકીકૃત વહીવટી સદનના સંકુલોનું નિર્માણ કરવામાં આવ્યું. જેથી અરજદારોને શહેરના જુદા જુદા સ્થળોએ જવું પડતું નથી. તત્કાલિન માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ વિશ્વનો સૌ પ્રથમ ‘સોલાર પાર્ક’ પાટણ જિલ્લામાં સાંતલપુર તાલુકાના ચારણકા ખાતે કાર્યરત થયો. આ કાર્ય-ધ્યેય વિક્રમજનક સમયમાં પૂરું કરવામાં આવ્યું હતું. તા. ૩-૧૨-૨૦૧૦ના આનો પાયો નંખાયો હતો અને ૧૯-૦૪-૨૦૧૨ના રોજ આ સોલાર પાર્ક રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યો. પવન અને સૂર્ય દ્વારા સંકલિત રીતે ઊર્જાઉત્પાદનનું, માળખાકીય વિકાસનું અને ગ્રામ્ય વિસ્તારોમાં જીવન ધોરણની સુધારણાનું તેમજ પર્યાવરણીય લાભો સંમિલિત સિદ્ધિનું એક ઉમદા ઉદાહરણ છે. અન્ય રાજ્યો માટે તે સીમાચિહ્ન અને નમૂનારૂપ પ્રોજેક્ટ બન્યો છે.

‘સૌની યોજના’નો અહીં ઉલ્લેખ થવો જ જોઈએ. ગુજરાત રાજ્યની અતિ મહત્ત્વની એવી સૌરાષ્ટ્ર-નર્મદા અવતરણ ઈરિગેશન યોજના ‘સૌની યોજના’, જેમાં નર્મદા નદીનું વધારાનું દશ લાખ એકર ફૂટ વહી જતું પાણી ૧૧૨૬ કિમી. લાંબી ચાર સંકલિત પાઈપલાઈનો દ્વારા

સૌરાષ્ટ્રના અગિયાર જિલ્લાઓના ૧૧૫ જળાશયોમાં મોકલવામાં આવશે જેથી ૧૦,૨૨,૫૮૯ એકર જમીનને તેનો લાભ મળશે અને પીવાના પાણીની તંગી દૂર થશે.

ગુજરાતના પ્રજાજનોની સુખાકરીમાં વ્યાપક વધારો કરનારી કેટલીક યોજનાઓનો હું સાક્ષી રહ્યો છું. તેમાં,

- ગુજરાત રાજયના ખેડૂતો માટે જૂથ વીમા યોજના - ભારતમાં પ્રથમ.
- સોઈલ હેલ્થ કાર્ડ - ભારતમાં પ્રથમ.
- ૧૦૮ ઈમર્જન્સી એમ્બ્યુલન્સ યોજના - ભારતમાં પ્રથમ.
- જ્યોતિગ્રામ યોજના (રાજયના તમામ ગામોમાં વીજળીની સુવિધા) - ભારતમાં પ્રથમ.
- સુજલામ્-સુફલામ્ યોજના.
- મા વાત્સલ્ય અને મા અમૃતમ્ હેલ્થ કાર્ડ યોજના.
- વનબંધુ યોજના.
- સાગરખેડુ યોજના.
- મેડિકલ અને ઈજનેરી કૉલેજમાં બેઠકોનો વધારો વગેરે વગેરે...

સંસદસભ્ય તરીકે મેં ખેડૂતોના, ખાસ કરીને નાના અને સીમાંત ખેડૂતોના પ્રશ્નો રજૂ કરવામાં વિશેષ રસ લીધો હતો. કૃષિ ખેડૂત અને પચાંયતી રાજના કેન્દ્રના રાજયકક્ષાના મંત્રી તરીકે મેં કૃષિ વિકાસને પ્રોત્સાહન આપવા, ગુજરાતમાં ખેડૂતોની આવકને બમણી કરવા અને અન્ય રાજ્યોમાં ગુજરાત મોડેલનું અનુકરણ થાય તે માટે પ્રયાસો કર્યા. હકીકતમાં 'કૃષિ મહોત્સવ' દ્વારા ખેડૂતોને વૈજ્ઞાનિક કૃષિ માહિતી પહોંચાડવાના અભિગમવાળા 'ગુજરાત મોડેલ' ભારતના અન્ય રાજ્યોમાં અમલમાં મૂકવામાં આવ્યું.





લેબ થી લેન્ડ, 'પ્રયોગશાળામાંથી ખેતરમાં'ના ખ્યાલને સમસ્ત દેશમાં પહોંચાડવામાં આવ્યો. ખેડૂતોની આવકમાં વૃદ્ધિ લાવવા અને તેમની આવક બમણી કરવાના ઉદ્દેશથી આપણા માનનીય પ્રધાનમંત્રી દ્વારા સોઇલ હેલ્થ કાર્ડ, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના, પાક વીમા યોજના, ખેત પેદાશોના લઘુતમ ટેકાના ભાવોમાં ઉત્પાદન ખર્ચના ૧૫૦% સુધીના વાધારાની જાહેરાત, વિવિધ ખેત-ઉત્પાદનોના મૂલ્યવર્ધન માટે નવી યોજનાઓના અમલ, સુધારેલા કોલ્ડ સ્ટોરેજ વ્યવસ્થાને પ્રોત્સાહન તથા પશુપાલન ક્ષેત્રે નવી યોજનાઓ દાખલ કરવામાં આવી.

મને ગુજરાતના ખેડૂતો અને કૃષિ ક્ષેત્રનું ભવિષ્ય અત્યંત તેજસ્વી ભવિષ્ય દેખાય છે. ગુજરાતના ખેડૂતો કર્મઠ અને અનુકૂલનશીલ છે. ખેતીની નવી નવી પદ્ધતિઓ શીખી શકે છે અને અપનાવે છે. વિલંબિત વરસાદ કે ભારે વરસાદથી તેઓ ડરતા નથી સમસ્ત સૌરાષ્ટ્ર-કચ્છના બધાજ વિસ્તારોને આવરી લેતી નર્મદા નહેરનો હવે તેમને મહત્તમ આધાર મળ્યો છે. સુજલામ્-સુફલામ્ યોજના પણ ઉત્તર ગુજરાતના ખેડૂતોને સિંચાઈમાં મદદરૂપ થાય છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ દેશ ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે, અને તેથી જ તેઓએ બે આંકડાનાં વિકાસ દરનું લક્ષ્યાંક મૂકેલું છે. આ સિદ્ધિ હાંસલ કરવા ગુજરાતે ૨૦%ના દરે વૃદ્ધિ કરવાની આવશ્યકતા રહે છે, જે વર્તમાન વૃદ્ધિ દરથી બમણો છે. મને શ્રદ્ધા છે કે હંમેશાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરવામાં અગ્રેસર રહેનાર આપણા લોકો અને આપણું ગતિશીલ જાહેર નેતૃત્વ આ લક્ષ્યાંક સિદ્ધ કરીને જ રહેશે.

# વિકાસનું રેખાંકન
# ‘મોદી યુગ’
## નવી સહસ્ત્રાબ્દિ : સ્વર્ણિમ્ ગુજરાત

શ્રી નરેન્દ્ર મોદી ૨૦૦૧ માં ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને ૨૦૧૪ માં દેશના પ્રધાનમંત્રી બન્યા ત્યાં સુધી સૌથી લાંબો કાર્યકાળ ધરાવનાર મુખ્યમંત્રી હતા.

અદ્ભુત દૂરદર્શિતા, દ્દઢ કાર્ય-ધ્યેય પરાયણતા, ઉત્સાહપૂર્વક ચોક્કસ આયોજન અને તેનું ચીવટપૂર્ણ અમલીકરણ તેમનાં વ્યક્તિત્ત્વનાં આગવાં પાસાં છે, તેઓ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી પદે આરૂઢ થયા ત્યારે, ગુજરાત તેના વિકાસના શિખર સ્તરે પહોંચી ગયું હતું પરંતુ વિકાસની વધુ ઊંચાઈએ પહોંચાડવા શ્રી નરેન્દ્ર મોદીએ તેને લોંચિંગ પેડ-પ્રક્ષેપણ માટેના પાયાના મંચ તરીકે લીધું અને માત્ર ભારતમાં નહીં પરંતુ સમસ્ત વિશ્વમાં ગુજરાતને ‘સ્વર્ણિમ્ ગુજરાત’ બનાવ્યું. તેમણે જાહેર જીવનના પ્રત્યેક પાસાંઓના સમસ્ત વર્ણપટ પર







ક્રમબદ્ધ કરેલી સફળ પહેલ 'ગુજરાત મોડલ' તરીકે વિશ્વમાં વખણાયી. એનું વર્ણન સંક્ષેપમાં નીચે પ્રમાણે આપી શકાય.

## સ્વર્ણિમ્ સંકલ્પ યાત્રા :

મુખ્યમંત્રી મોદીએ નાગરિકોને હાક કરી, "ગુજરાતના સાડા છ કરોડ લોકો ગુજરાતની ભાષા બોલશે તો ગુજરાત સાડા છ કરોડ ડગલાં આગળ વધશે અને પ્રગતિમાં હરણફાળ ભરશે."

## વાંચે ગુજરાત :

મુખ્યમંત્રી શ્રી મોદીએ ગુજરાતના બાળકો અને યુવાનો વાંચનની, ખાસ કરીને મૂલ્યવર્ધક વાંચનની ટેવ પાડે તે માટે ઓક્ટોબર ૨૦૧૦ થી 'વાંચે ગુજરાત'નું અભિયાન શરૂ કર્યું અને સઘન રીતે સમસ્ત ગુજરાતમાં ચલાવ્યું.

## ગરીબ કલ્યાણ મેળા :

ગરીબીની રેખા નીચે જીવતા પરિવારોના સરકારની વિવિધ કલ્યાણ યોજનાઓના લાભાર્થીઓને એક સાથે એક છત્ર હેઠળ નિશ્ચિત દિવસે સહાયના વિતરણનું આયોજન શરૂ કરાવ્યું. શ્રી નરેન્દ્ર મોદી કહે છે, "સરકાર પાસેથી તમારે મેળવવું એ તમારો અધિકાર છે એમાં કોઈ ઉપકાર કે તરફેણ નથી."



## સંસ્કૃત ઉત્સવ :

સંસ્કૃતના શિક્ષણ અને તેની ઉપયોગિતાને પુનર્જીવિત કરવા, આધુનિક સમયમાં આપણા પ્રાચીન ગ્રંથોને સમજવા અને તેમાંનું જ્ઞાન પ્રાપ્ત કરવા વેરાવળ-સોમનાથ ખાતે સંસ્કૃત વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી.

## વાઈબ્રન્ટ ગુજરાત સમિટ્સ :

ગુજરાત પર વિશ્વનું ધ્યાન ખેંચાય અને વૈશ્વિક અને સેશના રોકાણકારો તેને પોતાનું સ્થળ બનાવે તે હેતુથી વાઈબ્રન્ટ ગુજરાત સંમેલનો ગોઠવાયા. તેમાં વૈશ્વિક માહિતી અને તકનિકી જ્ઞાનને આપસમાં વહેંચવા, શ્રેષ્ઠ પદ્ધતિઓ શીખવા, પડકારજનક પ્રોજેક્ટો માટે મોટું વિચારવામાં લોકોને સામેલ કરવા-પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ સાથે વૈશ્વિક નેટવર્કીંગ વડે રોકાણ પ્રવાહને આકર્ષિત કરવાનો છે. શ્રી નરેન્દ્ર મોદી કહે છે “૨૧ મી સદીમાં સર્વસમાવેશક વિકાસને સુનિશ્ચિત કરવા સર્વ સંમતિ, સુમેળ અને સહકાર માટે ગુજરાત અર્થપૂર્ણ મંચ બન્યું છે.”

## કર્મયોગી :

શ્રી મોદીએ તમામ સરકારી કર્મચારીઓ માટે કર્મયોગીનો થવાનો અભિગમ શરૂ કરાવ્યો, મંત્રીશ્રીઓથી માંડી સંરપચ, ગ્રામ પંચાયતના સભ્યો સુધી, મુખ્ય સચિવથી લઈ ગ્રામ કક્ષાના કાર્યકારો અને શાળાના શિક્ષકો સુધી સહુને આમાં સામેલ કરવામાં થયા. મુખ્ય ઉદ્દેશમાં જાહેર પ્રજાના સેવકોની કાર્ય-નિષ્ઠામાં આધ્યાત્મિક મૂલ્ય ઉમેરવાનો હતો. તેઓ લોકોની સેવા માટે સદા પ્રતિબદ્ધ બને તે માટે પ્રેરિત કરવાનો હતો. આ કાર્યક્રમમાં પ્રત્યેક કર્મચારી-કાર્યકર્તાની નિયમિત તાલીમ અંગભૂત છે.

## સામુદાયિક તહેવારો :

જાહેર તહેવારોમાં પ્રવાસન અને સમુદાયોની ભાગીદારી-સહયોગને પ્રોત્સાહિત કરવા શ્રી મોદીએ જાહેર-ખાનગીની તરાહે મોટા કાર્યક્રમો આયોજીત કરાવ્યાં. ગરબા મહોત્સવ, રણ મહોત્સવ, પતંગ ઉત્સવનું આયોજન વિશાળ ફલક પર થયું. વિશ્વ-પ્રવાસીઓને ગુજરાતની મુલાકાતે પધારવા આકર્ષ્યા, વધુ મહત્ત્વનું આમાં એ છે કે, ગરીબ તેમજ તવંગર, બધાંજ વર્ગના લોકો સાથે મળીને ગરબામાં કે પતંગ ઉડાડવા ભેગા ભળે અને ઉત્સવોની ઉજવણી કરે. કોઈપણ પ્રકારની ટિકિટ વગર શ્રેષ્ઠ કલાકારો કે પતંગકારો સાથે લોકો ગરબા કે પતંગ મહોત્સવમાં ભાગ લઈ શકે અને આનંદ માણી શકે તેવી વ્યવસ્થા ઉપસ્થિત કરી.

## કૃષિ મહોત્સવ :

ખેડૂત અને ખેતીને મધ્યબિંદું તરીકે રાખીને વાવણીની તૈયારીના સમયે - અખાત્રીજના દિવસે કૃષિ મહોત્સવનું આયોજન ગોઠવ્યું. એક જ દિવસે રાજયના બધા જ ૧૮૦૦૦થી વધુ

ગામોમાં શરૂ કરાવ્યું. આ એક મહિનાનો કાર્યક્રમ ખેડૂતોને આધુનિક ખેતી વિષયક માહિતી, ગરીબ ખેડૂતોને ખેતીસાધનો - ઓજરો આપવાનો હતી. આ કાર્યક્રમની સીધી અસર ખેડૂતોની આવક ''બમણી'' થવામાં પરિણમી. આની વધુ વિગત આગળ અલાયદા લેખમાં આપવામાં આવી છે. સ્થાનિક અધિકારીઓ, કલેકટરથી માંડી ગ્રામસેવક - તલાટી, સરપંચ સહિત બધાજ તેમાં જોડાતા.

## વનબંધુ યોજના :

દૂરસ્થ જંગલ વિસ્તારોમાં વસતા આદિવાસી પરિવારોના સામાજિક-આર્થિક ઉત્કર્ષ માટે ૧૦ મુદ્દાની યોજના અમલમાં મૂકવામાં આવી. જેમાં પ્રૉજેક્ટ સૂર્યપ્રકાશ આજીવિકા વિકાસ, કૌશલ્ય નિર્માણ, આદિવાસી લાભાર્થીઓને સીધું રોકડ ચૂકવણું જેવી યોજનાઓ છે. આમાં જાહેર ખાનગી ભાગીદારી અને સ્વૈચ્છિક સંસ્થાઓનો સક્રીય સહયોગ પણ આવરી લેવાયો છે.

## મહાત્મા મંદિર :

રાજ્ય પાસે કોઈ સારું એવું સભાગૃહ ન હતું. ૫૦૦૦ જેટલી સંખ્યામાં લોકોને એક ખંડમાં સભા સંમેલન કાર્યક્રમ માટે સમાવી શકાય તેવો સભા માટેનો ખંડ મહાત્મા મંદિર ગૃહ ગાંધીનગર ખાતે રચવામાં આવ્યો. આ એક નવું અને સ્થાપત્ય શૈલીનાં સીમાચિહ્ન સમાન વાસ્તુશિલ્પ કાર્યરત કરવામાં આવ્યું છે.

## રિવરફ્રન્ટ :

અમદાવાદમાં સાબરમતી નદી કિનારાના રિવરફ્રન્ટને સુવિકસિત-સવિસ્તૃત કરવાનો તથા



સાબરમતી નદીને નર્મદા નહેર સાથે જોડાવાનો સફળ કાર્યક્રમ આમાં સામેલ છે. જેથી વર્ષ દરમ્યાન તેમાં પાણી રહે. બહુઆયામી રસ્તાઓ, ઉદ્યાનો અને સામુદાયિક કેન્દ્રો થકી અમદાવાદ રિવર ફ્રન્ટ દિવસભર ધમધમતું રહે છે. પ્રયત્નથી હવે અમદાવાદની સાબરમતી નદીમાં બારેમાસ પાણી રહે છે.

## એકતાની પ્રતિમા : "સ્ટેચ્યૂ ઑફ યુનિટી" :

ગુજરાતના પનોતા પુત્ર ભારતના લોખંડી-પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ આધુનિક ભારતના શિલ્પી તરીકે પ્રસિદ્ધ છે. શ્રી નરેન્દ્ર મોદીએ ૭ ઑક્ટોબર ૨૦૧૦ના રોજ સરદાર સરોવર બંધના વિસ્તારમાં વિશ્વની આ સૌથી ઊંચી, સરદાર પટેલની પ્રતિમા-સ્ટેચ્યૂ ઑફ યુનિટી-ના નિર્માણ કરાવ્યું તેના શુભાંરભ પ્રસંગે તેમણે કહ્યું" ભારતના એક મહાન નેતાને ઊચિત શ્રદ્ધાંજલિનું આ એક પ્રતીક છે" આ પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે. તેની ઊંચાઈ ૧૮૨ મીટર છે. આસપાસના રમણીય પર્વતીય વિસ્તારોને નિહાળવા માટે મુલાકાતીઓની ગેલેરી તેમાં બનાવવામાં આવીછે.

## મિશન મંગલમ્ :

મિશન મંગલમ્ મહિલાઓને સશક્ત બનાવવા માટે તેમને સ્વયં સહાયક 'સ્વ-સહાય' જૂથોમાં સંકલિત કરી બેંકો સાથે જોડતી યોજના છે. મહિલાઓની ક્ષમતા વધારવા તથા તેમને ટકાઉ આજીવિકા તરફ દોરી જતી આ જાહેર-ખાનગી પહેલ છે.

## યોગ આંદોલન :

ભારતના યોગની કળા અને વિજ્ઞાનને વ્યાપક જાગૃતિ કાર્યક્રમ દ્વારા મોખરાનું સ્થાન શ્રી મોદીએ વિશ્વકક્ષાએ યોગ આંદોલન દ્વારા અપાવ્યું છે. શ્રી મોદી સ્વયં નિયમિત યોગ કરનારા વ્યક્તિ છે. જીવનમાં યોગનું મહત્ત્વ નિર્વિવાદ છે. પ્રત્યેક બાળક અને નાગરિકોને યોગની કેળવણીની આવશ્યકતા છે. ગુજરાતમાં જાહેર-ખાનગી સહિયારા પ્રયાસોથી આરંભ થયેલું યોગ આંદોલન વિશ્વભરમાં ઉત્સાહભેર આવકાર પામ્યું છે. તારીખ ૨૧ જૂન હવે વિશ્વ યોગ દિવસ તરીકે ઉજવાય છે.

## શાળા પ્રવેશ ઉત્સવ :

જૂન મહિનામાં દર વરસે ઊજવાતો આ શાળા પ્રવેશોત્સવ બાળકોને શાળાપ્રવેશ તથા શિક્ષણ માટે પ્રેરિત કરે છે. આ પ્રસંગ દરમ્યાન મંત્રીઓ, શિક્ષણમંત્રી, રાજય સચિવાલય ગાંધીનગરના તમામ અધિકારીઓ ગામડાઓમાં શાળાઓની મુલાકાતે જાય છે. શાળાપ્રવેશ માટે બાળકોને પ્રોત્સાહિત કરે છે. ભણાવાની ઉંમરનું પ્રત્યેક બાળક શાળાએ જતું થાય તે માટેનો વ્યાપક જાગૃતિ કાર્યક્રમ છે. ગરીબ પરિવારના અને શિક્ષણથી વંચિત બાળકોને શાળા આવતા કરવા પડકારજનક હતું. બધા જ હકદાર બાળકો શાળાએ જાય તે સુનિશ્ચિત કરવા આ પહેલ

શરૂ કરવામાં આવી છે. ઉચ્ચ અધિકારીઓ અને ચૂંટાયેલા નેતાઓ ત્રણ દિવસ માટે ગામોની મુલાકાત લે છે. શાળાએ આવવા બાળકોને ઉત્સાહિત કરવાના આ પ્રવેશ મહોત્સવથી નિશાળે જતા બાળકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

## નવી સંસ્થાઓ :

સ્પોર્ટ્સ યુનિવર્સિટી, ચાર કૃષિ વિશ્વવિદ્યાલયો, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી, રક્ષા શક્તિ યુનિવર્સિટી, ગિફ્ટ સિટી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વગેરે જેવી અનેક નવી સંસ્થાઓ વિકસાવવામાં આવી. જાહરે-ખાનગી સંબંધો હેઠળ ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

## ચિંતન શિબિર :

આ શ્રી નરેન્દ્ર મોદીનો મૌલિક વિચાર છે. વરસમાં એક વખત સમગ્ર ગુજરાતનું નેતૃત્વગણ જિલ્લાઓના નવા અધિકારીઓથી માંડી સરકારના બધા જ સચિવો, બધા જ મંત્રીઓ, વિભાગોના વડાઓ, મુખ્યમંત્રીના વડપણ હેઠળ કોઈ શાંત સ્થળે સમૂહમાં દરેક કાર્ય-વિભાગ-જરૂરિયાતો-પડકારો વગેરે પર ચિંતન કરે છે. નવા સાથીકાર્યકરોને શીખવા, જ્ઞાન-માહિતીની આપસમાં વહેંચણી કરવાની આમાં તક મળે છે. વિવિધ દરજ્જાના સરકારી અધિકારીઓને આપસમાં હળવામળવાનો અને અનૌપચારિક ચર્ચાઓનો અવસર પ્રદાન કરે છે.

## ખેલ મહાકુંભ :

ગુજરાત હંમેશા રમતગમતના ક્ષેત્રમાં પાછળ રહી ગયેલું ગણાતું આવ્યું છે. શ્રી નરેન્દ્ર મોદી એક વાર્ષિક પ્રસંગ 'ખેલ-કુંભ'ની શરૂઆત કરાવી. બહુઆયામી આ પ્રસંગ યુવાઓમાં રમતવીરની ભાવના અને નેતૃત્વના ગુણો ખીલવવા, પરંપરાગત રમતોને વિશાળ ફલક પર ચેતનવંતી કરવા, રમત સંસ્કૃતિને પુનઃસક્રિય કરવાના હેતુથી આ રમતોત્સવનું ગ્રામ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને રાજય કક્ષા સુધી આયોજન કરવામાં આવે છે.

## ક્લાઈમેટ ચેન્જ :

પર્યાવરણ-આબોહવામાં થઈ રહેલા ફેરફારોના પડકારોને પહોચી વળવા માટે શ્રી નરેન્દ્ર મોદીનું કહેવું છે કે "આપણે પરિસંવાદોની હારમાળા કર્યા કરીએ છીએ, પરંતુ મને લાગે છે કે એક સાદો અમલ, લાખો સારા ઈરાદોઓ કરતાં વધુ લાભપ્રદ છે." મકાનોની છત પર સ્થાપિત એવી સૂર્યશક્તિથી વીજળી ઉત્પાદન માટેની સુવિધા આપવાનો વિશાળ કાર્યક્રમ રાજ્યએ શરૂ કર્યો છે. જેથી ખેતીના ઉપયોગ માટે કૂવાઓના પાણીને ખેંચવા માટે મોટા સોલાર મશીનોના ઉપયોગ ખેતરમાં અને ત્યાં જ ખેતી. આ ઉપરાંત વીજળી વેચીને પણ ખેતી સાથે બીજી આવક મેળવી શકાય છે. તેમણે પ્રત્યેક ખેડૂતોને સોઇલ-હેલ્થ કાર્ડ અપાવ્યાં




જે દ્વારા ખેડૂતોને જમીનના પ્રકાર અને સ્થિતિ પ્રમાણે પાક પસંદ કરવા, ખાતર, જંતુનાશક દવાઓ અને તેના પ્રમાણે જમીનની ક્ષમતા અને પોષણની જરૂરિયાત અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.

## જ્યોતિગ્રામ :

તમામ ગામોના વસ્તીવાળા વિસ્તારોને શહેરોની સમકક્ષ ૨૪ કલાક થ્રી-ફેઝ વીજળી પૂરી પાડવામાં આવી છે. ખેતી માટે અલગ ગ્રામીણ ફીડર ઊભા કરવામાં આવ્યા છે. બાળકો માટે સાંજે અને રાત્રે અભ્યાસ કરવાનું શક્ય બન્યું. સ્થાનિક-ગ્રામ્ય સ્તરે ખેત પેદાશ માટેની પ્રક્રિયા એકમો શક્ય બનાવ્યાં. આ સૌથી મહત્ત્વની સિદ્ધિઓમાંની એક છે.

## આધુનિક વ્યવસ્થાપન :

સરકારનો આધુનિક પ્રબંધક સંસ્થાઓ અને અદ્યતન ટૅકનોલૉજી સાથે સંપર્ક વધે તેવા પ્રયાસો મોદી સરકારમાં શરૂ કરવામાં આવ્યાં. આઈ.આઈ.એમ. અને નિરમા યુનિવર્સિટીની નિયમિત મુલાકાતો ગોઠવાઈ તેમજ રાજ્ય-અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા માટે અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીના તજ્જ્ઞોને ગુજરાત ખાતે બોલાવવામાં આવ્યા હતા.

આમ શ્રી નરેન્દ્ર મોદીના શાસનકાળમાં જાહેર સરકારી પ્રણાલિઓમાં ધરમૂળથી ફેરફારો થયા. ચૂંટાયેલા અને બિનચૂંટાયેલા સહુ નેતાઓને કાર્ય અને જનતા માટે જવાબદાર બનાવાયા. તેમનો ગ્રામ્ય કક્ષાની સ્થિતિ સાથે સીધો સંપર્ક કરાવ્યો. અને લોકોના દ્વારે તેમને નિયમિત મળવા જાય તે રીતે પ્રોત્સાહિત કર્યાં.

આથી વૈશ્વિક સ્તરે ગુજરાતની પ્રતિષ્ઠામાં નોંધપાત્ર વધારો થયો. વિકાસ દરની વૃદ્ધિ સાથે ગુજરાતની પ્રગતિ ઝડપી બની, ખેડૂતોની આવક બમણી થઈ.

ગુજરાતના ભવ્ય પ્રકરણોમાંનું એક 'કૃષિ મહોત્સવ'ની પહેલનું હતું જેમાં કૃષિસચિવ તરીકે યોગદાન કરવાનો મને આનંદ અને ગૌરવ છે. શ્રી નરેન્દ્રભાઈ હંમેશાં મુદ્દા પર જ વાત કરનાર - ધ્યાન આપનાર. બિન-દખલ કરનાર પરંતુ સહાયક નેતા છે. મહિના-દરમ્યાન ચાલેલા આ કાર્યક્રમની સમીક્ષા માટે તેઓ દરરોજ એક કલાક ફાળવતા જે દરમ્યાન તેઓ વિડિયો કોન્ફરન્સ મારફતે ગામડાંઓ સાથે સીધા જ રચનાત્મક ક્રિયા-પ્રતિક્રિયાની અરસપરસ આપલે કરતા. કાર્યધ્યેયોની સમીક્ષા મારફત સફળતા તથા ઊણપોની નોંધ લેતા, સમસ્યાઓના મૂળ સુધી પહોંચતા અને વ્યક્તિગત સૂચનો-પ્રસ્તાવો પર ગંભીરતાથી ધ્યાન આપતા. સાથોસાથ તેમનું માનવીય પાસું, વ્યક્તિઓ તરફનો તેમજ અધિકારીઓ-કાર્યકર્તાઓ સાથેનો અભિગમ હંમેશાં હકારાત્મક તેમજ ઉષ્માભર્યો રહેતો.

મને એક પ્રસંગ યાદ આવે છે. મારા પુત્રો ચિ. વ્રજેશ અને મિત્તુલ સાથે નવા વર્ષની શુભેચ્છા પાઠવવા અમે અતિથિગૃહ-એનેક્ષીમાં તેમને મળવા ગયા હતા. તેમણે મારા પુત્રોને પૂછ્યું, 'તમારામાંથી કોણ તમારા દાદાના કાર્યક્ષેત્રમાં જશો ?' (મારા પિતા એક ન્યાયાધીશ હતા) આથી સમજાય છે કે તેઓ પોતાની ટીમના સભ્યોને કેવી સરસ રીતે ઓળખે છે.

## શ્રી પાટણકર કહે છે :

''શ્રી નરેન્દ્ર મોદીએ સૌથી લાંબા સમય સુધી ગુજરાતની મુખ્યમંત્રી તરીકે સેવા કરી છે. તેમણે જાહેર સેવકોને (સિવિલ સર્વન્ટ્સને) વારંવાર થતી બદલીમાંથી મુક્ત કરી લાંબા-ત્રણ થી પાંચ વર્ષનો કાર્યકાળ આપ્યો અને પોતાના કામ માટે જવાબદાર બનાવ્યા. જેથી તેઓ લોકો પ્રતિ જવાબદાર રહે અને કાર્ય-ધ્યેય તથા આપેલા વચનો પરિપૂર્ણ કરી શકે. આમ સ્થિરતા તેમની કાર્ય-નીતિની આધારશિલા હતી. એ તેમની સ્થિર-સમર્થ સરકાર દ્વારા ઝડપી વિકાસ માટે મહત્ત્વનું કાર્યસાધક બની રહ્યું.''





# ગુજરાતનો વિકાસ મારાં સંસ્મરણો

શ્રી એચ.આર. પાટણકર

આઇ.એ.એસ. તરીકેની મારી કારકિર્દીનો આરંભ મેં વધારાના સહાયક કલેક્ટર તરીકે ત્યારના સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્ય મથક રાજકોટથી કર્યો હતો. સૌરાષ્ટ્ર ત્યારે દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ભેળવાયું જ હતું.

ત્યારબાદ ૧૯૫૮માં જૂના જૂનાગઢ રાજ્યના વેરાવળ ખાતે સહાયક કલેક્ટર તરીકે મૂકાયો. તે વખતે કાર્યાલય અને તાલુકાના મોટા ભાગના અધિકારીઓ અને કર્મચારીઓ એન્ડરસન્સ મેન્યુઅલ, મહેસૂલ સંહિતા, ભારત દંડ સંહિતા કે ફોજદારી કાર્યરીતિ સંહિતા વગેરેથી અજાણ હતા. મહેસૂલી અધિકારીઓએ ત્યારે  અર્ધ ન્યાયિક કાર્યો કરવા પડતા હતા અને આ કાયદાઓનું જ્ઞાન જરૂરી હતું. તેને લીધે સરળતાથી, કાયદેસર રીતે કામ કરવામાં ઘણીજ મુશ્કેલી ઊભી થતી હતી.

જોત જોતામાં બે વર્ષ આવા કામમાં પસાર થઈ ગયા. ત્યારે ગામાડાઓ કે તાલુકાની મુલાકાતો કે કાયદો અને વ્યવસ્થા સંબંધી અણધાર્યો પ્રશ્નો કે રાષ્ટ્રપતિ કે અન્ય મહાનુભાવોની મુલાકાતો નહીં. પરંતુ જ્યારે કામ અંગે પ્રવાસમાં ન હોઉં ત્યારે આ નાના શહેરમાં સોમનાથ મંદિર નિયમિત જતો તે મારી સ્મૃતિમાં તાજું જ છે. મંદિરના જીર્ણોદ્ધારનું બાંધકામ ચાલુ હતું, ત્યાનું શાંત-પવિત્ર વાતાવરણ, વલ્લભ ઘાટ કે જ્યાંથી થોડાં પગથિયાં ઉતરીને સમુદ્ર તટે પહોંચી શકાય અને અસીમ એવા સમુદ્રને અહોભાવથી નિહાળી શકાય. આ જગ્યા અને દક્ષિણ ધ્રુવની વચ્ચે જમીનનો ભાગ નથી.

૧ મે, ૧૯૬૦નો દિવસ મહત્ત્વનો હતો. તે દિવસે દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન થયું. મહારાષ્ટ્ર અને ગુજરાત એમ બે રાજ્યો અસ્તિત્ત્વમાં આવ્યા. મોટા ભાગના આઈ.એ.એસ. અધિકારીઓ મહારાષ્ટ્રમાં નિમણૂક મેળવવા અને મુંબઈમાં કામ કરવા ઉત્સુક હતા તેથી ગુજરાતમાં નિમણૂક મેળવવાનું મારે માટે સરળ હતું. મારું કાર્ય યથાવત્ ચાલુ રહ્યું.

એ સમયે સરકારી કામકાજમાં કહેવાતા "કાર્યકર્તાઓ" દ્વારા ખૂબ દખલગીરી રહેતી. પોતાના હિતમાં નિર્ણયો લેવડાવવા કાર્યાલયના કર્મચારીઓ પર વગ વાપરવામાં તેઓ પાવરધા હતા. કલેક્ટરને સૌરાષ્ટ્રમાં "સમાહર્તા" કહેતા. પત્રવ્યહારમાં 'સમાહર્તા' જ વપરાતું. કટાક્ષમાં 'કર્તાહર્તા' કાર્યકર્તા અને 'સહીકર્તા' સમાહર્તા એમ કહેવાતું. "કર્તાહર્તા"નો અર્થ છે વહીવટ-સંચાલનમાં એકાધિકાર ધરાવનાર. જ્યારે "સહીકર્તા"નો અર્થ થાય છે આદેશ પર માત્ર હસ્તાક્ષર (અંગૂઠો) છાપનાર.

નિર્ણય પ્રક્રિયામાં લોક-પ્રતિનિધિઓની સહભાગીતા અને પારદર્શિતા ચોક્કસ ઇચ્છનીય છે. પરંતુ કાર્યાલયના કામકાજમાં હસ્તક્ષેપ કે વિક્ષેપ કરનારને ચલાવી ન જ લેવાય.

'કાર્યકર્તાઓ'ના આ દૂષણને ડામવા ધૈર્યપૂર્વકના પ્રયાસો આવશ્યક હતા. આની શરૂઆત મેં સ્થાનિક નેતાઓ સાથે ઔપચારિક મિટિંગો દ્વારા કરી. તથા લોકોની સમસ્યાઓના હલ માટે વ્યક્તિગત અરજીઓ આવકારવા મેં મારા દ્વાર ખુલ્લાં રાખ્યાં. આથી 'કાર્યકર્તાઓ' દ્વારા થતી રોજબરોજની કનડગતમાંથી નોંધપાત્ર રાહત થઈ.

વેરાવળમાં ચાર વરસ પછી મારી નિમણૂક અમદાવાદ ખાતે વેચાણવેરા વિભાગમાં નાયબ કમિશનર તરીકે થઈ.

અમદાવાદમાં જોડાયાના થોડા અઠવાડિયા બાદ ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્ય સચિવ શ્રી વી. ઈશ્વરને મને બોલાવ્યો અને જણાવ્યું કે દીવની મુક્તિની ભારત સરકારની ગુપ્ત કાર્યવાહીમાં મારે જોડાવાનું. અમદાવાદથી સેનાની બ્રિગેડ દિવ જશે અને મારે પૂરતા પોલીસ કાફલા સાથે ત્યાં પહોંચવાનું કેન્દ્ર સરકારે નક્કી કરેલ છે.

થોડા મહિનાઓ બાદ પોર્ટુગિઝ સૈનિકોનું પ્રત્યાર્પણ થયું તેઓ ત્યાંથી ચાલ્યા ગયા. દીવ અને દમણમાં જાહેર વહીવટ સરળતાથી ચાલવા માંડયો, મને ગુજરાતમાં પરત મોકલવામાં આવ્યો. ૧૯૬૨માં વારંવારના પૂર અને દુકાળવાળા ગણાતા વિસ્તાર ભરૂચમાં મેં કલેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળ્યો.

લગભગ ૨૧ ઑક્ટોબરની તારીખ હતી. મધ્યરાત્રિએ મારે ઘરે ડી.એસ.પી. આવ્યા અને મને જગાડવા પટાવાળાને કહ્યું. હું ઝડપથી નીચે આવ્યો અને આવા સમયે તેમના આવવાનું પ્રયોજન પૂછ્યું. તેમણે પ્રત્યુત્તરમાં પૂછ્યું કે મને ભારત સરકારના અતિ ગુપ્ત પત્ર વિશે મને જાણ છે ? તે પત્રમાં જણાવ્યું છે કે ભારત-ચીન બન્ને દશોના લશ્કરનો સંઘર્ષ ફાટી નીકળ્યો છે. સમગ્ર વહીવટી તંત્રે સાબદા રહેવાનું છે. મંજૂર થયેલી રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવી જોઈએ અને યુદ્ધ માર્ગદર્શિકા મુજબ પગલાં લેવાનું શરૂ કરવું જોઈએ. ડી.એસ.પી. જરા ગભરાયેલા હતા અને જયારે એમણે પૂછ્યું કે હવે હું શું યોજના વિચારું છું. હું થોડો મૂંઝાઈ ગયો, મેં કહ્યું અત્યારે તો મારે ઊંઘી જવાનો વિચાર છે, આપ પણ અત્યારે આરામ કરો, અથડામણ હજારો માઈલ દૂર છે, આપણને જરા પણ અસર થશે નહીં. રક્ષામંત્રીના આ સંદેશ પર આવતી કાલથી અમલ કરીશું, બિનજરૂરી ગભરાટ ઊભો કરવાની કોઈ આવશ્યકતા નથી.

સરહદ પરનો સંઘર્ષ ફક્ત એકાદ મહિના જેટલો ચાલ્યો. દરમ્યાન મુખ્યમંત્રી શ્રી જીવરાજ મહેતાએ પદ પરથી રાજીનામું આપ્યું. તેમના અનુગામી તરીકે પંચાયત રાજના શિલ્પી શ્રી બળવંતરાય મહેતા મુખ્યમંત્રી થયા. કમનસીબે તેમના નાના વિમાનને પાકિસ્તાનના હવાઈ દળે કચ્છની સરહદના વિસ્તારમાં તોપમારો કરી તોડી પાડયું અને તેમાં સવાર સહુ મૃત્યુ પામ્યા. શ્રી હિતેન્દ્ર દેસાઈ મંત્રીમંડળમાં ગૃહપ્રધાન હતા તેઓ મુખ્યમંત્રી બન્યા.

વેલિન્ગટન ખાતે સંરક્ષણ સેવા સ્ટાફ માટેની તાલીમ અને સંરક્ષણ મંત્રાલયમાં નાયબ સચિવ તરીકે કાર્ય કર્યા બાદ હું ગુજરાતમાં આવ્યો અને જી.આઈ.ડી.સી. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના મુખ્ય કારોબારી અધિકારી તરીકેની નિમણૂક પામ્યો.

જી.આઈ.ડી.સી.નો ઉદ્દેશ રાજ્યમાં વ્યવસ્થિત રીતે આયોજિત ઔદ્યોગિક વિકાસને સ્થાપવાનો છે. આ દિશામાં જી.આઈ.ડી.સી. માત્ર નામ પૂરતું જ કાર્ય કરી શક્યું હતું. અને જાણે કે, તે અમદાવાદ ઔદ્યોગિક વિકાસ નિગમ બની રહ્યું હતું. અહી નરોડા અને ઓઢવના ઔદ્યોગિક વિસ્તાર કાર્યરત હતા. વટવામાં જમીન સંપાદનની કાર્યવાહી થઈ હતી. ઉમરગાંવ ખાતે અતિ નબળી અવસ્થામા જી.આઈ.ડી.સી. નામ પૂરતું હતું.

ગુજરાતને કૃષિ, સિંચાઈ, વન, શિક્ષણ, આરોગ્ય વગેરે જેવા રાજ્યના પ્રાથમિક કાર્યક્ષેત્રોની સાથોસાથ ઔદ્યોગિક ક્ષેત્રના સંગીન વિકાસ માટે બધું જ કરી છૂટવું જોઈએ એ વિચાર સાથે દરેક કક્ષાએ સર્વસંમતિ હતી. અમે એવું વિચારી રાખ્યું હતું કે વિવિધ પ્રકારના લઘુ અને મધ્યમ ઉદ્યોગો અને મોટા ઉદ્યોગો માટેના અનુષાંગિક એકમો અલગ અલગ સ્થળો પર હોવા જોઈએ. ઔદ્યોગિક વિસ્તાર એક નાના શહેર જેવો હોવો જોઈએ જેમાં રસ્તાઓ, વીજળી, ટેલિફોન, આરોગ્ય-કેન્દ્રો, શાળાઓ, રહેણાંકી વિસ્તારો, હોટેલો વગેરે જેવી બધીજ સુવિધાઓ હોવી જોઈએ. અને ખાસ અગત્યનું એ કે વિકસિત દેશોમાં હોય છે તેવી એફ્લ્યુઅન્ટ ડિસ્પોઝલની વિશ્વસનીય સગવડ હોવી જોઈએ.

મુંબઈ અતિ ગીચ મહાનગર બની ગયું હતું. ઉપરાંત ત્યાંના રાજકીય વાતાવરણને લીધે મુંબઈના ગુજરાતી ઉદ્યોગકારો-ઉદ્યોગ સાહસિકો એવી માનસિકતા ધરાવતા થયા હતા કે ગુજરાતમાં તેમના ઉદ્યોગોના વિસ્તરણ કે વૈવિધ્યકરણ કરવા કે નવા એકમો સ્થાપવા માટે ગુજરાત સરકાર પૂરેપૂરો સાથ અને આવશ્યક એવી બધી જ સહાય પૂરી પાડશે તેવી ખાતરી ગુજરાત સરકાર આપે.

ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ માટે બધું જ કરી છૂટવું જોઈએ એ વિચાર બાબત દરેક કક્ષાએ સર્વસંમતિ હતી. કહેવા કરતાં કરવાનું ઘણું કઠિન હતું. અમે જ્યાં કોઈ ઔદ્યોગિક પ્રવૃત્તિ ન હતી તેવા વાપીથી શરૂ કરવાનું અને અંક્લશ્વરમાં પણ જવું તેવું નક્કી કર્યું. વાપી મુંબઈથી અમદાવાદના રાષ્ટ્રીય ધોરી માર્ગ પર આશરે ૧૫૦ કિ.મી.ના અંતરે આવેલું છે. મુંબઈથી વાપી વાહન હંકારીને જવું આસાન તો ન જ હતું. રેલવે દ્વારા મુસાફરી સારી રહેતી. પરંતુ શૌચાલયોની ઊભરાતી ગટરોથી ગંદા વાપી સ્ટેશન પર આવનારાઓનું જે ત્રાસદાયક સ્વાગત થતું તેનું વર્ણન મુંબઈથી વાપી ખાતે આવનારા પ્રથમ ઉદ્યોગપતિઓમાનાં એક શ્રી રજ્જુભાઈ શ્રોફએ યથાર્થ રીતે વર્ણવ્યું છે. અમારે સહુએ ત્યા ંભેળા થવાની અને સાથે મળીને અનેક બાબતો સુચારુ બને તેની ખાતરી કરવાની હતી. વાપી નાનું ગામ હતું. કારખાના કે ઉદ્યોગો માટે કોઈ જ સુવિધા ન હતી. આ નાના વાપી માટે અને ઔદ્યોગિક વિસ્તાર માટે અમારે પ્રથમ તો પાણીની વ્યવસ્થા કરવાની હતી. રેલવેની સારી સુવિધા માટે રેલવે નજીક પાવર સબ સ્ટેશનની જરૂર જણાઈ હતી. અમે

ઔદ્યોગિક વસાહત માટે નાની મોટી સાઈઝના પ્લોટના શેડ અને રસ્તાઓ બાંધવાનું કામકાજ શરૂ કર્યું અને સાથોસાથ ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ દ્વારા પાવરલાઈનો નંખાવવાનું તથા કામદારો માટે રહેણાંકના મકાનો બનાવવાનું શરૂ કર્યું.

વાપી ઔદ્યોગિક વસાહત તથા ઉદ્યોગો માટે જરૂરી પાણી માટે અમે દમણગંગા નદી પર જરૂરી બંધ બાંધ્યો તેમજ ઔદ્યોગિક કચરાના નિકાલ પહેલાંની પ્રક્રિયા માટે એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ માટે આયોજન કર્યું. વાપી ગુજરાતનો સૌથી મોટો ઔદ્યોગિક વિસ્તાર બનશે એટલું જ અમે વિચાર્યું હતું પરંતુ તે ભારતનો સૌથી મોટો અને ૨૦૦૮ સુધીમાં એશિયાનો બીજા નંબરનો મોટો ઔદ્યોગિક વિસ્તાર બની ગયું.

જી.આઈ.ડી.સી.ના મારા ચાર વર્ષ દરમિયાન ચાર ચેરમેનોએ સેવાઓ આપી. નબળા સ્વાસ્થ્યને લીધે શ્રી ચિનુભાઈએ ચેરમેન પદેથી નિવૃત્તિ લીધી. શ્રી ઘનશ્યામભાઈ ઓઝાનો આ પદે કાર્યકાળ ખૂબ જ ટૂંકો રહ્યો. તેઓ વિધાનસભાની ચૂંટણીમાં જીત્યા. ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. તેમના પછી શ્રી મનુભાઈ શાહે જી.આઈ.ડી.સી.ના ચેરમેન તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેઓ ઉત્સાહસભર અને ઊર્જાવાન હતા અને ગુજરાતની કાયાપલટ માટે થનગનતા હતા. દેશના તેઓ વાણિજ્ય મંત્રી હતા અને ઉદ્યોગપતિઓ અને સરકારના મંત્રીગણ સાથે એમના સંપર્કો ખૂબ સારા હતા. ૧૯૭૨માં ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ કોર્પોરેશન, જી.એસ.એફ.સી.માં મારી બદલી થઈ. જી.આઈ.ડી.સી. વિસ્તારમાં જેમને બધીજ સગવડો મળતી હતી પરંતુ તેમની લોન માટેની અરજીઓ અનિર્ણિત હતી એ બાબતે મેં નિર્ણયો લીધા અને લોનની પડતર અરજીઓનો ઝડપભેર નિકાલ કર્યો.

જી.એસ.એફ.સી.ની રચના નિશ્ચિત ગાળાના ટર્મ લોનનાં ધિરાણ માટે થઈ હતી. કાર્યકારી મૂડી બૅંકો મંજૂર કરતી. અમે અમદાવાદની કેટલીક બૅંકોના વડાઓનો સંપર્ક કર્યો અને ઔદ્યોગિક પ્રોજેક્ટ માટે લોનની અરજીઓના સંયુક્ત મૂલ્યાંકનની પદ્ધતિ તૈયાર કરી જેથી બેંકો કાર્યકારી મૂડીનું ધિરાણ ટર્મ લોનની સાથે મંજૂર કરી શકે. કાચો માલ સામાન પૂરો પાડનાર ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ જી.એસ.એફ.સી.ને પણ આમા જોડી. નિકાસની પાત્રતાવાળા ઉત્પાદનોની નિકાસ સંબંધિત બાબતો માટે ગુજરાત નિકાસ નિગમ જીઈસીનો આમાં પ્રવેશ થયો. અમે મહિનામાં એક વખત ટી-મિટીંગ-''ચાય પે ચર્ચા'' યોજવાની પદ્ધતિ અપનાવી; જેમાં આ ચારેય નિગમોના વહીવટી નિયામકો મળે અને પ્રોજેક્ટ ઊભો કરવા ઈચ્છુક ઉદ્યોગ-સાહસિકોની દરખાસ્તોને તપાસે. ઈન્ડેક્ષ-બી હેઠળ સિંગલ વિંડો પ્રણાલી અપનાવવામાં આવી.

મને જી.એ.આઈ.સી. ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન ખાતે માત્ર આઠ માસની મુદત મળી. તે ગાળામાં અમે અમુક ટન એચ.પી.એસ., (હાથે વીણેલા બી) સીંગદાણાની નિકાસ કરી અને રૂપિયા બે કરોડ જેટલો નફો મેળવ્યો, જેથી જી.એ.આઈ.સી.ની સંચિત થયેલી બધીજ નુકશાની ભરપાઈ કરી દીધી.

ફેબ્રુઆરી, ૧૯૭૭ માં મને ગુજરાત આલ્કલિઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડની જવાબદારી સોંપવામાં આવી. ભારતના ઉત્કૃષ્ટ પ્લાન્ટમાંના એક એવા આ પ્લાન્ટને શ્રી કોએલ્હોએ ઊભો કર્યો હતો. પરંતુ પ્લાન્ટના ઉત્પાદનોનું વેચાણ થઈ શકતું ન હતું. નાણાંકીય રીતે સદ્ધર અને રસાયણોના વ્યાપક વિક્રયના અનુભવી તથા વપરાશકારોની જરૂરિયાત જાણતા હોય તેવા વહેંચનારા વેપારી-ડીલર્સની અમે નિમૂણૂક કરી. વેચાણમાં ધરખમ સુધારો થયો. સાથોસાથ અમોએ વૈવિધ્યકરણ આરંભ્યું. આ કંપનીમાં મારા યોગાદાનનું સંક્ષિપ્તમાં વર્ણન કરવા હું યોગ્ય શબ્દોની શોધમાં હતો. તે માટે હમણાં જ ૨૦૧૮ માં પ્રકાશિત થયેલું એક પુસ્તક જેની કલ્પના જીએસીએલના કાર્યકારી નિયામક ડૉ. ગેરા દ્વારા કરવામાં આવી હતી અને જાણીતા અર્થશાસ્ત્રી ડૉ. સંબ્રાનીએ જેને અક્ષરદેહ આપ્યો હતો તે ''જીએસીએલની સાહસકથા'' હું વાંચતો હતો, તેમાંથી એક અવતરણ લેવાની છૂટ લઉં છું.

''શ્રી પાટણકરે મે, ૧૯૮૧ માં કાર્યમુક્તિ સ્વીકારી ત્યારે જ પૂરા થતા વર્ષે જીએસીએલનું વેચાણ રૂ. ૧૭.૬ કરોડ અને કર પહેલાંનો નફો રૂ. ૬.૨૫ કરોડ નોંધાયો. કંપની કાર્યરત થયાના પાંચમાં જ વર્ષે ૩૬ ટકાથી વધુની નફાકારકતા દુનિયાના કોઈપણ મુખ્ય કાર્યકારી અધિકારીના મનમાં ઈર્ષ્યા જગાવે તેવી હતી'' આથી વિશેષ કોઈ પણ સરકારી અધિકારી એના સ્વપ્નમાં પણ શી અપેક્ષા રાખી શકે ?

મે, ૧૯૮૧માં મુખ્યમંત્રીના અગ્રસચિવનો કાર્યભાર સંભાળ્યો પરંતુ એક વર્ષ અને ચાર મહિના જેવા ટૂંકા સમય બાદ ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડના અધ્યક્ષ તરીકે મારી નિમણૂક થઈ. જીઈબીમાં મારા પૂર્વગામીઓમાં શ્રી એચ.એમ. પટેલ અને ડૉ. કુરિયન જેવી પ્રસિદ્ધ હસ્તીઓ હતી.

રાજ્ય નિગમો અને સરકાર દ્વારા ઔદ્યોગીકરણના ઝડપી વિકાસ માટે લેવાયેલાં પગલાંઓને કારણે વીજળીની માંગમાં ખાસ્સો વધારો થયો. પરંતુ જીઈબીએ આ માંગને પહોંચી વળવા વીજળી ઉત્પાદન ક્ષમતામાં જરૂરી પગલાં લીધા ન હતા. પરિણામે માંગ અને પુરવઠા વચ્ચેનો તફાવત વધતો ગયો. ઉપલબ્ધ વીજળી કરતાં વીજળીની માંગ ખૂબ જ વધારે હતી. નેશનલ થર્મલ કોર્પોરેશન પાસે કેટલીક અનામત વીજળી હતી જે તેઓ કોઈ પણ રાજ્યને ફાળવી શકે તેમ હતા. અમે એમની પાસેથી કેટલીક વીજળી મેળવી શક્યા.

અમારી પાસે રાત્રિ દરમ્યાન વધુ વીજળી રહેતી ને વેડફાઈ જતી કેમ કે, અમારા જનરેટરોથી અમે વીજળી ઉત્પાદન ખૂબ ઓછું જ ઘટાડી શકતા. ટેરિફના દર માટે અમે મહત્ત્વનો નિર્ણય કર્યો. દરમાં વધારો નહી પરંતુ રાત્રિ દરમ્યાનના ઉપયોગના દર સારા એવા ઘટાડયા. ચોવીસ કલાક વીજળી વાપરનારા ઉદ્યોગોએ રાત્રિના વપરાશમાં વધારો કર્યો. જ્યારે કેટલાક ઉદ્યોગોએ રાતની પાળીમાં કાર્ય કરાવવાનું શરૂ કર્યું. અમારી આવક વધી અને વપરાશકારોને રાત્રિ દરમ્યાન કાર્ય કરવાથી વીજળી ખર્ચમાં બચત થઈ. જુદા જુદા સમય માટે અલગ દરનો અમલ પ્રથમ ગુજરાત રાજ્યમાં થયો. ટૂંકા ગાળાના પગલાં તરીકે અમે મોટા

ઉદ્યોગોને પોતાના માટે કેપ્ટિવ પ્લાન્ટ ઊભા કરવા પ્રોત્સાહન આપ્યું અને તે માટેના પાવર પર વીજળી-કર માંથી મુક્તિ આપી. દેશમાં લગભગ એક દાયકા સુધી ઔદ્યોગિક એકમોના જૂથ વચ્ચે સાથે મળીને સહિયારો પ્લાન્ટ નાંખવા બાબતે ચર્ચાઓ ચાલી. અમે આવી એક મોટી પાવર-કંપની સ્થાપવા વિચાર્યું, તે માટે ભારતની પ્રથમ મોટી પાવર-કંપની સ્થાપી જેના સહભાગીઓ તરીકે આઈપીસીએલ, પેટ્રોફીલ્સ, જીએસીએલ કે જેનો હું અધ્યક્ષ હતો અને જીઈબી ખુદ કે જેમને પાવર-એકમો ઊભા કરવાનો અને ચલાવવાનો અનુભવ હતો.

૧૯૮૪માં અનામત અને રોસ્ટર (વારાની) પ્રણાલીની વિરુદ્ધ આંદોલનો શરૂ થયાં. પરિસ્થિતિ કથળતા શ્રી માધવસિંહ સોલંકીએ રાજીનામું આપ્યું અને શ્રી અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રી બન્યા. મને જીઈબીમાંથી નાણા મંત્રાલયમાં મૂકવામાં આવ્યો. અસ્થિર રાજકીય પરિસ્થિતિને નજરમાં રાખી મુખ્યમંત્રી અને નાણાંમત્રી વર્તમાન કરદાતાઓ પર વધારાના બોજ વિનાનું અંદાજપત્રક ઈચ્છતા હતા. પરંતુ ગરીબી ઘટાડવાના કાર્યક્રમ માટે વધારાની આવકની પણ ઈચ્છા રાખતા હતા. ઈચ્છનીય નહી પણ સમય માટે અપરિહાર્ય એમ માત્ર નેપ્થા પર વેરો વધાર્યો કે જેનું મોટુ વપરાશકાર માત્ર એક જ આઈપીસીએલ હતી. રાજ્યને નોંધપાત્ર આવક થઈ.

એકાદ વર્ષ બાદ શ્રી એચ.કે. ખાન કેન્દ્રમાં પેટ્રોલિયમ સચિવ તરીકે જતાં હું નાણાંમંત્રાલયમાંથી ઉદ્યોગમંત્રાલયમાં ગયો. જૂન મહિનામાં મને મુખ્ય સચિવે નોટિસ મોકલીને જણાવ્યું કે તેઓ અઠવાડિયાની રજા પર જાય છે અને મારે તેમનાં કાર્યો સંભાળવાના છે. ચાર્જ સંભાળવાના બીજે જ દિવસે પોલીસ યુનિયનના પ્રમુખ મને મળ્યા અને જણાવ્યું કે તેમના પગાર વધારાની માંગોનો સ્વીકાર નહી થાય તો તેઓ શુક્રવારથી, રથયાત્રાની પૂર્વ સંધ્યાથી જ સંપૂર્ણ હડતાળ પર જશે, આકાશમાંથી આ આઘાત ટપક્યો ગણાય, તેમની માંગ સ્વીકારવાની કોઈને સત્તા ન હતી. ખૂબ ટૂંકી મુદતની સૂચનાથી અમદાવાદ સર્કિટ હાઉસમાં તાકીદની મંત્રીમંડળની બેઠક બોલાવવામાં આવી. મંત્રીમંડળને પોલીસ યુનિયન દ્વારા આવી બેહૂદી અને અનૈતિક કક્ષાની હરકત થાય તે અસ્વીકાર્ય હતું. લોકોના જાનમાલનું રક્ષણ કરવું એ જેમની પ્રાથમિક ફરજ છે તેઓ જ સમાજની સલામતી જોખમમાં આવી પડે તેવું વલણ અપનાવે તેની વિરુદ્ધ સમસ્ત મંત્રીમંડળ હતું. આ બેઠક શુક્રવારે સાંજે ૬.૩૦ કલાકે શરૂ થઈ અને શનિવારે સવારે ૪.૩૦ કલાક સુધી ચાલી. પૂરા દશ કલાકની બેઠક રાજ્યના ઈતિહાસમાં સૌથી લાંબી મંત્રીમંડળની બેઠક હતી. મેં મંત્રીમંડળને જણાવી ન હતી તેવી એક હકીકત એ હતી કે અમને બધાને ઘેરાવ કરીને લગભગ બંદી બનાવવામાં આવ્યા હતા. અમે અમારી જગ્યા છોડવા અસમર્થ હતા. યુનિયનના નેતાઓએ મને કહ્યું, ‘‘મંત્રીઓ જ નીચે આવે અને અમારો આક્રોશ જાણે’’. ખૂબ અશિષ્ટ ભાષામાં તેઓ બોલ્યા હતા. મંત્રીઓ ગુસ્સામાં આવી ગયા. તેમણે કહ્યું બળપ્રયોગ કરો, થોડા મરી જાય તો મરવા દો પરંતુ આવી વાહિયાત હરકત સહન ન જ કરાય. મેં તેમને બળપ્રયોગ કરવાને બદલે રાહ જોવા વિનંતી કરી. મુખ્યમંત્રીશ્રીએ મંત્રીમંડળના સાથીઓને કહ્યું, ‘‘ચાલો, જમી લઈએ અને મુખ્ય સચિવને યોગ્ય લાગે તેવી કાર્યવાહી કરવા દઈએ.’’

મેં ડી.જી.પી., પોલીસ કમિશનર અને નાણાસચિવને કહ્યું કે આપણે અત્યંત શાંત રહેવું અને તેમની માંગોને ધ્યાનમાં લઈશું તેવો દેખાવ કરવો. ડી.જી.પી. અને નાણાંસચીવે આવનારા ખર્ચ અંગેની ચર્ચા શક્ય તેટલી લાંબી ચલાવવા કહ્યું. મધ્યરાત્રિ સુધીમાં ટોળાં વિખેરાવા માંડ્યા. અમે તેમની સાથેના કરારમાં જણાવ્યું કે સરકાર સૈદ્ધાંતિક રીતે તેમની માંગણીઓનો સ્વીકાર કરે છે, જો તેઓ તાત્કાલિક અસરથી તેમની હડતાળ સમાપ્ત કરે અને કરારના અમલ દરમ્યાન કડક શિસ્ત જાળવે. સવારે ૪.૩૦ કાલકે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. ઘેર પરત આવી રહ્યા હતા ત્યારે અમને રસ્તામાં ઘોર અંધકાર અને સળગતા ટાયરો નું ભાયજનક વાતાવરણ જોવા મળ્યું રવિવાર, ૨૮ જૂનના રોજ છેલ્લા ચાર દિવસથી શું ચાલી રહ્યું હતું તેથી અજાણ પ્રજાજનોએ રથયાત્રાનો ભરપૂર આનંદ માણ્યો.

મેં ૪ થી ફેબ્રુઆરીના રોજ મુખ્ય સચિવ તરીકેનો કાર્યભાર સંભાળ્યો, ૧૯૮૮માં આવનાર પોલીસ યુનિયનો સાથેના અંતિમ સંઘર્ષમય ચર્ચાઓનું આયોજન કરવા લાગ્યો. મારી છાપ એવી હતી કે ગત વર્ષની રથયાત્રાના સમયે જે અચાનક ભયજનક પરિસ્થિતિ ઊભી કરી હતી તેવું જ તેઓ ફરીથી કરશે, મારી ધારણા ખોટી હતી. તેઓએ પખવાડિયામાં જ કરારના નિયમોનું ઉલ્લંઘન થતું હોય તેવા કૃત્યો શરૂ કરી દીધાં. અમે તેમને જણાવ્યું કે આવી પરિસ્થિતિમાં કરારને સરકાર તરફથી અમલમાં મૂકી શકાય એવું શક્ય નથી. પરિસ્થિતિ વધુ ને વધુ વણસતી ચાલી.

મંત્રીમંડળની બેઠક થઈ, તેમાં પ્રવર્તમાન પરિસ્થિતિની તેમને જાણ કરવામાં આવી. આ બેઠક માટે કોઈ કાર્યસૂચિ કે લેખિતમાં નોંધ-સૂચના ન હતા. અમે વિનંતી કરી અને મંત્રીમંડળે મુખ્યમંત્રીને જે જરૂરી હોય તે પગલાંનો આદેશ આપવા વિનંતી કરી. મુખ્યમંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ મને કહ્યું, “હવે તમે જે તમને યોગ્ય જણાય તે પ્રમાણે કરવા સંપૂર્ણપણે મુક્ત છો.”

ડિફેન્સ સ્ટાફ કૉલેજ વેલિંગ્ટનમાં મેજર જનરલ ચેંગપ્પા મારી સાથે હતા. તેઓ ગુજરાતના લશ્કરના વડા હતા. અમને એકબીજા સાથે સારું ભળતું હતું. મેં તેમની સાથે લાંબી ચર્ચા કરી અને ગયા વર્ષે શું થયું હતું તે વિશે વાકેફ કર્યાં. મેં એમ પણ જણાવ્યું કે આ સમસ્યા માટે અમારી ત્રણ સભ્યોની સમિતિ છે - મુખ્ય સચિવ, ગૃહ સચિવ અને ડી.જી.પી., જ્યારે પણ જરૂર પડે ત્યારે તેમને મળવા અમે એક સાથે નહીં, અલગ અલગ આવીશું. અમે એમને એ પણ જણાવ્યું કે પોલીસ યુનિયનો હવે સરકારની વિલંબકારી પ્રયુક્તિઓથી કંટાળી ગયા છે અને પોલીસ શસ્ત્રાગારમાંથી હથિયારો લઈને હિંસા આવરી શકે છે. અમે એમને પ્રસ્તાવ મૂક્યો કે એક નિશ્ચિત કરેલા દિવસે પોલીસોએ રેઢા મૂકલા શસ્ત્રાગાર અને પોલીસ સ્ટેશનનો લશ્કર કબજો કરશે. તેમજ અમદાવાદના પોલીસ કમિશનર કાર્યાલયથી લશ્કરી કાર્યવાહી થશે. રાજ્યપાલશ્રીએ બંધારણની કલમ ૩૧૧(૨૦)ના ઔપચારિક વિધિમાં પડયા વિનાં યુનિયનના મુખ્ય આગેવાનો સહતિ ૨૦ નેતાઓને નોકરીમાંથી રુખસદ આપી તેમની ધરપકડ કરશે. આવા સખત પગલાંથી આ ગર્ભિત પોલીસ બળવાનો અંત આવશે અને જનરલને એ પણ ખાતરી

કરાવી કે બધા જ આઈ.પી.એસ. અધિકારીઓ અન્ય વરિષ્ઠ ઑફિસરો અને મોટાભાગના પોલીસ કર્મચારીઓ તેમના યુનિયનોની બેજવાબદાર રાષ્ટ્રદ્રોહી દાવપેચ-પ્રયુક્તિઓની વિરૂદ્ધ છે અને આપણી આ કાર્યવાહીને આવકારશે. અમારી સાથે જનરલ સંમત થયા અને દક્ષિણ કમાન્ડ અને આર્મી વડામથકે અમારા પ્રસ્તાવને મંજૂરી માટે મોકલી આપ્યો.

રથયાત્રાના એક અઠવાડિયા પહેલાં હું પુણે ગયો અને દક્ષિણ કમાન્ડના વડાને મળ્યો. એમણે જણાવ્યું કે અમદાવાદથી દરખાસ્ત આવી છે અને એ માટે ચિંતા કરવાની જરૂર નથી. બધુ વ્યવસ્થિત રીતે ગોઠવાઈ જશે, ત્યા બાદ હું દિલ્હી ગયો, લશ્કરના વાઈસ ચીફ જનરલ જોશીને મળ્યો. તેમણે મને જણાવ્યું કે જરૂરી મંજૂરી પૂના અને અમદાવાદ રવાના થઈ ગઈ છે. હવે મંત્રીમંડળની રાજકીય બાબતોની સલાહકાર સમિતિએ ઔપચારિક મંજૂરી આપવાની રહેતી હતી. પ્રધાનમંત્રી શ્રી રાજીવ ગાંધી ત્યારે દેશની બહાર હતા. તેથી શ્રી નરસિંહારાવે સમિતિની અધ્યક્ષતા કરી અને મંજૂરીની આખરી મહોર લગાવી.

અમદાવાદ પરત આવ્યા બાદ અમે જનરલ ચેંગપ્પાને મળ્યા અને નક્કી કર્યું કે ૦૩.૦૦ કલાકે લશ્કર કમાન સંભાળી લેશે. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ બરતરફીના આદેશો પાઠવશે અને રાજ્યપાલ દ્વારા બરતરફ કરાયેલા એવા સહુની ધરપકડ કરશે.


૨૪ મી જુલાઈએ ૦૩.૦૦ કલાકે શરૂ થયેલી સમગ્ર કાર્યવાહી ૨૯ જુલાઈ એ એક પણ બુલેટ ચલાવ્યા વિના શાંતિપૂર્ણ રીતે પૂરી થઈ. બધાજ પોલીસ કર્મચારીઓ ફરજ પર આવી કામે ચઢી ગયા અને શિસ્તનું પુનઃસ્થાપન થયું.

મુખ્ય સચિવ તરીકેની મારી છેલ્લી ફરજ, માર્ચમાં મારા આઈ.એ.એસ. તરીકેની નિવૃત્તિના એક દિવસ અગાઉ સરદાર પટેલના પુત્રી મણિબેનની અંતિમયાત્રા-વિધિની વ્યવસ્થા ગોઠવવાની હતી. અને ત્યાર બાદ મારે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપનીના ચેરમેન-મેનેજિંગ ડાયરેક્ટર તરીકેનો હવાલો સંભાળવાનો હતો.

સમાપનમાં કહું તો,

જો કે ૨૦૧૮ ના ગુજરાતને ૧૯૬૦ ના ગુજરાત સાથે સરખાવવા માટે આંકડાઓ દરેક વખતે બહુ વિશ્વાસપાત્ર ઉપકરણ નથી બનતા, પરંતુ છેલ્લા ૫૮ વર્ષોમાં રાજ્યમાં જે અસાધારણ પરિવર્તન આવ્યું છે તેની આછીપાતળી ઝાંખી મેળવવા માટેની બીજી કોઈ સહેલી પદ્ધતિ નથી. ૧૯૬૦માં ગુજરાતની વસ્તી ૨ કરોડ હતી, આજે ૬ કરોડથી વધારે છે. ૧૯૬૦-૬૧ માં ગુજરાતનો જી.ડી.પી. વિકાસ દર ૧૧% હતો જ્યારે તે ૨૦૧૬-૧૭માં ૧૩% રહ્યો હતો. ૧૯૬૦ માં ભાગ્યેજ કોઈ ગામડામાં વીજળી હતી જ્યારે હાલમાં ૧૦૦% વીજળીકરણ થયું છે.

બીજા સેંકડો ધોરણોથી ગુજરાતે કરેલી પ્રગતિ દર્શાવી શકાય તેમ છે. પરંતુ મારા જેવા અનેક કે જેમણે ત્યારનું ગુજરાત અને આજનું ગુજરાત જોયું છે તેમણે આંકડાઓની આવશ્યકતા નથી. ૧૯૬૦ નું અને ૨૦૧૮ નું ગુજરાત એ જ છે એમ ઓળખાય તેવું નથી તે ચોક્કસ છે.



# ગુજરાતનો વિકાસ મારાં સંસ્મરણો

**શ્રી એચ. કે. ખાન**

સન ૧૯૬૦માં ગુજરાત રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું ત્યારે અર્થતંત્ર મુખ્યત્વે ખેતી આધારિત હતું. અમદાવાદમાં કાપડ ઉદ્યોગ હતો તથા વડોદરા, રાજકોટ કે સુરત જેવા મોટા શહેરોમાં થોડી નાની-મોટી ઔદ્યોગિક પ્રવૃત્તિઓ હતી. મોટા ભાગના લોકોમાંની વ્યાપાર-કુશળતા અને કુનેહ બાબતે ગુજરાત સમૃદ્ધ હતું. આ ધંધાકીય કુશળતા રાજકીય વર્ગના તેમજ અમલદારશાહી બેઉને કામ લાગે તેમ હતી. એવી સ્થિતિ હતી કે કોઈ એકાદ ઉત્પ્રેરક પગલું ગુજરાતમાં ઔદ્યોગિક ક્રાંતિ લાવી શકે.

આ ઔદ્યોગિક પરિવર્તનનો પ્રથમ સંકેત ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપનીની સ્થાપના સાથે જોવા મળ્યો. કંપનીના બોર્ડ ઑફ ડાયરેક્ટરોની રચનામાં રાજકીય અને અધિકારીતંત્રની વિચારસરણી પ્રદર્શિત થઈ. બોર્ડમાં અરવિંદ નરોત્તમ, જયકૃષ્ણ હરિવલ્લભદાસ, એચ.એમ. પટેલ જેવા ઉદ્યોગપતિઓ હોવા છતાં સરકારી અધિકારીઓએ કંપનીનું સંચાલન બોર્ડ પાસે જ રહેવા દીધું.

આ નીતિ અનુગામી સરકારો દ્વારા પણ અનુસરવામાં આવી. પરંતુ આમાં ધરખમ ફેરફાર એંશીના દાયકાની શરૂઆતમાં ત્યારે જોવા મળ્યો કે જ્યારે અંકલેશ્વર, વાપી અને વડોદરાના આશાસ્પદ વિસ્તારોમાં ઔદ્યોગિક વસાહતોની સ્થાપના થઈ. આમાં ગોઠવણ એવી હતી કે રાજ્ય ઔદ્યોગિક નિગમ આંતરમાળખાકીય સુવિધા આપે, ગુજરાત બહારના રોકાણકારોને, જ્યાં કાચા માલની ઉપલબ્ધિ હોય કે ઉદ્યોગ શરૂ કરવા માટેની સગવડો ઉપસ્થિત હોય ત્યાં ઉદ્યોગ અને રોકાણ કરવા આમંત્રણ આપે. આશ્ચર્યકારક સુંદર ફેરફાર થયો. ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ જે ગુજરાતમાં દેશના કુલ ઉત્પાદનનો ભાગ્યે જ ૫-૧૦% હિસ્સો ધરાવતું હતું તે ૪૦% કરતાં વધુ થયો. રાસાયણિક ઉદ્યોગ, ૧૦% કરતાં ઓછો અને મુખ્યત્વે મીઠાપુર ખાતે હતો તે દેશના ઉત્પાદનમાં ૯૦% થી વધુ ઉપર થયો. ગુજરાતની ઔદ્યોગિક ક્રાંતિમાં આ પ્રથમ પગલું હતું.

પછીનો તબક્કો ૧૯૮૦ પશ્ચાત્ વિકસ્યો જેમાં શ્રી પાટણકર અને મારા જેવા સરકારી અધિકારીઓએ નવા રચાયેલા નિગમો જેવા કે, ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન, (જીઆઈઆઈસી), ગુજરાત સ્ટેટ ફાઈનાન્સ કોર્પોરેશન (GSFC)ના સંચાલનની કમાન સંભાળી હતી. કેન્દ્ર સરકારની તે બાબતની ટૂંકી દૃષ્ટિની નીતિને લીધે ખાનગી રોકાણકારોને ઘણા

વ્યૂહાત્મક ઉદ્યોગોમાં પ્રવેશનો ઇનકાર કરવામાં આવ્યો હતો. પરંતુ જાહેરક્ષેત્રમાં તે શરૂ કરવા માટે રાજ્ય સરકારના સાહસો રચવામાં આવ્યા હતા તેથી જીઆઈઆઈસી ને, સરકારી સંસ્થા તરીકે લેટર ઑફ ઇન્ટેન્ટ મળ્યા હતા. મેં જ્યારે કાર્યભાર સંભાળ્યો ત્યારે જીઆઈઆઈસી પાસે ૫૬ કરતાં વધુ અનિર્ણિત લેટર ઑફ ઇન્ટેન્ટ પડયા હતા. જેમને ઉદ્યોગોમાં સાકાર કરી શકાયા ન હતા. કેમ કે રાજ્ય પાસે સ્વાભાવિક રીતે જ મૂડી ન હતી અથવા એ માટેની કુશળતા ન હતી. તેથી અમે ગુજરાતની બહારથી ઉદ્યોગોને આવકારવા અને આ ક્ષેત્રમાં સંયુક્ત સાહસો સ્થાપવા આમંત્રણ આપવાની સાહસિક અને સ્પષ્ટ નીતિ ઘડી તેને જબરદસ્ત પ્રતિભાવ પ્રાપ્ત થયો. આ સંયુક્ત સાહસનો અભિગમ આવકારાયો. પછી તે સમગ્ર દેશમાં વ્યાપકપણે અપનાવવામાં આવ્યો. ગુજરાત આમ ઝડપી ઔદ્યોગિક વિકાસ માટે પરિસ્થિતિ સર્જાઈ.

ગુજરાતનો સંયુક્ત સાહસનો પ્રયોગ અનન્ય હતો. આમાં ખાનગી રોકાણોને ચોક્કસ વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રોમાં સંચાલનમાં ઇક્વિટીના આશરે ૨૫% કે ૪૯% સુધી રોકાણ કરવાની મંજૂરી આપવામાં આવે છે. અને સહકારી નિયામકો કે જેમાં એક ચેરમેન હોય જેથી રોકાણકારોના હિતોનું રક્ષણ થઈ શકે અને ધંધાકીય અનીતિ કે ભ્રષ્ટાચાર અશક્ય બને, આવી ગોઠવણીના નોંધપાત્ર પરિણામો પ્રાપ્ત થયા. ગુજરાત અંબુજા સિમેન્ટ, એપોલો ટાયર્સ, દાલમિયા કેમિકલ્સ, સુરતના સ્ટીલ પ્લાન્ટ, એવા બીજા ઘણા એકમો અને છેલ્લે રિલાયન્સનો હઝીરાનો પેટ્રોકેમિકલ પ્લાન્ટ વગેરે આ પદ્ધતિની માર્ગદર્શિકા પ્રમાણે સ્થપાયા અને સારી રીતે કાર્યરત થયા. ગુજરાતનો ઔદ્યોગિક ચહેરો સદંતર બદલાઈ ગયો. કાપડ ઉદ્યોગ પોતાની જ નબળાઈને લીધે પડી ભાંગ્યો હતો. પરંતુ વિશાળકાય ઔદ્યોગિક એકમોએ ગુજરાતના નકશાને બીજા રાજ્યો કરતાં વધુ સશક્ત રીતે પ્રસ્થાપિત કર્યું.

હકીકતમાં, જીઆઈઆઈસી અને બીજા નિગમોએ સંયુક્ત રીતે એક નવી જ 'સિંગલ વિંડો'ની કાર્યપદ્ધતિ સફળતાપૂર્વક સ્થાપિત અને પ્રચલિત કરી. એ પણ એક હકીકત છે કે, કોઈ પણ ઉદ્યોગ શરૂ કરવા માટે રાજ્ય સરકારમાં અનેક અવરોધો અધિકૃતતા પ્રમાણપત્રો અને પરવાનગી લેવી પડે છે. સિંગલ વિન્ડો અભિગમથી નવા ઉદ્યોગ સાહસિકોને સીધા જ આ પદ્ધતિ મારફત પ્રમાણપત્ર મેળવવાની વ્યવસ્થા ગોઠવાઈ. રોકાણકારને આધારભૂત અને યથાર્થ જણાય તો બધીજ મંજૂરી અપાવવા માટેની સેવા આ 'સિંગલ વિંડો' આપે છે. આ મોડેલ સમગ્ર દેશમાં સ્વીકાર્ય બન્યું અને રોકાણકારો માટે 'લાલ જાજમ' સમાન આવકારદાયક બન્યું. દેશના ઉત્તમ રોકાણકારો ગુજરાતમાં આકર્ષિત થયા અને ગુજરાતની કાયાપલટ થઈ. રાજકીય વર્ગ અને અધિકારીઓએ પણ ઉદ્યોગ સાહસિકોના ઉદ્યોગોમાં અતિક્રમણ કરવાનો પ્રયાસ કર્યા વિના અથવા પોતાના રાજકીય હિતોને વચ્ચે લાવ્યા વિના ટેકો આપ્યો, જો કે, ૭૦-૮૦ના ગાળામાં ગુજરાત સરકારમાં અનેક ફેરફારો થયા પરંતુ ઉદ્યોગકારો-રોકાણકારો માટેની આ મૂળભૂત નીતિ ચાલુ રહી.

આ નીતિ હતી ઉદ્યોગ સાહસિકોને આવવા દેવાની અને સારા અને પ્રમાણભૂત રોકાણકારોને બધી જ સુવિધાઓ આપવાની અને જ્યાં સુધી તેઓ સિદ્ધાંતો અને નૈતિકતાને વળગી રહેતા હોય ત્યાં સુધી તેમને સ્વતંત્રતા આપવાની નીતિ હતી.

જ્યારે પણ કોઈ તક ઊભી થાય ત્યારે ગુજરાત તેનો પૂર્ણ પણે અને સાચી રીતે અવશ્ય લાભ લેવામાં માને છે. ૯૦ના દશકના પ્રારંભમાં નાણાંપ્રધાન ડૉ. મનમોહન સિંહે પાવર પ્રોજેક્ટસમાં ખાનગી સહભાગીતાની પરવાનગી આપી ત્યારે સંયુક્ત સાહસમાં પ્રોજેક્ટ માટેની તક ઝડપી લેવામાં ગુજરાત પ્રથમ હતું. ગુજરાત ટોરેન્ટની ઉપલબ્ધ ગૅસના આધારે ૬૦૦ એમજી ઉત્પાદન કરવા સ્થાપના કરવામાં આવી. આ પછી પાવર પ્લાન્ટના અભૂતપૂર્વ ખાનગીકરણ અને ગેસ તથા આયાતિ કોલસા આધારિત નવા પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યાં. આ દિશામાં ટોરેન્ટ અને અદાણી નોંધપાત્ર ઉદાહરણો છે. ગુજરાત એથી પાવર પુરવઠામાં આત્મનિર્ભર બન્યું એટલું જ નહીં પરંતુ વધારાના પાવરને અન્ય રાજ્યોમાં નિકાસ કરવાનું શરૂ કર્યું.

પેટ્રોલિયમ ક્ષેત્રને પુનર્જીવિત કરવાના અને તેના વિકાસ માટે પ્રયાસો કરવામાં આવ્યા. ગુજરાતમાં કેટલાક વિસ્તારોમાં નાના તેલના કૂવા હતા જે ભવિષ્ય માટે કે બોમ્બે હાઇના ઉત્સાહમાં બંધ કરવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ (જીએસપીસી)ની રચના કરવામાં આવી. અમે વિકાસ માટે આ બંધ બિનવપરાશી પાઇપ લાઇનોને અમને આપવા ભારત સરકારનો સંપર્ક કર્યો. આમ તો આખરે તેલનું પ્રત્યેક ટીપું દેશ માટે કિંમતી હતું. આરંભિક અનિચ્છા બાદ સરકારે આ પ્રસ્તાવનો સ્વીકાર કર્યો, આ ક્ષેત્રમા અનુભવ હોય તેવા સહભાગીની અમે વૈશ્વિક સ્તરે શોધ શરૂ કરી, આખરે કેનેડાની નિકો કંપની અમારા ધ્યાનમાં આવી અને કુદરતી ગૅસ અને તેલનો પ્રથમ સંયુક્ત પ્રોજેક્ટ અમે હજીરામા શરૂ કર્યો. આ એક નોંધપાત્ર સિદ્ધિ સાબિત થયું. આજે રાજ્યને ગૅસનો નોંધપાત્ર એવો સારો ફાળો તેમાંથી મળે છે.

એજ રીતે જ્યારે બેંકિંગ ક્ષેત્રને ખાનગી સહભાગીતા માટે ખુલ્લું જાહેર કરવામાં આવ્યું ત્યારે ગુજરાતની બેંક માટે ગુજરાતે સૌ પ્રથમ અરજી કરી હતી. એવું પણ અનુભવાયું કે સમયની અને સરળતાની દૃષ્ટિએ ગુજરાતના નાના શહેરોનો રસ્તા મારફત પ્રવાસ ઊણો હતો. સુરત જેવા શહેરોથી ભાવનગર વગેરે શહેરોમાં ઓછા સમયમાં પહોંચી શકાય તે માટે ગુજરાત એરવેઝની સ્થાપના કરવામાં આવી. કમનશીબે કેટલીક રાજકીય ઉદાસીનતાને લીધે આ પ્રોજેક્ટ પરિપકવ ન થયો.

ગુજરાતમાં વિકાસની હરણફાળ છતાં પૂર્ણ ચિત્રમાં હજુ ઊણપ હતી જે પુરવાની આવશ્યકતા હતી. અમે જોયું કે ગુજરાતમાં ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝ નથી. તેથી જ્યારે જનરલ મોટર્સની (જી.એમ.) પંચમહાલમાં ઓટોમોબાઇલ પ્લાન્ટ સ્થાપવાની દરખાસ્ત આવી ત્યારે અમે તેનું સ્વાગત કર્યું. જો કે, કેટલાક સાથીઓ એવું માનતા હતા કે એક જ એકમને અનેક રાહતો આપવી યોગ્ય નથી. આવો વિરોધનો સૂર હોવા છતાં અમે આમાં આગળ વધ્યા. હકીકતે

ઓટોમોબાઈલ ઉદ્યોગ સંખ્યાબંધ અનુષાંગિક એકમોને પ્રોત્સાહન આપે છે. અને વિકાસ પ્રક્રિયા પ્રસરતી જતી થાય છે અને આર્થિક લાભોની હારમાળા સર્જાય છે. આથી જનરલ મોટર્સના એકમને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

બીજું મહત્ત્વનું ક્ષેત્ર જે વિકસાવી શકાય તેવું હતું તે આંતરમાળખાકીય સુવિધાઓ, ગુજરાત ખૂબ લાંબો દરિયાકાંઠો ધરાવે છે અને તે પર અનેક નાના બંદરો આવેલા છે. પરંતુ આ બંદરોનો ઉપયોગ મુખયત્વે નાના પ્રમાણમાં માછીમારો માટે કરવામાં આવતો હતો. અમે નક્કી કર્યું કે રાજ્ય સરકારના તાબા હેઠળના આ નાના બંદરોને ખાનગીકરણ માટે મજૂરી આપવી. આમાં પ્રથમ ભાવનગર પાસેનું પિપાવાવ બંદર હતું જેનું પહેલ વહેલું ખાનગીકરણ કરવામાં આવ્યું. ત્યાર બાદ મુંદ્રા બંદર, જેનો નોંધપાત્ર વિકાસ થયો અને રાજ્યને તેના અનેક લાભો પ્રાપ્ત થયા. પછી તરત જ સમસ્ત દરિયાકાંઠે લિક્વિફાઈડ નેચરલ ગૅસ (LNG)ના મથકો અને સંલગ્ન વિકાસ ફેલાયો. બંદર વિકાસના સંદર્ભે ગુજરાત ગણનાપાત્ર રાજ્ય બન્યું.

હકીકતમાં પ્રગતિશીલ ઔદ્યોગિકરણ માટે ગુજરાત એટલું બધું જાણીતું થયું કે દેશભરમાંથી લોકો તેના વિકાસનો અભ્યાસ કરવા અહીં આવવા લાગ્યા. ઓરિસ્સાના મુખ્યમંત્રી શ્રી બીજુ પટનાયક ગુજરાતના મુખ્યમંત્રીને નાસ્તા-બેઠક માટે મળવા આવ્યા અને ગુજરાતમાં વિકાસનો પરિચય મેળવ્યો. બીજા રાજ્યોમાંથી અનેક વરિષ્ઠ અધિકારીઓ ગુજરાતમાં 'સિંગલ-વિન્ડો' અભિગમનો અભ્યાસ કરવા આવ્યા. ઘણાએ પોતાનાં રાજ્યોમાં તેનો અમલ કર્યો. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી તિવારીએ થોડા દિવસ લખનૌ ખાતે રહી તેમના અધિકારીઓને (કહેવાની છૂટ લું તો) સંયુક્ત ક્ષેત્રનો ખ્યાલ કેવી રીતે કાર્યરત કરવો તેનું પ્રશિક્ષણ આપવા આમંત્રણ આપ્યું. જેનું મેં મારી શ્રેષ્ઠ ક્ષમતા મુજબ સંચાલન કર્યું. ગુજરાત તેના પ્રગતિશીલ વિકાસ માટે સમગ્ર દેશમાં પ્રતિષ્ઠિત બન્યું. જે પાછળથી, આજે, ગુજરાત મોડેલ તરીકેની કીર્તિ ધરાવે છે.



મહાત્મા મંદિર : મહાત્મા ગાંધીના જીવન અને દર્શનની ઝાંખી કરાવતું દેશનું સૌથી મોટું સ્મારક - સભાગૃહ ગાંધીનગર

આમ, ગુજરાતના આર્થિક વિકાસની આ ગાથા છે. ગુજરાતમાં હવે અજોડ રાજકીય સ્થિરતા ને લીધે આ વિકાસ યાત્રા ૨૦મી સદીના પ્રથમ દાયકામાં પણ ચાલતી રહી. આની સાથે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ જેવી બીજી બાબતોમાં પણ વિકાસ થયો. સમગ્ર રાજ્યમાં ઘણા નવા તેમજ સારા રસ્તાઓનું નિર્માણ થયું જેથી સંપર્ક-જોડાણો સરળ બન્યા વગેરે વગેરે. આજે વિકાસ માટે સમગ્ર દેશમાં 'ગુજરાત મોડેલ' પ્રખ્યાત છે. રાજ્યની અકલ્પનીય, પરિવર્તનકારી યાત્રામાં મને જે કાંઈ ભૂમિકા ભજવવાની તક મળી તે માટે હું મને ભાગ્યશાળી ગણું છું.

**શ્રી એચ. કે. ખાન**

(૧૯૩૩ થી ૨૦૧૯)

'મેન ઑફ ઓલ સિઝન્સ' તરીકે ઓળખાતા શ્રી એચ. કે. ખાન એક અસાધારણ સિવિલ સર્વન્ટ, પ્રભાવશાળી સ્વપ્નદૃષ્ટા અને ગતિશીલ ઉદ્યોગકાર હતા. શ્રી ખાને લગભગ ચાર દાયકા સુધી ગુજરાત કેડરમાં નોંધપાત્ર ફરજ બજાવી છે. તેમણે મુખ્ય સચિવ તરીકે નિવૃત્ત થયા અને આધુનિક ગુજરાતને આકાર આપવામાં શ્રેષ્ઠ ભૂમિકા ભજવી હતી.



જગંલી ગધેડાનું અભયારણ – કચ્છનું નાનું રણ



# ભારતમાતાનું લક્ષ્મી સ્વરૂપ

શ્રી નાગરાજન વિટ્ઠલ

આઈ.એ.એસ. ગુજરાત કેડરમાં મારી ફાળવણી થઈ તે મારા જીવનનો શ્રેષ્ઠ અને યાદગાર પડાવ હતો. મેં માત્ર ૨૨ વર્ષની વયે ૧૯૬૦ માં યુપીએસસી ની પરીક્ષા પસાર કરી હતી. સિવિલ સર્વિસીઝમાં મારી ૪૨ વર્ષ લાંબી મજલ રહી, જેમાં ૨૪ વર્ષ ગુજરાત સરકારમાં અને ૧૮ વર્ષ ભારત સરકારમાં. ગુજરાત ૧ મે, ૧૯૬૦ ના રોજ અલગ રાજ્ય બન્યું અને હું ૧૬ મે, ૧૯૬૦ ના રોજ આઈએએસમાં જોડાયો.

ગુજરાત કેડરની પ્રથમ બેચનો હોવાથી મારી સમગ્ર કારકિર્દી એક નવા રાજ્યને નિર્મિત કરવાની કવાયતમાં ભાગરૂપ બની. જાહેર વહીવટ ક્ષેત્રે નવી ક્ષિતિજો અને પડકારોનો સામનો કરવાનું મને સદ્‌ભાગ્ય મળ્યું.

આ પ્રક્રિયામાં સરકારમાં અગ્રેસરોમાંનો સભ્ય હોવાથી મેં અનેક સીમાચિહ્નો પસાર કર્યાં. રાજ્યની દેશ માટે ૨૧ની સદીમાં પ્રગતિમાં મોખરે આવવાની નોંધપાત્ર ગાથામાં મારી ભૂમિકાની યાદી બનાવું તે પહેલાં મને અમેરિકાના પૂર્વ પ્રમુખ જ્યોન એફ કેનેડીના યાદગાર શબ્દોનું સ્મરણ થાય છે. "સફળતાના અનેક પિતા હોય છે જ્યારે નિષ્ફળતા અનાથ હોય છે. સરકારમાં મારી શ્રેષ્ઠ અને નોંધપાત્ર કામગીરીના ત્રણ મહાન પિતા છે (૧) ગુજરાતનું દૃષ્ટિવંત અને વ્યાવહારિક નેતૃત્વ, (૨) કેડરમાંના ખૂબજ પ્રેમાળ અને ઉદાર સહકર્મીઓ, (૩) સમસ્ત રાજ્યમાં ગુજરાતની વ્યાવહારિક માનસિકતા અને ભાવના ઈશ્વરની જેમ સર્વવ્યાપી છે. મોટા ભાગના રાજ્યોમાં સરકારના સચિવનું પદ કોઈ જાહેર ક્ષેત્રના ઉદ્યોગના મુખ્ય કારોબારી અધિકારી કરતાં ઊંચું માનવામાં આવે છે. ગુજરાતમાં આથી ઊલટું છે. ગુજરાતના ડીએનએના મૂળમાં રહેલો વાસ્તવિકતાવાદ તુમારશાહીમાં નહીં પરંતુ વિશાળ સુગમતા અને સ્વતંત્રતામાં પ્રતિબિંબિત થાય છે. સરકારના મુખ્ય સચિવ કરતાં જાહેર ક્ષેત્રના મુખ્ય અધિકારીને વધુ કામ કરવાની સરળતા છે. એક જાણીતી ઉક્તિમાં અહીં બધા માને છે, 'અમને રોટલા સાથે નિસ્બત છે, ટપટપ સાથે નહીં.'

ગુજરાતના પ્રત્યેક સિવિલ અધિકારીઓની માનસિકતા એવી ઘડાઈ છે કે તેઓ પ્રત્યેક સમસ્યાને અવસર ગણે છે.

ગુજરાતમાં મારા મહાન ગુરુ હતા મહેનતુ અને કાર્યલક્ષી એવા આઈસીએસ શ્રી એલ. આર.દલાલ. ઝડપ અને પરિણામો પર હંમેશાં તેમનું ધ્યાન રહેતું. 'કરી શકાય' તેવી ભાવના

હંમેશ તેમનામાંથી પ્રકટ થતી હતી. સંપૂર્ણપણું અને ઝડપમાંથી ઝડપને ચૂંટવું તે મારા સિદ્ધાંત અને ફિલસૂફી બન્યાં. જ્યારે ૧૯૬૩માં તેઓ પી.ડબલ્યુ.ડી.માં સચિવ હતા અને હું આવાસ નિયંત્રક અને પી.ડબલ્યુ.ડી.માં ઉપસચિવ હતો તે સુયોગને હું મારું સદ્ભાગ્ય ગણું છું.

ગુજરાત અલગ રાજ્ય બન્યું ત્યારે તેને નવું પાટનગર ગાંધીનગર બનાવવા માટે ૪૦ કરોડ રૂપિયા મળ્યા હતા. અમદાવાદ નવા રાજ્યનું હંગામી પાટનગર હતું.

મારી કારકિર્દીને આકાર આપવામાં મારી કેડરના અનેક સાથીઓ અને ખાસ કરીને મારા ઉપરીઓનો ઘણો ફાળો રહ્યો છે એની સૂચિ લાંબી થઈ શકે તેમ છે. પરંતુ મારે જેમનો ઉલ્લેખ કરવો જ રહ્યો તેમાં સર્વશ્રી એફ. એમ. રાણા, એમ. શિવજ્ઞાનમ, વી.બી. ઈશ્વરન, સ્ટાન કોએલ્હો, એચ.આર. પાટણકર, એસ.એમ.ઘોષ, જી.એસ.શેઠ, એ.એસ.ગિલ અને કે. પ્રદ્યુમનસિંહજીનો સમાવેશ થાય છે.

૧૯૬૦માં ગુજરાત ઔદ્યોગિક અને આર્થિક વિકાસ મોરચે ૮મું સ્થાન ધરાવતું હતું. થોડા સમયમાં જ તે મહારાષ્ટ્ર કે જે પ્રથમ સ્થાને હતું તેનાથી અનેક બાબતોમાં આગળ નીકળી ગયું.

ગુજરાત રાજ્ય બન્યું તે દિવસથી જ તમામ પછાત વિસ્તારોમાં સુધારા અને વિકાસની સતત પ્રક્રિયા ચાલુ રહી છે. મને કચ્છ, ભરૂચ, સાબરકાંઠા જેવા પછાત પ્રદેશમાં સેવા આપવાની; મારી સમસ્ત કારકિર્દી દરમ્યાન આખા ગુજરાતને આવરી લેતા વિભાગોના વડા તરીકે ફરજ બજાવવાની તક મળી તે માટે હું મારી જાતને ભાગ્યશાળી સમજું છું.

૧૯૭૦ થી ૧૯૭૪ દરમ્યાન હું રાજ્યના ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ વિભાગનો નિયામક હતો, આથી મને રાજ્યના જ્યાં સામાન્ય રીતે જવાનું હોતું નથી તેવા વિસ્તારોમાં ફરવાની તક મળી. ભૂસ્તરશાસ્ત્ર પરીક્ષણ અને સંશોધન જે વિસ્તારોમાં ખાસ વસતી ન હોય તેવા પ્રદેશોમાં થતી હોય છે.

ગુજરાતમાં આંબાડુંગર ફ્લોરસ્પા-ખનિજનાં ત્રીજાં સૌથી મોટા ભંડારો છે. ગુજરાતના ખનિજ વિકાસ નિગમ (જીઆઈડીસી)ના વ્યવસ્થાપક નિયામક તરીકે ગુજરાતની ખનિજ પેદાશોને આગળ વધારવા અને વેચાણને વિકસાવવા એ મારી જવાબદારી હતી. ૧૯૭૪ માં મેં કંડલા ફ્રી ટ્રેડ ઝોન જે ૧૯૬૫ માં શરૂ થયું હતું અને કસ્ટમ્સ અધિકારીઓ દ્વારા જેનું સંચાલન થતું હતું તેને વિકસાવવાનો પડકાર પસંદ કર્યો. ત્યારે ત્યાં માત્ર નવ જેટલા નાના ઉદ્યોગો હતા. ઝોનના વ્યથિત ઉદ્યોગકારો તત્કાલીન મુખ્યમંત્રી ઘનશ્યામભાઈ ઓઝાને તેમની મુશ્કેલીઓ અંગે ફરિયાદો કરી હતી અને પોતાના કારખાનાઓની ચાવીઓ તેમને સોંપી દેવાની તૈયારીમાં હતા. મારા ગુરુ શ્રી દલાલે મને ટકોર કરી હતી કે હું ત્યાં ઝંપલાવવા જઈ રહ્યો છું જ્યાં દેવદૂતો પણ જવાનું સાહસ ન કરે, મેં અનુભવ્યું કે સંચાલનના સિદ્ધાંતોને કંડલા ફ્રી ટ્રેડ ઝોનની વ્યવસ્થા ગોઠવવામાં પણ લાગુ કરી શકાય છે. કંડલા ફ્રી ટ્રેડ ઝોનમાંના મારા ત્રણ વરસના કાર્યકાળમાં નોંધપાત્ર પ્રગતિ થઈ. કારખાનાઓની સંખ્યા ૯ માંથી ૬૫ થઈ,

કામદારોની સંખ્યા ૫૦૦ માંથી ૧૫૦૦ થઈ, નિકાસ રૂ. એક કરોડમાંથી ૪ કરોડની થઈ. આજે આ આંકડા કેટલા બધા નાના જણાય છે.

કંડલાની સફળતા બાદ ૧૯૭૭ થી ૧૯૮૦ સુધી મારી ઉદ્યોગ કમિશનર તરીકે નિમણૂક થઈ. જે અંતર્ગત નીચે મુજબના સીમાચિહ્નો સ્થાપિત થઈ શક્યા.

૧. ગુજરાત ૧૭ જિલ્લાઓમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો ધરાવનાર પ્રથમ અને એકમાત્ર રાજ્ય બન્યું.

૨. બિનપરંપરાગત નવીનીકરણીય ઊર્જાસ્ત્રોતોને પ્રોત્સાહન આપવા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી (જીઈડીએ)ની સ્થાપના અને તેને કાર્યરત કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય બન્યું.

૩. ઈન્ડેક્ષ્ટ (ઔદ્યોગિક એકટેંશન ટીમ) નામની સિંગલ વિંડો સિસ્ટમ પૂરી પાડીને ઉદ્યોગોના એકીકૃત વિકાસ માટે ગુજરાત એક મોડેલ રાજ્ય બની ગયું.

આથી ગુજરાતને રાજ્ય તરીકે ખાસ મહારાષ્ટ્ર સાથે સ્પર્ધા કરવામાં, પરમિટ રાજના જમાનામાં અનુકૂળતા મળી.

ઔદ્યોગિક ક્ષેત્રે વૃદ્ધિ માટે વિદેશોમાંથી રોકાણો આકર્ષવા જૂથને મોકલાવનાર ગુજરાત પ્રથમ રાજ્ય હતું. કાર્યશીલ અને દષ્ટિવંત શ્રી એમ.જી.શાહ આના શ્રેયને પાત્ર છે. મે, ૧૯૭૯ માં મારા વરિષ્ઠ એવા શ્રી સી.સી. ડૉક્ટર અને એલ.એન.એસ મુકુંદન સહિતના એક જૂથનું નેતૃત્વ કર્યું. છ મહિનાની અંદર અમને રૂપિયા ૧૦૦ કરોડ જેટલું વિદેશી રોકાણ પ્રાપ્ત થયું. આ એક અગ્રેસર પહેલ બની રહી. જેનું અન્ય રાજયોએ અનુકરણ કર્યું.

૧૯૮૨માં હું નર્મદા વેલિ ફર્ટિલાઈઝર કંપનીને મેનેજિંગ ડાયરેક્ટર બન્યો અને મને વિકાસ અંગેના વિચારોના પ્રયત્નો કરવાની બીજી એક તક સાંપડી, ત્યારે નીચે મુજબના નવા વિચારો અમલમાં મૂક્યા.

૧. ખાતરની આયાત માટે દહેજનો બંદર તરીકેનો વિકાસ.

૨. જી.એન.એફ.સી. જાહેર ક્ષેત્રનું એવું પ્રથમ ઉદ્યોગ-એકમ હતું જ્યાં ખાનગી ક્ષેત્રના ઉદ્યોગગૃહોની માફક અનેક ક્ષેત્રમાં વૈવિદ્ધકરણ હાથ ધરવામાં આવ્યું. જી.એન.એફ.સી.એ. ઈલેક્ટ્રોનિક ક્ષેત્રમાં પણ ઝંપલાવ્યું જે આજે રાજ્યના ઈલેકટ્રોનિક જોડાણ-સંપર્ક માટેનું આંતરમાળખું પૂરું પાડે છે.

૩. જી.એન.એફ.સી. શૂન્ય પ્રદૂષણ પ્લાન્ટ તરીકે પ્રસ્થાપિત થયું. પ્રત્યેક પ્રદૂષકો પણ ઉત્પાદક થઈ શકે છે તે સાબિત કરી બતાવ્યું. જેમ કોઈ એક વ્યક્તિનું ભોજન અન્ય વ્યક્તિને હાનિકારક હોઈ શકે. એક ઉદ્યોગનું પ્રદૂષક બીજા માટે કાચા માલ હોઈ શકે છે. પ્લાંટના કોલમાંથી નીકળતી ૧૦૦૦ જેટલી ફ્લાય-એશ ભરૂચ શહેરમાં જમીનને સમતલ બનાવવામાં ઉપયોગ થયો. જેથી જમીનના દેખાવ અને જીવંતતામાં ધરખમ

સુધારો થતો ગયો. પ્રવાહી પ્રદૂષણને શુદ્ધ કરીને નજીકના વિસ્તારોના ખેતરોને સિંચાઈ માટે, ખાસ કરીને કપાસ અને બીજા ખેત ઉત્પાદનોની વૃદ્ધિ માટે વાપરવામાં આવ્યા. કારખાનામાં વપરાતા ઈંધણ-તેલમાંના સલ્ફરના સંયોજનને સલ્ફર તત્ત્વમાં રૂપાંતરિત કરવામાં આવ્યું જે ગુજરાતમાં અને દેશના અન્ય ભાગોના રાસાયણિક ઉદ્યોગોને સહેલાઈથી વેચવામાં આવ્યું.

૪. શિક્ષણના ક્ષેત્રમાં જીએનએફસીએ ગુજરાત નર્મદા કૉલેજ ઑફ આર્ટ્સ, સાયન્સ અને કોમર્સની સ્થાપના કરી જે વિસ્તારના લોકો માટે આશીર્વાદ સમાન પૂરવાર થઈ.

મારામાં વણાઈ ગયેલી ગુજરાતી વિચારસરણીના ભાગ એવા મારા વ્યાપારી અભિગમે મારા ગૃહ અને નાગરિક પુરવઠા જેવા નિયમનકારી વિભાગોમાં નિગમોના જેવી વ્યૂહ રચના લાગુ કરવામાં મને મદદ કરી. ગુજરાત પોલીસ હાઉસિંગ નિગમ અને ગુજરાત નાગરિક પુરવઠા નિગમ, હું જાણું છું તેમ આજે પણ રાજયમાં મૂલ્યવાન યોગદાન આપી રહ્યા છે.

ભારત સરકાર અને માનનીય રાષ્ટ્રપતિએ ૨૧૧૨માં મને પદ્મભૂષણ એનાયત કર્યો તે માટે હું આભારી છું.

ગુજરાત સદાથી ભારતમાતાનું લક્ષ્મી સ્વરૂપ બની રહ્યું છે. મને ગુજરાતમાં આંનદદાયક સ્મૃતિઓ સભર જીવન ગાળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.



# ગુજરાતનો વિકાસ મારી યાદો

શ્રી પી. વી. સ્વામિનાથન

મારું અને મારી બેચના સાથીઓનું જૂન, ૧૯૬૨માં ગુજરાતમાં આવવાનું થયું. અમને જે ઉમળકાભેર આવકારવામાં આવ્યા. તેથી અમે દંગ રહી ગયા. એક વરિષ્ઠ અધિકારી શ્રી શિવજ્ઞાનમ ઔપચારિક શુભેચ્છા માટે મુખ્યમંત્રી, મુખ્ય સચિવ અને બીજા ઉપલા અધિકારીઓને મળવા માટે લઈ ગયા હતા. આમાંના કેટલાક અધિકારીઓએ અમને તેમના ઘરે ભોજન માટે પણ આંમત્રણ આપ્યાં. આમાનું એક ડિનર-આમંત્રણ અમને નાણાં સચિવ શ્રી વી.એલ. ગિદવાણીનું, તેમનાં આશ્રમરોડ સ્થિત નિવાસે હતું. ત્યારે આશ્રમ રોડ અત્યંત શાંત વિસ્તાર હતો. અનેક દુકાનો અને પ્રવૃત્તિઓથી ધમધમતો આ રોડ આજે ગુજરાત કેટલું વિકસ્યું છે તેનું સૂચક છે.

મારી પહેલી નિમણૂક પોરબંદર પ્રાંત (જે અત્યારે જિલ્લો છે) ખાતેની સહાયક કલેક્ટર તરીકેની હતી તે સમય યાદ આવે છે. ત્યાંની ગંભીર દુકાળની પરિસ્થિતિને સંભાળવામાં હું સામેલ હતો. નાયબ કલેક્ટરને તે દિવસોમાં કોઈ વાહન આપવામાં આવતું નહીં. મોટા ભાગે એસ.ટી.બસો દ્વારા પ્રવાસ કરવાનો રહેતો. પછી નાણામંત્રી આ વિસ્તારના જ હતા. તેઓ પણ અસરગ્રસ્ત ગામોની મુલાકાત શનિ-રવિમાં લેતા. મને તેમની કારમાં હંમેશા સાથે લઈ જતા. તેમનો લાગણીશીલ સ્વભાવ અને દુકાળ પ્રભાવિત ગામડાઓમાં રોજગારી અને પાણી માટે, ખાસ કરીને ખેતી માટે આયોજન કરવાનું અને તેને અમલમાં મૂકવાનું માર્ગદર્શન અમૂલ્ય હતું.

પંચાયત રાજનો અમલ કરવામાં ગુજરાત પ્રથમ રાજ્ય હતું. ત્યારે ઉનાથી પોરબંદર સુધીના સુંદર જૂનાગઢ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી તરીકે મારી નિમણૂક થઈ. પંચાયત રાજના અમલીકરણ પ્રક્રિયાના ભાગ બનવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું. ગુજરાતમાં અમલમાં આવી રહેલી આ પ્રણાલી ખરી લોકશાહીના વિકેન્દ્રકરણની અદ્ભુત પ્રક્રિયા હતી. જેમાં જિલ્લાનાં પ્રાથમિક શિક્ષણ, ગ્રામીણ આરોગ્ય, સ્થાનિક રસ્તાઓ વગેરેના સંદર્ભમાં સંપૂર્ણ સત્તા જિલ્લા પંચાયત પાસે રહેતી. સ્થાનિક કાર્યકરોને સામેલ કરી પાંચ વર્ષોની જરૂરિયાતો ધ્યાનમાં લઈ આયોજન કરવાની યોજના ઘડવાની રીતે બોટમ-અપ (નીચેથી ઉપર તરફનો) અભિગમ હતો.

બાદમાં ટૂંકા પરંતુ ઉત્સાહપ્રેરક ગાળા માટે મારી નિમણૂક ભૂસ્તરશાસ્ત્ર અને ખાણના નિયામક તરીકે થઈ. ગુજરાતમાં કોલસો બહુ દૂરથી આવતો. અને ગુજરાતનાં જે વિસ્તારોમાં ભૂસ્તરમાં કોલસો હોવાના થોડા પણ ચિહ્નો હતા. તેવાં લિગ્નાઇટ ક્ષેત્રો પારખવા અને તેની શોધ કરવા તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા હતા. ઉત્તર કચ્છમાં પાનંધ્રો ખાતે આ પ્રોજેક્ટમાં એક

સમર્પિત ટીમ કાર્યરત હતી. સ્ટેશન-વેગનમાં ત્યાંની લાંબી સફર મને હજુ યાદ છે. ભુજથી પાનંધ્રોનો રસ્તો ખાબડખૂબડ હતો તેમજ ત્યાં રાત તીવ્ર ઠંડીમાં તંબુમાં ગાળવી પડતી. અમારી ટીમના જે સભ્યોએ ડેટાના આધારે લિગ્નાઇટના જે મોટા ક્ષેત્રો શોધી કાઢ્યા હતા તેમના ચહેરા પ રનો આનંદ અપ્રતિમ હતો. આ વિસ્તાર હવે મોટી ખાણ, પાવર પ્લાંટ્સ અને ઉત્તમ રસ્તાઓવાળો વિકસિત પ્રદેશ બની ગયો છે.

આ પછી હું ઉદ્યોગ, ખાણ અને પાવર વિભાગના નાયબ સચિવ તરીકે નીમાયો, ત્યારે એ માત્ર બે નાયબ અને બે અવર સચિવ સાથેનો બહુ જ નાનો વિભાગ હતો. આ વિભાગ દ્વારા હાથ ધરાતા પ્રત્યેક મુદ્દાની સમગ્ર રાજ્ય પર ભારે અસર પડે તેવું હતું. અમારું મુખ્ય કાર્ય હતું રાજ્યના ઝડપી વિકાસ માટે નીતિઓનું નિર્માણ કરવાનું. આમાં વિચાર એવો હતો કે સરકારે ઉદ્દીપક તરીકેનું કાર્ય કરવાનું, માળખાકીય સુવિધાઓ અને નાણાં આપવાનું હતું. લોકોની ઔદ્યોગિક સાહસિકતાના અભિગમને વાપરી ઉદ્યોગો સ્થપાય તે માટે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જી.આઈ.ડી.સી.)ની સ્થાપના જરૂરી જમીન સંપાદન કરી પૂરતી સુવિધા સાથેના ઝૂમખાં (ક્લસ્ટર) રચવા જેથી ઉદ્યોગ સાહસિકોને તેમની યોજનાઓ પ્રમાણે પ્લેટફોર્મ તૈયાર મળી રહે તે માટે કરવામાં આવી હતી. નાણાકીય સહાયની જોગવાઈ માટે ખાસ કરીને નાના એકમો માટે ગુજરાત નાણા નિગમ (જી.એસ.એફ.સી.)ની રચના કરવામાં આવી. મધ્યમ અને મોટા ઉદ્યોગોને શરૂઆતથી ઈક્વિટી નાણાં પૂરા પાડવા પ્રારંભિક ગાળાની સમસ્યાઓમાં નાણાકીય સહાય પૂરી પાડવા ગુજરાત ઔદ્યોગિક રોકાણ નિગમ (જી.આઈ.આઈ.સી.)ની સ્થાપના કરવામાં આવી. જેમાં સામાન્ય રીતે તે ઈક્વિટી જરૂરિયાતના ૨૬% લેતા જેમાંના પ્રોમોટર્સ પાસેથી ૨૫% અને બાકીના બજારમાંથી એકઠા કરવાનું રહેતું. આ પ્રકારના સંયુક્ત સાહસના અધ્યક્ષની નિમણૂક સરકાર કરતી તથા સમગ્ર સંચાલનની જવાબદારી જે તે ખાનગી સંસ્થા પર રહેતી. જેથી એકમ વ્યાવસાયિક રીતે કાર્ય કરી શકે. એ ઔદ્યોગિક એકમની કામગીરી સ્થિરતા પ્રાપ્ત કરે પછી સરકાર તેના ઈક્વિટી ભંડોળને રોકાણમાં પરત લઈ લે તેવી વ્યવસ્થા કરવામાં આવી.

એ દિવસોમાં સરકારમાં આ ક્ષેત્ર માટે મર્યાદિત અનુભવ કે કૌશલ્યો હતાં. શરૂઆતમાં તેથી આ માર્ગદર્શન બહારથી લેવામાં આવ્યું. પણ બહુ જ ઓછા સમયમાં આ માટે જરૂરી વિશ્વસનીય અને વિચક્ષણ એવી ક્ષમતા આમાં આવી ગઈ.

અમદાવાદની પ્રતિષ્ઠિત મેનેજમેન્ટ સંસ્થા આઈ.આઈ.એમ.ની સ્થાપના કરાવવામાં ડૉ. વિક્રમ સારાભાઈ અને બીજા અગ્રણીઓ સાથે મળીને મેં સક્રિય પૂર્વભૂમિકા ભજવી. કંપની કાયદા હેઠળ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર કંપની, ખાતર અને બીજા રસાયણોના ઉત્પાદન માટે ઊભી કરવામાં આવી. આ માટે વિશાળ મૂડી ખર્ચની જરૂરિયાતને ધ્યાનમાં રાખી, એક નવીન નાણા-માળખું રચવામાં આવ્યું. સામાન્ય જાહેર ક્ષેત્રથી અલગ એવી સરકારની શેર માલિકી ૪૯% સુધી મર્યાદિત રખાઈ, બાકીના નાણાંની વ્યવસ્થા બજારમાંથી ઊભી કરવામાં આવી. આવી માળખા રચના કંપનીને બીજી નાણઆં સંસ્થાઓ પાસેથી નાણાં મેળવવામાં ઉપયોગી બની. બોર્ડ ઑફ ડાયરેક્ટર્સમાં


વ્યાપાર-ઉદ્યોગના અને અન્ય ક્ષેત્રોના જાણીતા અગ્રણીઓનો સમાવેશ કરવામાં આવ્યો. આમાં મૂળભૂત વિચાર એ હતો કે કંપની, અમલદારશાહીની દખલગીરી વિના વ્યાવસાયિક રીતો પ્રમાણે ચાલી શકે. આ સિદ્ધાંતો પર જ ઉત્પાદન ક્ષેત્રની બીજી બે મોટી કંપની જી.એન.એફ.સી. અને જી.એ.સી.એલ. શરૂ કરવામાં આવી. આ કંપનીઓ બધી જ સરકારોના ટેકાને કારણે વ્યાવસાયિક ધોરણે અને કાર્યક્ષમ રીતે ચાલુ રહી શકી.

શરૂઆતના તે દિવસોમાં ઉદ્યોગો અને ખેતી ક્ષેત્ર તરફથી વધતી જતી વીજળીની માંગ, એક મોટી સમસ્યા હતી. લાંબા અંતરે આવેલા કોલસાવાળા વિસ્તારોને કારણે પણ રાજ્યને પ્રતિકૂળ અસર થતી હતી. નવા પાવર પ્લાંટ માટે અંદાજપત્રમાંથી પૂરતા નાણાં ફાળવવાનું વધુ ને વધુ કઠિન હતું. નવી યોજનાઓ તથા લિગ્નાઇટ અને ગૅસ જેવા સંસાધનોને વિકસાવવા માટે મૂડીની જરૂરિયાતોને પહોંચી વળવા નવીન નાણાકીય માળખું રચવાના પ્રયાસો કરવામાં આવ્યા.

એટલું સમજાઈ ગયું હતું કે રાજય માટે પેટ્રોલિયમ અને કુદરતી ગેસનો વિકાસ અને ઉપયોગ ભારપૂર્વક ધ્યાનમાં લેવા જેવું પાયાનું ક્ષેત્ર છે. વ્યાજબી ભાવે પૂરતા ગૅસ અને ઇંધણને જથ્થાના જાળવી રાખવા માટે સતત પ્રયત્નો કરવામાં આવ્યા. તકનિકી અને નાણાકીય પરિબળોને કારણે પશ્ચિમ દરિયા કિનારાના ક્ષેત્રોમાંથી ગૅસ લઈ જતી પાઈપલાઇનની જમીન હજીરા પાસે સ્થિત છે આથી હજીરા સંકુલમાં મોટી સંખ્યામાં મોટા ઉદ્યોગો વિકસ્યા.

તાજેતરના વર્ષોમાં ઓટોમોબાઈલ અને અનુષાંગિક ઉદ્યોગોના વિકાસ માટે લેવાયેલા પગલાં પ્રસંશનીય છે. પર્યાવરણના પ્રશ્નો વિના રોજગારી પેદા કરવામાં આ પગલાં ઉપયોગી નિવડયાં છે. નાના ઉદ્યોગો અને રહેણાંકી ઘરો માટે ગૅસ પહોંચાડવા માટે ગૅસ-ગ્રીડના વિકાસથી પણ પર્યાવરણ ક્ષેત્રે હકારાત્મક અસર થઈ છે. ગુજરાતમાં વર્ષો વિતાવ્યા પછી પ્રગતિલક્ષી ગતિશીલ રાજ્યની સુખદ સ્મૃતિઓ તાજી કરવી એ આહ્‌લાદક અનુભૂતિ છે.





# મારું રાજ્ય ગુજરાત

**ડૉ. જી. સુંદરમ**

૧૯૬૦માં ગુજરાતની સ્થાપના થઈ ત્યારે રાજ્યોની પુનઃરચના વેળાએ મુંબઈ રાજ્યનો દક્ષિણે વલસાડથી ઉત્તરમાં બનાસકાંઠા સુધીનો ગુજરાત કહેવાતો પ્રદેશ ગુજરાતને ફાળે આવ્યો. અહીં અંગ્રેજોના વખતનું વહીવટીકરણ હતું. સ્પષ્ટ નિયમો, માર્ગદર્શિકા વગેરે ઉપલબ્ધ હતાં. અલગ માળખું-કાર્યશૈલીવાળું સૌરાષ્ટ્ર પણ ગુજરાતમાં જોડાયું. કચ્છનું પણ અલગ પ્રકારે અસ્તિત્વ હતું. જેવી રીતે મૈસુરમાં કુર્ગનું વિલીનીકરણ થયું તે પ્રકારે ગુજરાતમાં 'સી' પ્રકારનાં રાજ્ય કચ્છ વિલીનીકરણ ગુજરાતમાં થયું. ગુજરાતના ભાગે અર્ધાથી વધારે રજવાડા આવ્યા હતા. સાલિયાણાં બાબતે પણ વડોદરાના મહારાજાને એક કરોડ રૂપિયાથી માંડીને કાઠિયાવાડના કેટલાંક રજવાડાંના રાજવીઓને સો રૂપિયા સુધીની વિવિધતા હતી.

પહેલાં એક નાના રજવાડાનાં ઈન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસ હતા તેઓ હું નાયબ કલેક્ટર હતો ત્યારે મારા મુલાકાતીઓમાંના એક હતા, વિવિધ રજવાડાંઓ બધાં પોતપોતાની રીતનો અલગ અલગ પ્રકારે વહીવટ કરતા. એક તરફ પ્રગતિશીલ વડોદરા કે જેના શ્રી વી.ટી. કૃષ્ણમાચારી જેવા ધુરંધર દિવાન હતા. બીજા છેડે, "કર નહીં લાભ નહી" નીતિવાળા નાના રાજયો હતા. વડોદરા રાજય પોતાના અધિકારીઓ ડૉ. બી.આર.આંબેડકર જેવાને લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સમાં આઈ.સી.એસ. પ્રકારની તાલીમ પ્રાપ્ત મોકલતું. આમ ૧૯૬૧માં ગુજરાતમાં વહીવટ ભિન્ન-ભિન્ન પ્રકારે હતો અને આવી વિવિધતાને એકસૂત્રી પદ્ધતિમાં ઢાળવાની હતી.

હું ૧૯૬૨ની બેચનો હતો અને ૧૯૬૩માં મારા અન્ય સહપાઠીઓ સાથે ગુજરાત આવ્યો. અમે સચિવની મુલાકાત લીધી. તે સમયે તેઓ ઝભ્ભા-લેઘામાં હતા. અમે સચિવના કક્ષમાં આવ્યા છીએ કે કોઈ મંત્રીના તેવી અમને દ્વિધા થઈ ! તેમણે રમૂજમાં ટકોર કરી કે ગુજરાતનું રાજ્ય બનતા સૌરાષ્ટ્રનાં વરિષ્ઠ રાજકારણીઓ મંત્રી બન્યા અને જુનિયરોને આઈ. એ.એસ. બનાવી દેવાયા !

મુખ્ય સચિવ વી. ઈશ્વરન આઈ.સી.એસ હતા. આઈ.એ.એસ. શ્રી આર.વી. ચંદ્રમૌલિ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાના અંગત સેક્રેટરી હતા. ઘણા વરિષ્ઠ અધિકારીઓ તામિલનાડુના હતા. આમ તો ગુજરાતના શ્રી સી.એમ. પટેલ, એચ.એમ. પટેલ, બી.આર. પટેલ, વી.પી. પટેલ વગેરે આઈ.સી.એસ. હતા. પણ એકંદરે ગુજરાતીઓને આઈ.એ.એસના હોદ્દાનું

બહુ ખેંચાણ ન હતું. તેઓ એવું માનતા કે થોડાક રૂપિયા ખર્ચીને તેઓ કલેક્ટરોને કે એસ.પી.ઓને નોકરીએ રાખી શકે તેમ છે. પરંતુ ધીરે ધીરે એમાં પરિવર્તન આવ્યું. સામાન્ય ગુજરાતી સમજવા લાગ્યો કે આ હોદ્દાઓ સત્તાના કેન્દ્ર સમાન હોઈ આઈ.એ.એસ. બનવું જોઈએ.

આઈ.એ.એસ. પ્રોબેશનરી (કામચલાઉ) તરીકે ૧૯૭૩માં હું અમદાવાદ આવ્યો ત્યારે અહી અંગ્રેજી પુસ્તકોનો એક પણ પુસ્તકની દુકાન ન હતી. મંત્રીએ મને પહેલો પ્રશ્ન પૂછ્યો કે 'તમને ગુજરાતી આવડે છે ?' આ કંઈક અંશે વિચલિત કરનારી બાબત હતી. હકીકત એ હતી કે સામાન્ય ગુજરાતી અંગ્રેજી ભાષામાં પ્રવીણ બનવા ઈચ્છતો હતો. માનનીય રાજ્યપાલશ્રી મહેંદી નવાઝ જંગ ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના અતિ પછાત એવા એક ગામડાની મુલાકાતે ગયા હતા ત્યારે એક ગ્રામીણે તેમને કહ્યું કે એના બાળકો અંગ્રેજી શીખે તેમ એ ઈચ્છે છે.

મુંબઈથી અલગ થયા પછી, ભાષાની દુવિધા વચ્ચે પણ ચાર દાયકામાં વિકાસક્ષેત્રે ગુજરાતે હરણફાળ ભરી છે. ગુજરાતીઓની વ્યાપારી સૂઝબૂઝ, મજબૂત આશાવાદ અને અનુકૂલનશીલતાને લીધે આ શક્ય બન્યું છે. ઉપરાંત વધુ મહત્ત્વનું એ છે કે ગુજરાતીઓ વૈશ્વિક દૃષ્ટિકોણ ધરાવે છે. સિત્તેરના દશકમાં અમદાવાદમાં અંગ્રેજી શીખવા માટેના વર્ગોની જાહેરાતના પાટિયાં જોવાં મળતા અને એંશીના દશકમાં ફ્રેન્ચ ભાષા શીખવતા એલાયન્સ કોચિંગ કલાસના તથા જર્મન શીખવતું મેક્સમુલર ભવન હતું.

જો કે, બીજાં રાજ્યો ભાષા બાબતે અવરોધ ઊભો કરતાં હતાં પરંતુ ગુજરાતે એવું નહોતું કર્યું, અલબત્ત, ગુજરાત પ્રથમ રાજ્ય હતું જેણે વહીવટમાં ગુજરાતી ભાષા વાપરવાનો આદેશ જાહેર કરેલ. પરંતુ બહારના લોકો માટે આઈ.એ.એસ. કે આઈ.પી.એસ.ની વિભાગીય કસોટીઓ માટે ગુજરાતીનો આગ્રહ રખાતો નહીં એટલુંજ નહીં નોંધો પણ ગુજરાતીમાં લખવી એવો કોઈ આગ્રહ રખાતો નહીં. ખાસ કરીને ઉદ્યોગ અને નાણાં વિભાગમાં હજુ પણ અંગ્રેજીનો ઉપયોગ છૂટથી થાય છે. એક મુખ્યમંત્રીએ એક વાર કહ્યું કે ગુજરાતે ત્રણ-ભાષાનો સિદ્ધાંત અપનાવ્યો છે, મેં ત્યારે વેચાણવેરા કમિશનર તરીકે તેમને જણાવ્યું કે મારું કાર્યાલય ગુજરાતીમાં લખે છે, હું હિન્દી બોલું છું અને ફાઈલો પર નોંધ અંગ્રેજીમાં કરું છું.

૧૯૬૦ ના શરૂઆતના ગાળામાં ગુજરાત અને મહારાષ્ટ્રના જિલ્લાઓમાં મહત્ત્વનું ઉમેરાયેલું પરિમાણ 'પંચાયત રાજ'નું હતું. પંચાયતરાજના જનક ગુજરાતના મુખ્યમંત્રી સ્વ. બળવંતરાય મહેતા હતા. જિલ્લા કલેક્ટરને હસ્તક કેવળ કાયદો, વ્યવસ્થા અને મહેસૂલી આકારણી હતાં. વસુલાત એમની સત્તામાં ન હતી. વિકાસ કાર્યોની જવાબદારી જિલ્લા પંચાયતને સોંપાઈ હતી જેના નિમાયેલા વરિષ્ઠ અધિકારી જિલ્લા વિકાસ અધિકારી (ડીડીઓ) કે કાર્યકારી અધિકારી (સીઈઓ), મહારાષ્ટ્રના સચિવ જિલ્લા પંચાયતને સમકક્ષ હતા. કેટલાક જિલ્લાઓમાં જિલ્લા કલેક્ટર કરતાં જિલ્લા વિકાસ અધિકારી વરિષ્ઠ ગણાતા. કલેક્ટર પાસે અધિકૃત વાહન માત્ર

એક જ રહેતું. બાકીના વાહનોને જિલ્લા વિકાસ અધિકારી માટે તબદીલ કરાયેલા. સ્વાભાવિક રીતે કલેક્ટર પોલીસ વાહનોનો પણ ઉપયોગ કરી શકતા નહીં. કલેક્ટર કમ જિલ્લા મેજિસ્ટ્રેટ અને જિલ્લા પોલીસ અધિકારીનો સામાન્ય સંઘર્ષ હવે કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી વચ્ચેનો બની ગયો. કેટલાક જિલ્લાઓમાં કલેક્ટરોને જિલ્લા પંચાયત એકમ માટે પોતાના કાર્યલય ખાલી  કરવાનું જણાવ્યું પણ સદ્ભાગ્યે બધાજ કલેક્ટરોએ કાર્યાલય ખાલી કરવાની ના પાડી દીધી.

જિલ્લા પંચાયતના પ્રમુખ સ્થાનિક 'સત્રપ' બની ગયા. જિલ્લાના મુખ્યમંત્રીની જેમ વર્તવા લાગ્યા. કલેક્ટર સમકક્ષાના અધિકારીને પોતાના સચિવ સમજવા લાગ્યા. કેટલાકે તો મુખ્ય મથકેથી આવતા મંત્રીઓને મળવાની કે સ્વાગત કરવાની જિલ્લા વિકાસ અધિકારીઓને મનાઈ ફરમાવી. અનેક કહેવાતા સામાજિક કાર્યકરો 'ઝોળા' લઈને ફરવા લાગ્યા. જિલ્લાઓમાં આવું સામાજિક કાર્ય બદમાશોના આશ્રયસ્થાન સમાન બની ગયું. સરકારને પછીથી સમજાયું કે પરિસ્થિતિ નિયંત્રણની બહાર જઈ રહી છે. ત્યાર બાદ જિલ્લાઓમાં કલેક્ટરનું મહત્ત્વ પુનઃસ્થપાયું.

ગુજરાત બહારથી આવેલાઓ માટે પ્રજા, સહકર્મચારીઓ કે મંત્રીઓનો કોઈ પણ સ્તરે વિરોધ નહોતો, પરિણામે મારા સમકાલીન આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. એવા જે અધિકારીઓ આરંભમાં ગુજરાતના પછાતપણાને કારણે નાખુશ હતા. (હવે આટલા વર્ષોમાં ગુજરાતે ચોક્કસ ખૂબ પ્રગતિ કરી છે) તેઓ રાજીખુશીથી અહીં સ્થાયી થયા છે. મારા સહિત ઘણાને નિવૃત્તિ બાદ પુનઃ સેવા માટે બોલાવાયા છે. મારો પુનઃ સેવાકાળ પૂરો થતાં, અલગ પક્ષના મુખ્યમંત્રીએ મારો કાર્યકાળ છ માસ માટે વધારી આપ્યો હતો. (તેઓ તો મારો કાર્યકાળ એક વરસ માટે વધારવા માંગતા હતા પરંતુ મારા જ સહકર્મચારીઓ આમાં આડા આવ્યા હતા) તેમણે મને ગુજરાતમાં જ સ્થાયી થવા સૂચન કર્યું, જેથી મારા અનુભવ-આવડતનો લાભ ગુજરાત સરકારને મળતો રહે. ગુજરાતીઓનું આતિથ્યસત્કાર ગજબનું વ્યાપક અને ચિરંતન છે.

સમગ્ર ભારતમાં કદાચ ગુજરાત જ એક એવું રાજ્ય છે જ્યાં સરકાર કે મુખ્યમંત્રી બદલાય તો પણ મુખ્ય સચિવ, ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ (ડી.જી.પી.) અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ બદલાતા નથી. રાજકીય નેતાઓ અંદરો અંદર ભલે ઝઘડતા હોય પરંતુ સનદી અધિકારીઓને પોતાના ઝઘડાઓથી દૂર રાખે છે. હકીકતમાં કેટલાક પ્રસંગોએ સનદી અધિકારીઓ જ વણમાંગી રાજકીય સલાહ આપે છે.

સરકારે, મુખ્ય સચિવ અને ડીજીપીની પદોન્નતિ માટે વરિષ્ઠતાનો નિયમ અમલમાં મૂક્યો છે, સિવાય કે તે માટે જે તે અધિકારીની બિનકાર્યક્ષમતા કે અપ્રમાણિકતાની નોંધ થઈ હોય. પોતાની સમગ્ર કારકિર્દી દરમ્યાન નિષ્ક્રિય અને બિનકાર્યક્ષમ પુરવાર થયેલા અધિકારીની બઢતી અટકાવીને મુખ્ય સચિવ બનાવવામાં ન આવ્યા હોય તેવો એક જ કિસ્સો મારી જાણમાં છે. પરંતુ જ્યારે તેમનો મુખ્ય સચિવ પદ માટેનો વારો આવ્યો ત્યારે તંત્ર પ્રણાલીએ તેમને

પદોન્નતિ માટે વરણી જરૂર કરી હતી. એમના આ પદના દાવાને સાચા આધારે નકારી કઢાયા છતાં ગુજરાત સરકારના એકંદર ઉદાર વલણને લીધે તેમની આખરે પદોન્નતિ થઈ હતી. વરિષ્ઠતાના અને ગુણવત્તાના ક્રમ લાયકાતના સિદ્ધાંતની પરંપરા હજુ સુધી જળવાઈ રહી છે.

વ્યક્તિના 'ઉત્કૃષ્ટ' ચારિત્ર્ય મૂલ્યાંકનનું ભારત સરકારના જેવા રેટીંગનું પ્રાવધાન ગુજરાતમાં નથી. મુંબઈ રાજ્યની મૂળ સ્પષ્ટ સૂચના મુજબ ''સર્વોત્તમ'' અને ''અતિ નબળા'' અધિકારીઓ થોડાંક જ હોય છે અને મોટા ભાગના અધિકારીઓ ''અતિ સારા'' કે ''સારા''ની કક્ષાના હોય છે અને બઢતી મેળવવા જેટલા સારા તો હોય જ છે. યોગાનુયોગ તામિલનાડુ કેડરના સ્વ. શ્રી આર. તિરુમલાઈ (આઈ.એ.એસ.માં સીધી ભરતી પામેલા પ્રથમ અધિકારી), ભારત સરકારમાં મારા ઉપરી અધિકારી તરીકે કહેતા કે તેઓ કોઈને ''સારા'' કહેતા ત્યારે તેઓ ખરેખર સારા જ હોય છે.

વિવિધ પદો-ક્ષમતામાં સેવા દરમ્યાનના મારા ગુજરાતમાં નિવાસના વરસોને હજુ માણું છું.



# વિકાસશીલ ગુજરાત મારાં સંસ્મરણો

શ્રી એ. પ્રસાદ

હું આઈ.એ.એસ.માં જોડાયો ત્યારે ભારત રાષ્ટ્ર તરીકે કિશોરાવસ્થામાં હતું. મંત્રીઓ, સરકારી સેવકો, પ્રત્યેક ક્ષેત્રના લોકો, આમજનતા સહીત સમગ્ર દેશ અતિ ઉત્સાહ અને ખુશીની સ્થિતિમાં અને ઉજ્જવળ ભવિષ્યના પ્રચંડ આશાવાદમાં લીન હતો. ગુજરાત પણ આમાં અપવાદ ન હતું. સમાજના બધા જ વર્ગ અને ખાસ કરીને સરકાર સ્વાતંત્ર્યના જાદુઈ પ્રભાવથી મળેલી આઝાદીના માસુમ સોનેરી દિવસોની પ્રશસ્તિમાં મગ્ન હતા. ખુલ્લી આંખે સપનાનો મૂડ એવો છવાયેલો હતો કે આઈ.એ.એસ. અકાદમીની એક વરસની તાલીમ પૂર્ણ થતાં અમારી આખી બેચ ગુજરાતમાં આવી ગઈ.

ડિસેમ્બર, ૧૯૬૪ ની સવારની કડકડતી ઠંડીમાં ભેંકાર કાળુપુર સ્ટેશન પર ઉતરી. ઘોડાગાડીમાં બેસી શાહીબાગ સર્કિટ હાઉસ જતો હતો ત્યારે શણગારેલા રથમાં રજવાડી વ્યક્તિ જેવું અનુભવવા લાગ્યો. એ સવારી નીરવ અને શાંત અમદાવાદની સર્વાંગસંપૂર્ણ છબી ઉપસાવતી યાદગાર બની ગઈ. ત્યારે અમદાવાદમાં ટેક્ષી કે રિક્ષાઓ ઉપલબ્ધ ન હતાં. શાંત શેરીઓ અને હારબંધ લીલાં ઊંચા વૃક્ષોવાળા સુંદર રસ્તાઓવાળા અમદાવાદે મને જાણે કે વશીભૂત કર્યો. આખા માર્ગ દરમ્યાનની સવારની આહ્લાદક શાંતિથી હું અમદાવાદના પ્રેમમાં પડી ગયો. અમદાવાદની આ પહેલી છાપ મારા માટે પ્રેરક રહી, જાણે કે અર્ધુ યુદ્ધ તો જિતાઈ ગયું. તાલીમાંર્થી અધિકારી તરીકે ભરૂચમાં હું જોડાયો ત્યારે પાટણકર સાહેબ મારા પ્રથમ કલેક્ટર હતા. તેમના પ્રેમાળ આનંદી સ્વભાવને લીધે ગુજરાત વિશેની આત્મિયતાની મારી લાગણી સુદૃઢ બની. પાટણકર સાહેબ અમારા બેઉની (મારી અને મારા પત્નીની) સારસંભાલ રાખતા તેથી ગુજરાતમાં મારી કારકિર્દીની શરૂઆત સુખદ બની. તેમણે અમારા લગ્નની વ્યવસ્થાનું પણ ધ્યાન રાખ્યું હતું. પોતાના અધિકૃત વાહનમાં મને ઘણી વખત લિફ્ટ આપતા, જો કે આશ્ચર્ય મને એટલે થતું હતું કે બીજા જિલ્લાઓમાં મારી બેચના બીજા સહકર્મચારીઓનો અનુભવ અલગ હતો. પાટણકર સાહેબ ભરૂચની નામાંકિત વ્યક્તિઓની સાથે સ્વાદિષ્ટ રાત્રી ભોજનના કાર્યક્રમ વેળાએ પોતાના અધિકૃત (સત્તાવાર) નિવાસે મને પણ નિમંત્રણ આપતા. શ્રી પાટણકર સાહેબ અને તેમનાં ધર્મપત્ની બેઉ અમારા પ્રત્યે લાગણી સભર વર્તન રાખતા. તેમનાં ઔદાર્ય અને ખાનદાની તથા ઉત્તમ વક્તૃત્વ કૌશલ્ય પ્રભાવકારી હતાં. પછીના વર્ષોમાં પણ મારી સેવા-કારકિર્દી દરમ્યાન મારા ઉપરી માર્ગદર્શક અને શુભેચ્છક તરીકે શ્રી પાટણકર

સાહેબે પ્રેરક ભૂમિકા ભજવી છે તે માટે હું તેમનો સદા ઋણી રહીશ.

વારુ, આમ રાજ્ય જ્યારે ઉચ્ચ પ્રગતિના વળાંક પર હતું તેવા સમયે હું અહીં સ્થાયી થયો. હું કેરળમાંથી આવ્યો હતો અને મેં અનુભવ્યું કે ગુજરાત ગતિશીલ, ઉદ્યમશીલતા અને સૌહાર્દપૂર્ણ મૈત્રીભાવની રીતે અલગ ભાત પાડતું હતું. માતૃરાજ્ય મુંબઈથી અલગ થયા પછી પાપા પગલી ભરતા ગુજરાતના બધા વરિષ્ઠ અધિકારીઓ રાજ્યની સંભાળ લેવા સારી રીતે પ્રેરિત અને પ્રતિબદ્ધ હતા. નવજાત ગુજરાતમાં વહીવટ-કુશળ વરિષ્ઠ અધિકારીઓના સમૂહ વચ્ચે બુલંદ જુસ્સો આત્મસાત કરવામાં થોડો સમય લાગ્યો. ગુજરાતને વિકાસ અને પ્રગતિના જાદુઈ મંચ પર પહોંચાડવામાં આ વરિષ્ઠ અધિકારીઓનો સખત પરિશ્રમ ખૂબ સહાયભૂત બન્યો છે. ભરૂચ જિલ્લાના રાજપીપળા ખાતે સહાયક કલેક્ટરની નાની પાયરી પરની ફરજ દરમ્યાન ગુજરાતની સૌથી મોટી અને મહત્ત્વની, ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના માટે જમીન અધિગ્રહણના કામે બડદગાડામાં, ઘોડા પર બેસીને (મસુરીની તાલીમ કામ લાગી) અને સરકારી જીપમાં બેસીને ગામડાઓમાં ફરવાનો મને વિશેષ લાભ મળ્યો. રાષ્ટ્ર કક્ષાએ આ યોજના ખૂબ મહત્ત્વપૂર્ણ છે તેની મને ત્યારે જાણ ન હતી. આજે મળી રહેલા નર્મદા યોજનાના ફળ ત્યારના અને ત્યાર પછીના હજારો અધિકારીઓના અનેક વરસોના ક્ષેત્રીય સ્તરની મહેનતનું પરિણામ, થોડા વરસો પહેલાં અમદાવાદના અમારા ઘરના નળમાં નર્મદાનું પાણી આવ્યું ત્યારે મેં પત્નીને કહ્યું કે આ ચમત્કારમાં અમારો પણ નાનો સરખો ફાળો તો છે જ!

ઘણા વરસો પછી જિલ્લા વિકાસ અધિકારી તરીકે કચ્છમાં મારી નિમણૂક મારી કારકિર્દીમાં બહુજ મહત્ત્વનો ભાગ બની. રાજ્યના આ ભાગને રમણીય વિસ્તારમાં પલટાતા પરિપ્રેક્ષ્યમાં જોવો તેની અમીટ છાપ મારી સ્મૃતિમાં કંડારાયેલી છે. કચ્છ દેશનો અનોખો પ્રદેશ છે. સમગ્ર કચ્છ જિલ્લામાં હું ફરી વળ્યો છું. અહીંના લોકો પોતાની સ્થિતિમાં સુધાર માટે કેટલો મોટો સંઘર્ષ કરે છે તે મેં નજરે જોયું છે. ઇંગ્લેન્ડ કે અમેરિકાથી જિલ્લાની મુલાકાતે આવતા ઘણા વિદેશી પ્રવાસીઓ મને કહેતા કે કચ્છ તેમના દેશના કેટલા ભાગોની તેમને યાદ આપે છે. હું જ્યારે સુરતમાં કલેક્ટર હતો ત્યારે શ્રી મોરારજી દેસાઈના મત વિસ્તારમાં ચૂંટણી અધિકારી તરીકે કાર્ય કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયેલું. શ્રી મોરારજી દેસાઈ ૧૯૭૭ ની સામાન્ય ચૂંટણી પછી દેશના વડાપ્રધાન બન્યા. સુરતની અમારી કલેક્ટર કચેરીમાં તેમને મેં ઉમળકાભેર આવકાર્યાં હતા. મને બરાબર યાદ છે કે તેઓ પોતાના વર્તન વ્યવહારમાં એકદમ સંનિષ્ઠ હતા. તેમણે મને પૂછ્યું કે નિમણૂક પત્ર ભરતાં પહેલા શપથ ગ્રહણ કરવા તેમણે ઊભા થવું પડશે ? મે કહ્યું, જી હા એ સામાન્ય પ્રથા છે. સહેજે પણ અચકાયા વિના તેઓ મારી સમક્ષ ઊભા રહી ગયા. સિદ્ધાંત માટેની તેમની નિષ્ઠા જોઈ હું સ્તબ્ધ થઈ ગયો. એ સમયે ઓરડામાં અમુક મંત્રીઓ પણ હાજર હતા. એ લોકો મારા આવા પ્રત્યુત્તર બાબત શું વિચારશે તેની હું વિમાસણમાં હતો. સદ્‌ભાગ્યે કશું અણઘટતું ન બન્યું. વડાપ્રધાન બન્યા પછી તેઓ ચાર

પ્રસંગે સુરત આવ્યા હતા. એક વખત સવારના અલ્પાહાર દરમ્યાન શ્રી મોરારજીભાઈએ મને તેમના બહોળા સ્મિત સાથે કહ્યું કે હું તેમને માટે નસીબદાર ચૂંટણી અધિકારી નિવડ્યો હતો કેમ કે, ત્યારબાદ તેઓ વડાપ્રધાન બન્યા આ સાંભળી હું ખૂબ ખુશ થઈ ગયો. આ ઘટના હું કદી ભૂલી નહી શકું.

વરિષ્ઠ સ્તરે મારી નિમણૂક જીઆઈઆઈસી (ગુજરાત ઇન્ડસ્ટ્રીયલ ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન)માં એસીએસ (અધિક મુખ્ય સચિવ) થઈ ત્યારે ગુજરાતી ઉદ્યોગ સાહસિકતાને નીકટથી જોવાની મને તક મળી. એંસી અને નેવુંના દાયકાઓમાં ગુજરાત વિકાસ પ્રક્રિયામાં પૂરા જોશમાં હતું. હું હૃદયપૂર્વક માનું છું કે જીઆઈઆઈસી અને જીએસએફસી (ગુજરાત સ્ટેટ ફાઇનાન્સ કોર્પોરેશન) જેવા નિગમો તથા બીજા પણ કેટલાક નિગમોનો પછીના વરસોમાં ગુજરાતના વિકાસનો મજબૂત પાયો રચવામાં મહત્ત્વનો ફાળો રહ્યો છે. રાજ્યમાં ઔદ્યોગિક વિકાસના બે ભુજા સમાન આ નિગમો નશીબદાર હતા કે તેમને ઉત્સાહિત અને થનગનતા શ્રેણીબંધ અધિકારીઓ (મારા સિવાય) પ્રાપ્ત થયા હતા. આ અધિકારીઓએ ઉદ્યોગ-ક્ષેત્ર ગુજરાતના વિકાસનું સશક્ત ગતિમાન એન્જિન બને તેવું ધ્યેય રાખ્યું હતું. સિત્તેર અને એંશીના દશકમાં પણ ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ ગુજરાત અન્ય રાજ્યો કરતા ઘણું આગળ હતું. દેશના મોટા ભાગના રાજ્યો કરતાં સર્વાંગી વિકાસની દૃષ્ટિએ ગુજરાત મોખરે છે. તેનો શ્રેય રાજકીય દૂરંદેશીની સાથોસાથ એટલા જ દૃષ્ટિવંત, કુશળ તેમજ સક્ષમ અધિકારીઓને ફાળે પણ જાય છે. આ લેખમાં જગ્યાની મર્યાદાને લીધે હું એ બધું વિસ્તારથી જણાવી શકું તેમ નથી. વીસમી સદીના ગુજરાતને સોળે કળાએ ખિલતું જોવાનો અને જે કંઈ થોડા અંશે એમાં સહભાગી થવાનો મને મોકો મળ્યો એ મારું સદ્‌ભાગ્ય છે. ગુજરાતને સાઇઠના દશકના શૈશવથી લઈને આજના સ્વસ્થ પુખ્તાવસ્થા સુધી લાવવામાં મહત્ત્વનો ફાળો આપનાર સહુના આપણે આભારી રહીશું.

સાઠના દશકથી આરંભેલી વિકાસયાત્રા થકી ગુજરાત આજે ભારતીય ગણતંત્રનો મહત્ત્વનો હિસ્સો બન્યું છે. અને રાષ્ટ્રને સમાનતાવાળા - ન્યાયસંગત પ્રગતિના માર્ગ પર લઈ જવામાં અગત્યની ભૂમિકા ભજવી રહ્યું છે. મને શ્રદ્ધા છે કે ભવ્ય ભૂતકાળ અને પ્રશંસનીય સુશાસનવાળું ગુજરાત અન્ય રાજ્યો માટે અનુસરણીય ઉદાહરણ બની રહેશે.

**શ્રી એ. પ્રસાદ**
**(૧૯૩૯ થી ૨૦૧૯)**

સ્વભાવે નમ્ર અને ઉત્સાહી એવા શ્રી એ. પ્રસાદ ગુજરાત રાજ્યના પ્રારંભના દશકથી જ ગુજરાતની વિકાસ પ્રક્રિયા સાથે સંકળાયેલા રહ્યા હતા. ગુજરાતના વિકાસના હેતુને હૃદયપૂર્વક વરેલા વરિષ્ઠ આઈ.એસ.એસ. અધિકારી શ્રી એ. પ્રસાદે પોતાની એક આગવી ઓળખ સ્થાપી છે.



# ગુજરાતનો વિકાસ

## ગૌણ રાજ્યથી મોખરાના રાજ્ય સુધીની યાત્રા

## મારાં સંસ્મરણો

**શ્રી વી. બી. બુચ**

દ્વિભાષી મુંબઈ રાજ્યના ભાગ તરીકે ચાર વરસના દૂરસ્થ અને સંપર્ક વિહોણા શાસન પછી ૧લી મે, ૧૯૬૦ના રોજ રાજ્ય તરીકે ગુજરાત અસ્તિત્વમાં આવ્યું. ગુજરાતમાં ચોમેર પોતાનું રાજ્ય મળ્યાની લાગણી વ્યાપી. હજુ નવી સરકાર સ્થિર થવામાં હતી ત્યાં ૧૯૬૨માં ચીન સાથેના યુદ્ધ, ૧૯૬૫ માં ગુજરાતની કચ્છ સરહદને સ્પર્શી જતા પાકિસ્તાન સાથેના ટૂંકા યુદ્ધને લીધે પ્રજાનું ધ્યાન થોડું ફંટાઈ ગયું. આવામાં ૧૯૬૪ની અમારી આઈ.એ.એસ.ની બેચ જુલાઈ ૧૯૬૫માં અમદાવાદ આવી અને પરંપરા પ્રમાણે મુખ્યમંત્રી, મુખ્ય સચિવની ઔપચારિક મુલાકાત વખતે જ ગુજરાતને વિકાસના ધોરી માર્ગ પર ઝડપથી લાવવાની તીવ્ર ઉત્સુકતા અમે અનુભવી. એ રીતે યોગાનુંયોગ મારી આઈ.એ.એસ.ની કારકિર્દીના વર્ષો ગુજરાતના વિકાસગાળા સાથે સમાન્તર સુસંગત રહ્યાં છે.

વિકાસ માટે ગ્રામીણ ક્ષેત્રથી શરૂ થતું હોય તેવું મજબૂત માળખું રચનારા રાજ્યો પૈકી ગુજરાત એક હતું. બધા વિકાસ કાર્યક્રમો, જિલ્લા કલેક્ટર સમકક્ષ હોદ્દાવાળા 'જિલ્લા વિકાસ અધિકારી'ને મુખ્ય વહીવટી અધિકારી બનાવીને, ચૂંટાયેલી જિલ્લા પંચાયતોને સોંપવામાં આવ્યાં. પરિણામ સ્વરૂપે મોટા ગજાના રાજકીય આગેવાનો પ્રમુખ તરીકેના હોદ્દા પર આકર્ષાયા.

૧૯૬૯ થી ૧૯૭૧ દરમ્યાન રાજકોટના જિલ્લા વિકાસ અધિકારી તરીકે મેં કૃષિ, નાની સિંચાઈ માટે તળાવ તથા ચેકડેમ તથા ગ્રામમાર્ગો માટે ઉત્સાહ અને સંતોષપૂર્વક કરેલાં કામોને યાદ કરું છું ત્યારે મારા એ કામમાં શ્રી વલ્લભભાઈ પટેલ (જેઓ પાછળથી વરિષ્ઠ મંત્રી બન્યા હતા) તથા શ્રી દેવેન્દ્ર દેસાઈ (જેઓ પાછળથી અખિલ ભારતીય ખાદી કમિશનના અધ્યક્ષ બન્યા હતા) જેવા સમર્પિત અગ્રણીઓએ મજબૂત ટેકો પૂરો પાડ્યો હતો. તે સાંભરે છે.

કૃષિ ઉત્પાદન સમિતિઓની બેઠકોમાં, કૃષિ ઉત્પાદકતા તથા આવકની વૃદ્ધિ થાય તે પ્રતિ અમારું ધ્યાન રહેતું જેથી કૃષિ અધિકારીઓના કૃષિ વિજ્ઞાન અને કૃષિ અગ્રણીઓના વ્યવહારુ જ્ઞાનનું સંયોજન થાય તેવી યોજનાઓ બનાવાતી. ગામડાંઓનો પરસ્પર સંપર્ક (રસ્તાઓ) અને જળ સંશાધન અંગેના કામ એટલા બધાં મહત્ત્વનાં હતાં કે ૧૯૭૦ના દુષ્કાળ રાહત કાર્યક્રમ આવાં કામો વધુમાં વધુ કરવાની તક જાણે સાંપડી હોય તેવું લાગેલું.

આવા પાયાના અભિગમ, મજબૂત વહીવટ અને રાજકીય પીઠબળને લીધે કૃષિમાં નવી અને શંકર જાતો, રોકડીયા પાકની ખેતી, ડેરી વિકાસ અને નાવીન્યકારી પદ્ધતિઓ અપનાવવામાં

ગુજરાત અગ્રેસર રહ્યું અને તેથી આજે પણ બીજાં રાજ્યો જેવી કૃષિ સંબંધી મુશ્કેલીઓ ગુજરાતને વેઠવી પડતી નથી.

ઔદ્યોગિક વિકાસ પર અલબત્ત મુખ્ય જોક હતો કેમ કે, પરંપરાગત રીતે વ્યાપાર-ઉદ્યોગ એ ગુજરાતની સંસ્કૃતિનાં અભિન્ન અંગો છે. સાહસિક ઉદ્યોગકારોની સૂઝથી ઓગણીસમી સદીથી જ કાપડ અને અન્ય ઉદ્યોગોમાં ગુજરાત પ્રણેતા રહ્યું હતું. વળી ગુજરાતી વ્યાપાર-ઉદ્યોગની વ્યાપક હાજરીથી ભરેલા મુંબઈને રાજ્ય પુર્નરચનામાં ગુમાવવું પડયું હતું. આ પરિપ્રેક્ષ્યમાં ગુજરાત સરકારે સ્થાનિક સાહજિક શક્તિઓ વિકસાવવાનો અને ઔદ્યોગિક ક્ષેત્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવાનો નિર્ધાર કર્યો.

ગુજરાતના ઔદ્યોગિક વિકાસની ઝુંબેશમાં સહભાગી બનવાની પ્રથમ તક મને વલસાડ જિલ્લાના સહાયક કલેક્ટર તરીકે (૧૯૬૬-૬૯) વાપી ઔદ્યોગિક વસાહત માટે જમીન અધિગ્રહણની મારી જવાબદારી દરમ્યાન પ્રાપ્ત થઈ હતી. એ સમયે ગુજરાત ઉદ્યોગ નિગમના જોશીલા કાર્યકારી અધિકારી શ્રી એચ.આર. પાટણકર સાહેબ (જેઓ લાંબો સમય ઉદ્યોગ ક્ષેત્રે સેવા બાદ મુખ્ય સચિવ બન્યા હતા.) વાપી માટે જમીન અધિગ્રહણ શા માટે મહત્ત્વનું છે એ સમજાવતા, વાપીમાં દેશની સૌથી મોટી, તેમજ મુંબઈની નજીકમાં ત્યાંના ઉદ્યોગપતિઓ પણ ઉપયોગ કરી શકે તેવો વિસ્તાર ઊભો કરવાની વ્યૂહરચના જાણતાં તે વખતના મારા ઉત્તેજનાસભર દિવસો મને યાદ છે. આ વ્યૂહનીતિ સફળ થઈ, ઓછા સમયમાં જ વાપી વસાહત ભરાઈ ગઈ તથા બીજા તેમજ ત્રીજા તબક્કા માટે તૈયારીઓ થવા લાગી.

એ તો મારા ભાગે ફક્ત ઉપરછલ્લું કાર્ય હતું. પરંતુ ૧૯૭૭ થી જ મને 'ટીમ ઇન્ડસ્ટ્રી'માં સામેલ થવાનું ભાગ્ય સાંપડયું. વાપી તથા અંકલેશ્વર જેવી મોટી ઔદ્યોગિક વસાહતોની સફળ સ્થાપના તેમજ આઈ.પી.સી.એલ. તથા જી.એસ.એફ.સી. જેવા વિશાળકાય ઉદ્યોગો સાથે ઔદ્યોગિક અધિકેન્દ્ર તરીકે ઉભરતા વડોદરા બાદ, ૧૯૭૭માં ગુજરાત સરકારે સવિશેષ સર્જાય અને આક્રમક ઉદ્યોગિક નીતિ અપનાવવાનો નિશ્ચય કર્યો જેથી વધુ રોકાણોને આકર્ષિત કરી શકાય તેમજ વધારે ક્ષમતા-સંભાવિત વિસ્તારોને વિકસાવી શકાય. મૂડી પર સબસિડી અને વેચાણવેરામાં કરછૂટ જેવા લાભોવાળી સુસંકલિત પ્રોત્સાહક નીતિ ઘડાઈ. ૧૯૭૭-૮૧ દરમ્યાન મને ઉદ્યોગ વિભાગના સંયુક્ત સચિવ તરીકે, ઔદ્યોગિક વિકાસ નિગમો અને ઉદ્યોગ વિભાગની નીતિવિષયક વિમર્શ સમિતિમાં ભાગ લેવાનો, અને સરકારના ઠરાવો તથા નીતિવિષયક આદેશો ઘડવાનો મોકો મળ્યો હતો. હાથી સમિતિના અભ્યાસ અહેવાલ મુજબ પછાત તાલુકાઓમાં ઉદ્યોગો સ્થાપવાના-વિકસાવવા માટે શ્રેણીબદ્ધ પ્રોત્સાહક પેકેજ દાખલ કરાયાં, મીઠું, ચૂનાપથ્થર આધારિત ઉદ્યોગો, વ્યાપક રોજગારી અપાવતા હીરાઘસુ, પોલિશ ઉદ્યોગ તેમજ કાપડ ક્ષેત્રે સ્પર્ધાસક્ષમ યંત્રશાળ ઉદ્યોગ પર વિશેષ લક્ષ્ય અપાયું.

'ઇન્ડેક્ષ બી'ની સમસ્યા નિવારણ તથા નીતિઓના ત્વરિત પ્રતિસાદ માટે 'થિંક ટેંક' તરીકેની રચના કરવામાં આવી. ગુજરાતમાં ઉદ્યોગ ધરાવતા કે રોકાણ કરવામાં રસ ધરાવતા

મુંબઈના ઉદ્યોગપતિઓ સાથે સંવાદિત આંતરક્રિયા માટે ઈન્ડેક્ષ-સી જેવો નવીન મંચ તૈયાર કર્યો. આ બેઉ એ સરકારના પ્રગતિ-પ્રયાસોને તેજીલા બનાવ્યા. ચર્ચગેટ, મુંબઈ ખાતે એક વિશાળ કાર્યાલય બનાવાયું જ્યાં જીઆઈઆઈસી, જીઆઈડીસી, જીએસએફસી, જીએસઈસી, જીએસઆઈસી જેવી ઉદ્યોગો માટેની પ્રોત્સાહક સંસ્થાના કાર્યકારી અધિકારીઓ (સીઈઓ) આવતા અને મુંબઈના ઉદ્યોગ-સાહસિકોની સમસ્યાઓનું નિરાકરણ લાવતા. આથી તેમને અવરોધક તુમારશાહી અને વિસંવાદ દૂર થયાં 'ઈન્ડેક્ષ-સી' ગુજરાતના મુખ્યમંત્રી અને સંબંધિત મંત્રીઓ સાજે મુંબઈમાં વાર્ષિક આંતરસંવાદ સત્રો પણ ગોઠવતું.

ઉદ્યોગ વિભાગના સંયુક્ત સચિવ તરીકે અને ત્યાર બાદ ગુજરાત રાજ્ય નિકાસ નિગમના વહીવટી સંચાલક તરીકે, બેઉ મંચ પર ૧૯૭૭ થી ૧૯૮૩ સુધી મેં ભાગીદારી કરી હતી. આ એ સમયગાળો હતો જ્યારે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસનો મજબૂત પાયો નંખાયો અને પ્રગતિમાં વેગ આવ્યો. સરકારના બીજા ઉત્તમ હરોળના જાહેર સાહસો (જીએમડીસી, લિગ્નાઇટ, જીએસીએલ વગેરે) અને હાલોલ, વાઘોડિયા, કલોલ (ઉત્તર ગુજરાત), દહેજ રસાયણ બંદર, હજીરા, વેરાવળ, પીપાવાવ પંથક ઈત્યાદિ જેવા ધમધમતાં ઉદ્યોગ-કેન્દ્રો વિકસ્યાં.

જીએસએફસી (તથા તેના જેવું જ ભરૂચ ખાતેનું જીએનએફસી) અને જીએસીએલ જેવા જાહેર સાહસોના એકમોની સફળતાની સુગાથાઓ જાણીતી બની. અન્ય ઉદ્યોગ ગૃહોએ ગુજરાત સરકાર સાથે સહભાગી થવા આતુરતા દર્શાવી. ઈન્ડેક્ષ-બી દ્વારા ગુજરાત માટે સૂચિત પ્રોજેક્ટો માટે પરવાના મેળવવાની અને આગળ ધપાવવાની તક ગુજરાત રોકાણ નિગમે ઝડપી લીધો, ગુજરાત હવે ધ્યેય પ્રાપ્તિ તરફ ચોક્કસ રીતે આગળ વધી રહ્યું હતું.

ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં સહયોગ આપવાની મને બીજી ઉજળી તક ૧૯૮૮થી ૧૯૯૨ દરમ્યાન ઉદ્યોગ વિભાગના સચિવ તરીકેની અને ત્યારબાદ ખાણ અને પેટ્રોલિયમ વિભાગના પ્રિન્સીપલ સચિવ તરીકેની મારી કારકિર્દી દરમ્યાન મળી. ઔદ્યોગિક પ્રોત્સાહન નીતિની ત્રીજી અને ચોથી આવૃત્તિ અમલમાં હતી અને ઔદ્યોગિક વિકાસ નિગમો ઈન્ડેક્ષ-બી અને સી ના સહયોગમાં સઘન રીતે કાર્યરત હતા. અમુક અંશે ૧૯૮૫-૮૬-૮૭ ના સતત ત્રણ વરસના દુકાળને લીધે સિત્તેર અને એંસીના દશકનો જુસ્સો થોડો નબળો પડી ગયો હતો. પરંતુ મુખ્યત્વે અત્યાર સુધીમાં ગુજરાતે ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં મોખરાનું સ્થાન હાંસલ કરી લીધું હતું. તેને કારણે આગળના દાયકાઓની ધગશ-વેગમાં થોડાં નરમ પડ્યાં હતા. એમ કહેવાય કે, એક રીતે ગુજરાત હવે નિર્ણાયક કક્ષામાં એટલે કે, સંગીન વેગે આગળ વધી રહેલું હતું.

આ પરિપ્રેક્ષ્યમાં નર્મદા નદી પરના સરદાર સરોવરનો આંતર-રાજ્ય જળવિદ્યુત ઊર્જા-સિંચાઈ અને જળસંશાધન વિકાસનો મેગા પ્રૉજેક્ટ લોકો તથા સરકારના ધ્યાનમાં કેન્દ્ર સ્થાને આવી ગયો. રાજકીય નેતૃત્વ સર્વોચ્ચ પ્રાથમિકતા સાથે નર્મદા યોજનામાં સ્રોતોનો પ્રવાહ વહેવડાવવામાં લાગી ગયા હતા. આનું કારણ નર્મદા યોજના વડે આવનારી સર્વાંગી આર્થિક

સમૃદ્ધિ તો હતું જ, ઉપરાંતમાં બદઈરાદો ધરાવતા સ્થાપિત હિતોવાળા લોકો દ્વારા આ મહત્ત્વાકાંક્ષી યોજનાનો વિરોધ કરનારા જૂથોને અને રાજકીય હરીફોને માત કરવાનું પણ જરૂરી હતું. ગુજરાતના બધા જ રાજકીય પક્ષો તો "ગુજરાતની જીવાદોરી" તરીકે ઉપસી આવેલ આ મહાયોજના બાબતે એક હતા. કચ્છ જેવા દૂરના જિલ્લા સહિત ૧૮ લાખ હેક્ટર જમીનને સિંચાઈ, ૮૨૧૫ ગામો અને પાણીની તંગી ભોગવતા ૧૩૫ શહેરી વિસ્તારો અને ઉદ્યોગો માટે પાણી પૂરું પાડનારી, તેમજ ચોમાસાઓની અનિયમિતતા અને દુકાળની માઠી અસરોમાંથી મુક્તિ અપાવનારી અને સાથે સાથે ૧૪૫૦ મૅગાવોટ જેટલી વીજળી પેદા કરનારી આ પરિયોજના યથાર્થ રીતે જ 'ગુજરાતની જીવાદોરી' તરીકે જાણીતી થઈ છે. વિરોધીઓને દૂર રાખીને ગુજરાતના નેતાઓ અને વહીવટ આગળ વધી રહ્યા હતા. પણ આ યોજના કાનૂની અડચણોમાં અટવાઈ ગઈ. વિરોધી ચળવળકારીઓ યોજનાને સર્વોચ્ચ ન્યાયાલયમાં લઈ ગયા, જેને લીધે બંધનું કાર્ય આગળ ધપતું અટકી ગયું.

યોજનાના ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર સહકાર આપતાં ન હતાં. કેન્દ્ર સરકારનો અભિગમ દ્વિદ્ધાયુક્ત અને વિરોધાભાસી રહ્યો હતો. તથા આંતરરાષ્ટ્રીય બંધ-વિરોધીઓના જૂથોના ઝનૂની પ્રચારને કારણે કાનૂની લડાઈ જાણે કે કોઈને કંઈ પડી ન હોય તેમ ખેંચાતી જતી હતી.

યોજનાના ભાવિ પર આવાં પ્રશ્નાર્થ, શંકા અને નિરાશાના વાતાવરણ વચ્ચે મને ૧૯૭૭ માં આ પ્રોજેક્ટ (નર્મદા નિગમ)નો કાર્યભાર સંભાળી લેવાનું કહેવામાં આવ્યું.

આ મારી કારકિર્દીનો અંતિમ તબક્કો હતો, તેને મેં કારકિર્દીનો શ્રેષ્ઠ તો ખરા જ બલ્કે ગુજરાતના વિકાસમાં સહયોગ માટેનો પડકારરૂપ સોનેરી અવસર તરીકે ગણ્યો. અમારી પાસે (નર્મદા નિગમ) નિષ્ણાત અને સમર્પિત તંત્રજ્ઞો, ઈજનેરો અને આઈ.એ.એસ. અધિકારીઓની ટૂકડીઓ હતી જે ઈજનેરી, વિસ્થાપિતોના પુનર્વસન, નાણાં વ્યવસ્થા ઈત્યાદિ સક્ષમતાથી સંભાળતા હતા. પર્યાવરણ સુરક્ષા, તેમજ વિસ્થાપિતોના પુનર્વસનની ઝીણવટભરી અને સર્વાંગી, તાર્કિક યોગ્ય રજૂઆત થકી સર્વોચ્ચ અદાલતને ખાતરી કરાવ્યા બાદ. બંધ પડેલું ડેમનું નિર્માણ કાર્ય ટૂકડે ટૂકડે ફરી શરૂ થયું. સદ્‌ભાગ્યે મધ્યપ્રદેશના મુખ્ય સચિવ અને બંધની ઊંચાઈ વધારવાનો નિર્ણય કરનાર ભારત સરકારના સચિવો મારા સાથી આઈ.એ.એસ. અધિકારીઓ હતા. તેઓ સાથેના વ્યક્તિગત સંવાદ અને પારસ્પારિક વિશ્વાસ યોજના સંબંધિત બાબતોની સમજણ-સંમતિ લાવવામાં ઉપયોગી થયા. લવાદી ચુકાદા હેઠળ રચાયેલા નર્મદા નિયંત્રણ સત્તામંડળનું પણ પીઠબળ મળ્યું. સાથોસાથ વિસ્થાપિતોને વસાવવાના કાર્યક્ષેત્રે સર્વોચ્ચ અદાલતમાં સમર્થન મેળવવામાં પુનઃ વસવાટ કમિશનર શ્રી વી.કે. બબ્બર (આઈ.એ.એસ.)નો ધ્યેયલક્ષી અથાક પરિશ્રમ મદદરૂપ બન્યો.

દિલ્હી ખાતે એક સુસજ્જિત કાર્યાલય સ્થાપવામાં આવ્યું. જ્યાં બધીજ બાબતો પરનું સુયોજિત સંકલન થતું અને સુગ્રથિત લેખિત રજૂઆતો (લગભગ ૩૪૦૦૦ પાના) થી વરિષ્ઠ વકીલોને

તેમજ કાયદા સલાહકારને અદાલતમાં સબળ અને જુસ્સાદાર રજૂઆત કરવામાં સહાયભૂત થયાં. પરિણામે, ઓક્ટોબર, ૨૦૦૦માં નિર્ણાયક એવા ચૂકાદાના દિવસે ઉચ્ચત્તમ ન્યાયાલયે નર્મદા પ્રોજેક્ટ આડેની બધી અડચણો કાઢી નાખી અને સમયસર બંધ સમયસર પૂર્ણ કરવા માટે લીલી ઝંડી આપી. ગુજરાતની પ્રગતિ માટેની આગેકૂચમાં આ દિવસ સોનેરી અક્ષરે લખાયો. સમગ્ર રાજ્ય આશા અને ઉલ્લાસથી છલકાઈ ગયું. મારે માટે એ દિવસ મારી કારકીર્દીની શ્રેષ્ઠ ઘડીનો હતો અને એક મોટુ જીવન ધ્યેય પાર પાડવાનો સંતોષ અપાવનાર બની રહ્યો.

સર્વોચ્ચ અદાલતના સીમાચિહ્ન સમાન ચુકાદાથી નર્મદા યોજનાના અમલ માટેનો માર્ગ ખુલ્લો થઈ ગયો હતો પરંતુ, વાસ્તવિક સ્તરે જુદી જુદી અડચણો દૂર કરવાની રહેતી હતી. બંધના વિસ્થાપિતોના પુનઃવસવાટ માટે મધ્યપ્રદેશના સહકારના સહકારની તાતી આવશ્યકતા હતી. આ પુનઃવસવાટ માટે ભારે ઉદાર પેકેજની તેમની માંગણી પ્રતિ ગુજરાત સરકારે પણ ઉદાર અને વ્યવહારું અભિગમ અપનાવ્યો. ઝડપી કાર્યવાહી માટે મધ્યપ્રદેશની નેતાગીરી તથા વહીવટ સાથે સુચારુ સુમેળ સાધ્યો. સતત અને સઘન પ્રયાસો છતાં. બંધની ઊંચાઈ વધારવાનું કાર્ય મંથર ગતિએ ચાલતું હતું. કેમ કે, કેન્દ્ર સરકારની દેખરેખ હેઠળના નર્મદા નિયંત્રણ સત્તામંડળ, બે પેટા સમિતિ અને નિવૃત્ત ન્યાયાધીશના વડપણ હેઠળના ત્રણ ફરિયાદ નિવારણ પ્રાધિકરણની પરવાનગી દરેક તબક્કે મેળવવાની હતી. નહેરનું નિકાસદ્વાર હજુ ૧૧૦ મીટરે હતું. તેથી ડેમની ૮૮ મીટરની ઊંચાઈએ બાયપાસ-બોગદું બનાવવાની જૂની દરખાસ્તને પુનઃજીવિત કરાવી. મધ્યપ્રદેશ સરકારના સખત વિરોધ અને સંખ્યાબંધ વિલંબકારી યુક્તિઓ-પ્રયુક્તિઓ પાર કરીને અમે નર્મદા નિયંત્રણ પ્રાધિકરણ પાસેથી મંજૂરી મેળવવામાં સફળ થયા. આ મંજૂરી પછી ઝડપી કાર્યવાહી કરીને પ્રક્રિયાલક્ષી વિલંબોને દૂર કરી આઈબીપીટી (ઇરીગેશન બાયપાસ ટનલ) તરીકે ઓળખાતા એ નિકાસદ્વારનું વિક્રમ સમયમાં બાંધકામ પૂરું કર્યું. એક મોટી નદી ગણાય તેવી નર્મદા મુખ્ય નહેરમાં ઇ.સ. ૨૦૦૦ની દિપોત્સવી ઉપર નર્મદાના જળ પૂર્ણરૂપે વહેતા થયાં. અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં પહોંચ્યા તથા સાબરમતી નદીને નર્મદાના નીરથી છલકાવી.

મારા માટે આ એક દૂરનું સ્વપ્ન સાકાર થયા જેવું હતું. ૧૯૮૬-૮૭માં જ્યારે હું પાણી પુરવઠા બોર્ડનો અધ્યક્ષ હતો ત્યારે પાણીની તંગીને લીધે અપાર તકલીફો ભોગવતા ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકોની વિટંબણાનો હું સાક્ષી રહી ચૂક્યો હતો. ૧૯૮૦ના દશકમાં ત્રણ સળંગ દુષ્કાળ વર્ષોમાં પાણી માટે એકથી બીજી જગ્યાએ ભટકતી મહિલાઓની અપાર હાલાકી મેં જોઈ હતી. આ વિસ્તારોને નર્મદાનું પાણી પહોંચાડવાનો મારો નિર્ધાર એથી વધુ મક્કમ બન્યો હતો. તેથી મારા કર્તવ્ય ભાગે આવેલા આ કાર્યને નોકરી નહીં પરંતુ માનવતાના કાર્ય તરીકે હું જોતો હતો.

મે ૨૦૦૧માં, કેન્દ્ર સરકારની નિવૃત્તિ મર્યાદા મેં વટાવી દીધી હતી. નર્મદાજળ આઈબીપીટી મારફત વહેવા લાગેલાં, તેમજ યોજનાનું કામ પણ ઝડપથી આગળ વધતું હતું.

ત્યારે મેં નિવૃત્ત થવાની ઇચ્છા વ્યક્ત કરી. પણ તે સમયના મુખ્યમંત્રી માન. શ્રી કેશુભાઈ પેટેલે તેમની આગવી સૂઝપૂર્વક કહ્યું કે મારું કામ પુરું થયેલું ત્યારે જ ગણાય કે જ્યારે મુખ્ય નહેર સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જાય. સામે તેમણે મારો પ્રતિકરૂપે માસિક એક રૂપિયાના વેતનથી જ માનદ કામ કરવાનો પ્રસ્તાવ પણ માન્ય કર્યો.

ઓગસ્ટ, ૨૦૦૨માં એ સીમાચિહ્ન દિવસ આવ્યો કે જ્યારે નર્મદા મુખ્ય નહેર સુનિશ્ચિતરૂપે કાર્યશીલ બની. ગુજરાતની આર્થિક આગેકૂચ માટે જાણે કે એક નવો માર્ગ ખૂલ્યો. પ્રગતિશીલ ખેડૂતોએ ગુજરાતના કૃષિ વ્યવસાયને ધાન્ય પાકો, તેજાના અને બાગાયત પાકોમાં નવી ઊંચાઈઓએ પહોંચાડયો છે, મર્યાદિત જળસંશાધનો છતાં, કપાસ, એરંડા અને મગફળીના ઉત્પાદનમાં ગુજરાત ભારતભરમાં પ્રથમ સ્થાને પહોંચ્યું છે. નર્મદાનાં નીરે ગુજરાતના ગ્રામીણ અર્થતંત્ર માટે વિકાસ નવી ક્ષિતિજો ખોલી આપી છે.

કોન્ક્રીટ બંધની પૂરી ઊંચાઈ ૧૨૧ મીટર (૪૦૦ ફૂટ) ૨૦૦૬માં પૂરી થઈ હતી પણ તેના ૫૨ ૫૫ ફૂટ ઊંચા દરવાજા લગાડવા માટે કેન્દ્રમાં સરકારની ફેરબદલી થઈ ત્યારે જ, ૮ વર્ષના સમયગાળા જેટલો સમય લાગ્યો. હવે બંધ ૪૫૫ ફૂટ સુધી ભરી શકાય છે અને ૨૦૧૭ના ચોમાસામાં ૪૭.૩ લાખ એકર ફૂટ જેટલો જળસંગ્રહ કરી ડેમ પૂરેપૂરો ભરી શકાયો હતો.

ઈ.સ. ૨૦૦૧-૦૨માં ભવિષ્યવર્તી આયોજનના ભાગરૂપે નર્મદાના ‘‘વધારાના પાણી’’ના ઉપયોગ માટે ભારત સરકારની સંસ્થા - વોટર એન્ડ પાવર કન્સલટન્સી સર્વિસિઝ ‘‘વાપકોસ’’ (WAPCOS) દ્વારા મેં કરાવેલ તાંત્રિક અહેવાલ આધારિત યોજનાના આધારે વચ્ચગાળાનાં વર્ષોમાં આંશિક ભરાતા ડેમ ઉપરાંત નર્મદાના વરસાદી જળનો ઉપયોગ થતો રહ્યો. આ યોજના ‘સુજલામ-સુફલામ નામે પ્રચલિત બની છે.

નર્મદા નદીની વિશાળ વિકાસ ક્ષમતાને ગુજરાત માટે, ભારત માટે, બંધન મુક્ત કરવાના મહાકાર્યમાં સહભાગી થયાના સંતોષ સાથે ૧ લી જૂન, ૨૦૦૩ ના દિવસે હું નિવૃત્ત થયો.

એક તરફ નર્મદાની ગાથા આગળ ચાલતી હતી ત્યારે સેવા અને ઉદ્યોગના ક્ષેત્રોમાં ગુજરાતની હરણફાળ ચાલુ જ રહી છે. બંદર આધારિત વિકાસ, રિલાયન્સની મહાકાય રીફાઇનરી-પેટ્રોકેમિકલ સંકુલ, કચ્છમાં ભૂકંપ પછી સ્થપાતા જતા ઉદ્યોગો, સાણંદ ખાતે મોટર ઉદ્યોગનું કેન્દ્ર, મહત્ત્વના એશિયન નાણાકીય કેન્દ્ર તરીકે ઉભરી રહેલ ગિફ્ટસિટીએ બધાં વિકાસને ગુણક રીતે વેગ આપનારા પૈકી નોંધપાત્ર છે.

નર્મદાના વિશાળ જળરાશિ હવે ઉપલબ્ધ થતાં, તેના સમુચિત ઉપયોગથી કૃષિ આધારિત અર્થશાસ્ત્રને વૈજ્ઞાનિક ઢબે આગળ વધારવાની અને ઉદ્યોગ-સેવાના ક્ષેત્રના વિકાસને આંબી જવાની એક જબરજસ્ત તક આપણને મળી છે. જે આગામી વર્ષોમાં ગ્રામીણ/કૃષિ ક્ષેત્રોને પણ ઉચ્ચ પ્રગતિનો મોકો આપશે અને ‘‘ગુજરાતની જીવાદોરી’’ પાસે સમૃદ્ધ-સુખમય જીવનની રખાયેલી આશા પરિપૂર્ણ કરવામાં સહાયક બનશે.

# વિકાસનું રેખાંકન
# સરદાર સરોવર પ્રોજેક્ટ – ગુજરાતની જીવાદોરી



ગુજરાતની જીવાદોરી ગણાતો સરદાર સરોવર પ્રૉજેક્ટ (એસ.એસ.પી.) વિવિધલક્ષી, આંતરરાજ્ય જળસંસાધન પ્રકલ્પ છે. પશ્ચિમ ભારતના ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશને જીવંત કરવા માટે હંમેશાં દુષ્કાળ અસર તળેના વિસ્તારોમાં નર્મદા નદીના વહી જતાં બિનવપરાયેલા પાણીના કુદરતી સંશાધનનો ઉપયોગ કરવો ખેડૂતોને ટકાઉ આજીવિકા અને હાઈડ્રોપાવરને પ્રોત્સાહન આપવું તે એનાં ધ્યેય છે. પ્રતિ વર્ષ ૧૧.૭ અબજ ઘનફૂટ પાણી ૭૦૦ કિલોમીટરના અંતર સુધી પહોંચાડવામાં આવે છે. આ પ્રૉજેક્ટનો કુલ ખર્ચ રૂ. ૫૪.૭૭૩ કરોડ (૮.૮૩ અબજ યુ.એસ. ડોલર) છે. ૧૨૧૦ મીટરની લંબાઈવાળો, તેના સૌથી નીચા પાયાથી ૧૬૩ મીટર ઊંચાઈવાળો નર્મદા નદી પર એક કિનારેથી સામેના કિનારા સુધીનો કોંન્ક્રીટ બંધ છે. આ પ્રૉજેક્ટ ચાલુ થયા પછી લગભગ બે વર્ષની લાંબી મજલ કાપીને એની પૂર્ણતાના આરે આવેલ.

૧૯૪૮માં ભારતના લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે આ અંગે વિચાર કર્યો હતો. પરંતુ તેના પાયાનું ખાતમુહૂર્ત ૫ એપ્રિલ, ૧૯૬૧ના રોજ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ કર્યું હતું. પછી પાણીની વહેંચણીના મુદ્દે ચાલુ થયેલ આંતરરાજ્ય નિવેડો લાવવા નર્મદા

જળ વિવાદ ન્યાયપંચ ૧૯૬૯માં રચવામાં આવ્યું. તેમણે પોતાનો ચુકાદો ૧૯૭૯માં આપ્યો. આયોજન પંચ દ્વારા ફરજિયાત રોકાણની મંજૂરી અને ભારત સરકારના પર્યાવરણીય અનુમતિ મળ્યા બાદ બંધનું બાંધકામ ૧૯૮૮માં શરૂ થયું. આ પ્રૉજેક્ટ અસરગ્રસ્ત પરિવારોના પુનર્વસન અને પર્યાવરણીય પગલાંની સાથોસાથ બંધનું નિર્માણ કાર્ય આગળ ધપ્યું. મે ૧૯૯૫માં ૮૦.૩ મીટરની ઊંચાઈ સુધી પહોંચ્યું. બંધના આ બાંધકામો ઉચ્ચતમ ન્યાયાલયમાં પડકારવામાં આવ્યા. પરિણામે લગભગ ચાર વર્ષ સુધી અટકી ગયું. સર્વોચ્ચ અદાલત દ્વારા જરૂરી તપાસણી અને સૂચનાઓ મુજબ એપ્રિલ ૧૯૯૯માં બંધની ઊંચાઈ ૮૫ મીટર સુધી અને ડિસેમ્બર, ૨૦૦૬ સુધીમાં ૧૨૧.૯૨ મીટર અને સપ્ટેમ્બર, ૨૦૧૭ સુધીમાં બંધનું બાંધકામ પૂર્ણ થયું.

બાકી રહેલી એક બાબત તે દરવાજા બંધ કરવા સંબંધે હતી. જેની મંજૂરી તા. ૧૬-૬-૨૦૧૭ના રોજ આવી. જેમાં ૧૩૭.૬૮ મીટર સુધીના સંપૂર્ણ જળાશય સુધી ભરવાની અને ૪૭.૩ લાખ એકર-ફૂટ  (૫૮૦ કરોડ ઘનમીટર) વપરાશ યોગ્ય પાણીનો સંગ્રહ થઈ શકે તેમ નિશ્ચિત થયું. આખરે બંધ ૧૭-૯-૨૦૧૭ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રાષ્ટ્રને સમર્પિત થયો.


રાજ્યના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં ખોરાક અને પાણીની પડકારજનક જરૂરિયાતોને પહોંચી વળવા અને ખેડૂતોને આજીવિકા મળતી રહે તે હેતુથી આ પ્રૉજેક્ટની કલ્પના કરવામાં આવી હતી. આયોજિત અંતિમ વાર્ષિક ૧.૮ મિલિયન હૅક્ટરની સિંચાઈના લક્ષ્ય સામે અત્યાર સુધીમાં આ પ્રકલ્પ હેઠળ ૫૯૦૧ કિલોમીટર લાંબી નહેરો દ્વારા ૧.૬૧૧ મિલિયન હૅક્ટર વિસ્તારની સિંચાઈ ક્ષમતા પ્રાપ્ત થઈ શકી છે.

આ પ્રગતિ દેશના ઇતિહાસમાં અભૂતપૂર્વ છે. વર્તમાન વર્ષમાં આ દ્વારા આવરી લેવાના (કમાંડ) વિસ્તારને ૨.૭૧ લાખ હેક્ટર સુધી પહોંચાડવાનું આયોજન છે.


દેશના કોઈપણ રાજ્યએ એક વર્ષમાં એક લાખ હેક્ટર સુધીની સિંચાઈ વ્યવસ્થાના લક્ષ્યાંક પ્રાપ્ત કર્યા નથી. (આનો સૌથી ઊંચો, ૯૮.૬૧૭ હૅક્ટરનો ઉત્તર પ્રદેશે ૨૦૦૭-૨૦૦૮ દરમ્યાન હાંસલ કર્યો હતો તે છે) જ્યારે સરદાર સરોવર પ્રૉજેક્ટ મારફત છેલ્લા ૩ વર્ષ દરમિયાન સરેરાશ ૨૦૯ લાખ હૅક્ટર કરતાં પણ વધુની સિંચાઈ વ્યવસ્થા નોંધાઈ છે.

વર્ષ ૨૦૦૧-૨૦૦૨ પછી નર્મદાના પાણીની ઉપલબ્ધિને લીધે આ ચિત્ર બદલાયું છે. ખાતરીપૂર્વકના પાણી પુરવઠાને કારણે હવે ખેડૂતો કૃષિમાં ઉચ્ચ વળતર આપનાર પાકોની પસંદગી કરતા થયા છે. તમામ ગામોમાં પીવાના પાણીની પ્રાપ્યતાને લીધે પશુઓના અને માનવીઓના સ્થળાંતર અટકી ગયાં છે. આ પરિવર્તનથી ખેતીની આવકમાં વૃદ્ધિની સાથે ગ્રામ્ય જીવનશૈલીની એકંદર ગુણવત્તામાં પણ સુધારો થયો છે.

રવી- ૨૦૦૩



રવી- ૨૦૧૮



ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પેસ એપ્લિકેશન ઍન્ડ જીઓ-ઇન્ફોર્મેટિક્સ (BISAG) દ્વારા લેવાયેલી છબીઓ કૃષિની કાયાપલટ દર્શાવે છે.



## પીવાના પાણીની ખાતરી – મહારાહત

ભૂતકાળમાં નર્મદા પહેલાંના સમયમાં ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના પાણીની તીવ્ર અછતના વિસ્તારોમાં ગંભીર સમસ્યાનો સામનો કરવો એ બહુ મોટો પડકાર હતો. હંગામી ધોરણે ટેંકરો દ્વારા પહોંચાડવામાં જાહેર ભંડોળમાંથી વિશાળ ખર્ચની જરૂર રહેતી. હકીકતમાં ૧૯૮૪-૮૬ દરમ્યાન સરકારે રાજકોટ શહેરને રેલવે દ્વારા પહોંચાડ્યું હતું. નર્મદા નહેરોના નેટવર્કને અને છેલ્લા દશકમાં નાંખવામાં આવેલી પીવાના પાણીની પાઈપ લાઈનોને કારણે હવે ગુજરાત ભયંકર દુષ્કાળના સમયમાં પણ ચિંતામુક્ત રહી શકે છે. ૮૬૨૫ ગામડાંઓ, ૧૬૫ શહેરો અને ૭ નગર નિગમોમાં પીવાના પાણીની પાઈપ લાઈનોની સેવા આપવામાં આવી છે. નર્મદા નહેર સાબરમતી નદી સાથે પણ જોડવામાં આવી છે. અમદાવાદને હવે કલાત્મક રિવરફ્રન્ટની સાથોસાથ સાબરમતીમાંથી પાણી મળતું થયું છે.

## નર્મદા નીરે ભર્યો ટપ્પર ડેમ, કચ્છ

નર્મદાનાં નીર મુખ્ય બંધથી ૬૦૦ કિ.મી.ની સફર મારફત ત્રણ પમ્પિંગ સ્ટેશનની શૃંખલા દ્વારા ૫૪ મીટરની ઊંચાઈ મેળવી સૌરાષ્ટ્રના આજી ડેમ અને કચ્છ જિલ્લાના ટપ્પર સુધી પહોંચાડવામાં આવ્યાં છે. આ પાણી આગળ ઉપર પીવાના પાણીની પાઈપ લાઈન દ્વારા કચ્છમાં કંડલા, આદિપુર અને ગાંધીધામને પહોંચાડવામાં આવે છે. ઉનાળામાં આનાથી લોકોને અને પશુઓને મોટી રાહત મળી રહે છે. તેથી જ નર્મદાનાં જળ ગુજરાતની જીવાદોરી છે.

વિશ્વના ઇતિહાસમાં વિકાસના આ પ્રૉજેક્ટને મહત્તમ વિલંબ અને અવરોધો-મુશ્કેલીઓનો સામનો કરવામાં આવ્યો છે. રાજ્યના નેતૃત્વ અને તંત્રએ આખરે સફળતા મેળવી. સૌથી મોટો પ્રૉજેક્ટ છે, પરંતુ તેને પૂરો કરવા ૬૦ થી વધુ વરસો લાગ્યા છે.

ડૉ. સી. સી. પટેલ, શ્રી પી. એ. રાજ, શ્રી આર. જે. પરમાર, શ્રી એ. બી. માંડવિયા, શ્રી એસ. જે. દેસાઈ જેવા ઇજનેરોનો આમાં અમૂલ્ય ફાળો છે. જ્યારે શ્રી સનત મહેતા, શ્રી જયનારાયણ વ્યાસ, શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રી વી. બી. બુચ, શ્રી પી. કે. લહેરી, શ્રી નાનુભાઈ દવે અને શ્રી એસ. એસ. રાઠોડે સફળ નેતૃત્વ પૂરું પાડ્યું છે.

આ પ્રૉજેક્ટને પૂરતા જોશપૂર્વક સાચી દિશામાં લાવનારા મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલ હતા. શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને દેશના પ્રધાનમંત્રી તરીકે સતત પાછળ પડી આ પ્રૉજેક્ટને આખરી ઓપ આપ્યો અને બધા જ અવરોધો દૂર કર્યા. તેમણે બંધની પાસેના સ્થળે જ પર્યાવરણ સાનુકૂળ અભિગમથી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા-સ્ટેચ્યૂ ઑફ યુનિટીની સ્થાપના કરી.




॥ નમામિ દેવી



આંતરરાષ્ટ્રીય અને દેશની અંદર સ્થાપિત હિતો દ્વારા આપણા દેશના વિકાસને અવરોધવા માટે નર્મદા નદી સરદાર સરોવર પ્રૉજેક્ટને વિફળ કરવા યેન-કેન પ્રકારે અનેક ગૂંચવાડા અને અવરોધો ઊભા કરવામાં આવ્યા. પણ રાજ્યના લોકો, બધા જ પક્ષના નેતાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ સભ્યો અને વહીવટ તંત્ર બધા એક થયા અને સફળતા પ્રાપ્ત કરી.

આ વરસે ગુજરાતમાં સારો વરસાદ થવાથી સરદાર સરોવર બંધ પ્રથમ વખત તેની સર્વોચ્ચ ઉંચાઈ ૧૩૮.૮૬ મીટર સુધી ભરાયો. તેની વધામણી અને ઉજવણીના ભાગ તરીકે ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૯, માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૬૯મા જન્મદિને, 'સેવા સપ્તાહ'ની સાથોસાથ 'નમામિ દેવી નર્મદે' મહોત્સવ. પૂજા-અર્ચના સહિત અનેક કાર્યક્રમો સાથે અહીં ઉત્સાહભેર ઉજવાયો.

પ્રકૃતિ, પર્યાવરણ અને પોષણના સંગમ જેવા રમણીય આ સરદાર સરોવર બંધ ખાતે ટુરિઝમની સાથોસાથ સંલગ્ન રોજગારી-વ્યવસાયમાં ઝડપભેર વૃદ્ધિ થઈ રહી છે. આપણા આદિવાસી મિત્રોને શાકભાજી, ફળ, ફૂલ અને દૂધના વ્યવસાય માટે વિશાળ બજાર મળવાનું શરૂ થયું છે.

સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ શ્રી રાઠોડ અને મુખ્ય ઈજનેર શ્રી મુકેશ જોશીએ આપેલી આ મૂલ્યવાન માહિતી પરથી અમે આ લેખ તૈયાર કર્યો છે અને તે માટે અમે તેમના આભારી છીએ.





# તૃષાતુર ગુજરાત માટે પેય જળ

શ્રી ગૌરીશંકર ઘોષ

ભારતીય વહીવટી સેવામાં, આઈ.એ.એસ. થયા પછી મારી પ્રથમ નિમણૂક વધારાના સહાયક કલેક્ટર તરીકે ગોધરામાં ૧૯૬૮માં થઈ. તરત જ મને કાલોલ તાલુકાની જવાબદારી સોંપવામાં આવી. ત્યાં ચેકડેમ, પરકોલેશનડેમ, નદીના તળિયે સબમર્સિબલ ચેકડેમ અને કૂવાઓ ઊંડાં કરવાની જળ સંગ્રહણના માળખાઓની રચનાઓ તૈયાર કરવામાં મારા ભૂસ્તરશાસ્ત્રના અભ્યાસનું જ્ઞાન મેં વાપર્યું.

પાણી સાથેનો મારો પ્રેમ-સંબંધ ચાર તબક્કાઓમાં વર્ગીકૃત થઈ શકે. પ્રથમ ૧૯૬૩થી ૧૯૮૬ સુધી દિલ્હીમાં ભુસ્તરશાસ્ત્રના વિદ્યાર્થી તરીકે. પાણી મિશનના મિશન નિયામક તરીકે નિમાયો અને દિલ્હી આવ્યો ત્યાં સુધીનો ગાળો. બીજો તબક્કો દિલ્હીમાં ૧૯૮૬થી ૧૯૯૧ સુધી રાષ્ટ્રીય પાણી મિશનના નિયામક તરીકેનો હતો. ત્રીજો તબક્કો ૧૯૯૧માં યુનિસેફ, ન્યૂયોર્ક ખાતે યુનાઈટેડ નેશન્સમાં પાણી બાબતના વડા તરીકે શરૂ થયો. ત્યારે હું યુ.એન. (પાણી)નો અધ્યક્ષ પણ હતો અને પછી વર્ષ ૨૦૦૬ સુધી જિનીવામાં પાણી અને સ્વચ્છતા સુધારણા (સેનિટેશન) પરિષદનો કાર્યકારી નિયામક હતો. આ સમયગાળા દરમ્યાન ગુજરાત સરકારને વર્ષ, ૨૦૦૦ના દુષ્કાળ નિવારણ કાર્યક્રમમાં સહાય કરનારા ઘણા જૂથોની આગેવાની લીધી હતી. ચોથો તબક્કો ૨૦૧૬માં ભારત સરકારની ઈચ્છા પ્રમાણે સ્વચ્છ ભારત અભિયાનના અમલીકરણ માટે ગુજરાત સ્વચ્છતા જૂથ (ગુજરાત સેનિટેશન ટીમ)ને સહાય માટે માનદ સલાહકાર તરીકેનો બની રહ્યો. જિલ્લાઓમાં ગોધરા, રાજકોટ, ભાવનગર અને જામનગર ખાતે મુખ્ય કામગીરીમાં રાહત કાર્યો એક ભાગ હતું. સ્થાનિક મદદથી તથા પીઈઆરટી (પ્રૉજેક્ટ ઈવેલ્યુએશન એન્ડ રિવ્યુ ટૅક્નિક) તથા સીપીએમ (ક્રિટીકલ પાથ મેથડ) જેવી પ્રૉજેક્ટ એન્જિનિયરિંગની પદ્ધતિઓ અપનાવીને ભાવનગર અને પછી જામનગર જિલ્લામાં અસાધારણ રાહત કાર્યક્રમો કર્યા હતા.

જામનગર જિલ્લાના ઓખામંડળ તાલુકાના પાણી વ્યવસ્થાપનનું ઉદાહરણીય કામ ટાટા કેમિકલ્સના શ્રી દરબારી શેઠને આભારી છે. કંપનીએ સ્થાનિક લોકોની સંપૂર્ણ સહભાગિતા સાથે ઓખામંડળ તાલુકામાં આશરે ૬૦૦થી વધુ ગામોની પાણી વ્યવસ્થાપનની સંપૂર્ણ જવાબદારી લીધી હતી. કંપનીએ ગામ લોકોને તેમની જમીનના સંરક્ષણ તેમજ પુર્નર્જીવિત કરવામાં ખૂબ ચોક્કસાઈપૂર્વક મદદ કરી. તેમનું કચરાનું સંચાલન પણ ઉદાહરણરૂપ છે. અને ભૂમિગત

પાણી પ્રદૂષિત ન થાય તે માટે પૂરતું ધ્યાન આપે છે. ઘણા વર્ષો બાદ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે પણ બહુસ્તરીય પરાવર્તિવ શોધન ક્રિયા (મલ્ટી સ્ટેજ ફ્લેશ ડિસ્ટીલેશન) દ્વારા જામનગર શહેરને પીવાનું પાણી પહોંચાડવામાં મદદ કરી.

૧૯૮૫ના ક્યારેય પણ ન અનુભવાયા હોય તેવા દુષ્કાળે રાતોરાત દૂધમાંથી, ગુજરાત ડેરી ડેવલપમેન્ટ કોર્પોરેશનમાંથી પાણી (અધ્યક્ષ, ગુજરાત વૉટર સપ્લાય એન્ડ સિવરેજ બોર્ડ તથા સેક્રેટરી, પાણી પુરવઠા)માં મારો ફેરફાર કરાવ્યો. વિશેષ કરીને રાજકોટ ચિંતાનો વિષય હતું કેમકે, ત્યાં જૂનના મધ્ય સુધી ચાલે તેટલો પાણીનો જથ્થો હતો. યુવા ઈજનેરોને તેમની ક્ષમતા-આવડત મુજબ જવાબદારીઓ સોંપવામાં આવી હતી. રાજકોટ અને જામનગર સૌથી વધારે ભયમાં હતા. તેથી તેમની નજીકના બંધ પર આધાર રાખી શકાય તેમ ન હતું. વ્યૂહાત્મક આયોજન ગાંધીનગરથી રેલવે દ્વારા પાણી પહોંચાડવું તથા જળ સંરક્ષણ, મર્યાદિત પાણી વિતરણ (પાણીમાં કાપ) અને કેન્દ્રિય ભૂમિગત પાણી બોર્ડ અને ગુજરાત ભૂમિગત પાણી જૂથના મૃત કે બંધ કરેલા બોરમાંથી નવા પાણીના સ્ત્રોતની શોધ કરવી આવું હતું. જો કે, મુખ્ય ભાર આખી પ્રક્રિયામાં લોકોની પૂરેપૂરી સામેલગીરી અને સહભાગિતાના સક્રિય સહયોગ પર હતો.

શ્રી રાજીવ ગાંધીએ ગુજરાતની મુલાકાત લીધી હતી. ગુજરાતની ટીમ દ્વારા આપાતકાલીન કામગીરીથી તેઓ પ્રભાવિત થયા અને તરત જ કેન્દ્રિય સહાય મંજૂર કરી હતી. તે જ ગાળામાં ઉચ્ચસ્તર જૂથના વૈજ્ઞાનિકો દ્વારા વડાપ્રધાનને 'ટૅક્નોલૉજી મિશન' શરૂ કરવા માટે સલાહ આપવામાં આવી હતી. મારા ગુજરાતના અનુભવને આધારે બૃહદ યોજના (માસ્ટર પ્લાન)ની રૂપરેખા મેં તૈયાર કરી અને વડાપ્રધાન સમક્ષ રજૂ કરી. તેમણે અંગત રીતે તેમાં સંમતિ દર્શાવી. જળ સંસાધન વિકાસ અને વિતરણની મુખ્ય પાણી વિષયક યોજના અને કાર્યક્રમો ચાલુ રાખવાની સાથે નાના ધ્યેયલક્ષી કાર્યો (મિનિ મિશન) અને પેટા મિશન પણ મેં હાથ ધર્યા. ગુજરાતમાં એક મિનિ મિશન કચ્છ હતું અને પેટા-મિશન ભૂમિગત પાણીનાં ફ્લોરાઈડ નિયંત્રણ, લોહ નિયંત્રણ અને ભૂગર્ભજળ સ્ત્રોતોને પુર્નજીવિત કરવાના હતા. આ પાછળ મુખ્ય વિચાર વધુ વળતર ને વધુ સલામત જળપ્રાપ્તિનો હતો.

વર્ષ ૨૦૦૦ દરમ્યાન દુષ્કાળના વર્ષ દરમ્યાન યુનિસેફ, યુએનડીપી, વિશ્વ બેંક, અને વિશ્વ આરોગ્ય સંગઠન, વર્લ્ડ ઓર્ગેનાઈઝર જૂથને દોરવણી આપવાનું મને સોંપવામાં આવ્યું. અમે ઈઝરાયેલના તજ્જ્ઞ મિ. શૌલ ખાર્લોસોશેફ્ફ સાથે રાજ્યની મુલાકાત લીધી અને અમે ત્રણ જૂથમાં વહેંચાઈ ગયા અને પ્રખ્યાત મહાનુભાવો જેવાં કે, શ્રીમતી ઈલાબેન ભટ્ટ, ડૉ. યોગિન્દ્ર અલઘ, શ્રી અશોક ચેટરજી, શ્રી અનિલભાઈ શાહ વગેરે સાથે ચર્ચા બેઠકો યોજી.

આ જૂથે તરત જ પંચાયત રાજ પ્રણાલીને મદદ કરવા ખાસ કરીને જળ વ્યવસ્થાપનના વિકેન્દ્રીકરણમાં મદદ કરવા, અમલદારશાહીની બહારની એક સંસ્થાની રચના કરવા સર્વસંમતિથી ભલામણ કરી. 'વાસ્મો' (વૉટર એન્ડ સેનિટેશન મૅનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન)ની રચના આ

ચર્ચાની ફલશ્રુતિ હતી આની પ્રક્રિયા શ્રી કેશુભાઈ પટેલ દ્વારા શરૂ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૦ પછી મારું લગભગ પૂરું ધ્યાન મેં આરોગ્ય અને સ્વસ્થતા સુધારણા તરફ આપવા માંડ્યું. વર્ષ ૨૦૦૨ના જહોનિસબર્ગમાં વૈશ્વિક ટકાઉ વિકાસ સમિટમાં સ્વચ્છતા સુધારણામાં સહસ્ત્રાબ્દિના લક્ષ્યો હાંસલ કરવા માટે મેં વૈશ્વિક ‘વૉશ’ (વોટર સેનિટેશન એન્ડ હાયજિન)નું અભિયાન શરૂ કર્યું. વિશ્વના આ તમામ રાષ્ટ્રોની વૈશ્વિક બેઠકમાં સાત મુદ્દાઓની ચર્ચા થઈ અને પૂર્ણ અધિવેશન સત્રમાં સાત નિષ્ણાત વક્તાઓએ જે તે વિષયો પર વક્તવ્ય આપ્યા હતા. મેં સ્વચ્છતા પર રજૂઆત કરી. તેના પર રાષ્ટ્રોના પ્રતિનિધિઓએ ચર્ચા કરી અને વૈશ્વિક સ્વચ્છતા-સુધારણાના અભિયાનનું નવું આંદોલન ચલાવવા મારા સ્વચ્છતા-સુધારણાના ધ્યેયને સમર્થન આપ્યું. દક્ષિણ એશિયામાં પ્રાદેશિક સલાહ મસલત માટે સોકોસાન (સાઉથ એશિયા કોન્ફરન્સ ઓન સેનિટેશન)ની પહેલી બેઠક ઢાકામાં યોજાઈ. કેન્દ્રના પ્રધાન શ્રી કાશીરામ રાણા મુસદ્દા સમિતિના અધ્યક્ષ પદે હતા. બેઠકની કાર્યવાહી પર અહેવાલ તૈયાર કરનારાઓમાં મુખ્ય જવાબદારી મારા પર હતી. અમે અમલમાં મૂકવાના આયોજન માટે સ્વચ્છતા-સુધારણા અંગે પ્રતમ સાર્ક (સાઉથ એશિયન ઍસોસિયેશન ફોર રિજિઓનલ કોર્પોરેશન) મુસદ્દા નિવેદનની રચના કરી.

સ્વચ્છ ભારત કાર્યક્રમની ઘોષણા કરવામાં આવી ત્યારે મને ખૂબ આંનદ થયો. ગુજરાત સરકારે આના અમલીકરણની વ્યૂહરચના વિકસાવવામાં મદદ કરવા મને કહ્યું તે પ્રમાણે મેં સરકારને પ્રાથમિક મુસદ્દો પણ પૂરો પાડ્યો હતો.

ગુજરાત પાવર ક્ષેત્રમાં સુધારામાં સફળ રહ્યું છે. પરંતુ અર્થશાસ્ત્ર, સંચાલન, સંસ્થા અને કાર્યકારી પદ્ધતિ રચના સહિતનાં પાસાંઓ સાથે જળના ક્ષેત્રને સર્વાંગી રીતે જોવાની જરૂર છે. બહુ બધા જ ક્ષેત્ર જેવાં કે ઉદ્યોગ, કૃષિ, જૈવિક વૈવિધ્ય અને ઘરેલુ આવશ્યકતાઓની ભવિષ્યની સમગ્ર માંગને બહુ શાખાકીય જૂથે ધ્યાનમાં લેવાની જરૂર છે અને તે દ્વારા પાણી વપરાશ અને સંચાલન માટેની વ્યૂહરચના અને પાણીની ભાવિ માંગ અને પુરવઠા પર આધારિત ભાવિ બૃહદ્ કાર્યવાહીના આયોજનવાળો સમતોલ ઉકેલ આણવાની જરૂર છે.

જળ જીવન છે, પરંતુ સ્વચ્છતા-સુધારણા જીવનરીત છે. જળ અને સ્વચ્છતા-સુધારણાના ધ્યેયની આરોગ્ય, શિક્ષણ અને વર્તણૂકીય ફેરફારો પર જણાતી અસરનું મૂલ્યાંકન નિયમિત રીતે થવું જોઈએ અને પરસ્પરનો સહસંબંધ સ્થાપિત થવો જોઈએ. ઊંચા બાળમરણ પ્રમાણ અને કુપોષણ ગ્રસિત ગુજરાતે માત્ર કાર્ય-માળખાના અમલને બદલે ઉપર જણાવ્યા પ્રમાણે અભિગમ પર ભાર મૂકવો જોઈએ. જળસંસાધન વ્યવસ્થાપન અને વહેંચણી, નીચે તરફ લોકોની સહભાગી-સહયોગિતા અને ઉપરની બાજુ પાણીના જથ્થાના સ્રોતો—કાંઠા પર જળ સંરક્ષણ કે સુરક્ષા વિના શક્ય નથી.

## ગુજરાતમાં હું શું શીખ્યો ?

મને યુએન દ્વારા સોંપાયેલા કાર્યધ્યેયો અંગે મારે યુરોપ, આફ્રિકા, દક્ષિણ અને પૂર્વ એશિયા અને લેટિન અમેરિકાના દેશોમાં વ્યાપકપણે પ્રવાસો કરવાનું બન્યું છે. આ સમયગાળા દરમ્યાન મેં લગભગ બધી જ મુખ્ય વૈશ્વિક પાણી પરિષદોના આયોજનકાર કે સંકલનકાર તરીકેની ભૂમિકા ભજવી છે. મુલાકાત દરમ્યાન કે વ્યૂહરચના ઘડવા અને અમલીકરણ માટે સલાહ આપતી વેળાએ મેં જે તે દેશના વહીવટી માળખાનું નિરીક્ષણ કર્યું હતું.

ગુજરાતના જિલ્લાસ્તરે કામ કરતી સરળ, કાર્યક્ષમ અને સતર્ક સુવ્યવસ્થિત પ્રથા છે તેવી મને વિશ્વમાં ક્યાંય જોવા મળી નથી તેનું મને ભારોભાર આશ્ચર્ય છે. આપણી પાસે ખૂબ જ કારગત અને સુગઠિત કાર્યપ્રણાલી છે. પરંતુ, આપણા કાર્યનાં વિશ્લેષણ-તારણ અને તેના અમલમાં આપણે ઊણા ઊતરીએ છીએ. હું આશા રાખું છું કે વહીવટી વ્યવસ્થાના આધુનિકીકરણ અને વિકેન્દ્રીકરણના હાલના અભિગમ સાથે આપણે ટૂંક સમયમાં જ પ્રાકૃતિક સંસાધનોના સરળ સહભાગી સંચાલન પ્રતિ આગળ વધીશું. નહીંતર ગમે તેટલી મૂડી-નાણાંનું રોકાણ ગંભીર આપત્તિઓથી આપણને બચાવી શકશે નહીં.

---

**ગૌરીશંકર ઘોષ :** ગુજરાત; આઈ.એ.એસ. કેડરમાં ૧૯૬૭માં જોડાયા હતા. તેમણે ૧૯૯૭માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી અને યુનાઈટેડ નેશન્સમાં યુ.એન. વૉટર એન્ડ સેનિટેશન કોલેબરેટીવ કાઉન્સિલમાં જોડાયા.



# ગુજરાત
# વિપદાઓ વચ્ચે વિકાસ

**શ્રી પ્રવીણ ક. લહેરી**

વિકાસ એક જટિલ પ્રક્રિયા છે, જેમાં વિવિધ ક્ષેત્રોમાં પરિવર્તનોને તેનાં ચોક્કસ પરિમાણો સામે માપવામાં આવે છે. 'વિકાસ' શબ્દ ગુજરાતીઓમાં પ્રિય છે. ઉચ્ચતર ગુણવત્તાવાળા જીવન શોધ તેમની મૂલ્ય પદ્ધતિમાં વણાયેલી છે. આજકાલ ગુજરાતના 'વિકાસ મૉડેલ' અંગે ચર્ચાઓ થાય છે.

ગુજરાત અલગ રાજ્ય તરીકે ૧૯૬૦માં અસ્તિત્વમાં આવ્યું અને નબળો આર્થિક વારસો તેના ફાળે આવ્યો કેમ કે સુખી સમૃદ્ધ ગુજરાતીઓ મુંબઈમાં રહેતા હતા. આજે ગુજરાત ગતિશીલ, ધબકતું અને સમૃદ્ધ સમાજ ગણાય છે. વિશ્વના ૧૨૦ દેશોમાં વસતા ગુજરાતીઓએ ગુજરાતને આંતરરાષ્ટ્રીય વ્યાપારનું વૈશ્વિક કેન્દ્ર બનાવ્યું છે. ઐતિહાસિક રીતે, ગુજરાતના બંદરોએ અન્ય દેશો સાથે ભારતના વેપારમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. અત્યારે ગુજરાત રૂ. ૮,૫૦,૦૦૦ કરોડના એસ.જી.ડી.પી. (સ્ટેટ ગ્રોસ ડોમેસ્ટિક પ્રૉડક્ટ)અને રૂ. ૧,૫૦,૦૦૦થી વધુ માથાદીઠ આવકવાળા વિકાસશીલ અર્થતંત્ર તરીકે ઊભરી આવ્યું છે. ગુજરાતની છેલ્લા ૫૮ વર્ષની વિકાસગાથા, અનેક પડકારોના પ્રતિકારની પ્રેરક કહાણી છે. ગુજરાત વારંવાર આફતોનો ભોગ બનતું આવતું રાજ્ય છે. વારંવારના દુષ્કાળ, વાવઝોડાં અને પૂરને લીધે પ્રગતિને પુષ્કળ પ્રતિકૂળ અસર થઈ છે. ૨૦૦૧ના મહા વિનાશક ભૂકંપમાં પારાવાર જાનમાલની હાનિ થઈ હતી. કોમી રમખાણો અને વારંવારના આંદોલનોથી પણ સામાન્ય જીવન સ્થગિત થતું રહ્યું હતું. ગુજરાત પીવાના પાણીની તીવ્ર તંગીનો પણ સામનો કરી રહ્યું છે. રાજ્યમાં ખેતી હેઠળનો વિસ્તાર મર્યાદિત છે. બળતણ સંસાધનો ટાંચા છે. તેમ છતાં ગુજરાતે કૃષિ, ઉદ્યોગો અને સેવા ક્ષેત્રોના સારા માળખાકીય બંધારણ સાથે વિરાટ છલાંગ (ક્વૉન્ટમ જમ્પ) લગાવી છે. વર્ષ ૧૯૬૯થી ૨૦૦૮ સુધી ગુજરાત વહીવટની સેવા દરમ્યાન જે ઝડપથી નક્કર અને નોંધપાત્ર પરિવર્તનો થયા તેનો હું સાક્ષી છું. આ વિકાસયાત્રાને વર્ણવવા કદાચ ૧૦૦૦ પૃષ્ઠોની જરૂર પડે, પરંતુ હું તેને મને આપેલી ૧૦૦૦ શબ્દોની મર્યાદામાં જણાવીશ. હું ફક્ત મોટી પહેલ અને વિશાળ પ્રૉજેક્ટોને ધ્યાનમાં લાવીશ કે જેને લીધે ગુજરાત અર્થતંત્ર સામાન્ય રાજ્યમાંથી દેશના પ્રગતિના એન્જિનના સ્વરૂપમાં પરિવર્તિત થયું.

જ્યારે વર્ષ ૧૯૭૦માં હું રાજકોટ ખાતે તાલીમ હેઠળ હતો. મોરબી-માળિયાના વિસ્તારોમાં વારંવારના અછત અને પૂરની અસરો મેં અનુભવી છે. મને ફરીથી ૧૯૮૬માં પીવાના

પાણીની વ્યાપક તંગીની સ્થિતિ સંભાળવા માટે રાજકોટ મૂકવામાં આવ્યો હતો. પાણીને ટ્રેનથી લાવવાના મારા પ્રયાસો સફળ રહ્યા હતા. આજે પણ રાજકોટ પાણીની તંગીનો સામનો કરવામાં નબળું છે. સામાન્ય વરરસ દરમ્યાન પણ તેણે નર્મદાના પાણી પર નભવું પડે છે.

વડોદરા નગર નિગમમાં મારા નાયબ કલેક્ટરના કાર્યકાળ દરમ્યાન મેં સૌથી ખરાબ રમખાણો, પોલીસ ગોળીબાર અને જાનમાલની હાનિ જોયાં છે. ગુજરાતને ૧૯૮૦, ૧૯૮૪, ૧૯૮૫, ૧૯૮૬, ૧૯૯૦ અને ૨૦૦૨ દરમ્યાન શ્રેણીબદ્ધ કોમી ઝઘડા અને અનામત વિરુદ્ધના આંદોલનો ભોગવ્યા છે. ગુજરાતના સામાજિક તાણાવાણા સારી માત્રામાં નબળા પડી ગયા છે અને એ ગંભીર ચિંતાનો વિષય બની રહે છે. હું માત્ર આશા રાખી શકું કે, ગુજરાત ધર્મ, જાતિ અને પ્રાદેશિક મતભેદો ભૂલી એકીકૃત સમાજ બની રહે.

મારા જિલ્લાઓમાંના કાર્યકાળમાં, જામનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે, તથા બનાસકાંઠાના કલેક્ટર તરીકે મને શ્રીમતી ઈન્દિરા ગાંધી દ્વારા લદાયેલા કટોકટી સંબંધી કાર્યો ઉપરાંત અન્ય અસંખ્ય પડકારોનો સામનો કરવાનું થયું હતું. શ્રી મોરારજી દેસાઈ હેઠળની ગઠબંધન જનતાપક્ષ સરકાર ૩ વર્ષથી વધુ નભી નહીં, પરંતુ સુશાસન માટે તેને હજુ યાદ કરાય છે.

વિભાગોના વડા તરીકેના મારા કાર્યકાળમાં (૧૯૭૮-૧૯૮૨) કુટિર ઉદ્યોગો, માહિતી અને શિક્ષણ, જિલ્લા ઔદ્યોગિક કેન્દ્રો (ડી.આઈ.સી.)ની સ્થાપના નવી ઔદ્યોગિક નીતિનાં અમલીકરણ (૧૯૭૭), લઘુ ઉદ્યોગો અને સ્વરોજગારી માટે ગુજરાતમાં લાખો લોકો માટે રોજગારી અને આજીવિકાનું નિર્માણ થઈ શક્યું હતું. ત્યાર બાદ ગુજરાતમાં ૧૯૮૦, ૧૯૮૬, ૧૯૯૦ અને ૧૯૯૫માં મૂડીકરણ રચવા અને ગુજરાતને બીજા ક્રમે, મહારાષ્ટ્ર પછી, ઊંચું લાવવામાં ઔદ્યોગિક નીતિઓ અતિ સફળ રહી હતી. અને તે વિભાગમાં મને ઉદ્યોગ કમિશનર, ઉદ્યોગ સચિવ તરીકે કાર્ય કરવાનો વિશેષાધિકાર પ્રાપ્ત થયો ત્યારે ઉદ્યોગમાં મારી પાંચ વર્ષની લાંબી કામગીરી દરમ્યાન ગુજરાત રોકાણ માટે મનપસંદ સ્થળ તરીકે ઊભરી આવ્યું.

મારી કારકિર્દી દરમ્યાન મેં પાંચ મુખ્યમંત્રીઓના મુખ્ય સચિવ તરીકે સેવા આપી છે. આવું કદાચ મારી ક્ષમતા, નિષ્ઠા અને રાજકીય તટસ્થતાને કારણે થયું અને કોઈ એમ પણ માનતા હશે કે માત્ર ઉપરીઓ સાથે ચાલાકીપૂર્વકની રમતને લીધે બન્યું હશે. જે પણ હોય, મને ખૂબ જ નોંધપાત્ર અનુભવ મળ્યો અને અનેક કઠિન પરિસ્થિતિઓને હું સંભાળી શક્યો હતો. શ્રી અમરસિંહ ચૌધરી હેઠળના કાર્યકાળ દરમ્યાન દુકાળ અને રમખાણો ઉપરાંત મુખ્ય પડકાર પોલીસના આક્રમક યુનિયનને વિખેરી નાખવાનો હતો. પોલીસ યુનિયનનું કઠોર, બિનનૈતિક વર્તન જ કાયદો અને વ્યવસ્થાને ભયરૂપ બની ગયું હતું. જ્યારે ટૂંકા ગાળા માટે પણ શ્રી માધવસિંહ સોલંકીસાથે કામક રવાનો એકદમ અલગ જ અનુભવ હતો. શ્રી માધવસિંહ સોલંકીના પહેલા સમયગાળામાં, કેટલાક લોકો તેમને ઉશ્કેરીને મારી માહિતી ખાતાના નિયામક તરીકેના કાર્યકાળને ટૂંકો કરાવવામાં સફળ રહ્યા હતા. શ્રી સોલંકીએ ૧૯૯૦માં મારી સાથે

બહુ સારો વ્યવહાર કર્યો અને ખૂબ મહત્ત્વપૂર્ણ બાબતો પર મારા અભિપ્રાયો માંગ્યા હતાં. શ્રી શંકરસિંહ વાઘેલાએ મને ભારત સરકારની સેવાઓમાંથી પરત ગુજરાતમાં બોલાવ્યો હતો. તેમની કાર્યશૈલી વિશિષ્ટ અને અનોખી હતી. ટૂંકા ગાળામાં તેમણે ઘણી મહત્ત્વની પહેલ કરી. તેમના અનુગામી તરીકે શ્રી દિલીપ પરીખ આવ્યા, તેમને ખૂબ જ અલ્પ કાર્યકાળ સાંપડ્યો હતો અને વિધાનસભા વિખેરી નાંખવાની તેમને ફરજ પાડવામાં આવી હતી. જો કે તેઓ મૈત્રીપૂર્ણ વ્યક્તિ હતા. માર્ચ ૧૯૯૮માં શ્રી કેશુભાઈ પટેલના નેતૃત્વવાળી ભારતીય જનતા પક્ષ સત્તા પર આવી. તેમણે અગ્રસચિવ તરીકે મને ચાલુ રાખ્યો. અલબત્ત, મેં કૉંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળ (આર.જે.ડી.)ના મુખ્યમંત્રી સાથે તેમના કાર્યકાળ દરમ્યાન કામ કર્યું હતું. તે જાણવા છતાં મુખ્યમંત્રીના કાર્યાલયે મોટી કુદરતી આફતોનો સામનો કરવાનું થયું હતું. બે વાવાઝોડા અને એક મોટો ધરતીકંપ, એક વર્ષ તીવ્ર અછત. શ્રી કેશુભાઈના સમયગાળા દરમ્યાન રાજ્ય સરકારે વિકાસ યોજનાને વેગ આપવા અને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે ખાનગી રોકાણ, નર્મદા પ્રૉજેક્ટને આગળ ધપાવવા તથા પાણીના સંસાધનોની વૃદ્ધિ માટે વ્યાવહારિક પગલાં લીધાં હતાં. ઈન્ફોર્મેશન અને ટૅક્નોલૉજી, બાયોટૅક્નોલૉજીમાં, ઈન્ફોસિટી અને સાયન્સ સિટીની સ્થાપનામાં તેમણે કરેલી પહેલ અગત્યનાં સીમાચિહ્નો બન્યાં છે.

ઑક્ટોબર, ૨૦૦૧માં શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા. પહેલાં મને ગુજરાતનું પ્રવાસન નિગમ સોંપવામાં આવેલું. પાછળથી ગ્રામીણ વિકાસની જવાબદારી પણ સોંપવામાં આવી.

જો કે, એપ્રિલ, ૨૦૦૩માં ભારત સરકારમાં અતિરિક્ત સચિવ (સિક્યુરિટી) તરીકે જોડાવાનું લગભગ ગોઠવાયું હતું. શ્રી નરેન્દ્ર મોદીએ મારા ત્રણ સક્ષમ સહકર્મીઓની વરિષ્ઠતાને બાજુ પર મુકી મને મુખ્ય સચિવ તરીકેની નિમણૂક આપવાનો આશ્ચર્યજનક નિર્ણય લીધો. બહુ કઠિન કાર્ય હતું. ૨૩ માસના મારા મુખ્ય સચિવ તરીકેના કાર્યકાળ દરમ્યાન ગુજરાતમાં અનેક નવી પહેલ કરવામાં આવી. ચિંતન શિબિર, જિલ્લા મથકો પર રાષ્ટ્રીય તહેવારોના ઉત્સવો, કૃષિ મહોત્સવ, પ્રવેશોત્સવ, જળસંરક્ષણ યોજનાઓ, 'કર્મયોગી' વગેરે; વહીવટી તંત્રમાં બધા જ સ્તરે સ્ફૂર્તિ-ઊર્જાનો સંચાર થયો. ગતિશીલ ગુજરાત (વાયબ્રન્ટ ગુજરાત) ૨૦૦૩ અને ૨૦૦૫માં યોજાયા. ગુજરાતનું વિકાસ મૉડેલ કેસ સ્ટડી તરીકેનું સ્થાન પામ્યું. હું નમ્રતાપૂર્વક ગૌરવ લઈ શકું કે મારા મુખ્ય સચિવ તરીકેના કાર્યકાળ દરમ્યાન ખૂબ ઝડપી આર્થિક વિકાસ થયો. મારા મતે નીચે મુજબની સિદ્ધિ નોંધપાત્ર છે :

૧. બધા જ અવરોધો અને મુશ્કેલીઓ છતાં રાજ્ય નાણાં સ્થિતિમાં બે દાયકા પછી મહેસૂલી આવકમાં પુરાંત બતાવી શક્યું.

૨. ૧૦%થી વધારે વિકાસ દર અગાઉના વર્ષોથી નોંધપાત્ર રીતે સુધર્યો હતો.

૩. અધવચ્ચે શાળા-અભ્યાસ છોડનાર વિદ્યાર્થીઓની (ડ્રોપ આઉટ) સંખ્યામાં ઘટાડો થયો.

૪. નર્મદા પ્રૉજેક્ટ, મુકદમાઓ અને આંદોલનોની વચ્ચે પણ ખૂબ સરસ રીતે આગળ ધપ્યો.

૫. ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કોર્પોરેશન (જી.એસ.એફ.સી.) ગુજરાત આલ્કલિઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (જી.એ.સી.એલ.) જેવા જાહેરક્ષેત્રના એકમો પુનર્જીવિત થયા. સખત નાણાં કટોકટી અને ગેરવ્યવસ્થાપન પ્રણાલીમાંથી બહાર આવ્યા અને સારું વળતર આપતી કંપનીઓ બની ગયા.

૬. કૃષિમાં પ્રભાવકારી વિકાસદર નોંધાયો. ડેરીઓએ તેમના વ્યવસાયને અને વ્યાપાર પ્રવૃત્તિ માટે માળખાંઓને વિસ્તૃત કર્યા.

૭. જળ સંરક્ષણના પગલાંઓ, ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રના પાકને સિંચાઈ ઉપલબ્ધિ સુલભ બની.

૮. પ્રત્યેક વિભાગે પોતાનાં ધ્યેયને સૂચિગત કર્યા અને તે મુજબ પ્રવૃત્તિઓનું લક્ષ્ય રાખ્યું. જેના પરિણામો ખૂબ સારાં આવ્યાં.

૯. કમ્પ્યૂટરાઈઝેશન, જીસ્વાન (ગુજરાત સ્ટેટ વાઈડ એરિયા નેટવર્ક) અને તાલીમ પ્રશિક્ષણ કાર્યક્રમો સુવ્યવસ્થિત ગોઠવાયાં.

રાજ્ય કારભાર એ પ્રત્યેક ક્ષણે પડકારોનો સામનો કરવાની પ્રક્રિયા છે. મેં, મારી ભૂમિકા પ્રમાણે હું જે કાંઈ કરવા સમર્થ હતો તે કશા પણ ખચવાટ વિના તથા પૂરા સમર્પણ ભાવથી કર્યું. નિવૃત્તિ પછી લોકો તેમને થયેલા સુખદ અનુભવો યાદ કરે છે ત્યારે હું સંતોષની લાગણી અનુભવું છું.

મારી નિવૃત્તિ વય પછી પણ વેપાર, ઉદ્યોગ, સ્વૈચ્છિક સંસ્થાઓ, નિયમનકારી સંસ્થાઓ, ધાર્મિક ટ્રસ્ટ અને કૉર્પોરેટ હાઉસ જેવાં સમાજના વિવિધ ક્ષેત્રો સાથે કામ કરવાની તક મળી તેને હું વિશેષ સૌભાગ્ય સમજુ છું. મારો મોટા ભાગનો સમય સદ્‌વિચાર પરિવાર, સોમનાથ ટ્રસ્ટ, બી. એમ. ઈન્સ્ટિટ્યૂટ ફોર મેન્ટલ હેલ્થ, શ્રવણક્ષતિવાળા માટેની ઉમંગ સ્કૂલ, ભાગવત વિદ્યાપીઠ, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન, ગુજરાત વિશ્વકોષ જેવી બિનસરકારી સંસ્થાઓના કામકાજમાં પસાર થાય છે. દિવ્યાંગ બાળકો, આરોગ્ય સંભાળ, શિક્ષણ, મહિલા સશક્તિકરણ, સામાજિક સુધારણા, પોષણ, રોજગાર અને કારકિર્દી વિકાસ જેવી પ્રવૃત્તિઓના કાર્યોમાં પણ હું આનંદ મેળવું છું. મને ઘણું નવું શીખવા મળ્યું છે તે મારું સદ્‌ભાગ્ય છે. સામાન્ય નાગરિકોની સમસ્યાઓને હું સારી રીતે સમજુ છું. ગુજરાતમાં મારી કારકિર્દી દરમ્યાન કસોટીજનક કુદરતી વિપદાઓ, હિંસા અને તીવ્ર નફરત જેવી પરિસ્થિતિઓ પણ ઊભી થઈ હતી. સ્વાભાવિક રીતે પ્રત્યેક ગુજરાતીઓને પોતાનું સ્વપ્ન હોય છે. આપણે સહુ એક ભવ્ય, સમૃદ્ધ સાહસિક અને શાંતિપૂર્ણ ગુજરાત જોવા ઇચ્છીએ છીએ.

મારી વાત કરું તો મારા સ્વપ્નનું ગુજરાત એવું ગતિશીલ હોય કે જ્યાં સંપત્તિ સમાનતા દ્વારા નિયંત્રિત હોય, સત્તા ન્યાયિક રીતે પરિપક્વ હોય, જીવન સ્વતંત્રતા ધરાવતું હોય અને

સમાજમાં સર્વત્ર શાંતિ અને પરસ્પર સહકારની ભાવના હોય. એવું ગુજરાત જેમાં શિક્ષણ સ્વસ્થ અને મૂલ્યલક્ષી હોય, જ્યાં માંદાં, ઘરડાં અને જરૂરિયાતમંદ લોકોની પૂરતી સંભાળ લેવાતી હોય, એવું ગુજરાત જ્યાં નાગરિકો સંવેદનશીલ, સહિષ્ણુ હોય, એકબીજાની કાળજી લેતા હોય, આનંદ અને દુઃખોને સાથે મળીને જાણતાં-માણતાં હોય. એવું ગુજરાત જેમાં લોકો ઉદારમતવાદી, અરસપરસ માટે અનકૂળ, આનંદિત અને મહેનતકશ હોય. એવું ગુજરાત જ્યાં જીવનના બધાં જ પાસાંઓમાં સમાનતા અને સ્વતંત્રતા પ્રવર્તતા હોય, એવું ગુજરાત જ્યાં માનવતા મહેકતી હોય અને પ્રત્યેકનું સ્વમાન સંરક્ષિત હોય.

આપણી સાચી સમજ, દૃઢ પ્રતિબદ્ધતા અને સંનિષ્ઠ પ્રયાસો વડે ગુજરાત ઉત્તમ અને ઉત્કૃષ્ટ રાજ્ય બને તેવી ઈશ્વરને પ્રાર્થના.



પાટણ ખાતે આવેલી 'રાણી કી વાવ' અગિયારમી સદીમાં રાજા ભીમદેવ સોલંકીના સ્મારક તરીકે સરસ્વતી નદીના કાંઠે અદ્ભુત કારીગરી અને કલાત્મક રીતે બનાવાયેલી પગથિયાંવાળી વાવ છે.



# ગુજરાતનો વિકાસ મારી સ્મૃતિઓ

ડૉ. મંજુલા સુબ્રમણ્યમ

મારું પહેલું કાર્યસ્થળ અમદાવાદ ખાતે હતું. તે દિવસોમાં એ કોઈ આકર્ષક શહેર ન હતું. અમદાવાદ જિલ્લો નિસ્તેજ-નીરસ સમયગાળો ભોગવી રહ્યો હતો. ધંધુકાથી છેક વિરમગામ સુધી રાહતકાર્યો ચાલી રહ્યા હતા અને હકીકતમાં આખા આ વિશાળ જિલ્લામાં રળિયામણું દૃશ્ય ક્યાંય દેખાતું ન હતું. ગાંધીનગર પણ જિલ્લાનો ભાગ હતું અને કલેક્ટરને મિટિંગો માટે ગાંધીનગર બોલાવવામાં આવતા. શહેરમાં હું લગભગ અજાણ વ્યક્તિ હતી. નહીં પોતાનું ઘર, નહીં આવવા જવા માટે વાહનની વ્યવસ્થા, નહીં નિશ્ચિત ઑફિસ-સ્થળ. અમદાવાદના વિશાળ શહેરમાં ગુમસુધા સમાન હતી. તે વર્ષમાં શહેરે વિનાશક પૂર જોયું અને વર્ષના અંત સુધીમાં તો નવનિર્માણ અભિયાન શરૂ થઈ ગયું હતું.

આવામાં મારે નિરાશ થવું કે આનંદમાં જ રહેવું જોઈએ એ વિશે હું નિશ્ચિત થઈ શકતી ન હતી. બૉમ્બે, મદ્રાસ, બેંગ્લોર અને હૈદરાબાદમાં મારા નિકટના સાથીઓ વિશે વિચારતી કે તેઓ કેટલા ભાગ્યશાળી છે. બીજી બાજુ મને કહેવામાં આવ્યું હતું કે ગુજરાત એક સુસંચાલિત રાજ્ય છે. જીવનના એ તબક્કે મને એવા કોઈ વિધાનમાં તથ્ય જણાતું ન હતું. આમ, મારું પ્રથમ અહીં આવી પડવું સરળ કે હળવું ન હતું. હવે લાગે છે કે તે ખૂબ જ સારું હતું તેમ જણાય છે. કારણ કે, તેથી આરંભમાં, પહેલેથી જ મને સમજાઈ ગયું હતું કે સઢની દોરડા-ગોઠવણી મારે શીખવાની છે, જેથી વહીવટના સમુદ્ર-જળમાં હું સારી રીતે વહાણ ચલાવી શકું. આ લાગણીઓએ મને જીવન દરમ્યાન સારી જગ્યાઓમાં સ્થાન અપાવ્યું. મેં નક્કી કર્યું કે હું કોઈ નાના જિલ્લામાં વધુ સરળ રીતે ગોઠવાઈ જઈશ. જ્યાં મને ઓળખ મળશે, વધુ શીખી શકીશ અને ત્યાંના લોકો વધુ મદદરૂપ બની શકશે.

મને લાગે છે કે આને લીધે હું વધુ સંતુલિત દૃષ્ટિવંત વ્યક્તિ તરીકે ઊભરી. મેં ક્યારેય વધુ પડતી અપેક્ષા રાખી નહીં અને જે કંઈ મારા કાર્યમાર્ગે આવે તેને સ્વીકારવાનું શીખી ગઈ. ભાષાનો ઉપયોગ કરતાં શીખી ગઈ. નિષ્ણાત જેવી નહીં, પરંતુ લોકો સાથે વાતચીત કરી શકાય તેવો. મોટા ભાગે મને રસ પડે તેવી, પડકારજનક કાર્યો કરવાની તક મળી. એનો યશ ગુજરાતના અધિકારીઓને બિન-અધિકારીઓને ફાળે જાય છે, કે જેઓ જે–તે વિસ્તારની પ્રવૃત્તિઓ સિવાયના કામોની જવાબદારી મને સોંપવા ઇચ્છતા. ભરૂચ અને સુરતના જિલ્લાઓમાં કાર્ય કર્યા પછી સમસ્યાવાળા વિસ્તારોમાં મારી જાતે જ મુલાકાતો લેવાની મને ફાવટ આવી

ગઈ અને વિવિધ પ્રકારની ઘટનાઓ પરની પકડ પણ આવી ગઈ.

જામનગર જિલ્લા વિકાસ અધિકારી તરીકે મને જિલ્લા પંચાયતના રાજકારણ સાથેના કાર્યમાં બિન-અધિકારીઓ પરિસ્થિતિ અને ઘટનાઓનું કેવી રીતે અર્થઘટન કરે છે તેનાં તર્કો સમજાયા. મને ખાતરી થઈ ગઈ છે કે, ગ્રામજનો અને કર્મચારીઓ સાથે વિશ્વાસના સંબંધો સ્થાપિત કરવા ગુજરાતી ભાષા અગત્યનું માધ્યમ છે. વ્યાકરણની દૃષ્ટિએ મારું ગુજરાતી ઉત્તમ ન હતું, પરંતુ લોકો મારી ભાષા પ્રતિ ઉદાર અને સહિષ્ણુ હતા. હું શું કહેવા માંગું છું તે સાચા સંદર્ભમાં સમજવા અને પ્રશ્નો-સમસ્યાઓ જાણી તેના ઉપાયો યોજવાના મારા કાચા-પાકા પરંતુ સંનિષ્ઠ પ્રયાસોમાં સહભાગી થતા. મારી હેઠળ કામ કરનાર કેટલાક અધિકારીઓ–કર્મચારીઓ પાસેથી હકીકતોને સાર્થક રીતે સમજી શકતી.

અમરેલીના કલેક્ટર તરીકેના કાર્યમાં મારી પાસે ફાજલ સમય રહેતો જેનો ઉપયોગ હું દૂરના મોટાભાગના ગામડાંઓની મુલાકાત લેવામાં કરતી. ખાસ કરીને જ્યારે જ્યારે ચૂંટણી ભંડોળ ફાળવવામાં આવતું ત્યારે અધિકારીઓ મુક્ત રીતે આવા પ્રવાસ કરી શકતા. અમુક સુદૂરના ગામડાંઓમાં ઘણાયે વર્ષોથી અધિકારીઓ ગયા ન હતા તેથી મારી મુલાકાતો ગ્રામવાસીઓ માટે તેમજ મારા માટે પણ મહત્ત્વપૂર્ણ પ્રસંગ બનતો. પછી મારો ફરજકાળ જૂનાગઢના કલેક્ટર તરીકે બે વર્ષનો હતો. અહીંનો વિસ્તાર રાજકીય રીતે સંવેદનશીલ હોવા ઉપરાંત મને અહીં કેટલીક વિભિન્ન પ્રકારની પરિસ્થિતિઓ, જેમ કે, વેરાવળમાં સાંપ્રદાયિક તણાવ – રમખાણો, વાવાઝોડા અને વરસાદથી માંગરોળના રસ્તાઓનું વ્યાપક ધોવાણ, પોરબંદરનાં કુખ્યાત જૂથો વચ્ચેની કાતિલ મારામારી અને ચોક્કસ રીતે ભિન્ન ભિન્ન હિતો સામે કાર્ય કેમ પાડવું તે શીખવાની તક મળી. આ અનુભવો આવેગકારી પરંતુ અકંદરે ફળદાયી હતા.

ત્યારબાદ હું દિલ્હી ગઈ અને ભારત સરકારમાં કામ કર્યું. મને રાષ્ટ્રીય કક્ષાનું સમગ્ર ફલક દૃટિગોચર થયું. હાર્વર્ડ યુનિવર્સિટી ખાતે અભ્યાસની અને અનુસ્નાતક ડિગ્રી પ્રાપ્ત કરવાની તક મળી. ત્યાંથી હું ગુજરાત પરત આવી અને શહેરી વિકાસ ક્ષેત્રમાં કામ કર્યું. શહેરી ક્ષેત્રની સમસ્યાઓ – વિશેષતાઓ જાણવા-સમજવા-ઉકેલવામાં સહભાગી થવાનો નવા અનુભવનો આરંભ થયો. આમાં, મહાવિનાશકારી ભૂકંપ પછી પ્રાથમિકતાના ધોરણે કચ્છના ભૂકંપપીડિત ભુજ, અંજાર, ભચાઉ અને રાપર ખાતે નગરના પુનઃનિર્માણ, નગર આયોજનોના અમલીકરણની તક મળી. ત્યાર બાદ ગુજરાત રાજ્ય વિદ્યુત બૉર્ડમાં પ્રથમ વહીવટી સભ્ય અને બાદમાં અધ્યક્ષ તરીકે અને પછી ઊર્જા અને પેટ્રોલિયમ વિભાગમાં અગ્ર સચિવ તરીકેની જવાબદારીઓએ મને રાજ્ય વિદ્યુત બોર્ડને એક મૂળ નિયંત્રક કંપની, એક ઉત્પાદક કંપની, એક પ્રસારણ કંપની અને ચાર વિતરક કંપની એમ સાત અલગ કંપની તરીકેની પુનઃરચનાના કાર્યક્રમનો અનન્ય અવસર સાંપડ્યો.

તત્પશ્ચાત્ મને નાણાં વિભાગમાં યોગદાનની તક આપવામાં આવી. રાજ્યની નાણાકીય બાબતો સંભાળવાની આ અમૂલ્ય બાબત હતી. કોમ્પ્યુટરાઈઝ્ડ પીઠબળ સાથે વેટ (વેલ્યુ એડેડ

ટેક્ષ) પ્રણાલીના અમલીકરણ ઉપરાંત આઈ.એફ.એમ. એસ. (ઈન્ટિગ્રેટેડ ફાઈનાન્સ મૅનેજમેન્ટ સિસ્ટમ)ને દાખલ કરવાની આ અદ્ભુત તક મળી. આજે આ એકીકૃત નાણાં વ્યવસ્થાપન પ્રણાલી નાણાં-કોષ વ્યવસ્થાને સરળ બનાવવામાં અતિશ ઉપયોગી સાબિત થઈ છે. સમયે-સમયે રાજ્યની નાણાં સ્થિતિની વિવિધ બાબતોની સમીક્ષા કરવા માટે રાજ્ય માટે ઉત્તમ પદ્ધતિ પુરવાર થઈ છે.

હવે પછીનો મારો પડાવ રાજ્યના મુખ્ય સચિવ તરીકેનો હતો. આ પદ હકીકતમાં પાછલા બધા વર્ષો દરમિયાન સેવાના વિવિધ ક્ષેત્રોમાં કરેલા સખત પરિશ્રમની કદર-સ્વીકૃતિ સમાન છે. આ પદ પર સેવા કરવાની તક મળી તેને હું મારું સદ્ભાગ્ય ગણું છું. પાછળથી મને ગુજરાત રાજ્યના વિજિલન્સ આયુક્ત તરીકે કામ કરવા મળ્યું. કંટાળાજનક હોવા છતાં એ ખૂબ જ ફળદાયી કારકિર્દી હતી. મેં પાછલા લાંબા સમયથી બાકી રહેલા કેસો કે જેમાં ભાગ્યે જ કોઈ પુરાવા હતા તે બધાનો નિવેડો લાવી તેમને બંધ કર્યા. ઘણા અધિકારીઓના નિવૃત્તિ લાભો અટકી ગયા હતા અને તેને લીધે ખૂબ જ ચિંતિત અવસ્થામાં હતા તેમાંના શક્ય તેટલા બધા જ મામલાનું નિરાકરણ કરાવ્યું.

અન્ય એક પાસું કે જેના પર ભાર મૂકવામાં આવ્યો હતો તે હતું નિવારક સતર્કતા (પ્રિવેન્ટીવ વિજિલન્સ). જ્યાં પણ કાર્યવાહી પદ્ધતિમાં છિંડા હતા. મેં વિભાગને સ્પષ્ટતાકારી અર્થો માટે નોટિસો પાઠવવા સમજાવ્યા. અમારા જૂથે ઘણા પ્રૉજેક્ટના પ્રાયોગિક તપાસ હેતુ કસોટીએ કરી અને પ્રણાલીમાંના ગાબડાં કે અમલીકરણના નબળા પાસાંઓને શોધી કાઢ્યા.

મારી આગામી જવાબદારી અમદાવાદના મેટ્રો રેલ પ્રૉજેક્ટને લાઈન પર ચઢાવવાની વાતો. પ્રૉજેક્ટને વિગતવાર આખરી ઓપ અને જાપાનની લોન માટેના વાટાઘાટથી શરૂ કરીને આ પૂરું કરવામાં બે વર્ષ લાગી ગયા. મારી તાજેતરની જવાબદારૂ ગુજરાત રિઅલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (જી.આર.ઈ.આર.એ.)ની સ્થાપના કરવાની હતી. મારા અગાઉના શહેરી ક્ષેત્રમાંના કાર્યકાળની મને યાદ આવી. આ ઑથોરિટી-મંડળની તદ્દન નવીન શરૂઆત કરી તેને બહુ જ ઓછા અને ચોક્કસ સમય-માળખામાં કાર્યરત કરવાની હતી. ગતિશીલ તેમજ સ્થિર વેબસાઈટ પ્રસ્થાપિત કરવાનો મેં જબરો પ્રયાસ કર્યો. એના યશભાગી આપણા લોકો છે, કેમ કે બધા જ હિત-ધારકોના સહકારથી એ થઈ શકે તેમ હતું. મોટા ભાગના કાર્યકર્તાઓને આઉટસોર્સ કરી તેમને કાર્ય માટે પ્રશિક્ષિત કર્યા બાદ આ થઈ શક્યું. અત્યંત આનંદની વાત છે કે પ્રૉજેક્ટ મોડો શરૂ થયો હતો છતાં એક વરસ જેટલાં ટૂંકા ગાળામાં ૩૩૦૦ થી વધુ કેસોની નોંધણી થઈ. આને લીધે ગુજરાત બીજા રાજ્યો કરતાં મોખરાની સ્થિતિમાં મૂકાયું તેની સંતુષ્ટી આહ્લાદક છે. મને હંમેશાં જણાયું છે કે જે કોઈપણ સ્વરૂપમાં, જે કોઈપણ પ્રવૃત્તિ-ક્ષેત્રમાં યત્કિંચિત રીતે ગુજરાત અને ગુજરાતવાસીઓ કે જેમણે મને અપાર ટેકો, પ્રેમ અને હૂંફ આપ્યા છે તેમનાં વિકાસ કાર્યોમાં સહભાગી થવામાં મને સદા ખુશી થઈ છે.



# આધ્યાત્મિક વિકાસ

**સ્વામી અધ્યાત્માનંદજી**

મેં મારી એસ.એસ.સી. (માધ્યમિક શાળા પ્રમાણપત્ર) પરીક્ષા ૧ મે, ૧૯૬૦ના રોજ પસાર કરી. ૧ મે, ૧૯૭૦ના રોજ અમોને ટાઉનહૉલમાં 'જય જય ગરવી ગુજરાત' ગાવા અને નૃત્ય કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. પાકિસ્તાન સાથેનું યુદ્ધ, જાણે કે ગઈકાલની જ ઘટના હોય તેમ તાજું છે. પાકિસ્તાનના વિમાન દળે આપણા માન. દ્વિતીય મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતાના એરોપ્લેનને, તેઓ કચ્છ સરહદ પાસેથી પસાર થઈ રહ્યા હતા તેના પર બૉમ્બમારો કરી તોડી પાડ્યું હતું. પરંતુ આપણા જામનગર હવાઈદળના ફાઈટરે પાકિસ્તાનના વિમાનનો પીછો કરી તેને બૉમ્બ વડે તોડી ખતમ કર્યું હતું.

આપણા પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતા સ્વપ્નસેવી દૃષ્ટિવંત પુરુષ હતા. તેમણે પોતાની વિશેષ રુચિ સાથે માન. ડૉ. ગોપાલ વી. મરચન્ટ (એમ.એસ., ઓર્થો)ને (હાડકા અંગેની સારવાર) વિભાગના વડા બનાવ્યા અને એસ.એસ.જી. મેડિકલ સ્કૂલ, વડોદરામાં ફિઝિયોથેરાપીની શળા શરૂ કરવા જણાવ્યું. હજુ તાજા જ નવા ગુજરાતમાં ફિઝિયોથેરાપીની આ પ્રથમ શાળા હતી. ડૉ. મરચન્ટને તેમની અંગત પ્રૅક્ટિસ પણ ચાલુ રાખવાની તેમણે મંજૂરી આપી હતી.

માન. શ્રી ઘનશ્યામભાઈ ઓઝાનો પુત્ર ઓર્થોપેડિક સર્જન હતો. અમે સારા મિત્રો હતા. ૧૩મી મે, ૧૯૭૧થી માર્ચ, ૧૯૭૨ની વચ્ચેના ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસનકાળમાં માનનીય શ્રી ઘનશ્યામભાઈ ઓઝા રામકૃષ્ણનગર રાજકોટમાં રહેતા હતા અને આશ્રમમાં ધ્યાન કરવા આવતા હતા. ગુજરાતના પાંચમા મુખ્યમંત્રી માનનીય શ્રી ચીમનભાઈ પટેલે પ્રખ્યાત નર્મદા ડેમ માટે અંતિમ શ્વાસ પર્યંત કામ કર્યું. ગુજરાતના વિકાસ માટે ભંડોળ એકત્ર કરવા તેઓ અમેરિકા સુધી પણ દોડી ગયા હતા. તેમના આ પ્રયાસોનું ગુજરાતના વિકાસના ઈતિહાસમાં અમીટ સ્થાન રહેશે. જનતા મોર્ચો, જનતા પાર્ટી, જે.ડી.જી., બી.જે.પી., જેડી (જી) જી ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસ, ભારતીય જનતા પક્ષ અને પછી રાષ્ટ્રીય જનતા પક્ષનું આવવાનું અને જવાનું ૪થી માર્ચ, ૧૯૯૮ કે જ્યારે ભાજપના શ્રી કેશુભાઈ પટેલની વિધિસર ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની વરણી થઈ ત્યાં સુધી ચાલ્યા કર્યું. ત્યારબાદ માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય ડૉ. આનંદીબેન પટેલ અને હાલમાં શ્રી વિજય રૂપાણી સરકારમાં ગુજરાતના વિકાસે ગતિ પકડી.

માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના દિલ્હી યુનિવર્સિટીના પ્રવચન દરમ્યાન તેમને ત્યાંના એક વિદ્યાર્થીએ પ્રશ્ન પૂછ્યો, "સર, આપની કામ કરવાની રીત શી છે ? એ જ જૂની ઘરેડવાળા સરકારી તંત્ર સાથે આપ કેવી રીતે કામ કરી શકો છો ?" જવાબ અદ્ભુત હતો. શ્રી નરેન્દ્રભાઈએ પ્રત્યુત્તરમાં કહ્યું, "એક દિવસ મારા અંગત સચિવે મને એક એન.આર.આઈ. પોતાનો ધંધો-વ્યવસાય ગુજરાતમાં, ખાસ કરીને વડોદરામાં શરૂ કરવા માંગે છે તે માટે સમય આપવા વિનંતી કરી. મેં મારા અંગત સચિવને તેઓ વડોદરાના કલેક્ટરને મળે તેવું કહેવા જણાવ્યું. એ સીધા મુખ્યમંત્રીના કાર્યાલયમાં શા માટે આવ્યા છે એવું પૂછ્યું." જવાબમાં મારા સચિવે કહ્યું, "તેઓ વડોદરાના કલેક્ટરને મળ્યા છે. પોતાના ઉદ્યોગ માટે તેણે યોગ્ય જમીન પણ ખરીદી છે. હવે આજે આ આપની પાસેથી બે તારીખો માંગવા આવ્યા છે. એક તો તેના ઉદ્યોગિક સાહસના શિલારોપણની અને બીજી એક વરસ પછી તેના એ નવા ઉદ્યોગના ઉદ્ઘાટનની.

મેં તેમને અંદર બોલાવવા કહ્યું, તમને જણાવી દઉં, બે મહિનાના સમયમાં એના બધાં જ કાર્ય સરળતાથી ગોઠવાઈ ગયા. અમે તેના કારખાનાનું ખાત મૂહુર્ત કર્યું, એકદમ એક વર્ષ પછી રેલવેના કમ્પાર્ટમેન્ટ બનાવતા તે કારખાનાનું અમે ઉદ્ઘાટન પણ કર્યું. તમે જાણો છો ? જે મેટ્રોમાં તમે હરો-ફરો છો તેના ડબ્બાઓ વડોદરા, ગુજરાતમાં બને છે ?" ગુજરાતે કારખાના તથા વાહન-મોટરકાર ઉદ્યોગમાં સણ ખૂબ સારી પ્રગતિ કરી છે.

કચ્છનું સફેદ રણ યુગોથી અસ્તિત્વમાં હતું. ગિરના સિંહો અને અંબાજીનું મંદિર પણ યુગોના સમયથી છે. હવે ત્યાં રહેવાની સગવડ, આમોદ-પ્રમોદ અને ભોજનની સુવિધા ઉપલબ્ધ છે. વિશ્વભરમાંથી લોકો ચાંદનીના પ્રકાશમાં કચ્છના સફેદ રણનો આનંદ માણવા ઉમળકાભેર પધારે છે. આ બધું માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની ઉચ્ચ વિચારસરણી અને આગવી સૂઝને કારણે થયું છે. પ્રત્યેક ઘર, મંદિર, સંસ્થામાં સૌર વીજળી ઉપકરણો ગોઠવાયાં છે. જેથી વીજળીનું બિલ પહેલાં હજારો રૂપિયામાં આવતું હતું તે હવે થોડા સેંકડોમાં આવે છે. તાજેતરમાં ભારત સરકારે ગુજરાત સરકારને ૫,૦૦૦ મેગાવૉટના સોલાર પાર્કને ધોલેરા ખાતે સ્થાપવા લીલી ઝંડી આપી દીધી છે. આજે ગુજરાતમાં વાપી-વલસાડથી દ્વારકા-ઓખા સુધી ડગલે ને પગલે પેટ્રોલ પંપ, હૉટેલ, બાથરૂમ-શૌચાલયો મળી રહે છે. દર વરસના ગતિશીલ ગુજરાતના કાર્યક્રમો તો મધપૂડા સમાન છે, જે વિશ્વભરના ઉદ્યોગગૃહોને મોટી સંખ્યામાં આકર્ષે છે. આપણી ફોરેન્સિક સંશોધન યુનિવર્સિટી, ગુજરાત ટૅક્નૉલોજિકલ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, ઈસરો અને ઇન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ જેવાં આજે વિશ્વ વિખ્યાત શૈક્ષણિક સંકુલો છે. અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિયેશનની પણ શિક્ષણ માટેની શ્રેષ્ઠ સંસ્થાઓમાંની એક તરીકેની ગણના થાય છે.

ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરનું નિર્માણ ગુજરાતની તમામ ગ્રામ પંચાયતોમાંથી થોડી થોડી માટી લાવીને તેમજ બધી જ નદી-જળાશયોમાંથી થોડું-થોડું જળ લાવીને વાપરવાનો

વિચાર તેમજ રચના બંને મહાન છે. ગુજરાતની માટીના પનોતા પુત્ર, સૌને માટે પૂજનીય શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા, સ્ટેચ્યૂ ઑફ યુનિટીની રાષ્ટ્રને સમર્પણ વિધિ તેમના જન્મદિન ૩૧ ઑક્ટોબર, ૨૦૧૮ના રોજ કરવામાં આવી.

ગુજરાતનો વિકાસ ઊભી અને આડી એમ બધી દિશામાં દરેક પરિમાણમાં, દરેક ક્ષેત્રમાં, વિવિધ અને વ્યાપક રીતે થયો છે અને થઈ રહ્યો છે. કચ્છની પરંપરાગત હસ્તકલામાં ભરતકામનું સુપ્રસિદ્ધ ગામ ભુજોડી એક પવિત્ર સીમાચિહ્ન છે. જ્યાંના પ્રત્યેક ઘર, પ્રત્યેક પરિવાર ભારતના ભૂતપૂર્વ અને વર્તમાન રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત થયેલાં છે. એક દિવસ માન. મોદીજીએ મને તેના કાર્યાલયમાં કહ્યું, “અમે જે કાંઈ પણ આપણા લોકો કે રાજ્ય માટે કરીએ છીએ એની સામાન્ય લોકોને ભાગ્યે જ જાણ હોય છે.” માન. મોદીજી જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે વિશ્વની યુનિવર્સિટીઓના વડાઓની એક પરિષદનું આયોજન કર્યું હતું. ગુજરાતના શિક્ષણ, પ્રગતિ અને જીવન ગુણવત્તા સુધારણા માટે તેઓ સૌ શું કરી શકે તેમ સૂચવવા જણાવ્યું હતું. આવી વિરલ પરિષદ-ગોષ્ઠી વિશ્વમાં ક્યાંય પણ ગોઠવવામાં આવી નથી. ગુજરાત સરકારે વન-નિષ્ણાતોને ગુજરાતમાં કયા પ્રકારનાં વૃક્ષો નથી તે શોધી કાઢવા અને દેશના બીજા ભાગોમાંથી આપણે કયા વૃક્ષોનાં બીજ લાવીને ઊછેરી શકીએ છીએ તેનો અભ્યાસ રજૂ કરવા વિંનતી કરી હતી. હવે દુનિયા માટે આશ્ચર્યકારક એ બન્યું છે કે, લાલ ચંદનવૃક્ષોનાં વાવેતરમાં ગુજરાત મોખરે છે.

મોરબી પૂર હોનારત અને ૨૦૦૧માં ગુજરાત અને આસપાસમાં થયેલો અવિસ્મરણીય ભૂકંપ મોટા આઘાત સમાન બિહામણી ઘટનાઓ હતી. ગુજરાત અને એક માત્ર ગુજરાત જ આ આઘાતને થોડા જ સમયમાં પચાવી શક્યું. શ્રી મોદીજી હંમેશાં કહેતા કે આપણી સ્પર્ધા મુંબઈ કે ચેન્નાઈ સાથે નહીં, જાપાન અને જર્મની સાથે છે. વધારાયેલી ઊંચાઈવાળા હાલના નર્મદા સરોવર બંધને લીધે નર્મદા નદીનાં પાણી કચ્છ સુધી પહોંચ્યાં છે. પહેલાં પાણી માટે તલસતા વિસ્તાર કચ્છમાં અત્યારે ભરપૂર આંબાવાડિયાં લહેરાય છે.

૧૯૬૦ પછીનો ગુજરાતનો વિકાસ માત્ર કાલ્પનિક અને દિવાસ્વપ્ન જેવો નથી. સંપૂર્ણતા માટે સંઘર્ષ અને પ્રત્યેક સોપાન માટે સખત પરિશ્રમની ફલશ્રુતિ છે. જેમાં ગુજરાતના પ્રત્યેક નેતા જે શ્રી છબિલદાસભાઈ મહેતા હોય, શ્રી અમરસિંહ ચૌધરી હોય, શ્રી શંકરસિંહ વાઘેલા હોય કે શ્રી દિલીપભાઈ પરીખ હોય, તેમનો સહુનો ફાળો રહ્યો છે. ૧૯૬૦માં મારી વય ૧૫ વર્ષની હતી. અત્યારે હું ૭૫ વર્ષને આરે આવીને ઊભો છું. છેલ્લા ૬૦ વર્ષમાં મેં સંતુલિત, સંવાદિતા, ઉચ્ચતર માનવશક્તિ, યંત્રશક્તિ, ધનશક્તિ, શિક્ષણ અને ગતિશીલતા ગુજરાતમાં અનુભવ્યા છે. છેવાડાના કચ્છ જેવા જિલ્લાના સીમાડાના ગામના લોકો કે પાકિસ્તાન સરહદને અડીને આવેલા ખાવડાના હાજીપીરના લોકોના બેંક ખાતાઓ ધરખમ રીતે સદ્ધર છે. તેઓ વાંચે છે, લખે છે, ગીતો ગાય છે, નાચે છે અને આનંદ કરે છે, કારણ કે આરોગ્યની તથા તેમનાં પોષણ અને રોજિંદી જરૂરિયાતોની કાળજી સરકાર કરે છે. ‘બેટી બચાવો, બેટી

પઢાવો' યોજના એ માદા ભ્રુણ હત્યા અટકાવવામાં નોંધપાત્ર જાગૃતિ આણી છે. છોકરીઓ શિક્ષિત છે અને દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં હજાર ગણી સુરક્ષિત છે. ખેડૂતોનું જીવન શાકભાજી, ફૂલો, ફળો, સામાન્ય માનવીના બધા જ પાસાંઓમાં ગુજરાતના વિકાસને લીધે ખીલે છે. હસે છે અને પ્રફુલ્લિત રહે છે.

ઉદ્યોગોના વિકાસની સાથે ગુજરાતમાં અર્થવ્યવસ્થા, પરસ્પર સ્નેહઆદર, સંબંધોનું સન્માન અને માતૃભૂમિ માટે પ્રેમ પણ દૃઢ થયાં છે. ગુજરાતનો પ્રત્યેક નાગરિક માતૃભૂમિ ગુજરાત અને ભારતને મજબૂત બનાવવા સમર્પણ, ભક્તિ અને પ્રતિબદ્ધતાયુક્ત છે. સામાન્ય નાગરિકથી મુખ્યમંત્રી સુધીના સહુ એક ધ્યેય, એક આશા અને એક ગતિશીલ લાગણી 'સબ કા સાથ સબ કા વિકાસ' માટે જાગૃત છે, સક્રિય છે.

## સ્વામીજી વિશે બે બોલ

ઉચ્ચ આધ્યાત્મિક પશ્ચાદ્‌ભૂ ધરાવતા શ્રી સ્વામી અધ્યાત્મનંદજી ૧ જાન્યુઆરી, ૧૯૭૧ના રોજ રાજકોટના શ્રી રામકૃષ્ણ આશ્રમમાં જોડાયા. સુરતના પૂર, કચ્છના દુષ્કાળના દિવસોમાં તેઓ રાહત કામગીરીમાં સામેલ હતા. તેમણે મુંબઈ સમાચારના સહયોગમાં રૂ. ૨૨ લાખ જેટલી રકમનું ભંડોળ એકત્રિત કર્યું હતું અને શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના નેજા હેઠળ પૂરપીડિતો માટે આવાસ-નિર્માણનું સુંદર કાર્ય પાર પાડ્યું હતું. વિશ્વમાં ચક્ષુદાન, અંગદાન, રક્તદાનની સેવાકીય પ્રવૃત્તિ માટે ગુજરાત અગ્રિમ છે. આ સંદર્ભે સ્વામીજીની નિયમિત પ્રવૃત્તિઓમાં રક્તદાન શિબિર, વૃક્ષારોપણ, માદક-દારૂ-તંબાકુના બંધાણીઓ માટે પૂરા પ્રેમ અને આદર સાથે વ્યસનમુક્તિના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. ઉત્સાહપ્રેરક પરિણામો આ પ્રત્યેક ક્ષેત્રમાં જોઈ શકાય છે. એમના સાધુ જીવન દરમિયાન ગરીબ, માંદા અને કચડાયેલા લોકો પ્રત્યેના પ્રેમ અને કરુણાના પ્રતીક તરીકે તેમણે ૨૯૨ રક્તદાન શિબિરો યોજી, જેમાં ૭,૨૧,૬૮૯,૫૪૨ રક્તદાતાઓ દ્વારા ૨૧,૬૫૦ લિટર લોહી જમા કરાવ્યું. સ્વામીજીએ ખુદ એક્સો સત્તર વખત રક્તદાન કર્યું છે. પર્યાવરણ માટેના ઊંડા પ્રેમ અને ખેવનાને લીધે તેમણે સમગ્ર વિશ્વમાં એક કરોડથી વધુ છોડવાઓ રોપ્યા છે.

તેઓ યુવાઓ માટે વ્યક્તિત્વ વિકાસના વર્ગો ચલાવે છે. પૂજ્ય ગુરુદેવ સ્વામી શ્રી શિવાનંદજીની ઇચ્છા મુજબ તેઓ યોગ, પ્રાણાયામ અને ધ્યાનના ભારતીય જ્ઞાન અને પરંપરાનો પ્રસાર-પ્રચાર સતત કરતા રહે છે. વિશ્વભરમાં તેમણે ૮૦૫થી વધુ યોગ, પ્રાણાયામ શિબિરો-વર્ગો ચલાવ્યા છે. દાયકાથી વધુ સમયથી તેઓ નિયમિત રીતે આકાશવાણી પરથી વિવિધ વિષયો પર પ્રવચન—વાર્તાલાપ આપે છે. છેલ્લા પાંચ દાયકાથી તેઓ ટી.વી. ચેનલો મારફત યોગશિક્ષણ આપ્યા કરે છે. તેમની વાણીમાં ઊંડું ચિંતન, સ્પષ્ટ સમજ અને ઉચ્ચ દર્શન સ્પષ્ટપણે પ્રકાશતું હોય છે.

યુનિવર્સિટીઓમાં, કોલસાની ખાણોમાં, ભારતીય લશ્કરમાં, ભારતીય વહીવટી સેવાઓમાં

ઉપરાંત લેહ (લદ્દાખ), કારગિલ, પૂંછ જેવા પર્વતીય પ્રદેશોમાં પણ રાષ્ટ્રસેવાના પ્રતીક સ્વરૂપે લાભાર્થીઓને તેમના કર્મ-ક્ષેત્રમાં વિજ્ઞાન-યોગના સંમિશ્રણથી ઉચ્ચતર કૌશલ્ય અને આત્મ-સંતુષ્ટી પ્રદાન કરે છે. સ્વામીજીના છેલ્લા ૩૫ વર્ષના આશ્રમ જીવન દરમ્યાન ગીતા, ઉપનિષદ્, શ્રીમદ્ ભાગવત વગેરે વિષયો સમજાવતા તેમના પ્રવચનો સરળ ભાષામાં અને હૃદયસ્પર્શી હોય છે. ગુજરાતી સાહિત્ય પરિષદે તેમના ગુજરાતી પુસ્તક 'ગીતા નવનીતમ્' માટે ૨૦૦૩માં 'મહર્ષિ અરવિંદ સુવર્ણ ચંદ્રક' વડે તેમને સન્માન્યા છે.

સહાનુભૂતિ, આર્જવ, કરુણાયુક્ત આધ્યાત્મિક એવા આ સંતે યુવા પેઢીને પતનમાંથી ઉન્નતિ તરફનો માર્ગ અસરકારક રીતે દેખાડ્યો છે. પ્રામાણિકતા, સખત પરિશ્રમ, ઉચ્ચ વિચાર અને વિશિષ્ટ માનવતાના સદ્ગુણો વડે તેઓ યુવાનો અને પાકટ વયવાળા સહુના હૃદયને સ્પર્શે છે. ઈન્ડિયા-કૅનેડા કલ્ચરલ ઍન્ડ હેરિટેજ ઍસોસિયેશન દ્વારા પ્રતિષ્ઠિત 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ' ઍવોર્ડ તેમને વિન્નીપેગ, કેનેડા ખાતે વર્ષ ૨૦૦૫માં આપવામાં આવ્યો છે. બીજીંગ (ચાઈના) ખાતે ૨૦૦૯માં તેમણે શાકાહારી પરિષદનું આયોજન કર્યું. ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી – ન્યૂ દિલ્હી તરફથી તેમને 'GEM OF INDIA' સન્માન ઑગસ્ટ, ૧૯૧૬માં મળ્યું. જાન્યુઆરી, ૨૦૧૭માં રાજયની ષષ્ટિપૂર્તિ સમયે તેમને કાઉન્સિલ ઑફ કૅનેડા અને ગુજરાતી સમાજ USA તરફથી 'ગુજરાત રત્ન ગૌરવ' બિરુદ આપવામાં આવેલ છે.





# આધુનિક વ્યવસ્થાપનમાં આધ્યાત્મિકતા

શ્રી નારાયણ ગુરુજી

ગુજરાત રાજ્યના પ્રશંસનીય વિકાસ સંબંધે સંસ્મરણોને એકત્ર કરવા એ પ્રેરક અને આનંદદાયક અનુભવ છે. તે બાબતે મારા નમ્ર વિચારો પ્રસ્તુત કરી રહ્યો છું.

મારી કારકિર્દી ઉદ્યોગમાં મેં એક ટૅક્‌નિકલ વ્યક્તિ તરીકે શરૂ કરી હતી. મેં જોયું કે વ્યવસાયના બધા જ સિદ્ધાંતો પશ્ચિમમાંથી આપણે અપનાવેલ છે. શીખવા માટે સામગ્રી પણ પશ્ચિમી જ્ઞાનના આધારે જ તૈયાર થયેલી મળતી. નોકરી દરમ્યાન મને વાંચતાં રહેવું બહુ ગમતું. વિશેષ રસ અને રુચિ મને પ્રાચીન ભારતીય ગ્રંથોમાં હતી. વેદ, ઉપનિષદ, ગીતા, ધમ્મપદ, ભારતીય દર્શનશાસ્ત્ર, ભારતીય નૈતિકતા, ધ્યાન, ઝેન, ગુરુગ્રંથ સાહિબ, કુરાન, મહાશક્તિઓ અને વિજ્ઞાન-ભૈરવ વગેરેનો ઊંડો અભ્યાસ કર્યો. મને લાગ્યું કે, આપણા વારસામાંથી જગતને આપવા ઘણું બધું છે. આપણા પ્રાચીન ગુરુઓ—માર્ગદર્શકોનું વ્યવસ્થાપન પર પણ પ્રભુત્વ હતું. ભૂતકાળના આ મૂલ્યવાન જ્ઞાનમાંથી વ્યવસ્થાપનના સિદ્ધાંતોને અલગ તારવવાનો પ્રયાસ કર્યો.

ગીતાયોગ આત્મસાક્ષાત્કારની પ્રક્રિયા છે. આ મારા વતન મંથની (તેલંગાણા)માં ગોદાવરી નદીના કિનારે પ્રવાસ દરમ્યાન અણધારી પ્રેરણા દ્વારા ૧૯૮૩માં મેં આ જોયું અને અનુભવ્યું. આ ૧૮ દિવસ દરમિયાન આહાર-વિહારના શીલ-નિયમ પ્રમાણેની દિનચર્યા અને દરરોજ ગીતાના ઊંડાં ચિંતનનો સમાવેશ થાય છે. ગીતાયોગ સમગ્ર ગુજરાતમાં સેંકડો માર્ગ-સર્જકો, અગ્રણીઓ, શિક્ષકો અને સાધકોને તેમના પ્રગતિ અને જ્ઞાનપ્રાપ્તિ માટે પ્રેરણારૂપ બન્યો છે. ગીતાયોગે અનેકના જીવનમાં આમૂલ પરિવર્તન અને ઉત્કૃષ્ટતા આણ્યાં છે. આ સફળતાએ મારી વ્યાવસાયિક ફરજો દરમ્યાન શિક્ષણ પ્રવૃત્તિ માટે આપણા પ્રાચીન આધ્યાત્મિક જ્ઞાન આધારિત અભ્યાસક્રમો તૈયાર કરવા મને પ્રેરણા આપી.

રિસ્પોન્સ બિઝનેસ બુક્સ નામની લોસ એન્જિલિસ અમેરિકાના પ્રખ્યાત SAGE, પ્રકાશકે પીટર પ્રુઝાન-ક્રિસ્ટન પ્રુઝાન મિકેલ્શન અને ડેબ્રા મિલર-વિલિયમ મિલર દ્વારા સંકલિત કરાયેલા પુસ્તક ‘લીડિંગ વિથ વિઝ્‌ડમ’માં વિશ્વના ૬ ખંડોમાંથી તેમણે ચૂંટેલા ૩૧ બિઝનેસ લીડરોમાં શ્રી નારાયણનો સમાવેશ કર્યો છે. જેમાં તેમણે શ્રી નારાયણને ‘વર્ક ઈઝ વર્કશિપ’ ના કેન્દ્રસ્થ સિદ્ધાંત હેઠળ વર્ગીકૃત કર્યા છે. આ બેઉ લેખક દંપતીએ ગુજરાતની પણ મુલાકાત લીધી હતી અને તેમણે ‘ધંધામાં આધ્યાત્મિકતા’ને વ્યવહારમાં પરાવર્તિત થતાં જોયું છે.

તેમના પુસ્તક, છેલ્લા વિભાગ 'હાર્વેસ્ટિંગ ધ વિઝ્ડમ'માં લેખકોએ વિશ્વના ૩૧ અગ્રણીઓના વિચારો અને સંદેશનાં સાર રજૂ કર્યા છે. છેલ્લા સમાપક કથનમાં તેઓ ઉમેરે છે : શ્રી જી. નારાયણે જ્યારે તેઓ આધ્યાત્મિકતા આધારિત નેતૃત્વ પર બોલ્યા ત્યારે અનેક સલાહ-સૂચનો એક સાથે મૂક્યા –

> ''લોકો, જીવસૃષ્ટિ અને જગત પ્રત્યેની પ્રેરિત જવાબદારી આધ્યાત્મિકતા છે. દરેક બાબતમાં દિવ્યતા જોવી અને જોડવી એ આધ્યાત્મિકતા છે. આધ્યાત્મિકતા વિકસાવવા અને હું જે અનુસરું છું અને સલાહ આપું છું તે આ મુજબ છે : ક્યારેય ના કહો નહીં, આપો અને આપ્યા જ કરો. સમય મર્યાદા વિનાનું કાર્ય પૂજા-આરાધના છે. હંમેશાં ઉપલબ્ધ રહો અને મદદ કરો. જો પ્રેમ હોય તો સમય આપી જ શકો છો. તમને જે માટે પ્રેમ નહીં હોય તો તે માટે સમય નહીં કાઢો. સામેની વ્યક્તિમાં જો તમે દિવ્યતા જોઈ શકો તો પ્રેરણા આપી શકો. આ પ્રેરક નેતૃત્વ છે.''
>
> **– જી. નારાયણ**

આ આધ્યાત્મિકતા અને સમજ, પ્રોકોન (૧૯૭૮) થી એલિકોન (૨૦૧૮) સુધીના મેનેજરો માટે અને ''રિસ્પોન્સિબલ લીડર ઈન ગીતા (૧૯૮૩)થી 'અનલીઝ' ધ પાવર ઑફ યોર માઈન્ડ (૨૦૧૭) સુધીની શિક્ષણ સામગ્રી તૈયાર કરવામાં, લખવામાં અને શીખવવામાં ઊતર્યા. એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, મુંબઈના કાર્યકારી અધ્યક્ષ તરીકે ૧૯૮૩થી ૨૦૦૪ સુધી ઉદ્યોગના પ્રગતિ અને કાર્યમાં ઉત્કૃષ્ટતા અને નેતૃત્વ પ્રક્રિયાના વિકાસમાં યોગદાન આપ્યું. એક્સેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી, એન્વાયર્મેન્ટ એન્ડ મૅનેજમેન્ટની સ્થાપના કરી. એક્સેલ એક જાણીતી જવાબદાર સંસ્થા છે, જે ભારતીય સિદ્ધાંતો અને મૂલ્યો આધારિત, સામાજિક અને માનવ-વિકાસના કાર્યોમાં પ્રદાન કરે છે.''

તેમણે વડોદરાની ટ્રાન્સપેક સિલોક્ષ ઈન્ડસ્ટ્રીઝમાં અકાર્બનિક રસાયણોના ક્ષેત્રમાં ઈન્ડો-બેલ્જિયમ સંયુક્ત સાહસની રચના કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો અને સંખ્યાબંધ નિયામકો, વ્યવસ્થાપકો અને કામદારોને વ્યાપાર-વ્યવહાર અને કાર્યમાં ઉત્કૃષ્ટતા માટે શિક્ષણ-પ્રશિક્ષણ આપ્યાં.

વડોદરા મૅનેજમેન્ટ ઍસોસિયેશનના કન્વેશન નિયામક અને માર્ગદર્શક તરીકે નેતૃત્વ અને વ્યવસ્થાપન પર હારબંધ પરિષદો, સંમેલનો અને રાષ્ટ્રીય ગોષ્ઠી સત્રોનું સફળતાપૂર્વક સંચાલન તેમણે કર્યું. તેમના યોગદાનના આભાર સ્વીકારના પ્રતીકરૂપે તેમને 'મહાત્મા', 'પિતામહ'ના બિરૂદ આપવામાં આવ્યા હતા અને વડોદરામાં 'ગુરુ નારાયણ સેન્ટર ફોર લીડરશીપ'ની ૨૦૦૪માં રચના કરવામાં આવી.

શિકાગો અમેરિકામાં વર્ષ ૧૮૯૩ના સ્વામી વિનેકાનંદના ધર્મપરિષદમાં આપેલા પ્રવચનની શતાબ્દિના ઉજવણી અનુસંધાને તેમને ગુજરાત અને ભારત વતી વોશિંગ્ટન અને શિકાગો ખાતે 'વિઝન ૨૦૦૦' વિશ્વ પરિષદમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું અને શ્રી નારાયણ 'ફેમિલી સિસ્ટમ્સ આર કંડ્યુશિવ ટુ અનફોલ્ડ ડિવિનિટી ઑફ હ્યુમાનિટી (માનવીની દિવ્યતાના

ઉઘાડ માટે પરિવાર પ્રણાલી આધારભૂત છે) ના વિષય પર વક્તવ્ય આપ્યું હતું. ભારતીય તત્ત્વજ્ઞાન પર તેમણે મૂલ્યવાન વિચારો તેમાં રજૂ કર્યા હતા.

ભારતીય સિદ્ધાંતો અને મૂલ્યોના નેતૃત્વ અને વ્યવસ્થાપનમાં પ્રચાર-પ્રસાર માટે શ્રી નારાયણ ગુરુજી એકનિષ્ઠ કાર્યકર્તા જેવા બની ગયા અને ૬૦૦થી વધારે લેખો, પુસ્તિકાઓ અને ગ્રંથો લખ્યા. જેવાં કે, 'રિસ્પોન્સિબલ લીડરશીપ ઈન ગીતા', 'સ્ટેરવેઝ ટૂ એક્સેલન્સ', 'હાઈવેઝ ટૂ હેપિનેશ', 'હાર્મનિ ઍન્ડ ડિસહાર્મનિ ઇન લાઈફ પાર્ટનરશીપ', 'એક્સેલન્સ ઈન એજયુકેશન', 'સ્ટ્રેટેજિક લીડરશીપ', 'ચાણક્ય સૂત્રો', 'પંચતંત્ર ફોર કોન્ફિલક્ટ મૅનેજમેન્ટ', 'વિઝન ફ્રોમ વેદાસ', 'ગોલ્ડન સિક્રેટ્સ ઑફ ઉપનિષદ્સ', 'ઓફરિંગ્સ'ના ચાર ભાગોમાં ૧૦૧ વાર્તાઓ, 'સેક્રેડ વેઝ ટૂ સ્પિરિચ્યુલિટી', 'રિસ્પોન્સિબલ ઍન્ડ ઇન્સ્પાયરિંગ ટીચર', 'બ્રેક થ્રુ આઈડિયાસ ફૉર લીડરશીપ ઇન ધી ન્યુ મિલેનિયમ' અને આવા વિષયમાં બીજા અનેક પુસ્તકો અને લખાણો. શ્રી નારાયણના મોટા ભાગના પુસ્તકોનું સંપાદન શ્રીમતી પદ્મા જગમોહને કર્યું છે.

ભગવદ્ ગીતાનું અંગ્રેજી અનુવાદ 'સોંગ સુપ્રીમ' શીર્ષક હેઠળ કર્યું. જે ગુજરાતની ઘણી શાળાઓ અને સંસ્થાઓમાં ગવાય છે. શ્રી નારાયણનું સંપર્ણ લેખન-પ્રદાન 'ગુરુબોધ'ના ત્રણ ભાગમાં બહાર પાડવામાં આવ્યું છે. આ બધા પુસ્તકો-લખાણો શ્રી નારાયણને કોઈ નાણાકીય, વ્યાપારિક ફાયદા કે કોપી રાઈટ વિનાના છ.

શ્રી નારાયણના બધાં જ પુસ્તકો અમદાવાદ મૅનેજમેન્ટ એસોસિએશન દ્વારા પ્રકાશિત થયા છે, ગુજરાતી ભાષામાં પણ તે ઉપલબ્ધ છે. શ્રી હસમુખ ઉપાધ્યાયે ગુજરાતી રૂપાંતરો કરેલાં છે.

અમદાવાદ મેનેજમેન્ટ ઍસોસિયેશન અને શ્રી નારાયણ ભારતીય જ્ઞાનને સમગ્ર ગુજરાતમાં ફેલાવવામાં સહભાગિતાની ભાવના સાથે પારસ્પરિક સ્રોત અને સંસાધન બની રહ્યા છે. શ્રી મુકેશભાઈ પટેલ અને શ્રી કે. કે. નાયરે આ કાર્યધ્યેયમાં અમૂલ્ય અને સફળ ભૂમિકા ભજવી છે.

ગુજરાતના શિક્ષણ વિભાગના અને વિશેષ કરીને ડૉ. જયંતી રવિ, આઈ.એ.એસ. તત્કાલીન શિક્ષણ કમિશનરના સહયોગમાં ગુજરાતના બધા જિલ્લાઓની શાળા—કૉલેજોના આચાર્યોને 'એક્સેલન્સ ઈન ઉન્સ્પાયરિંગ ટીચર' (જવાબદાર અને પ્રેરક શિક્ષક) પર સંબોધન કર્યું હતું. ગુજરાતની અનેક ખાનગી શાળાઓમાં પણ આનું પ્રસારણ કરવામાં આવ્યું હતું.

ડૉ. કિરીટ શેલત, આઈ.એ.એસ. કાર્યકારી અધ્યક્ષ, નેશનલ કાઉન્સિલ ફોર ક્લાઈમેટ ચેન્જ, સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ એન્ડ પબ્લિક લીડરશીપ (એન.સી.સી.એસ.ડી.) સાથેના સ્વૈચ્છિક સહયોગમાં ગુજરાતની નવસારી, જૂનાગઢ, આણંદ અને દાંતીવાડાની કૃષિ યુનિવર્સિટીઓમાં ૩૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપકગણ માટે નેતૃત્વ વિકાસ પરના તાલીમ કાર્યક્રમો ચલાવ્યા. પ્રેરક અને જવાબદાર નેતૃત્વ, ટીમવર્ક, કાર્ય ઉત્કૃષ્ટતા, ક્વૉલિટી બિયોંડ આઈ ક્યુ. સ્વ-વિકાસ અને આત્મસિદ્ધિ પરના વિષયોની છણાવટ કરવામાં આવી. આદિવાસી

વિસ્તારોમાં ગયા અને ત્યાંના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને સંબોધિત કર્યા. સમગ્ર પ્રક્રિયા સહુ માટે સંતોષપ્રદ બની રહેતી.

વર્ષ ૨૦૧૪ પછીથી 'આદર્શ અમદાવાદ'ના શ્રી ભરતભાઈ શાહ સાથે તેમના ટ્રેઈનિંગ ઑફ ટ્રેનર્સ (ટી.ઓ.ટી.) કોર્સ માટે 'જવાબદાર અને સ્વયંપ્રેરિત સ્વયંસેવક' અને 'જીવન'નું સમ્યક્ સંચાલન પર નિયમિત રીતે કાર્યક્રમો થયા કરે છે. 'રિસ્પોન્સિબલ લીડરશીપ ઈન ગીતા' અને 'સ્ટેરવેઝ ટૂ એક્સેલન્સ' લગભગ ૨૦ વખત પુનઃપ્રકાશિત થયેલાં પુસ્તકો છે અને ગુજરાતમાં હજારો કામદારો અને નેતાઓનાં નેતૃત્વ આવડતો અને કાર્યકુશળતાના શિક્ષણ માટે વ્યાપકપણે ઉપયોગમાં લેવાય છે. 'ગેટવેઝ ટૂ સેલ્ફ રિયલાઈઝેશન'નું પુસ્તક નિરમા યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે ઘણા વરસોથી પાઠ્યપુસ્તક તરીકે વપરાય છે.

'યુવાલય'ના શ્રી એચ. ટી. પટેલના સહયોગમાં શ્રી નારાયણ યુવાઓના પ્રગતિ અને વિકાસ માટે યોગદાન આપી રહ્યા છે. 'યુવાલય' શ્રી એચ. ટી. પટેલ દ્વારા સ્થાપિત સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા છે.

ગુજરાત સરકારની ભરૂચ, વડોદરા, ગાંધીનગર અને દાહોદ ખાતેની ૬ ચિંતન શિબિરો કે જેમાં મંત્રીઓ, સચિવો, પોલીસ અધિકારીઓ અને અન્ય ઓફિસરો ભાગ લે છે તેઓને 'નર્ચરિંગ ઈન્સ્પાયરિંગ લીડરશીપ અને બિલ્ડિંગ ઈફેક્ટીવ ટીમ્સ' પર સંબોધ્યા હતા.

શ્રી નારાયણનું જીઓડી (ગોડ)નું પ્રેરક દર્શન જેનો અર્થ ગ્રૂપ-ઓર્ગેનાઈઝેશન-ડાયરેક્શન (સંઘ, વ્યવસ્થા, દિશા) થાય છે તે ગુજરાતના હજારો નેતાઓ અને યુવાઓ માટે ટીમ-વર્ક, જૂથ કાર્ય માટે પ્રેરક માર્ગદર્શન આપે છે. તેમનું કથન ડી.ઓ.જી. ટૂ જી.ઓ.ડી. (અવ્યવસ્થિત જૂથમાંથી સંઘ વ્યવસ્થા-દિશા) ઘણી કૉલેજો અને સંસ્થાઓમાં પ્રચલિત થયું છે. તેમની રીત પ્રમાણે તેઓ સેવા સ્વૈચ્છિક રીતે આપે છે અને પુરસ્કાર પ્રતિફલ સ્વીકારતા નથી.

શ્રી નારાયણના લખાણોમાંથી ચૂંટેલા પ્રેરક કથનો ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના સેક્રેડ કોલમમાં આવરી લેવાયા હતા. 'લાઈફ પોઝિટીવ – જાન્યુઆરી, ૨૦૦૧', 'સ્પિરિચ્યુયાલિટી ઈન બૉર્ડ રૂમ – ઈન્ડિયન ઈથોસ' પર અને માર્ચ, ૨૦૦૪ના 'ન્યૂ એજ હીરોઝ'ના શીર્ષકો હેઠળ કવર પેજ પર તેમના વિચારો સ્થાન પામ્યા હતા.

શ્રી નારાયણ ગુરુજી આધ્યાત્મિકતા, નેતૃત્વ, સ્વૈચ્છિક જવાબદારી અને ભારતીય જ્ઞાનને ગુજરાતના લોકોમાં મુક્તપણે નિઃસ્વાર્થભાવે વહેંચનાર ઉત્સાહિત ગુરુ છે. તેમનું જીવન, વ્યવહાર અને શિક્ષણ નીચે મુજબના આધ્યાત્મિક નિચોડ તરીકે મૂકી શકાય :

૧. સાહસ કરો અને સુખ પામો.

૨. સરળ રહો અને સમજ કેળવો.

૩. સેવા કરો અને સુપાત્ર બનો.

૪. વહેંચણી કરો અને વાલી બનો.

૫. સંપર્ક રાખો અને સહયોગ કરો.

૬. સુધારો કરો અને સંગીન બનો.

૭. અન્વેષણ કરો અને ઉત્કૃષ્ટ બનો.

૮. આત્મનિરીક્ષણ કરો અને ઉત્સાહિત બનો.

૯. અખતરા કરો અને અનુભવ માણો.

૧૦. સમર્પણ કરો અને સ્વીકાર કરો.

ગુજરાત નોંધપાત્ર રીતે પ્રગતિ કરી રહ્યું છે. ઘણા વર્ષોની રાજકીય સ્થિરતા, ઉદ્યોગ-ઉદ્યમશીલતા પ્રતિ લોકોનું સ્વાભાવિક વલણ, સામાજિક યોગદાનો કરવામાં લોકોની અભિરુચિ અને શૈક્ષણિક સંસ્થાઓના વ્યાપક માળખા જેવી ગુજરાતની વિશિષ્ટતાઓને લીધે આમ થયું છે. સામાન્ય રીતે અહીંના લોકો અનાક્રમક અને સહિષ્ણુ છે. ગુજરાતના યુવાનમાં શિક્ષણ, વ્યવસાય, સાર-સંભાળ અને અનુકૂલનશીલતાના ગુણો સાહજિક છે.

'સમર્પણ-સ્વીકાર'ની ભાવના અને શીખવાની ઉચ્ચ અભિવૃત્તિ ધરાવતું ગુજરાત ઉદ્યોગ સાહસિકતામાં મોખરે છે. ચાર દાયકાથી વધુ સમય માટે ગુજરાતમાં રહેવાનો અને સક્રિય યોગદાન આપવાનો મને આનંદ છે. બહારના લોકોને આવકારવા અને પોતાના બનાવી લેવા તે ગુજરાતની સંસ્કૃતિ છે. ગુજરાતમાં નારાયણમાંથી નારાયણભાઈ અને ગુરુજી તરીકે આમ હું વિકસ્યો છું.

ગુજરાત અને ગુજરાતના લોકો શ્રી વલ્લભાચાર્ય, શ્રી સ્વામીનારાયણ ભગવાન, નરસિંહ મહેતા, મહાત્મા ગાંધી, વલ્લભભાઈ પટેલ, મોરારજી દેસાઈ, ડોંગરેજી મહારાજ, પ્રમુખ સ્વામી મહારાજ અને અનેક અનુકરણીય સિદ્ધ અને સશક્તિકારક ગુરુઓ અને અગ્રણીઓની ચેતનાનો સમૃદ્ધ વારસો ધરાવે છે.

સાથોસાથ ગુજરાતના લોકોમાં વ્યાપાર અને નાણાકીય કુનેહ, સેવાભાવના, જવાબદારી રાષ્ટ્ર માટે પ્રતિબદ્ધતા અને ભક્તિ રગોરગમાં વણાયેલાં છે. તેઓ રાજ્યને અને રાષ્ટ્રને આર્થિક, ઔદ્યોગિક, શૈક્ષણિક, સામાજિક અને આધ્યાત્મિક ક્ષેત્રોમાં નવી ઊંચાઈઓએ લઈ જવા 'વૈષ્ણવજન' અને 'ગરવી ગુજરાત'ની ભાવના સાથે જવાબદારી-કર્તવ્યના પથ પર ચાલતા રહે છે.

ગુજરાતી હોવાનું મને હંમેશાં ગમ્યું છે. યુવાનો, ધંધા-ઉદ્યોગના લોકો, કારખાનાના કર્મચારીઓ, અધિકારીઓ, રાજકીય અને વ્યાપારના અગ્રણીઓ એમ દરેક સ્તરના ગુજરાતીઓ આંતરક્રિયા કરતા. અન્યના દૃષ્ટિકોણ, સમજતા-સ્વીકારતા-સન્માન કરતા મેં હંમેશાં જોયા છે. ગુજરાતીઓ હંમેશાં શીખવા અને સ્વીકારવા તત્પર હોય છે. આ બધું ગુજરાતને મહાનતા બક્ષે છે.



# જગન્નાથજી મંદિર ભગવાનની નગરયાત્રા

**શ્રી મહેન્દ્ર ઝ્હા**
ટ્રસ્ટી, શ્રી જગન્નાથજી મંદિર, અમદાવાદ

ગુજરાતના લોકો સદ્‌નિયતવાળા લોકો છે. તેમનામાં સાહસવૃત્તિ પણ છે. કેવળ મજબૂત સાંસ્કૃતિક પાયો હોય તો જ આવો ઉત્સાહ જાળવી શકાય અને એનાં મૂળ હકારાત્મક સામાજિક વાતાવરણાં જ હોઈ શકે. જગન્નાથજી મંદિર આવા બહુ મહત્ત્વના સ્થળોમાંનું એક છે. જે આ પ્રકારની ભાવનાને ટેકો આપે છે, પ્રેરિત કરે છે અને જાળવી રાખે છે.

ભગવાન જગન્નાથ-દિવ્યત્રયી-ભગવાન, શ્રીકૃષ્ણના મોટાભાઈ અને તેમની બહેન દેવી સુભદ્રાજીને આજના જગન્નાથજી મંદિરમાં આશરે ૧૪૨ વર્ષ પહેલાં મૂર્તિઓ તરીકે સ્થાપવામાં આવ્યા હતા. મહંત હનુમાનદાસજી, મહંત સારંગદાસજી અને ત્યાર બાદ નરસિંહદાસજીએ મંદિર વિકસાવ્યું અને રથયાત્રાની પરંપરા શરૂ કરાવી. જ્ઞાતિ, વર્ગ કે ધર્મને ધ્યાનમાં લીધા વિના જરૂરિયાતમંદ લોકો માટે બે ટંક ભોજન મળી રહે તેવું સદાવ્રત શરૂ કર્યું. પછીના ગાદીપતિ મહામંડલેશ્વર મહંત શ્રી રામેશ્વરદાસજીએ સમગ્ર મંદિર સંકુલનું પુનઃનિર્માણ કરાવ્યું. હાલના ગાદીપતિ મહામંડલેશ્વર શ્રી દિલીપદાસજીએ મંદિરના પૂર્વાગાદીપતિઓની પરંપરા જાળવી રાખી છે.

રથયાત્રા દર વર્ષે જુલાઈ મહિનામાં અષાઢી બીજના દિવસે ચોમાસાના દિવસો દરમ્યાન યોજાય છે. ભગવાન જગન્નાથના રથો મૂર્તિઓ સાથે બહાર નીકળે છે અને શહેરીજનો અને અનુયાયીઓને મળવા માટે શહેરની પરિક્રમા કરે છે. અમદાવાદમાં આ અતિ મહત્ત્વપૂર્ણ પ્રસંગ છે. પરંતુ હવે ઘણા શહેરોમાં પણ રથયાત્રા થાય છે. આ અદ્‌ભુત પ્રસંગ તેમાં ભાગ લેનારાના તન-મનને ઉત્સાહિત-સ્ફૂર્તિલા કરી મૂકે છે અને શારીરિક, માનસિક સુખાકારીમાં વૃદ્ધિ કરે છે. ભગવાન મંદિરમાંથી બહાર નીકળે અને લોકોને તેમના ઘરે મળવા આવે એ એવો ઉત્સવ છે. જે લોકોના આત્મવિશ્વાસમાં અને ઈશ્વર પ્રતિ શ્રદ્ધામાં વૃદ્ધિ કરે છે. આ ઉજવણીમાં સામેલ થનાર વિવિધ લોકો વચ્ચે ઐક્યની ભાવનાને દઢ કરે છે. જાતિ, વર્ગ, રંગ, ધર્મ – સંપ્રદાયના ભેદભાવ વિના ભાગ લેતા લોકોમાં લોકશાહીની ભાવનાને બળવત્તર કરે છે. મુસ્લિમ નેતાઓ મહંતજીનું સ્વાગત અને હારતોરા કરે છે. લોકો નાચે છે, ગાય છે, હાથીઓ, ટ્રકો વગેરેને શણગારે છે અને પરિક્રમા દરમ્યાન ગતિશીલ તાજગીસભર અલૌકિક ભાવના અને ભક્તિ-ભાવથી દઢ થાય છે, જે તેમની બધી પ્રવૃત્તિઓને વધુ સફળતા તરફ દોરે છે.



રથયાત્રા ઉપરાંત મંદિર અનેક સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં યોગદાન કરે છે. શારીરિક રીતે દિવ્યાંગો માટે આશ્રય, નકળંગ મહાદેવનાં મંદિરનો પુનરોદ્ધાર, રણછોડ રામજીનું મંદિર, પ્રવાસીઓ માટે અતિથિગૃહ, સત્સંગભવન જેવાં કેટલાંક નવા નિર્માણો મંદિર સંકુલમાં ખૂબ ઉપયોગી થઈ રહ્યા છે. મહામંડલેશ્વર રામહર્ષદાસનું સમાધિ મંદિર, ૧૨૦૦ ગાયો સાથેનું સારી રીતે સાધનસજ્જ મૉડેલ ગાય-ઘર, અને સદાવ્રત કે જ્યાં સવારે તથા સાંજે એમ બેઉ સમયે હજારો ભૂખ્યાં લોકોને ભોજન આપવામાં આવે છે.

લોકોની સ્વાસ્થ્ય સંબંધી જરૂરિયાતોને પૂરી પાડવા શ્રી નરસિંહદાસજી ડિસ્પેન્સરી, શ્રી નરસિંહદાસજી પંચકર્મ હૉસ્પિટલ, ઘાટલોડિયા ખાતે શ્રી જગન્નાથજી મંદિર ડિસ્પેન્સરી અને ગૌમૂત્રનો ઉપયોગ કરી દવાઓનું અને રોગચાળા જેવી પરિસ્થિતિમાં રાહતકારી ઔષધોનું ઉત્પાદન કરવામાં આવે છે. આવનાર દર્દીના યોગ્ય નિદાન પછી સારવાર અને જરૂરી દવાઓ વગેરે ઓછી કિંમતે આપવામાં આવે છે. આ ડિસ્પેન્સરીનો દરરોજ સવાર-સાંજ તેમની જાતિ કે સંપ્રદાયને ધ્યાનમાં લીધા વિના સેંકડો દર્દીઓ લાભ લે છે.

જગન્નાથજી મંદિર દ્વારા કરાતી પ્રવૃત્તિઓ અને હાથ ધરાતા કાર્યક્રમોનું વિશાળ ફલક એક મહત્ત્વની બાબત પ્રતિ સહુનું ધ્યાન દોરે છે કે, હિંદુધર્મનો એવો અર્થ કે જગતનો ત્યાગ કરી પર્વતોમાં સંન્યાસી થઈ રહેવું એક ભ્રમણાયુક્ત માન્યતા છે. હિંદુધર્મ આપણને નિષ્ક્રિય

જીવનનો ઉપદેશ આપતો નથી. અંધારાને દોષ આપવાને બદલે નજીકમાં એક મિણબત્તી–દિવો પ્રગટાવીએ એવું સમજાવે છે.

શ્રી જગન્નાથજી મંદિરની તમામ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો નિયમિત રીતે અને સરળતાથી ચાલુ રહે છે તેનો સમસ્ત યશ ટ્રસ્ટ મૅનેજમેન્ટ, તેમના સખત પરિશ્રમ અને ટીમ વર્કને ફાળે જાય છે.

સમાપનમાં, જે વિશિષ્ટ પ્રવૃત્તિઓ કે જેના પર વિશેષ ધ્યાન આપવામાં આવે છે તેમાં નીચે મુજબ જણાવી શકાય –

- નિષ્ણાત વૈદ્યના માર્ગદર્શન હેઠળ સંશોધન આધારિત પંચ-ગવ્ય ઔષધિનું ઉત્પાદન કરવામાં આવે છે અને જરૂરિયાતવાળા દર્દીઓને ‘નહીં નફો-નહીં ખોટ’ના ધોરણે આપવામાં આવે છે.
- ત્રણ ગોબર ગૅસ પ્લાન્ટમાં ઈંધણ પેદા કરવામાં આવે છે અને આ ઈંધણ ૧૫૦૦ વ્યક્તિઓ માટે સવાર-સાંજનું ભોજન તૈયાર કરવામાં વપરાય છે. પર્યાવરણના સંરક્ષણ માટેની કાર્બનની માત્રા ઘટાડવામાં મદદ મળે છે.
- સારા તંદુરસ્ત વાછરડા નિઃશુલ્ક ધોરણે ખેડૂતોને કૃષિ–કાર્ય માટે આપવામાં આવે છે. ગોવંશ આધારિત ખેતી અને બળદોની તંદુરસ્ત ઓલાદ તૈયાર કરવામાં યોગદાન આપવામાં આવે છે



- ભૂતકાળમાં જ્યારે પણ સાંપ્રદાયિક રમખાણોની ઘટનાઓ બની ત્યારે જગન્નાથજી મંદિરના મહંતશ્રી અને ટ્રસ્ટીમંડળના સભ્યોએ સમાજમાં સુમેળ પુનઃસ્થાપિત કરવા અને ગુજરાતના વિકાસની પ્રક્રિયાને અવરોધ ઊભો ન થાય તેમાં નિષ્ઠાપૂર્વક અથાક પ્રયત્નો કરી પરિસ્થિતિને થાળે પાડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. હિંદુ અને મુસલમાન બંને કોમના તહેવારોમાં સહભાગિતા અને સહયોગના અભિગમના ઉત્તમ પરિણામો જોવા મળ્યા છે. બધા જ તહેવારોને સહુના સામાન્ય તહેવારોની જેમ ઉજવવામાં આવે છે. આમાં મહંતશ્રી અને મંદિરના ટ્રસ્ટીઓ બધા તહેવારોમાં અંગત રીતે ભાગ લે છે અને બંને સમુદાય આ બાબતની ગૌરવપૂર્વક નોંધ લે છે.



કચ્છનું સફેદ રણ

# વિકાસનું રેખાકંન

## ગુજરાત હિંદુ આધ્યાત્મિકતાનો સંદેશ વિશ્વભરમાં પહોંચાડે છે

ભારત વિશ્વની અતિ પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ છે. એક અજબથી વધુ વસ્તીમાં ૮૩% હિંદુઓ છે. વૈદિક આધ્યાત્મિકતા તરીકે હિંદુ ધર્મ દુનિયાની સૌથી જૂની ધર્મ-સંસ્કૃતિ છે. એક કાળે હિંદુ ધર્મ સનાતન ધર્મના પ્રચલિત નામે ઓળખાતો હતો. તેનો વ્યાપ હિંદની બહાર દક્ષિણ-પૂર્વ અને પશ્ચિમ એશિયા અને તેની પણ આગળના પ્રદેશોમાં પ્રચલિત હતો. પછી બૌદ્ધ ધર્મ પશ્ચિમ એશિયા, દૂર પૂર્વના દેશો વગેરેમાં ફેલાયો. હિંદુઓ એક ઈશ્વરમાં માને છે, પરંતુ અનેક દેવ-દેવીઓને કે જેઓ પરમાત્માના સ્વરૂપો છે તેમને પૂજે છે. મંદિરો દેવ-દેવીઓના નિવાસ ગણવામાં આવે છે. ત્યાં તેમની આરાધના કરવામાં આવે છે.

ભારતીય ઈતિહાસમાં ૧૭મી અને ૧૮મી સદી અંધકારમય યુગ ગણાય છે. મોગલ શાસક ઔરંગઝેબ ૧૭૦૭માં મૃત્યુ પામ્યા ત્યાર બાદ તેના અનુગામીઓ ૩૧ વર્ષ સુધી બિનઅસરકારક સાબિત થયા. મોગલ સામ્રાજ્ય પડતીના પંથે હતું. ફ્રેંચ અને બ્રિટીશરો આવી ચૂક્યા હતા. આ ઉપરાંત, દેશના વિવિધ ભાગો, આંતરિક લડાઈ-ઝઘડાઓથી સતત મુશ્કેલીઓ તથા તકલીફોથી ઘેરાયેલા હતા. લોકોનું સામાજિક જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. એવા કોઈ શાસકો ન હતા કે જે દેશને એકીકૃત કરી શકે કે તેવા કોઈ ઉચ્ચકક્ષાના ધાર્મિક-આધ્યાત્મિક માર્ગદર્શકો પણ ન હતા.

ગુજરાત પણ આ વ્યાપક અશાંત અને અસ્થિર પરિસ્થિતિમાંથી બચ્યું ન હતું. તે વખતે ગુજરાતના કેટલાક પ્રદેશોમાં મોગલ સુબા હતા. જ્યારે મહારાષ્ટ્રથી આવેલા ગાયકવાડના અંકુશ હેઠળ કેટલાક વિસ્તાર હતા. રાજ્યના બાકી ભાગમાં ૩૦૦થી વધુ નાના રજવાડાંઓ હતા. તેઓ સતત એકબીજા સાથે લડતાં રહેતાં.





સમાજ રૂઢિચુસ્ત હતો. અનેક જ્ઞાતિ-જાતિના વાડાઓ હતા. ઉચ્ચ જ્ઞાતિઓ અને નીચી જાતિઓ, એક તરફ વેપારીઓ, શાસકો અને બીજી તરફ ખેડૂતો, ખેતમજૂરો વચ્ચે જીવન-ધોરણમાં મોટો તફાવત હતો. સમાજમાં બહુપત્નીત્વ સામાન્ય હતું. સ્ત્રીઓની સ્થિતિ બદતર હતી. અફીણ, ગાંજો, ચરસ અને દારૂ જેવા નશાકારક પદાર્થોનું સેવન વ્યાપક પ્રમાણમાં હતું. શાસકો મોટાભાગે નિર્દયી અને ઘાતકી હતા.

ગુજરાતમાં તે કાળે અંધકારમય યુગ પ્રવર્તતો હતો. ગ્રામીણ અર્થતંત્ર મૃતપ્રાય હતું. વારંવારના દુકાળને લીધે ગરીબ પરિવારોને પારાવાર તકલીફોનો સામનો કરવો પડતો. વૈષ્ણવ સંપ્રદાય પ્રચલિત હતો. તે પર તેના રૂઢિચુસ્ત વડાઓ પ્રભુત્વ ધરાવતા હતા. નીચલી જાતિઓ, ખેડૂતો, ખેત-મજૂરો, રબારીઓ, કારીગરોને મંદિરના અંદરના ભાગમાં જવાની અનુમતિ મુશ્કેલ અથવા નહિંવત્ હતી. સંસ્કારિતા અને નૈતિકતાના મૂળભૂત મૂલ્યો સૌથી નીચલી કક્ષાના હતા. આ પરિસ્થિતિમાં આશરે ૨૦૦ વર્ષ પહેલાં શ્રી સહજાનંદ સ્વામીએ સમાજમાં ધાર્મિક સુધારણાનો પાયો નાખ્યો. તેમણે સનાતન હિંદુ ધર્મ અને ધાર્મિક પરંપરાઓમાં સુધારા દાખલ કર્યા. ભગવાન શ્રીકૃષ્ણને શ્રી હરિનું નામ આપી આરાધના શરૂ કરાવી. તેમણે એક મધ્યમ નૈતિક આચારસંહિતા ઘડી કાઢી. આ માર્ગ 'સ્વામિનારાયણ સંપ્રદાય' તરીકે ઓળખાવા લાગ્યો. તેમણે 'સાધુ'ના પાત્રતાના ખ્યાલે સ્થાપ્યા તે દિવસોમાં સાધુઓને ભક્તોને ઘરે, સામાન્ય સંસારીઓના ઘરે મુલાકાત લેવા અને ઓછી આવક ધરાવતા અને નીચલી ગણાતી જાતિઓના લોકોને ધર્મ પ્રતિ જાગૃત કરવા તૈયાર કર્યા. ગુજરાતના સામાજિક માળખા વચ્ચે 'સ્વામિનારાયણ ધર્મ'ના નીતિ નિયમોને વ્યાપકપણે કાર્યરત કરવા કેટલાક પાયાના ધાર્મિક અને સામાજિક સુધારાઓ દાખલ કર્યો. તેમણે ભગવાન શ્રી કૃષ્ણના મંદિરો સમાજના બધા વર્ગો માટે ખુલ્લાં મૂકાવ્યાં અને સહજાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણ તરીકે ઓળખાયા.





તે પછી શાસ્ત્રીજી મહારાજે (૧૮૬૫–૧૯૫૧) આ ધાર્મિક આંદોલનને આગળ ધપાવ્યું. ૧૯૦૭માં આધ્યાત્મિક-સામાજિક સંસ્થા બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (બીએપીએસ)ની સ્થાપના કરી. ત્યારબાદ યોગીજી મહારાજ (૧૮૯૧-૧૯૭૧) અને ૧૯૭૧થી પ્રમુખસ્વામી મહારાજ (૧૯૨૧-૨૦૧૬), ભગવાન સ્વામિનારાયણના આ ઉમદા આધ્યાત્મિક સેવા પરંપરાને સુચારુ રીતથી ખૂબ આગળ ધપાવી. પ્રમુખસ્વામી મહારાજે સમગ્ર વ્યાપક હિંદુ ધર્મના તત્ત્વને ભારતમાં અને વિશ્વમાં ફેલાવવા મહત્ત્વની ભૂમિકા ભજવી.

સ્વામીશ્રીએ હિંદુ ધર્મના સિદ્ધાંતો અને સ્વામિનારાયણ સંપ્રદાયના પાયાની માર્ગદર્શિકાને આખા દેશમાં ફેલાવ્યાં અને વિશ્વના ૫૪થી વધુ દેશોમાં પૂજા માટે શિખરબંધ મંદિરો બનાવડાવ્યાં. આ મંદિરો બધા હિંદુઓ અને કોઈપણ ધર્મના અનુયાયીઓ માટે આરાધનાના કેન્દ્ર બની રહ્યાં છે. આ મંદિરો નિર્માણનું વિસ્તરણ આમૂલ રૂપાંતરકારી હતું. બીએપીએસ કેન્દ્રો અને મંદિરો ગુજરાતી સમુદાયમાંથી ઉદ્‌ભવેલા હોવા છતાં દરેક સ્થળે હિંદુ અને બિન-હિંદુ સ્થાનિક વસ્તીને સરખી માત્રામાં આકર્ષિત કરે છે. આથી આધ્યાત્મિકતામાં ભારતની પ્રાચીન સિદ્ધિઓ, યોગદાન અને સહિષ્ણુ જીવનવ્યવહાર વિશ્વભરમાં ઓળખ પામ્યાં. આવું કેટલાક સૈકાઓના લાંબા અંતરાલ પછી થયું.

પ્રમુખસ્વામી મહારાજનું મુખ્ય પ્રદાન અનુયાયીઓમાં સ્વૈચ્છિક સેવાભાવના ફેલાવવાનું હતું. આ ધાર્મિક સેવા જે સામાન્ય રીતે 'કાર સેવા' કહેવાય છે તેટલા અર્થ પૂરતી મર્યાદિત ન હતી. તેમણે અનુયાયીઓને એવા ઘડ્યા કે તેઓ રોકડ કે વસ્તુ સ્વરૂપે દાનસેવા જ નહીં, પરંતુ વધુ અગત્યનું કે સામાજિક સેવા માટે પોતાનો સમય પણ આપે છે. જાતિ-પ્રાંત કે ધર્મના ભેદભાવ વગર કુદરતી કે માનવસર્જિત આફતોની વેળાએ પીડિત લોકોની સેવા કાજે આગળ આવવા તેમને પ્રેરણા આપી. બાળકો, મહિલાઓ, આદિજાતિ પરિવારો અને સમાજના નબળા વર્ગો માટે કાર્ય કરવા ઉત્સાહિત કર્યા. વર્તમાન ઈતિહાસમાં આવું પ્રથમ વખત બન્યું કે એક ધાર્મિક સંસ્થાએ આવું સેવા કાર્ય બહોળા માપ-વ્યાપમાં હાથ ધર્યું હોય, વિશ્વભરના બીએપીએસ કેન્દ્રો દ્વારા આવો અમલ થઈ રહ્યો છે. તેમણે ધર્મ અને ધાર્મિકતાની પરિભાષા વિશ્વવ્યાપી રીતે બદલી નાખી.

પ્રમુખસ્વામી મહારાજે આધ્યાત્મિક, સામાજિક હેતુઓ માટે તૈયાર કરેલી આ સંસ્થા એક સરકાર કે બહુ વૈશ્વિક સંસ્થાના જેટલા વિશાળ ફલક પર અસરકારક અસ્તિત્વ ધરાવે છે. સંસ્થા માત્ર સાધુઓ જ નહીં, પરંતુ અન્યની સેવા માટે તત્પર એવા સ્વૈચ્છિક અનુયાયીઓ પણ તૈયાર કરે છે. તેમણે ધર્મ એટલે માત્ર ભગવાનની પૂજા જ નહીં, પરંતુ નાત-જાત કે ધર્મને જોયા વિના સહુની સેવા કરવી. ગુજરાતમાંથી આ સંદેશ તેમણે સમગ્ર વિશ્વમાં ફેલાવ્યો.

બીજું એક મહાન પ્રદાન અક્ષરધામ મંદિરો છે. આ મંદિરોમાં ભારતની આધ્યાત્મિકતા, જ્ઞાન અને વિજ્ઞાન સંકલિત ભૂત-વર્તમાનની ગૌરવગાથાની ઝાંખી મળે છે.


श्री हरिकृष्ण महाराज
श्री गोविन्द देवजी
श्री राधाजी




હિંદુ ધર્મની સમજ દર્શાવતી ગેલેરી – નિસ્ડન મંદિર – લંડન

પ્રથમ અક્ષરધામ મંદિર ગુજરાતના પાટનગર ગાંધીનગર ખાતે તૈયાર થયું હતું. બીજું મંદિર રાષ્ટ્રના પાટનગર નવી દિલ્હી ખાતે, ત્રીજું મંદિર અમેરિકાના ન્યૂ જર્સી ખાતે નિર્માણાધીન છે. બધાં જ 'અક્ષરધામ' અનન્ય, ચમત્કાર સમા અને અદ્‌ભુત સ્મારક જેવાં રચાયાં છે. જ્યાં હિંદુઓ તેમ જ બિન હિંદુ પ્રવાસીઓ મોટી સંખ્યામાં આવે છે. આવનારી પેઢીઓના માનવીના ઉત્થાન માટે પ્રયાસશીલ છે એવા ઈશ્વરમાં શ્રદ્ધા કરવા પ્રેરે છે.

સંસ્થાના વર્તમાન વડા મહાન ઋષિ પૂજ્ય મહંત સ્વામી મહારાજ છે. તેમણે આ પવિત્ર કાર્ય એ જ ઉત્સાહ-સત્ત્વ સાથે ચાલુ રાખ્યું છે. સર્વશક્તિમાન ઈશ્વરનું મહત્ત્વ સમજાવી બધા ભક્તો-અનુયાયીઓને માર્ગદર્શક પ્રેરણા આપવામાં તેમ જ ઈશ્વરીય દિવ્યતાને ચોમેર ફેલાવવામાં તેઓ સક્રિય છે. પરિણામે એક બીજું આવું જ શિખરબંધ મંદિર અબુધાબીમાં બની રહ્યું છે.

એ પણ ધ્યાનમાં લેવું જરૂરી છે કે, પ્રારંભમાં હિંદુ ધર્મ ભારતની બહાર દક્ષિણ-પૂર્વ એશિયામાં ફેલાયો હતો. કંબોડિયાના એંગ્કોરવાટ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ)ના મંદિરો આના ઉદાહરણો છે. ત્યારબાદ બૌદ્ધ ધર્મ અફઘાનિસ્તાન, કોરિયા, જાપાન, ચીનમાં ફેલાયો. પરંતુ આ બધું યુગો પહેલાં થયું હતું. આની વિગતો ડૉ. કિરીટ શેલત દ્વારા તૈયાર કરેલા જીવનવૃત્તાંત 'પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ – એ લાઈફ ડિવોટેડ ટૂ અધર્સ'માં સુંદર રીતે વર્ણવવામાં આવી છે. આ પુસ્તક સાત ભાષામાં અનૂદિત થયું છે.

પ્રમુખ સ્વામી મહારાજના નેજા હેઠળ બીએપીએસે હિંદુ ધર્મના પૂર્વગ્રહમુક્ત વ્યાપક સિદ્ધાંતો વિશ્વના તમામ ખંડો-ઉપખંડોમાં ફેલાવ્યા છે. માત્ર આરાધના કેન્દ્રો નહીં, પરંતુ શિખરબંધ મંદિરો ઊભાં કર્યા છે. સમસ્ત જગતને આધ્યાત્મિકતાનો સંદેશ ફેલાવવાનું, પ્રસ્થાપિત કરવાનું મહામૂલ્યવાન યોગદાન ગુજરાતમાંથી થયું છે.






અનેક દેશોના પ્રતિનિધિઓ સાથે લંડન ખાતે બીએપીએસની વિશેષ ત્સુનામિ પ્રાર્થના



અક્ષરધામ મંદિર - દિલ્હી



પૂજ્ય મહંત સ્વામી મહારાજ સાથે કેનેડિયન પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રૂડ્યુ



વિશ્વવંદનીય સંત શ્રી પ્રમુખસ્વામી મહારાજ



# આધ્યાત્મિકતાનો વિકાસ

ડૉ. પ્રણવ પંડ્યા

આપ 'ગુજરાતનો વિકાસ-મારાં સંસ્મરણો' પર પુસ્તક તૈયાર કરી રહ્યા છો અને તેમાં ગુજરાતના વિકાસને લગતા તમામ પાસાંઓને આવરી લેવાના છો તે જાણીને ખુશી થઈ.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર સમગ્ર વિશ્વમાં ફેલાયેલું છે અને લગભગ વિશ્વના બધા જ દેશોમાં અમારા અનુયાયીઓ, કાર્યકર્તાઓ, ધાર્મિક-આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તથા સ્થાનિક જરૂરિયાતો મુજબ સામાજિક સેવા કાર્યો સાથે સંકળાયેલા છે. પર્યાવરણીય-મૈત્રક પ્રવૃત્તિઓ તથા વિશેષ કરીને વ્યસનમુક્તિ અભિયાન વગેરે સંખ્યાબંધ પ્રવૃત્તિઓ દ્વારા યુવા પેઢીને આપણા સાંસ્કૃતિક વારસા માટે તૈયાર કરી રહ્યા છીએ.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારનું અમારું ગુજરાત એકમ 'માનવીય ઉત્થાન'ના સિદ્ધાંત પર કાર્યરત છે. પૂજ્ય ગુરુદેવ સિત્તેરના દાયકાના પ્રારંભિક વર્ષોમાં ગુજરાત પધાર્યા હતા અને આજે ગુજરાતમાં ૨૮૫ ગાયત્રી  શક્તિપીઠ છે. લાખો અનુયાયીઓ વ્યસનમુક્તિ, વૃક્ષ વાવેતર, દહેજ નાબૂદી, પર્યાવરણ સંરક્ષણ, આરોગ્ય શિબિરો, આપત્તિ વ્યવસ્થાપન, પુનર્વસન અને રાહતકાર્યો વગેરે તેમજ ગાયત્રી યજ્ઞો અને ચારિત્ર્ય નિર્માણ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે.

આપણી વારસાગત મહાન સંસ્કૃતિ અને પરંપરાઓ સહિતના વૈદિક જ્ઞાન-વિજ્ઞાનને આવનારી પેઢીમાં ઉતારવા માટે પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે દર વર્ષે અમે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરીએ છીએ. ૨૦૧૭માં સાડા છ લાખ વિદ્યાર્થીઓએ આ પરીક્ષામાં ભાગ લીધો હતો.

રાજ્યના આરોગ્ય વિભાગના સંકલનમાં અમે વિવિધ વિસ્તારોમાં વ્યસનમુક્તિની શિબિરો ગોઠવીએ છીએ.

દર મહિનાની નવ તારીખે દરેક જિલ્લા આરોગ્ય કેન્દ્ર પર ગાયત્રી પરિવાર દ્વારા 'પુંસવન સંસ્કાર' જન્મ પહેલાં જ ગર્ભસ્થ શિશુમાં દૈવી ગુણો માટેની 'ગર્ભ સંસ્કાર'ની વિધિ શાસ્ત્રોક્ત રીતે કરાવવામાં આવે છે.

અમે 'નર્મદા પરિક્રમા' અને શુદ્ધીકરણ પદયાત્રાઓ યોજીએ છીએ. ગામડાંઓમાં વૃક્ષ વાવેતર, રોપા રોપવાના, તત્ત્વ શુદ્ધીકરણ, વ્યસનુક્તિ, દિવાલ ચિત્ર-સંદેશાના કાર્ય કરીએ

છીએ. આ સઘળી પ્રવૃત્તિઓમાં ગ્રામ્યવાસીઓ ઉત્સાહભેર સામેલ થાય છે.

શક્તિપીઠના માધ્યમ દ્વારા સદ્‌વાંચન અને સદ્‌સાહિત્ય તૈયાર કરીએ છીએ અને શિક્ષકો, યુવા દંપતીઓ અને યુવાનો માટે શૈક્ષણિક સામગ્રી ઉપલબ્ધ કરાવીએ છીએ.

વ્યક્તિનો વિકાસ, પરિવારનો વિકાસ અને સમાજનો વિકાસ અખિલ વિશ્વ ગાયત્રી પરિવારનો કેન્દ્રસ્થ સિદ્ધાંત છે. સમગ્ર ગુજરાતમાં અમારું આ કાર્યધ્યેય પૂરા ઉત્સાહ-ઉમંગથી અવિરત ચાલુ છે.

વર્ષ ૨૦૦૧ના કચ્છના વિનાશક ભૂકંપની ઘટના બાદ તરત જ અમારા સ્વયંસેવકો ત્યાં પહોંચી ગયા હતા. ભચાઉ ખાતે અમે મુખ્ય છાવણી ઊભી કરી હતી અને બે મહિનાથી વધુ સમય માટે લોકોને ભોજન અને આશ્રય પૂરા પાડ્યાં હતાં. અમારી તબીબી ટીમોએ ગામડાંઓમાં ફરીને મફત સારવાર અને દવાઓનું વિતરણ કર્યું હતું. તેમજ કપડાં, અનાજ, ઘરવખરીની વસ્તુઓના વિતરણમાં સંપૂર્ણ સહયોગ કર્યો હતો. કેટલાક સુદૂરના વિસ્તારોમાં શાળાઓ બાંધવામાં અમે સહભાગી થયા હતા.

પૂર હોનારત કે અન્ય વિપદાના કાળમાં રાહત કાર્યો માટે અમારા સ્વયંસેવકો દોડીને સ્થળ પર જાય છે અને જરૂરી સેવા કાર્ય કરે છે. અમારી ટીમો કેદારનાથ અને નેપાળ ખાતે પણ આવા રાહત કાર્યોમાં સામેલ થઈ હતી.

ગાયત્રી પરિવાર દ્વારા ગુજરાતના વિવિધ ભાગોમાં વૃક્ષ રોપવાના કાર્યક્રમો મોટા પાયા પર હાથ ધરાયા છે. અમારું 'એક્યુપ્રેશર પાર્ક' અને 'નક્ષત્રવાન' ગુજરાતમાં કાર્યરત છે.

પાંચ હજારથી વધુ 'મહિલા પાંખ', મહિલાઓના વિકાસ અને પ્રગતિ માટે સક્રિય રીતે યોગદાન આપે છે.

ડિવાઈન ઇન્ડિયા યુથ ઍસોસિયેશન (ડીઆઈવાયએ) અમારું યુવાલક્ષી ગ્રુપ છે, જે 'અંતર જગતની યાત્રા' પરના પરિસંવાદો- પ્રશિક્ષણ કાર્યક્રમો યોજે છે. ગુજરાતમાં એની શાખાઓ હકારાત્મક માનસિકતા કેવી રીતે કેળવવી તેનું શિક્ષણ આપે છે.

ગુજરાતના વિકાસ માટે ગાયત્રી પરિવાર શ્રેષ્ઠ રીતે પ્રદાન કરે છે. અમારા આ પ્રયાસોને આપના પુસ્તકમાં સામેલ કરવાના છો તે માટે અમો આભારી છીએ.

આપના પ્રકાશનને જ્વલંત સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવું છું.

**— ડૉ. પ્રણવ પંડ્યા**
ગાયત્રી પરિવાર, હરિદ્વાર



# ગુજરાત
# વિકાસ અને ગરીબી નિર્મૂલન

ડૉ. જગદીશ ભગવતી

ગુજરાતનું ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં વિપુલ યોગદાન રહ્યું છે. ખરેખર તો અન્ય કોઈ રાજ્ય કરતાં વધુ ફાળો ગુજરાતનો તેમાં રહ્યો છે. મહાત્મા ગાંધી અને સરદાર પટેલના નામોની જ જાદુઈ અસર હતી. ગાંધીજીએ તો પોતાના જીવનની આહુતિ બંગાળમાં મુસ્લિમોની કત્લેઆમ થઈ રહી હતી, તેમાં મદદનો હાથ લંબાવવામાં આપી દીધી. સરદાર પટેલ એક અખંડ ભારતની રચનામાં મૂળભૂત બળ હતું.

આપણે જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદીની મુખ્યમંત્રી તરીકે અને પ્રધાનમંત્રી તરીકેની નીતિઓ પર ચિંતન કરીએ તો ગુજરાતી તરીકે તેમની અગણિત ઝળકતી સિદ્ધિઓનું ગૌરવ લઈ શકીએ તેમ છીએ. આ સિદ્ધિઓનો સરવાળો એટલે ગુજરાતનું વિકાસ મૉડેલ અને ગરીબી નાબૂદી.

વિકાસનું કહેવાતું કેરાલા મૉડેલ ડાબેરીઓના પ્રચારની કરામત હતી. ડૉ. પનગરિયા અને મેં ધ્યાન દોર્યું છે તેમ કેરાલાની પ્રગતિ ઐતિહાસિક સંદર્ભે અને તાજેતરની ઘટનાઓ સંદર્ભે વૈશ્વિકરણ પર આધારિત હતી. પુનઃવિતરણની પદ્ધતિ પર નહીં. વૈશ્વિકરણ તો ગુજરાત વ્યૂહરચનાનું માત્ર એક ઘટક છે. રમૂજ તો એ છે કે, આ વાસ્તવિકતાનો સામનો કરવા કેરાલા મૉડેલના એ ડાબેરી પ્રસ્તુત કર્તા, જેવા કે પ્રોફેસર અમર્ત્ય સેન હવે બાંગ્લાદેશને સફળ વિકાસના મૉડેલ તરીકે ટાંકવા લાગ્યા છે. મારો એમને સામો સવાલ એ છે કે તો પછી બાંગ્લાદેશીઓની આટલી બધી દુર્દશા શા માટે છે ?

ગુજરાત મૉડેલના ઘટકો શું છે ? સૂક્ષ્મ તફાવતની વિગતોમાં પડ્યા વિના એની રૂપરેખા નીચે મુજબ ગણી શકાય :

૧. પુનઃવિતરણ ટૂંકા ગાળા સિવાય ટકાઉ પ્રગતિ કરાવી શકે નહીં અને ટકાઉ વિકાસ વિના લાંબા ગાળે આપણે ગરીબી પર કાયમી અસર કરી શકતા નથી.

૨. સ્થાયી પ્રગતિ ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન અને આધારકીય આંતરમાળખાની રચના દ્વારા અને અન્યાયપૂર્ણ નિયમો દૂર કરવાથી થાય છે.

૩. બાહ્ય સ્પર્ધા માટે અર્થતંત્રને ખુલ્લું મૂકવાનું કારગત બને છે. ૧૯૯૧ સુધી ભારતીય વ્યાપારને બાહ્ય સ્પર્ધાથી રક્ષિત રાખવાના પગલાં ભૂલ ભરેલા હતા. આથી આર્થિક રીતે પ્રગતિ નબળી પડી છે.

૪. ડાબેરીઓનો દાવો કે વિકાસ એ વિદ્યમાન સ્વરૂપ જાળવી રાખવા, 'ધીમે ધીમે ઉતરવું', એ વ્યૂહરચનાઓ ખોટી છે. બેશક, ગુજરાતે કરી બતાવ્યું તેમ વિકાસ 'ઉપર ખેંચવાની' વ્યૂહરચના છે. જે ગરીબોને ગરીબાઈમાંથી બહાર ખેંચી કાઢે છે. ખરેખર અમે અર્થશાસ્ત્રીઓ ૧૯૬૦માં દિલ્હીમાં આ સિદ્ધાંત પર કામ કરતા હતા અને ડાબેરી ટીકાકારોએ એ વ્યૂહરચનાનો વિરોધ કર્યો હતો.

૫. વિકાસની વ્યૂહરચના સામાજિક કાયદાઓમાં અસરકારક પરિવર્તન માટે મદદરૂપ થાય છે. જેમ કે, મહિલાને તેના દમનકારી પતિને છોડવામાં સહાયક કાયદો ઘડવો તે સારું છે. પરંતુ, બંધિયાર અર્થ વ્યવસ્થામાં જો મહિલાનો પરિવાર અને પતિનો પરિવાર વ્યવહારની રીતે પતિને છોડવાના તેના નિર્ણયનો વિરોધ કરે તો તે મહિલા પોતાનો નિર્વાહ કેવી રીતે ચલાવે ?

૬. શ્રી નરેન્દ્રભાઈએ ઉચિત રીતે જ સારા 'શાસન' માટે અભૂતપૂર્વ ચિંતા દર્શાવી છે. મેં તેમને એક વખત ઉદાહરણ માટે પૂછ્યું તો તેમણે કહ્યું, દાખલા તરીકે ગામમાં બસ-સ્ટૉપ ચણવા માત્ર સિમેન્ટ જરૂરી છે, પરંતુ તેમની ઈચ્છા એ છે કે બસ કંડક્ટર ગરીબ મુસાફરો સાથે માન અને આદરપૂર્વકનો વ્યવહાર કરે. ફરીથી છેલ્લા ભૂકંપ પછી અસરગ્રસ્ત જિલ્લાઓના કલેક્ટરોને, તેઓ જે કાર્યવાહી કરી રહ્યા છે તેની માહિતી-અનુભવોનું આપસમાં વિનિમય કરવા અમદાવાદ બોલાવ્યા હતા.

   પછી એમણે ઉમેર્યું : એ સમય દરમ્યાન એ બધા કલેક્ટરો હતા અને એક તેઓ પોતે ! કોઈ અર્થશાસ્ત્રી કે વિદેશમાં પ્રશિક્ષિત રાજકારણી ઘર આંગણે દૂન સ્કૂલ કે સેંટ સ્ટિફન્સ કૉલેજમાં તાલીમ પામેલા આવો વિચાર ન કરી શકે !

૭. નરેન્દ્રભાઈની ગુજરાતની મહિલાઓ માટેની ચિંતા-ફિકર નોંધપાત્ર અને અભૂતપૂર્વ છે. તેઓ હંમેશાં કહે છે કે આનો ઉપાય છોકરાઓના શિક્ષણને બદલવામાં છે. કેમ કે તેઓ એવું માનીને બેઠા છે કે મહિલા નિમ્ન કોટીની છે. મારી એક હોનહાર નાઈજીરિઅન સેક્રેટરી છે. તેની પાસે તેનો પુત્ર પોતાની નાની બહેનને ભેટતો હોય તેવું સુંદર ચિત્ર છે. તેઓ ડૉક્ટર-નર્સની રમત રમતા હતા. જ્યારે પૂછવામાં આવ્યું કે કેમ છોકરી ડૉક્ટર ન થઈ અને છોકરો નર્સ ન થયો ? છોકરાઓએ જવાબ આપ્યો કે : કેમ કે, હું છોકરો છું.

   આ દૃષ્ટિએ ગુજરાતની જ એ સિદ્ધિ છે કે નરેન્દ્રભાઈએ જ્યારે તેમને દિલ્હી જવાનું થયું ત્યારે એક શિક્ષિકાને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પસંદ કર્યાં.

   વધુ કહી શકાય તેમ છે, પરંતુ અત્યાર સુધીમાં જણાવ્યું તેમ, ગુજરાત મૉડેલ અને નરેન્દ્રભાઈની તે પરની પકડ સમૃદ્ધિ તરફનો ટકાઉ, ગરીબી નિવારણ અને સામાજિક પ્રગતિનો અચૂક માર્ગ બનાવે છે.

૮. ગુજરાતના વિકાસ મૉડેલનું સરવૈયું, ગુજરાતના વારસામાં માનવતા—સેવાનો વૈષ્ણવ પરંપરા અને સામાજિક રીતે સુગઠિત સહિષ્ણુતાના સંસ્કારોની નોંધ લીધા વિના અધૂરું ગણાશે. ગુજરાતની આ વારસાગત લાક્ષણિકતા ભલે ગાંધીજીની શોધ ન હતી, પરંતુ તેમનું સમગ્ર ચારિત્ર્ય ઘડતર તેના પર થયું હતું.

નરેન્દ્રભાઈએ દાખલો આપ્યો છે તેમ સામાજિક સહાનુભૂતિ અને પરોપકારની ભાવના જે ગાંધીજીના પ્રિય ભજન 'વૈષ્ણવ જન તો તેને કહીએ'માં છે તે ગુજરાતીઓના સંસ્કારમાં છે. આને લીધે ભારતના બીજા ભાગો કરતાં ગુજરાત અનોખું તરી આવે છે. આપણે ગુજરાતીઓ સંપત્તિનું સર્જન કરી શકીએ છીએ. એકઠી કરી શકીએ છીએ અને સારા કાર્યોમાં વાપરી પણ શકીએ છીએ. આપણે સમજીએ છીએ કે સારી ભાવના-શુભ આશય, તેને ફળીભૂત કરવાના સાધનો વિના નિરર્થક છે. જેમ હું હંમેશાં કહું છું કે કંપનીઓ, ઉદ્યોગો જે કૉર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી દર્શાવતો ખર્ચ કરવા ઇચ્છે છે તેમણે પહેલાં નફો કરવો જરૂરી છે. તેઓ જો ખોટ કરતા હોય તો સી.એસ.આર. કેવી રીતે કરી શકે ?

આ ગુજરાતી પરંપરા તેમજ સમૃદ્ધ લોકોની પણ સાદી જીવનશૈલી ગુજરાતને દેશના બીજા રાજ્યોથી અનોખી ઓળખાણ આપે છે. 'ગુજરાત વિકાસ મૉડેલ'નું આ એક મહત્ત્વનું પાસું છે.

**— ડૉ. જગદીશ ભગવતી**
પ્રોફેસર (ઇકોનોમિક્સ, લૉ એન્ડ ઇન્ફોર્મેશન રિલેશન)
કોલંબિયા યુનિવર્સિટી



અંબાજી — 'મા આદ્ય શક્તિ'



# નવીન ઔદ્યોગિક વ્યૂહરચનાઓ ગુજરાતના વિકાસનો સુવર્ણ દશક

ડૉ. વી. જી. પટેલ

## ૧. અપરિપક્વ અર્થશાસ્ત્રીનો પ્રવેશ

મારી ડૉક્ટરેટની ડિગ્રી માટે વિસ્કોન્સિન યુનિવર્સિટી યુ.એસ.એ.માં અર્થશાસ્ત્રમાં ભણતો હતો ત્યારે મારા સ્પેશ્યલાઈઝેશન માટે 'આર્થિક વિકાસ' વિષય મેં પસંદ કર્યો હતો. તે સમયના ભારતના 'બુદ્ધિધન ઢસડાઈ' જવાના દિવસોમાં અભ્યાસ પૂરો કરી સ્વદેશ પરત ફરવું અને રાષ્ટ્રના વિકાસમાં ઉપયોગી યોગદાન કરવું એવું મારું ધ્યેય હતું. અર્થશાસ્ત્રના જ્ઞાનની દૃષ્ટિએ હજુ હું એટલો તૈયાર ન હતો કે ભારતમાં આવીને ઉદ્યોગ-સાહસિકોને વિકાસ માટે આધારરૂપ-સહાયક થવા ક્યાંય સામેલ થવું એવું પણ મારી વિચારણામાં ન હતું. ભાવિના મારા ગંતવ્ય-પ્રવાસ બાબતે હું અનિર્ણિત હતો.

અર્થશાસ્ત્રમાં ઉદ્યોગ સાહસિકની ભૂમિકા, ઉત્પાદનના વિવિધ આવશ્યક અંગોને, પરિબળોને એકત્રિત કરવા અને એક ઉદ્યમ એકમ ઊભું કરવું એમ વ્યાખ્યાયિત કરી શકાય. નફાને ધંધાના જોખમ અને અનિશ્ચિતતાનો પુરસ્કાર સમજવાનો. ઉદ્યોગ સાહસિકને પ્રગતિના એન્જિન અને સંપત્તિ સર્જક તરીકે નવાજવામાં આવે છે. પરંતુ, તેનું વ્યક્તિ તરીકે કેવું હોવા બાબત ખાસ સંશોધન ન હતું. મોટા ભાગના લોકો આમાં પડવા માંગતા ન હતા ત્યારે એવી વ્યક્તિઓ કોણ હોય છે જે આગળ આવે છે અને જોખમ ઉઠાવે છે ? એ ક્યાંથી આવે છે ? પશ્ચિમના સમાજશાસ્ત્રીઓની દલીલો પ્રમાણે વિકાસશીલ દેશોમાં આવી વ્યક્તિઓની ઊણપ શા માટે હોય છે ? આવા નિર્ણાયક સવાલોના જવાબો મળ્યા ન હતા.

તેથી જ્યારે ગુજરાત સરકાર દ્વારા સ્થપાયેલ ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કૉર્પોરેશન (જીઆઈડીસી) અને ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ઈન્વેસ્ટમેન્ટ કૉર્પોરેશન (જીઆઈઆઈસી), બેઉના ઉત્સાહી દૃષ્ટિવંત ચેરમેન શ્રી મનુભાઈ શાહે કોઈ અર્થશાસ્ત્રીની શોધમાં નવી દિલ્હી ખાતે (૧૯૬૯)માં મને શોધી કાઢ્યો અને મારી મુખ્ય આર્થિક સલાહકાર તરીકેના પાંચ વર્ષની કોન્ટ્રાક્ટુયલ નિમણૂક કરી. ગુજરાતના ઔદ્યોગિક વસાહતો માટેની યોજનાઓમાં તથા બૃહદ્ નીતિનિર્માણ માટે દેશ અને ગુજરાતના ઔદ્યોગિક વિકાસના વિશ્લેષણના કાર્યમાં સામેલ થવાનું રહેશે એવું હું ધારતો હતો. જે થયું તે કેટલુંય વિશેષ હતું. ગુજરાતના ઔદ્યોગિક વિકાસના અતિ ઉત્સાહજનક તબક્કામાં જોડાવાની ઉત્તમ તક મને પ્રાપ્ત થઈ.

જી.આઈ.ડી.સી.માં હું જોડાયો તેના બહુ પહેલાં, અમદાવાદ ખાતે મારી પસંદગી માટેના ઈન્ટરવ્યૂ પછી તરત જ એક જ વિમાનમાં દિલ્હી પરત ફરતા સમયે મનુભાઈ શાહ પણ એજ વિમાનમાં દિલ્હી જઈ રહ્યા હતા અને હું મને મળેલા મારા આયોજન પંચના ટૂંકા-ગાળાના પ્રૉજેક્ટ પર પરત જઈ રહ્યો હતો. શ્રી મનુભાઈ શાહે મને એર હૉસ્ટેસ મારફત એક ચબરખી મોકલાવી. તેમાં તેમનો લખેલો સંદેશ હતો, ''જીઆઈઆઈસીએ સફળતાપૂર્વક દાખલ કરેલી ઉદાર ધિરાણ યોજનાનો લાભ લેવા આપણે વધારે ઉદ્યોગ સાહસિકોની જરૂરિયાત રહેશે.'' આનો અર્થ સમજવાનો કે હું પ્રયત્ન કરતો હતો, ત્યાં બીજી ચબરખી આવી, ''દિલ્હીમાં પહોંચીએ એટલે ત્રણ દિવસમાં આપણે મળીએ. નવા ઉદ્યોગ સાહસિકોને વિકસાવવા માટે તમારો પ્રસ્તાવ તૈયાર કરીને લાવો.''

આમ, સક્રિય દૃષ્ટિવંત ઉદ્યમી મનુભાઈનું દર્શન અને ગુજરાતમાં મારો પ્રવેશ બેઉ હવામાં નાની બે ચબરખીમાં લખાયાં હતાં. મને એ પણ હજુ ખબર ન હતી કે જીઆઈડીસીએ મારી નિમણૂંક કરી છે કે આર્થિક સલાહકાર તરીકેની ભૂમિકા મારે સ્વીકારવાની છે ? ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવાની યોજના માટેની શ્રી મનુભાઈની અપેક્ષાનો શો પ્રત્યુત્તર આપવો તે બાબતે હું ચિંતિત હતો. તેવામાં મારા ગાંધીવાદી પિતા શ્રી ગોપાલદાસે કહ્યું, ''જો તું આ કરશે તો એ રાષ્ટ્ર નિર્માણમાં પાયાનું કાર્ય બની રહેશે. અત્યાર પહેલાં કોઈએ આ કર્યું નથી. તને પણ આમાં પુષ્કળ સંતોષ પ્રાપ્ત થશે અને તું ખ્યાતિ પામીશ.''

કેટલા બધા સાચા ઠર્યા મારા પિતાજી ! મેં જીઆઈડીસીની નિમણૂક સ્વીકારી અને ગુજરાતમાં ઉદ્યોગ સાહસિકતા અને ઔદ્યોગિક વિકાસની ગતિવિધિમાં મારી યાત્રા ૧૯૬૯ના આખરી મહિનાઓમાં શરૂ થઈ. આ લેખ ગુજરાતમાં શાનું નિર્માણ કર્યું, રાષ્ટ્ર માટે શું યોગદાન આપ્યું, અમે કયા પાઠો શીખ્યા અને કઈ સિદ્ધિઓની ખુશીઓ માણીએ છીએ તે બાબતે છે.

## ૨. ત્રણ નાવીન્યકારી અભિગમ, જેથી પરવર્તન શક્ય બન્યું

### ૨.૧ પડકાર :

વિકાસશીલ દેશોમાં આર્થિક વૃદ્ધિને મર્યાદિત કરનારી નિર્ણાયક બાબતોમાં, બચત અને રોકાણ કરવાની ક્ષમતા મોટા ભાગે મુખ્ય પરિબળો હોય છે. આના અભાવનો અર્થ ઔદ્યોગિક વિકાસ માટે ઉદ્યોગો સ્થાપવા જરૂરી ભંડોળની ઊણપ છે. (ઉદ્યોગ સાહસિક પર નાણાકીય મર્યાદા) ઉપરાંતમાં તકો પારખવા ઔદ્યોગિક સાહસિકતાનો અભાવ, સંસાધનો શોધીને ગોઠવવાની અને ઔદ્યોગિક એકમને સફળતાપૂર્વક ચલાવવાની અણઆવડતથી દૃશ્ય વધુ ઘેરું બને છે. આવા અભાવોના નિરાકરણ લાવવામાં આવે, સ્થાનિક ઔદ્યોગિક એકમો તૈયાર કરવાની પ્રક્રિયા વેગીલી કરવામાં આવે તે માટે નક્કર સંસ્થાકીય આધારના પીઠબળવાળી નવીન ધિરાણ નીતિઓ અને વિકાસ કાર્યક્રમો જરૂરી હોય છે. ગુજરાતમાં આ સાઈઠના દશકના અંતમાં અને સિત્તેરના દશકના આરંભમાં સિદ્ધ થઈ શક્યું.

## ૨.૨ પ્રતિભાવ :

નવા ઉદ્યોગ સાહસિકોના ઔદ્યોગિક સાહસોને ધિરાણ આપવા, સંભવિત ઉદ્યમીઓને ઓળખવા અને પ્રોત્સાહિત કરવા લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોના ઝડપી વિકાસ માટે આંતરમાળખાકીય સુવિધા પૂરી પાડવાના હેતુથી ગુજરાતની ત્રણ યોજનાઓએ મોટી આડખીલીઓ દૂર કરી. નવા ઉદ્યોગ સાહસિકોને નાણાંની જરૂરિયાત માટે જ ખાસ સ્થાપવામાં આવેલી સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ કંપની (૧૯૬૮) દ્વારા બિનપરંપરાગત તકનિકી યોજનાઓ અંતર્ગત પ્રૉજેક્ટ ખર્ચના ૧૦૦% સુધીની રકમની લોન દ્વારા તેમને નડતો નાણાંભીડ અવરોધ ઠીક ઠીક દૂર થયો. સ્થાનિક સંભવિત ઉદ્યમીઓને ઓળખવા, વિકસાવવા અને તૈયાર કરવા માટે એક વ્યાપક ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમની પહેલ કરવામાં આવી (૧૯૭૦). ''ઉદ્યોગ–સાહસિકો જન્મે છે, તેમને બનાવવામાં નતી આવતા'' એવી પુરાણી પૂર્વધારણાઓને પડકારની દિશામાં આ કાર્ય હતું.

તેમને (ઉદ્યોગ-સાહસિકોને) સગવડ આપવા અને તેમની યોજનાઓના ઝડપી અમલીકરણ માટે આંતરમાળખાકીય બાબતોમાં કાબેલ એવી સંસ્થા જીઆઈડીસીએ રાજ્યમાં અનેક સ્થળે જમીન અને આવશ્યક સુવિધાઓ સાથેના તૈયાર ફેક્ટરી બિલ્ડિંગ ઉદાર શરતો પર આપવાનું અપનાવ્યું (૧૯૬૬).

આ યોજનાઓએ લઘુ ઉદ્યોગો અને સ્વરોજગારી માટેના ભારત સરકારના કાર્યક્રમો માટે બૅંકોની ધિરાણ નીતિઓ પર નોંધપાત્ર અસર કરી. આ યોજનાઓનો નાના ઉદ્યોગો અને સ્થાનિક ઉદ્યમ સાહસિકતા પર આગળ ધપવા ઈચ્છુક એવા કેટલાક એશિયાના અને આફ્રિકાના વિકાસશીલ દેશોમાં આની અસર ફેલાઈ. વિશ્વબેંકે 'બૅકિંગ પ્રણાલીમાં નવાચાર' – 'ગુજરાતના પ્રયોગો' શિર્ષકવાળા અભ્યાસ અહેવાલમાં ગુજરાતે કરેલી ત્રણ પહેલનું દસ્તાવેજીકરણ કર્યું. (i) ટૅક્નિશિયનો અને નવા ઉદ્યોગ સાહસિકો માટે નાણાં યોજનાઓ, ટૅક્નિશિયન્સ એન્ડ ન્યૂ એન્ટરપ્રિન્યરશીપ સ્કીમ ઑફ ફાઈનાન્સ, (ii) પ્રશિક્ષણ અને નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવા ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમ (ઈડીપી) અને (iii) ઔદ્યોગિક માળખાકીય વિકાસ માટે શેડનાં બાંધકામ. આથી ગુજરાતનું અગ્રિમ પાયાનું કાર્ય આંતરરાષ્ટ્રીય બન્યું.

## ૩. આપણે શું પુરવાર કર્યું, શું શીખ્યા ?

(i) તક્નિકી અને નવી ઉદ્યોગ સાહસિક નાણા યોજનાના અનુભવોએ નાણાકીય અવરોધનો લીધે કેટલાય સમુદાયો અને વ્યાવસાયિક જૂથોના અટકી પડેલા સંભવિત આર્થિક દષ્ટિએ પોષણક્ષમ નાના અને મધ્યમ ઉદ્યોગ એકમોને સ્થાપવા અને ચલાવવા સૂચવ્યું. નાણાકીય મુખ્ય અવરોધ દૂર થતાં ઔદ્યોગિક અને વાણિજ્યના કર્મચારીઓ, તક્નિકી સ્નાતકો સ્થાનિક ઉદ્યોગ-સાહસિકતા માટેના ઉત્તમ સ્ત્રોત બની શકે.

(ii) ઉદ્યોગમાં સફળતા પ્રવર્તમાન માન્યતાઓથી વિપરીત નાણાકીય પૃષ્ઠભૂમિ કરતાં સાહસવૃત્તિ અને કુશળતાનું પરિણામ હતું. ઉપલબ્ધ ઔદ્યોગિક ઉદ્યાગ-સાહસિક સંભાવનાને કારગત સ્વરૂપ આપવા નવા ઉદ્યોગ-સાહસોને જરૂરિયાત આધારિત મૂડી આપવાની નીતિ, પારંપારિક જામીનયુક્ત બાંહેધરીવાળા અટકાવકારી નિયમો બદલાવવા એ પૂર્વ શરત અને અસરકારક ઉપકરણ બની શકે. નિષ્ફળતાના સામાન્ય કરતાં વધુ જોખમ સાથે પણ સામાજિક અને આર્થિક રીતે ઈચ્છનીય હોવા ઉપરાંત પણ આવી યોજના નાણાકીય રીતે વ્યવહારુ રીતે સ્વીકાર્ય બની શકે છે.

(iii) બિન-નાણાકીય અવરોધો જેવાં કે અપૂરતી ઉદ્યોગ સાહસિકતા કે વ્યવસ્થાકીય અનઆવડત અને તેને લીધે આત્મવિશ્વાસની ખામી જેવી સમસ્યાઓથી ઘેરાયેલા લોકો માટે ઉદ્યમ-સાહસિકતાના સ્ત્રોતોમાં વૈવિધ્ય લાવી શકાય અને તે, જે તે જરૂરિયાતો માટે પૂરા પાડી શકાય. ગુજરાત ઈડીપી (ઉદ્યોગ સાહસિકતા વિકાસ) જેવા પ્રશિક્ષણ અને વિકાસ કાર્યક્રમો ઔદ્યોગિક, બિન ઔદ્યોગિક કર્મચારીઓ, તક્નિકી અને બિનતકનિકી સ્નાતકો, વ્યાપારીઓ, વ્યાવસાયિકો માટે તદ્દન ઓછા પરવડતા ખર્ચવાળા સર્જનશીલ રીતે ઘડાયેલા અને અમલકારી પૅકેજ વડે ઉદ્યોગ સાહસિકતા વિકસાવવાનું કાર્ય અસરકારક રીતે કરી શકે છે. યુવા રોજગારીના આજના સંદર્ભે ગુજરાત ઈડીપી મૉડેલ આજે પણ અત્યંત પ્રસ્તુત છે.

(iv) સમગ્ર વ્યૂહરચનામાં ઉદ્યોગોને સુચારુ રીતે સહાયરૂપ થવા ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે કાર્ય કરતી બધી સરકારી વિભાગોમાં નક્કર સંસ્થાકીય અને સંગઠનાત્મક ગોઠવણી અને અસરકારક સંકલન આવશ્યક બની રહે છે.

જીઆઈઆઈસી જેવી સ્વતંત્ર વિકાસ નાણાં સંસ્થા, નૈતિક આવશ્યકતાવાળી, વ્યાવસાયિક નિષ્ણાતો દ્વારા ચાલતી નવા તક્નિકી અને નવી ઉદ્યોગ સાહસિક નાણાં યોજનાના અસરકારક કામકાજ અને નવીનીકરણને લાવવામાં ચાવીરૂપ બની. બીજા મોટા ભાગના રાજ્યો કરતાં જીઆઈડીસીની સફળતા ઉત્સાહપ્રેરક, ગતિશીલ દૃષ્ટિવંત નેતૃત્વ અને ત્યારબાદ ઔદ્યોગિક આંતરમાળખા પ્રતિ પરંપરાગત અભિગમ તોડવા માટે દૃઢ આયોજન અને તક્નિકી સંસ્થાના ટેકાથી શક્ય બની છે.

## ૪. ગુજરાતની 'પ્રથમ' અને પ્રશંસનીય સિદ્ધિઓ :

આજે આપણે સાઠના દાયકાના અંતથી એંશીના દાયકા વચ્ચેના ગાળામાં ગુજરાતમાં થયેલા પાયાના કાર્યો અને સફળતા માટે અને ત્યારબાદ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિઓ પ્રાપ્ત થઈ છે તે માટે ચોક્કસ ગૌરવ લઈ શકીએ તેમ છીએ. એમાંના થોડાંક સાથે

હું જોડાયેલો રહ્યો હતો તે આ મુજબ છે –

- ગુજરાતના જરૂરિયાત આધારિત નાણા અને ઉદ્યોગ સાહસિકતા વિકાસ કાર્યક્રમના આધારે આયોજન પંચ દ્વારા સ્વ-રોજગાર નિર્માણના ત્રણ રાષ્ટ્રીય કાર્યક્રમ તૈયાર કરવામાં આવ્યા હતા. પાંચ લાખ નોકરીઓ ઊભી કરવી રોજગાર નિર્માણ કાર્યક્રમ અને બેરોજગાર ઇજનેરો માટે એન્ટરપ્રિન્યરશીપ કાર્યક્રમ.
- ૧૯૭૮માં વિશ્વ બેંકે ગુજરાતની ઔદ્યોગિક વિકાસ યોજનાઓને 'બેંન્કિંગ નવીનીકરણ' તરીકે ઓળખાવી અને એસએમઈ નાના અને મધ્યમ ઉદ્યોગ-સાહસો અને સ્થાનિક ઉદ્યોગ-સાહસિકતા વિકાસમાં રસ ધરાવતા અન્ય વિકસતા દેશોના લાભ માટે એનો સંશોધન અહેવાલ તૈયાર કર્યો અને વિશ્વ બેંક દ્વારા વિશ્વભરમાં પ્રસારિત કરવામાં આવ્યો.
- ૧૯૭૯માં ભારતની પ્રથમ રાજ્યકક્ષાની ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાની સ્થાપના ગુજરાત ખાતે થઈ હતી. ઉદ્યોગ સાહસિકતા વિકાસ કેન્દ્ર (સીઈડી)ની રચના અને કાર્યપ્રણાલી, આવી રાજ્ય કક્ષાઓની ૧૨ સંસ્થાઓના નિર્માણમાં ઉદાહરણ બની.
- ૧૯૮૩માં ઉદ્યોગ સાહસિકતામાં સંશોધન, તાલીમ અને ક્ષમતા નિર્માણ માટે ભારત તથા એશિયાની પ્રથમ સંસાધન સંસ્થા ગુજરાતમાં સ્થપાઈ હતી તેવી ભારતની ઉદ્યોગિક સાહસ વિકાસ સંસ્થા (ઈડીઆઈ) આ ક્ષેત્રમાં વિશ્વકક્ષાએ અગ્રિમ છે અને રોકાણ તથા માનવીય સંશોધન વિકાસ તાલીમ માટે યુનિડો દ્વારા સેન્ટર ફોર એક્સેલન્સ (શ્રેષ્ઠતા કેન્દ્ર) તરીકે માન્યતા પ્રાપ્ત છે. તેણે વિશ્વ બેંક, આઈ.એલ.ઓ., યુનિડો અને કોમનવેલ્થ મંત્રાલયના આધાર અને સહયોગથી એસ.એમ.ઈ.ના નિર્માણ, ઉદ્યોગ સાહસિકતા તાલીમ માટે ૨૦થી વધારે દેશોમાં સેવા આપી છે. ભારત સરકારના સહયોગથી ઈડીઆઈએ તાજેતરમાં મ્યાનમાર, લાઓસ, વિયેટનામ અને કંબોડિયામાં ઉદ્યોગ સાહસિકતા સંસ્થાઓ સ્થાપી છે.
- ગુજરાત સીઈડી અને ઈડીઆઈ આ આપણા કાર્યોને લીધે ભારત સરકારે ઉદ્યોગ સાહસિક પ્રવૃત્તિઓને સહાય અને વિકાસ માટે બે રાષ્ટ્રીય બૉર્ડની રચના કરી છે. ઉદ્યોગ મંત્રાલયમાં નેશનલ બોર્ડ ફોર એન્ટરપ્રિન્યરશીપ ડેવલપમેન્ટ (એનઈડીબી) અને વિજ્ઞાન અને પ્રાદ્યોગિક મંત્રાયલયમાં નેશનલ સાયન્સ એન્ડ ટેક્નોલૉજી એન્ટરપ્રિન્યરશીપ ડેવલપમેન્ટ બોર્ડની રચના કરી છે.
- ૧૯૯૩માં આગાખાન ફાઉન્ડેશન, જીનીવાએ માનવ સંસાધન વિકાસમાં પાયાનું યોગદાન આપવા માટે પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય પુરસ્કાર ડૉ. વી. જી.પટેલ અને જ્યાં આ કાર્યને સંસ્થાકીય સ્વરૂપ આપવામાં આવ્યું હતું, ઈડીઆઈને પ્રદાન

કરવામાં આવ્યો હતો. ઈડીઆઈ સંકુલે શ્રેષ્ઠ આર્કિટેક્ચર પુરસ્કાર પણ મેળવ્યો છે. આવી આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ ટ્રોફી પ્રાપ્ત કરનાર ઈડીઆઈ ભારતમાં માત્ર બીજી સંસ્થા છે.

- આજે દેશમાં સ્વરોજગાર અને એસએમઈ નિર્માણ અને ઈડીપીને અમલમાં મૂકવા ઈડીપી આધારિત સિદ્ધાંતો આધારિત ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવા ૧૦૦૦થી વધુ ગુણવત્તા પ્રાપ્ત પ્રશિક્ષકો છે. સમગ્ર ભારતમાં વિજ્ઞાન અને ઇજનેરી કૉલેજોના ૨૦૦૦થી વધુ અધ્યાપકો-પ્રાધ્યાપકો ઉદ્યોગ સાહસિકતા પર અભ્યાસક્રમો માટે કાર્યરત છે. સીઈડીના મૉડેલ પર અને ઈડીઆઈના સહયોગમાં કાર્યરત ૧૨ રાજ્ય સ્તરની અને ત્રણ રાષ્ટ્રીય ઉદ્યોગ સાહસિકતા સંસ્થાઓ તથા તાલીમબદ્ધ પ્રશિક્ષકો ધરાવતી ૧૦૦થી વધુ બિનસરકારી-સ્વૈચ્છિક સંસ્થાઓ ગ્રામીણ ઉદ્યોગોની રચનામાં કાર્યરત છે. નિઃશંક જ ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાઓનું વિશ્વનું આ સૌથી વિશાળ માળખું છે.
- ૨૦૧૭માં ભારતના રાષ્ટ્રપતિશ્રીએ ડૉ. વી. જી. પટેલને તેમના ઉદ્યોગ સાહસિકતા શિક્ષણ અને તાલીમમાં ઉત્કૃષ્ટ સેવા બદલ પદ્મશ્રીના પુરસ્કાર વડે સન્માનિત કર્યા છે.

૧૯૬૯માં શ્રી ગોપાલદાસ પટેલે આગાહી કરી હતી કે આ અનન્ય કાર્ય રાષ્ટ્ર નિર્માણનું કાર્ય છે અને 'જો તમે સફળ થશો તો પ્રશંસા-સિદ્ધિ પામશો' સાચી પુરવાર થઈ છે. આ પ્રશંસા-પ્રસિદ્ધિ સમસ્ત ગુજરાતની, સર્વ સચિવોની, સરકારના અને નિગમોના મુખ્ય કાર્યકારી અધિકારીઓની અને વિવિધ સંસ્થાઓના મારા સાથીઓની કે જેઓએ અથાકપણે કાર્ય કર્યું છે અને આ નાવીન્યકરણને સફળ બનાવ્યા છે. આખરે તો આ બધું શ્રી મનુભાઈ શાહના નેતૃત્વને શ્રદ્ધાંજલિ છે.

**ડૉ. વિહારીદાસ ગોપાલદાસ પટેલ**

**(૧૯૪૦ થી ૨૦૧૯)**

દેશના 'ઉદ્યોગ સાહસિકતા ચળવળના પિતા' તરીકે જાણીતા ડૉ. વી. જી. પટેલે ગુજરાત ઔદ્યોગિક વિકાસના મુખ્ય આર્થિક સલાહકાર તરીકે સેન્ટર ફોર એન્ટરપ્રિન્યરશીપ ડેવલપમેન્ટ ગુજરાતના સ્થાપક નિયામક તરીકે અને ટૅક્નિકલ કન્સલ્ટન્સી ઓર્ગેનાઈઝેશન લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર તરીકે સફળ અને અત્યંત પ્રશંસનીય યોગદાન ગુજરાતના વિકાસમાં આપ્યું છે. તેમને ૨૦૧૭માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.



# ગુજરાતમાંથી પ્રેરણા અને ગુજરાતને પ્રદાન

ડૉ. મુકુલ આશર

રાજ્ય તરીકેના ગુજરાત, ગુજરાતી સમાજ, સાહિત્ય, સંસ્કૃતિ સાથેના મારા જોડાણોને નોંધવા મને આપે કહ્યું તેનો મને આનંદ છે. ગુજરાત સાથેનો મારો સંબંધ બે તબક્કામાં વહેંચી શકાય. જેમાં યોગદાન આપવાની તકો ઉપલબ્ધ થઈ. ગુજરાત સાથેનું મારું ઘનિષ્ઠ જોડાણ તો વર્ષ ૨૦૦૦ પછી બન્યું.

## પ્રારંભિક ઘડતર તબક્કો

આને વિકાસલક્ષી ઘાટ ઘડાયાનો તબક્કો કહી શકાય. તે ચાલીસના દાયકાના પાછલા વર્ષોથી સાઠના દાયકાની શરૂઆત સુધીનો હતો. એસ.એસ.સી. સુધીનું ભણતર ગુજરાતીમાં મુંબઈની શાળામાં થયું. અંગત જીવનમાં અને સામાજિક વર્તન-વ્યવહારમાં નૈતિક મૂલ્યો અને સિદ્ધાંતો હું આ પ્રારંભિક વિકાસક્ષમ તબક્કામાં શીખ્યો. આ સમય મારા જીવનના નાણાકીય અર્થશાસ્ત્રી, શિક્ષણવિદ્ તરીકેની વ્યાવસાયિક કારકિર્દી અને વ્યક્તિગત જીવન માટે બહુ મૂલ્યવાન બન્યા.

## વ્યાવસાયિક પ્રવૃત્તિશીલતાનો તબક્કો :

એંશી અને નેવુંના દાયકા દરમ્યાન થોડા થોડા અંતરે વ્યાવસાયિક કાર્યો-વિષયોમાં જોડાવાનું બનતું રહ્યું. આઈ.આઈ.એમ.-એ (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ – અમદાવાદ)ના પ્રાધ્યાપકો સાથે સંશોધન સહયોગમાં, ગુજરાતમાં પરિષદ ગોષ્ઠિઓમાં અને ગુજરાતની સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક્સ એન્ડ સોશિયલ રિસર્ચ (એસપીઆઈઈએસઆર) સહિતની સંશોધન સંસ્થાઓ ખાતે પરિસંવાદોમાં સત્રો આપવાનું થયું. નેવુંના દાયકા દરમિયાન સિંગાપુર નેશનલ યુનિવર્સિટીમાં ગુજરાતમાંથી આવેલ કેટલાક જાહેર ક્ષેત્રના અધિકારીઓને જાહેરનીતિમાં પ્રશિક્ષિત કરવાની અને ઘડવાની તક મને મળી. એમાંના કેટલાક અત્યારે ઉચ્ચ સ્તરીય કાર્યક્ષમ નીતિ અધિકારીઓ તરીકે કાર્યરત છે.

વર્ષ ૨૦૦૦ના પ્રારંભથી ગુજરાતમાં વિવિધ પ્રકારનાં ક્ષેત્રોમાં અને સંસ્થાઓમાં મારાં જોડાણો હંમેશના ઘનિષ્ઠ હોતા રહ્યા.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમના સિંગાપુરની મુલાકાતો દરમ્યાન આર્થિક વિકાસની બાબતોની ચર્ચા કરવાના ઉમદા અવસરો પ્રાપ્ત થયા હતા.

તેમની સાથેની એ ચર્ચાઓમાં શ્રી મોદીની વ્યાપક તેમજ નક્કર અને પરિણામલક્ષી આર્થિક વિકાસ માટેની પ્રેરક સૂઝ પ્રતીત થતી હતી. સામાન્ય રીતે તેમની પૃચ્છા વિકાસ બાબતે મહદ્ અંશે ગુજરાતની કક્ષાએ, સિંગાપુર (કે અન્ય ઇન્ડો-પેસિફિક દેશો) એ, એફડીઆઈ (વિદેશી સીધા રોકાણ)ને આકર્ષવા કે ત્યારે કામ માટે ઉપલબ્ધ લોકોની રોજગારક્ષમતા વધારવા જેવા જાહેરક્ષેત્રોને લગતી બાબતોની દિશામાં રહેતી.

મારા સંશોધનનું તારણ એ છે કે, રાષ્ટ્રીય કક્ષાએ પ્રધાનમંત્રી મોદીની આ દિશાની પૃચ્છાઓ તેમને સામાજિક સુરક્ષાના નવીનતમ સંકલિત નીતિઓના સમુચ્ચય પ્રતિ દોરી ગઈ, જેને લીધે ભારતના સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા અપનાવાયેલ ટકાઉ વિકાસ લક્ષ્યો સિદ્ધ કરવાની ભાવિ શક્યતાઓમાં વૃદ્ધિ થઈ.

વર્ષ ૨૦૦૪માં ત્યારની એનડીએ (રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન) સરકાર દ્વારા ગુજરાતની સિવિલ સર્વન્ટ્સ માટે શરૂ કરવામાં આવેલી રાષ્ટ્રીય પેન્શન સિસ્ટમ (એનપીએસ)ના અમલીકરણના પગલાંની ત્રણ સભ્યોના નિષ્ણાત જૂથનો હું સભ્ય હતો. એનપીએસે પ્રત્યેક રાજ્યને તેમના એક નિશ્ચિત તારીખ પછી જોડાયેલા સિવિલ સર્વન્ટ્સને માત્ર વ્યાખ્યાયિત યોગદાન પેન્શન યોજના ઘડવા અને પીએફઆરડીએ (પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી) દ્વારા નિયંત્રિત આધુનિક પેન્શન માળખું વાપરવા અનુમતિ આપી.

મેં જી.આઈ.એફ.ટી. (ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક) ગિફ્ટ સિટી કે જેનું ધ્યેય ગુજરાતમાંથી આંતરરાષ્ટ્રીય નાણાં સેવાઓની બાંહેધરીમાં સ્પર્ધાત્મકતા વિકસાવવાનો છે. તેમાં પણ સલાહકાર તરીકેની ભૂમિકામાં સેવાઓ આપી છે. જે ભારતની સેવાઓના નિકાસમાં વૈવિધ્ય આણવા અને ભારતના નાણાક્ષેત્રના આંતરરાષ્ટ્રીયકરણને સહાયરૂપ છે.

શૈક્ષણિક અને સરકારી સંસ્થાઓ સાથેના મારા જોડાણો ઉપરાંત ખાનગી ક્ષેત્ર, સામાજિક સંસ્થાઓ અને સિવિલ સોસાયટીના કાર્યોમાં પણ મને સામેલ થવાનો લાભ મળ્યો છે અને શીખવાનું પણ મળ્યું છે.

વર્ષ ૨૦૦૩માં મને એક પબ્લિક લિમિટેડ એગ્રો કેમિકલ કંપનીના બૉર્ડ ઑફ ડાયરેક્ટર્સમાં સ્વતંત્ર નિયામક તરીકેનું આમંત્રણ મળ્યું હતું. આ કંપનીના ગુજરાતમાં પણ કારખાના છે. હાલમાં (જૂન, ૨૦૧૮) આ કંપની માર્કેટ કેપિટલાઈઝેશનની દૃષ્ટિએ પ્રથમ ૫૦૦ કંપનીઓમાં સ્થાન ધરાવે છે. આ દ્વારા મને ગુજરાતની કૃષિ, વ્યાપાર વાતાવરણ અને બીજી જાહેરનીતિને લગતી બાબતોને વિસ્તૃત દૃષ્ટિકોણથી સમજવાની તક મળી. ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જવાની અને ત્યાંની પ્રાદેશિક જટિલતા અને પડકારોને જાણવાની સતત તક મને આથી મળી. તે કંપની સાથે હું આજ સુધી હાલમાં (જૂન, ૨૦૧૮) તેના બોર્ડના અધ્યક્ષ સાથે જોડાયેલો છું.

ટકાઉ વિકાસમાં મારો શૈક્ષણિક રસ વર્ષોથી યથાવત છે. 'પર્યાવરણ અને વિશ્વનો વિકાસ' (એન્વાયર્નમેન્ટ એન્ડ ધ ડેવલપિંગ વર્લ્ડ)ના સંયુક્ત લેખક તરીકેનું મારું પુસ્તક ૧૯૯૮માં

વાઈલી પબ્લિશર્સે પ્રકાશિત કર્યું હતું. તેથી ડૉ. કિરીટ શેલતની દોરવણી હેઠળના અમદાવાદ સ્થિત એનસીસીએસડી (નેશનલ કાઉન્સિલ ફોર ક્લાઈમેટ ચેન્જ એન્ડ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ) માં જોડાવાનું થયું તે મારા માટે સારો યોગ હતો. તેમની સાથેની પ્રવૃત્તિઓના માધ્યમે મારે ગુજરાત સહિત કેટલાક પરિસંવાદો, બેઠકો અને ચર્ચાસત્રોમાં ભાગ લેવાનું બન્યું. વધુ ટકાઉ પર્યાવરણ ભારતના હિતમાં છે. ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (આઈએસએ)માં ભારતની અગ્રિમ ભૂમિકા સહિત નક્કર વૈજ્ઞાનિક આધાર અને આર્થિક મુદ્દાઓ સહિતની ભારતની ટકાઉ વિકાસ પ્રવૃત્તિઓના શિક્ષણ-સંદેશનો રાષ્ટ્રીય અને વૈશ્વિક કક્ષાએ સુચારુ રીતે સંચાર કરવાનું અઘરું કાર્ય આ સંસ્થા કરે છે. એનો એક ભાગ હોવાનું મારા માટે સન્માનજનક છે.

હું સામાજિક એકમો અને સિવલ સોસાયટીની સંસ્થાઓ સાથે લાંબા સમયથી જોડાયેલો રહ્યો છું. સામાજિક એકમોના કાર્યક્ષેત્રોમાં, સરખા હેતુઓવાળા નાગરિક સમાજના સંગઠનો સાથે મળીને તેમની સામાજિક જરૂરિયાતો, આધુનિક વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકીની મદદથી તે પરિવારોની ઘરગથ્થુ સુખાકારી પ્રમાણમાં ઓછા ખર્ચમાં સંતોષી શકે તેવો હેતુ આમાં રહેલ છે. નાની રીતે પણ ગુજરાતની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ જેવી કે શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ અને વીઆરટીઆઈ (વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ) સાથે સંવાદ, વાર્તાલાપ અને ચર્ચા સત્રોના માધ્યમથી જોડાવાનું રહ્યું તે પણ મારા માટે ગૌરવ સમાન છે. આ બેઉ સંસ્થાઓએ એ દિશામાં દાયકાઓથી ઉદાહરણીય કાર્યો કર્યા છે. અને અનેક સામાજિક એકમોને પ્રોત્સાહિત કર્યા છે.

## ગુજરાતની ભાવિ વિકાસ સંભાવનાઓ

ભારતના જીડીપી (લગભગ ૮%)માં ગુજરાતનું યોગદાન (લગભગ ૫%) દેશની વસ્તીના પ્રમાણમાં નોંધપાત્ર રીતે વધારે છે. આ લાક્ષણિક વલણ લાંબા સમયથી જળવાઈ રહ્યું છે. તે ગુજરાતના મજબૂત આર્થિક પાયાનું સૂચક છે. ગુજરાતનાં ખ્યાતનામ ઉદ્યોગ સાહસિકતા અને વ્યાપારિક સૂઝ-વલણ, કેટલાક નવા ઊભા થતા પ્રગતિના સુગઠિત બિંદુઓ (નોડ્સ), આવનારા વર્ષોમાં વ્યાપક ફલક પરના વધુ અને વધુ અવસરો ખુલ્લાં મૂકે છે.

પ્રથમ, વિકસતા ડિજિટલ અને બાયો-ટૅક્નોલૉજી જેવા તકનિકી ક્ષેત્રોમાં ગુજરાતનાં ભૌતિક જોડાણ સંપર્ક, રેલ માર્ગ, દરિયાઈ અને ભૂમિ પરના જળમાર્ગોના પરિવહન દ્વારા સરકારની અને વ્યાપાર ઉદ્યોગક્ષેત્રની પહેલકારી પ્રવૃત્તિઓ અનેકગણી વધી છે. નવા બંદરો અને બંદરોના આધુનિકીકરણ સહિતનો સાગરમાળા કાર્યક્રમ અને ભારતમાલા પરિયોજના ધોરી માર્ગો અને રસ્તાના માળખાનો ઝડપથી વિસ્તાર કરી રહ્યા છે. આથી ગુજરાતમાં સમુદ્ર અને માર્ગ જોડાણ-સંપર્કનો અભૂતપૂર્વ વિસ્તાર થશે. આ વિકાસ ક્ષેત્રોમાં ગુજરાત મજબૂત સ્થિતિમાં છે.

દિલ્હી અને મુંબઈના ન્હાવા શેવા બંદરને જોડતો, આવો પ્રથમ પશ્ચિમ ભારતનો ઑગસ્ટ,

૨૦૧૮માં કાર્યરત થયેલો ફ્રેઈટ કૉરિડૉર (માલસામાન હેરફેર માટેનું આંતરરાજ્ય સંકુલ)નો સારો એવો હિસ્સો ગુજરાતમાંથી પસાર થાય છે. આને લીધે અને વિશેષ તો વૈશ્વિક ઉત્પાદન માટે આવશ્યક સુવિધાઓ સાથેનો બની રહ્યો છે. તે ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન (એસઆઈઆર) જે આવતા વર્ષોમાં તદ્દન પૂર્ણ રીતે ગોઠવાઈ જતાં ગુજરાતની આર્થિક તકોમાં અનેકગણી વૃદ્ધિ થશે.

ભૌતિક સંપર્ક-જોડાણના બીજા પણ મહત્ત્વના પ્રૉજેક્ટ શરૂ થઈ રહ્યા છે, જેમ કે જાપાનના સહયોગમાં અમદાવાદ-મુંબઈને જોડતી બુલેટ ટ્રેન, પ્રાદેશિક હવાઈ જોડાણને પ્રોત્સાહિત કરતો ઉડાન કાર્યક્રમ, ગુજરાતના બંદરોને દક્ષિણ-ભારતના ચેન્નાઈ જેવા બંદરો સાથે જોડતો દરિયાઈ જહાજ માર્ગ વગેરે.

જોડાણ અને આવાગમન સુવિધાઓમાં આ સુધારા-વધારાથી ગુજરાતના વ્યાપાર ઉદ્યોગને અને લોકોને બાકીના ભારત અને વિશ્વ સાથે સહેલાઈથી સંપર્ક – જોડાણ સુવિધા ઉપલબ્ધ કરશે જેથી આર્થિક પ્રગતિને સહાયક પરિબળ વિચારોની આપલેમાં વધુ અનુકૂળતા થતાં વ્યાપાર અને વ્યક્તિગત અવસરોમાં વૃદ્ધિ આવશે.

બીજું, ગુજરાત એક શૈક્ષણિક કેન્દ્ર તરીકે ઝડપથી વિકસી રહ્યું છે. દેશના અન્ય ભાગમાંથી અને વિશ્વમાંથી વિદ્યાર્થીઓ શિક્ષણ માટે અહીં આવે છે. સાથોસાથ રાજ્ય બહારનું અહીં વસેલું બુદ્ધિધન ગુજરાતના વિકાસમાં ફાળો આપી રહ્યું છે તેને લીધે પણ સ્પર્ધાત્મક રહેવા કૌશલ્યો-જ્ઞાનના વિપુલ ભંડારો ગુજરાત ધરાવે છે. ગુજરાતે આવી ક્ષમતા-આવડતોનાં સંચયને સરળતાથી આત્મસાત કરવાની સર્વસ્વીકૃત ક્ષમતા ગુજરાતની સ્પર્ધાત્મકતાને મોખરે રાખે છે.

ત્રીજું, ગુજરાતમાં સ્માર્ટ સિટી જેવાં કે સુરત, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ગિફ્ટસિટી (ગુજરાત ઇન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક) માટે આવશ્યક સુવિધા-સગવડોનો વિકાસ લોકોનાં સુખાકારી અને જીવનધોરણ સુધારવાની સાથે રાજ્યમાં વિકાસ-કેન્દ્ર વિસ્તારોને ઉચ્ચતર કરશે. વિકાસ કેન્દ્રોની અલગ અલગ જગ્યામાં વહેંચણી અર્થતંત્રમાં વૈવિધ્ય લાવવા અને તેને વધુ સ્થિતિસ્થાપક અને લવચીક બનાવશે.

ગુજરાતે તેની ભાવિ પ્રગતિ અને સ્પર્ધાત્મકને આ પ્રમાણે જાણીને બેસી રહેવાનું નથી. સમાધાનકારી આત્મસંતુષ્ટીનો અવકાશ જ નથી. સહકારી સમવાય તંત્ર રાજ્યોની અને શહેરોની વચ્ચે તેમની સ્પર્ધાત્મકતા વધારવા ઊભરી રહ્યું છે.

બીજાં રાજ્યો પણ એકંદરે અને કેટલાક વિશિષ્ટ ક્ષેત્રોમાં મજબૂત સ્પર્ધકો તરીકે આગળ આવી રહ્યાં છે. દાખલા તરીકે વ્યાપાર ધંધાની સરળતામાં રાજ્યો વચ્ચે ગુજરાત ૨૦૧૬માં ત્રીજા સ્થાને હતું તેની સરખામણીમાં ૨૦૧૭માં પાંચમાં સ્થાને છે. વૈશ્વિક રીતે ખંડનાત્મક ટૅક્નોલૉજી, ભૌગોલિક-અર્થતંત્ર, ભૌગોલિક રાજકીય વાતાવરણમાં પ્રવર્તતી અનિશ્ચિતતાને લીધે કાળજીપૂર્વકનાં દેખરેખ-નિયંત્રણ અને નીતિ-લક્ષી પગલાંની જરૂરિયાત રહે છે.

ગુજરાતે વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી ક્ષમતાઓ વધારવાની અને પોતાની સ્પર્ધાત્મકતા-ધાર ટકાવી રાખવા વધુને વધુ નાગરિકલક્ષી, પરિણામલક્ષી શાસન પરના ધ્યાનને સતત તાજાં કરતા રહેવાની જરૂર પડશે, માટે જાહેર, ખાનગી, સામાજિક ઉદ્યમ ક્ષેત્રોના સતત પ્રયાસોની આવશ્યકતા રહેશે.

## સમાપક નોંધ

ઉપર ચર્ચામાં આવરી લેવાયેલા કેટલાક અનુકૂળ પરિબળોને લીધે એક દશક જેટલા ગાળામાં ગુજરાતની વ્યક્તિદીઠ આવકને ઉચ્ચ-મધ્યમ આવક ધરાવતા દેશોને સમકક્ષ (આ સમૂહ માટે આવકની શરૂઆત ૨૦૧૭માં ૩૯૦૦ અમેરિકન ડોલર છે) લાવવાનું દૃષ્ટિવંત ધ્યેય પામવામાં સફળતા મળી છે. પરંતુ હવે આ કાર્ય વધારે પડકારજનક બની ગયું છે તે સ્વીકારવું પણ જરૂરી છે. ગુજરાતે પોતાના વૃદ્ધિ-ચાલકો ને સુદૃઢ કરવાની અને પોતાની સ્પર્ધાત્મકતા જાળવી રાખવા નવા વિકાસ ક્ષેત્રોને વિકસાવવાની જરૂર છે. જાહેર નીતિઓ વ્યાપાર-ઉદ્યોગ સામાજિક એકમો અને સિવિલ સોસાયટી જેવા વિવિધ ક્ષેત્રોમાં તકો શોધતા રહેવાનું મેં આયોજન કર્યું છે, જેથી ગુજરાતના ભવ્ય વિકાસ દર્શનની સિદ્ધિપ્રાપ્તિમાં હું મદદરૂપ થઈ શકું.





# માપન, વિશ્લેષણ અને નીતિસલાહ

પ્રો. રવીન્દ્ર ધોળકિયા

બોમ્બે સ્ટેટ જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજ્યોમાં વિભાજિત થયું ત્યારે હું માત્ર ૭ વર્ષનો હતો અને શું થયું તે વિશે કોઈ અંદાજ ન હતો. પરંતુ ૧૫ વર્ષ પછી મારા અર્થશાસ્ત્રના ડૉક્ટરલ સંશોધન પ્રબંધના ભાગ તરીકે ભારતના મુખ્ય રાજ્યોમાં આર્થિક વિકાસ અને વિકાસના સ્ત્રોતોના તફાવત તપાસવા માટે પસંદ કરવામાં આવ્યો. ત્યાર પછીથી હું એકધારો પ્રાદેશિક સ્તરે વિકાસના સૂચકાંકોના માપન અને વિશ્લેષણ કરવામાં અને વૃદ્ધિ અને શાસનમાં સારી કામગીરી પ્રાપ્ત કરવા નીતિઓ સૂચવવાનું મારું કાર્ય કરું છું.

## ૧. માપન

રાજ્ય સરકારોના વિકાસ અને કામગીરી માટેના આંકડાઓ અને સૂચકાંકોના માપન સંદર્ભે ગુજરાતના અર્થતંત્રમાં મારું ચોક્કસ યોગદાન આ પ્રમાણે જણાવી શકાય.

૧.૧ ગુજરાતમાં શહેરી-ગ્રામ્ય આવકના તફાવત અને ૧૯૭૫માં સમયાંતરે તેના વલણનો અંદાજ કાઢવાનો અને પછીથી ૨૦૧૧-૨૦૧૨માં આવો અંદાજ કાઢવાનો પ્રયાસ કર્યો હતો. દેશના કોઈ પણ રાજ્યની અર્થવ્યસ્થા અંગે આ બે પ્રકારનો પ્રથમ અભ્યાસ હતો. ગ્રામ્ય-શહેરી સ્થળાંતર અને આવા બેઉ પ્રદેશોના વિકાસ પર નીતિ માટે ઉપયોગી આંતરદૃષ્ટિ પ્રદાન કરવાના ધ્યેયથી એ બે પ્રકારના પ્રદેશો વચ્ચે માથાદીઠ આવક તફાવતના પ્રાથમિક નિર્ધારકો તરીકે કાર્યકર સહભાગિતા દર, પ્રતિ કાર્યકર ઉત્પાદક અને રોજગાર માળખું બંને પ્રદેશના માથાદીઠ આવકના તફાવતને નિર્ધારકો તરીકે લીધા હતા.

૧.૨ પ્રોફેસર બકુલ ધોળકિયા સાથે મળીને અમે ૫૦ x ૫૦ કોમોડિટી ક્ષેત્રનું અંદાજીત ઈનપુટ-આઉટપુટ ટેબલ તૈયાર કર્યું હતું, જે ૧૯૮૭-૮૮ના રાષ્ટ્રીય ઈનપુટ-આઉટપુટ અંદાજ ટેબલ સાથે સરખાવી શકાય તેવું હતું. જેનો ઉપયોગ રાષ્ટ્રીય આયોજન પંચ રાષ્ટ્ર માટેના મધ્યમ ગાળાનો પરિપ્રેક્ષ્ય આયોજન માટે કરે છે. રાજ્યકક્ષાના યોજનાઓ માટે એ જ ઉપકરણનો ઉપયોગ કરી શકાય છે. રાજ્ય માટે તો આ એક મહત્ત્વની આંકડાકીય સફળતા હતી, પરંતુ તેનો ઉપયોગ રાજ્યની યોજનાઓ તૈયાર કરવામાં આવ્યો ન હતો. જો કે અમે ગુજરાત માટે તૈયાર કરેલા ઈનપુટ-આઉટપુટ ટેબલ અંદાજનો ઉપયોગ રાષ્ટ્રીય આયોજન પંચ દ્વારા ગુજરાતનો ઊર્જા-માંગ મૉડેલ તૈયાર કરવામાં આવ્યો હતો.

૧.૩ ૧૯૯૮થી ૨૦૦૫ દરમિયાન વિવિધ હેતુઓ માટે સામાન્ય રીતે કરવામાં આવેલી

રાજકોષીય કાર્યવાહીની સરખામણીમાં મેં કેટલાક માપન વિશેના મુદ્દાઓ ઉઠાવ્યા હતા. રાજ્યોમાં સંસાધનોનું સમક્ષિતિજ વિતરણ કરવા માટે નાણાપંચ દ્વારા લેવાયેલાં પગલાં રાજ્યસ્તરે કુલ જવાબદારીઓ (ઋણ) અને રાજકોષીય ખાધની વ્યાખ્યા રાષ્ટ્રીય સ્તરનાં પગલાં સાથે સૈદ્ધાંતિક રીતે સુસંગત હોવા જોઈએ, જેથી અંદાજપત્ર બનાવવાની અને તેના અમલીકરણ માટેના નાણાકીય લક્ષ્યો માટે રાજકોષીય જવાબદારી કાયદો (ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી લેજીસ્લેશન) અર્થપૂર્ણ બને. મારી ચિંતાના આ મહત્ત્વના મુદ્દાની ગુજરાત માટે પ્રથમ મેં પ્રોફેસર અર્ચના ધોળકિયા સાથે પછી દેશના મુખ્ય રાજ્યો માટે ડૉ. નવેંદુ કરણ સાથે અને ત્યારબાદ બધા જ રાજ્યો માટે ખાસ આ માટે ૨૦૦૪-૦૫માં નિયુક્ત આરબીઆઈની સમિતિમાં રજૂ કર્યા.

૧.૪ ગુજરાત રાજ્ય માટે મૂલ્ય આધારિત હિસાબી ખાતાઓ તૈયાર કરવાનો પ્રયાસ મેં કર્યો અને વર્ષ ૨૦૦૪-૦૫ની આજુબાજુ પહેલીવાર રાજ્ય માટેના ઘણા મહત્ત્વપૂર્ણ મોટા (મેક્રો) આર્થિક ઘટકોનો અંદાજ તૈયાર કર્યો. આમ, મેં ગુજરાત માટે બજારના ભાવો પર એકંદર રાજ્ય ઘરગથ્થુ ઉત્પાદન (રાજ્યની આવક)ના અંદાજ તૈયાર કર્યા, જે અત્યાર સુધી કરવામાં આવ્યા ન હતા. એ જ રીતે મેં વ્યક્તિગત વપરાશના ખર્ચ, બચત, રોકાણ, રાજ્યમાંથી નિકાસ, પરોક્ષ, સબસિડી, રાષ્ટ્રીય કક્ષાએ આવતા કરવેરામાં ગુજરાતનું યોગદાન વગેરેના અંદાજ તૈયાર કર્યા. આ બધા અંદાજો રાજ્ય સ્તરે બહારથી રોકાણ આકર્ષિત કરવા ઘરેલુ, રાજ્યમાંથી નિકાસને પ્રોત્સાહન આપવા, પરોક્ષ સબસિડી પર યોગ્ય વલણ અપનાવવા વગેરેની રાજ્ય સ્તરે યોગ્ય નીતિ નિર્માણ માટે અને નાણાંપંચ સાથેની આંતરક્રિયામાં રાજ્યના કેસને યોગ્ય રીતે રજૂ કરવામાં અતિ મહત્ત્વપૂર્ણ બન્યું છે.

## ૨. નીતિઓ માટે વિશ્લેષણ :

૨.૧ રાજ્યની પછાત તાલુકાઓની ૧૯૬૧ની વસતી ગણતરીના આંકડાના આધારે હાથી સમિતિ (૧૯૭૧) અને કૃષિ ઔદ્યોગિક વિકાસના કેટલાક સૂચકાંકોએ રાજ્યની પછાત વિસ્તાર માટેની નીતિઓ ઘડવા માટે આધાર પૂરો પાડ્યો હતો. લાંબા સમય સુધી તાલુકાઓની આ યાદી સ્થિર હોવાનું માનવામાં આવતું હતું. જો કે ડૉ. વિનોદ શાહની સાથે અમે ૧૯૭૧ની વસતી ગણતરીની મદદથી અને હાથી સમિતિ દ્વારા ઉપયોગમાં લેવાયેલા સમાન સૂચકાંકો પર સાબિત કર્યું હતું કે પછાત તાલુકાઓની યાદી ટૂંકાગાળાના સમયમાં પણ નોંધપાત્ર રીતે બદલાઈ શકે છે. તેથી પાછળથી જુદાજુદા સૂચકાંકો અને પદ્ધતિઓને ધ્યાનમાં રાખી પછાત તાલુકાઓની સૂચિમાં સમયાંતરે સુધારો કરવા આઈ. જી. પટેલ સમિતિ (૧૯૮૨) અને કૌલગી સમિતિ (૨૦૦૫)માં બનાવી હતી.

૨.૨ વિકાસ મેટ્રિક્સની મદદથી મેં ૧૯૮૨-૮૩માં રાજ્ય નીતિ નિર્માતાઓનું ધ્યાન દોર્યું હતું કે મુખ્યત્વે અસ્થિર કૃષિ આવકના કારણે રાજ્યની વિકાસ પ્રક્રિયામાં ભારે વધઘટ થાય છે. રાજ્યમાં કૃષિ આવકને સ્થિર કરવી અને સાથો-સાથ રોજગાર માળખામાં બદલાવ લાવવો એ રાજ્યના ઉચ્ચ વિકાસ માટેની કામગીરીમાં ચાવીરૂપ છે. પાછળથી ૨૦૦૫-

૨૦૦૯ દરમ્યાન હું દર્શાવી શક્યો કે કૃષિ, ઉદ્યોગ અને સેવા એ ત્રણેય ક્ષેત્રોમાં તક્નિકી પ્રગતિએ ગુજરાતને દેશમાં આર્થિક વૃદ્ધિ માટે મધ્યવર્તી ભૂમિકા ભજવી છે. આ હું કૃષિ ક્ષેત્રનું શ્રેષ્ઠ પ્રદર્શન (૨૦૧૦) અને સંયુક્ત રીતે પ્રોફેસર અર્ચના ધોળકિયા (૨૦૧૪) સાથેની રાજ્યના સુધારણા ગાળા (૧૯૯૧-૨૦૧૨) સુધીની એકંદરે વિકાસયાત્રામાંથી અને આ રીતે સમાન પ્રગતિ અન્ય રાજ્યો કરી શકે તેવા પાઠો શીખ્યો છું.


## ૩. નીતિસલાહ

૩.૧ ૧૯૯૮માં મનુ શ્રોફની અધ્યક્ષતા હેઠળની રાજ્ય જાહેર નાણાં સુધાર સમિતિના સભ્ય તરીકે મારી નિમણૂક થઈ હતી. આ ખૂબ જ મહત્ત્વપૂર્ણ ઉચ્ચ સ્તરીય સમિતિ હતી. કેમકે, અમારી ભલામણો રાજ્ય સરકાર દ્વારા વધુ-ઓછા પ્રમાણમાં એ જ સ્વરૂપમાં મૂકવામાં આવવાની હતી. સમિતિએ નાણાકીય કડક શિસ્તપાલન, ખર્ચની વસુલાત સહિતના વપરાશકર્તા ખર્ચમાં ફેરફાર, સામાજિક ક્ષેત્રમાં વધુ ભાર, વીજળી-ડ્યૂટી પરના કર અને સ્તરને તર્કસંગત કરવા, જકાતનો તત્કાળ વિકલ્પ ન હોવા છતાં જકાત નાબૂદી વગેરે ભલામણો કરી. આ ભલામણો જે સ્વરૂપમાં રાજ્યને જ્યારે પણ મળી તેમ તેમ અમલમાં મૂકવામાં આવી. પરિણામે ગુજરાતની રાજકોષીય કામગીરી દેશમાં શ્રેષ્ઠ પુરવાર થઈ.

૩.૨ જાન્યુઆરી, ૨૦૦૩માં રાજ્યના ૭૦-૮૦ ટોચના નીતિ નિર્માતાઓના જૂથને પૂરું મંત્રીમંડળ, મુખ્ય સચિવ, વધારાના મુખ્યસચિવ તથા વિવિધ મંત્રાલયોના મંત્રીઓ સમક્ષ ગુજરાત વિકાસ વ્યૂહરચના-સમસ્યાઓ અને સંભાવનાઓ પર વાતચીત કરવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. મેં ગુજરાત સંદર્ભે શક્તિઓ, નબળાઈઓ, તકો અને જોખમોનું મારું વિશ્લેષણ રજૂ કર્યું હતું અને આગામી ૧૨-૧૫ વર્ષમાં રાજ્યમાં ખરેખર બે આંકડાનો વૃદ્ધિ દર પ્રાપ્ત કરવા જરૂરી ફેરફારો અને નીતિ સુધારાઓ અંગે સૂચનો આપ્યા હતા. મારાં કેટલાંક સૂચનો અને ભલામણોને અમલમાં મૂકવામાં આવ્યા હતા અને અમુક વરિષ્ઠ નીતિ નિર્માતાઓ દ્વારા બાકીના સૂચનો પરની પ્રગતિ વિશે મને સમયાંતરે જાણ કરતા હતા. ત્યારબાદ  મને રાજ્યના દેવા પુનઃનિર્માણ સમિતિ, રાજ્યના જાહેર સાહસોના પુનઃનિર્માણ સમિતિ, નાણાંપંચના પ્રતિનિધિત્વ માટે સલાહકાર સમિતિ જેવી ઉચ્ચ સંચાલક સમિતિનો સભ્ય બનાવવામાં આવ્યો હતો. આ બધી સમિતિઓમાં હું અન્ય સભ્યોની સાથે હંમેશા રાજ્ય અને રાષ્ટ્રની વસતીના સુખાકારી–કલ્યાણમાં વૃદ્ધિ કરવા અને નીતિઓમાં યોગ્ય પરિવર્તન દ્વારા રાજ્ય સરકારના શાસન અને પ્રભાવમાં વૃદ્ધિ માટે પ્રયાસ કરતો રહ્યો હતો. હું જ્યારે મારાં કાર્યો અને અભિગમો પર પાછળ નજર કરું છું, ગુજરાતના વિકાસ અને પ્રગતિમાં મારો ફાળો આપવાના પ્રયત્નોને યાદ કરું છું ત્યારે હું ઠીકઠીક સંતુષ્ટી અનુભવું છું. કેમ કે, વ્યાવસાયિક અર્થશાસ્ત્રી તરીકે જે શ્રેષ્ઠ થઈ શકે તે મેં કર્યું છે.

**રવીન્દ્ર એચ. ધોળકિયા**

સભ્ય, નાણાકીય નીતિ સમિતિ, ભારત સરકાર



# વિકેન્દ્રિત આયોજન પંચમહાલનાં સંસ્મરણો

ડૉ. સુદર્શન આયંગર

૧૯૭૮નું વર્ષ હતું. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં મારું અધ્યાપન કાર્ય સુખરૂપ ચાલતું હતું અને એ જ રીતે ચાલ્યા જ કરત. એક દિવસ મારા અધ્યાપક પ્રોફેસર મિત્ર રવીન્દ્ર ધોળકિયા એક દરખાસ્ત સાથે કૉલેજમાં મળવા આવ્યા. તેમની ઈચ્છા હતી કે હું તેમની સાથે પંચમહાલ જિલ્લા આયોજનના પ્રૉજેક્ટ પર તેમની સાથે ગોધરા ખાતે કાર્ય કરું. હું સંમત થયો. પંચમહાલમાં રહેવા અને કાર્ય કરવાનું મેં સ્વીકાર્યું જેથી પ્રોફેસર ધોળકિયાને ઘણી રાહત થઈ.

પ્રોફેસર ધોળકિયા અને હું તે જિલ્લામાં ગયા. ત્યાંના અધિકારીઓ સાથે વાતો કરતાં જાણવા મળ્યું કે ગુજરાતમાં કચ્છ અને પંચમહાલ આ બે એવા જિલ્લા છે જ્યાં અધિકિરીઓને ત્રણ પી માટે જ, પ્રોબેશન, પ્રમોશન અને પનિશ્મેન્ટ માટે મોકલવામાં આવે છે.

અમારા પ્રૉજેક્ટનું કાર્ય દુષ્કાળ સંભવિત વિસ્તાર કાર્યક્રમ (ડીપીએપી – ડ્રાઉટ પ્રોન એરિયા પ્રોગ્રામ)ની ઓફિસમાં શરૂ થયું. પાછળથી એક જિલ્લા પ્રૉજેક્ટ પ્લાનિંગ સેલ નામે અલાયદી ઑફિસ શરૂ કરવામાં આવી. આ પ્રૉજેક્ટ ફોર્ડ ફાઉન્ડેશનના સહયોગથી ગુજરાત, રાજસ્થાન, હરિયાણા, તામિલનાડુ ત્યારબાદ આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળના છ જિલ્લાઓમાં જિલ્લા યોજનાઓ પર અખિલ ભારતીય સમન્વિત અમલીકરણનો સંશોધન પ્રૉજેક્ટ હતો. હું ગુજરાતમાં પંચમહાલ ખાતે ઈન્ચાર્જ હતો. મારી પ્રૉજેક્ટ ઓફિસર તરીકે નિમણૂક થઈ હતી. આ પ્રૉજેક્ટનો મુખ્ય ઉદ્દેશ જિલ્લા અધિકારીઓમાં યોજના આયોજન નીતિ-રીતિ કેળવવી અને પ્રૉજેક્ટના આયોજન અનુસાર જિલ્લાની યોજનાઓ ઘડવામાં મદદ કરવી. દુષ્કાળ સંભવિત જિલ્લો હોવાથી, જિલ્લામાં ઈકોલોજીકલ સંતુલન પુનઃસ્થાપિત કરવાના ડીપીએપીના મુખ્ય ધ્યેયને આયોજન વિકસાવવામાં ધ્યાનમાં લેવાનું જરૂરી હતું. પ્રત્યેક જિલ્લા એકમને કોઈ એક સંશોધન સંસ્થા સાથે જોડવામાં આવ્યા. અમારા માટે સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનોમિક્સ એન્ડ સોશિયલ રિસર્ચ (એસપીઆઈઈએસઆર) અમદાવાદ લિંક સંસ્થા હતી. પ્રૉફેસર રવીન્દ્ર ધોળકિયા પ્રૉજેક્ટ કો-ઑર્ડિનેટર હતા. મારી વય ૨૩ વર્ષની હતી. એક સિવિલ ઈજનેર અને ત્રણ વિસ્તરણ–કર્મચારીઓ સાથેની અમારી ટીમના અમે સહુ ઉત્સાહિત હતા અને જિલ્લા આયોજનની રીતભાત બદલવાનું સ્વભાવ ધરાવતા હતા ! પંચમહાલ સૌથી વધુ પછાત જિલ્લો, જેમાં લીમખેડા ગુજરાતનો છેલ્લેથી બીજા ક્રમનો પછાત તાલુકો હતો. સંતરામપુર પણ એથી બહુ પાછળ નહીં તેવો પછાત તાલુકો હતો. અમે સંવેદનશીલ તો હતા

સાથે સાથે જાગૃત હતા કેમ કે આ વિસ્તારમાં મોટા ભાગની વસતી આદિવાસીઓની હતી. જિલ્લા વિકાસ કાર્યક્રમોનો કેવી રીતે અમલ થાય છે તે અમે સમજવાનું શરૂ કર્યું. જિલ્લા વિકાસ અધિકારી અને કલેક્ટરને અમે રિપોર્ટિંગ કરતા. જો કે, જિલ્લા વિકાસ અધિકારી બધું હળવાશથી લેતા. પરંતુ, અમે સાવધ રહેતા કેમ કે રાજ્ય કક્ષાએ આયોજન સચિવ પણ અમારા કાર્ય પર દેખરેખ રાખી રહ્યા હતા.

અમારા ઉપયોગ માટે અમારી પાસે એક જીપ હતી, જેથી સગવડ મળતી તેમજ મોભો પણ જળવાતો. તે દિવસોમાં મહિન્દ્રા કંપનીની નાના ચેઝીસની ચાર વ્હીલ ડ્રાઈવ યુનિવર્સલ જીપ હોવી એ વૈભવ ગણાતો. અમારી ક્ષેત્રીય મુલાકાતો સઘન રહેતી, જેમાં સમજવાનું અને વિભાગીય કક્ષાની યોજનાઓનાં કાર્યો જોવાનું અને સમજવાનું સમાવિષ્ટ હતું. કલેક્ટર ક્યારેક અમારી જીપ તેમના કામ માટે મંગાવી લેતા. એક વખતે કે જ્યારે પ્રધાનમંત્રી શ્રી મોરારજી દેસાઈ જિલ્લાની મુલાકાતે આવ્યા હતા અને વેજલપુર ગામે આઈસીઆર (ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચર રિસર્ચ)ના હોર્ટિકલ્ચર પ્રૉજેક્ટનું ઉદ્‌ઘાટન હતું. પછી બે વખત પણ તેમણે જીપ મંગાવી હતી, જે અમને ગમ્યું ન હતું, પરંતુ અમે માન્યું કે તેમના પર અમે આભાર કરી રહ્યા છીએ. એક વખત ગોધરાના હુલ્લડોના નિયંત્રણ માટે અને બીજી વખત ચૂંટણી માટે.

અમે પ્રથમ વખત જિલ્લા આંકડા-માહિતી આધાર તૈયાર કર્યો અને અમને એનું ગૌરવ પણ હતું. તે દિવસોમાં કમ્પ્યૂટરની કલ્પના કરી શકાય તેમ ન હતી. અમે લાંબા આંકડા પત્રકો લેતા. અમારા ટીમના સભ્યો વિવિધ ઑફિસોમાં જતા. તેમની નોંધ-રિપોર્ટમાંથી નકલ કરતા, કૃષિ, પશુપાલન, જમીન સંરક્ષણ, નાની સિંચાઈ, વનસંવર્ધન, શિક્ષણ, આરોગ્ય, સામાજિક સુરક્ષા અને સામાજિક કલ્યાણ, વિશિષ્ટ કાર્યક્રમો અને બીજા અનેક વિભાગો ત્યાં કાર્યરત હતા. તે સહુ પાસેથી અમે માહિતીઓ એકત્રિત કરતા. આખરે આ આધારે અમારે જિલ્લા યોજના તૈયાર કરવાની હતી. અહીં કરતા અને શું ન કરતા તેની શૈક્ષણિક વિગતોમાં નથી જતો, પરંતુ એટલું સ્મરણ ચોક્કસ છે કે, અમે ખૂબ બધા ડેટા-આંકડાકીય માહિતી એકત્રિત કરી શક્યા હતા.

મેં જિલ્લા કક્ષાની સંખ્યાબંધ મિટિંગોમાં હાજરી આપી હતી; કેવી રીતે યોજના તૈયાર કરવામાં આવી રહી છે તે સમજતો રહેતો. મને એટલો ખ્યાલ આવ્યો કે જિલ્લા કક્ષાએ માત્ર બજેટ-અંદાજપત્રકીય કાર્યો થતા હતા. 'લીડ બૅંક'નો સિદ્ધાંત આવ્યો હતો અને દરેક સુધારણા કાર્યક્રમો માટે બૅંક લોન આવશ્યક રહેતી. બૅંકોએ પણ અગ્રિમતા ધરાવતા ક્ષેત્રો માટે લોન આપવાની રહેતી. અમે બધા જ આંકડા-માહિતી એકઠા કર્યા અને એ વડે યોજનાઓ ઘડવા પર કાર્ય કર્યું. એસ.પી.આઈ.ઈ.આર.ના પ્રોફેસર ધોળકિયાના માર્ગદર્શન હેઠળ અમે એક અનોખું કાર્ય હાથ ધર્યું. તાલુકા/બ્લોક પ્રમાણે માહિતી-આંકડા મૂકવાની સામાન્ય રીતથી અલગ જિલ્લાના મોટા વૉટરશેડ પર આધારિત જિલ્લા આંકડા આયોજન તૈયાર કર્યું. ખૂબ પ્રભાવકારક કવાયત બની રહી. આની અમે જિલ્લા વિકાસ અધિકારી અને કલેક્ટર સાથે

ચર્ચા કરી.અમારી રજૂઆતથી તેઓ બંને ખૂબ ખુશ થયા. પરંતુ, અમારી માહિતી-યોજનાને ક્યારેય વાપરવામાં આવી ન હતી ! જિલ્લા વિકાસ વહીવટની રીતો અલગ રહેતી.

૧૯૮૦-૮૧માં અમને એક ઊજળી તક મળી. ગુજરાત સરકારે જિલ્લા આયોજન મંડળો (ડીપીબી)ની રચના કરી. જિલ્લા આયોજન અધિકારી (ડી.પી.ઓ.)ની નિમણૂકો કરવામાં આવી. પ્રત્યેક જિલ્લામાં ડી.પી.ઓ.નું નેતૃત્વ મંત્રી કક્ષાએથી થતું, માણેકલાલ ગાંધી પંચમહાલ જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ હતા. બધા જ ધારાસભ્યો આના સભ્યો બનતા. રાજ્ય સરકારે રાજ્ય પ્લાન જોગવાઈની ૩૫ પ્રતિશત રકમ જિલ્લા કક્ષાની યોજનાઓ માટે ફાળવી હતી તથા રાજ્ય દ્વારા પ્રાથમિકતા અપાયા બાદ કુલ નાણાકીય સ્રોતોની ૮૦ પ્રતિશત રકમ સામાન્ય યોજના માટે રહેતી અને ૧૫ પ્રતિશત સંસાધનોના આધારે સ્થાનિક જરૂરિયાતો અને મુખ્ય યોજનાના આધારરૂપ કડીઓ જોડવા જિલ્લા આયોજન મંડળને વિવેકબુદ્ધિ આધિન યોગ્ય લાગે તે રીતે વાપરવાની સત્તા રહેતી. ૫ પ્રતિશત સંસાધનો લોકો પોતાના હિસ્સાનો સહભાગ સૂચવે તે માટે હતા, જેને પ્રોત્સાહન જોગવાઈ કહેવામાં આવતી.

અમારું એકમ જિલ્લા આયોજન મંડળ માટે સ્પષ્ટ સહાયક માધ્યમ બન્યું. ૧૯૮૧-૮૨ દરમ્યાન વિવેકબુદ્ધિ આધિન તથા પ્રોત્સાહન વિભાગો હેઠળની દરખાસ્તો હાથ ધરી અને તેમના ઢાંચાનું વિશ્લેષણ કર્યું. જાંબુઘોડા તાલુકા માટે અમે દરખાસ્તોનું વિગતવાર વિશ્લેષણ કર્યું. મારી સ્મૃતિ જો બરાબર હોય તો તે તાલુકા માટે ૪૫ કરતાં વધુ દરખાસ્તો હતી. વિવેકબુદ્ધિ સત્તા આધિન આ બધી દરખાસ્તો હતી. જાંબુઘોડાના ધારાસભ્યએ આ દરખાસ્તો તૈયાર કરી હતી. જાંબુઘોડા તાલુકામાં ૫૫ ગામો આવતા હતા. અમે તાલુકાને ઉત્તર અને દક્ષિણ એમ બે ભાગમાં વહેંચ્યા. દક્ષિણ જાંબુઘોડાના ગામો ઉત્તર જાંબુઘોડાના પ્રમાણમાં થોડા સારી સ્થિતિમાં હતા. ગરીબ આદિવાસીઓ ઉત્તર જાંબુઘોડામાં રહેતા હતા. તાલુકા માટેની યોજનાની દરખાસ્તોનો અમે અભ્યાસ કર્યો અને તેમનું રેખાંકન કર્યું. આમાં ૩૮ યોજનાઓ દક્ષિણ જાંબુઘોડાના ગામો માટે અને ૧૦ યોજનાઓ ઉત્તર જાંબુઘોડાના ગામો માટે પ્રસ્તાવિત થઈ હતી. તાલુકાના નકશા પર આ બધું અમે રેખાંકિત કર્યું અને જિલ્લા આયોજન મંડળની મિટિંગમાં તેની રજૂઆત કરી.

મેં મિટિંગમાં સમજાવ્યું કે આ કવાયત મહત્ત્વપૂર્ણ હતી અને લોક-પ્રતિનિધિઓ માટે સ્થાનિક સ્તરે આયોજન અને પ્રાથમિકતાઓને સમજવા માટે શૈક્ષણિક-પાઠ હતો. બોલકા અને આગળ પડતી વ્યક્તિઓ પ્રતિનિધિઓ તેમના માટે યોજનાઓ ઘડવા દબાણ કરે છે અને નબળા લોકો નબળા જ રહે છે. મારી રજૂઆત નમ્રતાપૂર્ણ અને સ્પષ્ટ રીતે વિવરણાત્મક હતી. જો કે, ધારાસભ્ય ગુસ્સે ભરાયા અને અધ્યક્ષને સંબોધીને કહેવા લાગ્યા કે હું તેમનું અપમાન કરી રહ્યો છું અને અમારે આવા કોઈ વિશ્લેષણ કરવાના હોતા નથી. તેમની દરખાસ્તો જેવી હતી તેવી સ્વીકારવાની જ હતી. એક ધારાસભ્ય સમજી ગયા હતા અને તેમણે મને પાછળથી કહ્યું કે, ‘‘સારું કામ કર્યું છે, પણ અમારા લોકો સમજવાના નથી.’’ જે હોય તે, આયોજન મંડળના

માનનીય સભ્યોને સંવેદનશીલ બનાવવાના મારા પ્રયાસો ધારેલી અસર પાડી શક્યા નહીં. અમને ભાન થઈ ગયું કે જિલ્લા આયોજન તો હજુ દૂરની બાબત છે. એકાદ વર્ષના ગાળામાં જિલ્લા આયોજન કાર્યાલય જિલ્લા વિકાસ વહીવટી અને વાર્ષિક અંદાજપત્રીય કવાયતમાં સારી રીતે જોડાઈ ગયું અને ધારાસભ્યો અને પંચાયતના સભ્યોની દરખાસ્તોને જેવી આવે તેવી જ હાથ પર ધરવાની હતી. મેં ૧૯૮૨ના મધ્યમાં જિલ્લો છોડી દીધો.

**પ્રોફેસર સુદર્શન આયંગર**

---

પ્રો. સુદર્શન આયંગરે અર્થશાસ્ત્રમાં ડૉક્ટરેટ કરેલું છે. તેમણે ૧૯૭૮-૮૨ દરમિયાન ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ સેલ, પંચમહાલ ખાતે, ૧૯૯૯-૨૦૦૪ દરમિયાન ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ રિસર્ચના નિયામક તરીકે, ૨૦૦૪-૨૦૦૫ દરમિયાન સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરતના નિયામક તરીકે, ૨૦૦૫ થી ૨૦૧૪ દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના કુલપતિ તરીકે અને ૨૦૧૬-૨૦૧૮ દરમિયાન આઈઆઈટી, મુંબઈ ખાતે ચેર-પર્સન તરીકે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. હાલમાં તેઓશ્રી એ.આર.સી.એમ. – એક્શન રિસર્ચ ઇન કોમ્યુનિટી હેલ્થ, ધરમપુર ખાતે કાર્યરત છે.





# ગુજરાતમાં ઇનોવેશન સંભાવનાનું પ્રેરક ઉદાહરણ ત્રણ દાયકાનું સ્મૃતિદૃશ્ય

ડૉ. અનિલ ગુપ્તા

પાંત્રીસ વર્ષ પહેલાં અમે ગ્રામીણ વિસ્તારમાં સર્જનાત્મક લોકોની શોધ આરંભી હતી. ઘણાને આ નિરર્થક કવાયત જણાઈ. આ પહેલાં આવું કોઈએ કર્યું ન હતું કે આવા કાર્યનો કોઈ નમૂનો હતો.

પરંતુ રચનાત્મક અને ઉદાર સમુદાયોએ આ 'હની-બી-નેટવર્ક' (મધમાખીના મધપૂડાં) જેવું માળખું-કાર્ય સરળ બનાવી દીધું. બહુ સમય પહેલાં મારા સાથીઓ સાથે મેં આર્થિક દૃષ્ટિએ નબળા પરંતુ જ્ઞાન-બુદ્ધિની દૃષ્ટિએ સમૃદ્ધ એવી વ્યક્તિઓની શોધ શરૂ કરી. ગુજરાતમાં વિકાસની પ્રક્રિયા સૂક્ષ્મ અને વિશાળ ઉદ્યોગ સાહસિકતાના સત્ત્વ સાથે અંતર્ગઠિત છે. જેનું એક પાસું જેને ખાસ પારખવામાં કે વખાણવામાં નથી આવ્યું તે ઉદ્યોગ સાહસિકતા ઉપરાંતનું સત્ત્વ નહીં, પરંતુ નવીનકારી રીતે સમસ્યા સમાધાનનું સત્ત્વ પણ છે.

'હની-બી-નેટવર્ક' અને 'સૃષ્ટિ' એ બાકીના પરંપરાગત જ્ઞાન-માહિતી ઉપરાંત સમકાલીન તકનિકી, સંસ્થાકીય અને શૈક્ષણિક નાવીન્યીકરણના એકલા ગુજરાતમાંથી જ લગભગ પચાસ હજાર જેટલા ઉદાહરણનું દસ્તાવેજીકરણ કર્યું. છે. જીઆઈએએન (જ્ઞાન) (ગ્લોબલ ઈનિશિએટીવ ઑફ એકેડેમિક નેટવર્ક)ની સહાયથી  દશમા ધોરણથી વધુ ભણ્યા ન હોય તેવા પાયાના નવાચારના સંશોધકોને પંદર વર્ષ પહેલાં યુ.એસ.એ. દ્વારા ત્રણ પેટન્ટ આપવામાં આવ્યા હતા. ગ્રામભારતી અમરાપુર ખાતેની હાલની ડીએસટી (ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટૅક્નોલૉજી)ની સંસ્થા, નેશનલ ઈન્નોવેશન ફાઉન્ડેશન દ્વારા ડઝનોની સંખ્યામાં ખેડૂતો, ચિકિત્સકો અને મિકેનિકોને ભારતના માનનીય રાષ્ટ્રપતિના હસ્તે રાષ્ટ્રીય પુરસ્કાર આપવામાં આવ્યા છે.

આમાંના કેટલાંક ઈનોવેશન્સ બીજા દેશોમાં સ્થાનાંતરિત પણ કરવામાં આવ્યા છે. 'મનસુખભાઈ જાગાણીની મોટરસાઈકલ 'સાંતિ'  અને તેનાં ઉપકરણો 'સનેડો' અને 'હલ્દીઓ'ને ૧૫૦૦૦થી વધુ ખેડૂતો ઉપરાંત ૨૮૦થી વધુ ફેબ્રિકેટર્સ દ્વારા વપરાયા છે. ૨૦૦૩માં યુએસએના ત્રણ પેટન્ટ મેળવવા વાળામાંના તેઓ છે. તેમના નવીનીકરણને સૃષ્ટિ દ્વારા આંતરરાષ્ટ્રીય તકનિક હસ્તાંતર પ્રૉજેક્ટ હેઠળ કેન્યામાં મોકલવામાં આવ્યા હતા.

મનસુખભાઈ પટેલે કપાસનું સ્ટ્રીપર વિકસાવ્યું હતું જે હવે કપાસ ૭૯૭ જાત ઉગાડતા સૂકા પ્રદેશોમાં કપાસ લોઢવાના કારખાનાઓમાં એકીકૃત કરવામાં આવ્યું છે. આની


નોંધપાત્ર અસર એ થઈ કે કપાસ લોઢવાના કાર્યમાંથી બાળ-મજૂરી સંપૂર્ણ નાબૂદ થઈ ગઈ છે. તેઓ આજે અબજોપતિ છે. ૧૯૯૮માં ડીએસઆઈઆર (ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રિયલ રિસર્ચ)ની ટીઈપીપી (ટેક્નોપ્રિન્યુઅર પ્રમોશન પ્રોગ્રામ) યોજના મારફત જીઆઈએન (ગ્લોબલ ઇનિશિએટીવ ઑફ એકેડેમિક નેટવર્ક)ની નાની સહાયને આ આભારી છે. સૃષ્ટિ દ્વારા ચલાવાતી સમર સ્કાઉટિંગ દરમ્યાન એક સમર સ્કાઉટે તેના નવીનીકરણની શોધ કરી છે. ગાંધીગ્રામ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓના નેટવર્કે ગુજરાતમાં સ્થાનિક સમુદાયોની સર્જનાત્મકતા અને નવીનીકરણના રેખાંકન કાર્યમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. હની-બી-નેટવર્કના સ્વયંસેવકોએ આખા દેશમાં અને વિદેશમાં પણ આવા સેંકડો નવાચારો શોધી કાઢ્યા છે.

ગુજરાત એવા કેટલાક સામાજિક સૂચકાંકો સાથે વિકસિત વિસ્તાર બન્યો છે જેમાં હજુ ઉત્કૃષ્ટતા પામવાની બાકી છે. પરંતુ પ્રક્રિયા ચાલુ છે અમને આશા છે કે યુવા સ્ટાર્ટઅપ્સ તથા સામાજિક નવાચારીઓ આ ઊણપ સત્વરે પૂરી કરશે.

---

ડૉ. અનિલ કે. ગુપ્તા ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદ ખાતે પ્રોફેસર છે. 'સૃષ્ટિ' અને 'હની-બી-નેટવર્ક'ના સ્થાપક ડૉ. અનિલ ગુપ્તા ગુજરાતમાં ફાધર ઑફ ઇનોવેશન તરીકે પંકાયેલા છે.





# ગુજરાતનો વિકાસ
# મારી યાદો

શ્રી રજ્જુભાઈ શ્રોફ

વર્ષ ૧૯૬૮-૬૯માં ગુજરાત સરકારે વાપીમાં નાના કદના ઉદ્યોગો શરૂ કરવા ઉદ્યોગ સાહસિકોને નિમંત્રણ આપ્યું હતું. ત્યારે ત્યાં કંઈ જ આંતરમાળખાકીય સગવડ ન હતી. આ બધું જી.આઈ.ડી.સી. માટે પણ નવું હતું. કાળી-કપાસી માટી હોવાને કારણે જમીન પણ ખરાબ હતી. જી.આઈ.ડી.સી.એ શેડ અને ઉદ્યોગકારો માટે મકાનો પણ ચણ્યા હતા તેમાંથી પાણી ટપકતા. ભાગ્યે જ કોઈ શૈક્ષણિક એકમો કે દવાખાનાની સગવડ હતી. મોટા ભાગના ટૅકનિક્સ લોકોએ પોતાના કારખાના શરૂ કર્યા હતા. જેમાં સંચાર વ્યવસ્થા, પરિવહન, રસ્તાઓ તો ન હતા, પાણીનો અને વીજળીનો પુરવઠો પણ અનિશ્ચિત રહેતો. એક નાના કે સાદા સ્પેર-પાર્ટ માટે પણ મુંબઈ પર આધાર રાખવો પડતો.

આ બધું હોવા છતાં ત્યાં આવેલા ઉદ્યોગકારોએ બધી સમસ્યાઓનો સાથે મળીને ઉકેલ લાવી શકાય તે હેતુથી વાપી ઈન્ડસ્ટ્રિયલ ઍસોસિયેશન (વીઆઈએ)ની રચના કરી. એક શાળા અને દવાખાનું ત્યાં બનાવડાવવા માટે ઉદ્યોગોએ જીઆઈડીસી સાથે દલીલ-ઝઘડા કરવા પડ્યા હતા. વીઆઈએ રમત-ગમતો સહિતની ઍસોસિયેશનની પ્રવૃત્તિઓ માટે પ્લોટ મેળવ્યો.

અનેક ઉદ્યોગ સાહસિકોએ વેઠવું પડ્યું હતું કેમકે ઉદ્યોગ એકમોની સમસ્યાઓ બૅંકોની સમજણ બહારની બાબત હતી. જો કે, આ તકનિકી વ્યક્તિઓ એકબીજાને સહાય કરતી રહી. તેથી ઘણા કારખાના-એકમો જીવંત રહી શક્યા અને બધા જ અવરોધોમાંથી સફળતા-પૂર્વક બહાર નીકળી શક્યા.

તે દિવસોમાં ઉદ્યોગ દ્વારા બીજી જે સમસ્યાનો સામનો કરવામાં આવ્યો તે હતું ‘લાયસન્સ રાજ.’ કાચા માલ-સામાનના પરવાના લેવા માટે અમદવાદ કે દિલ્હી જવું પડતું. ક્યારેક અમુક સમયાંતરે પાવર-કટ લાદવામાં આવતો. ઉપરાંત પાવર ફેઈલ્યોર થતો જેથી કામકાજમાં ગડબડ અને અરાજકતા ફેલાઈ જતી.

બીજી સમસ્યા હતી વાપીના રેલવે સ્ટેશન પરની ગંદકી. ઉદ્યોગપતિઓ કે મુલાકાતીઓએ જ્યાંથી આવવાનું થતું ત્યાં હાલત અત્યંત કફોડી હતી. રેલવે શૌચાલય ઉભરાઈને પ્લેટફોર્મમાં ચોમેર ગંદકી ફેલાવતું. ઉદ્યોગોએ શૈક્ષણિક સુવિધાઓ, તબીબી સવલતો, રમતગમત અને અન્ય પ્રવૃત્તિઓની જવાબદારીની સાથોસાથ વાપી રેલવે સ્ટેશનને પણ અપનાવ્યું. જેથી વિશ્વભરમાંથી આવતા મુલાકાતીઓ તેમના વાપીમાંના માલ આપનારાને ખરીદીના કોન્ટ્રાક્ટ સહી કરતાં

પહેલાં કારખાના પર મળવા આવી શકે.

ઉદ્યોગોએ ઠીકઠીક પ્રમાણમાં મજૂર સમસ્યાઓનો પણ સામનો કરવાનો આવ્યો. કેટલાક ઉદ્યોગ એકમોને મહારાષ્ટ્રના ઝનૂની યુનિયન નેતાઓ સાથે ઝઘડા થતા. અલબત્ત, કારખાનાઓ અરસપરસ મદદ કરતા અને આવા ત્રાસદાયક નેતાઓને બહાર રાખી શકતા.

પાછળનું આ બધું યાદ કરીએ છીએ ત્યારે આજે તો વાપી સમૃદ્ધ અને ધમધમતું થઈ ગયું છે. વાપી ખૂબ શાંતિપ્રિય ઔદ્યોગિક વિસ્તાર છે. વાપીના ઉદ્યોગોમાં હસ્તાંતર થયા અને રોકાણકારો અને બેંકરોના સ્વરૂપે વધુને વધુ નાણાં સહાય આવી. આજે વાપીમાં બનેલા રસાયણો અને સંલગ્ન ઉત્પાદનો સમગ્ર ભારતમાં જ નહીં, સમસ્ત વિશ્વમાં રાસાયણિક નિકાસ તરીકે વપરાય છે. રસ્તાઓમાં સુધારો થયો છે. અગાઉ મુંબઈથી વાપી સુધી સિંગલ આંકડો રસ્તો હતો હવે તેની જગ્યાએ રાષ્ટ્રીય ધોરી માર્ગ છે.

ઝડપી ઔદ્યોગિક વિકાસની સાથે આજે અમારી પાસે સરસ કાર્યક્ષમ સેન્ટ્રલ એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ છે, જે રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણના બધા ધારાધોરણોમાંથી પસાર થાય છે. વિશ્વનું કુલ રાસાયણિક ઉત્પાદન ૪૦૦૦ બિલિયન અમેરિકન ડોલર છે. જેમાં ભારતનો હિસ્સો માત્ર ૧૪૦ બિલિયન અમેરિકન ડોલર છે. ભાતના બધા જ રાસાયણિક ક્ષેત્રો માટે ગુજરાત પાસે અસીમ સંભાવનાઓ છે.

વાપી ઔદ્યોગિક વસાહત હાલમાં પૂરતાં વીજળી, પાણી અને સુધારેલું આંતરમાળખાકીય સગવડ ધરાવે છે. માત્ર વાપીમાં જ નહીં, પરંતુ આસપાસના ગામો કે જ્યાંથી કામદારો—કર્મચારીઓ કામ પર આવે છે ત્યાં સમૃદ્ધિ જોઈ શકાય છે. સારી બજારને લીધે દસ કરતાં વધુ મોટર—સાઈકલ અને કારના શો રૂમ છે. સિત્તેર અને એંશીના દશકમાં જે ઉદ્યોગકારો ટકી રહેવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા તેઓ આજે સુંદર બંગલા ધરાવે છે.

એક સમય એવો હતો કે જ્ઞાનધામ શાળા પ્રવેશ માટેની ખૂબ માંગને કારણે સમસ્યાગ્રસ્ત હતી. આજે વાપીમાં વીસથી વધુ અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપતી શાળાઓ છે. અમારી પાસે ખૂબ સરસ હૉસ્પિટલ, નર્સિંગ કૉલેજ, બીબીએ કૉલેજ અને ફાર્મસી કૉલેજ પણ છે. જો કે, હાલમાં જમીન ઓછી છે તેમ છતાં ઉદ્યોગ શરૂ કરવાની ઇચ્છાવાળા લોકો મોટી રકમ ખર્ચીને પણ ફેક્ટરી-પ્લોટ ખરીદે છે.

નાના કદના ઉદ્યમકારો દ્વારા શરૂ કરવામાં આવેલો ઉદ્યોગ આજના વાપી ઔદ્યોગિક વસાહત તરીકે જે રીતે વધુને વધુ સમૃદ્ધ થઈ રહ્યો છે તે એ માટેનું ઉત્તમ ઉદાહરણ છે. જુઆઈડીસી અને ઉદ્યોગ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા અપાતી સગવડો, શાંતિપૂર્ણ શ્રમિકો, કર્મચારીવર્ગ, સુંદર તટવર્તી કાંઠા વિસ્તાર વગેરે ધ્યાનમાં લેતાં ગુજરાત પાસે, ખાસ કરીને રસાયણ ઉદ્યોગો માટે જો બધા જ અવરોધો દૂર કરવામાં આવતા રહે તો અતિ તેજસ્વી ભવિષ્ય છે.

રજ્જુભાઈ શ્રોફ અને તેમના અંગ્રેજ પત્ની સાન્દ્રા શ્રોફ વાપી ઔદ્યોગિક વસાહતમાં સૌથી મળતાવડા અને બધાને આવકારતા યજમાન હતા. મને યાદ છે કે મારી તેમની સાથે પહેલી મુલાકાત વાપી ઔદ્યોગિક વસાહતમાં ૧૯૭૦માં થઈ ત્યારે તેમણે તેમનો ગુલાબનો બગીચો બનાવ્યો હતો. વાપી ઔદ્યોગિક વસાહતના વિકાસમાં અને રાજ્યના વિકાસમાં તેમનો અનન્ય ફાળો છે. વાપી ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના સ્થાપક પ્રમુખ તરીકે નોંધપાત્ર સેવા આપી છે. તેમણે કોમન એફ્યુઅન્ટ ટ્રીટમેન્ટના કોન્સેપ્ટ હેઠળ કારખાનાઓના પ્રદૂષિત કચરામાંથી ઉપયોગી અને નફાકારક પદાર્થો છૂટા પાડી રિસાયકલિંગ અને રીયુઝ માટે ઉપલબ્ધ કરાવ્યા છે.

ઉદ્યોગ, વાણિજ્ય શિક્ષણ અને આરોગ્ય ઉપરાંત કૃષિ અને જળસંપત્તિ સંરક્ષણ ક્ષેત્રમાં દમણગંગા પરના ડેમ વગેરે માટે તેમનો ઉલ્લેખનીય ફાળો રહેલ છે.

દેશમાંથી અને પરદેશમાંથી ઉદ્યોગોને ગુજરાતમાં લાવવા શ્રી રજ્જુભાઈ શ્રોફ હંમેશાં સર્વસ્વીકૃત પ્રેરક એલચીની ભૂમિકા ભજવે છે.

માત્ર રૂ. ૪,૦૦,૦૦૦ની મૂડી સાથે ૧૯૭૦માં શરૂ થયેલ યુ.પી.એલ. આજે વિશ્વના ૩૦ દેશોમાં ઔદ્યોગિક એકમો અને ૬૦ દેશોમાં કોર્પોરેટ હાજરી અને રૂ. ૯૦૦૦ કરોડના ટર્નઓવર સાથે વિશ્વની અગ્રણી એગ્રોકેમિકલ કંપની બની છે.





# ગુજરાતનો વિકાસ મારાં સંસ્મરણો

શ્રી સુનિલ પારેખ

ગુજરાતના વિકાસમાં સહયોગના અનુસંધાને પ્રતિભાવ આપવા માટેના આમંત્રણનો નમ્રતાપૂર્વક પ્રયત્ન કરી રહ્યો છું. ગુજરાતના ઐતિહાસિક આર્થિક વિકાસમાં છેલ્લા ત્રીસ વર્ષો દરમ્યાનનું મારું કાર્ય એક નાનું સરખું જ યોગદાન ગણી શકાય. ગુજરાત અને ગુજરાતીઓ મને પ્રિય છે. ગુજરાતનાં ઘણાં મહત્ત્વપૂર્ણ પહેલકારી કાર્યો કે જેને લીધે ગુજરાત આજે છે તે બન્યું છે તેનાં સહકાર્યકર હોવાનું મને ગૌરવ છે.

૧૫ વર્ષ વિદેશમાં રહ્યા પછી ૧૯૯૬માં સ્વદેશ આવ્યા બાદ, ૧૯૯૭ માં ગુજરાતમાં સીઆઈઆઈ (કૉન્ફ઼ેડરેશન ઑફ ઇંડિયન ઈન્ડસ્ટ્રીઝ)માં નિયામક ગુજરાત તરીકે જોડાયો. ગુજરાતની વિકાસ વાર્તા, તેના વિકાસના મુદ્દાઓ, અહીંની ક્ષેત્રીય સંભાવનાઓ સંપૂર્ણ રીતે સમજવા મેં પાંચ વરસ અભ્યાસ કર્યો. તે દરમ્યાન વિકાસની બાબતો પર રચનાત્મક વાતચીતમાં સંબંધિત બધાજ હિસ્સેદારોને સાથે રાખવાનો પ્રયાસ કર્યો. અમારી સંયુક્ત, સર્વની હિસ્સેદારીવાળી મિટિંગો. આપણી હકારાત્મક પ્રતિસાદકારી સરકારનાં કેટલાંક કાર્યો. સમજદાર શિક્ષણશાસ્ત્રીઓ, અર્થપૂર્ણ સિવિલ સોસાયટીના અગ્રણીઓ, ખેડૂતોના સંગઠન અને ઉદ્યોગો દ્વારા હાથ ધરાતી અનેક પ્રવૃત્તિઓએ તમામ સંબંધિત હિતધારકોનાં કદર અને હૃદય જીતી લીધાં. સહુના સાથ-સહકારથી વધુ સમાવિષ્ટ નીતિઓનું નિર્માણ થઈ શક્યું અને અમલીકરણ સરળ બન્યું.

પ્રત્યેક હિસ્સેદાર સહયોગીના દૃષ્ટિવંત આગેવાનોએ અત્યંત આવશ્યક એવા ગુજરાત વિદ્યુત બોર્ડનાં પુનઃર્ગઠન અને વીજળી સુધારાને લાવવામાં મદદ કરી, તેથી દેશના અન્ય રાજ્યો કરતાં તેને વધુ બિન-વિરોધાભાસી રીતે સરળતાથી અમલમાં મૂકી શકાયું. ૧૯૯૯ અને ૨૦૦૩ માં હું બાયો ટૅકનોલૉજી નીતિ, આઈટી/આઈટીઈએસ સહિત આંતરમાળખાકીય ક્ષેત્ર, ઔદ્યોગિક પ્રોત્સાહનો, સંશોધન અનુસંધાન અને વિકાસ તેમજ પર્યાવરણ વ્યવસ્થાપન જેવાં કેટલાંક અગત્યના નીતિ નિર્માણના કાર્યોમાં વ્યક્તિગત રીતે સામેલ હતો. રાજ્યમાં કાર્ય કરવાના અનુભવને આધારે ઔદ્યોગિક વિકાસ અને ચાવીરૂપ નિર્ણયો લેવમાં તે સમયે ધ્યાનમાં લેવા ઉપયુક્ત હતા તેવા તેના દશ પરિમાણોને એકીકૃત રીતે તપાસવા માટે મેં નવો જ ઢાંચો તૈયાર કર્યો.

ત્યારબાદ ભૂંકપની કમનશીબ ઘટના બની. જેનું એ'પિસેન્ટર કચ્છમાં ભચાઉ અને અંજાર

હતું. ભચાઉમાં પુનનિર્માણ, પુનર્વસન અને આજીવિકા સર્જન માટે બે થી વધુ વરસો માટે સીઆઈઆઈની વિનમ્ર પહેલની આગેવાની મને સોંપવામાં આવી હતી. લશ્કરના જવાનોએ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ, બેઉએ કરેલું ઉત્કૃષ્ટ કાર્ય મને બરાબર યાદ છે. થયેલા નુકસાનનો અંદાજ કાઢવા. વિવિધ જાહેર અને ખાનગી સંસ્થાઓમાંથી મળેલી સહાય જાણવા, ખાસ કરીને સુરક્ષિત ગુજરાતની ખાતરી થાય તે માટે રચાયેલી જીએસડીએમ (ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ)એ જેવી સંસ્થાઓના કાર્યની સમીક્ષા અને નવી નીતિઓ માટે 'રિસર્જન્ટ ગુજરાત - પુન:રુત્થાન પામેલા ગુજરાત' સુગઠિત કર્યું. આથી ઉદ્યોગની માનસિકતામાં હકારાત્મક બદલાવ આવ્યો. બીજે વર્ષે અમારા વાર્ષિક દિનની ઉજવણીના 'થિમ'-કેન્દ્રસ્થ વિચારને અમે 'ગતિશીલ ગુજરાત' શીર્ષક આપ્યું. જેનો અર્થ એ હતો કે દારુણ સ્થિતિનો અંત આવ્યો છે અને આપણે આગળ વધવા તૈયાર છીએ. આ શીર્ષકને ઉદ્યોગ સચિવ શ્રી માનસિંહે ગુજરાતના પહેલકારી કાર્યક્રમો માટે અપનાવ્યું.

મારા ગુજરાત સરકાર અને ક્રિસિલ સાથેના જોડાણને લીધે ગુજરાતને આગામી દાયકામાં જેની જરૂર પડશે તેવા સમગ્ર આંતરમાળખાની એકીકૃત રૂપરેખાનો અદ્‌ભુત બીઆઈજી ૨૦૨૦ અહેવાલ તૈયાર થયો તેનું મને ગૌરવ છે. આની સાથે સીઆઈઆઈનું પ્રકાશન GAP અહેવાલ - ગુજરાતની કૃષિ-પ્રક્રિયા સંભાવના તેમાં ગુજરાતના વિકાસ માટે, ખેડૂતોની આવકમાં સુધારા માટે અને ગ્રામીણ વિકાસને ગતિ આપવા માટે જે વિશાળ તકો ઉપલબ્ધ છે તે પર દૃષ્ટિપાત કર્યો. આ ક્ષેત્રમાં આજની તારીખે પણ એ પાયાનો પૃષ્ઠભૂમિ અહેવાલ ગણાય છે.

રોકાણો આકર્ષવા હું ગુજરાતના ૧૯૯૯ માં શરૂ થયેલા પાયાના પ્રયાસોમાં જોડાયેલો રહ્યો અને ૨૦૦૩ માં ગુજરાતને વૈશ્વિક કક્ષાએ રજૂ કરવાના મુખ્યમંત્રીના કાર્યક્રમના 'ગતિશીલ ગુજરાત' રોકાણમિલન તરીકે પ્રસિદ્ધિ પામેલ દ્વિવાર્ષિક કાર્યક્રમ સાથે સક્રિય રીતે સંકળાયેલો રહ્યો. ગુજરાતના આકર્ષક વ્યાપાર વાતાવરણ વિશે શીખવા અને વાતો કરવા અનેક પ્રતિનિધિ મંડળો સાથે વિદેશોની સફર ખેડવાનું પણ થયું.

મને હંમેશાં આવનારી પેઢીમાં રસ રહ્યો છે; તેથી રાજ્યના યુવાઓ સાથેની અનેક પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાયેલો રહું છું. રાજ્યની 'સ્ટાર્ટઅપ' નીતિ જે ભારતના રાજ્યોમાં સૌ પ્રથમ છે તેને ઘડવામાં અને આગળ ધપાવવામાં સક્રિય રીતે જોડાયલો છું. આને પરિણામે રાજ્યમાં ૩૦ થી વધુ ઈન્ક્યુબેટર (જેમાં વિકસવા બધોજ પ્રાથમિક આધાર ઉપલબ્ધ હોય તેવા વિસ્તારો) તૈયાર થયા જે રાજ્યના પરંપરાગત અને સુપ્રસિદ્ધ એસએમઈ (નાના અને મધ્યમકદના ઉદ્યમો) ઉત્પાદન અને વ્યાપારી એકમો ઉપરાંત ૨૦૦ જેટલા સ્ટાર્ટ-અપ સમૂહોને નવાચાર અને ઉદ્યમ-સાહસ માટે આવશ્યક ઔપચારિક માળખું તૈયાર કરવામાં મદદ કરે છે.

વર્લ્ડ ઈકોનૉમિક ફોરમ, જીનીવાની પહેલમાં, અમદાવાદ વર્લ્ડ શેપર્સમાં સ્થાપક સંરક્ષક તરીકે મેં આપણા યુવાનો અને લોકોના ભલા માટે હાથ ધરેલા પ્રોજેક્ટમાં તેમના સહયોગ-

સહભાગમાંથી ઘણું જાણ્યું છે અને માણ્યું છે. તેમને કેટલાંક સામાજિક, અર્ધ-સામાજિક સાહસોમાં માર્ગદર્શન કરવા, તેમની સાથે મળી તેમના વિવિધ અભિગમોને આંતરરાષ્ટ્રીય સંપર્કની સુવિધા કરી આપવાનો આત્મ સંતોષ મને શ્રેષ્ઠ પુરસ્કાર સમાન છે. આ યુવાઓ આપણું ભવિષ્ય છે. અને તેમની દોરવણી કરવાની ક્ષમતામાં પૂરો વિશ્વાસ છે.

ખાનગી કોર્પોરેટ અને ગુજરાત રાજ્યના કેટલાક જાહેર ક્ષેત્રના એકમોમાં સ્વતંત્ર નિયામક તરીકે મેં મારા દાયકાઓના વ્યક્તિગત અને સામૂહિક રીતે મેળવેલા અનુભવ અને શ્રેષ્ઠ પદ્ધતિઓનો આ સંસ્થાઓ અને એકમોને લાભ આપવાના પ્રયાસો કર્યાં હતા.

આજે પણ હું કેટલીક સંસ્થાઓ, ચેમ્બર્સ, એકમો અને કંપનીઓ કે જે લોકોના જીવનમાં સુધારો કરવાના કાર્યમાં રોકાયેલી છે તેની સાથે જોડાયેલો છું અને આની યાદીમાં ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડેવલપમેન્ટ રિસર્ચ (જીઆઈડીઆર) અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએસન, જીસીસીઆઈ, આઈડીએમએ, એફઆઈસીસીઆઈ, ટીઆઈઈ અને સ્વૈચ્છિક સંસ્થાઓ જેમ કે, કચ્છની ખમીર, સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટલ એજ્યુકેશન, ડેવલપમેન્ટ ઑફ સપોર્ટ સેન્ટર, ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, ગ્રાસરુટ્સ ઈન્નોવેશન ઓગમેન્ટેશન નેટવર્ક, એનડીબીઆઈ, એનઆઈડી, આઈઆઈએમએમાં સીઆઈઆઈઈ મેન્ટરશિપ વગેરેનો સમાવેશ થયો છે તેનું મને ગૌરવ છે. પીએએનઆઈઆઈટી એલ્યુમનાઈ એસોસિએશન ગુજરાત (તકનિક) સહાય જૂથોનો હું સ્થાપક પ્રમુખ છું. હાલમાં હું નાવીન્યયુક્ત આઈઆઈટી, ગાંધીનગરનો સેનેટ સભ્ય છું. સારી ગુણવત્તાવાળી પ્રણાલીઓ વિકસાવવા મદદ રૂપ થવાના હેતુ સાથે હું કેટલીક યુનિવર્સિટી અને કૉલેજોના બોર્ડના સભ્ય તરીકે સેવા આપું છું.

ગુજરાત ખાતે મને મળેલા અનુભવોના આધારે ગુજરાતના ઔદ્યોગિક વિકાસના બે દાયકાને આલેખતાં બે શોધપત્રો મેં ઓઆરએફ ફાઉન્ડેશન (બુકિંગ્સનું સહયોગી એકમ) અને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં રજૂ કર્યાં છે.

મારા જે કાંઈ નાના સરખા યોગદાનના પ્રતિભાવ રૂપે અર્થપૂર્ણ હેતુઓ સાથે કાર્ય કરતી કાર્યક્ષમ સંસ્થાઓ તરફથી યાદગાર પુરસ્કાર-સ્મૃતિ ચિહ્નો પ્રાપ્ત થયાં છે. જેમાં ઈટી આઈકોન એન્ટ્રપ્રિનિયર એવોર્ડ-૨૦૧૫, ગુજરાતના રાજ્યપાલશ્રી અને મેયરના હાથે ભાસ્કર, મીડિયા ગ્રુપના એકસો પ્રતિષ્ઠિત વ્યક્તિઓ તરીકેનું વર્ષ ૨૦૧૧ ગુજરાત સુવર્ણ જ્યંતી વર્ષ અને વર્ષ ૨૦૧૪માં એમ બે વખત સન્માન મેળવવાનું સૌભગ્ય મને પ્રાપ્ત થયું છે. અને મારા 'આલ્મા મેટર' (મેં જ્યાં અભ્યાસ કર્યો હતો તે સંસ્થા) આઈઆઈટી દિલ્હી તરફથી મને રાષ્ટ્રીય વિકાસમાં ઉત્કૃષ્ટ યોગદાન પુરસ્કાર - ઓસીએનડી આપવામાં આવ્યો હતો.

ગુજરાતની શાળાઓ અને કૉલેજોમાં આપણા સમૃદ્ધ વારસાને જીવંત રીતે રજૂ કરનાર સાંસ્કૃતિ સંસ્થા સ્પાઇસમેકી (સોસાયટી ફોર પ્રમોશન ઑફ ઈંડિયન કલાસિકલ મ્યુઝિક એન્ડ કલ્ચર એમંગ્સ્ટ યુથ) માં કામને પણ મેં ખૂબ માણ્યું છે. ૨૦૧૬ માં સહયોગ રચના અને

સહાય માટેના આંતરરાષ્ટ્રીય જૂથ 'વેલ્યુવેબ'નો સભ્ય બન્યો છું. અને પ્રથમ વખત જ ગુજરાત અને ભારતમાં આ તદ્દન નવીન વિજ્ઞાનને લાવવાનું શરૂ કર્યું છે. આ ૨૧મી સદીની તકનિકી છે જે વધતી જતી જટિલતા અને સમાવિષ્ટતાને અસરકારક રીતે સમજવામાં મદદ કરે છે.

ટેલિવિઝન પર નિયમિત વિવેચક તરીકે વર્તમાન મુદ્દાઓ, નીતિઓ અને વિકાસને લગતા આર્થિક દૃષ્ટિકોણો વિશે વાર્તાલાપ આપવાનું અને સમજાવવાનું મેં ચાલુ રાખ્યું છે.

પાછલાં વર્ષો પર નજર કરતાં મને લાગે છે કે મેં ગુજરાતના વિકાસમાં જે યોગદાન કર્યું છે, તેનાથી અનેકગણું ગુજરાતે મારા વિકાસ અને મારી સફળતા માટે પ્રદાન કર્યું છે. અનેક સાથીઓએ પણ રાજ્યના પ્રગતિ અને વિકાસ માટે પ્રમાણિકતા અને ગંભીરતાથી કાર્ય કર્યું છે. તેઓના મળેલા સાથ સહકાર અને અનુભવો માટે હું હંમેશાં ઋણી રહીશ.

**– શ્રી સુનિલ પારેખ**

---

સીઆઈઆઈ-ગુજરાતના ડાયરેક્ટર જનરલ તરીકે ઉત્તમ કામગીરી બજાવનાર શ્રી સુનિલ પારેખે ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસને આગળ ધપાવવામાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.





# ગુજરાતનો વિકાસ મારી યાદો

**શ્રી ગિરીશ દાણી**
વ્યાવસાયિક અગ્રણી

૧ મે, ૧૯૬૦ માત્ર ગુજરાત માટે નહીં, પરંતુ સમગ્ર દેશ માટે સોનાનો દિવસ ગણાય છે. આ દિવસ મહત્ત્વનો એટલા માટે છે કે તે દિવસે ગુજરાત નામના એક હોનહાર વિશ્વનો જન્મ થયો. ઈન્દુચાચા (શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક)ના લડાયક નેતૃત્વ હેઠળની મહાગુજરાત ચળવળ સફળ થઈ અને બોમ્બે રાજ્યથી અલગ એવા ગુજરાત રાજ્યમાં પરિણમી.

૧૯૬૦ થી ૨૦૧૮ સુધીનું ગુજરાત દેશમાં અને વિદેશમાં તેની ઉત્તરોત્તર વિકાસની સુગાથા છે. આ સફળતા-સિદ્ધિઓમાં ઈન્દુચાચાથી શરૂ થી હાલના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સુધીના સહુ નેતા-અગ્રણીઓનું અનોખું યોગદાન રહ્યું છે. ગુજરાતની સતત વિકાસ પામતા રાજ્ય તરીકેની ઓળખ છે જેમાં નાના-મોટા, ગરીબ-તવંગર, સેવાસમુદાયો, ખેડૂતો, વ્યાપારીઓ, વાણિજ્ય સંગઠનો, ઉદ્યોગપતિઓ, સરકારમાંના ચૂંટાયેલા-બિનચૂંટાયેલા સભ્યો. ન્યાયતંત્ર, સહકારી સંસ્થાઓ અને આધ્યાત્મિક-ધાર્મિક આગેવાનો સહુનું યોગદાન છે. આમાંના મોટા ભાગના લોકો-સમૂહો તરફથી વિવિધ રૂપે યોગદાન હજૂ પણ મળ્યા કરે છે અને તે પણ અંગત ખ્યાતિની લાલસા વિના, પ્રત્યેકનો ફાળો ગુજરાતની પ્રગતિમાં મૂલ્યવાન છે. અગણિત જાણીતી અને બિનજાણીતી નિષ્ઠાવંત વ્યક્તિઓએ ગુજરાતના વિકાસ માટે અદ્‌ભુત કાર્ય કર્યું છે. ગુજરાતમાં એવું વાતાવરણ છે જ્યાં વ્યક્તિ વિકસી શકે છે. વ્યક્તિગત રીતે વિકસે છે. વ્યાવસાયિક રીતે વિકસે છે તેમજ સમાજના ઉત્કર્ષમાં ફાળો પણ આપે છે. મને પણ આવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે. એક સામાન્ય વ્યાવસાયિકની રીતે શરૂઆત કરી વ્યાવસાયિક રીતે અને સામાજિક રીતે પણ મેં ઠીક ઠીક પ્રગતિ કરી છે. મને જે મળ્યું છે અને મેં જે સમાજને આપ્યું છે તેનો મને સંતોષ છે.

મને વિકસતી સંસ્થાઓ પ્રતિ હંમેશાં રુચિ છે. તેની મને એક તક મળી ગઈ. અમદાવાદમાં સાધારણ કક્ષાની કલબ હતી. એક વૈશ્વિક સ્તરની કલબની અમદાવાદ માટે મને જરૂર જણાઈ. અમે એક એવી આધુનિક કલબ સ્થાપવાનું વિચાર્યું જ્યાં પરિવારો આખા દિવસ દરમ્યાન આનંદ-આરામ માણે, કસરતો કરે, રમતો રમે. એસ.જી. હાઈવે પર કર્ણાવતી કલબની અમે સ્થાપના કરી અને તેને વિકસાવી. આજે એ એક સીમાચિહ્ન સંસ્થા છે. કલબના સભ્યોને અમે સમાજના વિવિધ ક્ષેત્રના, માનનીય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સહિતના અનેક અગ્રણીઓ અને મહાનુભાવો સાથે આંતરક્રિયા-વાર્તાલાપ સંગોષ્ઠી કરવાની તક પૂરી પાડી છે. પૂ. મોરારીબાપુ

સહિતના આધ્યાત્મિક અગ્રણીઓ સાથે પણ મીટિંગો અને વાર્તાલાપ યોજવામાં આવ્યા છે. હું હંમેશાં લોકોને મદદરૂપ થવા તત્પર હોઉં છું. જે કોઈ મારો સંપર્ક કરે છે તેમને હું અવશ્ય કોઈક ને કોઈક સ્વરૂપે સહાયરૂપ બનું છું. વાણિજ્ય અને ઉદ્યોગ ક્ષેત્રે પણ સેવા આપવાની મને તક મળી. ગુજરાતની અતિ પ્રતિષ્ઠિત વ્યાપાર-ઉદ્યોગ અંગેની સંસ્થા, ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ-અમદાવાદના પ્રમુખ તરીકે મને ચૂંટી કાઢવામાં આવ્યો. ચેમ્બર ઑફ કોમર્સના પ્રમુખ તરીકે મેં તેના પુનઃસંગઠનનું કાર્ય કર્યું. સંસ્થાને વેપાર અને ધંધા વિશે સતત પોતાના અનુભવો, મંતવ્યો રજૂ કરતી, ગૂંચવાયેલા અને નિવેડો ન આવ્યો હોય તેવી સમસ્યાઓ આગળ લાવવા અને સત્તાસ્થાને બિરાજેલા જવાબદાર અધિકારીઓ સાથે ચર્ચા કરવા અને વેપાર ઉદ્યોગ માટે તેમની નીતિઓ-કાર્યક્રમોમાં આવશ્યક ફેરફારો સૂચવતી નિયમિત મળતી સક્રિય સંસ્થા બનાવી. શેઠ કસ્તુરભાઈ લાલભાઈ પછી ચેમ્બર ઑફ કોમર્સના ઈતિહાસમાં સતત બે વર્ષ સુધી સેવા આપનાર હું એક માત્ર યુવા પ્રમુખ હતો. ચેમ્બર ઑફ કોમર્સનું ઉપરથી નીચે સુધીનું સંપૂર્ણ માળખું બદલીને મેં વ્યાવસાયિક-મૈત્રીપૂર્ણ બનાવ્યું. નેવુંના દશક પછીના મુક્ત વ્યાપારના પ્રવાહનો ફાયદો આપણા લોકોને મળે તે હેતુથી આપણા વેપાર પ્રતિનિધિ મંડળની ઓસ્ટ્રેલિયા, ઈજિપ્ત, દક્ષિણ આફ્રિકા, અમેરિકા, ઈંગ્લેન્ડ અને બીજા એક ડઝનથી વધુ દેશોમાં મુલાકાત ગોઠવી હતી. આ પ્રતિનિધિ મંડળ ઉદ્યોગો અને પ્રાદ્યોગિકી હસ્તાંતરણ અને નિકાસ માટે સંખ્યાબંધ નવા આંતરરાષ્ટ્રીય સહયોગીઓ લાવી શક્યું. જેથી ગુજરાતના યુવાનો માટે વધારાની રોજગારીની તકો ઊભી થઈ. આપણા ઉદ્યોગ અને વ્યાપાર માટે વૈશ્વિક કક્ષાના સહભાગી સાહસો માટેનું વાતાવરણ ઊભું કરવામાં હું સફળ રહ્યો તેનો મને આનંદ છે. ઉપરાંત ચેમ્બરના માધ્યમથી કરેલી પહેલોમાં નીચે મુજબ જણાવી શકાય.

- ચેમ્બરે યથાયોગ્ય રીતે સમિતિઓની રચના કરી અને ગુજરાત સરકારની 'થિંક ટેન્ક' તરીકેની ભૂમિકા ભજવવાનું શરૂ કર્યું. ગુજરાત સરકારની ઔદ્યોગિક અને વ્યાપાર વિકાસની નીતિ અને કાર્યક્રમો સંબંધી સૂચનો આપવાની જવાબદારી સંભાળી.
- અમે મુખ્યમંત્રી, નાણાંમંત્રી, ઉદ્યોગમંત્રી અને વરિષ્ઠ સચિવો સાથે અમારા મંતવ્યો રજૂ કરવા અને ધીમે ધીમે તેનો સ્વીકાર થાય તે માટે શૃંખલાબંધ ચર્ચા-આંતરક્રિયા બેઠકો યોજી. આવી સફળ બેઠકો કેન્દ્ર સરકાર અને નાણાં સંસ્થાઓ સાથે પણ યોજવામાં આવી.
- પર્યાવરણ સંબંધિત પ્રશ્નો હાથ પર લેવા તે તાકીદની આવશ્યકતા હતી, આપણું રાસાયણ ઉદ્યોગ ક્ષેત્ર વિશાળ અને આધારભૂત છે. આપણા ઔદ્યોગિક વિસ્તારોમાં પ્રદૂષિત પાણીની પ્રક્રિયા માટે યોગ્ય પ્લાન્ટની આવશ્યકતા હતી. અમે સરકારને આ માટે જરૂરી નાણાકીય સહાય માટે વિનંતી કરી જે સ્વીકારવામાં આવી અને સમયાંતરે વાપી, અંકલેશ્વર, વટવા, નરોડા અને સાણંદ ખાતે પ્રદૂષિત પ્રવાહીની સુયોગ્ય પ્રક્રિયા માટેના પ્લાન્ટ અસ્તિત્ત્વમાં આવ્યા.

- કુદરતી આપત્તિઓના સમયમાં પણ સ્વૈચ્છિક રીતે રાહત કાર્યોમાં પણ અત્રે રચનાત્મક ભાગ ભજવ્યો હતો. નેવુંના દાયકામાં અમદાવાદને પૂરની બહુજ માઠી અસર થઈ હતી. ચેમ્બરે રાહત સામગ્રી અને અન્ય સહાય વિતરણનું ઉમદા કાર્ય ભજવ્યું હતું.
- ચેમ્બરના વહીવટીભવનમાં મેં આધુનિકીકરણ અને પ્રેરક વાતાવરણ માટે જરૂરી મૂળભૂત રીતે ભૌતિક-માળખાકીય પરિવર્તન કરાવ્યાં. 'ગુજરાત વેપારી મહામંડળ'નું નવું ભવન અમે બનાવ્યું, ચેમ્બરને કોર્પોરેટ વહીવટી ભવનનું સ્વરૂપ આપ્યું.

વર્ષ ૨૦૦૬માં અમેરિકામાં ન્યૂજર્સી ખાતે 'ચાલો ગુજરાત'નો ભવ્ય કાર્યક્રમ યોજવામાં મેં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તે અંતર્ગત સાંસ્કૃતિક, લલિતકલા અને સંગીતના કાર્યક્રમો અમે યોજ્યા હતા. આથી વિદેશમાં પણ ભારતીય કળા અને સંસ્કૃતિના પ્રસારને વેગ મળ્યો. હાલ પણ હું સામાજિક, શૈક્ષણિક અને ખેલકૂદ સંસ્થાઓ સાથે સંકળાયેલો રહ્યો છું.

મને હંમેશાં લાગ્યું છે કે મેં ગુજરાતમાં કામ કરવાનું માણ્યું છે. તેનું કારણ હું ગુજરાતી છું એટલે નહી પરંતુ ગુજરાતમાં વ્યવસાય-સાહસો અને સામાજિક કાર્યો માટે સહકારી પ્રયાસોનું વાતાવરણ સુલભ છે.

મને એ વાતનું ગૌરવ છે કે ગુજરાતને દેશના અને વિશ્વનાં ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રિમ હરોળમાં લાવવામાં મારો યત્કિંચિત ફાળો છે.



# ગુજરાતના વિકાસ સાથે મુદ્રણ ઉદ્યોગની હરણફાળ

શ્રી શ્રેયસ વિ. પંડ્યા

ગુજરાત લોકોની ક્ષમતા, આવડત અને ધગશ તથા પ્રગતિ અને વિકાસ માટેની ઝંખના રાજ્યને વૈશ્વિક કક્ષાએ પ્રસિદ્ધિ અપાવ્યા કરે છે. પ્રત્યેક સંબંધિત-હિતધારકોના ગતિશીલ અને ભવિષ્યવાદી દ્રષ્ટિકોણને લીધે ગુજરાતની વિકાસલક્ષી લાક્ષણિકતા આગળ તરી આવે છે.

## મુદ્રણ ઉદ્યોગ

વર્ષ ૧૯૭૧માં કૌટુંબિક મુદ્રકના વ્યવસાયમાં કામગીરી શરુ કરે ૪૮ વર્ષ પૂરા થયા છે. મુદ્રણ ઉદ્યોગમાં છેલ્લાં ૩૦ વર્ષમાં ટેક્નોલૉજીનો ધરખમ ફેરફાર અનુભવાયો છે, ત્યારે મુદ્રણ ઉદ્યોગમાં લેટરપ્રેસ ડિપ્લોમાનું શિક્ષણ પૂર્ણ કર્યા બાદ જે મશીનરીનો ઉપયોગ ૧૯૭૦-૧૯૯૦ દરમિયાન થતો રહ્યો તે લેટરપ્રેસના મશીનો આજે મ્યુઝિયમમાં મુકાઈ ગયા છે, પરંતુ બદલાતી ટેક્નોલૉજીને યોગ્ય સમયે સ્વીકારવાથી જ વિકાસ અને પ્રગતિ શક્ય બને છે.

૬૦ અને ૭૦ના દાયકામાં ગુજરાતનું ઘણું બધુ કામ રાજ્યની બહાર થતું હતું અને મુદ્રણ ઉદ્યોગનો વિકાસ ખૂબ જ ધીમો હતો. ૧૯૬૨માં મારા સ્વર્ગસ્થ પિતા શ્રી વિષ્ણુપ્રસાદ એસ. પંડ્યાએ સાહિત્ય મુદ્રણાલયની સ્થાપના કરી હતી. ભાવિ માટે સ્વપ્નશીલ દ્રષ્ટિવંત અભિગમ વડે તેમણે નવી તકનિકી પદ્ધતિઓ અપનાવી અને નવી યંત્રસામગ્રી લાવ્યા. લોકોની મુદ્રણકામ ઉદ્યોગ પ્રત્યેની માનસિકતા બદલાઈ અને ગુજરાતમાં મુદ્રણકામ ઉદ્યોગમાં આધુનિક યુગનો પ્રારંભ થયો. વર્ષ ૧૯૭૬માં અમદાવાદ પ્રિન્ટિંગ પ્રેસ ઍસોસિયેશનના પ્રમુખ બન્યા બાદ રાજ્યના મુદ્રણ ઉદ્યોગના ઝડપી વિકાસ માટે અદ્યતન મશીનરી તથા ટેક્નોલૉજીના ફેરફારોને સ્વીકાર કરવા માટે મુદ્રણ પરિષદનું આયોજન કર્યું અને મશીનરીના પ્રદર્શન પણ કર્યા.

અમદાવાદ પ્રિન્ટિંગ પ્રેસ ઍસોસિયેશનના પ્રમુખ તરીકે સ્વ. વિષ્ણુપ્રસાદ પંડ્યાએ ૧૦ વર્ષ સુધી તથા શ્રેયસ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ ૧૬ વર્ષ સુધી નેતૃત્વ પૂરું પાડી રાજ્યના મુદ્રણઉદ્યોગના વિકાસમાં ખૂબ જ મહત્ત્વનું પ્રદાન કરેલ છે.

વર્ષ ૧૯૮૭માં મારા પ્રમુખ બન્યા પછી ફરી એકવાર રાજ્યના લગભગ ૧૨૦૦ મુદ્રક પરિષદ અને તમામ અદ્યતન મશીનરીનું પ્રદર્શન સંસ્કાર કેન્દ્ર ખાતે તત્કાલીન મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી અને નાણાંમંત્રીની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. આ સંદર્ભમાં તત્કાલીન સરકાર દ્વારા પણ રાજ્યના કામો રાજ્યમાં રહે તેવો ઠરાવ કરી મુદ્રણ ઉદ્યોગને પૂર્ણ પ્રોત્સાહન આપવામાં આવ્યું. વર્ષ ૧૯૯૮માં ફરી એક વાર આ જ રીતે પ્રદર્શન અને મુદ્રક પરિષદનું આયોજન કરવામાં આવેલ.

ત્યાર બાદ ગુજરાતના મુદ્રણ ઉદ્યોગે કદી પાછું વળીને જોયું નથી, જે ગુજરાતના કામો મુંબઈ અને શીવાકાશી (દક્ષિણ ભારત)માં જતા હતા તે તમામ કામો ગુજરાતમાં છપાવવા માંડ્યા અને છેલ્લા દસકામાં બહારના રાજ્યના કામો પણ ગુજરાતમાં થઈ રહ્યા છે. હાલના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા પણ અપનાવેલ વિકાસ મોડલથી મુદ્રણ ઉદ્યોગની પ્રગતિ સર્વાધિક રહી.

છેલ્લા ૫૭ વર્ષોમાં સાહિત્ય મુદ્રણાલય અનેક પુરસ્કાર-પ્રશસ્તિ વડે સન્માનિત થયું છે.

- દેશનો સર્વોચ્ચ પુરસ્કાર - 'રાષ્ટ્રપતિ પુરસ્કાર'.
- સાઉથ ઈન્ડિયા પ્રિન્ટ કૉંગ્રેસનો પ્રથમ 'સ્ટાર પ્રિન્ટર ઑફ સાર્ક નેશન્સ ઍવોર્ડ'.
- ઓલ ઈન્ડિયા માસ્ટર પ્રિન્ટર્સ ઍસોસિયેશન ઍવોર્ડ.

રાષ્ટ્રીય મુદ્રણકામ અને પેકેજીંગ ઉદ્યોગ ક્ષેત્રમાં લઘુઉદ્યોગ સાહસિકો ગજબનો રસ લેતા હોવાથી ઝડપથી તે વિકસી રહ્યો છે. આમાં દેશમાં ૩૬ થી વધુ સંસ્થાઓ સ્નાતક, અનુસ્નાતક કક્ષાનું શિક્ષણ અને તાલીમ આપે છે. દર વર્ષે ૩૫૦૦ થી વધુ ઈજનેર સ્નાતકો આમાં જોડાય છે અને તેમાનાં મોટા ભાગના પ્રશિક્ષણ દરમ્યાન જ સારી નોકરી-વ્યવસાયમાં જોડાઈ જાય છે. છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન મુદ્રણકામ અને પેકેજીંગ ઉદ્યોગનો સંયુક્ત વૃદ્ધિ દર ૧૪% જેટલો રહ્યો છે.

ગુણવત્તામાં ધરખમ સુધારો અને મોટા કદની ઉત્પાદન ક્ષમતા ઊભી થતાં વિશ્વ બજાર માટે ભારત અગ્રિમ મુદ્રણકામ નિર્માતા અને છાપેલા કાગળની વસ્તુઓના મોટો ઉત્પાદક તરીકે ઝડપભેર આગળ ધપી રહ્યું છે. આ ઉદ્યોગનું સંયુક્ત ટર્ન ઓવર રૂ. ૭૫૦૦૦ કરોડથી વધુ છે.

આ ઉદ્યોગમાં ૨,૫૦,૦૦૦ થી વધુ એકમો છે જે ૨૫,૦૦,૦૦૦ કરતાં વધુ લોકોને રોજગારી આપે છે. વિશ્વમાં માત્ર ચીન પછી બીજા સ્થાને છે. આપણે ૧૨૦થી વધુ દેશોમાં ભારતીય પુસ્તકો, સામયિકો અને મુદ્રણકામ કાર્યો નિકાસ કરીએ છીએ.

રાષ્ટ્રીય સંદર્ભમાં ગુજરાતના મુદ્રણકામ ઉદ્યોગનું સંયુક્ત ટર્નઓવર આશરે રૂ. ૧૦૦૦ કરોડ છે અને વાર્ષિક વૃદ્ધિ દર ૨૫% છે. આમ આ ઉદ્યોગનો પણ રાજ્યના વિકાસમાં ગણનાપાત્ર ફાળો છે.

સાહિત્ય મુદ્રણાલયમાં આધુનિક ટેક્નોલૉજીને મુદ્રણના કામમાં કઈ રીતે લઈ શકાય તે માટે સતત સંશોધન થતું રહે છે. છેતરપિંડી કે બિનઈરાદાવાળી ભૂલોને નિવારવા માટે બારકોડ દ્વારા પરિણામ પ્રક્રિયાવાળી પ્રણાલી અમારું મૌલિક સંશોધન છે. પ્રિન્ટિંગ ટેક્નોલૉજી તથા ઈન્ફર્મેશન ટેક્નોલૉજીના યોગ્ય સમન્વય દ્વારા સાહિત્ય મુદ્રણાલય છેલ્લાં ૧૯ વર્ષથી, ખાસ કરીને રાજ્ય સરકારની બોર્ડની અને યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે સલામત, અને ગોપનીય મુદ્રણકામ પ્રક્રિયાની જવાબદારી તથા ૧૦ વર્ષથી વધુ સમય સુધી શિક્ષણ બોર્ડ તથા યુનિવર્સિટીના ૪૦ લાખથી વધુ વિદ્યાર્થીઓના પરીક્ષાલક્ષી ગોપનીય કામો માટે સૌથી વધુ કાબેલ, સમર્થ અને વિશ્વસનીય સંસ્થા તરીકે પ્રસ્થાપતિ થયું છે.

અસરકારક માહિતીસુરક્ષા (Data Security) વ્યવસ્થાપન પ્રણાલી માટે સાહિત્ય મુદ્રણાલય આઈએસઓ ૨૭૦૦૧:૨૦૧૩ પ્રમાણિત સંસ્થા છે. આવું વૈશ્વિક ગુણવત્તા કાર્યક્ષમતાનું વૈશ્વિક પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર આ પ્રથમ સંસ્થા છે તથા સિક્યોરિટી પ્રિન્ટર તરીકે MICR ચેક વગેરે છાપવા માટે IBA ઇમ્પેલમેન્ટ પ્રિન્ટરની માન્યતા મળેલ છે.

ઑલ ઇન્ડિયા ફેડરેશન દ્વારા મુદ્રણકામ ઉદ્યોગના મક્કમ આગેવાન તરીકેનો 'જોહન ગુટનબર્ગ એવોર્ડ' આપવામાં આવ્યો છે તથા અગ્રણી ઉદ્યોગસંસ્થાઓ સાથે સક્રિય રીતે નેતૃત્વ પૂરું પાડેલ છે.

- ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ - ૨૦૦૩-૨૦૦૪ના પ્રમુખ તરીકે
- ઓલ ઇન્ડિયા ફેડરેશન ઑફ માસ્ટર પ્રિન્ટર્સના પશ્ચિમ ક્ષેત્રના વર્ષ ૧૯૯૦-૯૧ના ઉપપ્રમુખ તરીકે.
- અમદાવાદ પ્રિન્ટીંગ પ્રેસ એસોસિયેશનના સળંગ સોળ વર્ષોથી પ્રમુખ તરીકે.

સમાજ પાસેથી મળેલ સન્માન અને પ્રગતિ થયા પછી સમાજને કંઈક પાછું આપવાનો સમય થાય છે જેના ભાગરૂપે અનેક સ્વૈચ્છિક સામાજિક સેવા કાર્યો માટે યોગદાન આપવાની જવાબદારી લેવી જરૂરી છે જે અંતર્ગત અગ્રણી સંસ્થાઓમાં સહયોગ કરતા ગૌરવ અનુભવું છું.

- વી.એસ.પંડ્યા - સાહિત્ય મુદ્રણાલય, 'એએમએ સેન્ટર ફૉર કોમ્યુનિકેશન સ્કિલ્સ' - આની અંતર્ગત સંચાર-કુશળતાને અદ્યતન કરવા માટે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખાતે પ્રશિક્ષણ કાર્યક્રમો માટે.
- ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ ખાતે 'ભગવતીબેન હિમોફિલિયા સેન્ટર' અને 'સાહિત્ય મુદ્રણાલય બ્લડ કોમ્પોનેન્ટ સેન્ટર' માટે અમદાવાદ રેડ ક્રોસના રક્તદાન અંગેની પ્રવૃત્તિઓ માટે.
- અપંગ માનવ મંડળ અમદાવાદ ખાતે 'ભગવતીબેન વિષ્ણુપ્રસાદ પંડ્યા - સાહિત્ય મુદ્રણાલય ગ્રાફિક્સ આર્ટ ટ્રેઇનિંગ સેન્ટર'માં મંડળના નબળા વર્ગની વ્યક્તિઓને ગ્રાફિક્સ આર્ટમાં શિક્ષણ અને તાલીમ કાર્યક્રમો માટે.
- ગુજરાત કેન્સર હૉસ્પિટલમાં કેન્સર નિવારણના સંશોધન કાર્યો માટે.
- ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (આઈકેડીઆરસી) અમદાવાદ - કિડનીના રોગોના નિદાન સારવારમાં સંશોધન કાર્ય માટે.
- બિના શ્રેયસ પંડ્યા હેલ્થ, એજ્યુકેશન, ઇન્ફોર્મેશન એન્ડ રિસર્ચ સેન્ટર, સદ્‌વિચાર પરિવાર અમદાવાદ ખાતે, સ્વાસ્થ્ય સંબંધી જાગૃતિ તથા માર્ગદર્શન સ્ત્રોત કેન્દ્ર માટે.
- શ્રી અષ્ટલક્ષ્મી ભવન અને સ્વામી ચિદાનંદ શતાબ્દિ યોગભવન દ્વારા શિવાનંદ આશ્રમ અમદાવાદ ખાતેની સેવાઓ માટે.
- જયક્ષણીમાતા લેકાવાડા ગાંધીનગર પાસેના મંદિરના પુનઃનિર્માણ માટે.



# ‘વાડીલાલ’ બ્રાંડની યાત્રા

શ્રી દેવાંશુ ગાંધી

આઇસ્ક્રીમ જ્યારે ઉદ્યોગ તરીકે ઓળખાતું પણ ન હતું ત્યારે વાડીલાલની સ્થાપના થઈ હતી. વાડીલાલની વિકાસયાત્રા માત્ર એક જ આઉટલેટ વાડીલાલ સોડા ફાઉન્ટેઇન તરીકે છેક ૧૯૦૭માં થઈ હતી. ત્રણ દરવાજા પાસે શ્રી વાડીલાલ ગાંધીએ તે શરૂ કરેલ ‘વાડીલાલ’ આજે દેશભરમાં ૧,૨૫,૦૦૦ થી વધુ ડીલરોવાળી કંપની છે, તેથી જ તો અમદાવાદ દેશની આઇસક્રીમ રાજધાની તરીકે ઓળખાય છે.

શ્રી વાડીલાલ ગાંધી દૂધ, ખાંડ, ડ્રાયફ્રૂટ્સ અને બરફ વાપરતા અને પરંપરાગત કોઠી પદ્ધતિથી આઇસક્રીમ બનાવતા. સોડા ફાઉન્ટેઇન તેમણે પુત્ર રણછોડલાલ ગાંધીને ૧૯૨૬ માં સોંપ્યું જે તેમણે એકલ પંડે તેને ચલાવ્યું. હાથેથી ફેરવવાના મશીનમાં તેઓ આઈસક્રીમ તૈયાર કરતાં.

થોડા વર્ષ પછી તેમના પુત્ર રામચંદ્રભાઈ પણ આ ધંધામાં જોડાયા. ૧૯૪૦માં રામચંદ્રભાઈના લઘુબંધુ લક્ષ્મણભાઈ પણ જોડાયા, તેઓ ધંધા માટે આશાસભર દીર્ઘદ્રષ્ટિવાળા વ્યક્તિ હતા. પરોપકારી પ્રકૃતિ ધરાવતા હતા અને સહુને તેવો પોતીકા લાગતા. ભાઈઓમાં સહુથી નાના હોવાથી લાડમાં તેઓ બચુભાઈ તરીકે ઓળખાતા.

આ બેઉ ભાઈઓએ ગણતરીપૂર્વક આ વ્યવસાય ચલાવ્યો અને આઇસક્રીમ માર્કેટમાં રૂ. ૨૫ લાખનું રોકાણ કર્યું. આ સાહસને લોકોએ હસી કાઢ્યું કેમ કે, તે જમાનામાં આઇસક્રીમ એક વૈભવી ડે’ઝર્ટ ગણાતું તથા આઇસક્રીમની ઉદ્યોગ તરીકે કોઈ નામના ન હતી. એ સમયમાં, નાણાનું રોકાણ કરવું હોય તો માત્રને માત્ર કાપડ ઉદ્યોગ હતો.

એ ભાઈઓએ ગોમતીપુરમાં એક સુંદર મજાનું કારખાનું ઊભું કર્યું. શરૂઆતમાં નાના પાયે આઇસ્ક્રીમ બનાવવાની શરૂઆત કરી અને પછી ધીમે ધીમે ઉત્પાદન વધારતા ગયા. સાઇકલ પર થર્મોકોલના ખોખામાં પેક કરેલા આઇસ્ક્રીમની બરફ સાથે ઘરેલું ડિલિવરી માટે શ્રી લક્ષ્મણભાઈ પહોંચી જતા. બન્ને ભાઈઓએ તેમની લગન તથા ધગશ અને પરિશ્રમ વડે સારી નામના પ્રાપ્ત કરી અને ૧૯૭૨ સુધીમાં અમદાવાદમાં વાડીલાલના ૮ થી ૧૦ આઉટલેટ ખૂબ સારી રીતે ચાલવા લાગ્યા હતા.

તે દિવસોમાં આઇસ્ક્રીમનું પરિવહન અત્યંત કઠીન હતું. વાડીલાલે ‘વ્હીલસ’ પર પોતાના

રેફ્રિજરેશન એકમની સ્થાપના કરી. લક્ષ્મણભાઈનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે દરેક ગલીને નાકે આઈસ્ક્રીમ સરળતાથી પ્રાપ્ત થતો હોવો જોઈએ.

૧૯૭૫ માં તેઓ આઈસ્ક્રીમ ફેક્ટરી માટે શ્રેષ્ઠ મશીનરી ખરીદવા ડેન્માર્ક ગયા અને ૩૦૦ ટકા જેટ મોટી રકમ આયાત-શુલ્ક તરીકે ચૂકવી. ફ્રીઝર્સનો આયાત પર પ્રતિબંધ હોવાથી તેમણે પોતાનાં જ ડીપફ્રીઝર્સ વિકસાવ્યાં. ધીમે  ધીમે વાડીલાલ આઈસ્ક્રીમ પડોશી રાજ્યો, ૧૯૮૦માં મહારાષ્ટ્રમાં અને ૧૯૮૫માં રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં પ્રચલિત બન્યું.

આજે વાડીલાલ દેશના આઈસ્ક્રીમ બજારના ૬.૨૦ હિસ્સા સાથે દેશની બીજી મોટી બ્રાંડ છે. ૨૫૦ થી વધુ પ્રકારના પેકિંગમાં ૧૫૦ થી વુધુ સ્વાદમાં વાડીલાલ આઈસ્ક્રીમ કપ, કેન્ડી, કોન, ફેમિલી પેક, કુલફી, ઈકોનોમિ પેક, પ્રિમિયમ આઈસ્ક્રીમ, ખાંડરહિત આઈસ્ક્રીમ તેમજ ક્રીમ કેકના સ્વરૂપમાં બજારમાં પ્રાપ્ય છે.

વાડીલાલ સાચા અર્થમાં ભારતીય બહુરાષ્ટ્રીય કંપની છે. પુંધરા, ધરમપુર અને બરેલીમાં વૈશ્વિક કક્ષાની આધુનિક યંત્ર-સામગ્રીથી સુસજ્જ કારખાનાઓ કાર્યરત છે. આ કારખાનાઓમાં બનતા આઈસ્ક્રીમ ઉત્પાદનો ગ્રાહકને મોકલતાં પહેલાં ૧૫ પ્રકારની ગુણવત્તા કસોટીઓમાંથી પસાર થાય છે અને કડક ગુણવત્તા ધોરણો જાળવી રાખે છે.

વાડીલાલ ભારતની સૌથી વધુ ૨૭ જેટલા ખ્યાતનામ સન્માનો અને પુરસ્કારોથી પ્રરિષ્કૃત બ્રાંડ છે. પેન-ઈન્ડિયામાં હાજરી ઉપરાંત વાડીલાલ અમેરિકા, યુ.કે., મધ્યપૂર્વ ખાડીના દેશો, નેપાળ અને વિશ્વના બીજા અનેક દેશોમાં પોતાના ઉત્પાદનોની નિકાસ કરે છે.

'વાડીલાલ' બ્રાડની આ પ્રગતિ કંપનીનાં કાર્યકરોનાં સખત પરિશ્રમ, સમર્પણ, પ્રેરણા, સમૂહકાર્ય, મહત્ત્વાકાંક્ષા, વ્યૂહરચના, ધંધામાં નવીનતા અને સહુ ઉપર અતૂટ વિશ્વાસને આભારી છે.

વાડીલાલ ભારતની આગવી આઈસ્ક્રીમ બ્રાંડ છે અને લગભગ એક સદીથી રાષ્ટ્રને સૌથી વધુ પ્રિય રહી છે.

દેશની આર્થિક પ્રગતિમાં વાડીલાલનું ચાર પેઢીથી વધુ સમયનું યોગદાન છે. સમાજને તેણે હંમેશાં પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કર્યું છે અને કરોડો લોકોના દૈનિક જીવનનો એક શ્રેષ્ઠ ભાગ બની રહ્યું છે.

**શ્રી દેવાંશુ ગાંધી**
મેનેજિંગ ડાયરેક્ટર -
વાડીલાલ ઈન્ડસ્ટ્રીઝ



# ગુજરાતનો વિકાસ મારી યાદો

ડૉ. પ્રવીણ ભગવતી

જર્મનીની આશેન યુનિવર્સિટીમાંથી ફાઉન્ડ્રી એન્જિનિયરિંગમાં પી.એચ.ડી. કરી ૧૯૬૪માં સ્વદેશ આવ્યો ત્યારથી હું ગુજરાત સાથે સંકળાયેલો છું. ઓટોમોબાઈલ, ટ્રેક્ટર, જેવા ક્ષેત્રમાં ઉત્પાદકો માટે અને આંતરમાળખાકીય રચનાઓ માટે ભવિષ્યમાં ઊભી થનારી મોટી જરૂરિયાત અને મારું ફાઉન્ડ્રી એન્જિનિયરિંગનું શિક્ષણ મારા માટે કાર્યક્ષેત્ર પસંદ કરવામાં ચાવીરૂપ બન્યાં, ઉપરાંત સ્વિટ્ઝરલેન્ડ ખાતે સલ્ઝરમાં અનુભવ પછી મારે માર અનેક વિકલ્પો ખુલ્લાં હતા. કોઈક ઔદ્યોગિક જૂથમાં નોકરી અથવા પોતાની રીતે પોતાની ફાઉન્ડ્રી શરૂ કરવી. જોકે મારા પરિવારમાં ઉત્પાદન ક્ષેત્રે - કાર્યઅનુભવ કે પૂર્વભૂમિકા ન હોવા છતાં દેખીતી રીતે મુશ્કેલ એવો વિકલ્પ પોતાની કંપની શરૂ કરવાનો મેં લીધો. શ્રમ યુનિયનોની સંભવિત દખલગીરીને લીધે આ માટે મુંબઈ યોગ્ય સ્થળ ન જણાયું. ગુજરાત પોતાના ઉત્પાદન વિસ્તાર માટેની છાપ સુધારવા માટે કટિબદ્ધ હતું અને તેથી ગુજરાતમાં એકમ સ્થાપવું એ મારા માટે શ્રેષ્ઠ વિકલ્પ હતો કેમ કે, રાજ્ય નવા ઉદ્યોગસાહસિકોને તેમજ એન્જિનિયરિંગ ઉદ્યોગને અનેક પ્રોત્સાહક આધાર આપવા તૈયાર હતું.

મુંબઈમાં જન્મેલો, ઉછરેલો અને શિક્ષણ પ્રાપ્ત ગુજરાતી હોવાનો ફાયદો મને એ હતો કે ગુજરાતી મારી સ્વાભાવિક માતૃભાષા હતી. અમદાવાદમાં અમારું ઘર હતું અને એક ભાઈ રહેતા હતા કે જેઓ સ્વિસ પેઢીના તકનિકી સહયોગમાં એક નાનું ઉત્પાદન એકમ ભગવતી ઈન્ડસ્ટ્રીઝ ચલાવતા હતા. આ બધા પરિબળોએ અમદાવાદમાં મારા આવવાનું અતિ સરળ બનાવ્યું. તકનિકી આવડત અને આત્મવિશ્વાસ મારામાં હતા અને એક નાણાકીય ભાગીદાર મળ્યા જેથી દેશમાં હજુ સુધી ન હતી તેવી ટૅકનોલૉજી સાથે ફાઉન્ડ્રી અમે શરૂ કરી. ગુજરાતમાં પૂરતો પાવર પુરવઠો અને શાંતિપૂર્ણ શ્રમ ઉપલબ્ધિ વધારાના ફાયદા હતા. ફાઉન્ડ્રી ઉદ્યોગ માટે આ બે પાયાની આવશ્યકતાઓ મને ગુજરાતમાં પ્રાપ્ત થઈ.


થોડાં વર્ષો પછી ધંધો વિકસાવવાની ઉત્કટ મહત્ત્વાકાંક્ષાને સાકાર કરવામાં પણ ગુજરાતમાં હોવાનો લાભ જણાયો. પત્ની સાથે મળીને પોતાની કંપની ઊભી કરવાનું સાહસ વિચાર્યું. ગુજરાતના અધિકારીઓએ મને ખૂબ સહયોગ કર્યો અને સુંદર ટેકો આપ્યો. મારી અરજીના થોડાજ સપ્તાહમાં મને જીઆઈડીસીમાં જમીન મળી ગઈ. વધારાની વીજળી અનુકૂળ શરતો પર ફાળવવામાં આવી. આ સમયે ઝડપી ઉદ્યોગિકરણ અને ઉદ્યોગ સાહસિકતા વિકસાવવાના

ધ્યેય માટે આઈડીબીઆઈએ સીડ કેપિટલ સ્કીમ નામે ઉદ્યોગના શરૂઆતી ભંડોળ પૂરું પાડવાની યોજના બહાર પાડી હતી. કંપની માટેના શરૂઆતી ભંડોળનો હું સર્વ પ્રથમ લાભાર્થી હતો. જીએસએફસીએ ચાર અઠવાડિયાના વિક્રમી સમયમાં મારી અરજી મંજૂર કરી અને મારા પ્રોજેક્ટ માટે ઉદારતાપૂર્વક ભંડોળ ફાળવ્યું. કોઈપણ પ્રોજેક્ટ માટેનો નિર્ણાયક એવો આ ઝડપી અને સંતોષકારક પ્રતિભાવ અભૂતપૂર્વ હતો.

ઉદ્યોગ સાહસિક તરીકે મને ગાંધીનગરથી ખૂબ પ્રબુદ્ધ, પ્રગતિશીલ અને સહાયકારી અમલદારો તરફથી માર્ગદર્શન અને મદદ મળ્યાં હતાં. ગુજરાતમાં ઉદ્યોગસાહસિકતા અને ઉદ્યોગિકરણ વિકસાવવાનું રાજ્ય સરકારનું દષ્ટિવંત ધ્યેય હતું અને તેથી રાજ્યમાં અદ્‌ભુત પ્રગતિનું હું એક ઉદાહરણ છું.

એવું કહેવાય છે કે સારું શાસન અને વિકાસ, એ નેતૃત્વનું હકારાત્મક વલણ અને અમલદારોના અભિગમ પર નિર્ભર હોય છે. મારા અંગત અનુભવો અને મને જે સિદ્ધિ-સફળતા મળ્યાં છે તેના આધારે એનો પૂરો યશ હું તેમને આપું છું. મને ગુજરાતી હોવા પર ગૌરવ છે. મારી સફળતા અને વ્યક્તિગત પ્રગતિ મારા ગુજરાતમાં કામકાજ કરવાના અને રહેવાના કારણે છે તે હું હૃદયપૂર્વક માનું છું.

**ડૉ. પ્રવીણ ભગવતી**




# ગુજરાતનો વિકાસ

**શ્રી જીતેન્દ્ર ચૌહાણ**
મેનેજિંગ ડાયરેક્ટર, જેડબ્લ્યૂ લાઈફ સ્ટાઈલ ઈન્ડિયા લિ.

જેડબ્લ્યૂ લાઈફ સ્ટાઈલ ઈન્ડિયા લિ. ના સ્થાપક શ્રી જીતેન્દ્ર ચૌહાણે જેડબ્લ્યૂ બ્રાંડને ૧૯૯૫થી વિકસાવી છે. વ્યવસાયમાં તેમની યાત્રા ભાઈ બિપીન ચૌહાણ સાથે મળીને છૂટક વેચાણમાં 'સુપ્રીમ ક્લોધિંગ'ના નામથી શરૂ થઈ હતી. ફેશન રીટેલના ત્રણ દાયકાના અનુભવને અંતે તેઓ ફેશન રીટેલના પ્રત્યેક પાસાંનો વિસ્તૃત અનુભવ ધરાવે છે. ધંધાની ઊંડી સૂઝ, વ્યૂહરચના અને નેતૃત્વ માટે તેઓ આ ક્ષેત્રમાં ખૂબ જાણીતા થયા છે. જેડબ્લ્યૂ લાઈફ સ્ટાઈલ ઈન્ડિયા લિ. ના આ જનકની કારકિર્દી-યાત્રા એ તેમના ઉદ્યમશીલતાનો ગુણ, સખત પરિશ્રમ અને તે દ્વારા નશીબ પલટાયાની ગાથા છે.

સુપ્રીમોની સફળતાએ તેમને પોતાની પુરુષોના કપડાની 'ડી પીક પોઈન્ટ' નામે રીટેલ બ્રાંડ રચી જેને મુંબઈના કેટલાક સ્ટોર મારફત વેચવાનો વિચાર હતો. જો કે, કારણવસાત આ સાહસમાં ધારી સફળતા ન મળી, પરંતુ કાર્યને પૂર્ણ નિષ્ઠાથી સમર્પિત એવા તેમણે અસફળતાને છૂપાવેશે આવેલી તક ગણીને તે લેબલને પોતાના સ્ટોર મારફત વેચવાનું નક્કી કર્યું, ૯૦૦ સ્કવેર ફૂટની જગ્યામાં રોકાણ કર્યું અને એજ નામ 'ડી પીક પોઈન્ટ' ના નામે સ્ટોર શરૂ કર્યો. રીટેલમાં આ તેમનું પ્રથમ સોપાન હતું.

'વધારે સારું ઉંદર પકડવાનું પિંજરું બનાવો. વિશ્વ તમારા દ્વારનો માર્ગ શોધતું આવશે'ના સિદ્ધાંતમાં દઢપણે વિશ્વાસ કરનાર એવા એ ભાઈઓએ 'જેડબ્લ્યૂ' માટે ફક્ત પુરુષોના ફેશનના ક્ષેત્રખંડ પર જ ધ્યાન આપનાર એકમાત્ર રીટેલર તરીકેનું અનુકૂળ સ્થાન ઊભું કર્યું. ગાંધીજીના સિદ્ધાંત, "ગ્રાહક આપણો ઈશ્વર છે" ને તેઓ અનુસરે છે અને દઢ પણે માને છે કે 'વ્યક્તિગત ગ્રાહક સેવા' પોતાની બ્રાંડને આગળ ધપાવવાના મૂલ્યોમાં કેન્દ્ર સ્થાને છે.

હાલમાં દેશના ૨૬ મોટા શહેરોમાં જેડબ્લ્યૂ લાઈફ સ્ટાઈલ ઈન્ડિયા લિમિટેડના ૨૨ સ્ટોર અને તેમણે રચેલી પુરુષોના પોષાકીની બીજી બ્રાંડ 'ગ્રીન ફાઈબર'ના ૩૮ સ્ટોર કાર્યરત છે.

ગ્રાહકોની માંગ અને ફેશનની પસંદગી બાબતે સદા જાગૃત રહી તેમણે ૧૯૯૫માં સી.જી.રોડ પર જેડબ્લ્યૂની સ્થાપના બહુવિધ બ્રાંડ સાથે કરી.

જેડબ્લ્યૂ, ગ્રીન ફાઈબર, જેબી સ્ટુડિયો એમ પુરુષોના પોષાકની ફેશન બ્રાંડને શરૂ કર્યા બાદ બીજી અનેક ખાનગી બ્રાંડને અપનાવી અને તેમાં ફેશન સ્પર્શ તેમણે ઊમેર્યાં.

પ્રધાનમંત્રી જે પોષાક માટે પ્રખ્યાત છે તે મોદી કૂર્તા અને પ્રતિષ્ઠિત અડધી બાંયના કૂર્તા તથા મોદી જાકીટના તેઓ સર્જક છે. જેડબ્લ્યૂના મોદી કૂર્તા અને મોદી જાકીટ તેમની કંપનીની માલિકીનું ટ્રેડમાર્ક છે.

સામાન્ય પ્રકારની પૃષ્ઠભૂમિમાંથી આવનાર તેઓ આજે ભારતમાં ફેશન અને રીટેલમાં શિખર પર વિરાજે છે. સતત કાર્ય કરતા રહેવાની વૃત્તિ, કડક શિસ્તનો આગ્રહ અને ઉદાહરણીય નમૂનો પૂરો પાડવાની તેમની ધગશને આ આભારી છે.

પોતે જે શીખ્યા છે તે જ્ઞાનને વહેંચવાનું તેમને ગમે છે. અન્ય ઉત્સાહી ડીઝાઈનરોને હંમેશા જરૂરી માર્ગદર્શન આપે છે. પોતાના વિચારોને બીજા પર લાદવાને બદલે, યુવા ડિઝાઈનરોની નવી પ્રતિભા અને નવીન વિચારોને સદા પ્રોત્સાહન આપે છે. તેમની કલ્પનાઓને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે જરૂરી સહાય કરે છે.

જેડબ્લ્યૂ પોતાની કોર્પોરેટ સામાજિક જવાબદારીના ભાગરૂપે પર્યાવરણની સંભાળ, રક્તદાન શિબિર જેવા સ્વૈચ્છિક સેવાના કાર્યોમાં સહયોગ કરતા રહે છે.

હવે, તેમની નવી પેઢી પણ આ વ્યવસાયમાં સામેલ થઈ છે અને નવીનતમ વિચારોથી સુંદર કાર્ય કરી રહી છે.



# ગુજરાતની વિકાસયાત્રાના સહયાત્રી વિડીયો-ફોટો ક્ષેત્રના જાટકીયા બંધુઓ

**શ્રી હર્ષદ જાટકીયા, શ્રી જયેન્દ્ર જાટકીયા**





અમારા કેમેરા ગુજરાતના વિકાસના ચાર દશકના સહયાત્રી છે. તેમાં ઝીલાયેલા અનેક દશ્યો ગુજરાતના વિકાસ, વૃદ્ધિ અને સમૃદ્ધિના મૂક સાક્ષી છે અને તે કંડારવાની અમને હર્ષદભાઈ અને જયેન્દ્રભાઈ **"જાટકીયા બંધુઓ"**ને તક મળી છે તે માટે અમે ગુજરાતની માટીના ઋણી છીએ. ફોટોગ્રાફી ક્ષેત્રે છેલ્લા ચાલીસ વર્ષથી અમે ગુજરાતમાં સક્રીય રહી નવું નવું કરતાં રહ્યા છીએ.

સાવ સામાન્ય પરિવારમાં જન્મેલા અમારા બંને ભાઈઓનો જીવન સંઘર્ષ કપરો રહ્યો છે. પિતાશ્રી ધીરૂભાઈ હીરાચંદ જાટકીયા અમરેલીથી પેટિયું રળવા અમદાવાદ આવ્યા. દરિયાપુર વાડીગામમાં નાનકડી ઓરડીમાં પિતા ધીરૂભાઈ તથા માતા જસુબેન દિવસો ટૂંકા કરે. પિતા મિલમાં નોકરી કરતા કરતા ઘરનું ગુજરાત ચલાવે. આમ બંને ભાઈઓ માટે ભણતર તથા ગુજરાન ચલાવવાનું સરળ નહોતું. અમારો ઉછેર ખૂબ જ કરકસરિયો હતો.

મામાશ્રી વિનય વોરાને ત્યાં સ્ટુડિયોમાં રહી ભણતર સાથે સ્ટુડિયોમાં હેલ્પરનું કામ કરતાં કરતાં આજે ગુજરાતની વિકાસયાત્રામાં પોતીકું નોંધપાત્ર યોગદાન આપવા સુધીની લાયકાત ઊભી કરવી, કુટુંબ, ગામ, શહેર, રાજ્ય અને દેશ માટે કંઈક કરવું તેવી દૃઢ મનોકામના વ્યક્તિને લક્ષ્ય સુધી પહોંચાડી શકે છે તે અમે જાટકીયા બંધુઓએ પૂરવાર કર્યું

છે આજે ચાર દશક પછી અમારા કાર્યની સમાજે નોંધ લીધી છે. વિકસતા ગુજરાતના સાચા અર્થમાં સહયાત્રી બન્યાની અમને અનુભૂતિ થાય છે. આ ચાલીસ વર્ષ દરમિયાન અમે કરેલ ફોટોગ્રાફી-વિડિયોગ્રાફીનું સઘળું કાર્ય આજે ગુજરાત વિકાસયાત્રાનું સુંદર દસ્તાવેજી કાર્ય બની ગયું છે. ભારતના લોકલાડીલા વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનો મુખ્યમંત્રી તરીકેનો સુવર્ણકાળ અને તેમની કેટલીક અલભ્ય, ગુજરાતના વિકાસની મુખ્ય ધરોહર તેવી ક્ષણોના પણ અમે અને અમારો કેમેરા સાક્ષી બની સાચા સહયાત્રી બન્યા છીએ.

ફોટોગ્રાફી એ કલાયુગમાં અગત્યનું વરદાન છે તેવી વ્યાખ્યા ફોટો જર્નાલિસ્ટ અને ફોટો શિક્ષણમાં વિશેષ રસ ધરાવતા શ્રી શૈલેષ રાવલ પાસેથી સાંભળી ત્યાર પછી અમે કરેલ કાર્યની સાચી મહત્તા અમને સમજમાં આવી. છેલ્લા ૨૯ વર્ષ દરમિયાન સતત ૯ રાજ્યપાલશ્રીઓએ તેમના ફોટોગ્રાફર તરીકે અમારી નિમણૂંક કરેલ છે એ કોઈ નાનીસૂની વાત નથી. તેવી જ રીતે ૧૯૭૮થી લઈને આજ દિન સુધી ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી તરીકે કોઈપણ હોય, પરંતુ તેઓ પોતાના ફોટોસેશન માટે જાટકીયા બંધુઓનો ખાસ આગ્રહ રાખે એ અમારી સાર્થકતા બતાવે છે. ઈ.સ. ૨૦૦૬ અને ૨૦૦૮ની સાલમાં અમેરિકામાં વર્લ્ડ ગુજરાતી કોન્ફરન્સ યોજાઈ. આ બંને કોન્ફરન્સમાં અમને ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફીની વિશેષ કામગીરી માટે આમંત્રણ મળ્યું હતું. અમેરિકામાં વિદેશી તસ્વીરકારો અને વિડિયોગ્રાફરોની ટૅક્નિકલ ફોજ હોવા છતાં અમે એક વેંત ઊંચું કાર્ય કરી બતાવ્યું, જેના કારણે ગુજરાત અને અન્ય રાજ્યો, દેશો અમારા કાર્યને ન સન્માને તો જ નવાઈ કહેવાય !! અમેરિકામાં પણ સુંદર અને કલાત્મક ફોટોગ્રાફીના કામ બદલ અમને એવૉર્ડ એનાયત કરવામાં આવેલ. ભારત ઉપરાંત અન્ય દેશો જેવા કે - અમેરિકા, ઈંગ્લૅન્ડ, ફીજી જેવા ટાપુઓ, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાં પણ છેલ્લા કેટલાય વર્ષોથી લગ્ન પ્રસંગે ખાસ ફોટોગ્રાફી-વિડિયોગ્રાફીના કામ માટે અમને બોલાવવામાં આવે છે. આ રીતે અમે જાટકીયા બંધુઓએ ગુજરાત અને ભારતની સરહદ પાર કરીને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ નામના મેળવી, ગુજરાતી તરીકેનું ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

એક સાથે અસંખ્ય મોટા LED SCREEN પર તથા ઘણી બધી ટીવી ન્યૂઝ ચેનલ પર એક સાથે લાઈવ ટેલિકાસ્ટ કરવાનું હોય, તે પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અપેક્ષા મુજબના કાર્ય સાથે કરવાનું હોય ત્યારે ગુજરાત રાજ્યમાં જાટકીયા બંધુઓનો જ આગ્રહ રાખવામાં આવે છે. આજે અમારી સંસ્થા પાસે ઉચ્ચ ટૅક્નોલૉજીવાળા સાધનો, ઉચ્ચત્તમ જ્ઞાન, સમયની કટિબદ્ધતા, ટીમવર્ક સાથે બંને ભાઈઓ હંમેશાં ઉચ્ચતમ શિખર પર અગ્રેસર હોઈએ છીએ. રાજ્ય સરકારના મોટા ભાગના વિભાગો, અર્ધસરકારી વિભાગો, બૉર્ડ, નિગમો, જાણીતી ક્લબો, નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓ, પ્રખ્યાત હૉસ્પિટલો, ડૉક્ટરો, સંસ્થાઓ અને કેન્દ્ર સરકારના જુદા જુદા વિભાગો ફોટોગ્રાફી તથા વિડિયોગ્રાફીની કામગીરી માટે અમારી સેવાઓ ઇચ્છતા હોય છે.

સમય સાથે બદલાતી ટૅક્નોલૉજી, સ્પર્ધાત્મક વાતાવરણ, કળા-તસવીર પારખુઓની

વધતી સંખ્યા, સરળ વિકલ્પો, પસંદગી - અપેક્ષાના બદલાયેલા ધોરણો વગેરે પરિસ્થિતિ - અડચણો - મર્યાદા વચ્ચે સમયની વણથંભિ ગતિ સાથે કદમ મેળવીને પળને પારખીને એને આંખના પલકારમાં ક્લિક કરવાનો કસબ... જે માટે સાધના, સંઘર્ષ, ધીરજ, શિષ્યભાવ વગેરે ગુણોને અનુસરીને મન પર સદા અંકિત રહે તેવી યાદગાર તસવીરો ઝડપવાનું સામર્થ્ય મેળવી તસવીર છબીકાળામાં વ્યવસાયિક દૃષ્ટિ સાથે બુદ્ધિકૌશલ્યનો સમન્વય કર્યો, જેના કારણે અમે હર્ષદ જાટકીયા તથા જયેન્દ્ર જાટકીયા ''તસવીર કળાના પર્યાય'' ગણાયા. ફોટોગ્રાફીની દુનિયામાં, મીડિયાની અંદર તથા જ્યાં-જ્યાં અમારું સન્માન કરવામાં આવ્યું છે, ત્યાં ત્યાં અમને જાતજાતના વિશેષણોથી નવાજવામાં આવ્યા છે. **''ફોટોગ્રાફીની દીવાદાંડી જાટકીયા બંધુ બેલડી''**, **''ફોટોગ્રાફી ક્ષેત્રે ગુજરાતનું ગૌરવ જાટકીયા ફોટોગ્રાફર્સ''**, **''ફોટોગ્રાફી ક્ષેત્રના સીમાચિહ્ન જાટકીયા બંધુ''**, **''કેમેરાના કીમિયાગર જાટકીયા બંધુઓ''** વગેરે વગેરે...

ગુજરાત સરકારનો ફોટોગ્રાફી ક્ષેત્રનો સર્વોચ્ચ એવો પ્રતિષ્ઠિત ગૌરવ પુરસ્કાર એવૉર્ડ, રાજ્યપાલશ્રીના હસ્તે એનાયત થયેલ ગ્લોરી ઑફ ગુજરાત એવૉર્ડ, NRI સેતુરત્ન એવૉર્ડ, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી છબીલદાસ મહેતાના હસ્તે ગુજરાતના બેસ્ટ ફોટોગ્રાફરનો એવૉર્ડ, ફિલ્મ સ્ટાર માધુરી દીક્ષિતના હસ્તે ગ્લોબલ બિઝનેસ એવૉર્ડ, ફિલિંગ્સ જેવા અનેક એવૉર્ડ મેળવ્યા પછી પણ છક્યા વગર અમે સતત ધરતી સાથે જોડાયેલા રહ્યા છીએ અને સદાય સહસ્મિત અને નાના માણસ બની સૌની વાતો સાંભળી શ્રેષ્ઠ કાર્યદક્ષતા સિદ્ધ કરેલ છે અમારા આરંભના મુશ્કેલ સમયના ફ્લેશબેક પર ઝડપથી નજર કરીએ તો અમારી ગુજરાત રાજ્યની ફોટો-વિડિયો સાથેની વિકાસલક્ષી સહયાત્રા સમજવી સરળ બને.

અમે જાટકીયા બંધુઓએ સાઈકલ ઉપર બેસીને ફોટોગ્રાફીના ધંધાની શરૂઆત કરી હતી અને બ્લેક એન્ડ વ્હાઈટ ફોટોગ્રાફીના યુગથી આજના ડિજિટલ યુગ સુધીની સફર દરમિયાન ખૂબ જ ટાંચા સાધનો અને અનેક અવરોધો વચ્ચે સંઘર્ષ વેઠીને કલામય નિપૂણતા, દીર્ઘ અનુભવ, ઉચ્ચતમ ટૅક્નોલૉજી, વ્યવસાયિક દીર્ઘદૃષ્ટિ ઉપરાંત સબંધ, સાતત્યતા, સમયપાલન વગેરે ગુણોને કારણે ગુજરાતે જાટકીયા બંધુઓને આજે ફોટોગ્રાફી - વિડિયોગ્રાફીમાં ગુજરાત રાજ્યમાં ટોચના સ્થાને બેસાડ્યા છે....




# 'ઓનેસ્ટ'ની સફળતાની વાત

## શ્રી વિજય ગુપ્તા

હું શ્રી રમેશ ગુપ્તાનો પુત્ર વિજય ગુપ્તા, વાણિજયમાં સ્નાતક છું અને વ્યક્તિ કેવી રીતે સફળ ઉદ્યોગપતિ-વ્યવસાયકાર બની શકે તે અમારા ઉદાહરણ દ્વારા રજૂ કરવા માગું છું.

આજકાલ અનેક ટૅકનોલૉજી ઉપલબ્ધ છે. વ્યક્તિએ વ્યવસાયમાં સફળ થવા જોખમ ઉઠાવવાની માનસિક તૈયારી સાથે રસના ક્ષેત્રમાં ઝંપલાવવાનું હોય છે. સિત્તેરના દાયકાના ઉત્તરાર્ધમાં મારા પિતા ખૂબ નાના વેપારી હતા અને પાણી-પૂરીનો ધંધો કરતા હતા. મારી માતા પાણી-પુરીની સામગ્રી તૈયાર કરતા. અમે સાત ભાઈ બહેનો છીએ. અમને સહુને પિતાના આ ધંધામાં મદદરૂપ થવાની નિયમિત ફરજ રહેતી. એક દિવસ મારા પિતા સાથે રહેવાનો મારો વારો હતો અને ગ્રાહકો લાવવાની મારી ફરજ હતી. બિનઅનુભવી હોવાથી ગ્રાહકો એકઠા કરવામાં હું વિફળ રહ્યો. પિતાએ મને બધાની સમક્ષ જ લાફો માર્યો. મારી જિંદગીની દિશા તે દિવસથી બદલાઈ ગઈ. હું ધંધા પ્રતિ જાગૃતપણે ગંભીર થયો અને સખત પરિશ્રમ કરવા લાગ્યો.

થોડા સમયમાં જ મેં ત્રણ હાથલારીઓ ખરીદી, ત્યાર બાદ મારી પોતાની નવ હાથલારીઓ થઈ. મારી પત્નીનો મને પૂરો સહયોગ હતો. અમે રાત-દિવસ કામ કરતા અને અમે ગુણવત્તાવાળો માલ-સામાન પહોંચાડવાનું કામ સંભાળતા. રાજપથ કલબ, કર્ણાવતી કલબ, ડ્રાઈવ-ઈન-સિનેમા પાસેથી જ્યારે બધાજ ખાણી-પીણી વેચવાવાળા ઘરે જતા રહેતા જ્યારે માત્ર મારી લારી મોડી રાતના બે વાગ્યા સુધી ખુલ્લી રહેતી. ધીરે ધીરે અમારો ધંધો વધતો ચાલ્યો અને અમને એક દુકાનની જરૂરિયાત જણાઈ. વાઈટ હાઉસ પાસે અમે એક અમારી પ્રથમ દુકાન ખરીદી. ત્યાં પોલિટેકનિક કૉલેજના એક પ્રોફેસરના સંપર્કમાં હું આવ્યો. તેમણે મને પ્રેરક માર્ગદર્શન આપ્યું. અત્યારે અમારી પાસે અઢાર જેટલા અમારા પોતાના આઉટલેટ છે પણ એક સમય હતો જ્યારે અમારી પાસે ભાડું ભરવાના પૈસા ન હતા અને તે સમયે મારી પ્રમાણિકતા, નિષ્ઠા અને ધગશ જોઈ એક બિલ્ડરે કોઈપણ ડિપોઝીટ લીધા વિના દુકાન આપી હતી. હું દૃઢપણે માનું છું કે આવી માનવતા અને માનવીય મૂલ્યો માત્ર ગુજરાતમાં જ જોવા મળે. ત્યારબાદ હું ધંધામાં સફળતાના શિખરો પાર કરતો ગયો આજે 'ઓનેસ્ટ'નું વાર્ષિક ટર્નઓવર રૂ. ૨૦૦ કરોડનું છે. 'ઓનેસ્ટ'માં અમારી પાસે સમર્પણ અને પૂરી કાર્યક્ષમતાવાળા ઉમદા અને હોંશિયાર યુવા કર્મચારીઓ છે.

૧૯૮૨માં અમારું ૮૨ પ્લેટ પાંવ-ભાજીનું વેચાણ હતું. ધીમે ધીમે વધતાં ૧૯૮૫માં ૪૦૦, ૧૯૯૪માં ૭૦૦, ૨૦૦૦માં ૧૫૦૦ અને ૨૦૦૮માં ૪૦૦૦ જેટલી દૈનિક ધોરણે માત્ર પાંવ-ભાજીની પ્લેટનું વેચાણ થવા લાગ્યું હતું. મારો વ્યવસાય વધ્યો. હજુ તે વિકસતો જ જાય છે. તેના કારણો જોઈએ તો ગુજરાતીઓ ખાણી-પીણીના શોખીન હોય છે તથા અમે ખાદ્ય પદાર્થોની ગુણવત્તા બાબતે તથા ગ્રાહકોના આરોગ્ય માટે સતત જાગૃત રહીએ છીએ અને 'ઓનેસ્ટ'માં આ બાબતોની હંમેશાં કાળજી રાખીએ છીએ.

અમારા રેસ્ટોરન્ટ સમગ્ર ગુજરાતમાં છે અને યુએસએના શિકાગોમાં પણ અમારું આઉટલેટ છે. અને કેનેડાના ટોરેન્ટોમાં પણ એક આઉટલેટ આવી રહ્યું છે.

'ઓનેસ્ટ'ની સ્પર્ધા અમારી પોતાની સાથે હોય છે બીજાઓ સાથે ઓછી. અમે મક્કમપણે વિશ્વાસ કરીએ છીએ કે રેસ્ટોરન્ટના વ્યવસાયમાં ગુણવત્તા, સ્વાસ્થ્ય અને પૂરતો પુરવઠો, સફળતાનાં અગત્યનાં પાસાં છે. દરરોજ કામ શરૂ કરવામાં માલિક તરીકે હું સર્વ પ્રથમ હોઉં છું. સખત મહેનત અને વ્યવસાય પ્રતિ મારા સમર્પણને મારા સાથીઓ, કર્મચારીઓ અનુસરે છે. સાથે મળીને કામ કરવાનું, જવાબદારી લેવાનું ટીમવર્ક 'ઓનેસ્ટ'ની સફળતાનું અને ઉદ્યોગ સાહસિક તરીકે મારી સફળતામાં પરિણમ્યાં છે.

જો કે, અમે બહારથી આવીને ગુજરાતમાં સ્થિર થયા છીએ. અમારી સાથે ક્યારેય બહારના જેવો વ્યવહાર અહીંના લોકોએ કર્યો નથી. અહીંના સહૃદયી સમાજમાં અમને હંમેશાં મૈત્રીપૂર્ણ સહયોગ અને વ્યવસાયને સાનુકૂળ વાતાવરણ મળ્યાં છે. ગુજરાતીઓના એક ઉત્તમ ગુણનો ઉલ્લેખ કરવા ઈચ્છું છું. એ છે એમનો સત્કારભાવ અને વિનમ્રતા.

ગુજરાત સરકાર પણ રાજ્યના વિકાસમાં સહયોગ કરનારા વ્યવસાયોને સ્વીકારવા અને મદદ કરવા તત્પર હોય છે. આ કારણે અન્ય રાજ્યના લોકો ગુજરાતમાં સ્થાયી થવાની ઈચ્છા રાખે છે.





# વાપીની વિકાસ ગાથા

**મિલન આર. દેસાઈ**

સ્વતંત્રતા બાદ ગુજરાત અને મહારાષ્ટ્ર અમે બે અલગ રાજ્યો ૧૯૬૦ માં અસ્તિત્વમાં આવ્યા ત્યારે વાપી, સરીગામ અને ઉમરગાંવ ગુજરાત રાજ્યના વલસાડ જિલ્લામાં આવ્યા ત્યારે મોટા ભાગે આ વિસ્તારોમાં મોટા ભાગની જમીનો ઘાસિયા હતી. કૃષિની કે તેને લગતી ભાગ્યેજ કોઈ પ્રવૃત્તિ થતી હતી. મારા સ્વર્ગસ્થ પિતા શ્રી રમણલાલ કુવરજી દેસાઈ, વલસાડના પ્રતિષ્ઠિત અગ્રણી હતા. તેમણે પહેલ કરી જમીન માલિકોને અને ગુજરાત સરકારને વિસ્તારની જમીનો સંપાદન કરી તે પર ઔદ્યોગિક વસાહતો વિકસાવવા સમજાવ્યા. પરિણામ સ્વરૂપે ગુજરાત સરકારે વાપી, સરીગામ અને ઉમરગાંવની ઘાસિયા જમીનો સંપાદન કરી અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જીઆઈડીસી) દ્વારા સંચાલિત ઔદ્યોગિક વસાહતો સ્થાપી. છેલ્લા થોડા દાયકામાં અહીં મોટા પ્રમાણમાં સર્વગ્રાહી વિસ્તાર થયો છે.

ઔદ્યોગિક વિકાસની સાથે આંતરમાળખાકીય વિકાસની તથા સડક, રસ્તા પર પ્રકાશ વ્યવસ્થા, શાળા, કૉલેજ, દવાખાના જેવી પ્રાથમિક તેમજ પાયાની જરૂરિયાતો તેમજ ઔદ્યોગિક કર્મચારીઓ કામદારો તેમજ કારખાનાઓના માલિકો માટેની પાયાની સગવડો અને સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આવશ્યક બની ગયું. સ્વર્ગસ્થ શ્રી રમણલાલ કુવરજી દેસાઈએ આ વિસ્તારમાં આ આવશ્યકતાઓ પૂરી કરાવવા તથા આ ઔદ્યોગિક વસાહતો વિકસાવવા માટે નિઃસ્વાર્થ ભાવ અથાક પ્રયત્નો કર્યાં. આજે આર. કે. દેસાઈ ગ્રૂપ દ્વારા બાંધવામાં આવેલી પાંચ કૉલેજો વાપીમાં છે તેમજ ઔદ્યોગિક કર્મચારીઓ અને કામદારોના બાળકો માટે રમત-ગમતની સગવડોવાળા સંકુલો છે.

ઉદ્યોગો તરફથી ગુજરાત સરકારને અલગ અલગ પ્રકારે થતી મહેસૂલી અને અન્ય આવકમાં વાપી, સરીગામ અને ઉમરગાંવનો સિંહ ફાળો છે તેનું અમને ગૌરવ છે. ઉપરાંત આવકવેરા, વસ્તુ અને સેવા કર, એક્સાઇઝ, રેલ્વે આવક વગેરે દ્વારા રાષ્ટ્રીય રાજકોષને આ વિસ્તારમાંથી સૌથી વધુ સહભાગ મળે છે. ૧૫૦૦ થી વધુ નાના રાસાયણિક એકમો સાથે વાપી એશિયાની સૌથી મોટો રાસાયણિક-સમૂહનો વિસ્તાર છે. વાપી ઔદ્યોગિક વિસ્તારોમાં વૈશ્વિક કંપનીઓના એકમો પણ ઉત્પાદનક્ષેત્રે કાર્યરત છે. વીસથી વધારેની સંખ્યામાં વિદેશી કંપનીઓના સહયોગવાળા ઉત્પાદન એકમો વાપીમાં છે. ગયા વર્ષે આ વિસ્તારમાંથી વાર્ષિક નિકાસ રૂ. ૧૫૦૦૦ કરોડથી વધુ થઈ છે. રાસાયણિક ઉદ્યોગો ઉપરાંત વાપીમાં ૪૮ પેપર

મિલો છે જે દેશમાં ઉત્પન્ન થતા કાગળના ૫૦% જેટલા કાગળ-પદાર્થોનું ઉત્પાદન કરે છે. આ અંગેની અનોખી અને ગર્વ લેવા જેવી બાબત એ છે કે આ બધી મિલો તેમના કાચા માલ તરીકે પુનઃવપરાશની પ્રક્રિયા થયેલા પદાર્થોનો ઉપયોગ કરે છે. આ વિસ્તારના ઔદ્યોગિક કર્મચારીઓના પરિવારો માટે વાપીમાં સંખ્યાબંધ શાળાઓ, કૉલેજો અને સુસજ્જ હૉસ્પિટલો છે. આર્થિક વિકાસે બેંકર્સને આ વિસ્તારમાં પોતાની શાખાઓ સ્થાપવા આકર્ષ્યા છે. વાપીમાં આજે લગભગ બધીજ રાષ્ટ્રીય, વિદેશી અને સહકારી બેંકોની સેવા પ્રાપ્ય છે. સરીગામ પણ બીજા રાસાયણિક એકમ તરીકે ઝડપથી વિકસી રહ્યું છે. ત્યાં આજે આશરે ૩૫૦ રાસાયણિક એકમો કાર્યરત છે અને બીજા અનેક એકમો શરૂ થવાની પ્રક્રિયામાં છે. આવતા વર્ષોમાં સરીગામ પણ દેશનું બીજું વિશાળ રાસાયણિક વસાહત બની જશે તેવી ભરપૂર શક્યતા છે. ઉમરગાંવ પણ એન્જિનિયરિંગ એકમો સાથેનું ગુજરાતનું સૌથી જૂનું જીઆઈડીસીનું ઔદ્યોગિક વસાહત છે. મુંબઈની નજીક હોવાથી આ ઔદ્યોગિક વસાહતને પણ ભરપૂર ઔદ્યોગિક વિકાસ પ્રાપ્ત થયો છે. અને અનેક રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કંપનીઓએ ઉમરગાંવમાં પોતાના એકમો સ્થાપ્યાં છે.

આ ત્રણ ઔદ્યોગિક વસાહતોના ઔદ્યોગિક એકમો સંયુક્ત રીતે ૧.૨૫ લાખથી વધુ લોકોને પ્રત્યક્ષ રીતે અને ૫ લાખથી વધુ લોકોને પરોક્ષ રીતે રોજગારી પૂરી પાડે છે. આ ઔદ્યોગિક વસાહતોમાં દેશના લગભગ બધા જ ભાગોમાંથી લોકો કામ કરવા આવ્યા છે અને અહી વસ્યા છે. અહી વિવિધ પ્રાંત, જાતિ, ધર્મના લોકો સાહજિકતાથી સુમેળમાં રહે છે જેથી આ વિસ્તારોમાં સદા શાંતિ અને સંવાદિતા જળવાઈ રહ્યાં છે.

ભૌગોલિક સ્થાન અને એકંદર સાનુકૂળ પરિસ્થિતિને લીધે આ વિસ્તાર ગુજરાતના ‘ફ્રેઈટ કોરિડોર’નું સુવર્ણ દ્વાર બન્યું છે. તે પણ આ વસાહતોની પ્રગતિ તથા વધુ વિકાસની સંભાવનામાં ધરખમ વધારો કરે છે.

આપણને એવા સંખ્યાબંધ દૃષ્ટિવંત અગ્રણીઓનો લાભ મળ્યો છે જેમણે આ વસાહતો, તેના ઉદ્યોગો અને નાગરિકોના વિકાસ અને પ્રગતિ માટે આધાર પૂરાં પાડયાં છે. આવા તેમના અવિરાત પ્રયાસો અને સહયોગ વડે આ વિસ્તાર આવનાર ટકાઉ વૃદ્ધિ અને સમૃદ્ધિના નવા યુગમાં પ્રવેશવા પૂર્ણ સજ્જ છે.

**મિલન આર. દેસાઈ**

અધ્યક્ષ, આર. કે. દેસાઈ ગ્રૂપ ઑફ કૉલેજીસ્, વાપી



# ઉદ્યોગમાં ટ્રસ્ટીશિપનો અમલ

શ્રી અશ્વિન શ્રોફ

એકસેલ ઈન્ડસ્ટ્રીઝની સ્થાપના ૧૯૪૧ માં થઈ હતી. આ તેનું ૭૭ મું વર્ષ છે. મૂળ કચ્છના એવા શ્રી ચાંપરાજભાઈ શ્રોફ અને શ્રોફ પરિવારે આ ઉદ્યોગ શરૂ કર્યો હતો. હાલમાં એકસેલ જૂથમાં ઉત્પાદન કંપનીઓ ઉપરાંત સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ મોટા ભાગે પશ્ચિમ ભારતમાં અને વિશેષ કરીને ગુજરાતમાં કાર્યરત છે.

## એક્સેલ જૂથનું ગુજરાતમાં ઔદ્યોગિક અને સામાજિક ક્ષેત્રે યોગદાન :

એકસેલનું કેન્દ્રસ્થ કામકાજ રસાયણો અને ખાસ કરીને કૃષિ-રસાયણો છે, તેથી ખેડૂતો, ખેતી અને ગ્રામ્ય સમુદાયો સાથે અમે નિકટપણે સંકળાયેલા છીએ. સ્વામી વિવેકાનંદ અને મહાત્મા ગાંધી દ્વારા પ્રસારિત રાષ્ટ્રીયતાની ભાવના અને પ્રાચીન ભારતીય મૂલ્યોનું શરૂઆતથી જ કંપનીના સ્થાપકો દ્વારા અનુસરણ કરવામાં આવ્યું છે.

તેથી રસાયણો, બીજા ઉત્પાદનો અને સેવાઓમાં સંશોધન, ઉત્પાદન અને વેચાણ માટે વાણિજ્ય અને વ્યાવસાયિક સંસ્થાઓ ઊભી કરવામાં અને તેના સંચાલનમાં સ્વદેશી, આંતરિક સાધનસામગ્રી અને નૈતિકતા આધારિત વ્યવહારો દ્વારા કંપનીએ માત્ર આર્થિક નફો કે માત્ર નાણાકીય હેતુઓ નહી પરંતુ તકનિકી અને વ્યવસ્થાપકીય કુશળતા તથા સંસાધનો રાષ્ટ્રને અને સમાજને આપતા રહેવું તેવી સતત ખેવના રાખી છે.

ગાંધીજીની કલ્પના અને સૂચન કે ધંધા પર માલિકોનો એકાધિકાર નથી. માલિકો તો નિર્માણ પામતી-વિકસતી સમૃદ્ધિના રખેવાળ-અભિરક્ષક કે ટ્રસ્ટી છે. ટ્રસ્ટીશિપની સમાજને પરત આપવાની ભાવનાને વ્યવહારમાં (કોર્પોરેટ સોસિયલ રિસ્પોન્સિબિલિટી) અપનાવવી જોઈએ. અમારા એકસેલ જૂથની કંપનીઓ-સંસ્થાઓમાં આ ખ્યાલ દ્દઢપણે વણાઈ ગયો છે.

અમારા જૂથની કંપનીઓ જેવી કે, એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, એક્સેલ ક્રોપ કેર લિમિટેડ, ટ્રાન્સપેક ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ટ્રાન્સપેક-સિલોક્ષ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, એગ્રોસેલ, અનશૂલ સ્પેશ્યાલિટી મોલેક્યુલ્સ, કચ્છ ક્રોપ સર્વિસિઝ, ટ્રાન્સમેટલ લિમિટેડ વગેરે એકમો મુંબઈ, ભાવનગર, વડોદરા, કચ્છ અને મહારાષ્ટ્રમાં બજારના કેટલાક ક્ષેત્રો, ખાસ કરીને એગ્રોકેમિકલ્સમાં દેશ માટે તથા નિકાસ માટે રસાયણો અને બીજા ઉત્પાદનો પૂરાં પાડે છે. આ કંપનીઓમાં બનતા રસાયણોમાં મોટા ભાગના તો દેશમાં પ્રથમ વખત જ બનતા હોય

તેવા છે. મોટા ભાગના કર્મચારીઓ, કાર્યકરો હંમેશાં સ્થાનિક હોય છે. અમારી આ મોટા ભાગની કંપનીઓમાં જોખમી કે પ્રદૂષણકારક ગણાતા હોય તેવા રસાયણો બને છે તેથી અમે સુરક્ષા તથા પર્યાવરણની જાળવણી બાબતે અત્યંત સાવધ રહીએ છીએ અને કોઈ બાંધછોડ કરતા નથી. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી કાચો માલ સ્વદેશી જ પસંદ કરીએ છીએ, જે દેશના અન્ય ઉદ્યોગોને પ્રોત્સાહિત કરે છે. ઉપરાંત અમારી આ કંપનીઓ ઉત્પાદનોની મોટા પાયે નિકાસ કરે છે. મૂલ્યવાન વિદેશી વિનિમય દેશમાં આણે છે. એકસેલ જૂથનું વાર્ષિક વેચાણ રૂ. ૩૦૦૦ કરોડ (૨૦૧૮) થી વધુ છે અને આશરે ૩૦૦૦ થી વધુ (૨૦૧૮) લોકો રોજગારી મેળવે છે.

સામાજિક યોગદાન બાબતે, એકસેલ જૂથ પોતાના સક્રિય સ્વૈચ્છિક સામાજિક સેવાભાવી એકમો, જેમાનાં કેટલાક ૪૦ થી વધુ વર્ષો પહેલાંથી, સમાજના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે. શ્રોફ પરિવારના સભ્યો આ સંસ્થાઓના સ્થાપકો, સક્રિય માર્ગદર્શકો અને સતત સહભાગી રહ્યા છે તેની અમને ખુશી અને ગૌરવ છે. એ બાબતે વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઇનીંગ ઇન્સ્ટિટ્યૂટ (વિ.આર.ટી.આઈ.-કચ્છ, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્ર) શ્રુજન અને એલએલડીસી (લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઇન સેન્ટર - કચ્છ) શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ (એસ.એફ.ટી. - વડોદરા, છોટાઉદેપુર, કચ્છ) સી.સી. શ્રોફ સેલ્ફ હેલ્પ સેન્ટર (મહારાષ્ટ્ર, ગુજરાત) આતાપી, એનસીસીએસડી, સીસીએસઆરઆઈ વગેરે સંસ્થાઓનો આમાં સમાવેશ થાય છે.

આ સંસ્થાઓના મુખ્ય કાયક્ષેત્રોમાં કૃષિ અને ખેડૂતો, જળપ્રબંધન (દુષ્કાળ પ્રતિકારક પગલાં, ચેકડેમ અને વોટરશેડ, નદીસ્ત્રાવ વ્યવસ્થાપન) ગટરના પાણીનો યોગ્ય પ્રક્રિયા બાદ પુનઃ વપરાશ, જમીનમાં ખારાશ-ક્ષારીયતા વધતી અટકાવવી, ટપક સિંચાઈ દ્વારા પાણીનો જવાબદારી પૂર્વકનો ઉપયોગ, મિશ્ર (કોમ્પોસ્ટ) ખાતર તથા તેના વિશેનાં જ્ઞાન-માહિતીના વિતરણ અને વિસ્તરણ દ્વારા જમીનની ફળદ્રુપતાની સંભાળ, જમીનપરીક્ષણ ઉપકરણો અને સેવાઓ, કૃષિ સેવા કેન્દ્રો દ્વારા ખેતી માટે જરૂરી ખાતર, પાણી, દવાઓ, સાધનો વગેરેની માલ-સામાન તથા સલાહ સેવાઓ, ખેત-પેદાશોના ખરીદ-વેચાણનું સંકલન, (કાર્બનિક ખેતી વિશે સલાહ તથા પ્રમાણીકરણ આબોહવા અને હવામાન વિશે આંકડા સંગ્રહણ તથા તેનું માહિતી પ્રસારણ અને એફપીઓ (ફાર્મર પ્રોડયુસર ઓર્ગેનાઇઝેશન) કંપનીઓની રચના કરીને આબોહવા-પરિવર્તન વિશે સમય સમય પર બદલાતી આબોહવાને અનુકૂળ પાકો-ખેતી વિશે સુયોગ્ય માહિતી અને માર્ગદર્શન પૂરાં પાડવા વગેરેનો સમાવેશ થાય છે.

ખેડૂતોને મદદરૂપ થાય અને વરસ દરમ્યાન તેને બહુસ્ત્રોતોમાંથી વધુ આવક થાય તે માટે આ સંસ્થાઓ દ્વારા પશુપાલન અને મિશ્રખેતી માટે જરૂરી સંસાધનો વિકસાવવામાં આવે છે. પશુઆહાર માટે સુવિધાપૂર્ણ ખરીદી તથા એનડીડીબી, મોટી ડેરી સંસ્થાઓ સાથે જોડાણ કરીને દૂધ એકઠું કરવાનું અને ગુણવત્તાસહ ત્યાં પહોંચતું થાય તે માટેનું સંકલન કરવામાં આવે છે. આદિવાસી-ખેડૂતો, મહિલાઓ અને યુવાઓમાં કૌશલ્યનિર્માણ અને ઉદ્યોગોમાં રોજગારીની

સાથોસાથ તેમના વિકાસ અને પ્રગતિ માટે વિશેષ ધ્યાન અને કાળજી લેવામાં આવે છે, હસ્તકલા કસબીઓ, ખાસ કરીને ગ્રામ્ય મહિલાઓ માટે રોજગારી-આજીવિકા નિર્માણ કાર્યો અસરકારક રીતે થઈ રહ્યાં છે.

મહિલાઓ, ખાસ કરીને વિધવાઓ તથા દિવ્યાંગોને સવિશેષ કાળજી રાખી જરૂરી સહાય પૂરી પાડવામાં આવે છે. વાવાઝોડા, ભૂકંપ જેવી મોટી કુદરતી આપત્તિના સંજોગોમાં 'આપત્તિ વ્યવસ્થાપન'માં કચ્છ નવનિર્માણ અભિયાન જેવી છત્ર સંસ્થાઓ ઊભી કરીને સંકલિત રાહત-પૂનઃર્વસન કાર્યમાં અમારા કાર્યકરો ઉત્કૃષ્ટ કૌશલ્ય પ્રાપ્ત છે.

સમાપનમાં એ જાણવું પણ ઉપયોગી છે કે અમારા જૂથની સંસ્થાઓ સરકારી યોજનાઓ અને જરૂરિયાતમંદ લાભાર્થીઓ વચ્ચે સંવાદિ-સક્રિય સેતુ તરીકેની ફરજ બજાવે છે અને જવાબદાર નાગરિકો અને સમુદાયોની રચના કરવામાં અમૂલ્ય સહયોગ કરે છે.

---

**શ્રી અશ્વિન શ્રોફ –** એક્સેલ જૂથની કંપનીઓના ચેરમેન, મેનેજિંગ ડાયરેક્ટર તેમજ વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ છે.



# વિકાસશીલ ગુજરાત
# મારી યાદો

**સુશ્રી સ્મિતા શાસ્ત્રી**

મારા પિતાશ્રી ડૉ. મુકુંદભાઈ શાહ અને માતુશ્રી લીલાબેન અમદાવાદ શહેરમાં મામુનાયકની પોળમાં રહેતાં હતાં. પિતાશ્રીનું દવાખાનું ઝવેરીવાડના નાકે રિલીફ રોડ પર હતું.

હું લગભગ ૭ વર્ષની હતી અને મારાં પિતાશ્રીએ ઉસ્માનપુરા ખાતે આવેલી વિદ્યાનગર સોસાયટીમાં બંગલો બનાવ્યો અને અમે ત્યાં રહેવા ગયાં. માતા-પિતા ગાંધીબાપુની વિચારધારામાં ખૂબ જ શ્રદ્ધા ધરાવતા અને ખાદીનાં જ વસ્ત્રો પહેરતાં. ઉસ્માનપુરામાં અમારી સોસાયટીની બાજુમાં જ ગૂજરાત વિદ્યાપીઠ હતી. તેથી તેમણે મને ત્યાંની સ્કૂલમાં દાખલ કરી.

રોજ મારે રેંટિયો ઊંચકીને અને ચોપડાનું દફ્તર લઈને ચાલીને વિદ્યાપીઠ જવાનું. વિદ્યાપીઠમાં સ્વાશ્રયને ખૂબ જ મહત્ત્વ અપાતું. રોજના ત્રણ થી ચાર પીરિયડમાં રૂને લોઢવાનું, પૂણી બનાવવાની, કાંતવાનું આમ જુદા જુદા કાર્યો કરવાનાં અને તેની શિસ્તબદ્ધ તાલીમ અપાતી.

કીચન-ગાર્ડનમાં સફાઈ કરવાની, વાળવાનું, પોતવાનું, ડબ્બાવાળા સંડાસ સાફ કરવાનાં. આમ અનેક કાર્યો જાતે જ કરવાની તાલીમ મળી અને તે પણ અમદાવાદમાં રહેતાં હોવાથી.

હું માત્ર ૧૪ વર્ષની હતી ત્યારે મારા પરિવાર સાથે લાલ દરવાજા પર એક મોટી સભામાં હાજરી આપવાનું બન્યું હતું. મહારાષ્ટ્ર રાજ્યમાંથી અલગ, ગુજરાતને સ્વતંત્ર રાજ્યનો દરજ્જો મેળવવાની ચળવળના ભાગરૂપે આ સંમેલન હતું. કેટલાક દિવસના ઉપવાસ બાદ શ્રી મોરારજી દેસાઈ આ સભાને સંબોધવાના હતા.

અચાનક જ આ સભામાં ભારે અવ્યવસ્થા સર્જાઈ, પથ્થરમારો શરૂ થઈ ગયો, એક મોટો પથ્થર મારા માથા પર લાગ્યો. માથામાં મોટી ઈજા થઈ અને પુષ્કળ લોહી વહેવા લાગ્યું, હું બેભાન થઈ ગઈ. બીજા અનેક લોકોને પણ ઈજા થઈ. કેટલાક લોકોએ આ ચળવળમાં પ્રાણ પણ ગુમાવ્યા હતા. એ મહાગુજરાત આંદોલન હતું જેના પરિણામ સ્વરૂપ આખરે ૧૯૬૦માં અલગ ગુજરાત રાજ્યનો જન્મ થયો.

મારો સમગ્ર પરિવાર રાજકીય ક્ષેત્રે સક્રિય રીતે સંકળાયેલો હતો. મારા કાકા શ્રી મનુભાઈ શાહ પંડિત જવાહરલાલ નહેરુ મંત્રીમંડળમાં ઉદ્યોગપ્રધાન હતા.

હું પદ્મભૂષણ શ્રીમતી મૃણાલિની સારાભાઈ દ્વારા સ્થાપિત નામાંકિત નૃત્ય અકાદમી

'દર્પણ'ની વિદ્યાર્થિની હતી. ખૂબ નાનપણથી મેં દર્પણના કેટલાક કાર્યક્રમોમાં આગળ પડતો ભાગ લીધો હતો. તે દિવસોમાં શાસ્ત્રીય નૃત્યો શીખનારાઓની સંખ્યા જૂજ રહેતી.

વિદ્યાનગર હાઈસ્કૂલની વિદ્યાર્થિની તરીકે અને કલાવિદ્-કલામર્મજ્ઞ પ્રિન્સિપાલ શ્રી હિંમતભાઈ કપાસીની પ્રેરણા અને આગ્રહથી મહારાષ્ટ્ર આંતરશાળાની શાસ્ત્રીય નૃત્યની સ્પર્ધામાં નાની વયે ભાગ લેવાનું બન્યું.

સમગ્ર મહારાષ્ટ્ર આંતરશાળા સ્પર્ધામાં મને પ્રથમ ઇનામ મળ્યું. આથી મને અમદાવાદના કલાકાર વૃંદમાં સારી એવી ખ્યાતિ પ્રાપ્ત થઈ.

મહાનુભાવો જ્યારે મુલાકાતે આવતા ત્યારે મને અનેક વખત રાજભવનમાં નૃત્ય કાર્યક્રમોમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવતું. માનનીય રાજ્યપાલ શ્રી મહેંદી નવાઝ જંગ મારી સાથે પુત્રી સમાન વ્યવહાર કરતા.

પૂ.શ્રી કસ્તુરભાઈ લાલભાઈ, આપણા પ્રથમ નગરપતિ શ્રી ચિનુભાઈ શેઠ, શ્રી જયકૃષ્ણ હરવલ્લભદાસ અને અમદાવાદના અન્ય જાણીતા શ્રેષ્ઠીઓ ઉગતા કલાકારોની પ્રતિભાના વિકાસ માટે સક્રિય રીતે ટેકો આપતા અને પ્રતિભાસંપન્ન યુવાઓ માટે પુષ્કળ અવસરો પેદા કરતા. આવી અવારનવાર તકોએ મારા માટે અનુભવસિદ્ધ એવી વિશિષ્ટ કારકિર્દીનું નિર્માણ કર્યું છે.

આનું મહત્ત્વનું પાસું એ બન્યું કે અમે મુખ્યમંત્રી, અન્ય મંત્રીઓ, યુનિવર્સિટીના કુલપતિઓ, કુલસચિવો તથા ઉચ્ચ હોદ્દા પરના અધિકારીઓને સહેલાઈથી મળી શકતા. આવા સકારાત્મક વાાતવરણને લીધે અમારું સહુનું નૃત્યશિક્ષણ મક્કમ, આત્મવિશ્વાસ સભર બન્યું.

સરકાર કે યુનિવર્સિટી દ્વારા યોજાતા દરેક સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમો માટે અમને હંમેશાં આમંત્રણ મળતું.

મીડિયા-માધ્યમો દ્વારા પણ અમને પ્રોત્સાહક પ્રતિભાવ મળતો જેથી અમે શ્રેષ્ઠ પ્રદર્શન કરવા ઉત્સુક રહેતા. ગુજરાત સમાચારના આદરણીય શ્રી શાંતિભાઈ શાહ, સંદેશના શ્રી ચીમનભાઈ પટેલ અને શ્રીમતી લીલાબેન પટેલ, પ્રભાતના શ્રી કકલભાઈ કોઠારી અને બીજા સહુ વિવિધ પ્રકારે સહાયક બનતા. તેમની ભાવનાત્મક પ્રેરણાથી અમારી સિદ્ધિ ઝળકી ઊઠતી.







મારા અનુભવના આધારે હું કહી શકું કે વ્યક્તિને અને તેની પ્રવૃત્તિઓને ઉત્કટ શોખ અને સ્વીકારેલા ધ્યેય પ્રતિ વચનબદ્ધતાને સુયોગ્ય આકાર આપવામાં માતાપિતા, ગુરુ, પરિવાર, બાળકો સહુ બહુ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

મારા વિદ્વાન ગુરુઓને હું કેમ ભૂલી શકું ? ગુરુજી શ્રી ચાતુન્ની પાણિકરજીએ મને ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે જરૂરી ઊર્જાનું અવતરણ અને તેમાં વૃદ્ધિ થકી પરિમાણ પરિવર્તન પ્રાપ્ત કરવાની તાલીમ આપી.

વિદ્વાન ગુરુજી શ્રી કિટપ્પા પિલ્લાઈજીએ નૃત્ય અને અભિનયમાં સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્પષ્ટતા સાથે મારા નૃત્યને સર્વાંગસંપૂર્ણ બનાવવા મહેનત કરી. એક શાસ્ત્રીય નૃત્યાંગના અને પ્રશિક્ષક તરીકે આપણી આ દિવ્ય સાંસ્કૃતિક વિરાસતને મહત્ત્વની ભવ્યતાસહ આગળ ધપાવાવનું અમારું સહુનું ઉત્તરદાયિત્વ બને છે તે તેમણે મને શીખવ્યું.

મારા ખૂબ પ્રેમાળ અને સંશોધક વિદ્વાન ગુરુજી શ્રી સી. આર. આચાર્યજીએ કુચીપુડી શૈલીના અદ્‌ભુત નૃત્યનો મને પરિચય કરાવ્યો અને આ સુંદર નૃત્ય પ્રકારને મારા આત્મા સાથે એકાકાર કરાવવામાં મને જાદુઈ ઊંચાઈ અપાવી. કેટલીક વિરલ નૃત્ય વિષયવસ્તુમાં પદ્ધતિસરની તાલીમ આપી, જે મને આજે પણ અસાધારણ પ્રતિષ્ઠા અપાવે છે. મારા માટે આ દુર્લભ નજરાણું છે.

રાજરાજેશ્વરી ભારતનાટ્ય કલા મંદિર, મુંબઈના મારા અતિ વિદ્વાન ગુરુજી શ્રી કે. કલ્યાણસુંદરજીએ મને ક્રમ સાથેની અલૌકિક અને જટિલ એવી હિલચાલની તાલ પ્રણાલીનો પરિચય કરાવ્યો કે જે પેઢી દર પેઢીથી મહાન પ્રભાવશાળી નટુવનર ઘરાના સાથે સંકળાયેલી છે.

હું ભાગ્યશાળી છું કે નર્તન સ્કૂલ ઑફ ક્લાસિકલ ડાન્સ, અમદાવાદની મારી નૃત્ય પ્રશિક્ષણ સંસ્થામાં છેલ્લા ૪૮ વર્ષમાં ૭૦૦૦ થી વધુ શિષ્ય, શિષ્યાઓને ભરતનાટ્યમ્ અને

કુચીપુડીના શાસ્ત્રીય નૃત્યો સારી રીતે શીખવી શકી છું. કડક અને સખત મહેનત માંગતી આ તાલીમ માટે આવનારા વિદ્યાર્થીઓ તથા વાલીઓની હું હૃદયપૂર્વકની આભારી છું. આ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરવા સખત શ્રમ કર્યો છે અને આપણા આ અલૌકિક વારસાને ઉન્નત રાખવા જ્યોતિર્ધર પથપ્રદર્શક બની રહ્યા છે. પૂર્ણપ્રતિબદ્ધ અને જવાબદાર નૃત્ય કળાકારમાં તેઓને પરિવર્તિત કરવામાં તેમણે મને શ્રદ્ધાપૂર્વક સહયોગ આપ્યો પરિણામે મારા આ સિદ્ધહસ્ત શિષ્યો-શિષ્યાઓ જીવનમાં સફળ રહ્યાં છે, એકધારા અનેક પુરસ્કારો અને પ્રશસ્તિ પામ્યાં છે.

અમે 'નર્તન' ખાતે ગુજરાતના અધિકૃત લોકનૃત્યોને પારખવાનો પ્રૉજેક્ટ હાથ ધર્યો હતો. ઊંડી અપેક્ષાયુક્ત અને અતિ વિશાળ એવો આ પ્રૉજેક્ટ હતો, તે પૂર્ણ રીતે સફળ થયો અને હૃદયગમ બની રહ્યો. ગુજરાતના વિવિધ પ્રદેશોના અનેક મોહક લોકનૃત્યોને અમે શીખ્યા અને ફરી પ્રવર્તિત કરાવ્યા, તેમને દેશમાં અને પરદેશમાં રજૂ કર્યા અને પ્રત્યેક જગ્યાએથી પ્રશંસા અને કદર પ્રાપ્ત કર્યા.

૧૯૯૬ થી ૧૯૯૭ દરમ્યાન ગુજરાત સ્ટેટ સંગીત નાટક એકેડમીના અધ્યક્ષા તરીકે, સાંસ્કૃતિક વિભાગના આપણા દૃષ્ટિવંત સચિવ સુશ્રી આઈ.એ.એસ. સ્વતંત્રા શેખો તરફથી ખૂબ જ સર્જનાત્મક સહયોગ મળ્યો. તેઓના સહકાર અને પ્રોત્સાહનથી તેમજ મારા જૂથના પદ્મભૂષણ શ્રીમતી કુમુદિની લાખિયા, શ્રી માર્કન્ડ ભટ્ટ, શ્રી આર. સી. મહેતા, શ્રી કૈલાશ પંડ્યા, પ્રોફેસર ચિનુભાઈ નાયક, શ્રી રાસબિહારી દેસાઈ, શ્રી જનાર્દન રાવલ, પ્રોફેસર સુભાષ બ્રહ્મભટ્ટ, શ્રી નયન ભટ્ટ, શ્રી ભદ્રાયુ ધોળકિયા વગેરે જેવા મારા જૂથના વરિષ્ઠ કલાકારોના સહકારથી અમે અનેક કાર્યક્રમો દ્વારા સંગીત નાટક એકેડમીને વિવિધતા વિપુલતાથી ભરીભરી કરી અને ગુજરાતના ઉગતા યુવા કલાકારોની પ્રગતિ માટે અનેક નવા પ્રૉજેક્ટ હાથ પર લઈ શક્યા.

ગુજરાતે અને અમદાવાદે, મારા તાલીમના દિવસોથી પૂર્ણ વિકાસના તબક્કા દરમ્યાન ગૌરવવંતા ગુજરાતી હોવાની અનોખી લાગણી સાથે મારા વિકાસ-પ્રગતિમાં અત્યંત સહયોગ આપ્યો છે.

---

**સ્મિતા શાસ્ત્રી :** (સ્થાપક-નિયામક-નર્તન સ્કૂલ ઑફ ક્લાસિકલ ડાન્સ અને નર્તન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પર્ફોર્મિંગ આર્ટ્સ, તેમણે ગુજરાતમાં શાસ્ત્રીય નૃત્ય સંસ્કૃતિને વિકસાવી છે.)




# ગુજરાતનો વિકાસ મારાં સંસ્મરણો

**પ્રોફેસર વાય. એસ. રાજન**

અમદાવાદમાં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (પી.આર.એલ.)માં ડૉ. વિક્રમ સારાભાઈ જૂથમાં કોસ્મિક કિરણોમાં પીએચ.ડી.ના અભ્યાસ માટે જુલાઈ, ૧૯૬૪માં હું જોડાયો. બે વરસના સમયમાં ઈસરોમાં મને ઍન્જિનિયર તરીકે મૂકવામાં આવ્યો. ભારતનું ઉપગ્રહ સંચાર માટેનું પ્રથમ અર્થ સ્ટેશન ત્યારે અમદાવાદમાં નિર્માણ પામી રહ્યું હતું. પીઆરએલના વૈજ્ઞાનિકોના એકંદર નેતૃત્વ હેઠળ દક્ષિણ ભારતમાં રોકેટ છોડવા માટેનું અવકાશ તકનિકી કેન્દ્ર આકાર પામી રહ્યું હતું. ભારતના ગૌરવ સમાન અવકાશ કાર્યક્રમનું ઉદ્ભવ સ્થાન પીઆરએલ હતું. અમે માત્ર ગુજરાત વિશે નહીં પરંતુ સમગ્ર ભારતનું આમૂલ રૂપાંતર થાય તે બાબતે વિચારતા હતા. દીર્ઘ દૃષ્ટિવંત વિક્રમભાઈનું એ સ્વપ્ન હતું. ગુજરાતને નિઃસદેહ આનો અપાર લાભ થયો. વિશાળકાય વિશ્વવિખ્યાત અવકાશ ઉપક્રમ કેન્દ્ર સ્પેસ એપ્લિકેશન સેન્ટર-ઈસરો, અમદાવાદમાં છે.

વિશ્વનું પ્રથમ ઉપગ્રહ, સૂચના ટેલિવિઝન પ્રયોગ-સેટેલાઈટ ઈન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન એક્સપેરિમેન્ટ (એસઆઈટીઈ), નાસા ઉપગ્રહની મદદથી ૧૯૭૫માં સ્થાપવામાં આવ્યું તેનું મુખ્ય સંકુલ આણંદ પાસે બન્યું. ગુજરાતના અનેક જિલ્લાઓમાં દૂરથી ભૌતિક ગુણધર્મો શોધવા-માપવાના પ્રયોગ હાથ ધરવામાં આવ્યા હતા. પ્રાકૃતિક સંસાધનોના પ્રબંધનથી જીઆઈએસ (જીઓગ્રાફિક ઈન્ફોર્મેશન સિસ્ટમ)થી લઈ ઈ-શાસન સુધીના દેશમાંના અવકાશ અનુસંધાનનો મહત્તમ ઉપયોગ કરવાનો ગુજરાતને ફાયદો થયો.

અમદાવાદના મારા કાર્યકાળ દરમ્યાન મારા ધ્યાનમાં આવ્યું કે સામાન્ય રીતે ગુજરાતીઓ વ્યાપાર ધંધામાં રુચિ અને કુનેહ ધરાવતા લોકો છે. ગુજરાતમાં અત્યંત કુશળ ટેકનિશયનો પણ છે. નિર્ધારિત ચુસ્ત સમયપત્રક પ્રમાણે રોકેટ પે-લોડ કરી શકતા. જે રીતે તેઓ ટેકનિકલ કામો કરતા હતા તે અદ્ભુત હતું. રોકેટ માટેના નાનામાઈક્રોવેવના પાર્ટ્સ મને રતનપોળના વિસ્તારોમાંથી (૧૯૬૬-૬૯) મળ્યા હતા. અમારા એક કામદાર કર્મચારી રતિલાલ પંચાલે પરદેશથી આવતા કનેક્ટરોને જોઈને, નોકરીના સમય બાદ પોતાના વર્કશોપમાં પોતે બનાવેલા ઘટકો લાવીને કહેતો. 'સાહેબ આને ટેસ્ટ કરી જુઓ ને!' તેણે પોતાની આરએફ રેડિયો ફ્રીક્વન્સિ / માઈક્રોવેવ કનેક્ટર બનાવવાની કંપની ઊભી કરી. સમગ્ર ભારતમાં સંરક્ષણ સંસ્થાનોમાં એ આ પાર્ટ્સ પૂરા પાડતો થયો હતો. અમદાવાદના બીજા

નાના ઉદ્યોગોને પણ એ ટેક્નિકલ પુરજાઓ પૂરા પાડતો. આપણા સમાજશાસ્ત્રીય સંશોધકોએ ગુજરાતના આ પાસાંનો અભ્યાસ કરવા જેવો છે. અહીંના કર્મચારીઓ - કામદારોમાં રહેલી સાહજિક કુશળતા અને શીખવાની કાબેલિયતવાળી આવી વ્યક્તિઓ તેમને માટે આઈટીઆઈ કેન્દ્રો ચાલુ થાય તેવી ક્યારેય પ્રતિક્ષા ન કરતા. ગુજરાતનો વિકાસ માત્ર ઝડપી ઉદ્યોગીકરણ અને મૂડી રોકાણોને લીધે નહીં પરંતુ આવા કુશળ કોઠાસૂઝ કાર્યકરોને કારણે થયો છે. તે દિવસોમાં ગુજરાતમાં કાપડની મિલોમાં અનેક કામદારો-કર્મચારીઓનું તકનિકી યોગદાન હતું. કાપડ ઉદ્યોગે અનેક ઉચ્ચ હોદ્દા પર દક્ષિણમાંથી પણ લાયક વ્યક્તિઓની ભરતી કરી હતી.

૧૯૬૯માં મારે અમદાવાદ છોડીને અન્યત્ર જવાનું થયું પરંતુ મારા જીવનનો મૂળભૂત ઢાંચો અમદાવાદમાં ઘડાયો છે. મારી કાવ્યપુસ્તિકા 'સંતોપ અને સંવાદિતા - એગોની એન્ડ હાર્મનિ'માં અમદાવાદ વિશે 'એક માણસની કવિતા'માં મારી સંવેદનાઓ મેં વ્યક્ત કરી છે.

મારી ઈસરોની ફરજ દરમ્યાન ઈસરોમાં તેમજ ગુજરાતમાં સંખ્યાબંધ સ્પેસ ઉપક્રમ કેન્દ્રોના નિર્માણમાં હું સક્રિય રહ્યો છું. ઈસરોમાંથી મારે ટીઆઈએફએસી (ટૅકનોલૉજી ઇન્ફોર્મેશન ફોરકાસ્ટિંગ એન્ડ એસેસમેન્ટ કાઉન્સિલ) તકનિકી આગાહીની માહિતી માટે આકારણી પરિષદની સ્થાપના માટે દિલ્હી રહેવાનું થયું છતાં પણ ગુજરાતમાં અનેક લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગ (એસએમઈ) માટે પણ અમારા કાર્યો ચાલુ રહ્યા.

ભારતના દરિયાઈ સંસાધનો અને તેનાં તકનિકી - ઉદ્યોગોની સંભાવનાઓ વિશે અમે એક વિસ્તૃત અભ્યાસ હાથ ધર્યો હતો. જેમાં મહદ્ અંશે ગુજરાતનો સમાવેશ થયો હતો. અમે આઈપીસીએલ તથા સિપ્લા વગેરે કંપનીઓ સાથે પણ ઘનિષ્ઠપણે કાર્ય કર્યું હતું. ૧૯૯૧ પછી ગુજરાતની પ્રગતિમાં ઝડપ આવી છે.

ટીઆઈએફસીએ ૨૦૦૧ના ભૂકંપ પછી સોંઘા આશ્રયસ્થાનો પૂરા પાડવાનું જે મહાન કાર્ય કર્યું હતું તે સાથે મારી આ નોંધનું હું સમાપન કરીશ. આ માટે રેસાનો કચરો તથા લાકડાનું ભૂસું વાપરવામાં આવ્યું હતું. એરોસ્પેસ (અવકાસ માટેના હવાઈ જહાજ-યાન બનાવવાના ઉદ્યોગ)માં વપરાતી સમિશ્રિત-કોમ્પોઝિટ તકનિકીનો ઉપયોગ કરી આ પદાર્થોને મજબૂતાઈથી બાંધવામાં આવ્યા હતા. ટીઆઈએફસીએ તકનિકી વિકાસ માટે રોકાણ કર્યું હતું તેવા એસએનઈ (સોશિયલ નેટવર્ક એક્સપોઝર) એકમોમાં ટીઆઈએફસીના બે યુવા વ્યક્તિઓએ આવા આશ્રયસ્થાનોને વિકસાવ્યાં હતાં. આવું એક એકમ વડોદરામાં હતું. ત્યાં પરિવાર રહી શકે તેવા અલગ અલગ ૧૦૦૦ થી વધુ ઓરડા અમે બનાવડાવ્યા હતા. આ કાર્યનું એક રસપ્રદ પાસું એ હતું કે આ ઓરડાઓના સંભવિત રહીશોએ કેટલાક ઓરડાઓ દુકાનો થઈ શકે કે કૌશલ્યનિર્માણ કેન્દ્ર બની શકે તેવા બનાવવા અને જરૂર પડે તો રહેવાના ઓરડાઓની સંખ્યામાં તે પ્રમાણે ઘટાડો કરવાનું અમને સૂચવ્યું હતું. તેઓ એવું ઈચ્છતા ન હતા કે તેમના સંતાનો શરણાર્થીઓ તરીકે ઉછરે. અમે આ સ્વીકાર્યું, એક સ્વૈચ્છિક સંસ્થા તાલીમ-પ્રશિક્ષણના સાધનો આપવા તૈયાર થઈ. એની જે તે લાભાર્થીને, સોંપણી સાયન્સ

એન્ડ ટૅક્નોલૉજી મંત્રી શ્રી મુરલી મનોહર જોશી અને ટીઆઈએફસીએના અધ્યક્ષ ડૉ. અબ્દુલ કલામના હાથે થઈ હતી. ડૉ. કલામ રાષ્ટ્રપતિ થયા પછીનો પ્રથમ પ્રવાસ ગુજરાતનો હતો. તેમણે ભુજમાં ટીઆઈએફએસી દ્વારા તૈયાર કરાયેલી આ વસાહતની મુલાકાત લીધી હતી.

હાલમાં ગુજરાતે ખૂબ પ્રગતિ કરી છે; હજુ પણ મક્કમપણે વિકસી રહ્યું છે. એ યાદ રાખવું જરૂરી છે કે અહીંનો મોટા ભાગનો વિસ્તાર ભૂકપ-સંભવિત ક્ષેત્ર ગણાય છે. ગુજરાતની વિકાસગાથાના ભાગરૂપે ભૂકંપ નુકસાન નિવારક, ભૂંકપ-પ્રૂફ પગલાંઓ અપેક્ષિત છે. ઉપરાંત નવી આધુનિક પ્રૌદ્યોગિક-તકનિકો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, એડિટિવ / સબ્ટ્રેક્ટીવ ઉત્પાદન પ્રક્રિયા, બાયોમેડિકલ તકનિકો, કચરા-પાણીનો ઉચિત પ્રક્રિયા બાદ પુનઃઉપયોગ, સૂક્ષ્મ ચોક્કસાઈથી કૃષિ, સાઈબર સલામતી વગેરે વગેરે ક્ષેત્રોમાં યુવાઓને સમસ્યાઓનો સામનો કરવા તેમજ તેમાં નિપુણ-તજ્જ્ઞ બનાવવા તેમની સહજ આવડતોમાં અદ્યતન જ્ઞાન-માહિતી તથા પ્રશિક્ષણની વ્યાપક જરૂરિયાત રહેશે. ગુજરાત સાથેના મારા સાતત્યપૂર્ણ જોડાણને લીધે મને પૂરી શ્રદ્ધા છે કે નવી પેઢી આવનાર પડકારોને ખૂબ સારી રીતે ઉકેલી શકશે.

**પ્રોફેસર વાય. એસ. રાજન**
ખ્યાતનામ અવકાશ વૈજ્ઞાનિક,
જેમણે 'વિઝન ૨૦૨૦' તૈયાર કર્યું છે.



# ગુજરાતના વિકાસમાં સંચાર વ્યવસ્થાનું યોગદાન

શ્રી બી. એસ. ભાટીયા

વિકાસ માટેના પ્રયાસોમાં સંચાર વ્યવસ્થા બહુ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જ્યારે અન્ય તક્નિકી ઉપાયો ઉપલબ્ધ ન હતા ત્યારે સરકારે કૃષિ તથા આરોગ્ય સેવાઓના સંચાર માટે વિસ્તરણ એકમો સ્થાપ્યા હતા. ટૅક્નોલૉજીના વિકાસ સાથે રાજ્ય સરકારોએ પ્રથમ રેડિયો અને ત્યાર બાદ ટેલિવિઝનનો ઉપયોગ શરૂ કર્યો. અમદાવાદમાં સંચાર વિકાસ માટેનું કેન્દ્ર ઈસરો (ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝન) હોવાથી આ ક્ષેત્રમાં ગુજરાત મોખરે રહ્યું અને તેથી જ કદાચ ગુજરાત ટેલિવિઝન નેટવર્કનો ઉપયોગ કરવામાં પ્રથમ હતું.

સાઠના દાયકાના મધ્યમાં ડૉ. વિક્રમ સારાભાઈ ભારતના દૂર-સુદૂરના ગામડાઓ સુધી ટેલિવિઝનના માધ્યમ દ્વારા પહોંચવા ઉપગ્રહોના ઉપયોગની શક્યતાઓ તપાસતા હતા. નાસા દ્વારા તૈયાર થતા ઉપગ્રહ (એટીએસ-૬) જે ગ્રામ્ય વિસ્તારમાં નાના એવા એન્ટિનાને સિગ્નલો આપી શકે તેમ છે એવું તેમના ધ્યાનમાં આવતા જ તેમણે તરત જ ભારતમાં ગ્રામ્ય ટેલિવિઝન પર સીધા પ્રસારણ પ્રયોગો માટે આ ઉપગ્રહ મેળવવા અમેરિકાના અધિકારીઓનો સંપર્ક કર્યો.

આ પ્રયોગ હેઠળ અમે રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, આંધ્રપ્રદેશ અને કર્ણાટકના અતિ પછાત જિલ્લાઓમાં નિયામક ઉપગ્રહ પ્રસારણ સ્વીકાર રિસીવર સ્થાપ્યા. ગુજરાતમાં સ્થાનિક વિસ્તારને આવરી લેતી લૉ પાવર ટ્રાન્સમિટર-પ્રસારણ વ્યવસ્થા ખેડા જિલ્લામાં પીજ ખાતે પ્રસ્થાપિત કરી. ગુજરાતના વિકાસના સહયોગ માટે ટેલિવિઝનના ઉપયોગની આ શરૂઆત હતી.

નડિયાદ પાસે પીજ ગામ પાસે યુએનડીપી (યુનાઈટેડ નેશન્સ ડેવલેપમેન્ટ પ્રોગ્રામ) દ્વારા આપવામાં આવેલું ટ્રાન્સમિટર મૂકવામાં આવ્યું. આ ટ્રાન્સમિટર અમદાવાદના ઈસરો સ્ટુડિયો સાથે માઈક્રોવેવ લિંક વડે જોડવામાં આવ્યું. કાર્યક્રમો ઈસરો તથા દૂરદર્શન દ્વારા અમદાવાદ ખાતે તૈયાર થતા. ગામડાઓમાં કુલ ૬૦૦ જેટલા ટેલિવિઝન, જેમાંના ૪૦૦ અમૂલ દ્વારા અને ૨૦૦ ગુજરાત સરકારના માહિતી ખાતા દ્વારા મૂકવામાં આવ્યા હતા. વિકાસ કાર્યક્રમો ઈસરો દ્વારા અને સમાચાર તથા સાંપ્રત ઘટનાઓ દૂરદર્શન દ્વાર તૈયાર કરવામાં આવતા. પ્રસારણની આ વ્યવસ્થા ઓગસ્ટ ૧૯૭૫માં શરૂ થઈ જે અમદાવાદ હાઈપાવર ટ્રાન્સમિટર ટેલિવિઝન વ્યાપન ઊભું કરવામાં આવ્યું ત્યાં સુધી એટલે કે ૧૯૮૯ સુધી ચાલુ રહી. અમદાવાદ ટેલિવિઝન વ્યાપનમાં પીજ પ્રસારણને સામેલ કરી દેવામાં આવ્યું.




- ઈસરો દ્વારા ખેતી, આરોગ્ય, પશુપાલન, રોજગાર વગેરે તેમજ અસ્પૃશ્યતા નિવારણ, મહિલાઓનો દરજ્જો, બાળકોના કાર્યક્રમો વગેરે તૈયાર કરવામાં આવતા.
- એ તરત જ સમજાઈ ગયું કે વિકાસલક્ષી કાર્યક્રમોની પરંપરાગત રીતે કે જેમાં જે તે વિષયના તજજ્ઞને સ્ટુડીયો પર બોલાવી, શ્રોતા-દર્શકો માટે તેમના સૂચનોનું પ્રસારણ અસરકારક નીવડતું ન હતું. દર્શકોની, શ્રોતાઓની આવશ્યકતાઓનો સીધો જ માર્ગદર્શક પ્રતિભાવ આપવામાં આવે તે જરૂરી હતું. તેથી ખેતી માટે ખેડૂતો સાથે ચર્ચા કરવા તજજ્ઞને ખેતી-ક્ષેત્રમાં લઈ જવાનું શરૂ કર્યું, આવી રીતે પ્રત્યેક ક્ષેત્રની સમસ્યાઓના નિકાલ માટે જે તે ક્ષેત્રના નિષ્ણાતને સ્થળ પર જ લાવવાના પ્રયાસો શરૂ થયા, કાર્યક્રમો શ્રોતા-દર્શક આધારિત, ક્ષેત્ર આધારિત, જરૂરિયાત આધારિત અને સંશોધન આધારિત થાય તેવા સતત પ્રયત્નો કરવામાં આવ્યા.
- એવું જોવામાં આવ્યું હતું કે નાટક સ્વરૂપે કે ભવાઈ જેવા સ્થાનિક લોકનૃત્ય પ્રકારે રજૂ થતા કાર્યક્રમોની દર્શકતા વધુ રહેતી. મુખ્ય દર્શક-લક્ષ્ય ગરીબ, દલિત વર્ગના પરિવારો હતા કે જેઓ સ્વયં આગળ વધી શકે તે માટે જરૂરી ઉદ્દિપક માહિતી-જાણકારી મેળવે. તે પ્રમાણે કાર્યક્રમોની અંતર્વસ્તુ, રજૂઆત વગેરેની દર્શકોને ધ્યાનમાં રાખીને રચના કરવામાં આવતી. કાર્યક્રમોમાં નીચે મુજબ પ્રયોગો હાથ ધરાયા :

પ્રવર્તમાન સામાજિક અને આર્થિક તંત્રમાંની દમનકારી અને બંધનકારી પ્રણાલીઓને એ રીતે ધ્યાનમાં લાવવી કે જેથી લોકોમાં સમજદારી ઉન્નત બને.

(i) સ્થાનિક બંધનકારી પ્રથાઓમાંથી સામુદાયિક રીતે તેમજ વ્યક્તિગત રીતે મુક્તિ માટે લોકો સ્વયં ગતિશીલ બને.

(ii) વ્યક્તિઓમાં તેમજ સમુદાયમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવું,

(iii) ઉદાસીનતા અને ભાગ્ય પર નિર્ભરતા વગેરેમાં ઘટાડો કરવો.

દર્શકોના સહભાગમાં નાટકીય શૃંખલા ઢબ રચવા મોટા ભાગના પ્રયત્નો કરવામાં આવતા. સમસ્યાઓના નિરાકરણ માટે, સમસ્યાઓનું રેકોર્ડિંગ કરી, નિર્ણયકર્તાઓ સમક્ષ



કે ગ્રામજનો અને નિર્ણયકર્તાઓની અરસપરસ અસરકારક ચર્ચાઓનું આયોજન દ્વારા જે તે પ્રશ્નના નિરાકરણ માટે માધ્યમનો વ્યાપક ઉપયોગ કરવામાં આવતો. અમૂલના પશુચિકિત્સકોને પશુપાલન કાર્યક્રમો તૈયાર કરવામાં પ્રશિક્ષિત કરવામાં આવ્યા હતા. ગ્રામજનોને તેમની આસપાસ બનતી ઘટનાઓનું નિરીક્ષણ કરી વાર્તારૂપે કે સંવાદોરૂપે લખવાની તાલીમ આપવામાં આવી હતી. આ વાર્તાઓ-સંવાદોને ટી.વી. કાર્યક્રમોના ઢાંચામાં પરાવર્તિત કરવામાં આવતા. આમ કાર્યક્રમોને સાચા અર્થમાં સહભાગી સ્વરૂપના બનાવવામાં આવ્યા.

આ પદ્ધતિની પ્રભાવકારી અસરો જાણવા સંશોધન-અભ્યાસ કરવામાં આવ્યો હતો જેમાંથી નીચે પ્રમાણે જાણવા મળ્યું હતું :

- મીડિયા સમસ્યાઓને અને સંબંધિત લોકોને નિર્ણયકર્તાઓ પાસે લઈ જઈને અસરકારક દ્વિમાર્ગી સંચાર માધ્યમ તરીકેનું કાર્ય કરી શકે.
- માધ્યમ જ્યારે દર્શકોની સાંપ્રત સમસ્યાઓ હાથ ધરે છે ત્યારે લોકોની સામેલગીરી-સહભાગિતા તેમજ માધ્યમની વિશ્વસનીયતા મોટા પ્રમાણમાં વધારી થાય છે.
- સંશોધન વડે લોકોની આવશ્યકતાઓ પ્રતિ સંવેદનશીલ પ્રણાલી ઊભી કરવામાં મીડિયા-સંચાર સહાયભૂત બને છે. કાર્યક્રમોની રચના તેમજ રજૂઆતમાં વ્યવસ્થિત તેમજ યોગ્ય અભિગમ અપનાવવામાં પણ મદદ મળે છે. આથી કાર્યક્રમોની એકંદર અસરકારકતા વધે છે.

એક નિરીક્ષક પ્રમાણે (સેમિનાર ડિસેમ્બર, ૧૯૭૮) 'પીજનો અનુભવ ભારતીય પરિપ્રેક્ષ્યમાં' સ્પષ્ટ સંદેશ આપે છે. તદ્દન અસહાય લોકોના અધિકારો રક્ષવા, જ્યાં શક્તિની

જરૂર હોય ત્યાં શક્તિ પ્રદાન કરવા, જાગૃતિ-સાવધાની રાખનાર તરીકેના ટી.વી.ના ઉપયોગ વડે અંતે એ પુરવાર થાય છે કે આપણા દેશની પરિસ્થિતિઓમાં ટેલિવિઝન માટે પોતાની આદર્શ ભૂમિકા ભજવવાનું શક્ય છે.''

કદાચ ટેલિવિઝન કાર્યક્રમોમાં આવો અભિગમ પ્રથમ વખત લેવામાં આવ્યો હતો. સંચાર-અસરકારકતા માટે એ એક અનોખો પ્રયોગ બની રહ્યો.

આ ખેડા સંચાર પ્રૉજેક્ટને ૧૯૮૫માં ગ્રામ્યસંચાર માટે યુનેસ્કોની આઈપીડીસી (ઇન્ટરનેશનલ પ્રોગ્રામ ફોર ધ ડેવલપમેટ ઑફ કોમ્પ્યુનિકેશન)નો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

**પ્રશિક્ષણ અને વિકાસ માટે આંતરક્રિયાત્મક ટેલિવિઝન**

એસ.આઈ.ટી.ઈ. (સેટેલાઇટ ઇન્સ્ટ્રક્શનલ ટેલિવિઝન એક્સપેરિમેન્ટ) અને ખેડાએ સંચારને કેવી રીતે વધુ અસરકારક બનાવી શકાય. તેની ગહન સમજ આપી. લોકોની ભાષામાં ભૂમિગત આધાર તેમજ આંતરક્રિયાવાળા સ્થાનિક સુસંગત કાર્યક્રમોની આવશ્યકતાઓ સ્પષ્ટપણે તરી આવી.

સાથોસાથ ટેલિફોન પર એસટીડીની વધતી જતી ઉપલબ્ધતા એક અગત્યનું વિકાસ સોપાન બન્યું. એસટીડી બાદ મોબાઇલ ફોનની ઝડપી વૃદ્ધિથી એકમાર્ગી વીડિયો, દ્વિમાર્ગી ઓડિયોના માળખાને સ્થાપવામાં સહાયરૂપ બની. ક્ષેત્રીય કર્મચારીઓ અને નિર્ણયકર્તાઓના ગ્રામ્ય કાર્યકરોના શિક્ષણ અને તાલીમ માટે આ આંતરક્રિયાત્મક માળખું ખૂબ અસરકારક રીતે વાપરી શકાયું.

આ માળખા દ્વારા તજ્જ્ઞ પ્રશિક્ષક સમસ્ત રાજ્યમાં ફેલાયેલા, ક્ષેત્રીય કાર્યકરો-કર્મચારીઓ માટે તાલીમ કાર્યક્રમ ચલાવી શકે છે. વિવિધ કેન્દ્રો પર ઉપસ્થિત સહભાગીઓ ટેલિફોન દ્વારા



પ્રશ્નો પૂછી શકે છે અને તેમની સમસ્યાઓ બાબતે સ્પષ્ટતા મેળવી શકે છે. આ પ્રણાલી જાણે કે રાજ્યભરમાં પ્રશિક્ષણ માટે વ્યાપક આંતરક્રિયાત્મક વર્ગખંડ માળખું બની છે.

આરંભમાં ગુજરાતમાં આ માળખાનો શિક્ષકોના પ્રશિક્ષણ માટે ઉપયોગ થયો. પછીથી રાજ્યના અન્ય વિભાગોએ પણ પોતપોતાના ક્ષેત્રીય કાર્યકરોની તાલીમ માટે આ માળખાનો ઉપયોગ કર્યો. આમાં રસપ્રદ બાબત એ પણ છે કે ગોકુળ ગ્રામ યોજના કે ખેતતલાવડી યોજનાઓ જેવા કાર્યક્રમોને આગળ ધપાવવા માટે મુખ્યમંત્રીએ સરપંચો તથા ક્ષેત્રીય કક્ષાના કાર્યકર્તાઓ સાથે વાર્તાલાપ માટે આ માળખાનો ઉપયોગ કર્યો હતો. આ માળખું એટલું બધુ અસરકારક હતું કે તેઓ ગાંધીનગર ખાતે આનું મથક ઊભું કરવાની ઈચ્છા ધરાવતા હતા. બીઆઈએસએજી (ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જ્યો-ઈન્ફોર્મેટિક્સ) ખાતે એક સ્ટુડિયો ઊભો કરી આ અમલમાં મૂકાયું છે. રાજ્યની વિકાસ પ્રક્રિયાને સહાયક એવા આ તાલીમ અને ગ્રામ્યકક્ષાના આંતરક્રિયાત્મક કાર્યક્રમો ગુજરાત સરકારના સંચાર આંતરમાળખાનું અભિન્ન અંગ બની ગયું છે.

તકનિકી પ્રગતિની સાથે બીઆઈએસએજી હવે ઇન્ટરનેટનો ઉપયોગ કરીને અમુક ચેનલો અનેક આંતરક્રિયાત્મક ચેનલો ચલાવે છે. આથી વિકાસને મદદરૂપ થવા સંચાર અને માહિતી તકનિકનો ઉપયોગ કરવામાં ગુજરાત આગળ પડતું સ્થાન ધરાવે છે.


જો કે, પીજ પ્રકારના પ્રસારણો થઈ શક્યા નથી. જો રાજ્યના એલપીટી (લો પાવર ટ્રાન્સમિટર્સ) સ્વૈચ્છિક, બિનસરકારી સંસ્થાઓ તેમજ માહિતી વિભાગને લોકો-લક્ષી કાર્યક્રમો પ્રસારિત કરવા સમય ફાળવે તો આ હજુ પણ શક્ય બની શકે છે. આ દિશામાં સક્રિય વિચારણા થાય તો બ્રોડકાસ્ટ ટેલિવિઝન રાજ્યના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપી શકે તેમ છે.

વર્ષો દરમ્યાન અપેક્ષા પ્રમાણેના હાઈબ્રિડ માળખા (નેટવર્ક)ને સાકાર થતું રાષ્ટ્રએ જોયું છે અને સમગ્ર દેશ ટીવી. એચપીટી અને એલપીટી વડે આવરી લેવાયો છે. આંતરક્રિયાત્મક ચેનલો સાથેના પ્રયોગોએ ગુજરાતમાં અને અન્ય કેટલાંક રાજ્યોમાં કાર્યકારી માળખા (નેટવર્ક) ઊભા કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. અલબત્ત, વ્યાપારીકરણના પરિબળો સામે વિકાસલક્ષી તેમજ માહિતીવંચિત દર્શકો માટે ટેલિવિઝનનો ઉપયોગ નબળો પડ્યો છે. કેન્દ્રિય માધ્યમ સંસ્થા તથા રાજ્ય માધ્યમોની સંયુક્ત કામગીરીએ ગુજરાતના વિકાસને સહાયરૂપ થવા સંચાર આંતરમાળખું ઊભું કરવામાં મહાન યોગદાન કર્યું છે.

**– શ્રી બી. એસ. ભાટીયા**

---

શ્રી બી. એસ. ભાટીયાએ ડેવલપમેન્ટ એન્ડ એજ્યુકેશનલ કોમ્પ્યુનિકેશન યુનિટ (ડીઇસીયુ) - ઈસરોના નિયામક તથા ખેડા કોમ્પ્યુનિકેશન્સ પ્રૉજેક્ટના મેનેજર તરીકે સેવાઓ આપી છે.



# વિકાસ સંદર્ભે ગુજરાતમાં સંભાવનાઓ

**શ્રી ભૂષણ પુનાની**
અંધજન મંડળ – અમદાવાદ

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના મારા અભ્યાસ દરમ્યાન ૧૯૭૮માં અમે પાંચ મિત્રોએ દિવાળી વેકેશનમાં અમદાવાદથી ૯૦ કિલોમીટર દૂર લોથલ સુધી સાઈકલ પ્રવાસ ગોઠવ્યો હતો. આટલા લાંબા અંતર સુધી અને તે પણ અજાણ વિસ્તારમાં સાઈકલ પર જવાનો અમારો સહુનો આ પ્રથમ અનુભવ હતો. સૂર્યાસ્ત થઈ ગયો હતો. ખાસ્સું મોડું થયું હતું અને અમે ગંતવ્ય પર પહોંચ્યા. ત્યાંના કાળજી લેનાર ભાઈએ અમને નિર્જન અને સૂમસામ એવા અતિથિગૃહમાં રાતવાસો કરવાની રજા આપી. દશ કલાક રસ્તામાં કંઈ ખાધા વિના સાઈકલિંગ કરીને અમે ભૂખ્યા થયા હતા અને તેથી જ્યારે અમને એમ કહેવામાં આવ્યું કે ત્યાં કંઈ ભોજન-નાસ્તાની સગવડ નથી એ અમને આફત સમાન લાગ્યું. અમારામાંથી કોઈને ગુજરાતી આવડતું ન હતું તેથી અમારે તે સંભાળ લેનાર ભાઈ સાથે ઈશારાથી વાતચીત કરવાની હતી. અમને ડઘાઈ ગયેલા અને નિરાશ જોઈ તે ભલા માણસે કહ્યું. “મને થોડા પૈસા આપો, બાજુના ગામમાંથી હું રસોઈ માટે કંઈક સામગ્રી લઈ આવું અને તમારા માટે ખીચડી તૈયાર કરી આપું.” એકાદ કલાક પછી તે ઉમરલાયક ભાઈ સામાન સાથે પાછા આવ્યા, લાકડા ભેગા કરી અમારા માટે ખીચડી રાંધી. થોડા મોટા પાન પણ તે લાવ્યા હતા તેનો અમે પ્લેટ તરીકે ઉપયોગ કર્યો. અમને જિંદગીનું અતિસ્વાદિષ્ટ રાત્રિ ભોજન એ લાગ્યું.

સવારે અમે જાગ્યા ત્યારે તે ભાઈ ટેપ રેકોર્ડર-પ્લેયર પર ગુજરાતી ભજન વગાડતા હતા. અમારા માટે મસાલા ચા માટે સામાન તથા ગાંઠિયા તેમણે લાવી રાખ્યા હતા. દિવસની કેવી સુંદર શરૂઆત - ભજન, રકાબીમાં ગરમ મસાલા ચા અને સ્વાદિષ્ટ ગાંઠિયા. ચુલા પર બનેલી ધુમાડાના સ્વાદવાળી ચા અમે લોકોએ પહેલી વાર માણી. સંભાળ લેનાર અમારા ઉદ્ધારક એવા એ ભાઈ ગુજરાતના સાહસિકતાના સત્ત્વનું મૂર્તિમંત પ્રતિનિધિત્વ કરનાર હતા. દૂરની એકાકી જગ્યામાં રખેવાળી જેવું કામ કરનાર ઉંમરલાયક વ્યક્તિ જો આવી સાહસિક-ઉદ્યમી હોય તો ગુજરાતના અન્ય લોકોની ઉદ્યમ-સાહસિકતાની કક્ષા આપણે સમજી શકીએ.

લોથલની મુલાકાત તો અમારી સ્મૃતિમાં કાયમ માટે વણાઈ ગઈ છે પરંતુ ત્યાંના અતિથિગૃહના તે સંભાળ રાખનાર ભાઈનો હાર્દિક સહયોગ, આતિથ્યસત્કારની નિઃસ્વાર્થ ભાવના અને જે માનવીય ઉમંગ અમે જોયા તે સુખદ સ્મૃતિ હૃદયમાં સદા કંડારાયેલી છે.

અંધજન મંડળ, અમદાવાદમાં હું પ્રૉજેક્ટ મેનેજર તરીકે જોડાયો, ત્યાં મેં જોયું કે અમારી



સંસ્થા વહેરેલું બધું જ લાકડું સ્થાનિક બજારમાંથી ખરીદે છે. જો આ લાકડું ગુજરાત સરકારના જંગલ વિભાગની વધઈ ખાતેની સૉ મિલમાંથી સીધું જ ખરીદવામાં આવે તો નાણાંની ખૂબ બચત થઈ શકે તેમ મને સ્પષ્ટ જણાયું.

અમને કહેવામાં આવ્યું કે આ સૉ મિલ રાજ્યના વિભાગોને અને મધ્યસ્થ જેલમાં લાકડું આપવા માટે જ ઊભી કરવામાં આવી છે. આઈઆઈએમએની એક પ્રવચન-શૃંખલા દરમ્યાન મુખ્ય વનસંરક્ષક અધિકારી સાથે મારી ઓળખાણ થઈ. અમારી સંસ્થાને વન વિભાગ તરફથી વહેરેલું લાકડું મળી શકે કેમ તે વિશે મેં તેમને વિનંતી કરી. જિલ્લા વન અધિકારી મારફત તેમણે સૉ મિલની મુલાકાત ગોઠવી આપી. ડાંગ જિલ્લાના પર્વતીય વઘાઈ ખાતેની સૉ મિલની મુલાકાત દરમ્યાન અમને જણાવવામાં આવ્યું કે અમારી સંસ્થાને લાકડું આપવા અંગેનો નિર્ણય વન વિભાગના માનનીય મંત્રીશ્રી અને તે પણ વન વિભાગના સચિવની ભલામણના આધારે આપી શકે. આ અંગેના જરૂરી ભલામણ પત્રો અમે સૉ મિલના વ્યવસ્થાપક, જિલ્લા વન અધિકારી, આહવા, વિભાગીય વન અધિકારી, સુરત, મુખ્ય વન સંરક્ષકશ્રી, વડોદરા તરફથી ભેગા કર્યા અને સચિવશ્રીને મળ્યા. આ સંદર્ભે તેમણે માનનીય મંત્રીશ્રીને ભલામણ લખી ઉપરાંત નોંધ પણ તેમાં ટાંકી કે, આ પહેલાં કોઈ બિનસરકારી સંસ્થાને વહેરેલું લાકડું આપવાની પ્રથા છે નહીં તેથી આમાં મંજૂરી આપવા જેવું લાગતું નથી. અમે માનનીય મંત્રીશ્રીને મળ્યા. થોડી મિનિટોની ચર્ચા બાદ અમને અમારી જિંદગીનું સૌથી મોટું સુખદ આશ્ચર્ય થયું ! મંત્રીશ્રીએ ટકોર કરી, ‘અત્યાર સુધી કોઈ બિનસરકારી, સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા વહેરેલું લાકડું મેળવવા આવ્યા જ નથી. તમારા જેવી સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા ગુજરાતનાં દિવ્યાંગ લોકોને તાલીમ આપવા માટે લાકડું વાપરવાની છે. તમને આપવામાં ગુજરાત સરકારને ખુશી થશે.’

આ પ્રયાસોની ચોંકાવનાર બાબત એ હતી કે અમને આ લાકડું સરાકરી વિભાગોને લગાડાતા ભાવે જ આપવામાં આવ્યું. છેલ્લા ૩૫ વર્ષથી અમે અમારી બધી જરૂરિયાતનું લાકડું આ સરકારી સૉ મિલોમાંથી ખરીદીએ છીએ. જેથી દર વરસે લાખો રૂપિયાની બચત થાય છે. રાજ્ય સરકારના વિભાગો દ્વારા બિનસરકારી સંસ્થાને સમાનતા આપવાનું અને તે

પણ 'વલસાડ ટીક'-ભારતના શ્રેષ્ઠ ટીક લાકડા જેવી અસાધારણ વસ્તુ આપવાનું આ ઉત્તમ ઉદાહરણ છે. બિનસરકારી-સ્વૈચ્છિક સંસ્થાઓને ગુજરાતમાં જે આદર અને મહત્ત્વ આપવામાં આવે છે તે પ્રશંસનીય છે.

વર્ષ ૨૦૦૧ના કચ્છના મહાવિનાશક ભૂકંપ બાદ અમારી સંસ્થાએ કચ્છમાં વિવિધ વિસ્તારોમાં આઠ જેટલા ફિઝિયોથેરાપી કેન્દ્રો ખોલ્યાં હતાં અને આપત્તિ વ્યવસ્થાપન અને પુનર્વસનના કાર્યમાં સક્રિય સહયોગ કર્યો હતો. અમે ભૂકંપ પ્રભાવિત વ્યક્તિઓને હાડકાના કૃત્રિમ ઉપકરણો આપવાનું સેવા કાર્ય શરૂ કર્યું હતું. અંધ ફિઝિયોથેરાપિસ્ટો દ્વારા આવું સેવાકાર્ય ધરતીકંપના પાછતરા આંચકાઓ વચ્ચે પણ ચાલુ રહ્યું તે અભૂતપૂર્વ હતું. ત્યાં રહેવા માટે તંબુમાં આશ્રય લેવો એ એક જ વિકલ્પ હતો અને તેમની સલામતીને પણ બધી રીતે જોખમ હતું. ભુજના જ્યુબિલી ગ્રાઉન્ડ પાસેના ઇન્ડિયન મેડિકલ ઍસોસિયેશનના હૉલમાં અવયવ-ફિટિંગની કામચાલાઉ વ્યવસ્થાનું ઉદ્‌ઘાટન માનનીય વડાપ્રધાનના ત્યારના વૈજ્ઞાનિક સલાહકાર આદરણીય પ્રોફેસર અબ્દુલ કલામ દ્વારા કરવામાં આવ્યું હતું.


ધરતીકંપ પ્રભાવિત એવા હજારો લોકોને ફિઝિયોથેરાપીની સેવા, મણકા-કરોડની કાળજી, સહાયક ઉપકરણોની લાંબા સમય સુધી, કેટલાક કિસ્સામાં તો આજીવન આવી જરૂરિયાતને ધ્યાનમાં લઈ અમારી સંસ્થાએ આ માટે એક કેન્દ્ર કાયમી ધોરણે ભુજ ખાતે સ્થાપવાનું નક્કી કર્યું. અમને કહેવામાં આવ્યું કે જો કે સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓને મહેસૂલ-વેરા વગેરેથી મુક્ત રીતે જમીન આપવી એવી સરકારશ્રીની માર્ગદર્શિકા હોવા છતાં, બહુ લાંબી અને ગૂંચવાડાભરી પ્રક્રિયાને લીધે સરકાર પાસેથી જમીન મેળવવાનું લગભગ અશક્ય હતું. જમીન મેળવવાની અરજી સાથે અમે જ્યારે સંબંધિત અધિકારીઓનો સંપર્ક કર્યો ત્યારે ખબર પડી કે, ઓછામાં ઓછા સાત સંબંધિત મંત્રીશ્રીઓ અને સાત સંબંધિત સચિવોનો આવી ફાળવણી માટે સંપર્ક કરવો પડે તેમ છે. કાયદામંત્રી સ્વ. શ્રી અશોક ભટ્ટના અમે આભારી છીએ કે છ માસની અંદર ભુજના આરટીઓ સર્કલ જેવા મહત્ત્વના સ્થળે એક એકર જમીન અમને ફાળવવામાં આવી.

સંસ્થાના મકાન ચણતરના ડ્રોઈંગ-પ્લાન માન્યામાં ન આવે તેવા માત્ર ૩ મહિનાના ટૂંકા ગાળામાં મંજૂર થઈ ગયા. ધરતીકંપની પહેલી વરસીએ અમે બાંધકામ શરૂ કરવા તૈયાર હતા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ૨૬ જાન્યુઆરી, ૨૦૦૨ના દિવસે એકદમ વ્યસ્ત કાર્યક્રમ વચ્ચે પણ અમારી પ્રસ્તાવિત જગ્યાની મુલાકાતે આવ્યા અને પાયાના શિલાન્યાસ વિધિ માટે સમય ફાળવ્યો. બાંધકામ માટે બધી જ નાણાકીય જવાબદારી એક જ દાતા ડાઈ જોહાનિટરે ઉઠાવી, ભૂકંપની બીજી વર્ષગાંઠે અમારી સંસ્થાનું મકાન તૈયાર થઈ ગયું. માન. નાયબ વડાપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણીએ અમારા કેન્દ્રને ખુલ્લું મૂક્યું અને ભાવવાહી પ્રાસંગિક પ્રવચન આપ્યું. બીજો નોંધપાત્ર યોગ એ બન્યો કે આરોગ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગે અતિ આધુનિક એવા ઓરટ શ્રેણીના ફિઝિયોથેરાપી યંત્રો તથા ઉપકરણો આપ્યાં અને કેન્દ્રને ચલાવવા માટે

રૂપિયા એક કરોડની સહાય પૂરી પાડી.

અમારા કિસ્સાની હૃદયસ્પર્શી બાબત એ રહી કે અંધજન મંડળ એવી પ્રથમ બિનસરકારી સંસ્થા હતી જેને મહેસૂલ-મુક્ત એક એકર જમીન ફાળવવામાં આવી. એક માત્ર સંસ્થા કે જેનો ભૂમિન્યાસ માનનીય મુખ્યમંત્રીએ કર્યો અને ઉદ્‌ઘાટન માનનીય નાયબ વડાપ્રધાને કર્યું તથા અતિ અદ્યતન ફિઝિયોથેરાપીના સાધનો તથા પૂરતી માત્રામાં નાણાકીય સહાય પ્રાપ્ત થઈ. ગુજરાત રાજ્ય દ્વારા સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓને હાર્દિક સહાય પૂરી પાડવાનું આ સર્વોત્તમ ઉદાહરણ છે. આને લીધે જ ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ વધુ ને વધુ ઉન્નત બની છે અને 'માનવીય સેવાના આધાર' તરીકે ઉભરી છે. ગુજરાતના માત્ર લોકોના જ નહીં, રાજકીય આગેવાનો, અધિકારીઓ અને કોર્પોરેટના લોહીમાં વણાઈ ગયેલાં માનવીય સદ્‌ભાવ અને પરોપકારવૃત્તિ સદા મારા હૃદયમાં વસી રહેશે.

આ તથા બીજી ગુજરાતની અનેક વિકાસલક્ષી પહેલ તથા સહયોગને લીધે અંધજન મંડળ દિવ્યાંગ ક્ષેત્રમાં સૌથી મોટી બિનસરાકરી સંસ્થા તરીકેની ખૂબ ગતિશીલ, પારદર્શક અને સંપૂર્ણ જવાબદાર એવી આદર્શ ઉદાહરણ તરીકેની પ્રતિષ્ઠા પામ્યું છે.



# ગુજરાતનો વિકાસ મારી યાદો

**ડૉ. એચ. એલ. ત્રિવેદી**

અમારું ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર (આઈકેડીઆરસી) પ્રત્યારોપણ વિજ્ઞાનનું અદ્યતન સંશોધન કેન્દ્ર અને કિડનીને લગતા પ્રશ્નો, મૂત્રની સમસ્યાઓ, પ્રત્યારોપણ વિજ્ઞાન, રોગપ્રતિરક્ષા વિજ્ઞાન તથા રોગવિજ્ઞાન (પેથોલોજી)માં ઉચ્ચ શિક્ષણના કાર્યક્રમો આપતી અગ્રણી ત્રીજી પંક્તિના આરોગ્ય સેવા ક્ષેત્રમાં કાર્યરત એવી નામાંકિત સંસ્થા છે.

આ સંસ્થા ૧૯૭૭ થી, જ્યારે ડૉ. ત્રિવેદી સેવા આપવા સ્વદેશ પધાર્યા ત્યારથી ગુજરાતના વિકાસમાં સહભાગી તરીકેની મધુર યાદો ધરાવે છે. નેફ્રોલોજીસ્ટ (કિડની-મૂત્રપિંડના રોગોના નિષ્ણાત) તરીકેનું શિક્ષણ પમેલા ડૉ. ત્રિવેદીએ સૌરાષ્ટ્રના નાના ગામમાં કારકિર્દીની સાલસ શરૂઆત કરી હતી. બી.જે. મેડિકલ કૉલેજમાં એમ.બી.બી.એસ. થયા બાદ તેઓ વધુ અભ્યાસ અર્થે અમેરિકા ગયા. ત્યાંના આ ક્ષેત્રના ખૂબ જ પ્રતિષ્ઠાપ્રાપ્ત ડૉક્ટરો વિલ્હન કોલ્ફે (ડાયાલિસીસ તકનિકના શોધક) મોરેન કેમ્પબેલ (શ્વસનતંત્રના ચિકિત્સા વિશેષજ્ઞ) ડેવિડ જીન્સબર્ગ અને જહોન ડૉઝેસ્ટર જેવા સફળ વિદ્વાનો પાસેથી તેમણે જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત કર્યા. તેઓ એફએસીપી (ફેલો ઑફ ધી અમેરિકન કૉલેજ ઑફ ફિઝિશિયન્સ) અને એફઆરસીપી (ફેલો ઑફ ધી રોયલ કૉલેજ ઑફ ફિઝિશિયન્સ) સહિતની યુએસએ તથા કેનેડાની બોર્ડની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયા અને મેકમાસ્ટર યુનિવર્સિટી ખાતે રિજિઓનલ ટ્રાન્સપ્લાન્ટેશન સર્વિસીઝના અધ્યક્ષ બન્યા.

રાજ્યના વિકાસમાં સહભાગી તેવી એક સંસ્થાના નિર્માણ માટેની તેમની અદ્‌ભુત ધગશની સાહસયાત્રાનો આરંભ ૧૯૭૭માં થયો. ભારતના સામાન્ય માણસ માટે દેશમાં જ મૂત્રપિંડની સમસ્યાઓના નિદાન અને સારવાર અને સંશોધન માટેની વિશ્વકક્ષાની સંસ્થા ઊભી કરવાના સ્વપ્ન સાથે ડૉ. ત્રિવેદી ભારત પરત આવ્યા હતા. કાર્ય અતિ કઠિન હતું. પ્રતિકૂળ અને રાજકારણે રંગાયેલું નકારાત્મક-નિરાશાજનક પ્રતિભાવો વ્યક્ત કરતું વાતાવરણ, ભંડોળ, સાધનો અને કુશળ વ્યાવસાયિકોની તંગી જેવી પડકારકારક પરિસ્થિતિમાં તેમણે પોતાનું સેવા-અભિયાન ઉપાડ્યું. તેમણે ઇન્સ્ટિટ્યૂટની શરૂઆત અમદાવાદની સિવિલ હૉસ્પિટલમાં કરી. ધીરેધીરે કેટલાક ડૉક્ટરો, મૂત્રપિંડ વિશેષજ્ઞો, સર્જનો, રોગ ચિકિત્સકો અને ટેકનિશિયનો આ ઝુંબેશમાં જોડાયા અને થોડા સમયમાં જ પેશાબ-મૂત્રપિંડ સંબંધી રોગોથી પીડાતા દર્દીઓને ઉત્તમ કક્ષાની સેવા આપનાર સંસ્થા તરીકે આ ઇન્સ્ટિટ્યૂટ ઓળખવા લાગી.

સરકાર, મેડિકલ ક્ષેત્રના અન્ય સાથીદારો, માનવતાવાદી, ઉદાર અને પરોપકારવાદીઓના બહોળા સમુદાય વગેરેનો સહયોગ સાંપડવા લાગ્યો. આઈકેડીઆરસીએ પોતાના સ્વતંત્ર હૉસ્પિટલ ભવનનું નિર્માણ કર્યું. ૧૯૯૧માં ડૉ. ત્રિવેદીએ બીજી એક ભગિની-સંસ્થા આઇટીએસ (ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસ)ની સ્થાપના કરી. આજે આ સંસ્થા જોડકું, આઇકેડીઆરસી-આઈટીએસ આ ક્ષેત્રમાં અદ્યતન સાધનો-જ્ઞાન ધરાવતું સૌથી મોટું સહુને ઉપલબ્ધ એવું સર્વોત્તમ સંભાળકેન્દ્ર બની રહ્યું છે.

શ્રેષ્ઠ સાર-સંભાળ લેવાના, સંશોધનની સીમાઓ વિસ્તારતા રહેવાના પોતાના કાર્યધ્યેય પરથી સંસ્થાએ ક્યારેય પીછેહઠ કરી નથી. પ્રત્યારોપણ વિજ્ઞાનની આ સંસ્થાએ લિવર (યકૃત-પિત્તાશય) પ્રત્યારોપણ કાર્યક્રમો પણ વિકસાવ્યા અને સહુને પરવડે તેવા બનાવ્યા.

આ સંસ્થાનો વિકાસ અને રાજ્યનો વિકાસ સમાંતરે ચાલ્યા. સંસ્થાએ રાજ્યની વિકાસ પ્રક્રિયામાં પુષ્કળ યોગદાન આપ્યું છે. પોતાના આ ઉમદા કાર્યધ્યેયમાં સહાયરૂપ થવા પ્રતિબદ્ધ એવા અનેક લોકોનો સહયોગ ડૉ. ત્રિવેદી મેળવી શક્યા હતા. ઇન્સ્ટિટ્યૂટે પોતાના કાર્યધ્યેયના ત્રણ મહત્ત્વની બાબતોમાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરી છે : (i) શ્રેષ્ઠ તૃતીય રોગ-સંભાળ (ii) સંશોધન અને વિકાસ અને (iii) માનવ સંસાધનનો વિકાસ.

મૂત્રપિંડ અને યકૃતના હજારો દર્દીઓ આ સંસ્થાની સારવાર દ્વારા નવજીવન પામ્યા છે. સંશોધન દર્દીઓની વધુ સારી સારવાર સુવિધામાં પરિણમ્યું છે. સંશોધનનું એક જ્વલંત ઉદાહરણ રોગપ્રતિકારક પીડાનાશક દવાની જરૂર ન હોય તેવી પ્રત્યારોપણ તકનિક. વિશ્વમાં આ એક જ એવી સંસ્થા છે જ્યાં પરંપરાગત રોગપ્રતિકારક દવાઓ વિના સફળ એવા ૫૦ થી વધુ મૂત્રપિંડ સંબંધી ઓપરેશનો થયાં છે અને લઘુતમ માત્રામાં રોગપ્રતિકારક દવાઓના ઉપયોગ સાથે ૧૫૦૦ થી વધુ સફળ પ્રત્યોરોપણ કર્યા છે. આથી દર્દીઓના જીવનની ગુણવત્તા સુધરી છે અને તેમનાં આયુષ્યમાં વધારો થયો છે. બાયોટેક્નોલૉજી જૈવિક તકનિકી ક્ષેત્રમાં એડીપોઝ પેશી અને ઇન્સ્યુલિન બનાવતા સ્ટેમ કોષોમાંથી મેસેન મેમલ સ્ટેમ સેલ બનાવવાની પદ્ધતિનું પેટન્ટ ધરાવનારી વિશ્વમાં આ એક માત્ર સંસ્થા છે. ગરીબોની સેવા માટે શોધકોએ પોતાના પેટન્ટ અધિકારો જતા કર્યા છે. આ સંશોધનો તબીબી વિજ્ઞાન અને પ્રત્યારોપણ રોગપ્રતિકારકતામાં નવા સીમાચિહ્નો રચી રહ્યા છે.

ગુજરાત રાજ્ય અને આઇકેડીઆરસીનું ત્રીજું અને સૌથી મહત્ત્વનું યોગદાન પીડિત લોકોને મદદરૂપ થવા ઉત્કૃષ્ટ માનવ સંસાધનોના વિકાસનું છે. દાયકાઓથી હજારો ડૉક્ટર-વિશેષજ્ઞોએ આ કાર્યધ્યેયમાં ભાગ ભજવ્યો છે અને દર્દીઓને સુચારુ સેવા આપવામાં કૌશલ્યો હાંસલ કર્યા છે. આમાંના અનેક ડૉક્ટોરએ સંસ્થામાં સેવા આપવાનું ચાલુ રાખ્યું છે અને અનેક ડૉક્ટરો સેવા આપવા માટે દેશના અન્ય ભાગોમાં સ્થિર થયા છે. આ ક્ષેત્રમાં પ્રશિક્ષિત વ્યાવસાયિકોની દેશમાં વસતીના પ્રમાણમાં વધતી જતી જરૂરિયાતને ધ્યાનમાં લઈ આઇકેડીઆરસીએ નેફ્રોલોજી, યુરોલોજી, પ્રત્યારોપણ વિજ્ઞાન, રોગ પ્રતિકાર વિજ્ઞાન અને રોગ-ચિકિત્સા જેવા વિશિષ્ટ મેડિકલ-

વિજ્ઞાન ક્ષેત્રોમાં શિક્ષણ કાર્યક્રમો શરૂ કર્યા છે. ગુજરાત સરકારે આઈકેડીઆરસી-આઈટીએસના ઉચ્ચ શિક્ષણમાં બહોળા યોગદાન, કાર્યશૈલી તથા સંસાધનોને ધ્યાનમાં લઈ ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝના નામે વિશ્વવિદ્યાલય તરીકેનો દરજ્જો આપ્યો છે.

સ્વાસ્થ્યસેવા ક્ષેત્રે રાજ્ય તથા રાષ્ટ્રના લાભાર્થે એક સેવાભાવી નમ્ર ડૉક્ટરનો નિષ્ઠાવંત સાલસ પ્રયાસ વિશેષજ્ઞ આરોગ્ય સંભાળ, સંશોધન, ઉચ્ચ શિક્ષણ આપનારી એક અગ્રણી પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે પરિણમ્યો. ગુજરાતના વિકાસ જેવી આ વિકાસપ્રક્રિયા છે, જેમાં સમાજના બધા સંબંધિત હિતધારકો, જેવા કે સરકાર, વ્યાવસાયિકો, દર્દીઓ, પરોપકારવાદીઓ અને બહોળો સમુદાય સમાજના લોકોના બહેતર જીવનધોરણ માટેના સ્વપ્નને સાકાર કરવા સાથે મળીને સુયોગ્ય ભૂમિકાઓ ભજવે છે.

**ડૉ. એચ. એલ. ત્રિવેદી**

**ડૉ. હરગોવિંદ લક્ષ્મીશંકર ત્રિવેદી**
**(૧૯૩૨ થી ૨૦૧૯)**

સુરેન્દ્રનગર જિલ્લાના ચોરવડ ગામમાં જન્મેલા, અમદાવાદ બી. જે. મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ., યુ.એસ.માં નેફ્રોલોજીમાં અભ્યાસ અને એફઆરસીપી (કેનેડા) ડી. સાયન્સની ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત ડૉ. એચ. એલ. ત્રિવેદી યુ.એસ. અને કેનેડાની ધીકતી પ્રૅક્ટિસ, પ્રતિષ્ઠા અને પૈસો છોડી વર્ષ ૧૯૯૦માં ગુજરાત આવ્યા અને અમદાવાદ ખાતે વિશ્વભરમાં પ્રસિદ્ધ એવી આધુનિક સારવાર સાધનસામગ્રી સજ્જ કિડની હૉસ્પિટલ અને રિસર્ચ સેન્ટર ઊભું કર્યું. છેલ્લાં ૩૦ વર્ષોમાં તેમણે અને તેમની ટીમે કિડની પ્રત્યારોપણના ૫૦૦૦થી વધુ સફળ ઓપરેશનો કર્યા છે.

ભારત સરકારે તેમને 'પદ્મશ્રી' વડે સન્માનિત કર્યા છે.



# ગુજરાતનો વિકાસ
# મારાં સંસ્મરણો

**શ્રી મનુભાઈ જી. પટેલ**
અગ્રણી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ

હું મનુભાઈ એન્ડ શાહ એલ.એલ.પી. (લિમિટેડ લાયેબિલિટી પાર્ટનરશીપ)માં વરિષ્ઠ ભાગીદાર છું. ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં અમારી ઑફિસો કાર્યરત છે. શૈક્ષણિક અભ્યાસ બી.કોમ., એલ.એલ.બી. અને એફ.સી.એ. ફેલો મેમ્બર ઑફ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા સાથે વર્ષ ૧૯૫૯ થી હું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકેની પ્રેક્ટિસ કરું છું.

૧૯૭૯માં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિયેશનના પ્રમુખ તરીકે હું જોડાયો તેને ગુજરાતમાં મારી વ્યાવસાયિક કારકિર્દીના આરંભ ગણી શકાય. ત્યારબાદ ૧૯૮૦ થી ૧૯૮૮ સુધી હું સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટટ્સ, નવી દિલ્હીનો મેમ્બર રહ્યો. ૧૯૮૬ થી ૧૯૯૦ સુધી કેન્દ્રના નાણામંત્રીના વડપણ હેઠળની સેન્ટ્રલ ડાયરેક્ટ ટેક્ષ એડવાઈઝરી કમિટીનો સભ્ય હતો. ૧૯૯૭-૯૮ થી ૨૦૦૦-૦૧ દરમ્યાન હું ઈન્કમટેક્ષ એપેલેટ ટ્રિબ્યુનલ બાર ઍસોસિયેશનનો પ્રમુખ હતો.

બારેજામાં ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરીને હું સ્વૈચ્છિક સેવા કાર્યમાં જોડાયો, ત્યાર બાદ ત્યાંની જનરલ હૉસ્પિટલ, જે શ્રી અરવિંદ નરોત્તમના વડપણ હેઠળ અધજન મંડળ અમદાવાદમાં વિલીન થઈ તેનો હું અધ્યક્ષ હતો. આ મંડળમાં હું નિયામક હતો તેમજ હાલમાં મંડળનો ઉપપ્રમુખ છું.

આ મંડળ હાલમાં મોતિયો, આંખના પડદા, કીકી, બાળરોગ, રોગચિકિત્સા પરીક્ષણ, કાન-નાક-ગળા, મહિલા સ્વાસ્થ્ય, માનસિક સ્વાસ્થ્ય, હાડકાનાં રોગો, ફિજિયોથેરાપી, એક્ષ-રે વગેરે વિભાગોમાં આરોગ્યલક્ષી તેમજ તબીબી સેવાઓ પૂરી પાડે છે. આંખની હૉસ્પિટલ પ્રતિવર્ષ ૯૦૦૦ જેટલા આંખના ઓપરેશનો હાથ ધરે છે. જેમાંના ૯૦ ટકા નિઃશુલ્ક હોય છે. આ સુસજ્જ દવાખાનામાં મોતિયો, ગ્લોકોમા, પ્ટેરિજિયમ અને ત્રાંસી આંખના ઓપરેશનો દરરોજ થાય છે. કાન-નાક-ગળા તેમજ હાડકાંના રોગોના દવાખાના દર વરસે ૨૦૦૦થી વધુ દર્દીઓને નિવારક તેમજ ઉપચારક સેવાઓ આપે છે. ટેમ્પનોપ્લાસ્ટી પ્લાન્ટ તેમજ હાડકાંમાં તૂટફૂટ અંગેનાં ઓપરેશનો અનુક્રમે કાન-નાક ગળા અને ઓર્થોપેડિક દવાખાનાઓમાં કરવામાં આવે છે. 'સર્વરોગ નિદાન કેન્દ્ર' લેબોરેટરી સુવિધાઓ, હૃદયને લગતી તકલીફો તથા આરોગ્ય તપાસને લગતી જનરલ સેવાઓ આપે છે તેમજ દર્દીઓને નિઃશુલ્ક ભોજન પ્રદાન કરે છે. મધ્ય અને ઉત્તર ગુજરાતના સમગ્ર વિસ્તારોમાં આ દવાખાનું

હરતા-ફરતા મોબાઈલ-વાન દ્વારા સેવા પહોંચાડે છે. આંખના અને બીજા ઓપરેશનો દાતાઓ તરફથી પ્રાયોજિત હોય છે. દાતાઓને ફોટોગ્રાફ સહિતનો પૂર્ણ અહેવાલ નિયમિત ધોરણે પહોંચતો કરવામાં આવે છે. બારેજા આંખના દવાખાનાએ અંધજન મંડળ-કચ્છ કોમ્પ્રિહેન્સિવ રિહેબિલિટેશન કેન્દ્ર (બીપીએ-કેસીઆરસી) ભુજ ખાતે પોતાનું ઉપગ્રહ એકમ સ્થાપ્યું છે. આ એકમમાં પ્રતિ વર્ષ ૧૦૦૦ આંખના ઓપરેશનો નિ:શુલ્ક થાય છે. આમ આ ભારતનું એક મોખરાનું ઍસોસિયેશન-મંડળ છે. વિદેશમાંથી પણ આ મંડળની પ્રવૃત્તિઓ માટે દાતાઓ પાસેથી દાન લાવવામાં હું આ મંડળ માટે ઉપયોગી માધ્યમ બની રહ્યો છું.

અંધજન મંડળના કાર્યક્રમોમાં નિયમિત રીતે સામેલ થાઉં છું અને વિવિધ કાયદાઓની જોગવાઈઓના પાલન માટે આવશ્યક માર્ગદર્શન પૂરું પાડું છું. અંધજન મંડળ વિવિધ પ્રકારની અનેક પ્રવૃત્તિઓ કરે છે. આમાં સંખ્યાબંધ કાર્યક્રમો એવા હોય છે જે લોકોની જિંદગીમાં આમૂલ હકારાત્મક બદલાવ લાવે છે. જેમ કે, રોજગાર મેળા, દિવ્યાંગ વ્યક્તિઓને સ્વ-રોજગાર સાધન-પેટી આપવી. બેકિંગ તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉમેદવારોને માર્ગદર્શન, વિશ્વકક્ષાની ટેબલ-ટેનિસની સુવિધા વગેરે. અંધજન મંડળે 'અંધકારમાં દર્શન' (વિઝન ઇન ધ ડાર્ક) વિકસાવ્યું છે જેથી દેખી શકતા લોકોને દૃષ્ટિવિહીન વ્યક્તિઓની દુનિયા અને તેમની જિંદગી વિશે અહેસાસ થાય. મારે નમ્રતાપૂર્વક નિવેદન કરવાનું છે કે આપણે દૃષ્ટિ ધરાવનાર અનેક સુખ-સુવિધા ધરાવીએ છીએ છતાં ઈશ્વર પ્રતિ કેટલા બધા અહોભાવ-હીન છીએ. માનસિક સમસ્યાઓથી વ્યથિત વ્યક્તિઓ માટેનો અમારો પ્રૉજેક્ટ આઠ તાલુકાઓમાં કાર્યરત છે. તેના દ્વારા સ્કિઝોફેનિઆ (ખંડિત મનસ્કતા), બાઈપોલર વિકાર (હતાશા-ઉલ્લાસ વચ્ચે ડોલનસ્થિતિ) તથા અન્ય માનસિક સામાજિક સમસ્યાઓથી ઘેરાયેલી અનેક વ્યક્તિઓને સારવાર પહોંચાડી છે. નિયમિત ઔષધ-ઉપચારો થકી મોટી સંખ્યામાં વ્યક્તિઓને સારું થઈ ગયું છે અને બધી રીતે સુખરૂપ પ્રવૃત્તિઓ કરી શકે છે.

હું જીએસએફસી એજ્યુકેશન સોસાયટી, કે જેમણે વડોદરા ખાતે યુનિવર્સિટી રચી છે તેની વ્યવસ્થાપક સમિતિનો સક્રિય સભ્ય છું. સોસાયટીને હું તેમના વેરા સંબંધી બાબતોમાં જેમ કે, આવકવેરા કાયદા, ૧૯૬૧ અન્વયે નોંધણી કરવાવી તથા તેની જોગવાઈઓનો અમલ કરાવવો વગેરેમાં જરૂરી-સૂચનો કરું છું. સોસાયટી દ્વારા રચાયેલી જીએસએફસી યુનિવર્સિટીને લગતી કાયદાકીય બાબતોમાં પણ હું સલાહકાર તરીકે તેઓને સેવા આપું છું.

ઈન્કમટેક્ષ ઑફિસ, ગાંધી બ્રિજ અમદાવાદ પાસે શ્રી શાહ કેશવલાલ ત્રિકમદાસ ચેરિટી ટ્રસ્ટ દ્વારા સંચાલિત 'વૃદ્ધાશ્રમ'નો હું સમિતિ સભ્ય છું. તેઓ સાથે સંસ્થાના વહીવટ તથા હિસાબને અને વેરાઓને લગતી બાબતોમાં માર્ગદર્શન માટે વખતો વખત સંપર્કમાં રહું છું.


હું એચ.એલ. કૉલેજ સુવર્ણ જયંતી ટ્રસ્ટ સાથે ઉપાધ્યક્ષ તરીકે સંકળાયેલ હતો. હું કૉલેજનું નેતૃત્વ તેમજ મૂલ્યવાન સેવાઓ આપનારા કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય શ્રી એસ. વી. દેસાઈને આદરાંજલિ તરીકે યોજાતી પ્રવચન શૃંખલાના આયોજન સહિતની અનેકવિધ

પ્રવૃત્તિઓમાં સહભાગી બન્યો છું.

શ્રી સ્વામિનારાયણ મંદિર સંસ્થા, કાલુપુર અમદાવાદ સાથે પણ હું અનેકવિધ રીતે સંકળાયેલો રહું છું.

ગુજરાત સરકારના જાહેર ક્ષેત્રના એકમોના નાણાંનિયત્રણ માટેની ગુજરાત રાજ્ય નાણાં સેવાઓ (ગુજરાત સ્ટેટ ફાઇનાન્શિયલ સર્વિસિઝ) સાથે નિયામક તરીકે જોડાયેલો છું. દશ થી વધુ વર્ષોથી હું કંપનીઓની ઑડિટ કમિટીનો અધ્યક્ષ રહ્યો છું તથા બીજી આવી સમિતિઓમાં સભ્ય તરીકે સહયોગ કરું છું. તેઓના વ્યવસ્થાપનને નાણાંરોકાણ, વેરા અને કંપનીધારાની બાબતો અંગે વાકેફ કરતો રહું છું તથા જરૂરી માર્ગદર્શન પૂરું પાડું છે.

- શ્રી મનુભાઈ જી. પટેલ
અગ્રણી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ



# ગુજરાતમાં આરોગ્ય સંચાર પ્રણાલીનું સશક્તિકરણ

ડૉ. અરબિંદ સિંહા

'સ્વસ્થ મન સ્વસ્થ શરીરમાં રહે છે' કહેવતરૂપ આ વિધાન આપણને સમાજ અને રાષ્ટ્રના સ્વાસ્થ્ય વિશે વિચારવા પ્રેરે છે. એકંદર સંદર્ભમાં સ્વાભાવિક જ છે કે દેશનો વિકાસ માત્ર ટકાઉ અર્થતંત્ર પર જ નહી, પરંતુ સમાજને સ્વસ્થ રાખવા, મોટા પરિમાણોમાં લોકોના આરોગ્યને પ્રત્યક્ષ-પરોક્ષ પડકારકારક જોખમો સામે રક્ષણ આપવા પર નિર્ભર છે. આમાં કંઈ નવું નથી સહુ સંબંધિત હિતધારકો આ પડકારોથી વાકેફ છે.

૧૯૭૭ માં વર્લ્ડ હેલ્થ એસેમ્બલિ (વિશ્વ આરોગ્ય સંમેલન) એ વિશ્વના તમામ લોકોની સહાય માટે વર્ષ ૨૦૦૦ સુધીમાં સહુ માટે આરોગ્ય કાર્યક્રમ શરૂ કરાયો હતો. વર્ષ ૨૦૦૦ ની સીમા આપણે ક્યારની પાર કરી છે પરંતુ સહુ માટે આરોગ્યનો પડકાર તો હજુ એમનો એમ જ છે. યુનાઈટેડ નેશન્સના સહસ્ત્રાબ્દિ વિકાસ લક્ષ્ય (મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલ્સ)માં જે આઠ લક્ષ્યો ઘોષિત કરવામાં આવ્યા હતા તેમાંના ત્રણ મુખ્યત્વે જાહેર આરોગ્ય સુધારવા બાબતે હતા. આ લક્ષ્યો વર્ષ ૨૦૧૫ સુધીમાં પ્રાપ્ત કરવાના હતા. ભારતે આ માટે હજુ ખૂબ અંતર કાપવાનું છે. સ્વસ્થ રાષ્ટ્રનું સ્વપ્ન આપણે ક્યારે સાકાર કરી શકીએ તેવા પ્રશ્નનો ઉકેલ શોધવા દેશના હાલના આરોગ્ય સેવાઓના માળખા પર આંકડાકીય નજર કરીએ તો દેશમાં આવા આરોગ્ય કેન્દ્રો-મેડિકલની ૪૬૨, દંત ચિકિત્સાની ૩૦૮ અને બીજી પ્રણાલીની ૫૪૪ કૉલેજો છે. દોઢ લાખથી વધુ પેટા આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ છે. ૨૫૦૦૦ થી વધુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૫૫૮૦ થી વધુ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો છે. સાથોસાથ તાજેતરનો અહેવાલ જણાવે છે - "એક સરકારી એલોપેથિક ડૉક્ટર સરેરાશ ૧૧૦૮૨ની વસતી માટે સેવા આપે છે. આ આંકડો વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુ.એચ.ઓ.) એ આપેલા માપ કરતાં ૧૧ ગણો મોટો છે." કેટલાક પછાત રાજ્યોમાં આ પ્રમાણ ૧,૨૮,૦૦૦ જેટલું નબળું છે. ગ્રામ્ય આરોગ્ય પ્રતિ પહોંચવું એ વૈશ્વિક કક્ષાએ મોટો પ્રશ્ન છે. એવું પણ એહેવાલમાં જણાવ્યું છે વસતીનો મોટો હિસ્સો ગ્રામ્ય વિસ્તારોમાં રહે છે જ્યારે સંસાધનો શહેરોમાં કેન્દ્રિત થયેલા છે. આપણે ક્યાં ચૂકી ગયા છીએ ? સંચાર વ્યવસ્થાના વિદ્યાર્થી તરીકે મારું ધ્યાન આરોગ્ય સંચાર પર વધારે રહ્યું છે.

૧૯૭૫-૭૬માં જ્યારથી મેં ઉપગ્રહ સૂચના ટેલિવિઝન પ્રયોગ (સેટેલાઇટ ઈન્સ્ટ્રક્શન ટેલિવિઝન એક્સપેરિમેન્ટ, એસઆઈટીઈ) સાથે તથા એંશીના દશકના મધ્યમાં નીડ સંચાર

પ્રોજેક્ટમાં ગુજરાતના સુરત જિલ્લાના ડીએફઆઈડી (ડિપાર્ટમેન્ટ ફોર ઇન્ટરનેશનલ ડેવલપમેંટ) પ્રાયોજિત મેલેરિયા પ્રૉજેક્ટના અનુપાલનનો અભ્યાસ હાથ ધર્યો ત્યારથી દેશના ગામડાઓની આરોગ્ય વિષયક માહિતી પર મેં સઘન રસ લેવાનું શરૂ કર્યું હતું. રોયલ ડેન્માર્ક એમ્બેસી, નવી દિલ્હી સાથે વર્ષ ૨૦૦૦-૨૦૦૨ દરમ્યાન સંચાર સલાહકાર તરીકે કાર્ય કરવાની તક મળી ત્યારે મેં કર્ણાટકના બિદાર જિલ્લાના ગામડાઓમાં અંધાપા નિયંત્રણ કાર્યક્રમમાં સંચાર વ્યવસ્થાની ઊણપો પર સંશોધનનું કાર્ય આરંભ્યું. મને ઊંડી પ્રતીતિ થઈ હતી કે ગ્રામ્ય ભારતમાં આરોગ્ય ક્ષેત્રની કામગીરીને યોગ્ય સંચારના આયોજન વડે સુદૃઢ કરી શકાય તેમ છે.

ગુજરાતની વાત કરીએ તો, એમ.આઈ.સી.એ-માઈકા (ત્યારનું મુદ્રા ઈન્સ્ટિટ્યૂટ ઑફ કોમ્યુનિકેશન્સ), અમદાવાદમાં મારા કાર્યકાળ દરમ્યાન, આરોગ્યસંચાર અને સંચારમાં ઊણપો પરના મારા વિચારો દ્રઢીભૂત થયા. મને ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સાથે કામ કરવાની તક મળી. ડૉ. એસ. કે. નંદા, અમરજિતસિંહ અને વી. થિરુપુગાઝદ્હોનો આભાર. તેઓ આઈએએસ અમલદાર હોવાની સાથે ઊંડા અભ્યાસુ પણ હતા. અમે સહુ એક જ મતના હતા કે, લોકોના સ્વાસ્થ્ય પરત્વે અભિગમ અને આદતોમાં બદલાવ લાવવા માટે માહિતી તથા જાણકારી મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મારા વિચારોનો અમલ કરવાનો અહીથી આરંભ થયો. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાતના શહેરી તેમજ ગ્રામ્ય લોકો સુધી આરોગ્ય સંચારમાં મુખ્ય કડી રૂપ હતા. રાજ્યના તમામ સ્ટાફ અને બ્લોક આઈઈસી (ઇન્ફોર્મેશન એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન) અધિકારીઓને તાલીમ આપવા તેઓએ માઈકાને વિનંતી કરી. ઔપચારિક રીતે તાલીમની આવશ્યકતા આકારણી



માટે અમે સંબંધિત અધિકારીઓ સાથે શૃંખલાબંધ બેઠકો કરી. મેં અને મારા માઈકા ખાતેના સાથી ડૉ. સતીષ પાંડેએ આ બેઠકો તથા  ક્ષેત્ર-કાર્ય અકારણી કરી અને કાર્યકારી તાલીમ મોડ્યૂલ તૈયાર કર્યું. અમને સ્પષ્ટ જણાયું કે આઈઈસી અધિકારીઓને કામનો બહોળો અનુભવ હોવા છતાં તેમને સંચારની પાયાની જાણકારી ઉપરાંત કયા પ્રકારે સંચાર કેવી પરિસ્થિતિમાં કારગત થાય છે અને ક્યા પ્રકારે કેવી પરિસ્થિતિમાં વિફળ રહે છે તેના સંપૂર્ણ જ્ઞાનની જરૂરિયાત છે. એવું નક્કી કરવામાં આવ્યું કે તેમના આરોગ્ય સંચાર પરત્વેના અભિગમને સંપૂર્ણપણે બદલવાની તેમજ લક્ષિત લોકો સાથેના તેમના સંપર્ક દરમ્યાન માત્ર માહિતી આપવાની પદ્ધતિને બદલે તેમનાં આરોગ્ય સંબંધે જ્ઞાન, વલણ અને આદતોમાં પરિવર્તન માટે આધારભૂત પરિણામો લાવવા અંગેનું અનુશિક્ષણ આપવું તથા લોકોની આરોગ્ય પ્રત્યેની જાગરૂકતાને વ્યવહારમાં બદલવાના પડકારને પહોંચી વળવા તેમને તૈયાર કરવા. આઈસી (ઇન્ફોર્મેશન કોમ્યુનિકેશન)માંથી બીસીસી (બિહેવિયર ચેન્જ કોમ્યુનિકેશન) (વ્યવહાર-વર્તણૂક પરિવર્તન)માં રૂપાંતર કરવાની તાલીમ હાથ ધરવી. એવું પણ સમજાઈ ગયું હતું કે તાલીમ વિષયોની માત્ર સૈદ્ધાંતિક-શૈક્ષણિક વાતો નહીં પરંતુ ક્ષેત્ર નિરીક્ષણ તથા ગ્રામ્ય ગુજરાતના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પરની ચર્ચાઓ વડે પૂરા સહભાગી પદ્ધતિથી થવી જોઈએ. આથી ૧૫ દિવસનો તાલીમ કાર્યક્રમ ઉચિત જણાયો હતો. માઈકા માટે આ જબરું મોટું કામ હતું પરંતુ માઈકાએ તે સારી રીતે કરી બતાવ્યું. વર્ષ ૨૦૦૫ થી ૨૦૦૬ દરમ્યાન માઈકાએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના રાજ્ય, જિલ્લા અને પેટા-જિલ્લા કક્ષાના આઈઈસી કાર્યકરો માટેના પંદર દિવસના એક એવા દશ સર્વગ્રાહી તાલીમ કાર્યક્રમો યોજ્યા, પ્રત્યેક બેચમાં ૨૫ જેટલા તાલીમાર્થી-સહભાગીઓ હતા. અમે ૨૫૫ માંથી ૨૫૪ જેટલા અધિકારીઓને વર્તણૂક પરિવર્તન અને આરોગ્યસંચાર અભિમુખ કરવામાં સફળ રહ્યા હતા.

આઈસી અધિકારીઓની તાલીમ દરમ્યાન અમે પાયાના, ગ્રામ્ય સ્તર સુધી આરોગ્ય માહિતી વ્યવસ્થાપનની પણ વિગતે ચર્ચા કરી. દેખીતી રીતે એવો સંદર્ભ ઊપસી આવ્યો કે ઑફિસના વડા હોવાના નાતે બ્લોક આરોગ્ય અધિકારી સત્તાની રૂએ બ્લોક કક્ષાએ પ્રભાવી ભૂમિકા ભજવે છે. અમને લાગ્યું કે આરોગ્યતંત્રની કામગીરીમાં, ખાસ કરીને કાર્યક્રમ અને લોકો વચ્ચેના અંતરને પૂરવા, તેઓને (બ્લૉક અધિકારીઓને) સંચારની મહત્ત્વની ભૂમિકા પરત્વે અભિમુખ કરવા જોઈએ. ડૉ. અમરજિતસિંહ સાથેની મારી આ સંદર્ભે થયેલી બેઠક મને સ્પષ્ટપણે યાદ છે. આરોગ્ય કાર્યક્રમોમાં સંચાર જે સાકારાત્મક ભૂમિકા ભજવી શકે છે તે માટે બીએચઓ (બ્લૉક હેડ ઑફિસરો)ને પણ સાચો ખ્યાલ હોવો જરૂરી છે તેવી તેમને ખાતરી કરાવવામાં મને બહુ વાર ન લાગી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે અમારા પ્રસ્તાવને સંમતિ આપી અને ગુજરાતના ૧૭૦ બીએચઓ (બ્લોક હેડ ઑફિસરો) ને સંચારના પાયાના સિદ્ધાંતો અને આરોગ્યસંચાર વ્યવસ્થાપનની પ્રક્રિયા પરત્વે સુદૃઢ કરવા માઈકાને સૂચિત કર્યા. અમે ૨૦૦૬-૨૦૦૭માં ૨૦  બીએચઓની એક એવા ૬ દિવસના સાત તાલીમ કાર્યક્રમો યોજ્યા. આ તાલીમ કાર્યક્રમોમાં પ્રમાણમાં હાજરી ઓછી રહી, ૧૭૦ માંથી ૧૧૪ જેટલા બીએચઓ

એ તાલીમ કાર્યક્રમોમાંથી પસાર થયા. આ અભિગમ પરિવર્તનલક્ષી તાલીમમાં ચર્ચાયેલા મુખ્ય મોડ્યુલ્સમાં સંચારના પાયાના સિદ્ધાંતો, સંચાર સંશોધન, ચિહ્નો અને પ્રતીકોના ઉપયોગો, મીડિયા (માધ્યમ) વ્યવસ્થાપન, સંસ્થાકીય જોડાણો, કાર્યઆયોજન, નિયમન અને મૂલ્યાંકન-સમીક્ષા અને દસ્તાવેજીકરણનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્રવચનો ઉપરાંત સહભાગીતાની પદ્ધતિએ તાલીમ કરવામાં આવી જેમાં ચર્ચા, આંતરક્રિયા અને જૂથકવાયતો સામેલ હતી જેથી દરેક તાલીમાર્થી પોતાના આઈઈસી પ્રવૃત્તિના બહોળા ક્ષેત્ર અનુભવો તેમજ તેમની દૈનિક કામગીરીમાં આવતા પ્રશ્નો અને સમસ્યાઓની અરસ-પરસ વાત કરી શકે. તાલીમો ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી ભાષામાં ચલાવવામાં આવી હતી.

આ તાલીમ કાર્યક્રમોના પરિણામો પ્રોત્સાહક હતા. પોતપોતાના વિસ્તારોમાં આરોગ્યના પ્રશ્નો હલ કરવામાં અસરકારક સંચારનો ઉપોયગ કરનારા કર્મચારીઓ-કાર્યકરો તરફથી રાજ્ય સરકારને સારા પ્રતિભાવો મળવા લાગ્યા હતા. સામાજિક અને વર્તણૂક પરિવર્તન સંચાર સામેના પડકારોને સમજવામાં અને તેના ઉકેલો શોધવામાં ગુજરાત આ તાલીમ કાર્યક્રમોને કારણે મોખરે રહ્યું છે. આ નાનું યોગદાન મને પૂર્ણ સંતુષ્ટીકારક હતું. 'સહુને આરોગ્ય'ની ધ્યેયપૂર્તિ માટે આરોગ્ય વિજ્ઞાન તેમજ આરોગ્ય સભાનતાનું વિસ્તૃત જ્ઞાન એકલું પર્યાપ્ત નથી. યોગ્ય સંચાર દ્વારા 'માહિતી' જ આમાં જરૂરી એવો મહત્ત્વનો ફરક પાડી શકે છે. હું દઢ પ્રતીતિ ધરાવું છું કે - કાર્યક્રમો જો 'યોગ્ય માહિતી'ને યોગ્ય લોકો (લક્ષ્ય જૂથ) સુધી યોગ્ય રીતે પહોંચાડે અને એ માહિતીનો 'યોગ્ય' ઉપયોગ થાય તો સફળતાની શક્યતાઓ અનેકગણી વધે છે. હું આશા રાખું છું કે આને તંત્ર પૂરેપૂરું સમજી શકે છે.

**ડૉ. અરબિંદ સિંહા**
સલાહકાર, સી.ડી.એમ.સી.
(સેન્ટર ફોર ડેવલપમેન્ટ એન્ડ કોમ્યુનિકેશન, માઈકા)

# ગુજરાતનો વિકાસ મારી સ્મૃતિઓ

**શ્રી કે. કે. નાયર**
કાર્યકારી નિયામક - અમદાવાદ મેનેજમેન્ટ એસોશિયેશન

ગુજરાતમાં પ્રોફેશનલ મેનેજમેન્ટના વિકાસના અનોખા તેમજ ઉપકારક એવા વ્યાવસાયિક વ્યવસ્થાપનના ચાલીશથી વધુ વર્ષો દરમ્યાન સાક્ષી બનવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે. ગુજરાત ૧૯૬૦ થી ૧૯૯૦ વચ્ચે આઝાદી પેહલાંના કાપડ ઉદ્યોગના એક માત્ર પ્રભુત્વમાંથી બહાર આવ્યું અને રસાયણો, ઈજનેરી, પ્લાસ્ટિક, પેટ્રોકેમિકલ્સ, દવાઓ અને ફાર્માસ્યુટિકલ્સ, ડેરી, સિમેન્ટ, સિરામિક્સ, હીરા અને ઝવેરાત વગેરે અનેક નાના ઉદ્યોગમાં વિસ્તર્યું. સજગ અને સક્રિય એવી ગુજરાત સરકારે ગુજરાતમાં ઉદ્યોગ-વ્યવસાયને સરળ અને વેગીલો બનાવવા અનેક સુસંગત ઉપાયો કર્યાં. તે માટે વાતાવરણ અને આંતરમાળખાકીય વિકાસની મહત્ત્વની આવશ્યકતાઓ તો પૂરી પાડી ઉપરાંત, રાષ્ટ્રીય ધોરી માર્ગો, દ્રુતગતિ માર્ગ તથા અન્ય રીતે રાજ્ય તથા અન્ય રાજ્ય સાથે જોડાણની સુવિધા ઊભી કરી. રાજ્યમાં ૨૦૨ જેટલી સંખ્યામાં ઔદ્યોગિક વસાહતો સ્થાપી. અનુકૂળ ઔદ્યોગિક-વ્યાવસાયિક નીતિ દ્વારા તેને આગળ ધપાવવા તથા પ્રસાર માટે સુયોજિત ક્લસ્ટરો ઝૂમખાં રચ્યાં. સમાંતરે યોગ્ય લાયકાતવાળા વ્યાવસાયિકોની માગમાં વધારો થયો. યુનિવર્સિટીઓ તથા કૉલેજોની સંખ્યામાં વૃદ્ધિ થઈ. ગુજરાત બહારથી આવતા વ્યાવસાયિકોનો પ્રવાહ વધ્યો. ઇન્ડિયન ઇન્સ્ટટ્યૂટ ઑફ મેનેજમેન્ટ અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન જેવી અગ્રણી સંસ્થાઓએ સાંપ્રત વ્યવસ્થાપક વિચારસરણી અને આવશ્યક કૌશલ્ય વિકાસની આવશ્યકતા પૂરી કરવામાં યોગ્ય આધાર અને દિશા આપ્યાં.

અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ગુજરાતના સૂક્ષ્મથી માંડી વિશાળકાર ઉદ્યોગની રસ, રુચિ અને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને પોતાની પ્રવૃત્તિઓને સુસંગત આકાર આપતું રહ્યું છે. તેથી એએમએની પ્રગતિ કંઈક અંશે ગુજરાતમાં વ્યાવસાયિક વ્યવસ્થાપનની વિકાસયાત્રાને પ્રતિબિંબિત કરે છે.

એંશીના દાયકામાં પ્રોફેસર લાકડાવાલાની સલાહ મુજબ અમે વ્યવસાય પર અંદાજપત્રોના અર્થઘટન અને અસરો અંગે અદાજપત્ર વિશ્લેષણ અને મધ્યવર્તી એકસાઈઝ વિશ્લષેણ પર વિસ્તૃત ચર્ચાસત્રોની શૃંખલા શરૂ કરી હતી. આડત્રીસ વર્ષોથી વધુના આ સમયગાળા દરમ્યાન, વિવિધ પ્રકારના અને બહોળા એવા સહભાગી શ્રોતાઓના સમૂહ વચ્ચેની ચર્ચાઓ અને તેને સાનુકૂળ નીતિ-ગતિ-પ્રક્રિયા વધુ મજબૂત થઈ.

નેવુંના દાયકાના પ્રારંભમાં બહુવિધ ઉદ્યોગો અને વ્યવસાય મંચો પર નવીનીકરણના વિચારે

પોતાનાં મજબૂત મૂળ સ્થાપ્યા. નવીનીકરણ પર અમે વાર્ષિક સંમેલન શરૂ કર્યાં છે.જે સતત પોતાના અનુભવોની વાતો દરમ્યાન ગતિશીલ સહભાગીતા કરે છે. કંપનીઓ-સંસ્થાઓ નવું શીખતી રહે છે અને ચીલાચાલુ કાર્યકારી દિનચર્યાથી અલગ નવા પ્રયાસો-પ્રયોગો કરે છે.

ઉદારીકરણને લીધે કામગીરી અને સ્પર્ધાનું મેદાન વૈશ્વિક બન્યું. અમે આયાત-નિકાસ ઉપર નિયમિત ધોરણે શિક્ષણ-પ્રશિક્ષણ કાર્યક્રમો શરૂ કર્યાં. વર્ષ ૨૦૦૪ માં તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે આંતરરાષ્ટ્રીય વ્યાપારના કાયમી કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ કેન્દ્ર દર વર્ષે ૧૭૨ જેટલા સહભાગી કાર્યક્રમો યોજે છે. જેનો અત્યાર સુધી ૧૭૦૦૦ તાલીમાર્થીઓએ લાભ લીધો છે. વિકાસગાથાને જોવાની એક રીતે એ છે કે ઉદ્યોગમાં તથા આર્થિક અને સામાજિક મંચો પરના ચર્ચા માટે બદલાતા જતા વાર્તાલાપના વિષયો અને સંદર્ભોને જોવા, ગુજરાતના લોકો સાથે પડઘો પાડતા પ્રત્યુત્તર સમાન એએમએના વિવિધ મંચ પરથી ૧૫ વાર્ષિક આર્થિક પ્રવચનો, વિવિધ સામાજિક વિષયો અને શિક્ષણ પર આડત્રીશ વિક્રમ સારાભાઈ સ્મૃતિ પ્રવચનો, મહિલા શક્તિકરણ પર કેન્દ્રિત નવ લલિતા ઐયર સ્મૃતિ પ્રવચનો, પુરવઠા-શૃંખલા વ્યવસ્થાપન તથા વ્યાવસાયિક વિષયો ઉપરાંત અન્ય સાંપ્રત વિષયો પરના સતત ચાલતા પ્રવૃત્તિકેન્દ્રો દ્વારા વ્યાવસાયિક, સામાજિક, આર્થિક વિકાસલક્ષી લોકાભિમુખ કાર્યક્રમો એએમએ એ હાથ ધર્યાં છે.

વિસ્તૃત વૈશ્વિકરણની એક અસર એ થઈ છે કે વિદેશના અમુક પ્રદેશો, વિશેષ કરીને યુરોપ અને યુએસએ વિવિધ પ્રકારની તજજ્ઞતા અને કૌશલ્યને માન્યતાના પ્રમાણપત્રો આપી શકે એવી સુવ્યાખ્યાયિત જ્ઞાન-સંસ્થાનો આગ્રહ સેવે છે. આના પ્રતિભાવમાં મોટાભાગની સંસ્થાઓએ - ઉદ્યોગગૃહોએ તેમની શ્રેષ્ઠ કાર્યપદ્ધતિ-પ્રાણાલીને બહોળા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સંદર્ભિત કરવા તથા અદ્યતન કરવા ઇચ્છા પ્રદર્શિત કરી.

વર્ષ ૨૦૦૮ આસપાસ વ્યાપારિક રીતે નોંધાયેલ માલમાર્કા - ટ્રેડમાર્ક અંગેના પ્રખર ધારાશાસ્ત્રી શ્રી વાય. જે. ત્રિવેદીએ ભારતીય ઉદ્યોગ દ્વારા બૌદ્ધિક સંપત્તિના વિકાસ અને





સંચાલનમાં ભારે અભાવ હોવાનો સ્પષ્ટ નિર્દેશ આપ્યો હતો. દેશની કંપનીઓ આંતરરાષ્ટ્રીય કંપનીઓ સામે અરક્ષિત રહી હતી. અમે ઇન્ટેલેક્ચ્યુલ પ્રોપર્ટી રાઇટ્સ અંગેના સંમેલનો અને બેઠકો દ્વારા ઉદ્યોગો પોતાના બૌદ્ધિક-સંપત્તિ અધિકાર મેળવે તે માટે જાગરૂકતા લાવવા અંગેના શૈક્ષણિક કાર્યક્રમો શરૂ કર્યાં. જેના પરિણામ ઔદ્યોગિક ગૃહો ઉપરાંત મેનેજમેન્ટ અને ટૅકનોલૉજિકલ સંસ્થાઓના વિદ્યાર્થીઓ પોતાના આવિષ્કારો અને નવાચાર માટે પ્રોત્સાહિત થયા. કૉલેજો તથા યુનિવર્સિટીમાં શોધખોળોની નોંધણીની માત્રામાં ધરખમ વધારો થયો. ધંધો-વ્યવસાય, નવીનીકરણ અને ઉદ્યોગ-સાહસિકતાના સત્ત્વનું નવી પેઢીમાં અવતરણ થયું તેનો આ એક સંકેત છે. અત્યાર સુધી બૌદ્ધિક સંપત્તિ અધિકારોના ૧૦ વાર્ષિક સંમેલનથી સારી રીતે પ્રેરિત ઉદ્યોગ-સાહસિકો અને વિદ્યાર્થીઓની સંખ્યા તેમની વૈશ્વિકકક્ષાએ ધંધા-વ્યવસાયની મહત્ત્વાકાંક્ષા પ્રદર્શિત કરે છે. એએમએના ૨૦૦૨થી ચાલતા એચ.આર. કોન્ફરન્સ (માનવ સંસાધન પરિસંવાદ) અને વાર્ષક નેતૃત્વ નિર્માણ પ્રવચન શૃંખલાએ પણ આ વલણને વેગ આપ્યો છે.

પારિવારીક માલિકીના ઉદ્યોગ-ગૃહની પ્રણાલીમાંથી વ્યાવસાયિક રીતે સંચાલિત વિશાળ વૈશ્વિક વ્યાપારગૃહમાં પરિવર્તન એ જોડાણ-પ્રેરિત વ્યવસ્થાપનમાંથી સિસ્ટમ સંચાલિત વ્યવસ્થાપનમાં બદલાવ છે. અત્યાર સુધી વ્યવસાયોમાં પરંપરાગત રીતો અપનાવામાં આવતી હતી તેની જગ્યાએ અનેક વ્યવસાયોમાં તેમની ઉપર જતી શૃંખલામાં, સંગઠનોમાં લગભગ પૂર્ણતયા વ્યવસાયીકરણ આવ્યું છે. બદલાતી કામગીરીની રીતો, બજારોની સતત ચંચળતા આ માટેના અનિવાર્ય પરિબળો બની રહ્યાં છે. બજારોની કાયમી અસ્થિરતાને શીઘ્રતાથી અનુકૂળ થવાની, મોટા ભાગના ઉદ્યોગોના ચાવીરૂપ કાર્યોનું ડિજિટલાઇઝેશન કરવાની વૈશ્વિક સ્તરની કામગીરી અને બજાર વ્યવસ્થા સમજવાની, ઓનલાઇન લેતી-દેતી વ્યવહારોની પ્રણાલી સ્થાપવાની તેમજ ધંધા-વ્યવસાય પદ્ધતિઓને અદ્યતન કરવાની આંતરિક ઇચ્છા દૃઢ કરવાની જરૂરિયાત પ્રતિ સહુનું ધ્યાન ગયું છે.

બિન-રહેવાસી ગુજરાતીઓ મોટી સંખ્યામાં છે એટલું  જ નહીં પરંતુ અહીં તેઓનાં મૂળ ઊંડા છે, તેઓ રાષ્ટ્રપ્રેમી છે અને રાજયની ચાલુ રહેતી પ્રગતિમાં તેમની સક્રિય ભાગીદારી છે. તેઓએ ૨૦૩ તાલુકાના ૨૩૩૧ ગામોમાં તકનિકી અને કાર્યક્ષેત્રનાં કૌશલ્યો તથા સ્ટાર્ટ-અપ્સમાં ઉદારતાપૂર્વકના રોકાણો દ્વારા સતત યોગદાન આપ્યું છે.

ગુજરાતે નીતિના આધાર, માધ્યમના સહયોગ અને કેટલીક સામાજિક સંસ્થાઓના સક્રિય સાથથી મહિલા સશક્તિકરણના ધ્યેયમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. આમાં જ્યોતિસંઘ જેવી સંસ્થાઓએ મહિલામુક્તિ હિલચાલને પ્રોત્સાહન આપ્યું છે તો સેવા જેવી સંસ્થાઓએ મહિલાઓને સહકારી પ્રણાલીમાં સંગઠિત કરીને ટકાઉ સ્વ-આજીવિકા માટે તાલીમ આપી સ્વનિર્ભર બનાવી છે.

ગ્રામીણ વિસ્તારોમાં વ્યાવસાયિક વ્યવસ્થાપનના વિકાસની ગાથા પણ આટલી જ રસપ્રદ અને પ્રેરક છે. કૃષિક્ષેત્રમાં પ્રક્રિયા કરેલા ખાદ્યઉદ્યોગમાં આધુનિક પ્રબંધન સિદ્ધાંતોના અમલ


દ્વારા પણ ખાસ્સો સુધારો થયો છે. ઉદાહરણ તરીકે રાજ્યભરના ગામોમાં અપનાવાતી શ્રેષ્ઠ કાર્ય પદ્ધતિઓની વાતો અને વિકાસના પહેલ-લક્ષી પ્રોજેક્ટ વિષેની માહિતી ગુજરાતના ૧૫૦૦૦ ગામડાઓમાં પહોંચતી થાય તે માટેની સમાચાર પત્રિકા ચલાવવી એ અમારા ગ્રામ્ય વિકાસને સમર્પિત જીઓજી-એએમએ કેન્દ્રની પ્રવૃત્તિઓમાંની એક છે. ગામના સરપંચ, પંચાયતના કર્મચારીઓ અને અન્ય ચાવીરૂપ કાર્યકરોની અમારે ત્યાં થતી નિયમિત તાલીમથી વૃદ્ધિ પામતી વિકાસ પ્રક્રિયા ૩૫ જિલ્લાઓમાં ગુણાકારની રીતે છેવાડા સુધી પહોંચવાની છે. એએમએનાં વાર્ષિક કૃષિ સંમેલનો વિકાસના વિષયો, રાજ્યના પ્રગતિલક્ષી પગલાંના પ્રસાર, પ્રક્રિયા કરેલા આહારના પ્રશ્નોના નિરાકરણ વગેરેને પ્રોત્સાહન આપે છે તેમજ કૃષિ તથા ગ્રામ્ય કક્ષાએ બહુફળદાયી વ્યવસ્થાપન પ્રણાલી તેમજ કાર્યવાહી પદ્ધતિની સમકાલિનતા માટે નોંધ તૈયાર કરે છે.

છેવટે, ધંધામાં આધ્યાત્મિકતા, વ્યવસ્થાપનમાં-સાહિત્ય ભારતીય તત્ત્વજ્ઞાન, કોર્પોરેટ સામાજિક જવાબદારીનાં સત્ત્વ અને અમલની ઉન્નત સમજદારી, વ્યવસાય માટેનાં મૂલ્ય સંચાલિત સિદ્ધાંતો, ઉચ્ચ આદર્શો માટેના ઉત્સાહ-ઉમંગ અનેક સંસ્થાઓ અને ઉદ્યોગગૃહોને સુખ-સમૃદ્ધિ સંતોષ આપે છે તે હું જોઉં છું.


# વિકાસનું રેખાંકન
# શ્વેત ક્રાંતિ

**ગુજરાતને વિકસાવામાં ''શ્વેતક્રાંતિ'' એક મહત્ત્વનું અંગ છે. રાષ્ટ્રભરમાં ગ્રીન રીવોલ્યુએશન શરૂ થયું. તેમાં ગુજરાતને પણ તેનો લાભ મળ્યો પણ તે કૃષિપાક આધારિત હતું. ગુજરાતનો પશુપાલન વ્યવસાય ટકાઉ અને વૃદ્ધિ આવકમાં થાય તે સમજીને તેનો મોટો વિકાસ કર્યો અને કૃષિ આધારિત અર્થતંત્રની પશુપાલન દ્વારા કાયમી આવકની ખેડૂતો અને ખેતમજૂરો-પશુધારકો માટે ગોઠવણ કરી. આ સમગ્ર પ્રકિયા સ્વૈચ્છિક રીતે સહકારી પ્રવૃત્તિથી વિકસી જેના પરિણામરૂપે આજે ગુજરાતમાં ૫ લાખ ખેડૂતો રોજ ડેરીમાં દૂધ આપે છે અને દર અઠવાડિએ તેના નાણાં પ્રાપ્ત કરે છે. બજાર અને ખર્ચની પરિસ્થિતિ પ્રમાણે દૂધ અને તેની પેદાશી ભાવોમાં ફેરફાર થકી પશુધારકોની આવક વધતી રાખે છે. ''અમૂલ બ્રાન્ડ'' હેઠળ વેચાતી દૂધ અને દૂધની પેદાશો વિશ્વમાં ઘણા બધા સ્થળે નિકાસ પામે છે. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન આ આજે ૪૧,૦૦૦ કરોડનો ધંધાકીય વ્યાપાર કરે છે. આ સમગ્ર પ્રક્રિયાના મૂળમાં બે મહત્ત્વની વ્યક્તિઓનું પ્રદાન છે.**

## શ્રી ત્રિભુવનદાસ પટેલ



ખેડા જિલ્લાના ખેડૂત એવા શ્રી ત્રિભુવનદાસ પટેલ રાજકારણને સામાજિક કાર્યો સાથે જોડવાની ગાંધીજીની પરંપરામાં તૈયાર થયા હતા. તેમણે સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખેડા જિલ્લાના ગામડાઓમાં કામ કર્યું. ત્યાંના દૂધ ઉત્પાદકોને સહકારી ધોરણે સંગઠિત કર્યા અને ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ જે બન્યો તે અમૂલ તરીકે જાણીતો થયો. તરત જ બગડી જાય તેવા ખાદ્ય પદાર્થ દૂધને યોગ્ય પ્રક્રિયા બાદ અનેક દૂધ-ઉત્પાદનોમાં રૂપાંતર કરવામાં આવ્યું. ફળશ્રુતિરૂપે ખેડૂતોને દૂધના સારાએવા ભાવ મળવા માંડ્યા. મુંબઈ જેવા સ્થળોએ પણ દૂધનું વેચાણ થવા લાગ્યું. જીવનનિર્વાહ માટે ઋતુ આધારિત ખેતી પર જ નભવું પડે તે સ્થિતિમાંથી તેમને મુક્તિ મળી. જે દૂધ અત્યાર સુધી પોતાના ગામમાં જ વેચાતું હતું કે પરિવારમાં અંગત ઉપયોગમાં વપરાતું હતું તેમાંથી આવકનો પૂરક સ્રોત મળ્યો. આ સફળ પરિવર્તનની ચાવી તેમણે શરૂ કરેલા સહભાગી પ્રયાસો અને જૂથકાર્ય હતું. આ પરિવર્તન શ્વેતક્રાન્તિ તરીકે ઓળખાયું.



## ડૉ. વર્ગીસ કુરિયન

ડૉ. વર્ગીસ કુરિયન સફેદ ક્રાંતિના જનક તેમજ ભારતના મિલ્કમેન તરીકે ઓળખાય છે. તેઓ જીસીએમએમએફ (ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન)ના અધ્યક્ષ હતા. કેરલાથી તેઓ ગુજરાત આવ્યા અને દૂધડેરીમાં એક એન્જિનિયર તરીકે કાર્ય શરૂ કર્યું. આજે આ સંસ્થા મહાન સહકારી સંસ્થા છે. ૧૨૦૦૦ થી વધુ દૂધ ઉત્પાદકોની સહકારી મંડળીઓ ૧૨ જિલ્લાના દૂધસંઘોના 'અમૂલ' બ્રાંડનું સંચાલન ૧૦૦૦૦૦ થી વધુ સભ્યોવાળી જીસીએમએમએફ કરે છે. વિશ્વની સૌથી મોટી સહકારી ડેરી વિકાસ કાર્યક્રમ - 'ઓપરેશન ફ્લડ'ના આર્કિટેક તરીકેનો શ્રેય ડૉ. વર્ગીસ કુરિયનને ફાળે જાય છે. તેમણે શ્રી ત્રિભુવનદાસ પટેલ સાથે મળીને પ્રથમ સહકારી દૂધ પ્રક્રિયા પ્લાન્ટ જ્યાં અસ્તિત્વમાં આવ્યો એવા ખેડા જિલ્લામાં આણંદ ખાતે સ્થપ્યો. તેમને દૃઢ વિશ્વાસ હતો કે એક નાનો દૂધ ઉત્પાદક પણ પોતાના સંઘના સંચાલનમાં સહયોગ કરવા સક્ષમ છે. તેને માત્ર આ માટેની ક્ષમતાનિર્માણ અને વ્યાવસાયિક સહાયની જરૂર છે. આ પછી દરેક જિલ્લામાં આવાં પ્લાન્ટ સ્થાપ્યા.

'અમૂલ' ગુજરાત સહકારી દૂધ માર્કેટીંગ ફેડરેશન (જીસીએમએમએફ) દ્વારા વિકસિત દૂધ ઉત્પાદનોની બ્રાન્ડ છે. ગ્રામ્યકક્ષાની દૂધઉત્પાદક મંડળીવાળા ૧૮ જિલ્લા સહકારી ઉત્પાદકોના સંઘનો આ ફેડરેશનમાં સમાવેશ થાય છે. આમાં આશરે ૧૧૦૦૦ ગામડાઓ

Amul
The Taste of India











GCMMF (Gujarat Co-operative Milk Marketing Federation Ltd)

આવરી લેવાયા છે. ૩૬ લાખ ખેડૂત-સભ્યો દ્વારા દરરોજ કુલ ૨૦૦ લાખ લિટર દૂધનું વેચાણ આ ફેડરેશન કરે છે.

આ ક્રાંતિકારી સહકારી સાહસ શ્રી ત્રિભુવનદાસ પટેલ પ્રેરિત ખેડા જિલ્લા દૂધ સહકારી સંઘ દ્વારા અને તેમની સાથે મળીને ડૉ. કુરિયન દ્વારા અમૂલની સ્થાપના સાથે શરૂ થયું. બીજા જિલ્લાઓ પણ આમાં જોડાયા.

૨૪ કલાકમાં વાપરવામાં ન આવે તો બગડી જાય તેવો ખાદ્ય પદાર્થ દૂધ – તેની સાચવણી, પ્રક્રિયા, જાળવણીનો આ ધરખમ સહકારી વ્યવસાય અપ્રતિમ છે.

ગ્રામ્યસ્તરની દૂધ ઉત્પાદકોની મંડળી, તેના સભ્યો પાસેથી દિવસમાં બે વખત દૂધ ખરીદે છે અને સાપ્તાહિક ધોરણે ચૂકવણાં કરે છે.

દૂધને કેનમાં, ટ્રક અથવા કોલ્ડ-વેનમાં જિલ્લા પ્રક્રિયા પ્લાન્ટ પર લઈ જવામાં આવે છે. જ્યાં તેને અમુક નિશ્ચિત ઉષ્ણતામાને જંતુરહિત કરવામાં આવે છે તેમજ અન્ય ઉત્પાદનો માટે જે તે પ્રક્રિયામાંથી પસાર કરવામાં આવે છે. દૂધને શહેરી વિસ્તારોમાં વેચવામાં આવે છે જ્યારે દૂધ ઉત્પાદનો બધી જગ્યાએ પહોંચાડવામાં આવે છે.

ગુજરાતમાં દૂધનું ઉત્પાદન વધારે પ્રમાણમાં થાય છે તેથી શરૂઆતમાં તો માત્ર મુંબઈની માંગ પૂરી કરવામાં આવતી હતી. હવે તે ઉપરાંત દિલ્હી તથા આસપાસના વિસ્તારોની માંગ પણ સંતોષવામાં આવે છે. ત્યાં ડેરી પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા છે જે તેમના સ્થાનિક દૂધની ગુજરાતમાંથી પરિવહન દ્વારા લેવાયેલા દૂધની સાથે પ્રક્રિયાઓ કરવામાં આવે છે. તેઓ દૂધ તથા દૂધ ઉત્પાદનો બેઉ વેચે છે. દિલ્હી આસપાસ ચાર મોટા પ્લાન્ટ છે. આવી વ્યવસ્થા કોલકાત્તા ખાતે પણ કરવામાં આવી છે.

અમૂલ બ્રાન્ડના દૂધ ઉત્પાદનોનું દેશમાં તથા પરદેશમાં વેચાણ જીસીએમએમએફ દ્વારા કરવામાં આવે છે. દૂધના ભાવ વખતોવખત ઉત્પાદન ખર્ચ તથા ફુગાવાને ગણતરીમાં લઈને

સુધારવામાં આવે છે. આને લીધે વર્ષ ૨૦૦૯-૧૦માં ખેડૂતોને લિટર દીઠ રૂ. ૨૪.૦૦ થી ૩૦.૦૦ મળતા હતા તે ૨૦૧૬-૧૭ દરમ્યાન લિટર દીઠ રૂ. ૪૯.૦૦ મળતા થયા છે.

જિલ્લા સંઘ તથા જીસીએમએમએફના વ્યવસ્થાપકોમાં જિલ્લા દૂધ ઉત્પાદક મંડળીના ચૂંટાયેલા સભ્યો અને તજ્જ્ઞ વ્યાવસાયિકોનો સમાવેશ કરવામાં આવે છે. અમૂલ નવીનતમ તકનિકીનો ઉપયોગ કરે છે અને અબજો રૂપિયાનું ટર્ન ઓવર ધરાવે છે. અમૂલ ગુજરાતના દૂરદૂરના વિસ્તારોના ગરીબ ખેડૂતો તથા પશુપાલકો સુધી પહોચ્યું છે.

# વિકાસનું રેખાંકન
# સ્વનિર્ભર ગુજરાતીઓ - સ્વંય સહાય સામુદાયિક પ્રયાસો

ગુજરાતીઓ સ્વભાવે જ આત્મનિર્ભર પ્રજા છે. સરકારી સહાય તથા સરકારી યોજનાઓના લાભ લેવાના પ્રયત્નો જરૂર કરે છે. પરંતુ સમસ્યાઓનો નિકાલ ન થાય ત્યાં સુધી હાથ જોડીને બેસી રહેતા નથી. નાણાકીય યોગદાનની જરૂરિયાત હોય કે શારીરિક શ્રમની તેઓ જવાબદારી સંભાળી લે છે. ગુજરાતીઓ પરિવારપ્રેમી હોય છે અને પારિવારિક સંબંધોને ખૂબ મહત્ત્વ આપે છે, ધર્મ-સંપ્રદાય કે જાતિ-જ્ઞાતિને ધ્યાનમાં લીધા વિના અરસપરસ સહાયરૂપ થાય છે, ધંધા-વ્યવસાયની માનસિકતાવાળા, મહત્ત્વાકાંક્ષી અને વિનોદી પ્રકૃતિવાળા હોવાની સાથોસાથ તેઓ વિનયી-વિવેકી પણ છે. અતિથિ-સત્કાર ગુજરાતીઓનો આગવો ગુણ છે. કુદરતી કે માનવસર્જિત કોઈપણ અનિચ્છનીય ઘટના વેળાએ તેઓ પડકારોનો સામનો કરવા તથા સમસ્યાઓને ઉકેલવા સદા તત્પર હોય છે.

### રાજકોટ જિલ્લાના વાંકાનેર તાલુકાના પજગામની સિદ્ધિની વાત :

આ ગામના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે અને બીજા લોકોને અન્ય કામો માટે વાંકાનેર જવા માટે વચ્ચે મચ્છુ નદી આવતી હોવાથી ખૂબ ફરીને જવું પડતું હતું. તેમાં ખૂબ સમય જતો હતો અને કાર્યો પૂરાં કરવામાં વિલંબ થતો હતો. નદી પર જો પુલ બાંધવામાં આવે તો વાંકાનેર પહોંચવામાં અતિ સુવિધા સગવડ થાય તથા સમયની બચત થઈ શકે તેમ હતું. પુલ બનાવવા માટે સ્થાનિક તાલુકા પંચાયત, મામલતદાર, જિલ્લા વિકાસ અધિકારી અને સરકારમાં અનેક વખત અરજીઓ કરવા છતાં આ પુલનું કામ થઈ શક્યું ન હતું. ગામપંચાયતની ગ્રામ સભામાં ગામલોકો મળ્યા અને આ કામ ગામે જાતે જ કરવું તેવું તેમણે સર્વસંમતિથી નિશ્ચિત કર્યું.



ગામમાં કુલ ૧૭૫ પરિવારોમાંના દરેકે રૂપિયા ૧૫૦૦૦/-નો ફાળો આપ્યો. અને બાકીની વધારાની રકમ મોરબી તથા વાંકાનેરના દાતાઓ પાસેથી એકઠી કરી. પુલ બાંધવાનો ખર્ચ રૂ. ૯૦ લાખ જેટલો થતો હતો. પુલનિર્માણ માટે પોતાની કાર્યકારી સમિતિ બનાવી. સ્થાનિક દૂધ ઉત્પાદક મંડળીના મંત્રી શ્રી મહમદભાઈ મઠકિયાના કહેવા પ્રમાણે આ ૮૨ મીટર લાંબો અને ૨૪ ફૂટ ઊંચો પુલ સાત મહિનાની અંદર ૨૦૧૭-૧૮ દરમ્યાન તૈયાર થઈ ગયો.

## ભાવનગર જિલ્લાના મેથક ગામની વાત :

અન્ય એક ઉદાહરણ ભાવનગર જિલ્લાનું છે. ત્યાંના મેથક ગામની જમીનમાં દરિયાઈ પાણીના અતિક્રમણને લીધે જમીન ક્ષારીય થઈ રહી હતી. બાજુની બગડ નદીમાં પણ ખરાશ પ્રવેશી ચૂકી હતી. જમીન તથા પાણીની ખારાશને લીધે ગામની ખેતીની ઉત્પાદકતા ઘટતી જતી હતી અને ખેડૂતોની આવકમાં ઘટાડો થતો હતો આ સમસ્યાથી ચિંતિત ખેડૂતોએ સરકાર પાસે આના નિવારણ માટે વિનંતીઓ કરવા છતાં કોઈ પગલાં લેવાયાં ન હતાં.

ગામના લોકોએ દરિયાઈ ક્ષારને જમીનમાં ઘૂસતો અટકાવવા દિવાલ બંધ જાતે જ બનાવવાનું નક્કી કર્યું. સ્થાનિક ફાળો ઉઘરાવ્યો, દાતાઓ તથા શુભેચ્છકો પાસેથી સહાય મેળવી અને ગામ લોકોએ શ્રમ દ્વારા સહયોગ કર્યો અને આશરે ચાર મહિનાના સમયમાં ૪૫ ફૂટ પહોળા તળિયા તથા ૩૦ ફૂટ પહોળા મથાળાવાળો એક કિલોમીટર લાંબો દિવાલ-બંધ ઊભો કરી દીધો. આમાં રૂપિયા ૪૫ લાખનો ખર્ચ થયો. આશરે ૨૦૦૦ની સંખ્યામાં ખેડૂતો અને ગ્રામજનોએ પોતપોતાના ટ્રેક્ટરો સાથે શ્રમ સ્વરૂપે યોગદાન કર્યું.

આ બંધ લાંબે ગાળે જમીનમાં તથા ગામની મીઠા પાણીની નદીમાં ખારાશના અતિક્રમણને રોકશે અને ખેતી-પાકની ઉત્પાદકતામાં સુધારો કરશે. ગામના લોકો તથા ખેડૂતો પોતાના ફળદાયી શ્રમ, દાતાઓના સહયોગ પ્રતિ તેમજ ઈશ્વર પ્રતિ આ બધું સારી રીતે ગોઠવાયું તે માટે અહોભાવયુક્ત સંતોષ ધરાવે છે. આ કાર્ય પણ ચાલુ વર્ષમાં ૨૦૧૭-૧૮ દરમ્યાન થયું છે.

## ખેડા જિલ્લાના હરિવાલા ગામના શ્રીમતી પુરીબેન :

દૃઢ મનોબળ ધરાવતા પુરીબેનની આ વાત છે. સરકારી નીતિઓ-યોજનાઓ સાથેના અદ્‌ભુત સંકલનથી ગામના વિકાસ માટે ગ્રામજનોને મદદ કરી છે. પતિના અવસાન પછી પુરીબેન ચાવડાએ જીવનમાં ખૂબ મુશ્કેલીઓ વેઠી હતી. એકલી મહિલા હોવા છતાં તેમણે હિંમત હાર્યા વિના સંઘર્ષ ચાલુ રાખ્યો. ૧૯૮૯માં આંગણવાડીના સક્રિય કાર્યકર બન્યા, ગામની અન્ય મહિલાઓને અબળાની હાલતમાં જીવતી જોઈને વ્યથા અનુભવતા પુરીબેને મહિલાઓને આત્મનિર્ભર બનાવવામાં ઉપયોગી થઈ શકે તેવી સરકારી નીતિઓ યોજનાઓની માહિતી એકત્રિત કરી અને ગૃહઉદ્યોગો ચલાવવા માટે 'સખીમંડળ'ની સ્થાપના કરી. મનરેગા, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઈંદિરા આવાસ યોજના, માનવગરિમા યોજના અને એવી બધી સરકારી યોજનાના લાભ આ 'સખીમંડળ'ને મળે તે માટે કાર્યવાહી હાથ ધરી. મહિલાઓને

કપડાં સીવવાના મશીન, ગરીબોને રહેવા માટે ઘર તથા આવક માટે ઘરોમાં થઈ શકે તેવી રોજગારી વગેરે ઉપલબ્ધ કરાવ્યા અને પોતાના ગામની પ્રગતિ અને એકંદર સુખાકારી માટે નોંધપાત્ર કાર્ય કર્યું.

ઉપર વર્ણવેલા કિસ્સાઓ ગુજરાતીઓની શક્તિ અને સંભાવનાઓના ઉદાહરણો છે. સહુની પ્રગતિમાં ગુજરાતીઓ એકબીજાને હંમેશાં મદદરૂપ થાય છે. એક ગુજરાતી આમ અનેક માટે અને એકંદરે રાષ્ટ્રના વિકાસમાં ફાળો આપે છે. પોતાની પ્રગતિની સાથે બીજા લોકોને પણ સફળતાના માર્ગ પર લઈ જાય છે. તેમજ ગુજરાતી બંધુઓ પોતાના સાથી બંધુઓ માટે ઉજળા અવસરો સર્જે છે. એક જાણીતું કથન છે, ‘‘જ્યાં વસે ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત.’’

સ્વભાવે ગુજરાતીઓ સંવાદિત છે. રાજ્યનો આજનો ઉત્તમ  વિકાસ વર્ષોના મહાપ્રયત્નો, ચિરંતન રોકાણો, રાજકીય મનોબળ અને જાહેર પ્રતિબદ્ધતાને લીધે શક્ય બન્યો છે. રાજ્યમાં મહાવિકરાળ કુદરતી આફતો આવેલી છે પંરતુ લોકોના સહકારથી સરકાર સફળતાપૂર્વક એનો સામનો કરી શકી છે. અનેક વખતે એવું જોવા મળ્યું છે કે દૂરથી કે બહારથી બચાવ ટૂકડી કે મદદ આવે તે પહેલાં સ્થાનિક લોકો સમસ્યાના નિરાકરણ માટે પોતાની જાતે જ જોડાઈ જાય છે. ગુજરાતની પ્રજાની સમજને લીધે જ ગુજરાત પ્રગતિશીલ બની રહ્યું છે. ગુજરાતીઓ વિનોદપ્રિય પ્રજા છે, શાંતિ અને સમૃદ્ધિમાં વિશ્વાસ કરે છે. તેથી ગુજરાત દેશનું સૌથી ઝડપથી વિકસતું રાજ્ય બની રહ્યું છે.

**સુશ્રી ધ્વનિબેન પંડ્યા**



**લાલભાઈ દલપતભાઈ મ્યુઝિયમ**

એલ. ડી. મ્યુઝિયમ ભારતીય શિલ્પ, કાંસ્ય કલાકૃતિઓ, હસ્તપ્રતો, ચિત્રો, રેખાંકનો બધુ ચિત્રકૃતિઓ, કાષ્ટ કારીગરીના નમૂના, મણકાકાર્ય તથા પ્રાચીન તેમજ અર્વાચિન સિક્કાઓનું અમસંગ્રહાલય અમદાવાદ ખાતે આવેલું છે.



# દાહોદની કાયાપલટ

શ્રીમતી શર્મિષ્ઠા તથા શ્રી હરનાથ જગાવત

સદ્‌ગુરુ ફાઉન્ડેશન તરીકે પ્રખ્યાત ક્યારેક માત્ર સદ્‌ગુરુ તરીકે ઓળખાતા એન.એમ. સદ્‌ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશનએ ગ્રામ્યવિકાસ પ્રવૃત્તિઓનો આરંભ વર્ષ ૧૯૭૪માં કર્યો, એ સમયગાળો બિનસરકારી/સ્વૈચ્છિક સંસ્થાઓનો ગુજરાતમાં સુવર્ણ યુગ હતો, બિનસરકારી ક્ષેત્રને બધા પ્રકારની સહાય, ટેકો, પ્રોત્સાહન અને પ્રશંસા પ્રાપ્ત થતાં હતાં, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, રવિશંકર મહારાજ અને અન્ય મહાન વ્યક્તિઓના સેવામૂલ્યોનો વારસો ગુજરાતના સામાજિક-રાજકોટ વાતાવરણમાં ઊંડે સુધી ધબકતો હતો, આ એક કારણ છે કે જેને લીધે ૭૦ થી ૮૦ ના દાયકામાં વ્યાવસાયિક રીતે સંચાલિત અગ્રણી સ્વૈચ્છિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી.



શ્રી અરવિંદભાઈ તથા તેમના ધર્મપત્ની સુશીલાબેન દ્વારા ચિત્રકુટના રઘુવીર મંદિરે આરતી પૂજા

તે દિવસોમાં સખાવતી કામો કરનારા સૌથી મોટા ઉદ્યોગમાંના એક એવા મફતલાલ ગ્રૂપ દ્વારા મુંબઈમાં ચલાવાતું સદ્‌ગુરુ સેવા સંઘ ટ્રસ્ટના નેજા હેઠળ સદ્‌ગુરુ ફાઉન્ડેશન વિકાસલક્ષી પ્રવૃત્તિઓ કરતું હતું. શરૂઆતના એ ગાળામાં સી એસ આર (કાર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી શબ્દસમૂહ ચલણમાં ન હતો, એ માત્ર સામાજિક જવાબદારી કહેવાતું જે આપણે ત્યાં સદીઓથી સ્વીકૃત હતું. ગરીબોના કલ્યાણના મહાન કાર્ય માટે ત્યારે પ્રતિષ્ઠિત પરોપકારવાદી સ્વ. શ્રી અરવિંદ મફતલાલ, મફતલાલ ગ્રૂપ તથા શ્રી સદ્‌ગુરુ સેવા સંઘ ટ્રસ્ટના મોભી હતા, એવા સંખ્યાબંધ ઉદ્યોગપતિઓ અને ઔદ્યોગિક ગૃહો હતા જેઓ ગરીબોની સુખાકારી માટે

મફતલાલ કરતાં વધુ પૈસા આપતા, પરંતુ અરવિંદભાઈનું ગરીબ સમુદાયો પ્રતિ સમર્પણ અને પ્રતિબદ્ધતા અજોડ હતાં. મફતલાલ ગ્રૂપના વડા તરીકેના તેમના શ્રેષ્ઠ ગાળા દરમ્યાન મહિનામાં લગભગ અર્ધા દિવસો તેઓ ગ્રામ્યલોકો સાથે વિતાવતા. વ્યક્તિગત રીતે લોકો સાથેનું તેમનું તાદમ્ય અનન્ય હતું. લોકોને તેઓ ભગવાન તરીકેનું સંબોધન કરતા. અમે તથા અમારા કેટલાક સાથીઓ અરવિંદભાઈની વિનમ્રતા તથા ગ્રામ્યસમુદાય માટેના આદરના સાક્ષી છીએ. તેમની સાથે જોડાયેલો હોવાથી મેં તેમની મહાનતા, ગ્રામ્યલોકો પ્રતિ ઔદ્યોગિક ગૃહો માટે અકલ્પ અને માનવામાં ન આવે તેવો પાયાનો નક્કર અદ્ભુત અભિગમ જોયાં છે. ગરીબો માટેના કાર્યો માટેની તેમની પરમાર્થતા અને વિનયી ઉદારતા વિશેના અનેક પ્રસંગો અમે લોકોએ જોયા છે. તેમના નેતૃત્વં અને આશીર્વાદ હેઠળ અમે ગ્રામીણ વિકાસના કાર્ય પ્રથમ અગિયાર વર્ષ શ્રી સદ્ગુરુ સેવા સંઘ ટ્રસ્ટના નામ હેઠળ અને ૧૯૮૬થી શ્રી એન. એમ. સદ્ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના વર્તમાન નામ હેઠળ ચાલુ રાખ્યા છે. આ નામ પરિવર્તન વહીવટી કારણોસર કરવામાં આવ્યું હતું. ગુજરાતના દાહોદ જિલ્લામાં આદિવાસીઓ વચ્ચેના કામના પ્રારંભિક તબક્કામાં અમને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. સરકારના સમર્થન વડે સિંચાઈના કામ કરવાના અમારા નિર્ણયનો ટેકનિકલ વિભાગે વાંધો ઉઠાવ્યો હતો. તેમનું માનવું એવું હતું કે સિંચાઈના કામો માટે સરકારને જ સંપૂર્ણપણે એકાધિકાર છે. અને બિનસરકારી કે સ્વૈચ્છિક સંસ્થાઓએ જળસંશાધનો વિશે કૌશલ્ય-નિપુણતાના અભાવે કોઈ ભૂમિકા ભજવવાની રહેતી નથી. છેવટે જી. સુબ્બારાવ, કે.જી. રામનાથન અને એમ.જી.શાહ જેવા આઈ એ એસ અધિકારીઓ જક્કી ટેકનિકલ ડિપાર્ટમેન્ટ સામે અમારા ટેકામાં ઊભા રહ્યા. તેમનું અર્થઘટન એ હતું કે સ્વૈચ્છિક સંસ્થાઓને સિંચાઈના વિકાસ કાર્યોમાં જોડવાનું જોખમ ઉઠાવવા જેવું છે. આ પ્રયોગ સફળ થાય તો એક મહાન ઉપલબ્ધિ ગણાશે અને જો વિફલ થાય તો વધારે ગુમાવવા જેવું નથી. અભ્યાસ ખર્ચ ગણાશે. જે નહીંતર ટેકનિકલ વિભાગ દ્વારા ખર્ચાવાના થતા સેંકડો કરોડની સામે કંઈ નથી.

અતિ સબળ એવા ટેકનિકલ વિભાગ તરફથી આવેલો અવરોધ પસાર કરી અમે દાહોદ જિલ્લામાં ત્રણ સામુદાયિક લિફ્ટ સિંચાઈ મારફત સિંચાઈકાર્યોનો આરંભ કર્યો, કેમ કે આ આદિવાસી વિસ્તારની વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિને કારણે લિફ્ટ સિંચાઈ પદ્ધતિ જ યોગ્ય હતી. તે દિવસોમાં અને આજે પણ કંઈક અંશે લિફ્ટ સિંચાઈ પદ્ધતિ મોટાભાગે કેટલાક દેખીતા કારણોસર વિફલ રહે છે, આની સામે સદ્ગુરુ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ અને અમલમાં મૂકાયેલા લિફ્ટ સિંચાઈ પ્રોજેક્ટો ટેકનિકલ રીતે કે સામાજિક રીતે ક્યારેય અસફળ રહ્યાં નથી. સરકારી સહાયથી શરૂ થયેલી પ્રારંભિક યોજના બાદ હવે એકલા ફાઉન્ડેશન દ્વારા જ ગુજરાત, રાજસ્થાન, અને મધ્યપ્રદેશમાં ૪૧૫ જેટલા લિફ્ટ સિંચાઈના સફળ પ્રોજેક્ટ પૂરા થયાં છે. બીજી કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ અને  સરકારી વિભાગો અમારી આ લિફ્ટ સિંચાઈની રચના અને કાર્ય શીખ્યા અને તેને તેમણે મોટા પરિમાણ પર અપનાવ્યાં છે. સરકારની અગાઉની આવી યોજનાઓ અસફળ રહી તેનું કારણ સમુદાય તરફથી સહકારનો

અભાવ દર્શાવાતો હતો, જ્યારે સદ્‌ગુરુ ફાઉન્ડેશન દ્વારા અમલમાં મુકાયેલી બધી યોજનાઓ લોકોના સહકારી-સહભાગી વ્યવસ્થાપન પદ્ધતિને લીધે સફળ રહી છે. અમે અમારા પ્રોજેક્ટમાં સિંચાઈ માટે સ્થળ પસંદગીથી લઈ તેના અમલ અને બાંધકામ થઈ ગયા પછીના પ્રબંધનમાં લોકોને, તેમના સમુદાયોને સંપૂર્ણપણે સામેલ કરતા હતા, સાથે રાખતા હતાં, સતત તાલીમ, અને સમુદાયના સશક્તિકરણના નિષ્ઠાવાન પ્રયત્નોને લીધે જ પરિણામોમાં આમૂલ પરિર્વતન જોવા મળ્યું છે. અમારી યોજનાઓની સફળતા સમુદાય દ્વારા ઊઠાવાતી જવાબદારી તથા માલિકી-પોતિકાપણાના ભાવમાં પ્રદર્શિત થઈ છે.

લિફ્ટ સિંચાઈના પ્રયોગોની-પ્રોજેક્ટની સફળતાના તાર્કિક ઘટનાક્રમ તરીકે વપરાશકાર જૂથોએ તેમના પાકોમાં વૈવિધ્યકરણ માટે ખેતી સાથે શાકભાજી, ફૂલો તથા ફળોના બગીચાની ખેતી વગેરે વિકસાવ્યાં. તેમાં પ્રોત્સાહક પરિણામો પણ મેળવ્યાં. દાહોદના ૬૦ કિલોમીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ૩૦૦ લિફ્ટ સિંચાઈ યોજનાઓ, મોટા કદના ૩૦૦ સામુદાયિક ચેકડેમ, નવા ૧૮૦૦૦ જેટલા કૂવાઓ, ૩૫૦૦૦ જેટલા ફળ-ફૂલના બગીચાઓ નિયમિતપણે શાકભાજી ઊગાડતાં ૩૦૦૦૦ ખેડૂતો અને ૬૦૦ જેટલા ખેડૂતો ફળોની ખેતીમાં કાર્યરત થયા છે. તે પરથી અમારા આ પ્રોજેક્ટ કાર્યના અનુગામી પ્રભાવને સમજી શકાય છે. આ નોંધપાત્ર સિદ્ધિ સંકલિત અભિગમ દ્વારા પ્રાપ્ત થઈ શકી છે જેને લોકો ‘સદ્‌ગુરુ મોડલ’ તરીકે ઓળખે છે.

અમારા કાર્યોમાં આવી સિદ્ધિ અને ઉત્તરોત્તર પ્રગતિ થઈ શકી છે તેનું સૌથી સબળ કારણ એ છે કે અમને ૪૫ વર્ષથી સરકારમાંથી સતત મદદ મળી છે. નિષ્ઠાવંત કામગીરી, પ્રામાણિકતા અને હકારાત્મક અભિગમની અમારા ફાઉન્ડેશનની લાક્ષણિકતાને કારણે સરકારમાં અમારી પ્રતિષ્ઠા જળવાઈ રહી છે. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટના સ્વ. પ્રોફેસર અનિલ ભટ્ટે ‘‘સરકારી તથા બિનસરકારી (જીઓ-એનજીઓ)ની વિકાસમાં ભાગીદારી ‘‘સદ્‌ગુરુના પ્રયોગો’’ શીર્ષક હેઠળ સદ્‌ગુરુ ફાઉન્ડેશન અને સરકાર વચ્ચેના સંબંધોનો અભ્યાસ હાથ ધર્યો હતો. આ અભ્યાસનું સમાપક નિવેદન આ પ્રમાણે છે.

‘‘બિનસરકારી સંસ્થાઓએ જ્યારે યોગ્ય હોય ત્યારે સરકારને યશ આપવાનું શીખવાની જરૂર છે. સ્વૈચ્છિક સંસ્થાઓ સરકારને યશ આપવામાં કંજૂસાઈ કરે છે. તેનું કદાચ કારણ એ છે કે સામાન્ય રીતે બિનસરકારી ક્ષેત્રોના સરકારીતંત્ર બહારના નૈતિક ધોરણો હોવાથી તેઓ સરકારના હાથા હોવાની છાપ ન લાગે તે માટે સાવધ રહેતા હોય છે. અમુક સંજોગોમાં સરકારની નીતિઓની ચોક્કસ ટીકા કરી છે અને અમુક અધિકારીઓ સામે પ્રબળ વિરોધ પણ નોંધાવ્યો છે. પરંતુ જ્યારે યોગ્ય લાગ્યું ત્યારે સરકારની ભરપૂર પ્રશંસા પણ કરી છે.’’

સરકાર અને સદ્‌ગુરુ ફાઉન્ડેશન વચ્ચેની મજબૂત ભાગીદારી અનેક અમલદારોના ટેકાને આભારી છે. તે બધાનો અહી ઉલ્લેખ કરવો મુશ્કેલ છે પરંતુ મારા સ્મૃતિમાનસ પર જે નામો ઉપસી આવ્યા છે તેમાં સર્વશ્રી એચ. કે. ખાન, કે. જી. રામનાથન, જી. સુબ્બારાવ, એ. કે. જોતિ, એસ. કે. નંદા. ડી. ડબ્લુ. ડેવિડ, ભાનુજન, પી. કે. મિશ્રા, અનિલ શાહ, એમ.

સાહુ, આર. કે. ત્રિપાઠી, એ. એમ. તિવારી, જે. એન. સિંઘ, ડૉ. કે. એન. શેલત, પંકજ જોશી વગેરેનો સામવેશ થાય છે. આ સહુએ આ જીઓ - એનજીઓ સંબંધને સુદૃઢ કરવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી છે. અમારો સુદીર્ઘ અનુભવ એ રહ્યો છે કે જે કોઈ અમલદાર 'સદ્ગુરુ'ના સંપર્કમાં આવ્યા છે. તેઓ સદ્ગુરુના કાયમી મિત્ર, શુભેચ્છક અને સહાયક બની ગયા છે. કદાચ અમલદારો તરફથી સતત મળતો રહેતો ટેકો સદ્ગુરુની આગવી લાક્ષણિકતા છે. હું માનું છું કે ગુજરાતનું વાતાવરણ જ ઉપકારક અને સહાયક પ્રકારનું છે. રાજ્ય તરીકે ગુજરાત હંમેશાં સ્વૈચ્છિક સંસ્થાઓને પડખે ખડુ રહ્યું છે. જ્યારે અન્ય રાજ્યોમાં સરકારીતંત્ર અને બિનસરકારી સંસ્થાઓ વચ્ચેના મજબૂત સંબંધોનો ઈતિહાસ નથી. ગુજરાત સરકાર સાથેના સંબંધો અને સહાયને લીધે અમે બીજા રાજ્યોમાં પણ અમારી પ્રવૃત્તિઓ વિકસાવી શક્યા છીએ.

અમારી આ સફળ ભાગીદારીનો અનેક રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય મંચો પર ગૌરવભેર ઉલ્લેખ થયો છે. સરકાર ઉપરાંત ઘણી બિનસરકારી સંસ્થાઓએ પણ સદ્ગુરુ ફાઉન્ડેશનની પ્રગતિમાં સારી એવી માત્રામાં સહયોગ કર્યો છે. સહુના નામોનો ઉલ્લેખ અહી મુશ્કેલ છે.

ખાસ તો સમુદાયો સાથેના સબળ સંબંધો પણ સદ્ગુરુ ફાઉન્ડેશનનું એક મજબૂત પાસું રહ્યું છે. સમાજના સમુદાયોને સદ્ગુરુ ફાઉન્ડેશનમાં જબરદસ્ત વિશ્વાસ છે અને તેથી અમારા બધાજ કાર્યક્રમોનો તેમના દ્વારા હૃદયપૂર્વક સ્વીકાર થયો છે. લાભાર્થી સમુદાય, સરકાર, દાતાઓ અને વિવિધ પાંખોના વ્યાવસાયિકોની સુશિક્ષિત ટીમ, સદ્ગુરુ ફાઉન્ડેશનના પાયાના ચાર સ્તંભ છે, જેને લીધે અમારા બધા જ કાર્યક્રમો સફળતાપૂર્વક નિર્ધારિત પ્રગતિની દિશામાં ચાલ્યા છે અને તેની બધીજ પ્રવૃત્તિમાં ખૂબ સુંદર પરિણામો પ્રાપ્ય થઈ શક્યા છે. અમે ૬ લાખથી વધુ પરિવારોને ત્રણ રાજ્યો, ૧૬ જિલ્લાઓ તેમજ ૩૬ લાખ લોકોને ૧૬૦૦થી વધુ ગામોમાં અમારા કાર્યક્રમોમાં આવરી શક્યા છીએ.

**શ્રી હરનાથ જગાવત**
**(૧૯૩૬ થી ૨૦૧૯)**

દાહોદ (ગુજરાત), બાંસવાડા (રાજસ્થાન) અને ઝાબુઆ મધ્યપ્રદેશના સુપ્રસિદ્ધ આદિવાસી જિલ્લાઓમાં વસતા હજારો આદિવાસી લોકોના એકંદર અને સર્વાંગી વિકાસ માટે, પશ્ચિમ ભારતના સૂકા પ્રદેશોમાં પાણી અને લીલોતરી લાવનાર શ્રી હરનાથ જગાવતજીએ એન. એમ. સદ્ગુરુ જળ અને વિકાસ ફાઉન્ડેશનના સહનિયામક તરીકે ગ્રામીણ વિકાસ કાર્યક્રમો, વોટર શેડ ડેવલપમેન્ટ, લિફ્ટ સિંચાઈ અને ડેરી ફાર્મિંગ પર અભૂતપૂર્વ કાર્ય કર્યું છે.

# વિકાસનું રેખાંકન
# મહિલા ખેડૂતની વાત



**સુરતબેન ઉદયસિંહભા નામના મહિલા ખેડૂતની વાત તેણીના જ શબ્દોમાં :**

હું સુરતબેન ઉદયસિંહભાઈ દાહોદ તાલુકાના ધામરડા ગામમાં રહું છું. વિધવા છું. પરિવારમાં ૪ પુત્રો અને ૬ પુત્રીઓ છે. મારા પતિને દારૂની લત હતી, લિવર કામ કરતું બંધ થતાં પાંચ વર્ષ પહેલાં તેમનું અવસાન થયું છે.

મારી પાસે કુલ પાંચ એકર જમીન છે. હું લાંબા સમયથી એકજ પાક લેવાની પદ્ધતિથી, બીજા કાઈ આયોજન વિના, વરસાદ આધારિત પંરપરાગત રીતે ખેતી-કાર્ય કરતી હતી. ખરીફ-પાક તરીકે મકાઈ અને ડાંગર તથા રવિપાક તરીકે ઘઉં અને ચણાનું વાવેતર મારા પરિવારના નિભાવ માટે આવકનું સ્ત્રોત હતું. વરસાદની અનિયમિતતા, ચોમાસાની અવિશ્વસનીયતા, જમીનની ઘટતી જતી ઉત્પાદકતા અને ખર્ચાળ ખેતીકાર્યને લીધે અમે નિષ્ફળતા તથા નિરાશાનો સામનો કરી રહ્યા હતા. આવી પરિસ્થિતિમાં ગામમાં સદ્‌ગુરુ ફાઉન્ડેશનએ આદિવાસી આજીવિકા સંવર્ધનનું કાર્ય શરૂ કર્યું હતું તેમાં અમે જોડાયા.

હું સ્વયં સહાય જૂથ (સેલ્ફ હેલ્પ ગ્રૂપ)ની તેમજ દાહોદ લિફ્ટ ઈરિગેશન કોઓપરેટીવ ફેડરેશનની સભ્ય બની તે દ્વારા મને ખેતી માટે સારી ગુણવત્તાવાળા ખાતર, બિયારણ, જંતુનાશકો, ખેતીના ઓજોરો વિશે જાણકારી મળી. જમીનના પ્રકાર પ્રમાણે ખેતી માટેની પાકની પસંદગીથી માંડી ઉપલબ્ધ સંસાધનોથી થઈ શકતા શ્રેષ્ઠ વિકલ્પો-પદ્ધતિઓ વિશે વિવિધ તાલીમ કાર્યક્રમો તથા મુલાકાતો થકી સ્પષ્ટ માહિતી અને માર્ગદર્શન સાંપડયાં, એસ.એચ.જી. (સેલ્ફ હેલ્પ ગ્રૂપ)ની સભ્ય હોવાથી નિયમિત બચત તથા ક્રેડિટ ઉપરાંતની સરકારી કાર્યક્રમોની વિવિધ યોજનાઓ અંગેની જાણકારી પ્રાપ્ત થઈ. પાસેની નદીમાંથી સિંચાઈ માટે પાણી લાવવા જરૂરી પાંચ હોર્સપાવરના ડિઝલ એંજિન માટે મને સરકારી સબસિડીનો લાભ મળ્યો.

હું જ્યારે પરંપરાગત રીતે ખરીફમાં મકાઈ ડાંગર અને રવિમાં ઘઉં-ચણા વાવતી હતી ત્યારે વરસે દહાડે માંડ રૂ. ૪૫,૨૦૦ જેટલી આવક થતી હતી, પરંતુ ફેડરેશન દ્વારા સીડીપી (કોમ્યૂનિટિ ડેવલપમેન્ટ પ્રોગ્રામ)ના અમલ પછી ગામમાં ખેતીની પદ્ધતિઓમાં સદંતર બદલાવ આવ્યો છે. ઉત્તમ પદ્ધતિઓ, સમયાંતરે ચોક્કસ પાકોની વૈજ્ઞાનિક પસંદગીના આધારે ખેતીની ઉત્પાદકતામાં વૃદ્ધિ થઈ છે. સદ્‌ગુરુ ફાઉન્ડેશન તથા ટાટા ટ્રસ્ટના

સહયોગ-સહકારથી, સમૂહમાં યથોચિત આયોજન અને નવી શીખેલી રીતોથી ખેતીમાંથી જ રૂપિયા ૨,૦૩,૨૦૦ જેટલું કમાઈ શકું છું.

| ઋતુ | પાક | વિસ્તાર (એકર) | ઉત્પાદન (કિલોગ્રામ) | ભાવ | આવક (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| **કોમ્યૂનિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામની સામેલગીરી પહેલાં** | | | | | |
| **ખરીફ** | મકાઈ | ૪ | ૨,૦૦૦ | ૧૦ | ૨૦,૦૦૦ |
| | ડાંગર | ૧ | ૪૦૦ | ૮ | ૩,૨૦૦ |
| **રવી** | ઘઉં | ૨ | ૧,૫૦૦ | ૧૨ | ૧૮,૦૦૦ |
| | ચણા | ૧ | ૨૦૦ | ૨૦ | ૪,૦૦૦ |
| | | | | **અગાઉની આવક** | **૪૫,૨૦૦** |
| **કોમ્યૂનિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામની સામેલગીરી પછી** | | | | | |
| **ખરીફ** | મકાઈ (જીએમ-૬) | ૩ | ૧,૭૫૦ | ૧૨ | ૨૧,૦૦૦ |
| | સોયાબીન | ૨ | ૧,૩૦૦ | ૨૮ | ૩૬,૪૦૦ |
| **રવી** | ઘઉં | ૧.૫ | ૧,૬૦૦ | ૧૫ | ૨૪,૦૦૦ |
| | ચણા | ૦.૫ | ૨૦૦ | ૨૫ | ૫,૦૦૦ |
| | મકાઈ (જીએમ-૬) | ૦.૫ | ૪૦૦ | ૧૨ | ૪,૮૦૦ |
| **ઉનાળુ** | વટાણા - કઠોળ (સ્વાતિ ૨૨૨+) | ૧ | ૨,૮૦૦ | ૪૦ | ૧,૧૨,૦૦૦ |
| | | | | **હાલની આવક** | **૨,૦૩,૨૦૦** |

— સુશ્રી નિશાબેન શાહ

# છોટાઉદેપુરના આદિવાસી અને ગરીબ ખેડૂતોનું સશક્તિકરણ


**શ્રીમતી શ્રુતિ શ્રોફ**

વર્ષ ૧૯૯૫ એપ્રિલમાં હોળીના તહેવાર પછી તરતજ ઉનાળાની ગરમી શરૂ થવાની તૈયારીમાં હતી. શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટની ટીમ (શ્રીમતી શ્રુતિબેન શ્રોફ તથા શ્રી અતુલભાઈ શ્રોફ સહિત) છોટાઉદેપુરની પ્રથમ મુલાકાતે આવી હતી. ડીઆરડીએ (ડિસ્ટ્રિક્ટ રૂરલ ડેવલપમેન્ટ એજન્સી) વડોદરાના નિયામકશ્રીના 'રાઠ' વિસ્તારમાં વોટરશેડ ડેવલપમેન્ટ કાર્યક્રમના અમલીકરણ માટે પીઆઈએ (પ્રોજેક્ટ ઇમ્પ્લિમેન્ટેશન એજન્સી) તરીકેનું કાર્ય સંભાળવાના આમંત્રણના અનુસંધાને આ મુલાકાત હતી. અમારા જૂથના બધા જ સભ્યો અમારા પ્રોજેક્ટના ગામ રંગપુર (ઝોઝ) પહોંચવા અને છોટાઉદેપુર શહેરથી ૨૨ કિમી. દૂર ત્યાંના અઠવાડિયે ભરાતા બજાર-હાટ જવા આતુર હતા.

વડોદરાથી આશરે એકસો કિલોમીટરની મુસાફરી પછી અમે ત્યાં પહોંચ્યા ત્યારે પુરુષો અને છોકરાઓને હાથમાં ધનુષ્ય અને દાતરડા (સ્થાનિક બોલીમાં 'પાલિયા') સાથે શરીર પર માત્ર લંગોટ જેવા કપડાંમાં હરતાફરતા જોઈ થોડો સાંસ્કૃતિક અચંબો થયો.

છોટાઉદેપુરથી રંગપુર ગામ સુધીનો રસ્તો બિસ્માર હાલતમાં હતો. છોટાઉદેપુરને મધ્યપ્રદેશના અલિરાજપુર સાથે જોડતો કહેવાતો ધોરીમાર્ગ ધોવાઈ ગયેલો અને મોટા ખાડા-ખાબડા વાળો હતો. વરસાદી ઝાપટાં અને સખત પવનને લીધે માટી-ધૂળ ઢસડાઈ જતાં ખેતીલાયક જમીનનું ધોવાણ થઈને કોતરો પડી ગઈ હતી, આઘે આઘે અસંખ્ય લીલા ટપકાં સમાન મહુધાના






માન. રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી દ્વારા ઍવોર્ડ વડે સન્માન

વૃક્ષો દ્રષ્ટિગોચર થતાં હતાં. બાકી જંગલ અને બારમાસી ઝરણાં લુપ્ત થઈ ગયાં હતાં. બધેજ પથ્થર અને શિલાઓ દેખાતા હતાં. જમીન બિન ઉપયોગી તેમજ ઝરણા અને કૂવાઓ પાણી વિનાના હતા. રંગપુર ખેડૂત મંડળીના લોકો સાથેની વાતચીતમાં લોકોની અસહાયતા સ્પષ્ટપણે વરતાતી હતી. સ્થાનિક રહેવાસીઓ સંભવત પહેલીવાર તેમની સમસ્યાઓ કોઈ સાંભળે-સમજે તે માટે જાણે રાહ જોતા હતા. શહેરમાંથી આવતા લોકોમાં તેમને ખાસ વિશ્વાસ ન હતો. ત્યાંના એક પ્રૌઢ સમજદાર વ્યક્તિ રંગપુર ખેડૂત સહકારી મંડળીના પ્રમુખ ભાવસિંહજીભાઈએ જણાવ્યું કે - ''અમે પેઢી દર પેઢીથી એક સરખા સંઘર્ષ સાથે જીવીએ છીએ. અમારી સ્થિતિમાં કોઈ સુધાર આવ્યો નથી.'' વિકાસકાર્યો કરવા બહારથી આવતા બધાને તેમણે તેમની કફોડી સ્થિતિ વિશે જાણ કરી હતી. ગામડામાં આવનારને વૃદ્ધા અને અશક્તો સિવાય કશું જોવા મળતું નહી, તેથી તેઓ પાછા જતા રહેતા.

તે જ દિવસે શ્રુતિબેન અને તેમની ટીમોએ કેટલાક બીજા ગામોની પણ મુલાકાત લીધી અને આ વિસ્તારની મુશ્કેલ સ્થિતિ અને લોકોની ગરીબાઈના મૂળ કારણને સમજવાનો પ્રયાસ કર્યો. પડકાર સ્વીકારવા અને આ વિસ્તારના રૂપાંતરણની પ્રક્રિયા શરૂ કરવાનો શ્રુતિબેને મનોમન નિર્ધાર કર્યો. સ્થાનિક યુવાનો અને હકારાત્મક અગ્રણીઓને તેમણે શોધી કાઢયા અને સામુદાયિક સંદેશ પ્રક્રિયાનો પ્રારંભ કર્યો. સહભાગી થવા ઇચ્છતા ખેડૂતોની વોટરશેડ ડેવલપમેન્ટ સમિતિઓની રચના કરવામાં આવી. સામાજિક અને ટેકનિકલ તજ્જ્ઞો સાથેની શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટની બહુવિભાગીય ટીમે આ સમિતિઓને વોટરશેડ ડેવલમેન્ટ યોજના તૈયાર કરવામાં મદદ કરી. એ સમિતિઓએ કાર્ય આયોજનને લાભાર્થી સહયોગ, માલસામાન અને શ્રમ-વ્યવસ્થા તથા કામની ગુણવત્તા નિયંત્રણના સુપરવિઝન સાથે અમલમાં મૂકી. લોકોએ જળસંગ્રહણને લીધે વધેલી ઉત્પાદકતાના સીધા પરિણામો જોયા અને પોતપોતાના ગામો માટે વધુ ને વધુ વોટરશેડ ડેવલપમેન્ટ કાર્યક્રમોની માંગ કરવા લાગ્યા.

જળસંગ્રહણ કાર્યક્રમોનું અમલીકરણ આદિવાસી પરિવારોની જમીનોને પવન-પાણી દ્વારા થતાં ધોવાણથી અટકાવવા માટે ફરતી બંધની વાડનું રક્ષણ આપીને અને જળસંગ્રહણ દ્વારા તેમને પાણી પહોંચાડવાની વ્યવસ્થા દ્વારા કરવામાં આવ્યું. ૧૯૯૫ થી ૨૦૧૨ સુધીના ગાળામાં ૨૪૯ જેટલા જળસંગ્રહણ બાંધકામો કર્યાં જેને કારણે ૬.૭૪ લાખ ઘનમીટર જેટલા પાણીનો સંગ્રહ શક્ય બન્યો. આ કાર્યક્રમથી ૧૫૦૦૦ હેક્ટર જમીનને લાભ મળ્યો અને ૩૭ આદિવાસી ગામોમાં સિંચાઈ હેઠળની ભૂમિ જે ૧૮૫ હેક્ટર હતી તે હવે ૧૪૮૪ હેક્ટર જેટલી થઈ.

વોટરશેડ પ્રવૃત્તિઓથી પાકને ઊગવા માટે જમીનમાં ભેજનું જરૂરી પ્રમાણ જાળવી રાખવામાં મદદ મળી. ખેડૂતો તેમની જમીનના વિકાસ માટેના (જમીનની સપાટી સરખી કરવી, બંધ-નાળા, નીક ઠીક કરવા) અને કૂવા બાંધવામાં રોકાણ કરવા લાગ્યા. જળ સંસાધનની આ નવી ઉપલબ્ધિને કારણે તેઓ રવિ મોસમમાં બીજા પાકો માટેની શક્યતાઓની દિશામાં કાર્ય કરવા લાગ્યા. પરિવાર અને ખેતી માટે રોકડની જરૂરિયાત માટે તેઓ અસ્તિત્વ ટકાવવાની ખેતીમાંથી

આવક ઊભી કરતી ખેતી કરવા લાગ્યા. જળસંગ્રહણથી પારની આ ગતિ હતી ! સામૂહિક કૂવાઓ અને લિફ્ટ સિંચાઈ પ્રોજેક્ટ હાથ ધરીને ખેડૂતો સિંચાઈ માટે હજુ વધારાનું પાણી મેળવવા લાગ્યા. આરંભમાં જ્યારે ત્યાં ૧૧૦ સિંચાઈ કૂવાઓ હતા તેની સંખ્યા જળસંગ્રહણ વિસ્તાર વિકાસ કાર્યક્રમો બાદ ૧૦૦૦ થી વધુ થઈ.

આ બધા પ્રયાસોની ફળશ્રુતિ સ્વરૂપે જ્યારે વર્ષ ૨૦૦૫ થી ૨૦૧૦ દરમ્યાન સમગ્ર સિંચાઈવાળા વિસ્તારમાં ઘટાડો થઈ રહ્યો હતો ત્યારે રાઠપ્રદેશમાં સિંચાઈ સુવિધાવાળા વિસ્તારોમાં ૫૧૪ હેક્ટરનો વધારો નોંધાયો હતો. દશ વર્ષમાં ૫૭% ની વૃદ્ધિ !

છોટાઉદેપુરના જળસંગ્રહણ વિકાસ કાર્યક્રમો દ્વારા એ પ્રસ્થાપિત થઈ ચૂક્યું કે હવામાનની પ્રતિકૂળ અસરો હોવા છતાં આદિજાતિ ગામોમાંથી સ્થળાંતર, ખાદ્યાન્ન સુરક્ષા અને પોષણની સમસ્યાઓના ઉકેલ માટે કુદરતી સંસાધન વ્યવસ્થાપન એક મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિ છે.

## ઓજસ-જળ અને જમીન માટેનું સૂક્ષ્મ આયોજન

જળસંગ્રહણ કાર્યક્રમોના બોધપાઠોને આદિવાસી વિસ્તાર વિકાસ કાર્યક્રમોમાં આવરી લેવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૧માં ઓજસ-ઓરસંગ જળ અને સમૃદ્ધિ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. આ કાર્યક્રમ પ્રાદેશિક નદીના જળક્ષેત્રની ઓળખ દ્વારા સૂક્ષ્મ જળસંગ્રહણ ક્ષેત્રે, સૂક્ષ્મ આયોજન દ્વારા જમીન અને જળ સંસાધનના સંરક્ષણનું લક્ષ્ય ધરાવે છે. ૨૦૧૩ થી ૨૦૧૫ ના ગાળા દરમિયાન મનરેગા અને સીએસઆર (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી)ના ભંડોળમાંથી અમલમાં મૂકવા માટે ૭૦ જેટલી જમીનસુધારણા અને જળાશયવિકાસની સૂક્ષ્મ યોજનાઓ તૈયાર હતી. ગ્રામ પંચાયતોને મનરેગા હેઠળ ઉપલબ્ધ ભંડોળ જે તે ગામમાં વાપરવા સરળ અને તૈયાર યોજના મળી રહી. ૧૭ ગ્રામ પંચાયતોએ તેમના સૂક્ષ્મ આયોજનનોને મનરેગાની મંજૂરી માટે સંલગ્ન કરી છે. સૂક્ષ્મ-આયોજનો કોઈપણ ભંડોળ હેઠળ અમલમાં લઈ શકાય તેવા સ્વરૂપનાં છે. પૂર્વ નિર્ધારિત ભંડોળની આવશ્યકતાઓના વિકલ્પો સાથેની સૂક્ષ્મ યોજનાઓએ ભંડોળની ઉપલબ્ધતાને આધારે દાતાઓને ગામની પસંદગીની સુવિધા આપી છે.

એસએફટી (શ્રોફ ફાઉન્ડેશ ટ્રસ્ટ) એ ગત વર્ષમાં બે ગામોમાં જમીન અને જળસંરક્ષણના અથ થી ઈતિ સુધીના સંપૂર્ણ ઉકેલના ખ્યાલનો પ્રયોગ કર્યો જેના પરિણામે ખરીફ-રવી બન્ને ઋતુમાં ખેતી શક્ય બની, આખા વર્ષ દરમિયાન આજીવિકાનું માધ્યમ મળ્યું. ખેડૂતોની આવકમાં વૃદ્ધિ થઈ, મોટા ભાગના ખેડૂતોની આવક બમણી થઈ.

## આરંભથી અંત સુધીના ઉકેલનો ખ્યાલ
## છોટાઉદેપુરના નાની કાનસનો અભ્યાસ-કિસ્સો

નાના કાનસ ગામમાં ખેતી અને પશુપાલન પર નભતા ૫૦ જેટલા પછાત આદિજાતિ પરિવારો રહે છે. નાના અને સીમાંત કક્ષાના આ પરિવારો કુલ ૧૪૫ એકર જેટલી ખેતીલાયક

જમીન ધરાવે છે. મકાઈ, ડાંગર અને થોડા પ્રમાણમાં શાકભાજી આ જમીનમાં ઉગાડવામાં આવે છે.

૩૫ સિંચાઈ કૂવાઓ હોવા છતાં, ગામની ભૌગોલિક પરિસ્થિતિને કારણે તેમાં ભૂગર્ભ જળસ્ત્રાવ રવિમાં પણ સિંચાઈ માટે પર્યાપ્ત ન હતો. રવિ પાક માટે પણ તેઓ જમીનનો અમુક ભાગ જ વાપરી શકતા હતા. ત્યાં એક નુકસાનીવાળો ચેકડેમ અને એક ગામતળાવ હતાં તેના સમારકામ બાદ ભૂગર્ભ જળસરવાણી અને ખેતી માટે પાણી મળવાની શક્યતા હતી.

પ્રવર્તમાન ચેકડેમ, ગામતળાવ અને સિંચાઇકૂવાની મરામત સરકાર હસ્તકની સૂક્ષ્મ સિંચાઈ યોજના દ્વારા હાથ ધરવામાં આવી. આથી બધીજ જમીન રવિ તેમજ ઉનાળુ પાક માટે ઉપલબ્ધ થઈ, ત્યારબાદ તેમને ઉચ્ચ મૂલ્ય ધરાવતા શાકભાજીના પાકો, વૈજ્ઞાનિક ખેતી માટેની કૃષિમાહિતીને વેચાણ માટેની સહાયનું પેકેજ આપવામાં આવ્યું. એક જ ખેતી-પેદાશનું સામૂહિક વેચાણ વાજબી નફા સાથે કારગર બનશે તેવું અનુમાન કરવામાં આવ્યું.


**અસર :**

રવીપાક માટે સિંચાઈ વિસ્તાર ૬૫% (૮૨/૧૪૫) જેટલો વધ્યો, કૂવાઓની જાળવણી, ચેકડેમ રિપેરીંગ અને સૂક્ષ્મસિંચાઈના માળખા દ્વારા સંપૂર્ણ સિંચાઈ-ક્ષેત્રની ૧૪૫ એકર ભૂમિમાં રક્ષણાત્મક સિંચાઈ શક્ય બની. લક્ષ્ય હેઠળના લાભાર્થી પરિવારોને બે પાકની ઋતુઓમાંથી વરસમાં વધારાની રૂ. ૫૨૦૦૦/-ની આવક થઈ. આજીવિકા માટે ચિરંતન સાધનોનું નિર્માણ શક્ય બન્યું.

પરિણામો દર્શાવે છે સ્વાવલંબન તથા ગરીબીમુક્તિ તરફ દોરી જતો ટકાઉ ઉપાય ગામને મળી ગયો છે.

ગ્રામ્ય યુવાઓની આવશ્યકતા સંબંધે પણ એસએફટીએ કાર્ય કર્યું. છોટાઉદેપુરમાં શિક્ષિત યુવાઓમાં ક્ષમતાનિર્માણ માટે કોલ સેન્ટર સ્થાપવામાં આવ્યું. પાછળથી ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના સહયોગ અને સહાય વડે 'વિવેક' તરીકે ઓળખાતા બહુ-સ્તરીય







કૌશલ્ય નિર્માણ અને ઔદ્યોગિક તાલીમ કેન્દ્રની હાલોલ પાસે સ્થાપના કરવામાં આવી. ૫૦૦થી વધુ યુવકો-યુવતીઓને અહીં તાલીમ આપવામાં આવી છે. આ પ્રશિક્ષિત યુવક-યુવતીઓને ઉદ્યોગો દર વરસે પોતાના એકમોમાં કામ પર રાખે છે. કેટલાક ઉદ્યોગો પોતાની જે તે જરૂરિયાત અગાઉથી જણાવી રાખે છે.

---

શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ ગ્રામ્ય સહભાગી વિકાસ માટે પૂર્ણપણે પ્રતિબદ્ધ છે. શ્રીમતી શ્રુતિબેન અને અતુલભાઈ શ્રોફ બેઉ આ ઉમદા કાર્યો માટે પૂરેપૂરા સમર્પિત છે.

# વિકાસનું રેખાંકન

## બેખડીયા ગામને ગ્રામજનોએ ૨૧ ચેકડેમો બાંધી 'નવજીવન' પ્રદાન કર્યું – એક સફળતા ગાથા

છોટા ઉદેપુરના કાંવટ તાલુકાના બેખડિયા ગામના લોકો વર્ષ ૨૦૧૮ના આરંભ સુધી પાણીની તીવ્ર અછતને લીધે ભોગવવી પડતી પારાવાર મુશ્કેલીઓમાંથી કેવી રીતે બહાર આવ્યા તેનો આ એક પ્રેરક કેસ-સ્ટડી છે.

ડુંગરાળ પ્રદેશ હોવાથી મોટાભાગનું વરસાદી પાણી વહી જતું હતું. નર્મદા નહેર દ્વારા અહીં પાણી પહોંચાડી શકાય તેવી કોઈ જોગવાઈ ન હતી. ગામની આસપાસ ચાર કૂવાઓ અને ત્રણ બોરવેલ હતા જેમાં દર વરસે પાણીનું સ્તર નીચું જતું હતું. ભૂગર્ભજળનું સ્તર ૮૦૦ ફૂટથી પણ નીચે ગયું હતું. કૂવા પરથી પાણી લાવવા ગામલોકોએ દિવસમાં બે વખત ત્રણ કિલોમીટર દૂર જવું પડતું અને કલાકો સુધી કતારમાં ઊભા રહેવું પડતું હતું.

ગામ લોકોની ખેતીની ઊપજ નહીંવત હતી. વરસાદની તંગીના વરસોમાં તો ભાગ્યે જ વાવેતર થતું. જીવનનિર્વાહ માટે આજીવિકાની શોધમાં મોટી સંખ્યામાં લોકો શહેરમાં હિજરત કરી જતા. બાળકોનું શિક્ષણ છૂટી જતું.

આવી દોહલી સંઘર્ષમય સ્થિતિમાંથી બહાર આવવ ગામલોકોએ જાન્યુઆરી ૨૦૧૮માં ભેગા મળી શ્રમદાન વડે ૨૧ ચેકડેમો બાંધ્યા. આમાંનો છેલ્લો ૩૦ ફૂટ ઊંડો ચેકડેમ ગામની ૧૩૫ મહિલાઓએ દરરોજના ૮ કલાક પ્રમાણે ૧૧ દિવસ કામ કરી બાંધી આપ્યો. આ ડેમ ત્યાં 'મહિલા સરોવર' માટેના ખોદકામ કામ કરતા અમને ૧૧ ફૂટે પાણીનું પ્રથમ ચિહ્ન જોવા મળ્યું હતું. અપાર ખુશી સાથે અમે નાચી ઊઠ્યા હતા. મીઠાઈ વહેંચીને, ઉજવણી કરી હતી.

આ બધા ચેકડેમોના માલસામાન, સાધન સામગ્રીનો ખર્ચ રાજકોટ સ્થિત સ્વૈચ્છિક સંસ્થા જળક્રાંતિ ટ્રસ્ટના દાન દ્વારા કરાયો હતો.

૨૧ ચેકડેમોમાંના નવ એકબીજા સાથે જોડાયેલા છે અને ગામના પૂર્વ વિસ્તારને પાણી પૂરું પાડે છે. વધારાનું પાણી અશ્વિન નદીમાં ભેળવવામાં આવે છે. અન્ય ૧૨ ડેમ પણ એકબીજા સાથે જોડવામાં આવ્યા છે અને તેનું વધારાનું પાણી હેરમ નદીમાં ઠાલવવામાં આવે છે. પ્રત્યેક ચેકડેમમાંથી ગામલોકોના ખેતરોમાં નાની નહેરો દ્વારા પહોંચાડવામાં આવે છે.

આ વર્ષે છોટાઉદેપુરમાં ૭૩% સરપ્લસ વરસાદ થયો છે જેમાં સૌથી વધુ વરસાદ ક્વાંટ ગામના વિસ્તારમાં નોંધાયો છે. બધા જ ૨૧ ડેમ ઓગની ગયા છે. ભૂગર્ભજળસ્તર ૧૫૦ ફૂટથી પણ ઊંચે આવી ગયું છે. ત્રણ પૈકી એક બોરવેલ તો છલકાઈ ગયો છે. ગામના એક ખેડૂત કરસનભાઈ રાઠલા (૩૫) જણાવે છે કે ગયા વરસ સુધી માંડ પાંચ મહિના ગામમાં

રહેતો. ચાર વ્યક્તિઓના પરિવાર સાથે કે કામકાજની શોધમાં શહેરમાં જતો રહેતો. બેખડિયા ગામના કરસન જેવા આશરે ૧૫૦૦ જેટલા લોકો આજીવિકાની શોધમાં મોટા શહેરોમાં જતા રહેતા. કરસનની એક વીઘા જમીનમાં માંડ પાછલા વરસે ૨૦૦ કિલોગ્રામ મકાઈ થઈ હતી. ગ્રામજનોનું શહેર તરફનું સ્થળાંતર ખૂબ ઘટી ગયું છે.

ચેકડેમથી દોઢેક કિલોમીટરના અંતરે કપર રાઠવા (૩૨)નું ખેતર આવેલું છે. તેની પાસે બે વિઘા જમીન છે. પહેલાં તે વરસમાં છએક મહિના સુરત કે વડોદરામાં મજૂરી કરવા જતો. તે જણાવે છે કે ‘હવે હું પૂરતી સિંચાઈ કરી શકું છું. મારી આવક ત્રણ ગણી વધી ગઈ છે. આ વરસે મેં ગાય ખરીદી છે અને મારા દીકરાને આઈટીઆઈમાં ડિપ્લોમાના અભ્યાસ માટે મોકલી શક્યો છું.’

બાળકો-વિદ્યાર્થીઓ માટે છાત્રાલય ચલાવતા રચન ભગત નામના એક ગામવાસી જણાવે છે કે ‘જળ સંરક્ષણ’ને મેં મારું જીવનધ્યેય બનાવ્યું છે. આ અભિયાનમાં ગામના નાના-મોટા સહુ સ્ત્રીપુરુષો સહભાગી બન્યા છે. બાળકો તો અમારા વૃક્ષો રોપવાના અને ઉછેરવાના કાર્યમાં હોંસેહોંસે ભાગ લે છે. ચેકડેમની આજુબાજુના વિસ્તારમાં અમે ૩૦૦ જેટલા વૃક્ષો વાવ્યા છે જે જમીનનું ધોવાણ અટકાવે છે અને જળસંરક્ષણમાં મદદરૂપ થાય છે. પ્રત્યેક નાની મોટી વ્યક્તિ પોતે રોપેલા વૃક્ષોના પોષણ અને સંવર્ધનની કાળજી રાખે છે.’

રતમ ઉમેરે છે કે, ચેકડેમની સફળતા પછી હવે ગ્રામજનો આગામી પ્રૉજેક્ટ તરીકે ઘરો માટે વરસાદી જળસંચયની વ્યવસ્થા ગોઠવવાની યોજના બનાવી રહ્યા છે. પોતાના ગામ કાંવટને વરસાદના પાણીના સંગ્રહની દૃષ્ટિએ આદર્શ ગામ તરીકે વિકસાવવા માંગે છે. જળસંરક્ષણ અને ચેકડેમથી કાવંટના ગ્રામજનોનું જીવનધોરણ તો સુધર્યું છે, સાથોસાથ આજુબાજુના ગામડાઓમાં પણ આની શુભ અસર જોવા મળી છે.

**– હસમુખ ઉપાધ્યાય**

# ‘સેવા’ની ગ્રામ્ય મહિલા કામદારો

**સુશ્રી રીમા નાણાવટી**

મારો જન્મ અને ઉછેર ગુજરાતમાં શહેરી મધ્યમ વર્ગના પરિવારમાં કાપડ શ્રમ યુનિયન ટેક્ષ્ટાઈલ લેબર એસોસિયેશનના ત્યારના મહામંત્રી શ્રી શ્યામપ્રસાદ વસાવડાને ત્યાં થયો. પછી હું બીજા શ્રમિકોના નેતા, ‘સેવા’ના સ્થાપક શ્રીમતી ઈલાબેનના પરિવારમાં આવી.

વર્ષ ૧૯૮૫માં અનુસ્નાતકનો અભ્યાસ પૂરો કર્યા બાદ તરતજ અનાયાસ રીતે જ ‘સેવા’ની મુલાકાત થઈ. જ્યાં ગરીબ મહિલા કામદારો સંગઠિત થાય છે. ‘સેવા’ મારું મોટું શિક્ષણ ક્ષેત્ર બની ગયું.

ગુજરાતના ૧૪ જિલ્લાઓનાં ગ્રામીણ મહિલા કામદારોમાં તેમના માટે થયેલા આર્થિક ઉપાર્જન માટેના નાના ઉદ્યોગો અને સામૂહિક ઉત્પાદન એકમોનાં નિર્માણ, હસ્તકલાના કસબી હાથકારીગરો, નાની મહિલા ખેડૂતો, અગરિયણ બહેનો, ગુંદર એકઠું કરનારી બહેનો, વગેરેની નાની મોટી મંડળીઓ, ફેડરેશનો, કંપનીઓ કે સંઘોની રચના તથા સંચાલનમાં જે અનુભવો મળ્યા અને જે શીખવા મળ્યું તેની વાત જણાવતાં મને આનંદ થાય છે.



મારી શક્તિ અને પ્રેરણાના સ્ત્રોત આ ગ્રામીણ કામદાર બહેનોએ મારામાં શ્રદ્ધાસહ ભરોસો મૂક્યો, મારી સાથે જોડાઈ, નવા પડકારોનો સામનો કરવા અને જોખમ લેવા મને હિંમત આપી. તેઓની સાથે કામ કરતાં કરતાં આવી અનુભૂતિ મને અનેક ક્ષેત્રોમાં થઈ છે. જેમ કે, સંઘ સંગઠન, સહકારી બૅંકિંગ, સહકારી દૂધ ઉત્પાદન, હસ્તકારીગરી અને ગૃહઉદ્યોગો આધારિત ઉત્પાદન-બજાર અને વેચાણ, કૃષિ ઉત્પાદન બજાર, વનસંવર્ધન, ખેતી માટે જમીન વિકાસ અને જળપ્રબંધન, સ્થાનિક વિકાસ, આરોગ્ય, બાળસંભાળ, આવાસ યોજનાઓ, વીડિયો સમાચાર પત્રિકાઓ તાલીમ વગેરે વગેરે.

આમાંના કેટલાક ક્ષેત્રોમાં અમારા પ્રયત્નો ખૂબ સફળ રહ્યાં છે અને કેટલાકમાં ધાર્યા કરતાં ઓછા પરિણામો પ્રાપ્ત થયાં છે. ક્યાંક ક્યાંકતો અણધાર્યા અને અગત્યના નવી જ દિશાના, નીતિ નિર્માણની કક્ષાના કાર્યો કરવાનું થયું છે. જો કે, બધાજ પ્રયાસો, પ્રયોગોમાંથી, પ્રવર્તમાન સામાજિક, આર્થિક અને રાજકીય માળખાઓના અનુસંધાને મહિલાઓનું જીવન કેવી રીતે સંકળાયેલું છે એ મહિલાઓ જ્યારે પોતાનાં જીવનમાં પરિવર્તન લાવવા માટે મથામણ કરતી હોય છે ત્યારે આ માળખાંઓ સાથે કેવી રીતની ક્રિયા-પ્રતિક્રિયા થાય છે તે ઉજાગર થતું રહ્યું હતું. સંગઠનમાં સામૂહિક ભાવના મહિલા સભ્યોને વ્યક્તિગત જિંદગીમાં ખૂબ બળ અને ઉત્સાહ રેડે છે. આજની તારીખે ભારતભરમાં 'સેવા'માં ૧૭ લાખ મહિલાઓ સભ્યપદ ધરાવે છે.

## બનાસકાંઠામાં 'સેવા'

શું સરકારી વિકાસ કાર્યક્રમો ગરીબ મહિલાઓના સશક્તિકરણમાં ઉપયોગી થઈ શકે ? અમે માનીએ છીએ કે યોગ્ય રીતે અમલમાં મૂકવામાં આવે તો એમાંથી ચોક્કસ ધાર્યા પરિણામો મળી શકે. અવસર મળે તો ગરીબ મહિલાઓ વિકાસની પ્રક્રિયાનો ભાગ બનવા અને પ્રવર્તમાન સામાજિક અને આર્થિક મુખ્ય પ્રવાહમાં આવવા આતુર હોય છે. 'સેવા' તથા ગુજરાત સરકારે સાથે મળીને આ કરી બતાવ્યું છે. એની પ્રક્રિયા દરમ્યાન મહિલાઓના વ્યક્તિગત તથા તેમના પરિવારો અને સમુદાયોનાં સામૂહિક શક્તિકરણમાં તે દ્રશ્યમાન થયું છે. ગરીબ મહિલાઓ પોતેજ વિકાસમાં મુખ્ય સહયોગી બની છે તે અમે જોયું છે. કાર્યક્રમો, યોજનાઓના સંગઠનમાં જરૂરિયાત તથા માંગ આધારિત અભિગમ 'સેવા' એ અપનાવ્યો છે. 'સેવા' સરકારના ચાલુ કાર્યક્રમો સાથે જોડાણ કરીને કાર્યો કરે છે. સરકારને સમાંતર માળખાં રચતી નથી.

વર્ષ ૧૯૮૮માં 'સેવા'એ પ્રથમ બનાસકાંઠા જિલ્લાના રાધનપુર અને સાંતલપુર તાલુકામાં કામ કરવાનું શરૂ કર્યું હતું. આ બે તાલુકા રણવિસ્તરા તરીકે વર્ગીકૃત થયા છે. ૧૯૮૫ અને ૧૯૮૯મો ઊભી થયેલી દુષ્કાળની પરિસ્થિતિએ ગ્રામ્ય ગરીબ લોકોની આર્થિક સ્થિતિને 'નિભાવ' સ્તરથી 'અસ્તિત્વ ટકાવવાના સંઘર્ષ'ના સ્તર પર લાવી દીધી હતી. પ્રતિકૂળ આબોહવા, જમીનની બગડી ગયેલી ગુણવત્તા, ક્ષારયુક્ત પાણી, સખત તાપ અને સૂસવાટા મારતી લૂમાં જીવન દોહ્યલું હતું.

મહિલાઓની પ્રાથમિક જરૂરિયાત પીવાના પાણીની હતી. ગામલોકો તથા પશુઓ માટે ગુજરાત પાણી પુરવઠા અને ગટર બોર્ડ દ્વારા ગુજરાત સરકારે પીવાના પાણીની પાઈપલાઈન નાંખી હતી. લોકો અને પશુધનના અસ્તિત્વ ટકાવી રાખવાની મૂળભૂત આવશ્યકતાઓમાંની એક આ પાણી પહોંચાડવાની યોજના કંઈક અંશે સફળ રહી હતી. છતાં પણ, અતિ પ્રતિકૂળ ભૂ-આબોહવાવાળી એ સ્થિતિમાં પરિવારોના નિભાવ તથા જીવનનિર્વાહ માટે ટકાઉ આવકના સાધનો ઊભાં કરવાની તાતી જરૂરિયાત હતી.

ગ્રામજનો સમુદાયો સાથેની અમારી દરેક બેઠકોમાં બહેનો કામની માંગ કરતી હતી. તેમને પાણી મળતું થયું હતું પરંતુ જીવવા માટે એકલું પાણી પર્યાપ્ત ન હતું. તેઓ ગામમાં સ્થાયી રહી શકે તે માટે કામ ઈચ્છતી હતી. તે વિસ્તારમાં ખેતી ઉપરાંત ડેરીનો પણ મુખ્ય વ્યવસાય હતો. ઉનાળાના સૂકા માહિનાઓ દરમ્યાન ઘાસચારાની તીવ્ર તંગીને કારણે માલધારીઓને તેમની એકમાત્ર સંપત્તિ, દૂધાળાં ઢોરોને જીવતાં રાખવા માટે સ્થળાંતર કરવું પડતું હતું.

ક્ષેત્રીય તપાસ કાર્યના આધારે અને ત્યાંના બધાજ સમુદાય માટે કામની જરૂરિયાત પ્રવર્તમાન વેચાણક્ષમ કૌશલ્ય, ભૂમિ સંલગ્ન કૃષિપ્રવૃત્તિઓ અને પશુધનના આધારે 'સેવા'એ કેટલીક આવક ઊભી થાય તેવી પ્રવૃત્તિઓ શોધી કાઢી.

## બચીબેન ભુરાભાઈ :

બચીબેન ભુરાભાઈ વૌવા ગામના હસ્તકારીગર બહેનોના જૂથના આગેવાન છે. એમ્બ્રોઈડરી-ભરતકામના મોટા ભાગના કસબીઓ આહિર સમુદાયની બહેનો છે. આ મહિલાઓ અત્યાર સુધી ઘરની બહાર નીકળી જ ન હતી.

જ્ઞાતિની પંચાયત જ્યારે વરસમાં એક વખત મળતી ત્યારે સામાન્ય રીતે મહિલાઓ તેમાં ભાગ લેતી નહી પરંતુ પુરુષો માટે રસોઈ બનાવતી. ૧૯૯૨નાં વર્ષમાં બહેનો પોતાના હસ્તકલાના ઓર્ડરો પૂરા કરવાના હોવાથી જ્ઞાતિની પંચાયત મળી તે માટે રાધ્યું નહી. જ્ઞાતિની પંચાયતે મહિલાઓને ગામની બહાર જવા પર પ્રતિબંધ લાદી દીધો. બહેનોનું રાધનપુર હસ્તકલા કેન્દ્ર કે સેવાની અન્ય કોઈ મિટિંગોમાં આવવા-જવાનું અશક્ય બની ગયું.







બહેનોના સમૂહના આગેવાન બચીબેન ભુરાભાઈ, અન્ય કારીગર સભ્યો સાથે, સરપંચ કે જેઓ તેમની જ જ્ઞાતિના જ હતા. તેમને મળ્યા અને કહ્યું :

"દુકાળના વરસમાં આપણો નિભાવ આપણે કેવી રીતે કરી શકશું ? બહાર નહી જઈએ તો અમને કોણ કામ આપવાનું છે. કામમાં નિયમિત રહેવું અમારા માટે અતિ મહત્ત્વનું છે. અમે ઘરે કામ કરી શકીએ છીએ અને બાળકો-ઘરપરિવારની સંભાળ પણ લઈ શકીએ છીએ. નહીતર ધોમધખના તાપમાં અમારે ખાડા ખોદવાના કામમાં ફરજિયાત ઢસડાવું પડશે, શું અમારો આ હસ્તકળાનો ગૃહઉદ્યોગ પરિવારને નિશ્ચિત આવક આપતો નથી ? તો પછી તે પર તમે પ્રતિબંધ શા માટે લાદો છો ? અમે રાધનપુર 'સેવા'ની ઑફિસે અને અમારા હસ્તકલા કેન્દ્ર પર ચોક્કસ જઈશું. અમારી રોજીરોટીનો સવાલ છે."

બચીબેન જ્ઞાતિ પંચાયત સમક્ષ રૂબરૂમાં ઉપસ્થિત થયાં અને જ્ઞાતિની મહિલાઓને ગામ બહાર જવાના પ્રતિબંધ ઉઠાવી લેવા આગ્રહપૂર્વક રજૂઆત કરી. પંચાયત સભ્યોને બચીબેનની વાત વજૂદવાળી જણાંતા તે પ્રતિબંધ દૂર કરવામાં આવ્યો.

બનાસકાઠાંમા હસ્તકલા આવકનો મુખ્ય સ્ત્રોત બની ગયો. હસ્તકલાનો દૈનિક મહાવરો અને બહોળો ઉપયોગ તેમને પેઢી દર પેઢીથી વારસાગત છે. તેમના આ સમૃદ્ધ હુન્નરનો વ્યાપારિક-વ્યવસાયિક હેતુ માટે ક્યારેય મહિલાઓએ ઉપયોગ કર્યો ન હતો તેથી પ્રારંભિક તબક્કામાં 'સેવા'ને  થોડી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો.

સરકારની બીજી એક યોજના ટ્રાયસેમ (ટ્રેઈનિંગ ઑફ રૂરલ યુથ ફોર સેલ્ફ એમ્પ્લોયમેન્ટ ગ્રામ્ય યુવાઓને સ્વ-રોજગારી માટે તાલીમ) સાથે 'સેવા' એ સંકલન કર્યું. ટ્રાયસેમ હેઠળ ભરતકામ જૂથોને ત્રણ મહિનાની ભથ્થાં સાથેની તાલીમ આપવામાં આવી. ભરતકામના નિષ્ણાત હસ્તકલા કસબી મહિલાએ આવા જૂથોને પૂર્ણકાલિક તાલીમ આપી.

જે તે વિસ્તારમાં પ્રવૃત્તિઓને ટકાવી રાખવા માટે સ્થાનિક એવા યોગ્ય સંસ્થાકીય આધાર વિશે 'સેવા' એ વિચારવાનું હતું. ગુજરાત સરકાર દ્વારા બનાસકાંઠાં વિસ્તારમાં ડીડબલ્યુસીઆરએ (ડેવલપમેન્ટ ઑફ વિમેન એન્ડ ચિલ્ડ્રન ઈન રૂરલ એરિયાસ-ગ્રામ્ય વિસ્તારોમાં મહિલા અને બાળકોનો વિકાસ)નો અમલ કરવામાં આવી રહ્યો હતો તે આ ગાળો હતો. અમને સહકારી સંગઠનો કરતાં ડી.ડબ્લ્યુ.સી.આર.એ વધુ લવચીકતા વાળી યોજના જણાઈ, ઉપરાંત ડી.ડબ્લ્યુ. સી.આર. એ જૂથો માત્ર ગરીબ મહિલાઓ માટેની હોવાથી ગરીબ મહિલાઓ પર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. તેથી 'સેવા' એ ડી ડબ્લ્યુ.સી.આર.એ. પ્રકારે સંગઠન રચવાનું પસંદ કર્યું. મહિલાઓનું તેમની હસ્તકલાના આધારિત સંગઠન રચવાનું એથી સરળ બન્યું.

વર્ષ ૨૦૦૧ના મહાવિનાશક ભૂકંપ બાદ 'સેવા'એ પુનઃર્વસન કાર્યો હાથ ધર્યાં હતા. તકલીફના કાળમાં કળા-કારીગરી એક માત્ર સલામતી અને સુરક્ષા આપતી આજીવિકા છે તે અમારું તર્કવિધાન દ્દઢ થયું. દુષ્કાળ, વાવાઝોડા અને ભૂકંપ જેવી વારાફરતી આવતી આપત્તિઓથી પાયમાલ કારીગરોને માત્ર હસ્તકળા જ આજીવિકા આપી શકે છે તે પ્રસ્થાપિત થયું. આ પછીના સમયગાળામાં 'સેવા'ના કળા-કસબીઓનાં સક્રિય સભ્યોની સંખ્યા ૫૦૦થી વધીને વર્ષ ૨૦૧૪ સુધીમાં ૧૫૦૦૦ સુધી પહોંચી.

આટલા મોટા પ્રમાણમાં ટકાઉ રોજગારી પૂરી પાડવા વ્યાવસાયિક ધોરણે કામની ગોઠવણ કરવાનું આવશ્યક બનતાં સેવા ટ્રેડ ફેસિલિટેશન સેન્ટર (એસ.ટી.એફ.સી.)ની વર્ષ ૨૦૦૩માં અમે રચના કરી. એસટીએફસી સંપૂર્ણપણે મહિલા ગરીગરોની અને મહિલાઓ દ્વારા કંપનીના કાયદાની ધારા ૨૫ હેઠળ નોંધાયેલી સંસ્થા છે. આ એવી અનોખી સંસ્થા છે જેમાં કારીગરો પોતે જ વેચાણકર્તા છે તેમજ શેર-ધારકો છે. એસટીએફસીએ બજારમાં પોતાની 'હંસિબા' બ્રાન્ડ વિકસાવી જેને જ્વલંત સફળતા મળી છે. 'હંસિબા'નો ઉદ્દેશ ગ્રામ્ય મહિલા કારીગરોને તેમનાં કળા-કસબ દ્વારા વધુ ને વધુ આવક અપાવવાનો અને ભારતના ઉભરતા નવા અર્થતંત્રના મુખ્ય પ્રવાહમાં લાવવાનો છે. વર્ષ ૨૦૧૬-૧૭માં એસએફટીસીએ રૂપિયા ૪ કરોડના ટર્નઓવરનું સ્તર વટાવ્યું છે.

ગુજરાતના અમારા અનુભવના આધારે આપણા ગ્રામીણ વિસ્તારોમાં, જ્યાં ગરીબીનાં મૂળ ઊંડા છે અને આર્થિક તકો ઓછી છે ત્યાં મહિલા સહભાગિતા રચી જીવનનિર્વાહ માટે આવકસ્ત્રોત ઊભા કરવાનો આ અભિગમ એક સચોટ માર્ગ છે. આ રીતે જો કે નાણાંકીય પ્રવૃત્તિની આસપાસ વિકસાવવામાં આવી છે પરંતુ તેમાં સહજ રીતે જ સામાજિક, આર્થિક અને સંસ્થાકીય પાસાંઓ સંકલિત છે. આમાં મહિલાઓ અને ગરીબો પોતાની કળા-કૌશલ-કસબની

આજીવિકા સાથે પોતીકું જ ગણાય તેવા સહકારી સંગઠન કે સ્વયંસહાય જૂથ (એસએચજી) કે કોઈ કંપની તરીકે એકત્રિત થાય છે. સભ્યો પોતાની દૈનિક જવાબદારી, વ્યવસાયિક કાર્યો, ખરીદનાર, વેચનાર તથા વ્યવસાયના અન્ય હિતધારકો સાથેના સંબંધો-સંચાર માટે નાણાંનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે છે. સંસ્થા સંયોજન એ આજીવિકાની સહાયથી ગરીબીમાંથી બહાર આવવાનું પ્રથમ સોપાન છે.

આવકનો ઉપયોગ ક્ષમતાનિર્માણ, આધારસેવાઓ અને બજારોમાં પ્રવેશ માટે રોકાણ કરવામાં થાય છે. સારી અસર અને સફળતા માટે આ નાણાંનું ઓછામાં ઓછા પાંચથી સાત વર્ષ સુધી રોકાણ કરવું જરૂરી બને છે. જે માપ-પ્રમાણમાં પરિવર્તન આણવા હોય છે તે માટે ત્રણ વર્ષ જેટલા ટૂંકા ગાળાના પ્રોજેક્ટ ઘણા ઓછા અસરકારક તથા અધૂરા રહે છે.

'સેવા' અંતર્ગત બહેનોની માલિકીના રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાના ઘણા ઉદ્યમ-ઉદ્યોગો છે. જેમાંના કેટલાંક નીચે મુજબ છે.

- સેવા ગ્રામ મહિલા હાટ (એસ.જી.એમ.એચ.) ગ્રામ્ય અર્થતંત્રને સુદૃઢ કરવાના અને ગ્રામીણ ગરીબને સશક્ત કરવાના ધ્યેયવાળી ગ્રામ્યવિતરણને કાર્યક્ષમ અને મજબૂત કરવાનું કાર્ય કરતી રાજ્ય કક્ષાની શિખર વેચાણસંસ્થા છે. સ્વ-સહાય જૂથની આવા નવા અભિગમ સાથેની વેચાણસંસ્થા ગુજરાત સરકારની સહાય વડે સ્થાપવામાં આવી છે.
- 'રૂડી' - રૂડીની પ્રવૃત્તિઓમાં સ્થાનિક સ્તરે અનાજની ખરીદી પ્રક્રિયા, પેકેજિંગ અને વેચાણનો સમાવેશ થાય છે. રૂડીનો મૂળભૂત હેતુ ગ્રામ્ય સ્તરે ખરીદી અને ગ્રામ્ય વિતરણ વ્યવસ્થા દ્વારા ગ્રામીણ અર્થતંત્રને સુદૃઢ કરવાનો અને સ્થાનિક સ્તરે ખાદ્ય પુરવઠાની ખાતરી રાખવાનો છે. રૂડીએ ગ્રામ્ય વિસ્તારોમાં એક લાખ પરિવારોને પોતાના સેવાક્ષેત્રમાં આવરી લીધા છે અને રૂ. ૧૦ કરોડ જેટલું વાર્ષિક ટર્ન ઓવર કરે છે. ૨૫૦૦ જેટલી રૂડી મહિલા વેચાણ કાર્યકરો રૂડીનાં ઉત્પાદનોનું વેચાણ કરે છે. પ્રત્યેક મહિલા વેચાણ કાર્યકરો રૂ. ૫૦૦૦ થી રૂ. ૧૦૦૦૦ જેટલી માસિક કમાણી કરે છે.
- હરિયાળી - 'સેવા'નું હરિયાળું આજીવિકા સાહસ.

'સેવા'એ ગાંધીજીના 'ગ્રામ સ્વારજ'ના સિદ્ધાંતને સુસંગત એવાં કેટલાંક પહેલકારી સંકલન હાથ ધર્યાં છે. પર્યાવરણના મૈત્રીપૂર્ણ વિકાસ માટે આવશ્યક એવા પર્યાવરણ સુસુંગત કૌશલ્યો નિર્માણ માટેની આ 'હરિયાળી' ઉમદા પહેલ છે.

'સેવા' સુરેન્દ્રનગર જિલ્લામાં મીઠાના અગરમાં મીઠું પકવતી અગરીયા બહેનોને સંગઠિત કરે છે. મીઠું પકાવવાના કામમાં જોડાયેલી બહેનોને તેમના કુટુંબો અત્યંત કપરી પરિસ્થિતિમાં, સૂર્યના પ્રચંડ તાપ નીચે રણમાં કામ કરે છે. મીઠાની ઉત્પાદનની પ્રક્રિયામાં બ્રાઇન-સમુદ્રના ખારા પાણીને જમીનમાંથી ડીઝલપંપ દ્વારા બહાર લાવી અગરમાં ફેલાવવામાં આવે છે જેથી સૂર્યના તાપમાં તેમાંના પાણીનું બાષ્પિભવન થઈ જતાં અગરમાં મીઠું બાકી રહે છે. બ્રાઈનને

બહાર ખેંચી કાઢવા માટે ડીઝલપંપમાં વપરાતા ડીઝલ માટે મોટી રકમ વપરાય છે. આ ખર્ચ ઘટાડવા ‘સેવા’-હરિયાલીએ ડીઝલ પંપની જગ્યાએ સૂર્યશક્તિથી ચાલતા પંપોનો ઉપયોગ શરૂ કર્યો. હરિયાલીએ ૧૦૦૦ અગરમહિલાઓને સૂર્ય-પંપ અપાવ્યા જેથી પ્રતિ મીઠા-કાર્યકર રૂ. ૫૦૦૦૦ જેટલો ડીઝલ પરનો ખર્ચ ઘટ્યો. વિશાળ વ્યાપમાં તેમજ અન્ય સ્થળોએ પણ પુનરાવર્તિત કરી શકાય તેવો આનો અભિગમ રહ્યો હતો. સૂર્યપંપ ખરીદવા માટે મીઠું પકવતી સ્ત્રીઓને લોન મળી રહે તેવી સુગમતા કરી આપવામાં આવી.

‘સેવા’ની આ કામદાર બહેનો પાસેથી આપણને શીખવા મળે છે કે :

૧. ગરીબ શ્રમજીવી કામદાર બહેનોને દયા કે દાન નહી પરંતુ પ્રતિષ્ઠા અને આત્મવિશ્વાસ અપાવે તેવા અર્થપૂર્ણ ઉત્પાદક કામની જરૂર છે.

૨. સેવાના સભ્યો કદાપિ નિરાશ થતા નથી. દરેક આપત્તિને તકમાં ફેરવવા કટીબદ્ધ હોય છે. સેવા દ્વારા અમે રાહત આપવા નહીં પરંતુ પુનઃર્વસન ક્ષમતાનિર્માણ માટે કામ કરીએ છીએ.

૩. સેવાના સભ્યો સાહસ, ઉદ્યમ માટે તત્પર હોય છે. તેમને મફતમાં વસ્તુ કે સેવાઓ જોઇતા નથી.

૪. સેવાના સભ્યોએ નેતૃત્વનો ખરો અર્થ આત્મસાત્ કર્યો છે.

૫. અમારા સભ્યોનો વ્યવહાર નૈતિક મૂલ્યો આધારિત હોય છે. તેથી ‘સેવા’ સમગ્રપણે મૂલ્યો અને નૈતિકતાના ઊંડા મૂળવાળી સંસ્થા બની રહી છે.

સુશ્રી. રીમા નાણાવટી, ‘સેવા’માં નિયામક છે. શહેરી તથા ગ્રામીણ મહિલાઓને સંગઠિત કરી તેમના સશક્તિકરણ માટે કાર્ય કરે છે.



# ગુજરાતના ગ્રામીણ સમુદાયોના ઉત્થાનમાં બાયેફ ડેવલપમેન્ટ રિસર્ચ ફાઉન્ડેશનનો ફાળો

**ડૉ. નારાયણ જી. હેગડે**
ટ્રસ્ટી



સુરત જિલ્લાના કોસમદા ગામના એક યુવાન, મણિભાઈ દેસાઈએ 'ભારત છોડો' આંદોલનમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. ગાંધીજી સાથે એક સ્વયંસેવક તરીકે જોડાયા હતા. ગાંધીજી ૧૯૪૬માં ઉરુલિકાંચન ખાતે નિસર્ગોપચાર આશ્રમની સ્થાપના કરવા માટે પધાર્યા હતા. ત્યારે ત્યાંની પ્રવૃત્તિઓનું સંચાલન સંભાળવા મણિભાઈને તેમણે પસંદ કર્યા હતા. અહીંના દુષ્કાળ પીડિત વિસ્તારમાં ખેતી અને ડેરી ફાર્મનું સંચાલન પડકાર સમાન હતું. મોટાભાગના સ્થાનિક ખેડતોનું નિભાવ માટે સંઘર્ષમય જીવન હતું. મણિભાઈએ લોકોના કૃષિ ઉત્પાદન સંબંધિત પ્રશ્નોને સમજવા તેમજ સંભવિત યોગ્ય ઉપાયો વિચારવા તેમની સાથે નિકટથી શ્રેણીબદ્ધ ચર્ચાઓ કરી. ઉચ્ચ ઉપજ આપતી અનાજ-પાકોની જાતો તેમજ ફળ અને શાકભાજીની ખેતીને દાખલ કરવામાં સફળ પ્રયોગો તેમણે કર્યા. ખેતીની એકંદર ઉત્પાદકતા સુધારવા તેમનું મોટું યોગદાન રહ્યું.

સમગ્ર દેશમાં નાના ખેડૂતો માટે ટકાઉ આજીવિકાના ખ્યાલને આગળ ધપાવવા યોગ્ય વિકાસ કાર્યક્રમો તૈયાર કરવાની દિશામાં તેમનું આ કામ પાયાનું બની રહ્યું. ૧૯૬૭માં તેમણે બાયેફ ડેવલપમેન્ટ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરી તે પહેલાંથી ગુજરાત તેમને માટે નવા કાર્યક્રમોના પરીક્ષણ માટેની પ્રયોગ-ભૂમિ હતું.

પ્રારંભિક સફળતાને સમજ્યા પછી મણિભાઈ દક્ષિણ ગુજરાત ગયા. જૂના મિત્રોને મળ્યા અને ગુજરાતના ગરીબ ખેડૂતોના કલ્યાણ માટે આ પ્રકારના ક્ષેત્રિય-કાર્યક્રમોને ટેકો આપવા વિનંતી કરી. મણિભાઈના સૂચન મુજબ સુરત જિલ્લાના ગણદેવી વિસ્તારના જાણીતા સમુદાયના અગ્રણીઓએ ૧૯૭૩માં ગોવંશ સુધારણા મંડળની સ્થાપના કરી. બાયેફને ત્યાં પ્રથમ પશુસંવર્ધન સ્થાપવા આમંત્રણ આપ્યું. ત્રણ વરસ જેટલા ટૂંકા ગાળામાં જ ગણદેવી કેન્દ્રને લીધે ત્યાંના બધાજ આર્થિક સ્તરના ખેડૂતોનો અસાધારણ હકારાત્મક પ્રભાવ જોવા મળ્યો. નાના ખેડૂતોની

તંદુરસ્ત સંકર ગાયો રોજનું શ્રેષ્ઠ ભારતીય ગાયો તથા ભેંસોના દૂધ ઉત્પાદન કરતાં વધુ એવું રોજનું ૧૨ થી ૧૫ લિટર દૂધ આપતી થઈ. સંકર ગાયોના માલિકોને કલ્પના બહારની સારી આવક મળવા લાગી. આ ખેડૂતોને પહેલી વાર સમજાયું કે ઓછું દૂધ આપતી તેમની આધારણ ગાયો પણ સંકરણ મારફત બજારમાંથી ખરીદી ન શકાય તેટલી અતિમૂલ્યવાન બની શકે છે.

ગણદેવીમાં સંકર ગાયોના પ્રયોગોની સફળતા જિલ્લાના તમામ ખેડૂતો માટે પ્રેરકબળ બન્યું. ગરીબ ખેડૂતોમાં ઉત્સાહ જગાડ્યો. બાયેફની સેવાઓની માંગ ખૂબ વધી. વર્ષ ૧૯૭૬માં નવસારી તાલુકા બાગાયત મંડળ, બારડોલી સુગર ફેક્ટરી અને કલ્યાણ કૃષિ ગો-વિજ્ઞાન ભારતી (કેકેજીબી) ટ્રસ્ટ, કડોદે તેમના કામગીરીના ગામોમાં પશુસંવર્ધન કેન્દ્રો સ્થાપવા નાણાકીય સહાય કરી, ત્યારબાદ દૂધસાગર ડેરી, મહેસાણા અને વસુધરા ડેરી, વલસાડે બાયફને તેમનાં દૂધ દ્વારા આવરી લેવાયેલ વિસ્તારોમાં પશુરોગ તપાસ લેબોરેટરી અને પશુસંવર્ધન કેન્દ્રો સ્થાપવા આમંત્રણ આપ્યાં. ત્યાંના પશુચિકિત્સકો-સહાયકો, નાના ગામોમાં નાના ખેડૂતોની ગાયો ભેંસોના સંવર્ધન કાર્ય માટે જતા. તેમની શંકાઓનું સમાધાન કરતા. લોકોને તેમના પર વિશ્વાસ વધ્યો. અને તેઓ આ કાર્યક્રમોમાં સહભાગી થવા પ્રેરિત થયા. આ કાર્યક્રમથી ઉત્સાહજનક પરિણામો મળવા લાગ્યા હતા. પરંતુ તે અંગે થતો ખર્ચ તેમાં બાધક હતો. પશુપાલન વિભાગ સહાય આપવા તૈયાર ન હતો, તેઓ એમ માનતા હતા આ કાર્ય દ્વારા તેમની જ કામગીરી બીજી વખત થતી હતી. તે વધારાની ગણાય તેથી મણિભાઈ તથા બાયેફના અધ્યક્ષ શ્રી અરવિંદ મફતલાલે સમગ્ર રાજ્યમાં બાયેફનાં પશુસંવર્ધન કાર્યક્રમને પ્રાયોજિત કરી શકે તેવી નવી વિકાસ સંસ્થા સ્થાપવા ગુજરાત સરકાર સમક્ષ રજૂઆત કરી. તેમની સમજાવટને અંતે ૧૯૭૭માં સરકારે ગુજરાત રાજ્ય ગ્રામીણ વિકાસ નિગમ (જીએસઆરડીસી)ની સ્થાપના કરી જેના અધ્યક્ષ શ્રી અરવિંદ મફતલાલ હતા અને ભારતીય વહીવટી સેવા આઈએએસ યુવા ઉત્સાહી અધિકારી ડૉ. કિરીટ શેલત તેના નિયામક હતા. પરિણામે જીએસઆરડીસીએ બાયેફના પશુસંવર્ધનના કાર્યક્રમોનું સમગ્ર રાજ્યમાં નાણાકીય અવરોધ વિના વિસ્તરણ સરળ બનાવ્યું. ડૉ. કિરીટ શેલતના અમે આભારી છીએ કે જેમણે આ કાર્યક્રમને સહાય કરવા સમગ્ર ગ્રામીણ વિકાસ વિભાગને પ્રવૃત્ત કર્યું.

૧૯૭૯માં ભારત સરકારે તમામ રાજ્યોમાં આઈઆરડીપી (સંકલિત ગ્રામીણ વિકાસ કાર્યક્રમ)ના આંતરમાળખાકીય વિકાસ હેઠળ આ કાર્યક્રમો માટે ભંડોળ મંજૂર કર્યું. ગુજરાતે ગ્રામીણ વિકાસ વિભાગ દ્વારા આ કાર્યક્રમને સીધો જ આધાર આપ્યો. પશુસંવર્ધન કાર્યક્રમ લોકપ્રિય થતો ગયો, તેમ બાયેફે સરકારી સહાય પરની નિર્ભરતા ઘટાડવા ખેડૂતો પાસેથી આંશિક સેવા શુલ્ક વસૂલવાનું શરૂ કર્યું. વસુધરા ડેરીએ વલસાડ બાયેફને જિલ્લાના આંતરિક આદિજાતિ રહેણાંક ગામોમાં પશુધન પ્રજનન સેવાઓ પ્રદાન કરવા આમંત્રણ આપ્યું. ત્યાં મહિલા ડેરી ખેડૂતોના જૂથો રચવામાં આવ્યા છે જે બાયેફની પશુસંવર્ધન અને આરોગ્ય સેવાઓ વાપરે છે. આનાથી ડેરીની દૂધ એકત્રિત કરવાની કાર્યક્ષમતામાં ૧૦ વર્ષમાં ૩૦૦%નો વધારો

થયો છે. શ્રી મણિભાઈ પછી ડૉ. નારાયણ હેગડેએ બાયેફનું નેતૃત્વ સંભાળ્યું છે અને તેમાં અનેક નવા પરિમાણો ઉમેર્યાં.

વર્ષ ૨૦૦૫-૦૬ માં બાયેફે નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના સહયોગથી સૌરાષ્ટ્ર વિસ્તારમાં ગીર નસલના પશુધનના સંરક્ષણનું કાર્ય હાથમાં લીધું. સાથોસાથ કાંકરેજી પશુઓના તથા જાફરાબાદી અને બન્નીની ભેંસોના સંરક્ષણનું કાર્ય પણ શરૂ કરવામાં આવ્યું. આ માટે આ ઓલાદોના ચડિયાતા પૂર્વજોના વીર્યને શીતાગારમાં સાચવવામાં આવે છે તેનો ઉપયોગ જરૂરી માત્રામાં સ્થાનિક પ્રકારના પશુઓની કક્ષા ઊંચી લાવવા માટે કરવામાં આવે છે. આથી સ્થાનિક ખેડૂતો-પશુપાલકોમાં જાગરૂકતા આવી છે. ચડિયાતી કક્ષાના પશુઓ ધરાવનારાઓની ઓળખ થઈ શકી છે. એકંદરે તેમની ઉત્પાદન ક્ષમતામાં ખૂબ જ વધારો થયો છે. હાલમાં ડેરી પશુપાલન વિકાસ કાર્યક્રમનો ગુજરાતમાં ૨૯૬ કેન્દ્રો દ્વારા ૨૩ જિલ્લાઓના ૨૮૮૦ ગામોના ૮૮,૦૦૦ પરિવારોને લાભ થયો છે. ખેડૂતો સેવા શુલ્ક ચૂકવવા તૈયાર હોય છે તેથી આ કાર્યક્રમો સ્વનિર્ભર તેમજ સ્વાયત બન્યા છે. સરકારી ભંડોળ પર આધાર રાખવો પડતો નથી. આ કાર્યક્રમ દ્વારા ડેરીખેડૂતો ગ્રામીણ અર્થતંત્રમાં દર વરસે રૂ. ૧૫૦૦ કરોડ જેટલું ધન ઠાલવે છે.

બાયેફના જૂથે જમીનની ગુણવત્તા તથા પાણીની ઉપલબ્ધતાનો અભ્યાસ કરી અમુક જાતના ફળોને ઉગાડવાની શક્યતાનો અભ્યાસ હાથ ધર્યો હતો. આમાં આંબા ઊગાડવાની પૂરેપૂરી શક્યતા જણાઈ હતી, પરંતુ નેશનલ વેસ્ટલેન્ડ ડેવલપમેન્ટ બોર્ડ માત્ર ચારો અને બળતણની જાતો જ ઉગાડવા જમીન વાપરી શકે તેમ હતું. બાયેફએ વાવેતરની રચનામાં ફેરફાર કર્યો, મુખ્ય ક્ષેત્રમાં ફળ પ્રકારે અને બંધપાળા પર જંગલ પ્રકારેનું વાવેતર કર્યું. આમ આ એક ‘કૃષિ-ફળ-વન્ય’ પ્રકારનું મોડેલ બન્યું. આદિવાસી પરિવારોની વણસેલી પર્વતીય ભૂમિ માટે એ તદ્દ્ન યોગ્ય સાબિત થયું આ કાર્યક્રમ હેઠળ ૦.૪ હેક્ટરમાં ૪૦ થી ૬૦ આંબાના રોપા મુખ્ય પાક તરીકે અને ૨૫૦ થી ૪૦૦ જટેલા વન્ય જાતિના રોપા બંધ અને હદ પર વાવવામાં આવ્યા જેથી ફળાઉ વૃક્ષોના રક્ષણ પણ થાય અને વધારાની આવક ઉત્પન્ન થાય. ફળોના વૃક્ષોના વચ્ચેના ગાળાના વિસ્તારનો ઉપયોગ અનાજ અને રોકડની જરૂરિયાતોને પહોંચી વળવા મોસમી અનાજ અને શાકભાજી ઉગાડવામાં કરવામાં આવ્યો. આદિવાસીઓ આ રીતને ‘વાડી’ કહેતા જેનો સ્થાનિક અર્થ ફળબાગ થતો. આ કાર્યક્રમ તમામ જરૂરિયાતો ખરીદવા તથા શ્રમવેતન ચૂકવવા માટે આધારરૂપ બન્યો. ઉપરાંતમાં મોસમી પાકો પરિવારની જરૂરિયાતો પૂરી પાડવા પૂરતા થઈ પડતાં.

ત્યાંના લોકોમાં દારૂ પીવાનું ચલણ હતું તે નજરમાં રાખી ‘વાડી’ કાર્યક્રમને આગળ ધપાવતી વેળાએ બાયેફએ શરત મૂકી કે જેઓ દારૂ છોડવા તૈયાર હોય તેઓની જ આ માટે નોંધણી થઈ શકશે. મોટા ભાગના દારૂ છોડવા તૈયાર ન હતા તેથી પ્રતિભાવ નબળો મળ્યો. ૧૯૮૨માં પ્રથમ વર્ષ દરમ્યાન માત્ર ૪૨ પરિવારોએ આમાં સહભાગી થવા નોંધણી

કરાવી. આ પરિવારોની સફળતા જોયા બાદ બીજા અનેક આદિવાસી પરિવારોએ પણ આ 'વાડી' કાર્યક્રમમાં નોંધણી કરાવવા દારૂ પીવાનું છોડવાનો નિર્ધાર કર્યો. હાલમાં, આદિજાતિના ૪૫૦૦૦ થી વધુ પરિવારોએ પોતપોતાની 'વાડી' બનાવી છે અને સુખી જિંદગી જીવે છે.

'વાડી' કાર્યક્રમથી આદિજાતિ પરિવારોને આખા વર્ષ દરમ્યાન વાડીમાં જ રહેવા અને કાર્ય કરવા ઉત્તેજન મળ્યું અને શહેરો તરફનું તેમનું સ્થળાંતર અટકી ગયું. આથી સામુદાયિક આરોગ્ય અને બાળકોના શાળા શિક્ષણમાં સુધારો થયો. ફાજલ સમયનો ઉપયોગ કરવા પરિવારો આવક પેદા થાય તેવી અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માંડ્યાં. મહિલા સશક્તિકરણ એક મહત્ત્વનો પહેલકારી કાર્યક્રમ અમે શરૂ કર્યો જે દ્વારા મહિલાઓના સ્વ-સહાયના હજારો જૂથો રચાયા અને લઘુ ધિરાણ, ફળ-ફૂલ ધરુવાડીયા, શાકભાજી વાવેતર અને વેચાણની પ્રવૃત્તિઓ શરૂ થઈ, પરિણામે સમુદાયની એકંદર સુખાકીર ક્ષેત્રે નોંધપાત્ર સામાજિક વિકાસ સાધી શકાયો.

'વાડી' કાર્યક્રમ શરૂ થયાના ૪ થી ૫ વર્ષમાં પ્રત્યેક પરિવારને ૦.૪ હેક્ટર જમીનમાંથી દર વરસે રૂ. ૬૦૦૦૦ થી રૂ. ૭૦૦૦૦ની આવક મળવા લાગી. બાદમાં ફળછોડની કલમો, ડેરીખેતી, લાકડા સિવાયનાં વન્ય ઉત્પાદનો, મસ્ત્યઉછેર વગેરે પ્રવૃત્તિઓ અને વેચાણ દ્વારા તેમની આવક સારી એવી વધી. તેમની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો.

વાડીઓના વિકાસથી પર્યાવરણ, નિવસનતંત્ર અને જૈવવિવિધતામાં આવકારદાયક પરિવર્તન જોવા મળ્યું. સમગ્ર વર્ષ દરમ્યાન પીવાનું પાણી પૂરતી માત્રામાં મળવા લાગ્યું. સુધારેલા રહેઠાણ, ગંદવાડ-કચરાના નિકાલ તથા જાહેર સ્વચ્છતા અને ચોખ્ખા પાણીની ઉપલબ્ધિને લીધે લોકોનાં આરોગ્ય અને સ્વાસ્થ્યમાં નોંધપાત્ર પ્રગતિ થઈ. શિક્ષણની સુવિધા વધતાં હજારો આદિજાતિ સંતાનો સારા ગુણો સાથે ઉચ્ચ શિક્ષણ પામ્યાં છે અને સરકારી અને બિનસરકારી ક્ષેત્રોમાં સલામત રોજગારી મેળવતાં થયાં છે.

આજે 'વાડી' કાર્યક્રમને ગરીબ આદિજાતિ પરિવારોને ટકાઉ આજીવિકાની ખાતરી આપતા યોગ્ય કાર્યક્રમ તરીકે સ્વીકૃતિ પ્રાપ્ત થઈ છે. આ વાડી ખેડૂતો દર વર્ષે ગ્રામીણ અર્થતંત્રમાં રૂ. ૬૦૦ કરોડથી વધુનો ફાળો આપે છે.

બાયેફ ગુજરાતમાં છેલ્લા ૫૦ વર્ષથી ગરીબ પરિવારો માટે ટકાઉ આજીવિકાના ધ્યેયને સફળતાપૂર્વ સાર્થક કરતી અગ્રણી સંસ્થા બની રહી છે અને તેથી ગુજરાત અને અન્ય રાજ્યોની ગ્રામીણ પ્રજાની વિશ્વાસપાત્ર સંસ્થા તરીકેની પ્રતિષ્ઠા પામી છે, ગુજરાત સરકાર, અનેક ઉદ્યોગગૃહો અને ગુજરાતના ખેડૂતોના સહિયારા પ્રયાસ અને સહયોગની આ ફલશ્રુતિ છે. એક દાખલો બેસાડેલ છે કે સહ-પ્રયત્નોથી ગરીબી નિવારણ ઝડપી બને છે. ગરીબોની આવકમાં વધારો થાય છે.



# ગુજરાતનો વિકાસ મારાં સંસ્મરણો

ડૉ. બી. કે. કિકાણી

ભારતમાં સાઈઠના દાયકામાં હરિયાળી ક્રાંતિની શરૂઆત થઈ તે પહેલાં ભારતીય કૃષિકારો કાર્બનિક ખેતી કરતા હતા પરંતુ અનેક બહુરાષ્ટ્રીય કંપનીઓએ તેમને રાસાયણિક ખાતરો, જંતુનાશકો અને સંકર પ્રકારના બિયારણનો ઉપયોગ કરતા કર્યાં હતા. રાસાયણિક ખાતરો, કીટનાશકોને લીધે જમીન, પાણી, નદીઓ અને પર્યાવરણ પ્રદૂષિત થવાથી ખેતરો અને ભૂમિ બિનઉત્પાદક બની ગયા, પરિણામે ભારતમાં ૨૧મી સદીમાં ખેડૂતો દ્વારા આપઘાતના કિસ્સાઓ દરરોજની બાબત બની ગઈ છે. આપણા સમગ્ર દેશનું અર્થતંત્ર બે બાબતો પર નિર્ભર છે, કૃષિ અને પશુપાલન. જો બે બાબતો પર સવેળા ધ્યાન નહીં આપીએ તો આપણને દેશ તરીકે ગંભીર આર્થિક તેમજ સામાજિક કટોકટીનો સામનો કરવાનું ચોક્કસ બનશે.

૧૯૬૦માં રાજ્ય તરીકે ગુજરાત મહારાષ્ટ્રથી અલગ થયું તે સમય દરમ્યાન ગુજરાત સરકાર કૃષિ વિકાસને વેગ આપી શકે તે હેતુથી કૃષી સંશોધન અને શિક્ષણ તથા વિસ્તરણને કૃષિ વિભાગ હેઠળ રાખવામાં આવ્યાં હતાં. આપણઆ કૃષિ સંશોધન કેન્દ્રીએ ખેડૂતો માટે પાકોના વિવિધ પ્રકારો અને તે સંબંધિત ભલામણો તથા સૂચનો કર્યાં. જેથી ગુજરાતમાં કૃષિ વિકાસ પ્રક્રિયામાં મોટું યોગદાન મળ્યું છે.

મારા પીએચડીના અભ્યાસ અંતર્ગત મેં મગફળીના મૂળમાં થતો સડો અને તેનાં ઉપાય માટેની વ્યવસ્થા પર, ખાસ કરીને મૂળના સડા માટે કારણભૂત ફૂગ (સ્કલેરોટિયમ રોલ્ફસી) પર જૈવિક નિયંત્રણ તરીકે ઉપયોગી ફૂગ ટ્રાઈકોડર્મા પર સંશોધન કાર્ય કર્યું હતું. રોગનિવારણ માટેની તે રીતને સફળતા પ્રાપ્ત થઈ. સમગ્ર રાજ્યના મગફળી ઉગાડનારાઓએ આ વ્યવસ્થાપન પદ્ધતિનો સ્વીકાર કર્યો. ગુજરાતમાં અને વિશેષ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં મગફળીના રોગના નિવારક ઉપાય તરીકે ટ્રાઈકોડર્મા જૈવિક પ્રક્રિયકને મોટા પ્રમાણમાં અપનાવવામાં આવ્યો છે. જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય આ જૈવિક પ્રક્રિયકનું દર વરસે ૧૫૦ ટન જેટલું ઉત્પાદન કરે છે અને ખેડૂતોને ઉપલબ્ધ કરાવે છે.

વર્ષ ૧૯૭૨માં ગુજરાતમાં પ્રથમ કૃષિ વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ જે બહુ-સંકુલ વિશ્વવિદ્યાલય હતી. વર્ષ ૨૦૦૪માં આપણા દૃષ્ટિવંત પૂર્વ મુખ્યમંત્રી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી, કૃષિ અને સહકાર મંત્રી માન. ભુપેન્દ્રસિંહ ચુડાસમાં અને કૃષિ અને સહકાર વિભાગના મુખ્ય સચિવ ડૉ. કિરીટ શેલતે, ત્યારની ગુજરાત કૃષિ વિશ્વવિદ્યાલયનું ચાર કૃષિ વિશ્વવિદ્યાલયમાં

વિભાજન કર્યું કેમ કે, ગુજરાત રાજ્યના ઉત્તર, પશ્ચિમ, દક્ષિણ અને પૂર્વના વિસ્તારોમાં પાક, જમીન, પાણી અને આબોહવા સંદર્ભે સ્પષ્ટ તફાવત જોવા મળે છે. આ ચારેય વિશ્વવિદ્યાલયો કૃષિ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ પ્રશિક્ષણ ક્ષેત્રે ખૂબજ ઝડપથી પ્રગતિ કરી રહી છે. ડૉ. કિરીટ શેલતના સમર્થ માર્ગદર્શન, બહોળા અનુભવ અને ગહન દીર્ધદૃષ્ટિ તેમજ કૃષિ માટેના ઉજ્વળ ભાવિની તેમની સમજ વડે કૃષિ મહોત્સવ જેવો નવીનતમ કાર્યક્રમ લાવ્યા. જેથી કૃષિ ટૅકનોલૉજીનો સમક્ષિતિજ ફેલાવો થયો. જમીન સ્વાસ્થ્ય કાર્ડ વિતરણ, પ્રયોગશાળાથી ભૂમિ સુધીની સંશોધનથી અમલીકરણની પ્રવૃત્તિઓ કે જેમાં વૈજ્ઞાનિકોના ખેડૂતો સાથેના સીધા જોડાણોથી ગુજરાત રાજ્યમાં દ્વિતીય હરિયાળી ક્રાંતિ થઈ અને સમગ્ર રાષ્ટ્ર માટે તે એક મોડેલ બની ગયું.

**- ડૉ. બી. કે. કિકાણી,**
પૂર્વ કુલપતિ, જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય





# ગુજરાતનો વિકાસ મારાં સંસ્મરણો

**ડૉ. એ. આર. પાઠક**
કુલપતિ, જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય, જૂનાગઢ

મેં વર્ષ, ૧૯૭૦માં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર ખાતે બી.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો, ૧૯૭૮માં પંતનગર ખાતે રોપ-પ્રજનન અને અનુવાંશિકતા પર એમ.એસ.સી., ત્યાર બાદ વર્ષ ૧૯૮૭માં ગુજરાત કૃષિ વિશ્વવિદ્યાલય, સરદાર કૃષિનગર ખાતેથી પીએચડી કર્યું. કારકિર્દીની શરૂઆત મેં જુનિયરીસર્ચ આસીસ્ટંટ તરીકે ૧૯૭૦માં નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે શરૂ કરી, ૨૦૦૪ માં આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે સંશોધન નિયામક અને નવસારી ખાતે વર્ષ ૨૦૧૦ માં કુલપતિ તરીકેની જવાબદારી સંભાળી. હવે ઓક્ટોબર, ૨૦૧૪ થી જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયમાં કુલપતિ તરીકેની સેવા આપું છું.

મારી સમગ્ર કારકિર્દી દરમ્યાન મારું સંપૂર્ણ ધ્યાન કૃષિ સંશોધન દ્વારા એવી જાતો વિકસાવવી જેથી કૃષિ ઊપજમાં વદ્ધિ થાય. ઉત્પાદનની ગુણવત્તામાં સુધારો થાય, કૃષિ સંબંધિત ખર્ચ ઘટે અને એકંદરે ખેડૂતોની ટકાઉ આવકમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે તે પર કેન્દ્રિત હતું.

સંશોધક તરીકે મેં પાકોની ૨૫ જેટલી નવી જાતો વિકસાવી. ચોખાની ગુર્જરી, જીઆર-૧૩, એરંડિયા સંકર જીસીએચ-૧૫ જાતો ખેડૂતોને ખૂબ અનુકૂળ આવી અને પસંદ પડી અને તેની હંમેશા ખૂબ માંગ રહી છે. એરંડાના કેવળ સ્ત્રીકેસરવાળા બીજકોશોની જાળવણી માટે સુધારેલી તકનિક વિકસાવી. એરંડા અને ડાગર કૃષિવિદ્યા અને રોપારક્ષણ માટે ૧૪ રીતો વિકસાવી, ઉપરાંત એરંડીયા આધારિત વાવેતરનું ક્રમસ્થાપન, એરંડામાં તથા ડાંગરમાં કીટનાશક વ્યવસ્થા, ડાંગર આધારિત વાવેતર અનુક્રમ, ડાંગરમાં રોગ-નિયંત્રણ, ડાંગર માટે ડબ્લ્યુબીપીએચ (વ્હાઇટબેકડ પ્લાંટહોપર) સફેદચૂસિયા જીવતા અને ચારા માટે ડાંગરમાં પાન વ્યવસ્થા, એસઆરઆઈ (સિસ્ટમ ઓફરાઇસ ઇન્ટેન્સિફિકેશન) જેવી પાણી બચતની પદ્ધતિ, ડાંગરમાં કાર્બનિક ખેતી વગેરેનો આમાં સમાવેશ થાય છે. આ બધી ટૅકનોલૉજીથી સિંચાઈ તથા કીટનાશકની જરૂરિયાત ઘટી. પરિણામે ચોખા તથા એરંડાની ઉત્પાદકતામાં વધારો થયો જેનો ખેડૂતોને ભરપૂર લાભ મળ્યો. મારા માર્ગદર્શન હેઠળ આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય અને નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય ખાતેથી ૬૦ જેટલા પાકોના પ્રકારો સાથે ૫૦૦થી વધુ તકનિકો વિકસાવવામાં આવી છે. જેમાંના ૯ જેટલાં સંશોધનોના પેટન્ટની નોંધણી કરાવાઈ છે. ગુજરાતના વૈજ્ઞાનિકો અને ખેડૂતોને આથી ખૂબ જ ફાયદો થઈ રહ્યો છે.

આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે બાયોટૅકનોલૉજી (વનસ્પતિ, પ્રાણી અને અન્ન) મરઘાં

ઉછેર પ્રજનન, પશુચિકિત્સા વિસ્તરણમાં નવ જેટલા અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા હતા. ફિલ્ડ પ્રેક્ટિકલ ટ્રેઈનિંગના અનુસ્નાતક વર્ગો, એગ્રિકલ્ચર ઈન્ફોર્મેશન ટૅકનોલૉજીના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાના તથા ઈન્સ્ટિટ્યૂટ ઑફ એગ્રિબિઝનેશ મેનેજમેન્ટના અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા. કૃષિ વિશ્વવિદ્યાલયના કુલપતિ તરીકેની મારી કારકિર્દી દરમ્યાન પાંચ નવી સ્નાતક કક્ષાની કૉલેજો સ્થાપવામાં આવી જેમાં, કૃષિની બે કૉલેજો, પારિયાખાતે કૃષિ ઈજનેરી, બાયોટૅકનોલૉજી અને મત્સ્યઉદ્યોગ પ્રત્યેકની એકએક તથા એક પોલિટેકનિક કૉલેજો શરૂ થઈ.

તદ્ઉપરાંત જૂનાગઢ કૃષિ  વિશ્વવિદ્યાલય ખાતે ખાપટ (પોરબંદર)માં કૃષિ કૉલેજ ૨૦૧૬માં, સિદસર અને હળવદમાં કૃષિ માટે પોલિટેકનિક ૨૦૧૮માં શરૂ કરવામાં આવી.

આ કૉલેજો અને પોલિટેકનિક સંસ્થાઓએ જિલ્લાઓના અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સુવિધા પૂરી પાડી છે. નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય તથા જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય બન્નેને અમે આઈસીએઆર (ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચરલ રિસર્ચ) તેમજ વીસીઆઈ (વેટરનિટી કાઉન્સિલ ઑફ ઈન્ડિયા) અને આઈસીએફઆરઈ (ઇન્ડિયન કાઉન્સિલ ઑફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશન) દહેરાદૂનથી અધિકૃત માન્યતા અપાવી છે.

ખેડૂતોને કૃષિના બધાં પાસાંઓ અંગે અદ્યતન માહિતી અને જાણકારી ઉપલબ્ધ થાય તે માટે તત્કાલીન માન. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, માન. કૃષિ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમાના માર્ગદર્શન અને અધિક મુખ્ય સચિવ (કૃષિ), ડૉ. કિરીટ શેલતની પહેલથી વર્ષ ૨૦૦૫થી ગુજરાતમાં 'કૃષિ મહોત્સવ' શરૂ કરવામાં આવ્યાં છે. જેમાં વૈજ્ઞાનિકો ગામડાંના ખેડૂતોને તેમના દ્વારે જ મૂલ્યવાન માહિતી પહોંચાડે. આવા આ એક 'અનોખા વિસ્તરણ કાર્યક્રમ'થી ગુજરાતના કૃષિ વિકાસને નોંધપાત્ર વેગ મળ્યો છે.

તત્કાલીન માન. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, માન. કૃષિમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાની દીર્ઘદૃષ્ટિ તથા મુખ્યસચિવ ડૉ. કિરીટ એન્. શેલતના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય ખાતે ખેડૂતોને 'સોઈલ હેલ્થ કાર્ડ' આપવામાં આવ્યા હતાં તથા પાક આયોજન વિશે સમજણ આપવામાં આવી હતી.

માનનીય કુલપતિશ્રી પ્રોફેસર એમ.સી. વાર્શ્નેય સાથે મને આ સમગ્ર પ્રોજેક્ટમાં કામ કરવાની અને સાર્થક સહયોગ આપવાની તક મળી હતી. અમે 'સોઈલ હેલ્થ કાર્ડ પોર્ટલ' પણ વિકસાવ્યું. આ બધાં કૃષિ ઉત્પાદકતા વધારવા, કૃષિ ખર્ચ ઘટાડવા તથા ખેડૂતોના જીવનધોરણમાં સુધારો લાવવા માટેના ખરી દિશાના પગલાં હતા.

અમે એન્ડ્રોઈડ આધારિત મોબાઈલ એપ્લિકેશન 'કિસાનમિત્ર' શરૂ કર્યું છે. આ એપ્લિકેશન કૃષિ, બાગાયત, પશુચિકિત્સા સંબંધી તેમજ કૃષિ વિદ્યાલયોની અન્ય ટૅકનોલૉજીની માહિતી ખેડૂતોને તેમના મોબાઈલ ફોનમાં પ્રાદેશિક ભાષામાં ઉપલબ્ધ કરાવે છે.



ગુજરાતમાં કૃષિ તથા ખેડૂતો માટે મને ઊજળું ભવિષ્ય દેખાય છે. આબોહવા અનુસંધાને લવચીક કૃષિ પદ્ધતિઓ તથા આબોહવા-કુશળ ખેડૂતોને લીધે આબોહવા પરિવર્તનની પ્રતિકૂળ અસરોનો આપણે સફળતા પૂર્વક સામનો કરી શક્યા છીએ.

આપણા કપાસ, એરંડિયાનું તેલ, મસાલા, ફળો-શાકભાજી, ડેરી ઉત્પાદનો અને તૈયાર ખાદ્ય-પદાર્થો વગેરે આપણે સમસ્ત વિશ્વને આપી શકીએ તેમ છીએ એમાં મને શંકા નથી. મને લાગે છે કે આ તો માત્ર શરૂઆત છે. લાંબી મજલ હજુ કાપવાની રહે છે.

**ડૉ. એ. આર. પાઠક**

કુલપતિ, જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય



# ભવિષ્યની ખેતી

**ડૉ. સી. જે. ડાંગરીયા**
કુલપતિ, નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય

કૃષિ અર્થતંત્રમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેમાં ખેતી, જથ્થાબંધ વ્યાપાર, વખાર વ્યવસ્થા, પ્રક્રિયા અને છૂટક વેચાણનો સમાવેશ થાય છે. ગુજરાતમાં કૃષિ મોટા ભાગે વરસાદી છે અને આબોહવા ફેરફાર, સંસાધનોની અછત અને પર્યાવરણની અસાધારણ અધોગતિથી કૃષિ ઉત્પાદન વધુ મુશ્કેલ બન્યું છે.

ગુજરાત પાસે કુલ જમીન આશરે ૧૯૬ લાખ હેક્ટર છે. જેમાંથી એકંદરે ૯૯.૬૬ લાખ હેક્ટર જેટલી જમીન ખેતી માટે વપરાય છે. વરસાદી પાણીની ઉપલબ્ધતાની અનિયમિતતાને લીધે સિંચાઈ માટે પાણીની જરૂરિયાત વધુ ને વધુ ધ્યાન આપવા જેવી બાબત બની રહે છે. સૂક્ષ્મ સિંચાઈ સુવિધા વડે પાણીનો કરકસરભર્યો ઉપયોગ અને ખાતરના વિવેકપૂર્ણ વપરાશથી લેવાતા વધારાના પાક ખેડૂતોની આજીવિકામાં સહાયભૂત થાય છે. વર્ષ ૨૦૦૦ પછી ગુજરાતમાં કૃષિ ઉત્પાદન અને મુખ્ય પાકોના ઉતારામાં વધારો ખૂબ સરસ છે. કપાસ અને બાગાયતી પ્રકારના રોકડિયા પાકોનો હિસ્સો પણ ઠીકઠીક વધ્યો છે. એસ.આર.આર. (સીડ રિપ્લેસમેન્ટ રેટ) બીજ ફેરબદલી દરના નિયમો અમલમાં છે તેમજ ગુજરાત સરકાર દ્વારા અપાયેલ જમીન સ્વાસ્થ્ય કાર્ડ પાકની પસંદગીમાં ઉપયોગી થાય છે. ટકાઉ ખેતીના ભાગરૂપે અપનાવાતી કાર્બનિક-ખેતીથી ખેડૂતોને ફાયદો થયો છે.

બાગાયત માટે ગુજરાત ભારતનું હબ-કેન્દ્રસ્થાન બન્યું છે. બાગાયત ક્ષેત્ર કૃષિ ઉદ્યોગોને પુરવઠો આપે છે. ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં એ રોજગારી તથા સ્વરોજગારની તકો પૂરી પાડે છે. આબોહવા પરિવર્તનના આ યુગમાં, બદલાતા હવામાનની માઠી અસરને હળવી કરવા કૃષિ-વન સંવર્ધનની ભૂમિકા મહત્ત્વપૂર્ણ છે. કેટલાક ખેડૂતોએ વધારાના આર્થિક ફાયદા માટે લાકડાંની વિવિધ જાતો તથા અન્ય વનપેદાશોના ઉત્પાદન માટે કૃષિ-વન સંવર્ધન પદ્ધતિ અપનાવી છે.

ખાસ કરીને ખેડૂતો દ્વારા થતાં પશુપાલન અને ડેરીઉદ્યમ તેમની સામાજિક-આર્થિક વિકાસમાં સારો સહયોગ કરે છે. જમીનવિહોણા ખેતમજૂરોને આથી સારા પ્રમાણમાં રોજી મળે છે. ગુજરાત ભારતમાં સૌથી મોટું દૂધ-પ્રક્રિયા કેન્દ્ર છે. અહીંની અમૂલ ડેરી એશિયાની સૌથી મોટી ડેરી છે. આપણી પાસે ૧૮ અધિકૃત રીતે નોંધાયેલ મરઘાં અને પશુઓની વિવિધ જાતો છે.

ગુજરાત પાસે દરિયાઈ અને ભૂમિ પરના અનેક પ્રકારના જળચર સંસાધનો છે. ગુજરાતમાં

દરિયાઈ માછલીઓનું ઉત્પાદન દેશના કુલ ઉત્પાદનના ૨૪% જેટલું (૦.૭૧ ટન/વર્ષ) છે. ગુજરાતમાં મત્સ્યઉત્પાદનનું વાર્ષિક મૂલ્ય રૂ. ૧૨૦૦ કરોડ છે અને રૂ. ૩૯૦ કરોડના મૂલ્યની માછલીઓની ગુજરાતમાંથી નિકાસ થાય છે. ગુજરાતનો તટવર્તી વિસ્તાર ખારા પાણીમાંના જળચર ઉછેર માટે અતિ અનુકૂળતા ધરાવે છે. ખારા પાણીના જળચર ઉછેર માટેની વ્યૂહરચનામાં રોગનિદાન કેન્દ્રો, શેલફીશ અને ફીનફીશ, પ્રોબાયોટિક્સ (સહાયક સૂક્ષ્મ જીવાણુ) માટે નિવેશ સામગ્રીનો વિકાસ, રસીઓ, દવાઓ અને આ માછલીઓ માટે સ્વાસ્થ્યવર્ધક વાતાવરણ જાળવી રાખવા માટે ઔષધ પદાર્થો, પ્રજાતિ વૈવિધ્યતા તથા ઇંડા સેવનગૃહ પ્રસ્થાપનનો સમાવેશ થાય છે.

ગુજરાતમાં સહકારી અને વ્યાપારી બૅંકો દ્વારા કૃષિ ધિરાણ વ્યવસ્થામાં સુધારો થયો છે. કૃષિ પદાર્થો માટે આ વ્યવસ્થા રાષ્ટ્રીય બજાર સાથે (ઇ.એન.એ.એમ) એકીકૃત થઈ છે જેથી, ખેડૂતોને પોતાના ઉત્પાદનો માટે સારા ભાવ મળતા થયા છે. કોન્ટ્રાક્ટ ખેતી યોજના અસ્તિત્વમાં છે અને એપીએમસી (એગ્રિકલ્ચરલ પ્રોડયુસ માર્કેટ કમિટી) કાયદાના ૨૦૧૮ના ફેરફાર અંતર્ગત કૃષિ વેચાણ સુધારણા દાખલ કરવામાં આવ્યાં છે. ઉદાર રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના ખેડૂતોને પાકના નુકશાન સામે રક્ષા-કવચ આપે છે.



તમામ યોજનાઓ અને કાર્યક્રમોની સફળતાનો આધાર આ બધું ખેડૂતોને દ્વારે પહોંચાડવા પર અવલંબે છે. ગ્રામીણ વિસ્તારોમાં વધતો જતો મોબાઈલનો ઉપયોગ માહિતીઓના આદાન-પ્રદાન માટે અસરકારક અને શક્તિશાળી માધ્યમ પુરવાર થયો છે. કૃષિ અને અનુસાંગિક ક્ષેત્રોની મોબાઈલ સંલગ્ન પહેલાંનો એમકિસાન પોર્ટલમાં સમાવેશ કરવામાં આવે છે. આ પોર્ટલ દ્વારા માત્ર સરકારી કર્મચારીઓને જ નહી પરંતુ ખેડૂતોને પણ તેમની પ્રાદેશિક ભાષામાં સંદેશા-માહિતી પહોંચાડી શકાય છે. ખેડૂતો ચોક્કસ પાકોના સંદર્ભે પ્રશ્નો પણ પૂછી શકે છે. વર્ષ ૨૦૧૫-૧૬માં સરકારે કૃષિ-બજારની પણ સ્થાપના કરી છે.

આગામી વર્ષોમાં ગુજરાતનું કૃષિક્ષેત્ર વધુ ફૂલસે-ફાલસે અને રાષ્ટ્રીય કક્ષાએ પ્રભુત્વ પ્રાપ્ત કરશે, ગુજરાત નવીનીકરણ, ઉદ્યોગ અને આ બધાંના પ્રસરણના કાર્યક્રમોમાં દેશનું નેતૃત્વ કરે છે. ગુજરાતના ઉત્કૃષ્ટ પરિણામો જોઈને અન્ય રાજયોએ પણ 'જમીન સ્વાસ્થ્ય કાર્ડ' યોજના અને 'કૃષિ મહોત્સવ'ના કાર્યક્રમોનો અમલ શરૂ કર્યો છે. ગુજરાત સરકાર પહેલેથી જ બહોળા પ્રમાણમાં જળ સંશાધન વ્યવસ્થાપન અને સિંચાઈની ટપક પદ્ધતિને પ્રોત્સાહિત કરી રહી છે. તેને ભવિષ્યમાં ચાલુ રાખવાની જરૂરિયાત છે. પાકની પ્રયોજિત જાતિઓના વિકાસ, સારી ગુણવત્તાવાળી વાવેતર સામગ્રી અને બીજની ઉપલબ્ધતા, કૃષિમાં યાંત્રિકીકરણ, પાક ઉત્પાદન માટે કલસ્ટર આધારિત અભિગમ, જૂની વાડી-ફલ-ફૂલોદ્યાનનાં કાયાકલ્પ, કાર્બનિક ખેતી, કાપણી પછીના નુકસાનમાં ઘટાડો વગેરેથી આ ક્ષેત્રનો વિકાસ વધુ વેગીલો બનશે. ગુજરાતના વનવિસ્તાર (૭.૫%) પર નજર કરતાં, વનવાસીઓની સામાજિક ઉન્નતિ માટે એનટીએફપી (નોન ટિમ્બર ફોરેસ્ટ પ્રોડક્ટસ) લાકડાં સિવાયના જંગલ ઉત્પાદનો પર વધુ ધ્યાન આપવાનું જરૂરી જણાય છે. વૃક્ષ વાવેતરને વિસ્તૃત કરવાની અને નાણાકીય તેમજ પર્યાવરણ લક્ષી સુધારા માટે શહેરી વન રચનાના કાર્યો હાથ પર લેવાની તાતી જરૂર છે.

ભારતીય કૃષિ માટે આબોહવા ફેરફારની બાબત ભયભર્યો પડકાર છે. સરકારી તંત્ર, વૈજ્ઞાનિક સમુદાય તેમજ ખેડૂતોએ સાથે મળીને આ સમસ્યાને હલ કરવા કામ કરવાની આવશ્યકતા છે. વનસ્પતિ આધારિત ઈંધણ વડે અશ્મિભૂત ઈંધણમાં આંશિક ફેરબદલ અદ્યતન જૈવ-તકનિકી ઉપાયો અને જમીન વ્યવસ્થાપન પદ્ધતિઓના સંયોજનમાં પરંપરાગત પાક સંવર્ધન આબોહવા ફેરફારનો સામનો કરવામાં નોંધપાત્ર રીતે મદદરૂપ થઈ શકે તેમ છે. ખેડૂતોને તેમની પેદાશો માટે ઉચિત દામ મળી રહે તે માટે ગુજરાત સરકારે અનેક વેચાણ-સુધારાઓ કર્યાં છે. ખેડૂતોને સરળ રીતે ધિરાણ, ઇ-એનએએમ (નેશનલ એગ્રિકલ્ચરલ માર્કેટનું કૃષિ પદાર્થોના ઓનલાઈન ખરીદ-વેચાણ માટેનું પ્લેટફોર્મ), એપીએમસી કાયદામાં સુધારો, કોન્ટ્રાક્ટ ફાર્મિંગ યોજના અને પાક વીમા યોજના વગેરે સરકારની પહેલ છે. દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં કૃષિ શિક્ષણમાં બજારની બદલાતી જતી જરૂરિયાતોને ધ્યાનમાં લેવાવી જોઈએ. આગામી વર્ષોની આવશ્યકતાઓને પહોંચી વળવા કુશળતા આધારિત અભ્યાસક્રમો દાખલ કરવાની અને પ્રવર્તમાન અભ્યાસક્રમોમાં ફેરફાર કરવાની પણ જરૂર છે. ગ્રામીણ વિસ્તારોમાં

ઝડપથી વધતો જતો મોબાઈલનો વપરાશ અને સુધારેલી કનેક્ટિવિટીને ધ્યાનમાં રાખી બધીજ તકનિકી આવશ્યકતાઓ, બજારલક્ષી જાણકારી, ઉત્પાદનની માહિતી પ્રાદેશિક ભાષામાં બધાને મળી રહે તે માટે મોબાઈલ એપ્લિકેશનો વિકસાવવાનું યોગ્ય ગણાશે અંતર્દેશીય મત્સ્યઉદ્યોગ અને ક્ષારીય પાણીના જળચર ઉછેરને તેમાંની પૂરતી શક્યતા પ્રાપ્ત થાય ત્યાં સુધી વિકસાવવાની જરૂરિયાત છે. ગુણવત્તાવાળા બીજનો પૂરતો પુરવઠો, પ્રજાતિ વૈવિધ્ય, આંતરમાળખાકીય સુવિધા અને નીતિ-આધાર મત્સ્યઉદ્યોગ ક્ષેત્રમાં ભરપૂર વળતર આપી શકશે.

**સી. જે. ડાંગરીયા**
કુલપતિ, નવસારી કૃષિ વિશ્વવિદ્યાલય



# ગુજરાતના મારા અનુભવો અને સંસ્મરણો


**પ્રોફેસર ઓડેમારી એમબુયા**
ફ્લોરિડા એગ્રિકલ્ચરલ એન્ડ મેકેનિકલ યુનિવર્સિટી, (FAMU) યુએસએ


ભારતના ગુજરાત ખાતેના મારા હૃદયસ્પર્શી અનુભવો અને સ્મૃતિઓની વાતો જણાવવાની આ સન્માનકારી તક મળી તેની મને ખુશી છે. ગુજરાતની મુલાકાત મેં પ્રથમ વખત જુલાઈ, ૨૦૧૬માં લીધી હતી અને ત્યારબાદ ચાર વખત ગુજરાતમાં આવવાનું બન્યું છે. મારી પ્રથમ મુલાકાતે જ મેં ગુજરાતના લોકોનાં ઉત્સાહ, મિત્રતા, અતિથિસત્કાર અને ઉદારતાના ગુણો અનુભવ્યા. ગુજરાતના પ્રવાસ દરમ્યાન મને રાજ્ય સરકારના અધિકારીઓ, બિનસરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, યુનિવર્સિટીઓના સંચાલકો, પ્રોફેસરો, વિદ્યાર્થીઓ, ખેડૂતો, કેન્દ્ર સરકારના મહાનુભાવો અને કાર્ય-નિવૃત્ત વડીલો વગેરે વિવિધ કક્ષાના અનેક ક્ષેત્રના લોકોને મળવાની ભરપૂર તક મળી છે. સઘળાં પ્રસંગોએ સહુએ મારી સાથે ખુલ્લાં દિલથી આદર, પ્રેમ અને માનપૂર્વક વ્યવહાર કર્યો. મારી ગુજરાતની પ્રથમ મુલાકાત પહેલાં મારી મુલાકાત ડૉ. કિરીટ શેલત સાથે ફ્લોરિડા (યુએસએ), ટૈલ્લાહુસીમાં વર્ષ ૨૦૧૫માં થઈ જ્યાં તેઓ ફ્લોરિડા એગ્રિકલ્ચરલ એન્ડ મેકેનિકલ યુનિવર્સિટી (એફએએમયુ) દ્વારા આયોજિત એનર્જી, વોટર, ફૂડ નેક્સર (ઊર્જા, જળ, અન્ન સંબંધ-શૃંખલા) પરિષદમાં ભાગ લેવા આવ્યાં હતા. એ પરિષદ સર્વાંગી રીતે સફળ રહી. એટલું જ નહીં પરંતુ ત્યાર પછી ડૉ. શેલત અને હું વૈશ્વિક ફલક પર પૃથ્વીના બધાજ ખંડ, ઉપખંડોમાં સાથે મળીને કામ કરવા વ્યાવસાયિક સહભાગી અને ગાઢ મિત્રો બની ગયા અને શરૂઆત થઈ. "કૃષિ ક્ષેત્રે અમેરિકાના વૈજ્ઞાનિકોની ગુજરાતના ખેડૂતો સાથે સહભાગીતાની".

એ પરિષદ બાદ એફએએમયુ અને નેશનલ કાઉન્સિલ ફોર ક્લાઈમેટ ચેન્જ, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ પબ્લિક લીડરશીપ વચ્ચેના મેમોરેન્ડમ ઑફ અંડરસ્ટેન્ડિંગ (એમઓયુ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ એમઓયુ બાદ ડૉ. કિરીટ શેલતએ એફએએમયુ અને ગુજરાતની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ, જેવી કે, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય, જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય અને વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ (વીઆરટીઆઈ) સાથે વાતચીત તેમજ સંદેશા આપલે શરૂ કર્યાં. આ ત્રણેય સંસ્થાઓની મેં મુલાકાત લીધી છે. તેમની સાથે સહયોગી કાર્યક્રમોની શરૂઆત અમે કરી છે.

એફએએમયુ અને એનસીસીએસડી વચ્ચેના એમઓયુની એક નિષ્પત્તિરૂપે અમે ગુજરાતમાં એગ્રિકલ્ચર ફૂડ એન્ડ સાયન્સ કૉલેજ અને એનસીસીએસડી દ્વારા ખેડૂતથી ખેડૂત કાર્યક્રમ શરૂ





કરવા યુએસએઆઈડી (યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ) તરફથી અનુદાન મેળવી શક્યા. આ કાર્યક્રમ દ્વારા ગુજરાતમાં આબોહવા સુસંગત કૃષિ, પર્યાવરણ સંલગ્ન કારભાર અને ટેકનોલૉજી હસ્તાંતરના સંદર્ભે મને ખેડૂતો તેમજ કૃષિ વિસ્તરણ કાર્યકર્તાઓના તાલીમ કાર્યક્રમોમાં ભાગ લેવાની તક મળી. ગુજરાતની યોજનાઓ, કાર્યક્રમોના બધાજ સહાભાગીઓ-હિતધારકો સાથેનાં સંપર્ક અને અનુભવ હંમેશા ખૂબ હકારાત્મક અને પ્રેરક રહ્યાં છે. જાન્યુઆરી, ૨૦૧૮ માં આઈએસએઈ (ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ એન્જિનિયર્સ) ના બાવનમાં વાર્ષિક અધિવેશનમાં તથા તકનિકી ઉપાયો દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાના વિષય પરના રાષ્ટ્રીય પરિસંવાદમાં ભાગ લેવા આણંદ કૃષિ વિશ્વવિદ્યાલયમાં આવવાનો મને સુનેરી અવસર સાંપડયો હતો. ગુજરાતની સંસ્થાઓ સાથેના સહયોગ અને સહભાગીતાને વધુ મજબૂત કરવા એફએએમયુ અને આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય વચ્ચે ઉચ્ચ સ્તરીય એમઓયુ પર હસ્તાક્ષરનો સમારંભ ૧૦ જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ યોજાયો.

ગુજરાતની મારી મુલાકાતોમાં બીજો એક મહત્ત્વનો પ્રસંગ ડૉ. કિરીટ શેલત દ્વારા લિખિત અને ડૉ. ઓડેમારી એમ્બુયા દ્વારા સંપાદિત પુસ્તક "બિલ્ડીંગ ક્લાઈમેટ સ્માર્ટ ફાર્મર્સ "ડબલિંગ ઈન્કમ ઑફ ફાર્મર્સ ઈન અરેના ઑફ ક્લાઈમેટ ચેન્જ" (બદલાતા હવામાનની પ્રતિકૂળ અસરો સામે ખેતીની આવક બમણી કરવા સક્ષમ ખેડૂતનું નિર્માણ)ના વિમોચનનો હતો.

ગુજરાતમાં શૈક્ષણિક અને વ્યાવસાયિક જોડાણો ઉપરાંત મારા યજમાનોએ મને સંખ્યાબંધ વિશિષ્ટ પ્રકારના વિચાર-વસ્તુ સાથે સંકળાયેલા સ્થળો-સંસ્થાઓ, પુરાતત્ત્વીય સ્થાપત્યો, મંદિરો, મસ્જિદોની મુલાકાતો કરાવી જેને કારણે હું ગુજરાત અને ભારતના સાંસ્કૃતિક વારસા સાથે સારી એવી તદ્રૂપતા કેળવી શક્યો.

બે વર્ષમાં ચાર વખતની મારી ભારતની મુલાકાત દરમ્યાન ગુજરાતમાં વિસ્તૃત પ્રવાસ અને સરકારી, ખાનગી તેમજ શૈક્ષણિક ક્ષેત્રના ઘણા લોકો અને ખેડૂતો સાથેની બેઠકોના નિષ્કર્ષરૂપે, વિજ્ઞાન, પ્રાદ્યોગિકી હસ્તાંતરણ અને આંતરરાષ્ટ્રીય સહયોગની સમન્વિત ઊર્જા વડે ગુજરાત (અને ભારત) પોતાનાં ખાદ્યાન્ન સુરક્ષાના લક્ષ્યોને નીચેના અવરોધો સામે અચૂક પ્રાપ્ત કરી

શકશે. (૧) ભારતમાં વધતું જતું વસતીનું પ્રમાણ જે વર્ષ ૨૦૫૦ સુધીમાં ૧.૬ અબજ સુધી પહોંચે તેવો અંદાજ છે. (૨) જમીન સંસાધનોમાં ઘટાડો, માટીનું ધોવાણ, જમીનની ઉત્પાદકતામાં કમી, જમીન-પાણીમાં ખારાશનું વધતું પ્રમાણ, મર્યાદિત ખેતીલાયક જમીનું નબળું સંચાલન, (૩) ઘરવપરાશ, કૃષિ, ઉદ્યોગો અને શહેરી વિસ્તારો માટે વધતી જતી પાણીની માંગ, (૪) આબોહવામાં ફેરફારો (દુષ્કાળ, પૂર, રોગો તથા જીવાતો અને જંતુઓ) અને (૫) જમીનની તેમજ સિંચાઈ માટે પાણીની કથળતી જતી સ્થિતિને લીધે પાક ઉત્પાદકતામાં ઘટાડો.

ગુજરાત અને ભારતની સાતત્યપૂર્ણ, ટકાઉ ખાદ્યાન્ન સુરક્ષા માટે આબોહવા સુસંગત કૃષિ અતિ મહત્ત્વપૂર્ણ બની રહેશે. મને ગુજરાત, ભારત અને ભારતીયો પાસેથી ઘણું શીખવા-જાણવા મળ્યું છે. મારાં જ્ઞાન અને જીવનના અનુભવોને ગુજરાતના અને ભારતના લોકોમાં વહેંચવાનું મને હંમેશા ગમશે. આ તબક્કે ગુજરાત તથા ભારતના મારા સહયોગીઓને પોતાનાં કૌશલ્યો અને અનુભવોની વહેંચણી કરવા યુએસએમાં અમારે ત્યાં આવવા આમંત્રણ આપું છું. સાથે કામ કરવાનું હંમેશા કારગત બને છે. માનવતાના આધારે સહુના શ્રેય માટે આપણે સાથે મળીને હંમેશા કાર્ય કરતા રહીએ તેમ હું ઇચ્છું છું. આંતરરાષ્ટ્રીય સહયોગ અને તકનિકી હસ્તાંતરણના સફળ પ્રયાસને વધુ વિસ્તૃત ફલક પર લાવવા માટે હું યુએસએ-ભારત-આફ્રિકા ખાદ્યાન્ન સુરક્ષા માટેની પહેલનું સૂચન કરું છું. આવી પહેલ, આપણા માહિતી-જ્ઞાનની અધુરપ પારખવામાં, જ્ઞાન-આવડતનાં આદાન-પ્રદાન કરવામાં અને જ્યાં જ્યાં ઊણપ હોય ત્યાં ક્ષમતા નિર્માણ કરવામાં ઉપયોગી બનશે. એફએએમયુના ડૉ. ઓડેમારી એમબ્યુના સહયોગમાં કોન્ફરન્સ ઑફ પાર્ટીસ સીઓપી-૨૧ (પેરિસ) અને સીઓપી-૨૨ (મોરોક્કોમાં) ડૉ. કિરીટ શેલતના નેતૃત્વમાં એનસીસીએસડીના પ્રતિનિધિમંડળે ભાગ લીધો હતો તે એનું એક ઉદાહરણ છે. આ વૈશ્વિક મંચ પર અમે સાથે મળીને આબોહવા પરિવર્તન અને આબોહવા સુસંગત કૃષિના મુદ્દાઓની વિશદ રજૂઆત કરી હતી.

સમાપનમાં ગુજરાત અને ભારતના લોકોનો, મને તેમના જીવનમાં અને ઘરોમાં આવકારવા માટે હું હંમેશાં આભારી રહીશ. ગુજરાત અને ભારતમાં મારી મુલાકાતો અને અનુભવ પ્રાપ્તિને સરળ બનાવવા માટે સવિશેષ કરીને હું ડૉ. કિરીટ શેલત (એક્ઝિક્યુટીવ ચેરમેન, એનસીસીએસડી), ડૉ. એન.સી. પટેલ (કુલપતિ, આણંદ કૃષિ વિશ્વવિદ્યાલય), ડૉ. એ.આર.પાઠક (કુલપતિ, જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલય), જસ્ટિસ બી.પી. સિંઘ (પ્રમુખ એનસીસીએસડી), સુશ્રી નિશા શાહ (ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર, એનસીસીએસડી), ગુજરાત સરકાર અને ભારત સરકારનો અત્રેથી હૃદયપૂર્વકનો આભાર માનું છું. અન્ય અસંખ્ય વ્યક્તિઓનો જેમના નામોની યાદી આ સંક્ષિપ્ત નોંધમાં આપવી મુશ્કેલ છે તે સહુનો પણ હું અત્યંત ઋણી છું. ગુજરાતનો ખૂબખૂબ આભાર.

# વિકાસનું રેખાકંન

## કૃષિ મહોત્સવ - નવતર વિસ્તરણ અભિગમ : ખેડૂતોના દ્વારે પહોંચવું

ભારતના પશ્ચિમી કિનારે આવેલું ગુજરાત રાજ્ય, ભૌગોલિક રીતે વિવિધ પ્રકારની સ્થળ રૂપ રેખા તથા ૧૬૦૦ કિ.મી.ની દરિયાઈ સીમા ધરાવે છે. દેશનું સૌથી મોટું રણ, કચ્છનું રણ ગુજરાતમાં છે.

કૃષિ માટેની બધીજ સંભવિત પ્રતિકૂળતાઓ ગુજરાત ભોગવે છે. જેમ કે, કૃષિમાં ૭૦% ખેતી વરસાદ આધારિત છે. પુનરાવર્તિત રીતે દુકાળ અહીં પડે છે. અકાળે અને અનિયમિત વરસાદ થાય છે. ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસમાં માત્ર ત્રણ થી ચાર દિવસ વરસાદ પડે છે. દુષ્કાળના સમયમાં તો ખેતીને પારાવાર સહન કરવું પડે છે. આવા વરસોમાં કૃષિનો વિકાસ દર નકારાત્મક થઈ જાય છે. સામાન્ય વરસ દરમ્યાન પણ આ દર ૨% થી ૩% જેટલો જ રહેતો હતો. વારંવારની પાક નિષ્ફળતાને લીધે રાજ્યના ઘણા ભાગોમાં ખેતી કોઈપણ રીતે ટકાઉ કક્ષાની ન હતી. જો કે, આ પાછલી સહસ્ત્રાબ્દિની વાત છે. નવી સહસ્ત્રાબ્દિમાં બધાના દૃઢ નિર્ધાર અને સતત પ્રયાસોથી કૃષિચિત્રમાં બદલાવ આવ્યો. વર્ષ ૨૦૦૪થી દર વર્ષે કૃષિમાં ૧૧% ની વૃદ્ધિનો મોટો સાનુકૂળ ફેરફાર થયો અને કૃષિ ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં મોખરાના સ્થાને પહોંચી ગયું. ગુજરાતના કૃષિક્ષેત્રમાં આવો પ્રચંડ વળાંક લોકોના અગાઉના અનુભવોને આધારે લોકો દ્વારા હાથ ધરાયેલા કેટલાક અસરકારક પ્રયોગો, લેવાયેલાં પગલાં અને



સરકારના કૃષિ વિશ્વવિદ્યાલયોના અનુભવોને કારણે શક્ય બન્યો. આવા સફળ પ્રયોગો માત્ર નમૂનાના કે ઉદાહરણના પ્રોજેક્ટ બની રહેવાને બદલે રાજ્યના ૧૮૦૦૦ ગામોમાં નાવીન્યકારી 'કૃષિ મહોત્સવ' આધારભૂત પાયો બન્યો. આનો આરંભ તત્કાલીન માનનીય મુખ્યમંત્રી અને હાલમાં દેશના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યો હતો. શરૂઆત ટોચથી, મુખ્યમંત્રી સ્થાનેથી કરવામાં આવી અને તળિયે-ગ્રામ્યસ્તરે અને વ્યક્તિગત ખેડૂત સ્તરે, જમીનને અનુકૂળ પાકની પસંદગીથી માંડી ગરીબ ખેડૂતોને પાક માટે જરૂરી બધુંજ વિનામૂલ્યે સહાય તરીકે આપવા સુધીની કાર્યવાહી કરવામાં આવી. આ બધું તેમણે પ્રથમ ખેડૂતો અને ક્ષેત્રીય કાર્યકરો સાથે વાતચીત બાદ નિષ્ણાતો અને વિભાગીય સચિવો સાથેની આંતરક્રિયા દ્વારા કરાવ્યું, 'કૃષિ મહોત્સવ'નું આ સમગ્ર મોડેલ ખેડૂતોની જરૂરિયાતના આધાર પર તેમને જરૂરી જ્ઞાન-માહિતી અને ટૅકનોલૉજી તેમના દ્વારે પહોંચાડવાના ધ્યેય આધારિત વિકસાવાયું. આ 'ઉપરથી નીચેનો' નવીન અભિગમ હતો.

આ યોજનાના નીતિનિર્માણ તથા અમલીકરણનું સવિગત માળખું તૈયાર કરવા તથા તેના અમલનાં દૈનિક ધોરણે નિયમનની ચોમાસાના એક મહિના પહેલાં જ કે જ્યારે આ બધાંનું વાસ્તવિક ક્ષેત્ર-કાર્ય શરૂ થાય છે તે માટેની માર્ગદર્શક કાર્ય રૂપરેખા અને તેના અમલની સમગ્ર જવાબદારી આ પુસ્તકના લેખકે સંભાળી હતી.

આની સફળતાની ચાવી જાહરે નેતૃત્વ, કાયમી સરકારી વ્યવસ્થાતંત્ર તેમજ ચૂંટાયેલા અને બિનચૂંટાયેલા સભ્યોની સીધી ગ્રામકક્ષાએ સામેલગીરી હતી. સામૂહિક સંચાર માધ્યમોના ઉપયોગના અભિગમથી ભૂમિ અને જળનું કાર્યક્ષમ વ્યવસ્થાપન અને જમીનના યથોચિત ઉપયોગ નિશ્ચિત કરતું સૂક્ષ્મ સ્તરનું વ્યવસ્થાપન મોડેલ દાખલ કરવામાં આવ્યું. પાણીનો સંગ્રહ કરવા માટે ૧ લાખથી વધુ ચેકડેમ બાંધવામાં આવ્યા. પાછલા દશકમાં ગુજરાતમાં માત્ર ૬૦૦૦ ચેક ડેમ હતા.

મહી અને સાબરમતી જેવી નદીઓને જોડવામાં આવી, આ નદીઓને નર્મદા અને મહીની નહેરો સાથે જોડવામાં આવી. વરસાદની અછતવાળા ઉત્તર ગુજરાત અને કચ્છ જેવા વિસ્તારો માટે 'સુજલામ્-સુફલામ્' નામની વિશિષ્ટ સિંચાઈ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી.

દરેક ખેડૂતને જમીન સ્વાસ્થ્ય કાર્ડ આપવામાં આવ્યાં અને વૈજ્ઞાનિક-કૃષિનો સિદ્ધાંત અમલમાં મૂકવામાં આવ્યો. વર્ષ ૨૦૦૪ પછી દર વરસે પ્રત્યેક ગામમાંથી ૫૦ જેટલા ખેડૂતોને જમીનનાં સ્વાસ્થ્ય અને વિશ્લેષણ જેમ કે, તેમાં જરૂરી ખાતર અને તે જમીનમાં કયા પાકો ઊગી શકે તેની માહિતી સાથે આ કાર્ડ આપવામાં આવ્યું. તેમજ તેમના વિસ્તારમાં ઉગાડાતા પાકોના છેલ્લા પાંચ વર્ષના બજારભાવની માહિતી પણ આપવામાં આવી. આવી આધારભૂત માહિતી અને સૂચનાઓ ખેડૂતોને પાકની પસંદગીમાં ઉપયોગી બની રહે છે. ખેડૂતો તેમને વધુ વળતર આપે તેવા અને જમીનોને ટકાઉ રીતે ઉત્પાદક રાખે તેવા પાકોનું વાવેતર કરતા થયા છે.

સહાય માટે ગરીબ ખેડૂતો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું. દર વરસે પ્રત્યેક ગામમાં ૧૫ નબળા ખેડૂતોને પ્રમાણિત બીજ પેકેટ, ખાતર, કીટનાશકો અને છંટકાવના સાધનો જેવી ખેતી માટેની નિવિષ્ટ સામગ્રી વિનામૂલ્યે આપવાની ગોઠવણ કરવામાં આવી અને સાધનસામગ્રીનું કૃષિમહોત્સવ દરમ્યાન ગ્રામકક્ષાએ બધાની વચ્ચે વિતરણ થયું.


'કૃષિ મહોત્સવ'ના ભાગરૂપે પૂર્વ-ખરીફ (ચોમાસા પહેલાં) મે મહિનામાં કાર્યક્રમ હેઠળ ગ્રામ્યકક્ષાએ ખેડૂતોને માર્ગદર્શન આપવા ઘરે-ઘરે મુલાકાતનો વિસ્તરણ કાર્યક્રમ દાખલ કરવામાં આવ્યો છે. કૃષિવૈજ્ઞાનિકો, પશુચિકિત્સકો, સહકાર વિભાગ, સિંચાઈ વિભાગ, ગ્રામ્યવિકાસ વિભાગ અને સ્થાનિક બેંક વગેરેના અધિકારીઓની બનેલી વિકાસ ટીમ દરેક ગામની મુલાકાતે જવા લાગી. સ્થાનિક રીતે કયા પાકો વધુ ઉતારો આપશે તે ઓળખવામાં આવ્યા. ખેડૂતોને પ્રમાણિત બીજ વાપરવા અને પોતાના ઉત્પાદનોનું વેચાણ કરે તે પહેલાં એપીએમસી (એગ્રિકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટિ)ના ભાવો જોઈ લેવાની સલાહ આપે છે. આ અભિયાન જિલ્લા મૅજિસ્ટ્રેટ અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સંચાલિત હોય છે. આ સાથે પશુઓની આરોગ્ય-તપાસ અને રસીકરણની પશુશિબિરો યોજવામાં આવે છે.

ગુજરાત સરકાર અને સ્પેસ એપ્લિકેશન સેન્ટર (ઇસરો), અમદાવાદના સહયોગમાં રચવામાં આવેલા ભાષ્કરાચાર્ય ઈન્સ્ટટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન્સ અને જીઓ-ઇન્ફોર્મેટિકસ દ્વારા ચેકડેમ અને ગામતળાવ માટે જમીન ઓળખીને સૂક્ષ્મ-સ્તરની યોજના તૈયાર કરવામાં આવે છે. દરેક ગામમાં માહિતી અને સંચારતકનિકી સામગ્રી, ખાતર તથા કીટનાશકોના ઉપયોગ સહિતની પાક વ્યવસ્થાપનની માહિતી ખેડૂતોને તેમની માતૃભાષામાં પહોંચાડવામાં આવે છે. ખેડૂતોના પ્રશ્નોના જવાબો આપવા માટે નિઃશુલ્ક ટેલિફોન સહાય-લાઇનો શરૂ કરવામાં આવી છે.

આ બધી પહેલોને જાહેર નેતૃત્વ, ચૂંટાયેલા - બિનચૂંટાયેલ સરકારી તંત્રની પૂરી સામેલગીરી,










અને ટેકો મળે છે. આ બધી યોજનાઓ ગ્રામ્યકક્ષાએ અમલીકરણ માટે ક્રમાનુસાર સંકલિત રીતે થાય છે. મુખ્યમંત્રીથી ગામના સરપંચ સુધી મુખ્યસચિવથી ગ્રામ્યકક્ષાના કાર્યકર સુધી. સ્વૈચ્છિક સંસ્થાઓ, નિવિષ્ટ સામગ્રીના વિક્રેતાઓ તથા સહકારી સંસ્થાઓ, બેંકર્સ, સર્વ સંસ્થાઓના દરેક ઉપરથી નીચે શ્રેણીબદ્ધ રીતે દરેક ગ્રામ્ય સ્તરની બેઠકમાં સામૂહિક સંચાર-સંદેશા આપ-લેમાં સામેલગીરી દ્વારા સહયોગ કરે છે.

આવી સંયુક્ત પહેલ દ્વારા ગુજરાતની ખેતીમાં ટકાઉપણું આવ્યું છે, તમામ મહત્ત્વપૂર્ણ પાકોના ઉત્પાદનમાં એકંદર વૃદ્ધિ થઈ છે. અને સરેરાશ ખેડૂતની માથાદીઠ આવક બમણીથી વધુ થઈ છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત જેવા ગુજરાતના અતિ મુશ્કેલ વિસ્તારોની સમગ્ર કાયાપલટ થઈ છે.

તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તથા કૃષિમંત્રી શ્રી ભૂપેન્દ્ર ચુડાસમાના રાજકીય દૃઢ સંકલ્પ, વિસ્તૃત આયોજન અને ખેડૂતોની સહભાગીતાનું આ એક શ્રેષ્ઠ ઉદાહરણ છે. હવે પ્રધાનમંત્રી તરીકે શ્રી નરેન્દ્ર મોદીએ સમગ્ર દેશના બધાજ ખેડૂતોના ફાયદા માટે 'જમીન સ્વાસ્થ્ય કાર્ડ' અને 'સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ' વગેરે દાખલ કર્યાં છે અને તેમની આવક બમણી કરવાનું આહ્‌વાન કર્યું છે.

# વિકાસનું રેખાંકન
# યુવા ખેડૂતની વાત

**ખેતીમાં ફક્ત સખત કામ નહીં પરંતુ ટેકનોલૉજી સાથે સમજદારી પૂર્વકનું કામ જરૂરી છે.**

મારું નામ મહેશભાઈ, ગામ રાજપરા, તાલુકો તળાજા, જિલ્લો ભાવનગર.

વર્ષ ૨૦૦૨માં દશમું ધોરણ પાસ કર્યા બાદ અમારા પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાથી મારી ઈચ્છા હોવા છતાં હું આગળ અભ્યાસ કરી શક્યો ન હતો. શહેરમાં કારખાનામાં મેં નોકરીએ જવાનું શરૂ કર્યું જ્યાં મહિને રૂ. ૨૫૦૦૦/- જેટલો પગાર મળવા લાગ્યો હતો. પરંતુ કારખાનામાં હું મજૂર તરીકેનું કામ કરતો હતો. મને એક દિવસ વિચાર આવ્યો કે આવું જ સખત કામ હું મારી જમીન પર કરું તો હું માલિક અને વ્યવસ્થાપક બની રહીશ.

હું ભણેલો છું તો શું થયું ? મારા પરિવારના પરંપરાગત વ્યવસાય ખેતીનું કામ હું શા માટે ન કરી શકું ? વર્ષ ૨૦૦૭માં મેં કારખાનાની નોકરી છોડી અને પરિવારના વ્યવસાય 'ખેતી'માં ધ્યાન આપવાનું નક્કી કર્યું. પ્રારંભમાં મને લોકો પૂછવા લાગ્યા - "તું શા માટે ગામડામાં પાછો આવ્યો ? શહેરમાં કમાવાનું ચાલુ રાખ". પરંતુ હું મારા નિર્ણયમાં અડગ રહ્યો. મેં કૃષિ વિજ્ઞાન કેન્દ્રની મુલાકાત લીધી, કૃષિ વિશેનાં સામયિકોમાંથી માહિતી એકઠી કરવા લાગ્યો. ટેલિવિઝનમાં ખેતી વિશેના કાર્યક્રમો જોવાનું શરૂ કર્યું. કૃષિ મહોત્સવમાં મેં સક્રિય કામગીરી કરી અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પર તાલીમ મેળવી.

મારા ખેતરમાં પાણીની સમસ્યા હતી. ટેકનોલૉજીની મદદ વડે મેં ટપક સિંચાઈ પદ્ધતિ





અપનાવી. પાકોનું તબક્કાવાર સ્વરૂપ બદલ્યું. મોસમ દરમ્યાન માત્ર એક જ પાકની જગ્યાએ ૫૦% શાકભાજી અને ૫૦% બાગાયતી પાકની ખેતી શરૂ કરી. પહેલાં મારા પિતા ખેતી કરતા ત્યારે તેમને વીઘા દીઠ વાર્ષિક રૂ. ૩૦૦૦૦ થી રૂ. ૩૫૦૦૦ સુધીની ઊપજ મળતી. જે પરિવારના જીવનનિર્વાહ માટે અપર્યાપ્ત હતી. મેં કરેલા ફેરફારોથી ઉત્પાદન ખર્ચ ઘણો નીચો ગયો અને પરિવારની ચોખ્ખી આવકમાં સારો એવો વધારો થયો.

ખેતીમાં અમને સામાન્ય રીતે બીજો મોટો ખર્ચ જંતુનાશકો અને ખાતર માટે થતો. હું જૈવિક જંતુનાશકો જેવાં કે ડી-ફાસ્ટ, ટ્રાયકો-એસ.પી. અને સ્ટુડોમિસસ જેવા જૈવિક દ્રાવણો ખેતરમાં બનાવતા શીખી ગયો. જૈવિક કોમ્પોસ્ટ ખાતર વાપરવાનું મેં શરૂ કર્યું.

મેં પાંચ ગાયો ખરીદી અને ગાયના છાણને કોમ્પોસ્ટ-છાણિયા ખાતર તરીકે વાપરવાનું અને ગોમૂત્રને પ્રત્યેક પાકોમાં વાપરવાનું શરૂ કર્યું, મારો ખર્ચ વધુ ઘટ્યો અને આવકમાં વૃદ્ધિ થઈ. હાલમાં પ્રતિ વીઘા મારી વરસની આવક રૂપિયા એક લાખ જેટલી થાય છે.

ત્રીજી અને મહત્ત્વની વાત એ કે મેં પાકચક્ર અને વર્ષ દરમ્યાનના વધતાઘટતા બજાર મૂલ્યનો અભ્યાસ કર્યો. આ બે વચ્ચેના સંબંધને સમજવાની કોશિશ કરી અને તે આધારે જે તે પાક માટે વરસ દરમ્યાનના અનુકૂળ સમયગાળા પ્રમાણે પાક વાવવાનું શરૂ કર્યું. દાખલા તરીકે માર્ચ-એપ્રિલ દરમ્યાન લીંબુ મોંઘા હોય છે. સામાન્ય રીતે ખેડૂતો લીંબુ ખરીફ પાક તરીકે વાવે છે. આ દરમ્યાન લીંબુનું ઉત્પાદન વધારે મળતું હોય છે અને એકંદરે ખર્ચ ઓછો. મેં વહેલું વાવેતર શરૂ કર્યું અને ૮૫% ઉત્પાદન મને માર્ચ-એપ્રિલમાં મળવા લાગ્યું, મને સારો બજાર ભાવ મળવા લાગ્યો.

તેવી જ રીતે રવિ ઋતુમાં કોબીનું અતિ વિપુલ ઉત્પાદન બજારમાં જોવા મળે છે. મેં કોબીની લણણી જૂન મહિનામાં થાય તે રીતે વાવેતર શરૂ કર્યું. જેથી મને બજારભાવના તફાવતને કારણે રૂપિયા ૫૦,૦૦૦ થી લઈ રૂ. ૭૦,૦૦૦ સુધીનો નફો થયો. આ બધી ટેકનોલૉજી અને સમજદારીપૂર્વકનું કામ મને 'કૃષિ મહોત્સવ' અને 'કૃષિ વિજ્ઞાન કેન્દ્ર'ના ટેકનિકલ સ્ટાફ દ્વારા અમને અપાતા પ્રશિક્ષણમાંથી શીખવા મળ્યું. કેવીકે સાથે અને ઘનિષ્ઠ સંબંધો વિકસાવ્યા છે અને નિયમિતપણે તેની મુલાકાત લઈએ છીએ. હાલમાં હું ઓક્રા (ખોરાક તરીકે વપરાતી સીંગોવાળા છોડ) ઝુમખાં પ્રકારે વાલ તથા તળબૂચ વાવું છું અને વધારાની આવક મેળવું છું. વરસમાં ૨-૩ મહિના દરમ્યાન જમીનમાં કંઈ વાવતો નથી. ઊંડું ખેડાણ કરું છું અને જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા તેમાં છાણિયું ખાતર-કોમ્પોસ્ટ ભરું છું.

મારા અનુભવો હું અન્ય ખેડૂતોને જણાવું છું અને તેમને પોતાના પિતૃક વ્યવસાય ખેતીકામ માટેનો દૃષ્ટિકોણ બદલી કૃષિને વ્યાપારી દૃષ્ટિથી જોવા તથા ટેકનોલૉજી અપનાવવા સમજાવું છું. આપણું જ્ઞાન અદ્યતન કરતા રહીએ અને ટેકનોલૉજી અને પદ્ધતિઓને સમયોસમય યથોચિત રીતે ઉપયોગમાં લઈએ તો કૃષિક્ષેત્ર ઉત્તમ પુરવાર થઈ શકે છે.

સુશ્રી નિશાબેન શાહ



# વિકાસનું રેખાંકન
# ટકાઉ વિકાસ
# વૈશ્વિક તાપમાન વૃદ્ધિનો હરિયાળો ઉપાય

### સ્વપ્ન'દ્રષ્ટા' શ્રોફની પહેલ

ઓગણીસમી સદીમાં જૂન ૧૬, ૧૮૧૯ના રોજ કચ્છમાં અતિ વિનાશક ભૂકંપ સર્જાયો તે પહેલાં સિંધુ નદી આ પ્રદેશમાંથી પસાર થતી હતી. કચ્છ હરિયાળો વિસ્તાર હતો. ડાંગરનું ત્યાં મબલખ ઉત્પાદન થતું હતું. ખેતી અને પશુધન બાબતે સમગ્ર કચ્છ સમૃદ્ધ હતું.

એ ભૂકંપ પછી સિંધુના વહેણની દિશા બદલાઈ. કચ્છમાંથી લુપ્ત થઈ ગઈ. ભૂકંપને કારણે સિંધુ પાસેની ભૂમિ નવ મીટર જેટલી ઉપર તરફ ધસી ગઈ, જે અલ્લાહ બંધ તરીકે ઓળખાય છે. ભૂમિ પરના આવા વિશાળ પ્રસ્થાપનને લીધે સમુદ્રનાં પાણી ભૂમિમાં મોટા પ્રમાણમાં ઘૂસી આવ્યાં અને તે વિસ્તારને વિશાળ ક્ષારીય રણમાં ફેરવી દીધો, જે કચ્છનું 'નાનું રણ' તથા 'મોટું રણ' એ નામે ઓળખાય છે. દુષ્કાળોની વારંવારની પરિસ્થિતિને લીધે ધરતી પરનું લીલું આચ્છાદન ધીરે ધીરે ખતમ થઈ ગયું. ખેતી-પાક વિફળ થતાં ગયાં. પીવાનું પાણી અને સિંચાઈ માટેનું પાણી દુર્લભ બનતું ગયું અને લોકોનાં, પશુના આરોગ્ય અને સ્વચ્છતા-સફાઈની સ્થિતિ કથળી ગઈ. આ ઉજ્જડ પ્રદેશમાં જીવવું કઠિન થઈ પડ્યું. ખેડૂતોએ ખેતી છોડી, જમીન પડતર બની ગઈ. આથી વર્ષો સુધી માનવી અને ઢોરઢાંખરનાં સ્થળાંતર–હિજરતનું વલણ ગત શતાબ્દિ સુધી ચાલુ રહ્યું.

આ સૂકા વિસ્તારને ફરીથી હરિયાળું કરવાની દૃઢ ઇચ્છાવાળા શ્રી કાંતિસેન શ્રોફ જેવી વ્યક્તિઓના સતત પ્રયાસોને લીધે પરિસ્થિતિ બદલાવા લાગી.

શ્રી કાંતિસેન શ્રોફ સિત્તેરના દશકના પ્રારંભથી મુંબઈથી પોતાના માદરે વતનમાં આવ્યા. મુંબઈ એગ્રોકેમિકલ કંપની એક્સેલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના તેઓ અધ્યક્ષ હતા. છેલ્લા બે દાયકાથી તેઓ તેમના ધર્મપત્ની ચંદાબેન સાથે કચ્છમાં ભુજોડી ખાતે રહે છે. આ દંપતી બધે સન્માનપૂર્વક પૂજ્ય કાકા અને પૂજ્ય કાકી તરીકે ઓળખાય છે.

કચ્છમાં ગ્રામીણ વિકાસ ક્ષેત્રે શ્રોફ સૌથી પ્રથમ હતા. શ્રોફે જ્યારે કચ્છમાં મુલાકાતો લેવાનું શરૂ કર્યું ત્યારે કચ્છ પુનરાવર્તિત અને તેના કારણે પાણીની તીવ્ર તંગી, પશુ અને માનવીઓના સ્થળાંતરથી ગ્રસિત વિસ્તાર હતો. સરકાર સામુદાયિક ઉપયોગ માટે તળાવો ખોદવા, રસ્તાઓ બાંધવા એવા લોકોને કંઈક આજીવિકા માટે રાહત કાર્યો ચલાવતી હતી. પાક નિષ્ફળ જાય તેવા સંજોગોમાં સપ્ટેમ્બરથી આવતા વર્ષના ચોમાસાની શરૂઆત સુધી આવા પ્રૉજેક્ટ-કાર્યોમાં ગામડાંઓના લોકોને કામકાજ મળતું. અતિ ગંભીર દુષ્કાળની સ્થિતિ વર્ષ

૧૯૬૮-૭૦ અને ૧૯૭૩-૭૫ વચ્ચે સર્જાઈ હતી. આ ગાળામાં શ્રોફે આ સમસ્યાના લાંબા ગાળાના ઉપાય માટે વિચારવાનું શરૂ કર્યું.

શ્રોફ પરિવારે વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, માંડવી-કચ્છ, શ્રુજન-ભુજોડી-ભુજ અને શ્રોફ ફાઉન્ડેશન ટ્રસ્ટ, વડોદરા જેવી સંખ્યાબંધ સ્વૈચ્છિક સંસ્થાઓની ટકાઉ વિકાસની પ્રક્રિયામાં લોકભાગીદારી ઊભી કરવા સ્થાપના કરી. આ સંસ્થાઓ ૧૦૦૦ ગામડાંઓમાં બે લાખથી વધુ ખેડૂતો સાથે કામ કરે છે.

પરંપરાગત ભરતકામમાં અત્યંત કુશળ એવી કચ્છની ગ્રામીણ મહિલાઓ માટે આજીવિકા નિર્માણનાં યોગદાન બદલ ચંદાબેન શ્રોફ પૂજ્ય કાકીને 'રોલેક્ષ' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ભુજની બહાર ભુજોડી ખાતે તેમણે કચ્છી હસ્તકળાનું લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર—એલએલડીસી નામનું સંગ્રહસ્થાન ઊભું કર્યું છે.

લોકો તથા સરકારી વિભાગો સહભાગિતામાં કામ કરે તેવો અભિગમ પૂજ્ય કાકાએ અપનાવ્યો. જેને લીધે કાર્યક્રમો-યોજનાઓના અમલ માટે સહભાગીઓની સ્થાનિક સ્તરે સમિતિઓની રચના થઈ.

સમસ્યાઓના નિદાન અને નિવારણ માટે કાર્યપદ્ધતિ તરીકે નિર્દેશાત્મક સૂચનો અને ઉપચાર તથા તેના અમલીકરણનો ક્લિનિકલ અભિગમ અપનાવવામાં આવ્યો. સ્થાનિક જરૂરિયાતો જાણી તે સંદર્ભે આધુનિક ટૅક્નોલૉજીનો ઉપયોગ થઈ શકે તેવા કાર્યક્રમો ઘડવામાં આવ્યા.

કચ્છના દૂર દૂરના ગામોમાં પ્રતિકૂળ હવામાનની સ્થિતિ હોવા છતાં ટકાઉ વિકાસના કાર્યોને સારી એવી સફળતા પ્રાપ્ત થઈ છે. ઓછા પાણીના ઉપયોગ માટે 'વૉટરશેડ' અને જમીનની વપરાશ પદ્ધતિમાં ફેરફારના તેમના અભિગમથી લખપત અને અબડાસાના સૂકા પ્રદેશોને લીલાછમ્મ વિસ્તારોમાં પરિવર્તિત કરવાનું શક્ય બન્યું છે. લોકો અને સમુદાયોએ કચ્છની કાયાપલટ માટે એકત્રિત બનીને કાર્ય કર્યું છે. સર્વે સ્થાનિક અગ્રણીઓના આ પ્રયાસોએ ટકાઉ ખેતી લાવવામાં અને આજીવિકાની સમસ્યા ઉકેલવાની દિશામાં સક્રિય ઉદ્દીપકનું કાર્ય કર્યું છે. આથી ફલિત થાય છે કે આબોહવામાં પરિવર્તન હોય કે નદીના પ્રવાહો બદલાઈ જાય કે બેઉ હોય, તેની પ્રતિકૂળ અસરોને હળવી કરી શકાય છે, નાબૂદ કરી શકાય છે.

આબોહવા પરિવર્તનની વિપરીત અસરોનો ઉપાય સ્થાનિક સ્તરે સ્થાનિક પહેલ અને સહભાગિતાના અભિગમમાં રહેલો છે.





# ગુજરાતનો વિકાસ – અમારી યાદો
# સેવા રૂરલ

ડૉ. અનિલ દેસાઈ

'અમારી યાદો' શબ્દસમૂહ 'મારી' યાદોને બદલે 'અમે' ઈરાદાપૂર્વક મૂક્યો છે. 'સેવા રૂરલ' સંસ્થાના અનુભવો અને નવીનકારી સાહસો એક વ્યક્તિ વિશેષ દ્વારા નહીં પરંતુ સમગ્ર ટીમ-સમૂહના ખંતીલા ઉદ્યમના લીધે શક્ય બન્યા છે. તેથી એ યાદો સમસ્યા સમૂહની છે.

ગુજરાતના વિકાસમાં અમારું યોગદાન મુખ્યત્વે અંતરિયાળ આદિજાતિ વિસ્તારોમાં પ્રગતિ અને આરોગ્યસેવા સુધારણા ક્ષેત્રમાં રહ્યું છે. તેમાં પણ વિશેષ કરીને પ્રસૂતા-બાળમૃત્યુ રોકવા, અંધત્વ નિવારવા, ગરીબી દૂર કરવા કૌશલ્યો વિકસાવવા, મહિલા સશક્તિકરણ માટે આજીવિકા નિર્માણ કરવા તાલીમ-પ્રશિક્ષણ દ્વારા આરોગ્ય કાર્યકરોના ક્ષમતાનિર્માણ માટે સુયોજિત કાર્યક્રમો સેવા રૂરલ દેશમાં તેમજ વિદેશમાં કરે છે.

સેવા રૂરલ એવા પાંચેક જેટલા યુવા વ્યાવસાયિકો તૈયાર કર્યા છે, જેમણે રાજ્યના બીજા વંચિત વિસ્તારોમાં પોતપોતાની સંસ્થાઓ ઊભી કરી છે કે જેથી સેવારૂરલના ગરીબ-કન્દ્રિત કાર્ય–ધ્યેયને તે રીતે આગળ ધપાવી શકાય. અલબત્ત, સેવા રૂરલના અમારા પ્રયોગોએ એ પુરવાર કર્યું છે કે સારું કામ કરવાવાળા નાના જૂથો દ્વારા નિઃસ્વાર્થ કાર્ય માત્ર શક્ય છે. એટલું જ નહીં, પરંતુ લાખો લોકોના જીવનને હકારાત્મક સ્પર્શ આપવામાં ફૂલેફાલે છે. જેને, અમે અમારી નોંધપાત્ર સિદ્ધિ ગણીએ છીએ.



સિત્તેર અને એંશીના દાયકામાં ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાંના કેટલાક સમૂહોએ કામ કરવાનું શરૂ કર્યું હતું. ગાંધીજી જેવા મહાપુરુષોના આદર્શોથી આ સમૂહો પ્રેરિત હતા. એ રીતે ૧૯૬૦ના દશકથી જ અમારું એક નાનું મિત્રવર્તુળ જેમાં, ડૉક્ટર અનિલ (આ લેખક), લતા, દિલીપ, પ્રતિમા વગેરે ગાંધીજી અને સ્વામી વિવેકાનંદના ગામડાંમાં સેવા કરવાના આહ્વાન સંદર્ભે તેમના આદર્શોને વરેલા હતા. અમારા સહુ સાથીઓએ ભારતમાં શિક્ષણ લીધું અને ભારતમાં તેમજ પાછળથી યુ.એસ.એ. ગયા હતા. 'આત્માનો મોક્ષાર્થ, જગત હિતાય ચઃ' એવા એમના જીવનધ્યેય સાથે તેઓ ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં ગરીબમાં ગરીબની સેવા કરવા ૧૯૭૯માં સ્વદેશ આવ્યા. કેટલાક બીજા યુવા વ્યાવસાયિકો પણ તેમના આ ઉમદા કામમાં જોડાયા.

ભરૂચ જિલ્લાના ઝગડિયાના લોકોએ અમને હૃદયપૂર્વક આવકાર્યા અને લગભગ બંધ જેવી તેમની હૉસ્પિટલ અમને સોંપી દીધી. આ નાની હૉસ્પિટલના માધ્યમથી ઉપેક્ષિત અને વંચિતો પ્રતિ તેમની સેવા અને વિકાસના એકમાત્ર ધ્યેયની પૂર્તિ થઈ શકે તેની અમારા જૂથ માટે આ એક ઈશ્વરે આપેલી તક બની.

સરકારી યોજનાઓ હેઠળ ગ્રામ્યકક્ષાના કાર્યકરો પ્રાથમિક આરોગ્યની સંભાળનું કામ કરતા હતા. અમારું કાર્યલક્ષ્ય પણ એ જ દિશાનું હતું. અમે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગને ઝઘડિયા તાલુકાના ૧૦ ગામોના લોકોને પ્રાથમિક આરોગ્ય સેવાઓની જવાબદારી અમને સોંપવા આગ્રહપૂર્વકની વિનંતી કરી. આ હોસ્પિટલના આધારે અમારી આ ગ્રામ્ય આરોગ્ય સેવાને ગ્રામ્ય સમુદાયોની પ્રોત્સાહક સ્વીકૃતિ પ્રાપ્ત થઈ. આના સારા પરિણામોને લીધે બીજા ૪૦ ગામને આવરી લેતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની જવાબદારી 'સેવા રૂરલ'ને પ્રાપ્ત થઈ.

આ પ્રગતિ માટે બે પરિબળો કારણભૂત હતા. પ્રથમ એંશીના દાયકાના પ્રારંભમાં સકારાત્મક વિચારસરણી ધરાવનાર જિલ્લા વિકાસ અધિકારી શ્રી એસ. આર. રાવ અને બીજું એવુ જ જિલ્લાનું સકારાત્મક રાજકીય નેતૃત્વ. સરકાર સાથેના અમારા અનુભવો વિસ્તૃત અને વિવિધતાવાળા હતા. ત્રીજા પક્ષ દ્વારા કરાવાયેલા અમારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બે તટસ્થ મૂલ્યાંકન હેઠળ આ વિગતો દસ્તાવેજ તરીકે નોંધાયેલી છે.

ત્યારબાદ અમે ઝઘડિયા બ્લોકના ૧૬૮ ગામોને આવરી લેવા માતૃત્વ અને શિશુસેવાને સુદૃઢ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. 'સેવા રૂરલ' વર્ષ ૨૦૦૧થી જટિલ પ્રસૂતિ અને નવજાત કેસોને સંભાળનાર તરીકે યુનિસેફ દ્વારા રેફરલ (મેડિકલ તપાસ માટેની તજ્જ્ઞ) સંસ્થા તરીકેનું પ્રથમ અધિકૃત સ્વાસ્થ્ય-સેવા એકમ બન્યું. સ્ત્રીરોગ ચિકિત્સક નિષ્ણાતો, નિશ્ચેતનકર્તા (એનેસ્થેટિસ્ટ) અને શસ્ત્રક્રિયા સેવાઓ 'સેવા રૂરલ' ખાતે થયેલી પ્રસૂતિ માટે આશીર્વાદરૂપ બન્યાં. પરિણામ છેલ્લા દશક દરમ્યાન પ્રસૂતા અને શિશુમૃત્યુ પ્રમાણમાં ૫૦%નો ઘટાડો થયો તેમજ નવજાત બાળકના મૃત્યુ દરમાં ૩૮%નો ઘટાડો નોંધાયો. અમે સમસ્ત દેશમાંની સંસ્થાઓ, બિનસરકારી એકમો, સરકારના વિભાગો, શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ-પ્રશિક્ષણ માટેની

અમારી તાલીમોમાં અમારા અનુભવોની વહેંચણી કરીએ છીએ. ઉપરાંતમાં નેત્રયજ્ઞના અમારા કામ દ્વારા ત્યાંના બે તાલુકા મોતિયા-મુક્ત બન્યા છે અને છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન એક લાખથી વધુ આંખના ઑપરેશનો સફળતાપૂર્વક કરવામાં આવ્યા છે. અમારા માતૃત્વ, બાળક અને નેત્રની આરોગ્ય સંભાળની કામગીરીમાં તત્કાલીન આરોગ્ય કમિશનર અમરજિતસિંહનો અમને અમૂલ્ય ટેકો મળ્યો છે.

છેલ્લા છ વર્ષ દરમ્યાન 'સેવા રૂરલ'એ ગુજરાત સરકારના સહયોગમાં ગાંધીનગર સ્થિત આઈટી કંપની અર્ગ્યુસોફ્ટ ઇન્ડિયા લિમિટેડ સાથે મળીને ભરૂચ જિલ્લાના પસંદ કરાયેલા વિસ્તારોમાં 'આશા' કાર્યકરો દ્વારા તથા માતૃત્વ અને બાળ આરોગ્ય સંભાળ માટે ઉપયોગમાં લઈ શકાય તેવું મોબાઈલએપ તૈયાર કર્યું છે. અમારું એમસીએચ, માતૃત્વ અને શિશુ આરોગ્યનું સઘન કામ અને અમારા 'આઈએમટેક' (મોબાઈલ એપ્લિકેશન) પ્રૉજેક્ટમાં ખૂબ ઉપયોગી થયું.

આઈ.સી.એમ.આર. (ઇન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ) નવી દિલ્હી અને ડબલ્યુ. એચ.ઓ. (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન)ની ટેક્નિકલ સહાય વડે અમે મોબાઈલ એપ્લિકેશનનો વિશાળ ફલક પરનો મહત્ત્વાકાંક્ષી અભ્યાસ શરૂ કરી શક્યા. આ અભ્યાસ દ્વારા પુરવાર થયુ છે. મોબાઈલ એપ્લિકેશન સાથેની માતૃત્વ અને બાળસંભાળથી ખૂબ સારાં પરિણામ મળે છે. જો કે, આ અભ્યાસ હજુ પ્રકાશિત થયો નથી. આ પ્રયોગને હવે સરકાર દ્વારા સમસ્ત રાજ્યમાં મોટા માપ-વ્યાપમાં અપનાવવામાં આવ્યો છે.

સરકાર સાથેના સહયોગકારી કાર્યોમાં સ્વ. શ્રી ડી. એ. આનંદપુરાએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેમને સરકારમાં ખાનગી ઉદ્યોગોમાં અને પછીથી ભરૂચ જિલ્લાના વિકાસ કાર્યોનો બહોળો અનુભવ હતો. 'સેવા રૂરલ' એ કેટલાંક અન્ય કાર્યક્રમો જેવાં કે ગરીબ પરિવારના યુવાઓ માટે વ્યાવસાયિક પ્રશિક્ષણ, મહિલા સશક્તિકરણ વગેરે હાથ ધર્યાં. અમારા સ્થાનિક ઉદ્યોગો અને સરકાર સહિતના બૃહદ સમાજ તથા વિવિધ સમુદાયો સાથેના સંપર્ક આવા કાર્યક્રમોના અમારા લક્ષ્યો પૂરા કરવામાં સહાયભૂત થયા. વંચિત પરિવારોના ૩૦૦૦થી વધુ યુવાઓને વ્યાવસાયિક પ્રશિક્ષણ આપવામાં આવ્યું. જેનો તેમનો નોકરી પ્લેસમેન્ટ દર ૯૫%થી વધુ રહ્યો છે. અમારી મહિલા સશક્તિકરણની પ્રવૃત્તિઓનું સંચાલન હાલમાં અમારી ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી ખૂબ સુંદર રીતે સંભાળે છે. આપણા પુરુષપ્રધાન સમાજમાં એક અનેરી સિદ્ધિ છે.

વર્ષોના સરકાર સાથે કામ કરવાના અમારા અનુભવો મિશ્ર પ્રકારના રહ્યા છે. સહુ જાણે છે તેમ સરકારના ઉદ્દેશો મહદ્ અંશે ઉમદા હોય છે. પરંતુ, અમલીકરણમાં અનેક અવરોધો આવતા હોય છે. સરકારમાં અમલ માટે જેમ જેમ આપણે નીચેના એટલે કે ભૂમિસ્તરે જઈએ છીએ તેમ તેમ આપણું કામ કઠિન બનતું જાય છે. ઉચ્ચકક્ષાએ સરકારી પ્રણાલી-વ્યવસ્થામાં વિકાસકાર્યો રુંધાય છે. માત્ર કુશળ અને સહાનુભૂતિ સભર અધિકારીઓ જ તંત્રમાં અવરોધો હોવા છતાં પણ પરિણામો આપી શકે છે. જ્યારે પણ અમારે સરકારી અધિકારીઓ સાથે

જિલ્લા કે રાજ્યકક્ષાએ કામ કરવાનું બન્યું છે ત્યારે અમારા અનુભવો આવા રહ્યા છે.

એક ઉદાહરણ પૂરતું થઈ પડશે. 'સેવા રૂરલ' દ્વારા સારા કામ થઈ રહ્યા છે તે જાણીને સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવશ્રી અમારી સંસ્થાની મુલાકાતે આવ્યા હતા ત્યારે એક આંગણવાડીની મુલાકાત દરમ્યાન બાળકોને રમવા માટેના રમકડાં તૂટેલાં તેમણે જોયા અમે એમને ૫-૧૦ વર્ષે તૂટેલાં રમકડાંના સ્થાને નવાં રમકડાં મળે તેવી વ્યવસ્થા કરવા અમે સૂચન કર્યું. જે સાથે તેઓ સંમત થયા. ગાંધીનગર પહોંચ્યા પછી તેમણે અમને અન્ય વિભાગોની જાણમાં, રમકડાં તૂટી જાય છે તે માટે તપાસ-ઠપકાની સાથોસાથ કારણ બતાવો નોટિસ સ્વરૂપે પત્ર મોકલ્યો. જે તે સરકારી અધિકારીની સ્વૈચ્છિક સેવાકીય કાર્ય વિશેની છાપ-સમજણ કે દૃષ્ટિ અભિપ્રાયથી બધો ફરક પડતો હોય છે. લાંબા ગાળાના પ્રૉજેક્ટ દરમિયાન અધિકારીઓમાંની પ્રત્યેક બદલી-ફેરફાર વખતે અમારે પ્રૉજેક્ટ સમજાવવાનું નવેસરથી શરૂ કરવું પડે છે.

તેમ છતાં, ગુજરાત સરકારે અભૂતપૂર્વ ઘટના તરીકે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની જવાબદારી 'સેવા રૂરલ'ને સોંપી તેવું બીજી સંસ્થાઓની બાબતમાં બન્યું ન હતું. સહકારી તંત્રમાં '૩૧ માર્ચના લક્ષ્યાંકો પામવાના' અભિગમને લીધે ૧૯૯૦ના દાયકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આવા સૂચિત લક્ષ્યાંકો મેળવવાના મુશ્કેલ હોઈ સેવા રૂરલને જિલ્લા સ્તરની સહકારી વિભાગો સાથેની બેઠકોમાં ૩૧ માર્ચ સુધી મેળવવાના તેમના અવાસ્તવિક આંકડા આધારિત લક્ષ્યોની સમીક્ષા અને પુનરાવર્તનની જરૂર હોય છે. તંત્ર આખું વરસ વ્યવસ્થિત કામ કરવાને બદલે છેલ્લા એક-બે મહિનામાં તેવો વખત દોડાદોડી કરે છે.

પાછું વળીને જોઈએ છીએ ત્યારે સેવા રૂરલની સૌથી મહત્ત્વપૂર્ણ સિદ્ધિ એ છે કે સંસ્થાનાં કાર્યો લોકલ્યાણની ભાવના અને પરમાર્થના આદર્શો પર થતા હોવાથી મુશ્કેલીઓ છતાં તેમાં સફળતા મળી છે. ઉપરાંત, આવા કાર્યો એટલા માટે કરવાં જેવા છે કે આખરે તેમાંથી લાંબા ગાળાનો સંતોષ અને પરિપૂર્ણતાનો આનંદ પ્રાપ્ત થાય છે. 'સેવા રૂરલ' ને કોઈ વિશિષ્ટ ઉદ્યોગગૃહ કે રાજકીય પીઠબળ ન હોવા છતાં કેવળ મૂલ્ય-આધારિત કાર્ય-ધ્યેય વડે ગતિશીલ રહી લાંબો પંથ કાપીને ગુજરાતની બિનસરકારી સંસ્થાઓમાં મહત્ત્વનું સ્થાન પામી શક્યું છે. સદ્‌ભાગ્યે અમને ઉદ્યોગો, સરકારના વિભાગો, સ્થાનિક સમુદાયો, વ્યાવસાયિકો, પરદેશમાં વસેલા ગુજરાતીઓ જેવા સમાજના વિવિધ ક્ષેત્રોમાંથી લોકો સહાયરૂપ બન્યા છે. આ ગુજરાતના લોકોની સરકારમાં હોય કે બૃહદ સમાજના હોય ખુલ્લી-ઉદાર દિલેરીની આ માનસિકતા દર્શાવે છે. સેવા રૂરલ તરફથી મળતાં પ્રોત્સાહન અને પ્રેરણાના આધારે સમાન નીતિ-રીતિથી સમાજસેવા કાર્ય માટે ગુજરાતના અન્ય વિવિધ વિસ્તારોમાં કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી એ અમારી વધારાની નોંધપાત્ર સિદ્ધિ છે.


સમસ્ત ગુજરાતમાં વિવિધ સખાવતી હૉસ્પિટલો ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ઉપચારક તબીબી સેવાઓ પૂરી પાડે છે. 'સેવા રૂરલ' આ બાબતે તે બધાથી અલગ એ રીતે

પડે છે કે, સ્વામી વિવેકાનંદે 'જો ગરીબ વ્યક્તિ હોસ્પિટલ સુધી ન આવી શકે તો તેમના ઘરના દ્વારે જવું' તેવું સ્પષ્ટતાપૂર્વક સમજાવ્યા મુજબ અમારી ટીમ અને કાર્યકર્તાઓએ વિચાર્યું અને પોતાની કાર્યશૈલીમાં એ પ્રમાણે વણી લીધું. આ પહેલકારી અભિગમથી એ ફલિત થયું કે ભલે નાના પાયા પર પણ સરકારના સહયોગમાં જાહેર આરોગ્યના કાર્યો અસરકારક રીતે થઈ શકે છે.

**શ્રી અનિલ દેસાઈ**

(૧૯૪૧ થી ૨૦૧૯)

લગભગ ૩૫ વર્ષ પહેલાં ડૉ. અનિલ દેસાઈ અને શ્રીમતી ડૉ. લતા દેસાઈ ન્યૂયોર્કથી તેમની પાંચ વર્ષથી ધમધોકાર ચાલતી તબીબી પ્રૅક્ટિસ છોડીને ભરૂચ જિલ્લાના ગરીબોની સેવા માટે સ્વદેશ આવી ગયા હતા. તેમણે ધી સોસાયટી ફોર એજ્યુકેશન વેલફેર એન્ડ એક્શન (સેવા-રૂરલ) દ્વારા ખાસ કરીને ભરૂચ, નર્મદાના ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોની સ્થિતિ સુધારવા શિક્ષણ અને મહિલા સશક્તિકરણ સહિતના અનેક ધ્યેયલક્ષી કાર્યક્રમો હાથ ધર્યા હતા.



# ગુજરાતમાં બહેરા-મૂંગા માટે સર્વસમાવેશક શિક્ષણ અને સારવાર

ડૉ. નંદલાલ માનસેતા

કોઈ પણ રાષ્ટ્ર કે સમાજની સ્વસ્થતા કે પ્રગતિની પારાશીશી કઈ ? આમ તો ઘણી બધી. જેમ કે, તે રાષ્ટ્રની માથાદીઠ આવક, ગરીબી રેખા નીચે જીવતા લોકોની ટકાવારી, બાળમૃત્યુ દર, વગેરે વગેરે. આ ઉપરાંત પણ કેટલાક માપદંડ એવા હોય છે જે સંખ્યા નહીં, પણ માનવીય મૂલ્યોના આધારે નક્કી થતાં હોય છે.

જેમ કે સ્વસ્થ સમાજમાં મહિલાઓ, વરિષ્ઠ વડીલો અને પ્રગતિશીલ રાષ્ટ્રમાં દિવ્યાંગ લોકોને ખૂબ જ સાચવવામાં આવતા હોય છે.

ટૂંકમાં જે સમાજમાં સંવેદના વધુ, તેમ વેદના ઓછી. જે રાષ્ટ્રમાં માનવતા વધુ એટલો સમાજ વધુ પ્રગતિશીલ.

બૃહદ મુંબઈ રાજ્યમાંથી પહેલી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્ય છૂટું પડ્યું. એ પછી કેટલીક સેવાભાવી સંસ્થાઓ અને કેટલીક પ્રતિબદ્ધ વ્યક્તિઓએ દિવ્યાંગો માટે નમૂનેદાર કામગીરી કરી. ગુજરાતના વિકાસના નકશામાં તેમજ ગુજરાતની માનવીય પ્રગતિના આલેખનમાં તેનું સ્પષ્ટ ચિત્ર દેખાય.

નાક-કાન-ગળાના નિષ્ણાત-સર્જન અને તબીબ ડૉ. નંદલાલ માનસેતાએ અમદાવાદમાં બહેરાં-મૂંગાં બાળકો માટે 'ઉમંગ' નામની શાળા-સંસ્થા શરૂ કરી જેનો દરેક પ્રકારનો ખર્ચએ સંસ્થા ભોગવે છે. આટલી બધી કાળજી. અહીં અભ્યાસ કરતા, તાલીમ લેતા મેળવતા વિદ્યાર્થીઓનું સંપૂર્ણ માન-સન્માન અને સ્વમાન સચવાય તે રીતનો માહોલ છે.

સાવરકુંડલાના વતની ડૉ. નંદલાલ માનસેતાએ ૧૯૭૨માં એમ.બી.બી.એસ. કર્યું. એ પછી ૧૯૭૫માં તેમણે ડી.એલ.ઓ. (ડિપ્લોમા ઈન લેરિંગો ઑટોલોજી)ની ઉપાધી મેળવી. ૧૯૭૬માં તેમણે ઈએનટીમાં એમ.એસ.ની પ્રતિષ્ઠિત ડિગ્રી મેળવી. ઈએનટીની તાલીમ લેતી વખતે બહેરા મૂંગા બાળકોના સંપર્કમાં આવ્યા. એ વખતે તેમના શિક્ષકો બહેરા-મૂંગા બાળકોના માતા-પિતાને દિવ્યાંગતા કહેતા કે તમે તમારાં બાળકો માટે રોજ ૧૦-૧૦ રૂપિયા જમા કરાવો જે તેમને ખપમાં આવે, કારણ કે આ સ્થિતિનો કોઈ ઈલાજ જ નથી. યુવાન ડૉ. નંદલાલને પોતાના ગુરુજનોની આ વાતમાં અસંવેદનશીલતા દેખાતી. આ રીતનું વલણ તેમને વાગતું. તેમને હૃદયમાં ચચરાટ થતો.

મહાત્મા ગાંધીએ એક વખત કહ્યું હતું કે વિકલાંગોની દશા કેવી છે તેના પર દેશની પ્રગતિનો આધાર છે. કરુણા કે સંવેદના વિનાનો સમાજ સ્વસ્થ સમાજ હોઈ જ ના શકે.

ડૉ. માનસેતા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સરસપુરમાં આવેલી જાહેર હોસ્પિટલ સાથે સંકળાયેલા હતા. ત્યાં તેમના ધ્યાનમાં આવ્યું કે બહેરા-મૂંગા બાળકો વાસ્તવમાં મૂંગા એટલે હોય છે કે જન્મથી તેમનામાં બહેરાશ આવી હોય છે. પણ આ બાળકોના કાનમાં સાંભળવાના આધુનિક યંત્ર મુકવામાં આવે તો તેઓ સાંભળી શકે અને બોલી શકે.

તેમણે આ કામગીરી હાથ પર લીધી અને કેટલીક લાગણીપર્ધાન વ્યક્તિઓ દ્વારા આ પ્રકારના બાળકોના સાથ-સહકાર આપવા માટે આધુનિક શાળા ઉપલબ્ધ કરાવવામાં સફળ થયા. મોટેરા સ્ટેડિયમ પાસે સ્વામી કૃષ્ણાનંદજી આશ્રમમાં તેની શરૂઆત કરી.

આથી પ્રોત્સાહિત થઈને ડૉ. માનસેતાએ આ પ્રકારના બાળકોના શિક્ષણ માટે વિચાર્યું. તેમાં પ્રયોગો કર્યા અને તારણ કાઢ્યું કે આ બાળકો પણ અન્ય બાળકોની જેમ ભણી શકે છે. તેથી બહેરાં-મૂંગા બાળકો માટે અતિ આધુનિક સ્કૂલ સ્થાપવાનું વિચાર્યું. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરશ્રીએ તેમને સહયોગ આપ્યો અને પાલડી વિસ્તારમાં બંધ પડેલ એક મ્યુનિસિપલ સ્કૂલમાં જગ્યા આપી. ડૉ. માનસેતાએ ત્યાં બહેરાં-મૂંગા બાળકોને સામાન્ય-અન્ય સ્વસ્થ બાળકો સાથે શિક્ષણ આપતી શાળા સ્થાપી. આજરોજ ૮૦ વધુ દિવ્યાંગ બાળકો સામાન્ય બાળકો સાથે અહીં અભ્યાસ કરે છે.

ડૉ. માનસેતા આમ તો અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. પણ તેમાં અમદાવાદના વાસણા વિસ્તારમાં આવેલી ઉમંગ સ્કૂલ અને સાવરકુંડલામાં આવેલી 'શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર' હૉસ્પિટલ મુખ્ય છે. આ ઉપરાંત ડૉક્ટર તરીકેની પોતાની પ્રૅક્ટિસ દરમ્યાન પણ તેમણે અનેક જરૂરિયાતમંદ દિવ્યાંગો (બહેરાં-મૂંગા)ની સારવાર કરે છે. તેઓ ઈએનટી સર્જન હોવા ઉપરાંત બહેરાં-મૂંગા દરદીઓ પ્રતિ વધુ લગાવ રાખે છે.

શ્રી ઉમંગ સ્કૂલ શ્રીમદ્ રાજચંદ્ર સેવા કેન્દ્ર ટ્રસ્ટના નેજા હેઠળ ચાલે છે. અહીં ૭૦ હજાર ચો. ફૂટનું બાંધકામ થશે. તેમાંથી ૫૧ હજાર ચો. ફૂટનું બાંધકામ થઈ ચૂક્યું છે. ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને અહીં આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ અને તાલીમ અપાય છે. બધું જ નિઃશુલ્ક. આજના દિવસે ૧૦૦ ટકા બહેલા-મૂંગા સામે ફક્ત એક જ શાળા ઉપલબ્ધ છે. હવે ૧૦૦ ટકા દિવ્યાંગ તેમના ઘરે ભણી શકે તેવું કરવાનો નમ્ર પ્રયાસ થઈ રહ્યો છે.

ભારતમાં ૩% દિવ્યાંગો છે. તેમાં ૦.૫% બહેરાં-મૂંગાની સંખ્યા ત્રણેક લાખની છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત વડાપ્રધાન થયા પછી વિકલાંગો માટે 'દિવ્યાંગ' એવો નવો અને સન્માનનીય શબ્દ પ્રયોજ્યો. જો કે, ભારત અને ગુજરાતમાં દિવ્યાંગોની સ્થિતિમાં ઘણું કાર્ય કરવાનું બાકી છે. જેમ કે, ગુજરાતના ૩૩માંથી ૧૬ જિલ્લાઓમાં બહેરા-મૂંગાઓની શાળા જ નથી.

ડૉ. માનસેતા કહે છે કે, આ રોગ પ્રત્યક્ષરૂપે દેખાતો નથી તેથી બહેરા-મૂંગા લોકોને સમસ્યાઓનો સામનો કરવો પડે છે. રક્તપિત્ત જેવી દેખાતી બીમારી હોવાથી ગાંધીજીનું ધ્યાન પણ તેમના તરફ ગયું. તેમણે પોતે રક્તપિત્તિયાઓની સેવા અને સારવાર કરી અને નાબૂદ થયો. બહેરા-મૂંગા દરદીઓમાં કાન-નાક-ગળું એ બધું તો બહારથી એકદમ સરસ અને સાજું જ દેખાય તેથી તેમના માટે સહાનુભૂતિ કે કરુણા ઓછી સર્જાય. ડૉ. માનસેતા ઉદાહરણ આપે છે કે પ્રજ્ઞાચક્ષુ લોકોની સ્થિતિ તરત નજરે પડે એટલે તેના માટે તરત વિચારાય. એને કારણે જ તેમના માટે 'સ્ટીક'ની શોધ થઈ, જે ઘણી ઉપકારક પુરવાર થઈ. આવું બહેરાં-મૂંગા માટે ન થયું.

પોલિયો માટે જેમ વેક્સિન શોધાઈ છે તેમ બહેરા-મૂંગા માટે રૂબેલા નામની વેક્સિન શોધાઈ છે. એ વેક્સિન લગ્ન પહેલાં કન્યા (છોકરી)ને આપવાની હોય છે. છોકરો એટલે પતિ આ રસી ના લે તો ચાલે.

બહેરા-મૂંગા માટે કોક્લીયર ઈમ્પ્લાન્ટની મેડિકલ સુવિધા તેમનાં દવાખાનામાં નજીવા દરે આપવામાં આવે છે. બીજે આ કોક્લીયર ઈમ્પ્લાન્ટની મેડિકલ સારવાર સામાન્ય માણસ તેનો ખર્ચ ભોગવી શકે નહીં તેવી મોંઘી હોય છે.

ડૉ. માનસેતાનું નોંધપાત્ર પ્રદાન એટલે માદરે વતન સાવરકુંડલામાં વિદ્યાગુરુ પ્રતિષ્ઠાન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનું નિર્માણ. આ હૉસ્પિટલ ગુજરાતની જ નહીં, ભારતની વિશિષ્ટ હૉસ્પિટલ છે. અહીં દરદી પાસેથી એક પણ પૈસો લીધા વિના પૂરા સન્માન સાથે તમામ પ્રકારની મેડિકલ સારવાર અને દવા તથા ઓપરેશનની સુવિધા છે. દર્દી તથા સગાને જમવાનું અપાય છે. આ આંતરરાષ્ટ્રીય સ્તરની હૉસ્પિટલ છે.

અહીં દરરોજ એક હજાર દરદીઓને સારવાર અપાય છે. ૨૦૧૫થી અત્યાર સુધી આ હૉસ્પિટલમાં છ લાખથી વધુ દરદીઓની સારવાર થઈ ચૂકી છે. આ હૉસ્પિટલમાં અત્યારે જનરલ ઓપીડી, ગાયનેક, ડાયાલિસિસ સેન્ટર, પેથોલોજી, ડેન્ટલ સર્જન, બાળ આરોગ્ય, એમ.ડી. (મેડિસીન), ફિઝિયોથેરાપી, હોલિસ્ટિક હેલ્થકેર, સર્જિકલ એમ વિવિધ વિભાગો છે. દરરોજ ડાયાલિસિસ થાય છે. બાળરોગો માટે અદ્યતન વિભાગ છે. આ હૉસ્પિટલનો લાભ સાવરકુંડલા ઉપરાંત અમરેલી જિલ્લાના અનેક ગામોને પણ મળી રહે છે. ગામડે ગામડે ડૉક્ટર ફરતું દવાખનું ચલાવીને ઘેર બેઠા દવા આપે છે.

આરોગ્ય મંદિરની બે એમ્બ્યુલન્સ વાન ગામડાઓમાં જઈને સારવાર કરે છે. જાણીતા કથાકાર મોરારિબાપુએ આ હૉસ્પિટલ માટે સામેથી રામકથા આપી હતી. આવી જ હૉસ્પિટલ નાનકડા એવા ગામડા ટીંબા-ધોળા જંક્શન, ભાવનગર ડિસ્ટ્રિક્ટમાં બનાવવા માટે તેઓ પાયાના પથ્થર છે.

વતન સાવરકુંડલામાં નિઃશુલ્ક તબીબી સારવાર આપતું વિશાળ, આધુનિક અને માનવીય આરોગ્ય મંદિર સ્થાપ્યા પછી ૭૨ વર્ષના ડૉ. માનસેતા સાવરકુંડલા પંથકમાં મેડિકલ કૉલેજનું

નિર્માણ કરવા માંગે છે. ૧૦૦૦ વીઘા જમીનમાં એવી મેડિકલ કૉલેજ અને હૉસ્પિટલ જ્યાં તેજસ્વી-ગરીબ વિદ્યાર્થીઓ એક પણ પૈસો આપ્યા વિના ભણી શકે અને દરદીઓને નિઃશુલ્ક તબીબી સારવાર પણ મળે.

તેમણે શ્રીમતી એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજની સાથે જોડાયેલી શ્રીમતી શારદાબેન હૉસ્પિટલ સરસપુર-અમદાવાદમાં શૂન્યમાંથી ગુજરાતમાં શ્રેષ્ઠ ઈ.એન.ટી. ડિપાર્ટમેન્ટ સામાન્ય જન માટે તથા અન્ડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થી માટે બનાવડાવી છે.

ડૉ. માનસેતાએ એક તબીબ તરીકે ગુજરાત રાજ્યની આરોગ્ય સેવામાં વિવિધ સ્તરે પાયાનું અને માતબર પ્રદાન કર્યું છે. અનેક હાસ્પિટલોને, સંસ્થાઓને, નાનાં નાનાં એકમોને તથા લાખો દરદીઓને તેમનો લાભ મળ્યો છે.

ગુજરાતની પ્રગતિમાં આવા સેવાભાવી સમાજસેવકનું મોટું પ્રદાન છે તે નિઃશંક કહી શકાય!

---

આ લેખ શ્રી રમેશ તન્નાએ તૈયાર કર્યો છે. તે માટે અમે તેમના આભારી છીએ.



# પ્રગતિના પંથે ગુજરાત
# મારાં કેટલાંક સંસ્મરણો

શ્રી દેવેન્દ્રકુમાર ર. દેસાઈ

હું રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં આવેલા વસાવડના તાલુકદાર કુટુંબમાંથી આવું છું. સ્વરાજ પહેલાં વસાવડ અને બીજા ત્રણ ગામો રાંદલના દડવા, ધરાળા અને બાદનપર આ ચાર ગામનો તાલુકો હતો. જામ જૂથયોજના નીચે વસાવડ તાલુકો હતો. વસાવડ છઠ્ઠા કે સાતમા સ્ટેટ એજન્સીના વખતમાં તાલુકો ગણાતો. સ્વરાજ આવ્યું ત્યારે હું ૧૩-૧૪ વર્ષનો હતો. રાજકોટથી માલવિયા શેઠ રાજકોટ અને સતાર લતિફ વસાવડની બસ સર્વિસ ચાલતી. એ જમાનામાં ખાનગી બસ સર્વિસ સામ-સામે બેસાય તેવી લાકડાની સીટવાળી રહેતી. બસ વસાવડથી અમરેલી દિવસમાં એક વખત જાય અને એક વખત આવે. તેમાં તેને પારડી વેરાવળ, સતાપર, કોટડા સાંગાણી, વસાવડ. દેવળિયા, લુણીધાર થઈને અમરલી જતી બસને ૧૫-૧૭ તાલુકાઓની પરમિટ લેવી પડતી. તેનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે આજે સ્વરાજમાં શું વિકાસ થયો છે તેનો ખ્યાલ આવે છે. મારા પિતાશ્રી સિનિયરમોસ્ટ તાલુકદાર હતા તે કારણે રાજકોટ કે ગોંડલમાં પોલીસ જવા દેતી અને સલામી પણ આપતી. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ દેશ સ્વતંત્ર થયો. ૧૯૪૮-૪૯ માં સૌરાષ્ટ્ર સરકાર રચાઈ ત્યારે શ્રી ઢેબરભાઈ મુખ્ય પ્રધાન અને તેનું પ્રધાનમંડળ સાત સભ્યોનું હતું. દોઢ-બે વર્ષના ગાળામાં આખા સૌરાષ્ટ્રમાં તાલુકેદાર, જમીનદાર, ઠાકોર સાહેબો, ભાવનગર-જામનગર જેવા રાજવીઓ જમીન જે ખેડતા હતા તે માલિક બની ગયા. ઘરખેડ આપવામાં આવી અને સાલિયાણા આપવામાં આવ્યા ત્યારે સૌરાષ્ટ્ર સ્ટેટ ૧૯૪૮માં જે સૌરાષ્ટ્ર થયું તે પહેલા કાઠિયાવાડ તરીકે ઓળખાતું. પાટણકર સાહેબ વસાવડ નજીક આવેલ જસદણ તાલુકાના જમાઈ હતા, જેઓ ગુજરાત રાજ્યના ચીફ સેક્રેટરી રહી ચૂક્યા છે. ગુજરાત ત્યારે મુંબઈ રાજ્યનો એક ભાગ હતો. સ્વરાજ આવ્યું ત્યારે ગુજરાતનો એક ભાગ કચ્છ 'સી' ક્લાસ સ્ટેટ ગણાતું અને કેન્દ્ર સરકાર નીચે હતું. પાંચ જિલ્લા ભાવનગર, રાજકોટ, જૂનાગઢ, જામનગર, સુરેન્દ્રનગર એ ત્યારે ૧૯૪૮માં સૌરાષ્ટ્ર રાજ્યમાં ગણાતા. ૧૯૪૮ થી ૧૯૫૩-૫૪ સુધી સૌરાષ્ટ્ર રાજ્ય અલગ રહ્યું. એ દ્વિભાષી મુંબઈ રાજ્યમાંથી ૧૯૬૦ પછી ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. સૌરાષ્ટ્ર અને કચ્છ જે પહેલા મહા દ્વિભાષી મુંબઈ રાજ્યમાં ભળેલ જે ગુજરાત અલગ થતા તેનો ભાગ બન્યું. આમ ૬૦ના દાયકા પછી મહા દ્વિભાષી મુંબઈ રાજ્ય હતું તેમાંથી મુંબઈ રાજધાની સાથે મહારાષ્ટ્ર રાજ્ય બન્યું. કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્રનું અમદાવાદમાં રાજધાની સાથે ગુજરાત રાજ્ય બન્યું. પછીથી ગુજરાતનું વડુ મથક ગાંધીનગરમાં ફેરવાયું. ગાંધીનગરની

શરૂઆત થઈ ત્યારે મારી સ્મૃતિ મુજબ ગાંધીનગરના વિકાસમાં શ્રી બાબુભાઈ જ. પટેલનો સિંહફાળો હતો. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિનું ખાદી ભવન તે વખતે બનેલ છે. આજે જે ગુજરાતનો વિકાસ થયો છે તેમાં સ્વરાજ પછીના ૯-૧૦ વર્ષમાં 'સી' ક્લાસ સ્ટેટ તરીકે, 'સી' અને 'બી' ક્લાસ તરીકે સૌરાષ્ટ્રનો, બાકીનો ગુજરાત-મહારાષ્ટ્ર-મુંબઈનો ભાગ હતો. આ કારણે બાકીના ગુજરાતનો વિકાસ થવો જોઈએ તેના કરતા સૌરાષ્ટ્ર રાજ્યનો વિકાસ અને ખાસ કરીને જમીન સુધારણાના કાયદાઓ જે આજે ૭૦ વર્ષ પછી પણ સૌરાષ્ટ્રના વિકાસમાં સૌરાષ્ટ્ર સ્ટેટે કર્યો છે એટલો તુલનાત્મક રીતે એ સાત-આઠ વર્ષમાં ગુજરાતના બાકીના ભાગમાં થઈ શક્યો નહતો. આજે પણ સૌરાષ્ટ્ર રાજ્યની સિદ્ધિ તુલનાત્મક રીતે તે ગાળામાં થઈ તે અભૂતપૂર્વ હતી. તે વખતના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ પણ એની સિદ્ધિના વખાણ કર્યા હતા. એજ કારણે સરદાર વલ્લભભાઈ પટેલના સૈનિક શ્રી ઉછંગરાય ઢેબર, પંડિત જવાહર નહેરુના ધ્યાનમાં આવ્યા હતા. તેમણે સૌરાષ્ટ્રના વહીવટનો લોકસભામાં ગર્વપૂર્વક ઉલ્લેખ કર્યો હતો. તેઓ દર ૧૫ દિવસે રાજ્યના મુખ્યમંત્રીને પત્ર લખતા તેમાં પણ ઉલ્લેખ કરેલો. આથી જ તે અખિલ ભારત કૉંગ્રેસના પ્રમુખ બન્યા હતા.

ગુજરાત રાજ્યનો વિકાસ ૬૦ના દાયકા પછી અલગ ગુજરાત રાજ્ય બન્યું એ પછી તેણે વેગ પકડ્યો પણ સાથે સાથે મારી દૃષ્ટિએ એ પણ ઉલ્લેખ કરવો જોઈએ જ કે જે ગતિ અને વિકાસ પંચાયતી રાજ અને સહકારી માળખામાં શરૂઆતમાં હતા તે આજે પણ લાવી શકાય તેમ છે. એકંદરે  ગુજરાત રાજ્યમાં રસ્તાના કામો જ્યારે બીજા રાજ્યોની સરખામણીએ જોઈએ તો ઘણી સારી પ્રગતિ થઈ છે. વીજળીકરણ, રસ્તાઓ, બાબતે અને આરોગ્ય સેવામાં બીજા રાજ્યોની સરખામણીમાં ઘણી સારી પ્રગતિ થયેલી છે. ગુજરાતનો વિકાસ અન્ય કેટલાંક રાજ્યોની કેટલાક રાજ્યોની તુલનામાં ઊડીને આંખે વળગે તેવો છે. મોરબીની હોનારત પછી મોરબી ઝડપભેર ઊભું થઈ શક્યું તેમાં તે વખતના મુખ્યમંત્રીશ્રી બાબુભાઈ જશભાઈ પટેલ અને ગુજરાતના વહીવટી તંત્રએ ગાંધીનગરને બદલે મોરબીમાં બેસીને વહીવટ કર્યો. એ જાતનો જુસ્સો અને અભિગમ ઉપરથી નીચે સુધી વહીવટી તંત્રમાં અને આમ પ્રજામાં જોવા મળતો રહ્યો છે અને દરેક ક્ષેત્રે વિકસતું ગુજરાત જોવા મળે છે.

**– દેવેન્દ્રભાઈ ર. દેસાઈ**
સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ
અમદાવાદ



# ગુજરાતનો વિકાસ મારી યાદો

**સુશ્રી એની પ્રસાદ**

"મહાન મહિલાઓનાં જીવન આપણને યાદ અપાવે છે કે કારકિર્દીને આપણે ઉત્કૃષ્ટ બનાવી શકીએ છીએ અને વિદાયવેળાએ સમયની રેત પર પ્રગતિનાં બીજ છોડી શકીએ છીએ."

આ અનોખા પ્રકાશનના નામાંકિત સંપાદકો અમારી પાસેથી, મારી ધારણા મુજબ, એ જાણવા માંગે છે કે, અમે (સનદી સેવાનિવૃત્ત અધિકારીઓ) વિદાયવેળાએ પાછળ શું છોડતા ગયા છીએ ? શું અમે, લોન્ગફેલોની કવિતામાંના આશાવાદથી અપેક્ષિત છીએ તેમ સમયની રેતી પર પગલાંની છાપ છોડી ગયા ? કે અમે અમારી પાછળ કાચના ટુકડા અને ઘેરી ગંદકી છોડતા ગયા ?" જેમ કે, આપણામાંના કેટલાક કૉલેજ કાળ દરમ્યાન આવા કાચના ટુકડા અને (ગંદકી) આપણી એમ.એમ.સી.ની રસાયણશાસ્ત્રની પ્રયોગશાળામાં કરતા હતા. શું દાયકાઓ પહેલાં પડેલા ચરણચિહ્નોને ગુજરાતની ધૂળની ડમરીઓએ ભૂંસી નાખ્યા છે ? વીસમી સદીના અમારા જેવા સેવાનિવૃત્ત સનદી અધિકારીઓને આજની સહસ્ત્રાબ્દિમાં આઈ. એ.એસ. થયેલાઓ જુરાસિક પાર્કમાંથી આવેલા નમૂના તરીકે જોતા હશે.

શરૂઆતમાં જણાવવાની અનુમતી લઉં છું કે, "મારી કારકિર્દીમાં કેટલાંક તબક્કા 'છિન્નભિન્ન કાચના ટૂકડા' સમાન હતા, મારી કારકિર્દીના ત્રીજા દશકામાં મેં એક વખત નહીં, બે વખત રાજીનામું આપ્યું હતું."

હવે મુખ્ય વાત શરૂ કરું. ૨૩ વર્ષની વયે, ૧૯૬૩માં મસૂરી ઍકેડમી ખાતે ગુજરાત આઈ.એ.એસ. કેડરમાં મારી ફાળવણીનો આદેશપત્ર ભારત સરકાર દ્વારા આપવામાં આવ્યો અને મારી કારકિર્દી 'મિશન ગુજરાત' સાથે શરૂ થઈ. મલયાલી મહિલા ગુજરાતી મહિલા તરીકેનો પુનર્જન્મ પામી એવી મને લાગણી થઈ. નવા જ રચાયેલા આ ગુજરાત રાજ્ય સાથે કર્તવ્ય અને પ્રેમના સંબંધોથી મારી કારકિર્દીના ત્યાર પછીના ૩૫ વર્ષ સુધી બંધાયેલી રહી (રેડટેપના 'લાલફીતા' પણ ઘણી વાર 'રેશમી બંધનો' આપતા હોય છે.)

આઈ.એ.એસ.માં નવી ભરતી થયેલાઓનું સ્થાન ગુજરાતમાં સહાયક કલેક્ટર (એસી) કે સહાયક મેજિસ્ટ્રેટ (એસડીએમ) કે પ્રાંત અધિકારી તરીકેનું હોય છે. ૧૯૬૪માં મેં તાલીમાર્થી તરીકે કાર્ય શરૂ કર્યું ત્યાર પછી પૂર્ણ દરજ્જાના એસી અને એસડીએમનો હવાલો સંભાળ્યો. એ દિવસોમાં સહાયક કલેક્ટર માટે મહિનામાં ૨૦ દિવસ ગામડાંઓની મુલાકાત લેવાનું ફરજિયાત હતું. આ પ્રવાસ ટટ્ટુ ઉપર કે પગપાળા કરવો પડતો.

મચ્છર, ઉંદર અને સાપના ભય વચ્ચે તંબુમાં રાતવાસો રાબેતાનો નિત્યક્રમ બની ચૂક્યો હતો. યુવા અધિકારીઓને ઘણું નવું શીખવામાં તેમજ ગ્રામ્યલોકોને ઉપયોગી થવામાં પ્રાંત અધિકારીઓ માટે ગીતા કે બાઈબલ સમાન એન્ડર્સન માર્ગદર્શિકા ખૂબ મદદરૂપ થતી (મિસ્ટર એન્ડર્સન ગઈ સદીના, તત્કાલીન મુંબઈ ઇલાકાના અતિ ખંતીલા સહાયક કલેક્ટર રહી ચૂક્યા હશે) દરેક ગામની મહેસૂલ નોંધોની તપાસ અને ખરાઈ કરવામાં અને દરેક સ્થાવર મિલકતોના નાગરિકોના (અને સરકારના) હક્કો જળવાઈ રહે તે નિશ્ચિત કરવા આ માર્ગદર્શિકા મદદરૂપ થતી.

મેજિસ્ટ્રેટને લગતી અથવા પેટા વિભાગીય ન્યાયાધીશની ફરજમાં આવતી અનેક બાબતો જેમ કે, આર્મ્સ એક્ટ જેવા વિવિધ કાયદાઓનું પાલન કરાવવું, ફોજદારી પ્રક્રિયા સંહિતાની ચોક્કસ કલમો હેઠળ નિવેદનોની નોંધ કરવી, પોતાના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા, પ્રાદેશિક સંવાદિત સ્થાપવી અને તે માટે તોફાની તત્ત્વોની ચેપ્ટર (જામીન) કેસ હેઠળ અટક કરવી, ચોક્કસ સમયગાળા માટે તેવા તત્ત્વોને એ વિસ્તારમાંથી તડીપાર કરવા વગેરે અમારી કામગીરીનો હિસ્સો હતા. આ બાબતો એવી હતી કે જેમાં પોલીસ અધિકારીઓ સાથે ચીવટપૂર્વકના સંકલનની જરૂર રહેતી. સંક્ષેપમાં એમ કહી શકાય કે નવા ભરતી થયેલા આઈ.એ.એસ. અધિકારીઓ માટે સહાયક કલેક્ટર કે પેટા વિભાગીય ન્યાયાધીશનું જુનિયર ગણાતું પદ એમની પછીની ત્રણ ચાર કારકિર્દી માટે મજબૂત પાયાની ગરજ સારતું.

અહીં જરા જણાવી દઉં કે સહાયક કલેક્ટર તરીકેના મારા આ દિવસો સોનામાં સુગંધ સમાન જેવા બની રહ્યા. જલ્પાઈગુરી, પશ્ચિમ બંગાળ ખાતે સહાયક મેજિસ્ટ્રેટ તરીકે સેવા આપતા, મારા જ આઈએએસ બેચના શ્રી એ. પ્રસાદ સાથે મારા આંતરજ્ઞાતિય લગ્ન થયા. એ સમય મારા માટે વધુ મહત્ત્વનો બની ગયો. શ્રી પ્રસાદનું કેડર પરિવર્તન અને ગુજરાતમાં બદલી મારા કલેક્ટર અને જિલ્લા મૅજિસ્ટ્રેટ શ્રી એચ. આર. પાટણકરની સલાહ અને અમૂલ્ય સહાય વડે જ શક્ય બન્યું હતું. હું સહાયક કલેક્ટર હતી ત્યારનો હળવા મૂડનો એક રોચક તેમજ બોધક કિસ્સો અહીં જણાવવાની ઇચ્છા થઈ છે. મારી પ્રાંત કચેરીમાં ઉપરી અધિકારી મહેસૂલ સચિવ શ્રી એ. એસ. ગિલ તપાસાર્થે આવ્યા હતા ત્યારનો અમારા વચ્ચેનો સંવાદ :

એ. એસ. ગિલ : ''મિસિસ પ્રસાદ, તમે જ્યારે અહીંનો કાર્યભાર સંભાળ્યો ત્યારે બધું અસ્તવ્યસ્ત હતું ને ?''

મારો જવાબ : ''ઓહ ! હા, જી, હું પણ એમ જ માનું છું સર !''

એ. એસ. ગિલ : અને હવે તમે અહીં બધું વ્યવસ્થિત કર્યું, ખરું ને ?

મેં રોમાંચ અનુભવ્યો (તપાસ અધિકારીની ઉત્તમ-પ્રેરક ટિપ્પણી હતી !)

અચંબામાં હું નમ્રતાથી બોલી, ''પરંતુ સાહેબ, આપે એ કેવી રીતે જાણ્યું ?''

ગિલ સાહેબ ચહેરા પર મંદ હાસ્ય સાથે બોલ્યા : ''બહુ સરળ છે. અહીં આવનાર પ્રત્યેક સહાયક કલેક્ટર એવો જ દાવો કરતા હોય છે. હા...હા...હા...''

## કટોકટી દરમ્યાન જિલ્લા મૅજિસ્ટ્રેટ

ઉપરની પાયરી પર ફરજ બજાવવાના મારા વરસો પ્રતિ નજર કરું છું તો જૂન, ૧૯૭૫થી શરૂ થયેલી કટોકટી કાળ દરમ્યાન ઘટનાઓની યાદો તાજી થાય છે. હું ત્યારે કચ્છ જિલ્લા કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકેની ફરજ બજાવતી હતી. કચ્છમાં મારી કારકિર્દીના આરંભે તો સર્વત્ર શાંત અને સમાન્ય વાતાવરણ હતું. અચાનક માર્ચ, ૧૯૭૬માં બાબુભાઈ જે. પટેલની સરકાર બરખાસ્ત થઈ, ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ થયું, વાતાવરણમાં પલટો આવ્યો.

કટોકટી દરમિયાન ભારતના બધા જ મેજિસ્ટ્રેટોને સરકાર તરફથી અટકાયત (આરોપનામા કે અદાલતી કાર્યવાહી વિના) ધરપકડ માટે વિચારવા સૂચવાયું. જેની ધરપકડ કરવી જોઈએ તેવી વ્યક્તિઓની લાંબી યાદીઓ મોકલવામાં આવી હતી.

મને આપવામાં આવેલી કચ્છ માટેની યાદીમાં ૨૦૮ નામો હતા. મેં મારા પછીના બીજા ક્રમના અધિકારી નિવાસી નાયબકલેક્ટર જેઓ અધિક જિલ્લા મૅજિસ્ટ્રેટ પણ હતા, તેમની સાથે ચર્ચા કરી. મેં સૂચવ્યું કે, આ લોકોની અટકાયત કરવાના આદેશ હું પ્રત્યેકની અપરાધીપણાની ચકાસણી કર્યા બાદ જ આપવા માંગું છું. તેઓ આ સાંભળીને ગભરાયા. તેમણે કહ્યું, સ્થાનિક સ્તરે આમાં ખરાઈ કરવાનું રહેતું નથી. કારણ કે યાદી સરકાર દ્વારા મોકલવામાં આવી છે. મેં સામી દલીલ કરી અને ગૃહ મંત્રાલયમાંથી આવેલા વાયરલેસ સંદેશાના શબ્દો તરફ તેમનું ધ્યાન દોર્યું, જે હતા એક્ષવાયઝેડને પ્રિવેન્ટીવ ડિટેન્શન "અટકાયત ધારા હેઠળ ધરપકડ માટે વિચારવા માટે વિનંતી."

નિવાસી નાયબ કલેક્ટરને આશ્ચર્ય થયું અને આઘાત પણ લાગ્યો. એમણે કહ્યું, "જ્યારે સરકાર લખે છે કે, વિનંતી છે ત્યારે તે આદેશ હોય છે, આજીજી નહીં. એવું મારા ઘણા વરસોના કામનો અનુભવ કહે છે."

એમની દલીલ ઠરેલ અને બુદ્ધિયુક્ત હતી, પરંતુ મેં મારા આત્માના અવાજને અનુસરવાનું નક્કી કર્યું. સદ્‌ભાગ્યે ડી.એસ.પી. શ્રી સી. પી. સિંઘ, આઈપીએસ મારા નિર્ણય સાથે સંમત હતા, પ્રત્યેક નામની બાબતે ઝીણવટભરી તપાસ કરાઈ તેમાંથી ૨૦૦ નામો નીકળી ગયા. આથી કેટલાક સ્થાનિક લોકો (કદાચ જેમણે સરકારને એ નામોને યોદીમાં સામેલ કરવા સૂચવ્યું હશે તેઓ) નારાજ થયા અને ગુસ્સે ભરાયા. સદ્‌ભાગ્યે અનુભવી ગૃહસચિવ શ્રી ચંદ્રમૌલિ ખૂબ જ નિષ્પક્ષ અને ન્યાયી હતા.મને જો બરાબર યાદ હોય તો કચ્છમાંથી એક ડઝનથી ઓછા લોકોની અટકાયત કરવામાં આવી. એક દિવસે પૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ પટેલે મને કહેવડાવ્યું કે, "પોલીસે એક જાહેરસભા માટે પરવાનગી આપી નથી તે અંગે તેઓ મને મળી શકે ?" મેં ભુજ સર્કિટ હાઉસ ખાતે તેમને મળવા બોલાવ્યા અને પૂરા આદર સાથે મેં કહ્યું, "જાહેર શાંતિનો ભંગ થાય કે એવી બાબતો વિશે હું આપને કોઈ ઉપદેશ કેવી રીતે

આપી શકું ? આપ તો બધી બાબતોથી સારી રીતે વાકેફ છો.'' જાહેરસભા યોજવા અંગેની બધી જ શરતો સાથે તેઓ સંમત થયા. સભા બાબતે દખલ ન કરવા અને જરૂરત પડે તો સહાય માટે ઉપસ્થિત રહેવાની મેં પોલીસને સૂચના આપી. જતાં જતાં તેમણે આંસુ લૂછવા ચશ્માં ઉતાર્યા. તેમની ઊંડી સંવેદનાને લીધે હું ગદ્‌ગદિત થઈ ગઈ.

પત્રકારોએ લખ્યું કે, કટોકટીના કાયદા દરમ્યાન અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં જુલમ ઓછા થયા હતા. તેમાં પણ કચ્છમાં ગુજરાતના બીજા ભાગો કરતાં દમન ઓછો નોંધાયો હતો. એમણે એવો નિષ્કર્ષ તારવ્યો કે કચ્છ એટલે ગુજરાતનું ગુજરાત.

થોડા દિવસ બાદ અતિ કરુણ ઘટના બની. મારા શિસ્તબદ્ધ અને સદ્‌હેતુસભર નાયબ કલેક્ટરના યુવા પ્રોફેસર પુત્રને જામનગરમાં પ્રિવેન્ટીવ ડિટેન્શન-અટકાયત ધારા હેઠળ જેલમાં પૂરી દેવાયો. માતા—પિતા તરીકે તેઓ પતિ-પત્ની બેઉ અતિ વ્યથિત હતા. પુત્રનો ગુનો એ હતો કે તે એબીવીપી સાથે સંકળાયેલો હતો. તે દિવસે મારા એ નાયબ કલેક્ટરે આંસું સારતાં મને કહ્યું કે, ''આપણે કચ્છમાં યથોચિત જ કર્યું છે.''

## વહીવટ અને કર્મચારીગણ

૧૯૮૧ અને ફરીથી ૧૯૮૫માં મારે સામાન્ય વહીવટ વિભાગમાં સચિવ (પરસોનેલ) તરીકે કાર્ય કરવાનું આવ્યું. એ ગાળો મારા માટે અશાંત અને ઉદ્વેગકારી રહ્યો. અનામત-વિરોધી આંદોલનના એ દિવસો એટલે એવું થાય તેમ હતું જ. સામાન્ય વહીવટ વિભાગ આથી અતિ અસરગ્રસ્ત હતો. આંદોલન ઉગ્ર બનતું ગયું. આંદોલનના નેતાઓએ ગુજરાત બંધનું એલાન કર્યું

પરિસ્થિતિ અતિ વણસી, હવે સરકારે એસ્મા-(એસેન્સિઅલ સર્વિસીસ મેઈન્ટેનન્સ એક્ટ) આવશ્યક સેવા જાળવણી કાયદાના પ્રક્ષેપાતનો ઉપયોગ કર્યો, જેમાં સરકારી કર્માચારીઓની હડતાળ પ્રતિબંધિત કરાઈ. જેનો ભંગ કરનારને જેલમાં પૂરી દેવાની જોગવાઈ એમાં હતી. સરકારે ફરિયાદોના નિકારણનું વચન આપ્યું હતું એટલે આંદોલન ગેરવ્યાજબી છે તેવું મુખ્યમંત્રીએ જાહેર કર્યું. મારા જેવા લોકોને આ વલણ વ્યાજબી લાગ્યું હતું.

પરંતુ આંદોલનકારીઓ ઈએસએમએ-આવશ્યક સેવા જાળવણી કાયદાથી ન તો ડર્યા કે ઉપશામક-સમિતિથી શાંત થયા. તાબડતોબ એક ઉત્તેજનાસભર ઉચ્ચસ્તરીય બેઠકમાં સરકારે વહીટ (મુખ્ય સચિવ, સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ અને પોલીસ વિભાગ સમજવું) સરકારી કચેરીઓ સંપૂર્ણપણે કાર્યરત રહે તે માટે બળ પ્રદર્શન કરવા ભારપૂર્વક જણાવ્યું. બળ પ્રદર્શનનો અર્થ થાય બે પ્રકારે ઝટકા આપવા. પહેલું નેતાઓની ધરપકડ કરી ડર બેસાડવો અને બીજું હડતાળિયા કર્મચારીઓની જગ્યાએ નવી ભરતી કરી નોકરી જવાનો ભય પેદા કરવો.

ગેરહાજર રહેતા કર્મચારીઓની જગ્યા પર નવા કર્મચારીઓ ભરવા અમે રોજગાર વિનિમય કેન્દ્રો પાસેથી ઉમેદવારોની યાદી પણ મંગાવી. ગરમ અફવા બજારમાં શિક્ષાત્મક કાર્યવાહીના

અતિશિયોક્તિભર્યા અહેવાલો વેહતા થયા. જેમ કે, મોટી સંખ્યામાં નવી ભરતી, અનેક લોકોની દરપકડ ઈત્યાદિ. આવી જૂઠાણાંભરી ખબરો અને અફવાઓથી કર્મચારીઓમાં ભયની આગ વધુ ભભૂકી. થોડા દિવસોમાં જ આંદોલન ભાંગી પડ્યું. કર્મચારીઓ રગસિયાની જેમ કાર્યાલયોમાં પાછા ફરવા લાગ્યા, પરંતુ વહીવટમાંના દમનકારીઓનો પ્રતિશોધ તો લેવાવાનો જ હતો. અજંપાભરી પણ શાંતિને જાળવી રાખવા અને અનામત વિરોધીઓની ઘવાયેલી લાગણીને ટાઢક આપવા કેટલાક બલિના બકરાનો ભોગ લેવાનો જ હતો. સ્વાભાવિક રીતે નિષ્ઠુર સચિવ (પરસોનેલ) માટે નિર્ણય એવો હતો, 'એલિસ ઈન વંડરલેન્ડ'ની ઢબે "તેનું માથું વાઢી નાંખો. પરિણામ રૂપે મને સામાન્ય વહીવટ વિભાગમાં, બિનવપરાશી ઉપરના માળે, ઉકરડા જેવા પદ વિશેષ સચિવ (રોસ્ટર) પર ધકેલી દેવામાં આવી. મારી બદલીનો આદેશપત્ર મને એક વિરોધીએ હાથોહાથ આપ્યો ત્યારે ભાગ્યની દેવી મારી વિડંબના સામે હસ્યાં હશે !"

## વીજળીનું બીજીવારનું ત્રાટકવું

શું એક જ સ્થળે બીજી વખત વીજળી ત્રાટકે ? મારી નિમણૂક બીજી વખત વહીવટી વિભાગમાં સચિવ (પરસોનેલ) તરીકે થઈ ત્યારે એ મને ઉપરના કોયડા જેવું લાગ્યું. આગજની અને હિંસાની ઘટનાઓને લીધે ગુજરાત ફરીથી લાલ હતું. અનામત તરફી અને અનામત વિરોધીઓ વચ્ચેનું દંગલ તેની પરાકાષ્ઠાએ હતું. માર્ચ, ૧૯૮૫માં શ્રી માધવસિંહ સોલંકી ફરીથી મુખ્યમંત્રી તરીકે ચૂંટાયા ત્યારે ફરી ઊભા થયેલા અનામત વિરોધી આંદોલનના સ્પષ્ટ એવા બે પ્રવાહો હતા : વિદ્યાર્થી અને વાલીઓ. શૈક્ષણિક સંસ્થાઓમાં અને સરકારી તથા સરકાર સંલગ્ન નોકરીઓમાં અનામતમાં વધારવામાં આવેલા હિસ્સાનો તેઓ વિરોધ કરતા હતા. એ લોકોએ અખિલ ગુજરાત નવરચના સમિતિના અને અખિલ ગુજરાત વાલી મહામંડળની સ્થાપના કરી.

આંદોલન જોર પકડતું ગયું અને સમગ્ર રાજ્યમાં હિંસાનું વાતાવરણ સર્જાયું. માર્ચ અંત સુધીમાં તો લશ્કરને બોલાવવું પડ્યું હતું.

સામાન્યવ હીવટ વિભાગમાં, બઢતીમાં રોસ્ટર પદ્ધતિ અને તેને લગતા મુદ્દાઓ, કર્મચારીઓની સૌથી મોટી સમસ્યા હતી. (સાધવાણી સમિતિ સમક્ષ રજૂ કરાયેલા એક કિસ્સામાં એક પંચાયતી કર્મચારીને સવારના ભાગમાં રોસ્ટર-બઢતી આપવામાં આવી અને બપોરના ભાગમાં તેને તરત જ ઉપરની પાયરી પરની ખાલી જગ્યા ભરવા માટે રોસ્ટર-બઢતી આપવામાં આવી. નીચેની પાયરીએ પૂરતો અનુભવ મેળવ્યા વિના જ અનામત હિસ્સાના કર્મચારીઓને આગળ ઉપરની જગ્યાએ મૂકતાં કાર્યકુશળતા અને કાર્યક્ષમતા પર નબળી અસર પડે છે.) સામાન્ય વર્ગના કર્મચારીઓને રોસ્ટર પદ્ધતિથી બેવડો ભેદભાવ સહન કરવો પડતો હતો. પ્રથમ તો ભરતીના સમયે જ લાયકાતના માપદંડ અવગણીને અનામત ઉમેદવારને પસંદગી અપાતી અને બીજું બઢતી વખતે વરિષઅઠતાના માપદંડને ધ્યાનમાં ન લેવાતા.

સાધવાણી સમિતિ (૧૯૮૨-૮૩)ના અહેવાલમાં વેગીલી રોસ્ટર પદ્ધતિની માઠી અસરો નિવારવા માટે પગલાંઓ સૂચવવામાં આવ્યાં હતાં. પરંતુ સરકારે વ્યવહારુ (સૈદ્ધાંતિક વિચારધારા મુજબ નહીં) એવા અભિગમના ભાગરૂપે એ અહેવાલને વીંટળો વાળી બાજુ પર મૂકી દીધો.

૧૯૮૫ એપ્રિલમાં, સત્તામાં આવ્યા છ મહિનામાં જ આખા રાજ્યમાં જબરદસ્ત અંધાધૂંધીનો સામનો કરવાનું સરકારના ભાગે આવ્યું. 'ગુજરાત સમાચાર' કચેરીને આગ લગાડવામાં આવી. અન્ય સમાચારપત્રોની કચેરીઓ પર હુમલા થયા. અનિશ્ચિત મુદતની સંચારબંધી લાદવામાં આવી. લશ્કરની હાજરી છતાં હિંસાનો દોર ચાલુ રહ્યો. એક પેટ્રોલપંપ સળગાવવાની ઘટનાને પગલે પોલીસદળના કર્મચારીઓ અનામત વિરોધી આંદોલનકારીઓ સાથે સંકળાયેલા હોવાની અફવા ફેલાઈ.

દિવસેદિવસે પરિસ્થિતિ કથળતી જતી હતી તેની મારા પર એવી અસર થઈ કે, હું દાર્શનિક અસમંજસમાં સરી પડી અને બાકીની જે કાંઈ જિંદગી હોય તે કોઈ સમાજસેવામાં વાપરીશ તેવું વિચારવા લાગી. મુખ્ય સચિવને મેં મારી બાકીની રજાઓ (કદાચ જુલાઈ સુધીની) મંજૂર કરવા અને ત્યાર બાદ નોટિસ ગાળો પૂરો થાય એટલે સ્વૈચ્છિક રાજીનામું આપવાની મંજૂરી આપવા પત્ર લખ્યો. મુખ્ય સચિવ ભલા તેમજ અનુગ્રહશીલ હતા. તેમણે મને હિંમત રાખવા કહ્યું અને મારા પત્રને બાજુ પર મૂકી દીધો.

બંધને કારણે ૩૦ એપ્રિલ, ૧૯૮૫ના રોજ સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓ ઠપ્પ થઈ ગઈ. કર્મચારીઓના આંદોલન સામે કેવી રીતે કામ લેવું તે નક્કી કરવા સરકારે, મંત્રીઓ, વરિષ્ઠ આઈએએસ અધિકારીઓ અને કર્મચારી સંગઠનના નેતાઓ સહિતનું એક હંગામી વાટાઘાટ જૂથ બનાવ્યું. સામાન્ય વહીવટ વિભાગમાંથી હોવાથી હું તેમાં સંકલન સચિવ જેવી હતી.

ઘણા કલાકોની કઠિન વાટાઘાટો બાદ અનામત તરફી અને વિરોધી એવા બેઉ પક્ષના નેતાઓને, મંત્રીઓને અને બાબુઓને સ્વીકાર્ય હોય તેવી દરખાસ્ત સાંજ સુધીમાં તૈયાર કરવામાં આવી. તે રાત્રે શ્રી એચ. કે. ખાન, આઈએએસની આગેવાની હેઠળ આ દરખાસ્તને મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરવામાં આવી. મૂળભૂત રીતે આ દરખાસ્ત કેટલાક અંશે સાધવાણી સમિતિના અહેવાલના સ્વરૂપની હતી. આ દરખાસ્તને તાકીદની મંત્રીમંડળમાં મૂકવા મુખ્યમંત્રી સંમત થયા. બીજે જ દિવસે મંત્રીમંડળની બેઠક મળશે તેવી ધારણા સાથે કર્મચારી નેતાઓ વિખેરાઈ ગયા.

બે દિવસો વીતી ગયા, હવે તેઓ અધીરા અને રમખાણલક્ષી બની ગયા હતા. ત્રણ દિવસ પછી આંદોલનકારીઓનો આક્રમક મિજાજ ભભૂકી ઊઠ્યો. સચિવાલયના ૭૦ ટકા કર્મચારીઓ બહાર નીકળી ગયા. તેમના નેતાઓના જલદ ભાષણો સાંભળવા લોનમાં એકત્રિત થઈ ગયા.

પરસાળમાંથી આ દશ્ય જોતાં મને અંતઃસ્ફુરણા થઈ કે, વાઘને વશ કરવા માટે વ્યક્તિગત

રીતે પ્રયત્નો કરવા જોઈએ. મારા એક સહકર્મચારીની સાથે લોન પર વિરોધકારો તરફ ચાલતી, સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કરતી ઉશ્કેરાયેલા કર્મચારીઓની ભીડ સામે હું પહોંચી. એક હાલકડોલક મેજ પર હું ઊભી રહી. મારા આંતરિક ભયને દૂર કરવા મેં સ્વયંને યાદ કરાવ્યું કે સામે ઊભેલા લોકો હાલીમવાલી નહીં, પરંતુ મારા જેવા જ સરકારી અધિકારીઓ છે. મેં ગુજરાતીમાં ટૂંકું ભાષણ કર્યું. મેં કહ્યું કે, ‘‘મિત્રો, તમારી અધીરાઈ સમજી શકાય તેમ છે. વિલંબ થઈ રહ્યો છે તેનો અર્થ એ નથી કે મંત્રીમંડળની બેઠક નહીં બોલાવાય. મુખ્યમંત્રી સંમત થયા છે એટલે બેઠક બોલાવાશે જ. તમે સહુ સરકારી અધિકારીઓ છો તેથી સમજી શકો છો કે, અગત્યના નિર્ણયોની મંજૂરી માટે સરકારી કાર્યવાહીમાં સમય લાગે જ છે. તેથી મહેરબાની કરીને ધીરજ રાખો અને થોડી વધારે પ્રતીક્ષા કરો. વગેરે.. વગેરે.’’ મેં સંક્ષેપમાં પતાવ્યું. પરંતુ, મારી વાત સચ્ચાઈપૂર્ણ હતી, કોઈ દેખાડો કે ઢોંગ એમાં ન હતો.

ત્વરાથી હું મુખ્ય સચિવ શ્રી શિવજ્ઞાનમને મળી. મંજૂરી લીધા વિનાની મારી આ ગતિવિધિથી તેઓ નારાજ ન હતા અને મંત્રીમંડળની બેઠક તાકીદે ગોઠવાય તેવું તેમણે વ્યક્ત કર્યું.

મંત્રીમંડળની બેઠક મળી ત્યારે તેમાં દરખાસ્ત મંજૂર નહીં કરવાની અને તેને બદલે અનામત અંગે રાષ્ટ્રીય સર્વસંમત નીતિની રાહ જોવાનું નક્કી કરાયું ! અમારા વાટાઘાટાકારી જૂથની શાંતિની સમાધાનકારી ફોર્મ્યુલા ખોટી રીતે ફગાવી દેવાઈ. હું ભગ્ન થઈ. તે બેઠક પૂરી થયા બાદ મુખ્ય સચિવના કક્ષમાં ગઈ. મંત્રીમંડળના અયોગ્ય નિર્ણયને લીધે હું નૈતિક સંતાપ અનુભવી રહી હતી. સચિવ (પરસોનેલ) તરીકે ચાલુ રહેવા મારું કોઈ વજૂદ રહેતું ન હતું તે પર ભાર મૂકી મેં તેમને વિનંતી કરી કે મારા રજા અને રાજીનામાના પત્રો જે તેમની પાસે પડેલા છે તે મહેરબાની કરીને મંજૂર કરે. તે દિવસથી હું ઘરે રહી.

બંધ, લૂંટફાટ, હાથગોળાના હુમલા, બોંબધડાકા, છૂરાબાજી અને સંચારબંધીનો દોર થોડા દિવસ ચાલુ રહ્યો. ૬ જુલાઈ, ૧૯૮૫ના દિવસે શ્રી માધવસિંહ સોલંકીએ રાજીનામું આપ્યું અને શ્રી અમરસિંહ ચૌધરી મુખ્યમંત્રી બન્યા. ચાર મહિના બાદ, મધ્ય જુલાઈમાં અમદાવાદમાંથી લશ્કર પાછું ખેંચાયું.

કામ પર પાછા ફરવા બાબતે મેં રાજીનામું પાછું ખેંચવાનો નિર્ણય કર્યો. સચિવાલયમાં આવેલા નવા નશાળિયાઓને લીધે દૃશ્ય બદલાયું હતું. મારે વધુ સમય જોઈતો હતો તેથી મેં પગાર વિનાની રજાઓ મંજૂર કરવા વિનંતી કરી. છેવટે ૧ મે, ૧૯૯૬ના દિવસે નાણાં વિભાગમાં સચિવ (ખર્ચ) તરીકે હું પાછી ફરજ પર ચડી.

તાજા કલમ : આજે ૩૩ વરસ પછી, રોસ્ટર પ્રથાને લીધે ઊભી થતી ફરિયાદોના નિરાકરણ માટે ન્યાયિક જાહેરાતો અને સુધારેલી પ્રક્રિયાને લીધે એ પ્રકારની ફરિયાદો-તકલીફો ઓછી થઈ છે. ઉપરાંત શિક્ષણમાં વિકાસને કારણે વંચિત સમુદાયોને મુખ્ય ધારામાં ભળવામાં મદદ મળી છે. અનામત વિરોધી આંદોલનો હવે નહીં થવા જોઈએ એવી આશા.

## સદ્‌ભાવના કેડર :

ગુજરાત આઈએએસ કેડરની અનોખી લાક્ષણિકતા એ છે કે અહીં બહારના લોકો પ્રત્યે સદ્‌ભાવના રાખવાનો અભિગમ તેમના અંતરમાં હોય છે. ઘણા રાજ્યોમાં સ્થાનિક લોકો ખૂબ ઉદ્ધત હોય છે. પરંતુ, ગુજરાતમાં, અમારા સમયમાં ચોક્કસ આનાથી વિપરીત હતું. હું માનું છું કે, બહારના લોકોને અહીં પોતાના ઘર જેવું લાગે તેવું વાતાવરણ જાળવવું તે વિશ્વભ્રમણ કરતા ગુજરાતીઓની માનસિકતામાં દૃઢપણે વસેલું છે. વર્ષ ૧૯૬૪ના જૂન મહિનામાં નવોસવો અમારો બેચ અમદાવાદ આવ્યો ત્યારે પણ અહીંના લોકોના હેતાળપણાનો અનુભવ થયો હતો. પરંપરાગત પ્રથા પ્રમાણે અમે જ્યારે મંત્રીઓને મળવા ગયા હતા ત્યારે પરિચય આપતા સમયે મેં કહ્યું કે 'એની કુરિયન', પ્રત્યુત્તરમાં ઓછામાં ઓછા ત્રણ મંત્રીઓએ મને કહ્યું કે, "તો તો તમે અમારા ડૉ. કુરિયનના પુત્રી છો." આનાથી વિશેષ તેંત્રીસ વરસ પછી જ્યારે મહેસૂલ ખાતાનાં મુખ્ય અધિકારી તરીકેનો હવાલો સંભાળ્યો ત્યારે મારા એંશી વરસથી વધુ ઉંમરના મંત્રીએ મને કહ્યું, "તું મારી છઠ્ઠી દીકરી છે." તેમને પોતાની પાંચ પુત્રીઓ હતી. હું જ્યારે શહેરી વિકાસ ખાતામાં આવી ત્યારે ત્યાંના યુવાનમંત્રી દ્વારા મને માતાની પદવી આપવામાં આવી હતી !

મહિલા કમિશનર તરીકેની મારી કામગીરી દરમ્યાન મને એક પ્રસિદ્ધ કાર્યકર્તાઓ અને મહિલાઓના હિતો માટે કાર્ય કરનારા નારીવાદીઓ સાથે સઘન સંબંધો સ્થાપવાની તક મળી. ગુજરાતની નામાંકિત પુત્રીઓ સુશ્રી ઈલાબેન ભટ્ટ, પ્રોફેસર ઇલાબેન પાઠક અને અન્ય ખ્યાતનામ મહિલા અગ્રણીઓને મળવાની, જાણવાની તક મળી તે ખરેખર આશીર્વાદ સમાન હતું.

સમાપનમાં હું એક જૂની માન્યતાના હાર્દિક સ્વીકાર સાથે ચોક્કસ કહી શકું કે, "પાછલા જન્મમાં કરેલાં સારાં કર્મોનું ફળ એટલે ગુજરાત આઈએએસ કેડરમાં ફાળવણી."



# પ્રજા, રાજપુરુષો અને અધિકારીઓ – વિકાસમાં વહીવટનું ગતિશાસ્ત્ર

ડૉ. પી. કે. મિશ્રા

ગુજરાતનો વિકાસ સ્વાભાવિક રીતે બહુ આયામી છે. આમાં વિકાસપ્રક્રિયાની ઝડપ, ફલક અને સંભાવનાઓ નક્કી કરવા અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓના યોગદાન સહિતના અનેક પરિબળો હોય જ. મારો આ લેખ મારા ગુજરાતના અનુભવ આધારિત છે. કદાચ ગુજરાતને પ્રગતિશીલ રાજ્ય બનાવતા એક પાસાનું વિશ્લેષણ છે.

## મારી પૂર્વધારણા (હાયપૉથિસિસ)

હું એક પૂર્વધારણા સૂચવું છું – જે પણ મર્યાદિત પુરાવાઓ ઉપલબ્ધ છે ત્યાંથી શરૂઆત કરી ભાવિ સંશોધન સમજીએ. રાજ્યની સ્થાપનાની શરૂઆતના દાયકાઓમાં અને હાલના દાયકામાં પણ ગુજરાતના સામાજિક, રાજકીય વાતાવરણે રાજ્યના ઝડપી વિકાસ માટે મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ પૂર્વધારણાને આંકડાકીય માહિતીઓના આધારે મૂલવવું અઘરું છે. પરંતુ મારા કેટલાક વ્યક્તિગત અનુભવો અને કિસ્સાઓને આધારે જોઈ લેવા મારી વિનંતી છે.

આ વિશ્લેષણ માટે મેં જણાવેલો સામાજિક - રાજકીય વાતાવરણનો ભાગ ત્રણ પાસાંનો છે. પ્રજાની જાગરૂકતા અને સક્રિય યોગદાન, સ્વયંસેવી/સરકારી પ્રયાસો તથા રાજકારણીઓ અને અધિકારીઓના સંબંધો. નિઃસંદેહ, આ ઉપરાંતના બીજા અનેક કારણોએ (જેવાં કે સાહસ માટેનો ઉત્સાહ અને ઉદ્યોગ-ઉદ્યમ પર નીતિકક્ષાએ કેન્દ્રિત ધ્યાન) ગુજરાતના વિકાસ પર અસર કરી છે. ઉપરની ત્રણ બાબતોએ સંભવતઃ ગુજરાતને અન્ય રાજ્યોથી નોખું પાડ્યું છે અને તેના વેગીલા, બહુમુખી વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

ગુજરાત અને બીજા રાજ્યો વચ્ચે મોટો ફરક પ્રજાની જાગરૂકતા અને સક્રિય સહભાગિતાનો છે. દાખલા તરીકે પ્રમાણમાં ઓછા વિકસિત થરાદમાં કે કચ્છ જિલ્લામાં કે વધુ વિકસિત સુરત જિલ્લામાં બધે જ વહીવટીતંત્ર અને લોકો વચ્ચે વારંવાર આંતરક્રિયા, આદાનપ્રદાન થાય છે – આ એક મહત્ત્વની દ્વિપક્ષી, દ્વિમાર્ગી પ્રક્રિયા છે. ફક્ત ચૂંટાયેલા પ્રતિનિધિઓ જ નહીં, પરંતુ શહેરી વિસ્તારના તેમજ દૂર દૂરના અંતરિયાળ પ્રદેશના લોકો સમસ્યાઓ અને ફરિયાદોના સમાધાન માટે તાલુકા કે જિલ્લાની સરકારી કચેરીની મુલાકાત લેતા અચકાતા નથી. લોક ઘણાં અંશે જાગૃત છે અને વહીવટી પદ્ધતિ પણ તેમને આવકારે છે. દાખલા તરીકે, 'જનતા દિવસ' ગણાતો પ્રત્યેક સોમવાર સામાન્ય નાગરિકોની ફરિયાદ-મુશ્કેલીઓને

સાંભળવા માટે નક્કી કરાયો હતો. અધિકારીઓએ કચેરીના કામો કરતાં લોકોની મુલાકાતોને પ્રાથમિકતા આપવી પડતી. અન્ય દિવસોએ પણ લોકો કચેરીઓમાં આવતા અને કામકાજના કલાકો દરમ્યાન લોકોને મળવું અને વહીવટનો અગત્યનો ભાગ હતો. આને કારણે વિકાસ કાર્યક્રમોનું આયોજન અને અમલ વધારે અસરકારક અને પ્રજાભિમુખ રહેતું.

બિનસરકારી સંસ્થાઓ કે જે સ્વયંસેવી સંસ્થાઓ તરીકે વધારે ઓળખાય છે તેમણે રાજ્યની સ્થાપનાના દાયકાઓમાં ગ્રામીણ વિકાસના કાર્યોમાં અને તે ગાળામાં અવારનવારના દુષ્કાળ અને પૂર જેવા કુદરતી આપત્તિઓ વેળાએ રાહતકાર્યોમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. પાયાના મૂળભૂત સ્તરે કામ કરતા હોવાથી તેઓ સ્થાનિક વાસ્તવિકતાઓને બરાબર સમજતા. સરકાર તેમના કામને સગવડ-સહયોગ મળે તેવી સંકલન વ્યવસ્થા ગોઠવી આપતી. એ સમયની સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ દેશ, વિદેશમાં પરિષદો કે સેમિનારોમાં ભાગ લેનાર કરતાં ગ્રામીણ વિસ્તારોમાં કામ કરવા માટે વધારે જાણીતી હતી.

રાજપુરુષો અને અધિકારીઓ વચ્ચેના સંબંધ રાજ્ય, જિલ્લા, તાલુકા તેમજ ગામ પ્રત્યેક સ્તરે વહીવટ પર અસરકર્તા હોય છે. સિત્તેર અને એંશીના દશકમાં હું જ્યારે જિલ્લા અને પેટા વિભાગીય કક્ષાએ કામ કરતો હતો ત્યારે રાજકારણીઓ અને વરિષ્ઠ અધિકારીઓ પ્રજાહિત અને લોકકલ્યાણના કાર્યો માટે સમર્પિત હતા. લોકોને તેમના પ્રતિ આદર અને માન હતાં. મોટા ભાગના રાજકીય નેતાઓ નિઃસ્વાર્થ સેવા અને પ્રામાણિકતા માટે જાણીતા હતા. શક્યતઃ સ્વાતંત્ર્ય સંઘર્ષના પદચિહ્નો હજુ મોજૂદ હતા. વરિષ્ઠ અધિકારીઓ, વિશેષ કરીને ભારતીય વહીવટી સેવા (આઈએએસ)ના સનદી અધિકારીઓ પણ નિષ્ઠા અને ઈમાનદારી માટે પંકાયેલા હતા. જો કે એમાંના કેટલાંક કાર્યકુશળતા અને અસરકારકતા બાબતે બહુ વખણાતા નહીં. લોકો તેમની ક્ષમતા વિશે આશંકિત હોવા છતાં તેમની ઈમાનદારી કે નિષ્ઠા માટે તો નહીં જ.

ગુજરાતના સત્તાધીશો અને વરિષ્ઠ અધિકારીઓ અન્ય રાજ્યોની સરખામણીમાં વધારે પ્રજાભિમુખ હતા. રાજપુરુષો અને અધિકારીઓ વચ્ચે વિશ્વાસના અને આદરના સંબંધો હતા. ક્યારેક તેમની વચ્ચે મતભેદ, વિખવાદ કે ઘર્ષણનાં કિસ્સાઓ ચોક્કસ બનતા. બીજા રાજ્યોની જેમ ગુજરાતના અધિકારીઓ રાજકારણ, સત્તા કે રાજકીય નેતાઓની વગ હેઠળ ન હતા. કેટલાક અધિકારીઓ જો કે જૂજ સંખ્યામાં જે પક્ષની સત્તા હોય તેમની સાથે જોડાયેલા રહેતા. સરકાર બદલાય ત્યારે મોટાપાયે બદલીઓ થતી નહીં. સત્તાધીશોના તરંગને કારણે ભાગ્યે જ કોઈ બદલી થતી. ૧૯૯૦ પછી રાજકીય નેતાઓ અને વરિષ્ઠ અધિકારીઓ માટે પ્રજાની માન્યતાઓ બદલાઈ છે તે વિચારવાલાયક હકીકત છે.

## અનુભવો આધારિત પુરાવા

ગુજરાતનો મારો પહેલો અનુભવ હું જિલ્લાની તાલીમ માટે સુરત હતો ત્યારે થયેલો. નવનિર્માણ આંદોલનને કારણે મોટા ભાગનો સમય કાયદો અને વ્યવસ્થામાં જતો. સામાન્ય

નાગરિકો અને અગ્રણીઓ કઈ રીતે જિલ્લા વહીવટીતંત્ર સાથે આદાનપ્રદાન કરતા તેનાથી હું વાકેફ થયો. ૧૯૭૪થી ૧૯૭૮ દરમ્યાન મેં મદદનીશ કલેક્ટર તરીકે થરાદ અને પાલનપુર પેટાવિભાગમાં, જિલ્લા વિકાસ અધિકારી તરીકે કચ્છ જિલ્લામાં અને કલેક્ટર અને જિલ્લા ન્યાયાધીશ તરીકે બનાસકાંઠા જિલ્લામાં કામ કર્યું. પાંચ વરસ હું ઓરિસ્સાના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં રહ્યા બાદ ગુજરાત પાછો આવ્યો અને ૧૯૮૫ સુધી એ સમયના સૌથી મોટા ગણાતા જિલ્લા મહેસાણામાં મેં કલેક્ટર અને જિલ્લા ન્યાયાધીશ તરીકે કામ કર્યું. ઓછા વિકસિત અને વિષમ આબોહવાવાળા વિસ્તારોમાં મેં એક દાયકાથી વધારે સમય કામ કર્યું. પાયાના સ્તરે, ગામડાંથી લઈને જિલ્લા સુધીના લોકો અને લોકપ્રતિનિધિઓ સાથે કામ કરવામાં મને આનંદ આવ્યો. ગુજરાત સચિવાલયમાં મેં કૃષિ, ગ્રામીણ વિકાસ અને મહેસૂલ વિભાગમાં કામ કર્યું. બધા વિભાગોનું ધ્યાન ગામડાના લોકો ઉપર કેન્દ્રિત રહેતું.

## પેટા વિભાગ અને જિલ્લામાં કામ કરવાના અનુભવો

૧૯૭૪ના મધ્યમાં મારી કારકિર્દી મદદનીશ કલેક્ટર તરીકે બનાસકાંઠા જિલ્લાના થરાદ પેટા વિભાગથી શરૂ થઈ. એ સમયે થરાદ ગ્રામપંચાયત ધરાવતું ગામ હતું. ઓછા વરસાદને કારણે પાણીની તંગીવાળાં અને પાકિસ્તાન નજીકના રણ પાસે આવેલાં બીજાં ગામોની વસતી તો થરાદ કરતાં પણ ઓછી હતી. એ દિવસોમાં ત્યાં વીજળીનું સબ સ્ટેશન પણ નહોતું અને ક્યારેક ત્યાં દિવસો સુધી વીજળી પણ આવતી નહીં. ઘણી વખત અઠવાડિયું પણ નીકળી જતું. ભર ઉનાળામાં જ્યારે ધૂળની આંધી આવતી હોય ત્યારે પણ કચેરીઓમાં અને ઘરોમાં બારીઓ ખુલ્લી રાખવી પડતી કારણ કે વીજળી વારંવાર ચાલી જતી હોવાથી વીજળીના પંખા ચલાવી શકાતા નહીં. પીવાના પાણીનો સ્રોત ઊંડા બોરકૂવા હતા, જેમાંથી ક્ષારવાળું પાણી મળતું. બીજો કોઈ વિકલ્પ નહોતો. મારી રસોઈ બનાવતા આઝીમખાને મને માહિતી આપી હતી કે તળાવનું પાણી ગીની જીવડાંવાળું હતું. રોગ થયા પછી મહિનાઓ બાદ પગમાંથી જીવડા નીકળે તેવા ગીની જીવડાંના રોગની અસર કેટલાંક ગામોમાં લોકોને હંમેશાં થતી.

એ દુકાળનું વરસ હતું એટલે લોકો અને તેમના પ્રતિનધિઓ અધિકારીઓ સાથે વધારે ને વધારે રાહતકામો માટે કકળાટ અને દલીલ કરતા. મદદનીશ કલેક્ટર હોવાથી રાહત મંજૂર કરનારી તાલુકા સમિતિનો હું પ્રમુખ હતો. અઠવાડિક સભાઓમાં તાલુકા પંચાયતના પ્રમુખ જેવા બિનસત્તાવાર સભ્યો કલેક્ટર સાથે ઉગ્ર દલીલબાજીમાં ઊતરી જતા. કલેક્ટર જે લગભગ પચાસ વર્ષની વયની આસપાસના હતા અને ગરમ મિજાજના હોવાથી વારંવાર પિત્તો ગુમાવી દેતા. હું ત્યારે નાનો હતો અને મારી વીશીમાં હતો એટલે મારા માટે બંનેને શાંત પાડવાનું મુશ્કેલ બનતું.

ટકી રહેવાય તે માટે પગાર અને રોજગાર પૂરા પાડવા ઘણી જગ્યાએ રાહતકાર્યો શરૂ કરાયા. અંતરિયાળ સહિતના બધા વિસ્તારોમાં ઘઉં, ગોળ અને ઘીથી બનાવેલ સુખડી જેવાં ખાદ્ય પદાર્થો સહિતની રાહતસામગ્રી બિનસરકારી સંસ્થાઓ દ્વારા વહેંચવામાં આવતી.

ચાર વરસ પછી જ્યારે હું ઓરિસ્સામાં સુંદરગઢના અંતરિયાળ આદિવાસી જિલ્લામાં કામ કરતો હતો ત્યારે લોકો અને વહીવટીતંત્રના સંબંધો અને અભિગમમાં રહેલો મોટો વિરોધાભાસ મને જોવા મળ્યો. એક વખત હું ગુજરાતના તાલુકા વિકાસ કચેરી જેવા ઘટક (બ્લોક-તાલુકા) કાર્યાલયની મુલાકાતે ગયો. મુલાકાત પૂરી થયા પછી જેવો હું બહાર આવ્યો તો મેં જોયું કે થોડે દૂર પાંચ-છ માણસો ઊભા હતા. આ લોકો અહીં શા માટે ઊભા છે ? મેં મને મૂકવા આવેલા ઘટક વિકાસ અધિકારી (બીડીઓ)ને મેં પૂછ્યું. ઘટક વિકાસ અધિકારીએ જવાબ આપ્યો કે, એ લોકો કોઈ કામ માટે કાર્યાલય પર આવ્યા છે, પણ અંદર આવતાં ગભરાય છે.

વાવ અને સૂઈ ગામ જેવા રણ નજીકના વિસ્તારોમાં ઉનાળો બહુ સખત હોય છે. દુકાળ રાહત કામોનું નિરીક્ષણ કરવા જતા ત્યારે કલાકો સુધી અમારે ચાર પૈડાંવાળા વાહનમાં મુસાફરી કરવી પડતી. મારો ડ્રાઈવર રઈબખાન જાડા શણની એક કોથળીમાં પીવાનું પાણી ઠંડું રાખવા વાહનની એક બાજુ ટીંગાડી રાખતો. ઉનાળામાં જોરદાર, રેતાળ અને ગરમ સૂકા પવન વચ્ચે થતું બાષ્પીભવન પાણીને ઠંડું રાખતું. દિવસો જતા ગયા તેમ કેટલાક વિસ્તરોમાંથી પશુઓના ઘાસચારા માટેના સૂકાં ઘાસ અને ખડની તંગીની ફરિયાદ આવવા લાગી. (હું ચિંતાતુર થયો. અનુભવી અને સાવધ સિરસ્તેદાર (પેટા વિભાગના સૌથી વરિષ્ઠ અધિકારી)ના વિરોધ છતાં મારા એક હોશિયાર અવલ્લ કારકૂનનું સૂચન મેં સ્વીકાર્યું અને થરાદની બહાર ઘાસચારો લઈ જવાની મનાઈ ફરમાવી. બાજુના જિલ્લામાં આની ઊંધી અસર પડી. લાગતા વળગતા જિલ્લા કલેક્ટરે પાલનપુરના જિલ્લા કલેક્ટરને કડક પત્ર લખ્યો કે મારો આદેશ ગેરકાયદેસર હતો અને આવો આદેશ પાઠવવાની મને કોઈ સત્તા ન હતી. ઘાસચારાની તીવ્ર તંગી હતી અને ઘણા દિવસો સુધી ટેલિફોન લાઈનો ખરાબ હોવાને કારણે (જેણે આ વિસ્તારમાં બહુ સામાન્ય હતું) અગાઉથી તેમની અનુમતિ મેળવવી અસંભવ હોવાના આધારે મેં મંજૂરી આપી હતી એ હકીકત તેમને પાછળથી સમજાઈ હતી. આ મારી પ્રક્રિયાકીય ભૂલ હતી, પણ લોકોની ફરિયાદ અને દબાણના કારણે ઘાસચારાની કટોકટી નિવારી શકાઈ.

પાલનપુર પેટા વિભાગ, ખાસ કરીને ડીસા વિસ્તારમાં દર વરસે બટાકાની ખેતી માટે નદીના પટની જમીનની હરાજી થાય છે. કેટલાંય વરસોથી સ્થાપિત હિતો ધરાવતાં તત્ત્વો અસ્તિત્વમાં હતાં. થોડી કંપની અને વ્યક્તિઓ સાંઠગાંઠ કરીને એ નિશ્ચિત કરતા કે એકની એક પાર્ટીને દર વરસે એ જ જમીન ઓછા ભાડે મળે. કેટલાક લોકોએ આ વાત પર મારું ધ્યાન દોર્યું. હરીફાઈને પ્રોત્સાહન આપવા અને વધારે ઊંચી બોલી માટે મેં હરાજીના માપદંડમાં ફેરફાર કર્યો. સરકારની મહેસૂલી આવકમાં વધારો થયો. આને કારણે હોબાળો થયો અને સાંઠગાંઠ ન કરી શકતા સ્થાપિત હિતો ધરાવતા લોકોના પ્રતિનિધિઓ દ્વારા રજૂઆત કરાઈ. શિસ્ત-ભંગથી નાખુશ જિલ્લા કલેક્ટરે અને ત્યાર પછી તેમના ઉત્તરાધિકારીએ પણ મેં કરેલા આ ફેરફારને મંજૂરી આપી.

ઘણા વરસો પછી મેં જ્યારે થરાદની મુલાકાત લીધી ત્યારનો અનુભવ જુદો હતો.

વીજળી પુરવઠો નિયમિત હતો અને ઘરોમાં પીવાનું પાણી પ્રાદેશિક પાણી પુરવઠા યોજના હેઠળ પહોંચાડાતું હતું. હાલના સમયે લોકોને પીવાલાયક પાણી નર્મદા નહેરમાંથી મળે છે. ગ્રામપંચાયત, પહેલાં નગર-પંચાયત અને હવે નગરપાલિકા બની ગઈ છે. થરાદથી ડીસા નગર જતાં રસ્તામાં મેં મોટા જમીનના પટ્ટામાં વિશાળ પાયે બટાકાની ખેતી નર્મદાનહેરના પાણીના સિંચાઈ તરીકેના ઉપયોગથી થતી જોઈ. ચોક્કસપણે બટાકાની ખેતી હવે નદીપટની જમીન પૂરતી સીમિત રહી નથી. કેટલાક ખેડૂતો બાગાયત ખેતી તરફ વળ્યા છે અને પ્રક્રિયા અને પેકિંગની સુવિધા પણ ઊભી કરી છે.

બે વરસ મદદનીશ કલેક્ટર તરીકે પ્રાંત કે પેટા વિભાગમાં કામ કર્યા પછી ૧૯૭૬માં મારી નિમણૂક કચ્છ જિલ્લા વિકાસ અધિકારી તરીકે થઈ. એ દિવસોમાં વિકાસના વહીવટ માટે સ્થાનિક સરકારોના પંચાયતરાજની પદ્ધતિ દાખલ કરવામાં ગુજરાત અને મહારાષ્ટ્ર પહેલ કરનાર હતા. હકીકતે ગુજરાતમાં જિલ્લા સ્તરે અને તેનાથી નીચે લગભગ મોટાભાગની વિકાસ પ્રવૃત્તિઓ પંચાયતરાજ સંસ્થાઓને સોંપાઈ હતી. ગુજરાત મહારાષ્ટ્ર કરતાં આગળ હતું. એને માટે ગુજરાત શ્રી બળવંતરાય મહેતાનું આભારી છે. જે સમિતિએ ૧૯૫૦ના સમાજ વિકાસના કાર્યક્રમોને વધારે સારી રીતે લાગુ કરવા પંચાયતરાજ પદ્ધતિની હિમાયત કરી હતી તે ભારત સરકારની સમિતિના પ્રમુખપદે ગુજરાતના બીજા મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતા હતા. સ્થાનિક સમસ્યાઓના હાલ સ્થાનિક સ્તરે જ મેળવી શકાય અને લોકોમાં રાજકીય સભાનતા આવે તે માટે સત્તાને લોકશાહી રીતે વિકેન્દ્રિત કરવી એ એનો હેતુ હતો.

મુખ્ય કાર્યકારી અધિકારી તરીકે મારે જિલ્લા વિકાસ અધિકારી અને ચૂંટાયેલા પ્રમુખ સાથેની જિલ્લા પંચાયતનાં કામ શિક્ષણ, આરોગ્ય, કૃષિ, સિંચાઈ, ગ્રામ વિકાસ, પીવાના પાણીનો પુરવઠો, સામાજિક ન્યાય, જમીન મહેસૂલ ઈત્યાદિની બધી જ વિકાસ પ્રવૃત્તિ પર દેખરેખ રાખવાનું હતું. લોકોમાં નવી પદ્ધતિ તરફથી ઘણી અપેક્ષાઓ હતી. આઈએએસમાં કેટલીક વખત જિલ્લા વિકાસ અધિકારી કલેક્ટર કરતાં વરિષ્ઠ ગણાતા. એક વરિષ્ઠ રાજકીય નેતાએ ભાખેલું કે નજીકના ભવિષ્યમાં કોનોનિઅલ ઈન્સ્ટિટ્યૂશનના પ્રતીક એવું જિલ્લા કલેક્ટરનું સ્થાન જિલ્લા પંચાયત લઈ લેશે. જોકે, સમય જતાં દૃશ્ય બદલાઈ ગયું છે.

મદદનીશ કલેક્ટર તરીકે સોંપાયેલી કામગીરી કરતાં સંસ્થાકીય કાર્યશૈલીના એક અવિભાજ્ય અંગ તરીકે વિવિધ પ્રકારના અધિકારીઓના જૂથ સાથે કામ પાડવું. રાજકીય વ્યક્તિઓ સાથે આદાનપ્રદાન કરવું એવી કામગીરીને કારણે જિલા વિકાસ અધિકારી તરીકેની કામગીરી મને બહુ રસદાયક લાગતી અને ઘણીવાર ગદગદિત કરી દેતી. જિલ્લા પંચાયતના સભ્યો, જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના પ્રમુખો, જિલ્લા શિક્ષણ સમિતિ (જેની એક ખાસ ભૂમિકા હતી અને પ્રમાણમાં સ્વતંત્ર હતી), તાલુકા પંચાયતના પ્રમુખો અને સભ્યો, ગામના સરપંચો જેવા પદાધિકારીઓ સાથે મારે આદાનપ્રદાન કરવું પડતું. અવારનવાર સ્વયંસેવી સંસ્થાઓ, પંચાયતના પદાધિકારીઓ, નાના શહેરના અને ગામના લોકો સાથે પણ મળવાનું થતું. પંચાયતના

સભ્યો સાથે અને વચ્ચે કામ કરવું અઘરું, ડિમાન્ડિંગ, ક્યારેક અણગમતું કે સંઘર્ષવાળું પરંતુ ઉત્પાદક અને ઉપયોગી હતું. મને કેટલાક અવનવા અનુભવ પણ થયા.

જિલ્લા શિક્ષણ સમિતિના પ્રમુખપદે બિનસત્તાવાર વ્યક્તિ રહેતી અને તેને પ્રાથમિક શાળાઓની બાબતમાં સ્વતંત્રતા હતી. ઉનાળાની રજાઓ દરમ્યાન જ બદલી કરવાની સારી કાર્યનીતિ અમલમાં હતી. આ નીતિની ઊણપ એ જ હતી કે ટૂંકા સમયમાં બદલી માટેના સેંકડો પત્રો આપવા પડતા. મોટી સંખ્યામાં શિક્ષકો નાના શહેરમાં કે નજીકના વિસ્તારમાં બદલી માટે વિનંતી કરતા. મારા જોડાવાના થોડાંક અઠવાડિયામાં જ મને જાણવા મળ્યું કે અહીં મોટા પાયે ભ્રષ્ટાચાર અને લાગવગશાહી ચાલી રહ્યા છે, જેને કારણે અધિકારીઓ અને અન્યો સામે ઘણી ફરિયાદો મળી હતી. આ બાબતની મેં જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી કે. એચ. શાહ સાથે વાત કરી ત્યારે એમણે માહિતી આપી કે મોટા ભાગે અધિકારીઓ સિવાયના લોકોની સલાહ મુજબ પ્રમુખ નિર્ણય લેતા હોય છે. મેં સૂચન કર્યું કે કેટલાક વાસ્તવિક માપદંડ હોવાં જોઈએ અને દરેક કિસ્સામાં ગુણવત્તાને આધારે બદલીના નિર્ણયો થવા જોઈએ. મને લાગ્યું કે આ બાબતમાં તેઓ અસહાય હતા. એટલે મેં સમિતિના પ્રમુખ શ્રી ભીમજીભાઈ વાલજીભાઈ ચંદે સાથે ચર્ચા કરી. પોતાની સાઈઠીમાં રહેલ ભીમજીભાઈ સાલસ અને જવાબદાર વ્યક્તિ હતા. થોડું ભારપૂર્વક સમજાવ્યા પછી ભીમજીભાઈ સહમત થયા. અમે અરજીઓની ચકાસણી કરી, પ્રાથમિકતા-અગ્રતાક્રમ નક્કી કરવા ચોક્કસ માપદંડોની યાદી બનાવી. બદલી માટે વિનંતીની અરજી હજારોની સંખ્યામાં હતી. મેં સૂચન કર્યું કે આપણે અગાઉથી જાહેર કરી બે અઠવાડિયા દરમ્યાન તાલુકા મુખ્ય મથકની મુલાકાત લેવી. અગાઉથી જાહેરાત કર્યાથી અરજદારો પોતાની અરજી સાથે આવી શકે અને પોતાની રજૂઆત કરી શકે.

દરેક તાલુકા મુલાકાત વખતે મોટી સંખ્યામાં શિક્ષક ભાઈ-બહેનો પોતાની રજૂઆત કરવા આવતાં. દરેક વ્યક્તિને અમે સાંભળતા. કેટલાક ખરેખર મુશ્કેલીમાં હતા, ઘણા પોતાની સમસ્યાઓ વધારીને રજૂઆત કરતાં, કેટલાક અમને ગેરમાર્ગે દોરવાનો પણ પ્રયાસ કરતા. અનેક રસિક વાતો બહાર આવી. અમને ચકાસણી પદ્ધતિમાં સુધારો કરવા વિચારો અને અંતરદષ્ટિ મળ્યાં.

એક મુલાકાત વખતે પાંચ બહેનો ઊભી થઈ અને બદલીની પદ્ધતિની જોરશોરથી ટીકા કરવા લાગી. એમની ફરિયાદ એ હતી કે પરણેલાં યુગલોને બદલી માટેની પસંદગીમાં અપરિણિત બહેનો કરતાં પ્રાથમિકતા અપાતી, જે અયોગ્ય અને ગેરવ્યાજબી હતું. કારણ કે એ કુંવારી બહેનોએ કઠિન પરિસ્થિતિઓમાં પોતાના પરિવારોને સહારો આપવા કમાવું પડતું હતું. બે હિંમતવાન બહેનોએ તો ઘણા લોકોની હાજરીમાં કહી પણ દીધું કે ત્યાં ઉપસ્થિત અપરણિત પુરુષોમાંથી કોઈકે આગળ આવી તેમની સાથે લગ્ન કરવાં જોઈએ ! અમે સ્તબ્ધ થઈ ગયા. ભીમજીભાઈએ મારી સામે જોયું. હું ત્યારે અપરણિત હતો. મને ખૂબ ક્ષોભ થયો. અચાનક સામાન્ય રીતે ગુસ્સે ન થતાં ભીમજીભાઈનો પિત્તો ગયો અને તેમણે એ બહેનોના

મજાકીયા દુઃસાહસને કારણે સભામાંથી બહાર નીકળી જવા કહ્યું. પાછળથી અમને એમની ફરિયાદ સાચી જણાઈ. અમે માપદંડમાં સુધારો કર્યો જેમના ઉપર પરિવારો આધારિત હતા એવી અપરિણિત બહેનોને પસંદગીમાં પ્રાથમિકતા આપવાનું નક્કી કર્યું.

અંતે જ્યારે અંતિમ યાદી બહાર પડી ત્યારે યોગ્યતા અને વાસ્તવિકતા માટે ખૂબ બિરદાવાઈ. પોતાના સંપર્ક વડે જે કેટલાક લોકો કામ કરાવતા હતા તેવા અને જે આ વખતે ફાવી ન શક્યા તેવા લોકોએ આંદોલન શરૂ કર્યું. આમ તો મોટા ભાગના શિક્ષકો સંતુષ્ટ હતા, પણ પેલી વાચાળ અને રાજકીય વગ ધરાવતી લઘુમતીએ બધા જ સ્તરે દબાણ ઊભું કરી મહિનાઓ સુધી અરાજકતા ફેલાવી. આ આખી પ્રક્રિયા દરમિયાન શ્રી ભીમજીભાઈએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. એમના સહકાર વિના પ્રક્રિયામાં પરિવર્તન લાવવું મુશ્કેલ હતું. થોડા મહિના પછી મારી બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર અને જિલ્લા ન્યાયાધીશ તરીકે નિમણૂક થવાથી મેં જ્યારે કચ્છ છોડ્યું તેના થોડા દિવસો પછી અમદાવાદના ૨૨ મે, ૧૯૭૮ના સંદેશ અખબારે લખ્યું :

“જિલ્લા પંચાયત અને તેની શિક્ષણ સમિતિના સમગ્ર અસ્તિત્વમાં લાંચરુશ્વત, ભ્રષ્ટાચાર અને લાગવગથી મુક્ત એવી પ્રાથમિક શિક્ષકોની બદલીઓ થાય તે આ જિલ્લામાં શિક્ષણ સમિતિના વ્યાપક રીતે ભ્રષ્ટાચારી તંત્રમાં અશક્ય તથા અસંભવ મનાતું હતું તે શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ભીમજીભાઈ ઠક્કરના સહકારથી શ્રી મિશ્રાએ શક્ય કરી બતાવ્યું. સખત ઉહાપોહ થયો હતો. પરંતુ ૧૦ બોલકા અને ચળવળખોર શખ્સોને અવગણીને ૯૦ શાંતિપ્રિય કર્મચારીઓને ન્યાય આપવાની નીતિ અને વૃત્તિને વરેલા શ્રી મિશ્રા પોતાના નિર્ણયને વળગી રહ્યા અને તેમની કડક વહીવટદાર તરીકેને છાપને સુદૃઢ બનાવી.”

કચ્છ જિલ્લાના પંચાયતના પ્રમુખ શ્રી જેઠમલભાઈ વી. મડિયાર સાથેનો મારો અનુભવ કંઈક જુદો હતો. સાથે કામ કરવા માટે એમની છાપ અઘરા માણસની હતી. તેઓ ગુજરાતી બહુ સારી રીતે બોલી શકતા નહીં. હકીકતમાં એ સભામાં આવતા ત્યારે પ્રેક્ષકોમાંથી કેટલાક લોકો ઊભા થઈને કચ્છીમાં બોલવાનું કહેતા. તેઓહસતા અને પ્રેક્ષકોને ખુશ કરતા. જિલ્લા પંચાયતના પ્રમુખ અને જિલ્લા વિકાસ અધિકારી માટે બાજુબાજુના બે બંગલા ફાળવાયા હતા. ૧૯૬૦માં મારા જોડાવાના થોડાંક દિવસ પછી બપોરે એક માણસ મારા ઘરે આવ્યો અને મને જણાવ્યું કે પ્રમુખશ્રી તમારી સાથે કોઈક બાબતમાં ચર્ચા કરવા માંગે છે. જવું કે ન જવું એની વિમાસણમાં હું હતો. મેં એ માણસને કહ્યું કે અત્યારે હું વ્યસ્ત છું એટલે હું કાલે એમને મળી લઈશ. આને લીધે તેમની લાગણી ઘવાઈ અને ત્યાર બાદ વહીવટી બાબતો અંગે તેમની સાથે થયેલા આવા મતભેદોને પરિણામે અમારી વચ્ચેના કામકાજના સંબંધો તણાવભર્યા રહ્યા હતા.

૧૯૬૧ના પંચાયત કાયદાની રૂએ અધિકારીની બદલી સંદર્ભે જિલ્લા વિકાસ અધિકારીની સત્તા વિષેનું અર્થઘટન વિવાદાસ્પદ બન્યું હતું. શ્રી જેઠમલભાઈનો આગ્રહ હતો કે અધિકારીઓની નિમણૂક અને બદલી પહેલાં તેમની પૂર્વમંજૂરી લેવી. હું તેમની સાથે સંમત ન થતાં તેમણે આ બાબતને જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં કાર્યવાહીની યાદીમાં ઠરાવ તરીકે સામેલ

કરી. મેં સભાને મારો દૃષ્ટિકોણ સમજાવ્યો અને સભાએ ઠરાવને મંજૂરી ન આપી. ત્યાર પછીની સભામાં હું હાજર નહોતો ત્યારે ઠરાવ મંજૂર કરાયો. મેં જિલ્લા પંચાયતના ઠરાવનો અમલ ન કર્યો. કાનૂની જોગવાઈઓના વ્યાપક વિશ્લેષણ સાથેનો એક વિસ્તારપૂર્વકનો સંદર્ભ મેં સરકારના સક્ષમ અધિકારીને મોકલ્યો અને એમણે મારો દૃષ્ટિકોણ માન્ય રાખ્યો. વચ્ચેના મહિનાઓમાં મેં ઠરાવનો અમલ ન કર્યો તેથી તેમની સાથેની કડવાશમાં વધારો થયો હતો. પછીના વરસોમાં કદાચ રાજકીય પરિવર્તન અને અદાલતોની દખલગીરીને કારણે તેમનો અભિગમ બદલાયો.

આના સંદર્ભે ૨૨ મે, ૧૯૭૮ના સંદેશ અખબારમાં છપાયેલા સમાચાર :

''જિલ્લા પંચાયતમાં ડીડીઓની કેટલીક સત્તાઓ પ્રમુખને આપવાના પ્રયત્નો સામે બીજા સીનિયર આઈએએસ અધિકારીઓ રાજકીય દબાણો તળે ઝૂકી ગયા, ત્યારે આ (મિશ્રા) ચોફેરના દબાણ સામે કાયદા અનુસાર પરિસ્થિતિને વળગી રહ્યા અને છેવટે કાયદામાં જે છે તે પરિસ્થિતિ પુનઃ સ્થાપવી પડી. તે સમગ્ર પ્રકરણ જ્યારે ગુજરાત પંચાયત રાજ્યનો ઇતિહાસ લખાશે ત્યારે તેમાં મહત્ત્વનું પ્રકરણ બની રહેશે.''

કામકાજ બાબતે અમારા વચ્ચે મતભેદો હોવા છતાં મારી અને જેઠમલભાઈ વચ્ચે સારો સંપર્ક જળવાઈ રહેલો. અમારા સંબંધ સ્નેહાળ હતા. મારા પિતાશ્રી અંતિમ શ્વાસ લેતા પહેલાં થોડાક અઠવાડિયા અમદાવાદની કેન્સર હૉસ્પિટલમાં હતા, એક મહિનાથી હું તેમની સાથે હતો ત્યારે જેઠમલભાઈએ મારા પિતાશ્રીની તબિયતના સમાચાર પૂછવા ભુજથી અમદાવાદ ખાસ ધક્કો ખાધો હતો. એમના શબ્દો, ''બહુ ઓછા લોકો કઠિન સમયમાં પોતાના માતાપિતાની કાળજી લેવા મળે એટલા નસીબદાર હોય છે'' મને હજી પણ યાદ છે.

ગુજરાત રાજ્યના પંચાયત મંત્રી શ્રી નટવરસિંહ મકવાણા, જેમને હું પહેલાં કદી મળ્યો નહોતો, તેમણે ત્રણ દિવસની કચ્છની મુલાકાત દરમ્યાન ગામડાના લોકોની કેટલીક સભાઓને સંબોધી અને ફરિયાદો સાંભળી. એમની ભચાઉ ખાતેની છેલ્લી જાહેર સભામાં પોતાના ભાષણના અંતમાં મારા આશ્ચર્ય વચ્ચે મારા કામને વખાણ્યું. ઉપરાંત તેમણે એવું પણ કહ્યું કે તેઓ જ્યાં જ્યાં જાય છે, લોકો પાસેથી એમને મારા માટે સારી વાતો સાંભળવા મળે છે. મારી સાથે વહીવટી બાબતોમાં જેમને મતભેદો હતા એવી જિલ્લા પંચાયતો અને કેટલાક તાલુકા પંચાયતના પ્રમુખોનો આ જવાબ હતો.

એ દિવસોમાં શ્રી કુન્દનલાલ ધોળકિયા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ હતા. પોતે ભુજના હતા અને લગભગ દર પખવાડિયે ભુજ આવતા. સામાન્ય રીતે તેઓ ગામડામાં જતા અને સ્થાનિક લોકો સાથે લાગતાવળગતા અધિકારીઓની હાજરીમાં વિકાસ યોજનાઓમાં થયેલ પ્રગતિની સમીક્ષા કરવાનો આગ્રહ રાખતા. હું લગભગ એમની સાથે જ રહેતો. તેઓ સારા એવા જાણકાર, ચોક્કસ અને લોકકલ્યાણ પ્રત્યે સમર્પિત હતા. ઘણી વખત એમને એવું લાગતું કે રાજ્યના રાજકીય પદાનુક્રમમાં

એમના ઉચ્ચ હોદ્દા વિશે લોકો અજાણ હતા. કારણ કે તેઓ સ્થાનિક હતા. ઘણી સભાઓમાં એ પહેલાં કહેતા કે પોતે ગાંધીનગરથી આવ્યા છે અને બંધારણના ત્રણ સર્વોચ્ચ પદ – રાજ્યપાલ, વિધાનસભા અધ્યક્ષ અને ઉચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ તરીકેનાં કાર્યો એમણે કર્યા છે.

આદાનપ્રદાન-વાતચીત બાબતે શ્રી ધોળકિયા બહુ મજાના માણસ હતા. એક વખત એમણે મને કહ્યું કે જ્યારે તેઓ ભુજની મુલાકાત લે ત્યારે કલેક્ટર અને પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ તેમના નિવાસે તેમનું સ્વાગત કરે છે. મેં નિખાલસપણે જવાબ આપ્યો કે મને આવી ખબર નહોતી અને હવે પછી આગલી વખતે હું તેમની સાથે જોડાઈશ. થોડાક દિવસ પછી તેઓ આવ્યા ત્યારે મેં એવું કર્યું. એ રોમાંચિત થયા. એમણે મને વિધાનસભાનું સત્ર ચાલુ હોય ત્યારે ગૃહની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું. મુલાકાતી પાસની પણ એમણે મારા માટે વ્યવસ્થા કરી. ગૃહમાં એમને અધ્યક્ષ તરીકે કામ કરતા જોઈને મને ઘણી ખુશી થઈ.

આ રીતે મારી કારકિર્દીના શરૂઆતના દિવસોમાં કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્તરે લોકશાહી માળખામાં ગતિશીલ વિકાસ વહીવટનો સાચો અનુભવ થયો. લગભગ બે દાયકાથી વધારે સમય પછી ભૂકંપ પછી કચ્છની કઠિન યાત્રા સાથે ફરીવાર સંકળાવાની મને તક મળી.

આંતરરાજ્ય ડેપ્યુટેશન હેઠળ મારે ઓરિસ્સા જવાનું થયું તે પહેલાં હું જિલ્લા કલેક્ટર તરીકે સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે હતો. મારા માટે એ પરિચિત જગ્યા હતી. તે સમયે શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી હતા. શ્રી બાબુભાઈ જશભાઈ પટેલના મુખ્યમંત્રી તરીકેના પહેલા સમયગાળા દરમિયાન હું પાલનપુરમાં મદદનીશ કલેક્ટર હતો. શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ બહુ સાદા, નિરાંડબર અને કરકસરિયા વ્યક્તિ હતા. એક સાદી થેલી સાથે તેઓ યાત્રા કરતા. થેલી પોતે જ ઉપાડતા. જિલ્લાની મુલાકાતે તેઓ જ્યારે આવતા ત્યારે ઘણા બધા અધિકારીઓ એમને મળવા આવે એવી અપેક્ષા નહોતા રાખતા સિવાય કે સત્તાવાર કામ હોય.

પ્રથા એવી હતી કે કલેક્ટર અને પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ માત્ર મુખ્યમંત્રીનું સ્વાગત કરતા. બીજા કોઈ મંત્રીનું નહીં. મારા જોડાવવાના થોડા દિવસ બાદ મૂળ પાલનપુરના એવા પ્રધાનમંડળના એક મંત્રીએ મને સંદેશો મોકલ્યો કે તેઓ આવતી કાલે સર્કિટ હાઉસમાં મને મળવા માંગે છે. ચર્ચાનો વિષય શું હોઈ શકે એ બાબતે મેં એમના કાર્યાલયમાં પૂછપરછ કરી પણ કંઈ જવાબ નહોતો મળ્યો. મને પહેલેથી સંદેશો મળી ગયો હતો કે મંત્રીશ્રી કલેક્ટર કચેરીમાં આવશે. હું સર્કિટ હાઉસ નહોતો ગયો. મારા નિવાસી નાયબ કલેક્ટરને મેં સર્કિટ હાઉસ મોકલ્યા, જે મંત્રીશ્રીને મારા કક્ષમાં લઈ આવ્યા. સામાન્ય અભિવાદન બાદ હું ઊભો થયો અને મારા કાર્યાલયના મેજની ડાબી બાજુની ખુરશી તેમને બેસવા આપી. ત્યારે એ જ પ્રથા હતી કારણ કે કાર્યાલયમાં સોફાસેટ નહોતા. અમારી વચ્ચે સારી ચર્ચા થઈ. તેમને વળાવવા હું તેમની કાર સુધી ગયો. પાછળથી મારા નિવાસી નાયબ કલેક્ટરે અસહમતિ દર્શાવતા કહ્યું કે મારે એમને મારી ખુરશી પર બેસવા કહેવું જોઈતું હતું. મેં એમને યાદ અપાવ્યું કે જ્યારે હું

પેટાવિભાગ કે તાલુકાના કાર્યાલયમાં જતો ત્યારે અધિકારીઓના આગ્રહ છતાં પણ હું એમની ખુરશી પર બેસતો નહીં. સદ્ભાગ્યે મારી સર્કિટહાઉસની મુલાકાત ન લેવા સામે મંત્રીશ્રીએ વાંધો ન લીધો. અમારી વચ્ચેના સારા સંબંધો કાયમ જળવાઈ રહ્યા.

હું ઓરિસ્સાથી ગુજરાત પાછો આવ્યો ત્યારે મને મહેસાણાના કલેક્ટર તરીકે નિમણૂક આપવામાં આવી. એ સમયે મહેસાણા સૌથી મોટો જિલ્લો હતો. એમાં બે પોલીસ વિભાગ, મહેસાણા અને પાટણનો સમાવેશ થતો હતો. હું જોડાયો એના થોડા જ દિવસ પછી સિદ્ધપુરમાં કોમી રમખાણો ફાટી નીકળ્યા અને છ મહિના ચાલુ રહ્યા. હિંસક બનાવો બનતા અને થોડા દિવસ શાંતિ રહેતી અને વળી પાછા ફરી છરી હુલાવવા અને ઘરો સળગાવવા જેવા બનાવો બનતા. હું કલેક્ટર કચેરી કરતાં સિદ્ધપુર અને પોલીસ થાણાથી વધારે પરિચિત થયો. હજારો માણસની મેદની એકત્ર થતી હતી તેવા સિદ્ધપુરના વાર્ષિક મેળા પહેલાં પાટણ એસ.પી.એ મને લખ્યું કે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને અનુલક્ષીને મેળાની પરવાનગી ન આપવી. મેં આનો અહેવાલ સરકારને મોકલી આપ્યો. ત્યારના ગૃહસચિવ શ્રી આર. વી. ચંદ્રમૌલિએ ગાંધીનગરથી મને સંપર્ક કર્યો અને નારાજગી વ્યક્ત કરતાં કહ્યું કે, આપણી અક્ષમતાને કારણે લોકોને તેમના ભેળા મળી પરંપરા નિભાવવાના મૂળભૂત હક્કથી વંચિત ન રાખવા જોઈએ. મેળો સફળતાથી અને શાંતિપૂર્ણ રીતે પૂરો થયો. જોકે, તેઓ એની કાયમી જગ્યાને બદલે એને નજીકની વૈકલ્પિક જગ્યા પર ગોઠવવામાં આવ્યો હતો.

શાંતિ સ્થપાયાના થોડા દિવસ પછી અચાનક જ સિદ્ધપુરના કેટલાક રહીશોએ પાડોશી દેશમાં ચાલ્યા જવાની ધમકી આપી. એક ચોક્કસ દિવસે નગરના મધ્ય ભાગમાં ભીડ જમા થવા લાગી. અમે નજીકના સ્થળેથી આતુરતાપૂર્ણ નિયંત્રણ કરી રહ્યા હતા અને બપોર સુધીમાં તો હજારો માણસો ભેગા થઈ ગયાં. પરિસ્થિતિ સ્ફોટક અને રમખાણો થઈ જાય અને પોલીસ કાર્યવાહી કરવી પડે એવી હતી. આંદોલનના નેતાઓએ માગણી મૂકી કે એસપીએ અને મારે ત્યાં જવું અને સંબોધન કરવું. અમને લાગ્યું કે આવી માગણી બિનજરૂરી અને ગેરવ્યાજબી હતી. સ્થાનિક રાજકીય નેતાઓ ખૂબ મદદરૂપ બન્યા અને સંદેશ વ્યવહારનો રસ્તો ખુલ્લો રખાવ્યો. એમણે ખાતરી આપી પછી મેં અને એસપીએ ભીડની નજીક જવાનું અને કામચલાઉ મંચ પરથી થોડા શબ્દો કહેવાનું જોખમ ખેડ્યું અને થોડી જ વારમાં એ જગ્યાએથી નીકળી ગયા. સદ્નસીબે ધીમેધીમે ભીડ વિખરાવા માંડી. લોકો અને રાજકારણીઓને કારણે કટોકટી નિવારી શકાઈ.

કેટલાક મહિના પછી જિલ્લાના બીજા તાલુકાઓમાં કોમી રમખાણો થયાં. એક ચોક્કસ દિવસે સાતમાંથી છ તાલુકામાં હિંસક ઘટનાના સમાચાર આવ્યા. રમખાણો અમુક દિવસો સુધી ચાલુ રહ્યાં એટલે ઘણા લોકોને રાષ્ટ્રીય સુરક્ષાધારા ૧૯૯૦ હેઠળ અટકાયતમાં રખાયા. જિલ્લા પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ તરફથી દરખાસ્ત કરાઈ કે વિધાનસભ્યને અટકાયતમાં લેવા. ચકાસણી કરતાં મને લાગ્યું કે અટકાયત માટે યોગ્ય કારણ છે. હું વિમાસણમાં હતો કે આ પગલાંના

રાજકીય પ્રત્યાઘાત ન પડે. કલેક્ટર કચેરીના કેટલાક વરિષ્ઠ અધિકારીઓએ સાવધાનીથી વર્તવાની સલાહ આપી. બે-ત્રણ દિવસ હું કેવાં પગલાં લેવાં એનો નિર્ણય ન લઈ શક્યો. છેવટે મેં કેસની હકીકત અને મારા અંતરઆત્માને વળગી રહેવાનું અને ઝંપલાવવાનું નક્કી કર્યું. મેં દરખાસ્તને મંજુરી આપી જેને કારણે ત્યારે વિધાનસભા સત્ર ચાલુ હતું તેમાં મોટો ઉહાપોહ થયો. કોઈ જ રાજકીય હેતુ નહોતો છતાં વિરોધ પક્ષે રાજકીય હેતુનો આરોપ મૂક્યો. ગૃહમંત્રીએ જવાબ આપ્યો કે તેમણે જિલ્લા ન્યાયાધીશને કોઈ સૂચના આપી નથી. વિરોધ પક્ષના એ સભ્યએ પલટવાર કરતાં કહ્યું કે ગૃહમંત્રી સૂચના નથી આપતા કેવળ સંકેત જ આપે છે.

વિધાનસભ્ય એક મહિના કરતાં વધારે સમય અટકાયતમાં રહ્યા. વરસ પછી તેઓ સંસદમાં ચૂંટાયા. ચૂંટણી અધિકારી તરીકે એમના ચૂંટાયાના પ્રમાણપત્ર પર મેં સહી કરી અને એમને અભિનંદન આપ્યા. ત્રણ વરસ બાદ મારી માતાના અવસાનના થોડાક મહિના પહેલાં જ્યારે હું મારી માતા સાથે મથુરા અને હરદ્વાર જઈ રહ્યો હતો ત્યારે તે સંસદસભ્ય ગાડીના મારા જ ડબ્બામાં હતા. તેમણે મને જોયો. અમારી વચ્ચે ઘણા વિષયો પર વાતચીત થઈ. મારી માતાને લાગ્યું કે એ કોઈ જૂના મિત્ર હશે. સંસદ સભ્યે જ્યારે જ્યારે મહેસાણાના દિવસોની વાત કરી, મારી માતા છક્ક થઈ ગયાં.

એક દાયકા પછી હું જ્યારે ગુજરાત વિદ્યુત નિગમમાં (નાણાકીય) સભ્ય હતો ત્યારે મારી સાથે મહેસાણામાં મદદનીશ કલેક્ટર તરીકે કામ કરતા શ્રી હરિભાઈ પટેલે મને જાણ કરી કે તાજેતરમાં મુખ્યમંત્રી થયેલા શ્રી કેશુભાઈ પટેલ આવતી કાલે મને મળવા માગે છે. હું કેશુભાઈને મળવાની રાહ જોતો હતો તે દરમ્યાન એક સંસદસભ્ય મળ્યા, જેઓને મારી પહેલાં કેશુભાઈએ અંદર બોલાવ્યા હતા. પાછળથી શ્રી હરિભાઈએ મને જણાવ્યું કે તે સંસદસભ્ય જ્યારે કેશુભાઈને મળ્યા ત્યારે કેશુભાઈને એમણે મારા વિશે ઊંચો અભિપ્રાય આપ્યો હતો.

બીજા જિલ્લાની સરખામણીમાં મહેસાણાના લોકો વધુ શિક્ષિત, પ્રગતિશીલ અને કૃતનિશ્ચયી એવા લાગ્યા. સંસદસભ્યો, ધારાસભ્યો અને બીજા લોકો પોતાના પ્રશ્નો સાથે સરકારી કચેરીમાં આવતા અને કલાકો સુધી દલીલ કરતા. જો એમને સંતોષ ન થાય તો તરત જ પાટનગર ગાંધીનગર જતા જે બહુ દૂર નહોતું. જિલ્લા પ્રમુખ શ્રી આત્મારામભાઈ પટેલ રાજ્યના સત્તાધારી પક્ષના નહોતા અને એટલે તેમને અને જિલ્લા પંચાયતના સભ્યો જે બીજા પક્ષના હતા તેમની વચ્ચે કાયમ અથડામણ થતી. બંને પક્ષો આક્રમક હતા. પ્રમુખની ધારણા એવી હતી કે જિલ્લા વિકાસ અધિકારી પ્રમુખના વિરોધીઓ સાથે હતા. જિલ્લા સ્તરની સભામાં પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી અને બીજા વચ્ચે વારંવાર ઝઘડા થતા. હું આ બધા જૂથોથી સલામત અંતર રાખતો અને તણાવ દૂર કરવાના શ્રેષ્ઠ પ્રયત્નો કરતો, પણ તે મોટે ભાગે અસફળ રહેતા.

એક વખત શહેરના મધ્ય વિસ્તારમાંથી પસાર થતા, કલેક્ટર કચેરી તરફ જતા રસ્તાની ખૂબ જ નજીક શોપિંગ સંકુલ બાંધવાની મહેસાણા નગરપાલિકાએ મંજૂરી આપી હતી.

નાગરિકોએ જ્યારે આ બાબતે મારું ધ્યાન દોર્યું. મેં નગરપાલિકાના પ્રમુખને સલાહ આપી કે કાં તો આ બાબતમાં આગળ ન વધે અથવા રસ્તાથી સલામત અંતર રાખે. મારી સલાહને અવગણીને કામ શરૂ કરી દેવાયું. મેં એક અસાધારણ પગલું લઈને ગુનાહિત ધારાની કલમ ૧૪૪ હેઠળ બાંધકામની મનાઈ ફરમાવી. એક દિવસ સહસા મારા કાર્યકાળમાં પહેલી વાર મને મુખ્યમંત્રીનો ફોન આવ્યો. તેઓ નારાજ હતા અને કહેવા લાગ્યા કે વિકાસના કામો અવરોધાઈ રહ્યા છે. હું મારી સ્થિત સમજાવતો હતો ત્યાં એમણે ફોન કાપી નાખ્યો. હું વિચલિત હતો છતાં મેં મારો મનાઈ હુકમ પાછો ન ખેંચ્યો. નગરપાલિકાના પ્રમુખે પોતાની ઝુંબેશ ચાલુ રાખી અને હું હાજર હતો એવી એક જાહેરસભામાં મને અપમાનિત કર્યો. થોડાક મહિના પછી મારી બદલી સચિવાલયમાં કૃષિ વિભાગના સંયુક્ત સચિવ તરીકે થઈ. નગરપાલિકાએ શોપિંગ સંકુલનું કામ આગળ વધાર્યું. વાહનોનો ભરાવો અને ટ્રાફિક જામને કારણે લોકોને ઘણી હાડમારી વેઠવી પડી. વરસો સુધી લોકોમાં પ્રમુખના ગેરવ્યાજબી અભિગમની ચર્ચા ચાલતી રહી.

આજે જ્યારે ગુજરાતના ત્રણ જિલ્લાના મારા દિવસોને યાદ કરું છું ત્યારે ગમગીની તથા સંશય સાથે ગુજરાતના વિકાસને સમજવાની અંતરદૃષ્ટિ મળ્યાની લાગણી થાય છે. આ સંસ્મરણો લોકો અને જગ્યા સાથેના લગાવના છે જ્યાં મેં મારા શરૂઆતના વરસો પસાર કર્યા છે. થરાદ, જ્યાં દિવસો સુધી વીજળી કે ટેલિફોન નહોતા મળતા ત્યાં પણ હું વંચિત હતો એવું મને લાગ્યું ન હતું. અત્યારે હું જ્યારે એ દિવસોને યાદ કરું છું ત્યારે માનવામાં ન આવે તેવી લાગણી થાય છે. હું કેટલાક રાજપુરુષોને જે જવાબ આપતો એ પરિપ્રેક્ષ્યમાં આવું હશે. હું કદાચ વાજબી નહોતો. અને બહુ જ મહત્ત્વનું એ છે કે મારા લેખના હાર્દના સંદર્ભમાં પાછળ તરફ જોઈને વિશ્લેષણ કરતાં અને યાદ કરતાં અનુભવાય છે કે તે દિવસોના બનાવો અને અનુભવોને આધારે આજે જિલ્લા અને પેટાજિલ્લા સ્તરે ગતિશીલ વહીવટી વિકાસ અને જિંદગીની વાસ્તવિક પરિસ્થિતિમાં લોકો, રાજકારણીઓ અને અધિકારીઓ આંતરિક સંબંધો વિષે વધારે સમજણ અને અંતરદૃષ્ટિ મળી છે. આ લેખની શરૂઆતમાં કહ્યા મુજબ પૂર્વધારણાના સંદર્ભમાં કોઈ તારણો પર આવું તે પહેલાં હું પાછલા વરસના મારા અનુભવો જણાવી દઉં.

## રાજ્યસ્તરના અનુભવો

સચિવાલયમાં મેં કૃષિ વિભાગમાં સંયુક્ત સચિવ તરીકે ત્રણ વરસથી વધારે સમય કામ કર્યું. એ વખતે મને સહેજે પણ ખ્યાલ નહોતો કે કૃષિનીતિનો વિષય વરસો સુધી આટલો ધ્યાનાકર્ષક રહેશે. મેં પહેલાં કૃષિસચિવ, ગુજરાત તરીકે અને ત્યાર પછી કૃષિસચિવ, ભારત સરકાર તરીકે કામ કર્યું. પાકવિમાની ધારણા અને વિશ્લેષણમાં મારો રસ હું જ્યારથી સંયુક્ત સચિવ હતો ત્યારથી છે. ઘણા વરસોના પ્રયોગો અને પાઈલોટ યોજના બાદ ૧૯૮૫માં ભારત સરકારે રાષ્ટ્રવ્યાપી સુગ્રથિત પાક વિમા યોજના દાખલ કરી. સંયુક્ત સચિવ હોવાથી ગુજરાતમાં યોજનાના અમલને લગતા કેટલાક મુદ્દાઓ ઉપર મારે ધ્યાન આપવાનું હતું. ગુજરાતના ખેડૂતો

અને સહકારી બેન્કો યોજનાની ક્ષમતાને ઝડપથી ઓળખીને એનો વધારેમાં વધારે લાભ લેવામાં દેશના બીજા ભાગો કરતાં આગળ હતા. શરૂઆતના વરસોમાં મહત્તમ દાવા ગુજરાત, ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી આવ્યા હતા. જોકે, ઘણા વાંધા અને વિવાદ પણ ઊભા થયા હતા. વિકાસની પહેલને સ્વીકારવી, અપનાવવી અને ઉપયોગ કરવો એ ગુજરાતના લોકોની જાગૃતિ અને સક્રિયતાનો દાખલો છે. થોડા સમય બાદ કપાસમાં સંકર અને સુધારેલા જનિનવાળી વિવિધ જાતો ખેડૂતોએ અપનાવી જેને કારણે ઊંચો કૃષિ વિકાસદર પ્રાપ્ત થઈ શક્યો હોત.

મારા પીએચ.ડી.ના સંશોધન પુસ્તક ‘ખેતીના જોખમ, વિમો અને આવક’માં અને એવબરી એલ્ડરશોટ (યુકે ૧૯૯૬)ના સુગ્રથિત ‘પાક વિમા યોજના-રચના અને અસર—એક અભ્યાસ’ના આધારે કેટલાક મુદ્દાઓનું મેં દસ્તાવેજીકરણ કર્યું છે.

યુનાઈટેડ કિંગડ્મમાં મારો પીએચ.ડી.નો અભ્યાસ પૂરો થાય બાદ હું જ્યારે ગુજરાત વિદ્યુત નિગમમાં (નાણાં) સદસ્ય હતો ત્યારે વિદ્યુત ખરીદી કરારની વાટાઘાટો (પીપીએ) એક મહત્ત્વનો મુદ્દો હતો. દેશને માટે એ નવો અભિગમ હતો. કોઈ પણ વિદ્યુત નિગમ પાસે અનુભવ કે નિપુણતા નહોતાં. બે વિદ્યુત ખરીદી કરારની વાટાઘાટો બે સુસ્થાપિત કંપનીઓ સાથે કરવાની હતી. મુખ્ય ઇજનેર ઉપરાંત મારી સાથે બે મહેનતુ, સમર્પિત અને સક્ષમ સહાયક અધિકારીઓ હતા. એક અધિક્ષક ઈજનેર અને બીજા નાયબ ઈજનેર, વાટાઘાટ માટે કંપની તરફથી મોટું કદ ધરાવતા અને જટિલ દસ્તાવેજો સાથે સુટબૂટમાં સજ્જ એવા કાનૂની નિષ્ણાતો અને દેશ-વિદેશના સલાહકારોની બનેલી જોરદાર ટીમ મોકલાઈ હતી. અમે દરેકે દરેક વાક્યો ઉપર દિવસો સુધી અને ક્યારેક દિવસમાં કલાકો સુધી ચર્ચા કરતા.

એક એગ્રિમેન્ટ ઉપર છ મહિના સુધી અસહમતી ચાલુ રહેતાં વચગાળામાં ડેવલપર કંપનીએ સરકારને વારંવાર ફરિયાદ કરી કે વિલંબ અમારા કારણે થયો હતો અને અમને રાજ્યના વિકાસમાં રસ નથી. ગુજરાત વિદ્યુત નિગમના પ્રમુખ શ્રી એસ. જે. કોએલ્હો ઉપર જબરજસ્ત દબાણ હતું. તેઓશ્રી એક વિશિષ્ટ સનદી અધિકારી હતા અને ૧૯૬૫ના ભારત પાકિસ્તાન યુદ્ધ વખતે કચ્છ જિલ્લાના કલેક્ટર હતા ત્યારે ઉત્તમ સેવા માટે તેમને પદ્મશ્રી અપાયો હતો. વિદ્યુતક્ષેત્રે ખાસ કરીને આઈએએસમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા પછી એમને બહોળો અનુભવ હતો.

કેટલાક કારણોસર બીજા એગ્રિમેન્ટમાં અમે લાંબા સમય સુધી કોઈ નિર્ણય ન લઈ શક્યા. બાર્જ ઉપર ચઢાવેલા વિદ્યુત પ્લાન્ટ અને અન્ય બીજી એવી યોજના માટે દરખાસ્ત વગેરે ટૂંકી મુદતની નોટિસ આપીને અધિકારીઓની મુલાકાત વારંવાર અમદાવાદમાં ગોઠવાતી. સમયસર નોટિસ ન મળવાથી અને મારે વડોદરાથી જવાનું હોવાથી હું કેટલીક મુલાકાતમાં હાજર રહી શકતો નહીં.

એક વખત શ્રી કોએલ્હોને આ મુદ્દે ચર્ચા કરવા ગાંધીનગર બોલાવ્યા. મુખ્યમંત્રીના કક્ષમાં

એ એક નાની મુલાકાત હતી. વિદ્યુતખાતાના મંત્રી, બે વરિષ્ઠ અધિકારી અને કંપનીના બે વરિષ્ઠ પદાધિકારી પણ હાજર હતા. વિદ્યુતખાતાના મંત્રી, જે સહેજેય નમ્ર નહોતા એમણે એમ કહીને શરૂઆત કરી કે, વિદ્યુત યોજનાઓને આખરી રૂપ ન આપવાનું કારણ ગુજરાત વિદ્યુત નિગમનો અસાધારણ વિલંબ છે. નિગમના અધ્યક્ષ પ્રમુખ નાણાં (સદસ્ય) અને બીજા અધિકારીઓને મિટિંગમાં જવા પણ નથી દેતા. મુખ્યમંત્રીએ પણ કડક શબ્દો કહ્યા. શ્રી કોએલ્હોએ મને ક્યારેય મિટિંગમાં હાજર રહેવાની ના કહી નહોતી, પણ એ મારો નિર્ણય હતો, પણ શ્રી કોએલ્હો એવું જણાવવા દેવા માંગતા નહોતા. પરિસ્થિતિ ગંભીર હતી એટલે મારે દખલ કરવી પડી. કેટલીક મોડી રાતે મળેલી મિટિંગની નોટિસો સહિતની વિગતવાર માહિતી મેં આપી. મિટિંગનો સમય આગલા દિવસે વહેલી સવારનો હોવાથી બધી મિટિંગમાં હાજર રહેવું શક્ય નહોતું એની રજૂઆત કરી. મેં એમ પણ કહ્યું કે મંત્રીશ્રીની વાત સાથે હું  સંમત છું અને મંત્રીશ્રી જે કહે છે તે પ્રમાણે વિદ્યુતખરીદી કરાર બે અઠવાડિયામાં કે કદાચ એક અઠવાડિયામાં જ પૂરો કરી શકાય છે. પણ એને માટે ડેવલપરને જે જોઈએ છે તે માટે આપણે સહમત થઈએ તો પાવર પરચેઝ એગ્રિમેન્ટના, ગુજરાતના વપરાશકારોના રૂ. ૨૦૦૦૦ કરોડ ખર્ચાઈ જશે. મંત્રીશ્રી એવું ચાહતા હોય તો અમે આગળ વધીશું. મિટિંગમાં હાજર રહેલા બધા સ્તબ્ધ થઈ ગયા. મિટિંગ કોઈપણ નિર્ણય લીધા વિના પૂરી થઈ.

શ્રી કોએલ્હોએ વડોદરા પાછાં ફરતાં મને ગાડીમાં સાથે આવવા કહ્યું. એમણે મારા હિંમતભર્યા નિવેદનની પ્રશંસા કરી. આટલો ગુસ્સે થયેલો અને કડક શબ્દો વાપરતો એમણે મને ક્યારેય જોયો નહોતો. શ્રી કોએલ્હોએ થોડા દિવસ બાદ રાજીનામું આપ્યું. એ સૂચિત યોજના અને કોલસા તેમજ બાર્જ પરની વિદ્યુત યોજના અને એના જેવી અનેક યોજનાની દરખાસ્તો ક્યારેય અમલમાં ન આવી શકી અને રાજ્યનું અર્થતંત્ર માઠાં પરિણામોમાંથી બચી ગયું.

સામાન્ય રીતે જિલ્લા કલેક્ટર સમગ્ર કામકાજ પર દેખરેખ રાખતા અને ગુજરાત વહીવટીસેવા-કેડરની સંભાળ રાખતા. મહેસૂલ ખાતામાં હું જ્યારે સચિવ હતો ત્યારે પોસ્ટિંગ અને બદલીમાં પૂર્વગ્રહ અને લાગવગની ફરિયાદો આવેલી. મહેસૂલ મંત્રી શ્રી વજુભાઈ વાળા હાલની પદ્ધતિમાં કોઈ ફેરફાર માટે બહુ આતુર નહોતા પણ એમના જેવા સમજુ વ્યક્તિ સમક્ષ બધાં પાસાંની રજૂઆત કરતાં અંતે તેઓ ફેરફાર માટે સહમત થયા. પછીના વરસોમાં જે બન્યું એની એમણે કદર કરી.

શ્રી વાળા ચપળ, બુદ્ધિશાળી, મૈત્રીભાવવાળા અને ખુશખુશાલ વ્યક્તિ હતા. ૧૯૯૯માં એક મિટિંગ માટે અમે ગુજરાત ભવન, દિલ્હી ખાતે હતા ત્યારે એક સામાન્ય વાતચીત દરમ્યાન મેં આર્થિક વિકાસમાં પ્રાથમિક શિક્ષણ જે ભાગ ભજવે છે તે વિષે દેશવિદેશ અને આર્થિક વિશ્લેષણના કેટલાંક પરિણામો ટાંકીને જણાવ્યું કે આપણે શિક્ષણને પ્રાથમિકતા આપવી જોઈએ. ત્યારે તેમનો વ્યાપારલક્ષી અભિગમ હોઈ તેઓ મારી સાથે સંમત ન થયા. એમણે

દલીલ કરી કે ઉદ્યોગ અને વ્યવસાયને પ્રોત્સાહનને પ્રાથમિકતા અપાવી જોઈએ એ સહજ વાર્તાલાપ સમય વિતતાં હું ભૂલી ગયો હતો. થોડાંક વરસો પછી મારા આશ્ચર્ય વચ્ચે એમણે અમારી વચ્ચે થયેલી ચર્ચાને યાદ કરતાં કહ્યું કે શિક્ષણ કેટલું મહત્ત્વનું છે એ એમને સમજાઈ ગયું છે. નવા વિચારો ગ્રહણ કરવાની એમની ઉદારતાને મેં બિરદાવી.

એક વખત એક વરિષ્ઠ મંત્રીએ મહેસૂલ ખાતાના એક વરિષ્ઠ અધિકારીની બદલી એક ચોક્કસ કામ માટે કરવાનું સૂચન કર્યું. એ શક્ય નથી એવું સમજાવ્યા છતાં એમણે વારંવાર માગણી ચાલુ રાખી. આ જ મુદ્દે એમણે એક મોડી સાંજે મને મળવા બોલાવ્યો. મેં ફરી વાર મેં નમ્રતાપૂર્વક જણાવ્યું કે એ શક્ય નથી. હું એમની સાથે ઉદ્ધતાઈથી વર્ત્યો છું અને મેં ગેરવર્તુણૂંક કરી છે એવી ફરિયાદ સાથે મારી સામે શિસ્તભંગના પગલાં લેવા મુખ્યમંત્રીને એમણે પત્ર લખ્યો. સામાન્ય રીતે બને છે એમ એ પત્ર સામાન્ય વહીવટ વિભાગમાં પહોંચ્યો. પત્ર રજૂ કરાયો અને પછી કોઈપણ અધિકારી મંત્રીનો ખોફ વહોરી લેવા ન માગતા હોઈ મારા દૃષ્ટિકોણની નોંધ લીધા વિના પત્ર ઘણા સ્તરે ઘણા મહિનાઓ સુધી ફર્યો. અંતે મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલે પોતે જ એ ફાઈલ ઉપર નોંધ્યું કે આ મામલો તરત જ બંધ કરવો જોઈએ. કારણ કે મારી સામેની ફરિયાદમાં કોઈ વજૂદ લાગતું નથી.

ગ્રામ્યક્ષેત્રે વીજળીના ફિડર અલગ કરવામાં ગુજરાત પહેલ કરનાર રાજ્ય છે. એટલે ગ્રામ્ય ખેડૂત અને બિનખેડૂત ગ્રાહકો માટે જુદાં જુદાં ફિડર, આનાથી ગ્રામ્ય વિસ્તારમાં વીજળી પુરવઠાની ગુણવત્તા અને ઉપલબ્ધતા બંનેમાં સુધારો થયો. વીજળીનું દબાણ પ્રબંધન વધારે સરળ બન્યું અને ગામના ઘરોમાં અને નાના ઉદ્યોગો માટે પુરવઠો વધારે મળવા લાગ્યો. રાષ્ટ્રીય સ્તરે અપનાવાયેલા ગુજરાતના દાખલાને બીજાં રાજ્યો અનુસરવા લાગ્યાં. ચીલો ચીતરનારી આ પહેલનું શ્રેય દૂરંદેશીવાળા અને સાતત્ય ધરાવતા એક રાજકારણીને જાય છે.

શ્રી નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી બન્યા. થોડા જ મહિનામાં એમણે પૂછ્યું કે ગામડાંમાં અનિશ્ચિત વીજળી પુરવઠાની  અસંખ્ય ફરિયાદ આવતી હોવાથી શું ખેડૂત અને બિનખેડૂત ગ્રાહકો માટે જુદાં જુદાં ફિડર ન કરી શકાય ? ઇજનેરો અને અમલદારો બંનેનો જવાબ નકારમાં હતો. એ અશક્ય અને ખર્ચાળ હોવાથી ગુજરાત વિદ્યુત નિગમ પણ એનો વિરોધ કરતું હતું. વીજળી અને નાણાંખાતું પણ વિરુદ્ધ હતા. પણ ગ્રામ્ય વીજળી પુરવઠામાં સુધારો કરવા એમની પાસે કોઈ વિકલ્પ નહોતો. મુખ્યમંત્રીના મુખ્ય સચિવ હોવાને હિસાબે મેં બધા સાથે ઘણી વિચારણા કરી પણ હું આ વાત તેમને ગળે ઉતારી ન શક્યો. અંતે મુખ્યમંત્રીએ આગળ વધવાનું નક્કી કર્યું અને મંજૂરી માટે દરખાસ્ત તૈયાર કરવાનું કહ્યું. ફાઈલ સોંપવામાં આવી પણ કોઈપણ અધિકારીએ દરખાસ્ત માટે ભલામણ ન કરી. કારણ કે બધાને લાગતું હતું કે મુખ્યમંત્રી નવા છે અને એમને આ સમસ્યા અને પરિણામનો કોઈ ખ્યાલ નથી. હું મુંઝાયેલો હતો. હું જ્યારે ગુજરાત વિદ્યુત નિગમમાં નાણાં સદસ્ય હતો ત્યારે કેટલાક ઇજનેરો સાથે મારે વ્યક્તિગત સંબંધો હતા. તેમની સાથે મેં ચર્ચા કરી. અમુક ગામડામાં આ યોજનાને પાયલોટ યોજના

તરીકે દાખલ કરવી અને થોડા મહિના પછી એનું મૂલ્યાંકન કરી અને આગળ વધવું એવો વિકલ્પ વિચારાયો. મેં ખાતરી આપી કે ગુજરાત વિદ્યુત નિગમને માઠી અસર થાય એવાં કોઈ પગલાંનો હું આગ્રહ નહીં રાખું. છેવટે એ લોકો સંમત થયા. શરૂઆતમાં થોડા અવરોધ આવ્યા પણ પછી યોજના આગળ વધી. શ્રી નરેન્દ્ર મોદીની સક્રિયતા અને નિર્ણાયક પ્રયત્નોને કારણે યોજના સફળતાપૂર્વક પાર પડી. બાકીનો ઈતિહાસ સહુને સુવિદિત છે.

પાછલા દાયકાઓમાં સૌથી વિનાશક એવી ઘટના ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧નો ભૂકંપ કચ્છે અનુભવ્યો. ૧૩૮૦૫ લોકો મૃત્યુ પામ્યા અને હજારો ઘાયલ થયાં. દસેક લાખ જેટલા ઘરો નાશ પામ્યાં કે ક્ષતિગ્રસ્ત થયાં. હજારો કારીગરોએ આજીવિકા ગુમાવી. જાહેર ઈમારતો, રસ્તાઓ, પાણી પુરવઠો, વીજળી પુરવઠો, આરોગ્ય અને શિક્ષણ સુવિધા જેવાં સામાજિક અને આર્થિક માળખાને અતિશય નુકસાન પહોંચ્યું. આમાંથી બેઠા થવાનું કામ ઘણું જટિલ હતું.

ભૂકંપ પછી મુખ્યમંત્રીના પ્રમુખપદે ગુજરાત રાજ્ય હોનારત પ્રબંધન પ્રાધિકરણ (GSDMA)ની સ્થાપના થઈ. મને મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) બનાવાયો. ડેપ્યુટેશન ઉપર હું ભારત સરકારમાં ગયો ત્યાં સુધી આ જવાબદારી સાડા ત્રણ વર્ષ મેં સંભાળી. ઑક્ટોબર, ૨૦૦૪ સુધીનો મોટા ભાગનો સમય મેં ગુજરાતના મુખ્યમંત્રીના મુખ્ય સચિવ અને વધારાની જવાબદારી તરીકે મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) ગુજરાત રાજ્ય હોનારત પ્રબંધન પ્રાધિકરણ (GSDMA) તરીકે ગાળ્યો.

ઘણા ક્ષેત્રો અને પ્રવૃત્તિઓની વિશાળ શ્રેણી ધરાવતો એક પુનઃઘડતર કાર્યક્રમ તૈયાર કરાયો. પુનઃઘડતરનું કામ ગંજાવર અને પડકારરૂપ હોવા છતાં મધ્યમગાળાના અને લાંબાગાળાના હોનારત પ્રબંધન કાર્યક્રમોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.

લોકો અને બિનસરકારી સંસ્થાઓ ભાગ લઈ શકે તેના પર આમાં વિશેષ ભાર મૂકાયો. જેમ કે –

- ગ્રામ્યસ્તરે નુકસાન આકારણીની ટીમમાં બિનસરકારી સંસ્થાના એક પ્રતિનિધિ અથવા એક શિક્ષકનો સમાવેશ કરાયો.
- સ્થળ પરના બાંધકામ માટે પુનઃફાળવણીનો નિર્ણય ગ્રામસભા અથવા ગ્રામસલાહકાર સમિતિ ઉપર છોડ્યો હતો.
- શહેરી વિસ્તારમાં પણ વિકાસઆયોજન અને નગરઆયોજન યોજનાઓ બનાવવા પુનઃબાંધકામ માટે જાહેર પ્રજાની સલાહ લેવાઈ. ઘણા કિસ્સાઓમાં કાટમાળ હટાવવા ગ્રામ પંચાયતની સેવા લેવાઈ.
- શાળાના ૪૨૦૦૦થી વધારે ઓરડાઓ શાળાના શિક્ષકો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ સહિતની બનેલી ગ્રામ નાગરિક બાંધકામ સમિતિ દ્વારા મરામત કરાવાયા.

- મોટી સંખ્યામાં શાળાના નવા વર્ગો અને અન્ય માળખાકીય કામો જાહેર ખાનગી ભાગીદારીના ધોરણે હાથ ધરાયાં. સરકારી અને બિનસરકારી સંસ્થાઓએ સાથે કામ કર્યું.
- લાભાર્થીઓની તેમજ નાણાકીય મદદની વિગતોની યાદી જાહેર સ્થળોએ અને વેબસાઈટ પર મુકાઈ.
- લોકોને મળતા હક્કો અને કાનૂની ઉપાયોની જાણકારી આપવા હજારો કાનૂની શિબિરો યોજાઈ.
- સમયાંતરે પ્રતિષ્ઠિત નાગરિકો, શિક્ષણશાસ્ત્રીઓ અને પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા ગામ, તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્તરે થયેલા પુનઃવસવાટ અને પુનઃનિર્માણ કામોની સમીક્ષા કરાઈ.
- લાભ દેખરેખ અભ્યાસ આંતરરાષ્ટ્રીય સલાહકાર સંસ્થા દ્વારા હાથ ધરાયો.
- લોકોની ફરિયાદોનું નિયંત્રણ કરવા વિવિધ સ્તરે સમિતિઓ બનાવાઈ.
- અસર પામેલા વિસ્તારોના જિલ્લા ન્યાયાધીશોને સત્તાવાળાઓના ગેરવહીવટ બાબતે ફરિયાદ નિરાકરણના તપાસકર્તા જાહેર કરાયા.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના વિચારો અને લોકો અને નાગરિક સમાજના સામેલ થવા અંગે રાજકીય સ્તરે પારદર્શિતા અને ખુલ્લાપણું હતું. માળખાકીય અને આવાસ યોજનાઓની મંજૂરી માટે શક્ય એટલી વધારે સત્તા ગુજરાત રાજ્ય હોનારત પ્રબંધન પ્રાધિકરણ તેમજ જિલ્લા અધિકારીઓને સોંપાઈ જેથી પુનઃબાંધકામના કામનો ઝડપી અમલ થઈ શકે.

ઑક્ટોબર, ૨૦૦૧ સુધી શ્રી કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી હતા. એમણે પોતાનો ઘણોખરો સમય અને શક્તિ નીતિઓ ઘડવામાં અને સંસ્થાકીય માળખું બનાવવામાં સમર્પ્યો. એમના અનુગામી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એ કાર્યક્રમને મઠારી-સુધારીને વધારે અસરકારક બને એ સુનિશ્ચિત કર્યું. એમનું ચોકસાઈભર્યું આયોજન, વિગતો માટેનું ધ્યાન અને સંસ્થાકીય ક્ષમતાએ વહીવટીતંત્ર અને સંબંધિત સહુને સક્રિય અને ઉત્સાહિત કર્યા.

આ સફળતાની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા થઈ. ઑક્ટોબર, ૨૦૦૪માં કોમનવેલ્થ ઍસોસિયેશન ફોર પબ્લિક એડમિનિસ્ટ્રેશનનું સુવર્ણ સન્માન ગુજરાત રાજ્ય હોનારત પ્રબંધન પ્રાધિકરણને 'શાસનમાં સંશોધન' માટે અપાયું. સન્માન સમિતિએ નિરીક્ષણ કર્યું કે બહુ વિશાળ ભૂકંપ પછી પુનઃવસન અને પુનઃઘડતર કાર્યક્રમ પરંપરાગત અભિગમને બદલે નમૂનેદાર અને નવીન પ્રકારે હતા. દરેક નવીન પહેલ સ્વચાલિત ઘડતર કાર્યક્રમ જેવી હતી. સમાજની સામેલ થવાની તેમજ સહભાગી થવાની વૃત્તિ, પારદર્શિતા, પ્રક્રિયામાં સમાનતા અને ક્ષમતા ઊભી કરવા વિવિધ પ્રોત્સાહનો જેવાં લેવાયેલાં પગલાં પોતે જ શાસનમાં સંશોધન હતાં.

હિંદ મહાસાગરમાં ડિસેમ્બર, ૨૦૦૪માં થયેલ ત્સુનામી બાદ એપ્રિલ, ૨૦૦૫માં એશિયન ડેવલપમેન્ટ બેન્ક (ADB), ધી ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD) અને ટ્રાન્સપરન્સિ ઈન્ટરનેશનલ એ ત્સુનામી રાહતમાં ભ્રષ્ટાચાર નિવારવા નિષ્ણાતોની જ મિટિંગ ગોઠવી હતી, તેમાં ગુજરાત જે પારદર્શિતા, જવાબદારી અને લોકોની ભાગીદારી માટે જાણીતું હતું તેના અનુભવો વિષે રજૂઆત કરવા મને આમંત્રણ અપાયું.

રાષ્ટ્રીય સ્તરે અને કેટલાંક રાજ્યોમાં હાલનું હોનારત પ્રબંધનનું સંસ્થાકીય માળખું ગુજરાતના અનુભવોને આભારી છે. ખાસ કરીને ગુજરાત રાજ્ય હોનારત પ્રબંધન પ્રાધિકરણને રાષ્ટ્રીય કાયદો આવ્યા પહેલાં વ્યાપક હોનારત પ્રબંધનનું વિધેયક પસાર કરનાર ગુજરાત દેશનું પહેલું રાજ્ય હતું. અત્યારના સમયમાં હોનારત પછીના કોઈ પુનઃવસન અને પુનઃઘડતર કાર્યક્રમ અભિગમ, સંસ્થાકીય માળખાં અને પુનઃપ્રાપ્તિની પહેલ બાબતમાં બીજા રાજ્યો ગુજરાત જેટલા અસરકારક નથી નિવડ્યા.

નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિઝાસ્ટર મૅનેજમેન્ટ, નવી દિલ્હીથી ૨૦૦૪માં પ્રકાશિત પુસ્તક 'કચ્છ અર્થક્વેક, ૨૦૦૧ : રિકલેક્શન – લેસન એન્ડ ઈનસાઈટ'માં આ અનુભવોનું દસ્તાવેજીકરણ મેં કર્યું છે.

## કેટલાક નિષ્કર્ષ :

મેં ઉપર દોરેલી રૂપરેખા બેશક સમય અને પરિસ્થિતિ આધારિત છે. એ કદાચ વ્યક્તિલક્ષી અને સંસ્મરણોથી પ્રભાવિત છે. બીજાના અનુભવોનું પ્રતિબિંબ એ કદાચ પાડી કે ન પાડી શકે. શરૂઆતમાં મેં કહ્યું તેમ એક પૂર્વધારણાને ચકાસવાનો કે વિશ્લેષણ કરવાનો આમાં હેતુ છે કે એક ચોક્કસ સિદ્ધાંત કે વિચાર ગુજરાતની સ્થાપના પછીના વરસો દરમ્યાન થયેલા વિકાસમાં ભજવેલા ભાગના મહત્ત્વનાં પાસાંઓને આકાર આપી શકે? આજે ઓછા પ્રસ્તુત હોવા છતાં આ અનુભવો અને કિસ્સાઓ કેટલાક નિષ્કર્ષ કાઢવામાં મદદરૂપ બને છે.

મેં વર્ણવેલા અનુભવો ૧૯૭૪થી લઈને ત્રણ દાયકાના અને અંતરિયાળ ગામડાં, જિલ્લા અને રાજ્યના પાટનગર સુધીના વિવિધ સ્થળો સાથે સંકળાયેલા છે. કેટલાંક વાચકોને લાગશે કે મેં ઘણી અસંબંધ ઘટના અને કિસ્સાઓને સમાવ્યા છે પણ હેતુ એ છે કે નિષ્કર્ષ ઉપર આવવા પૂરતા કદના નમૂનાનું પ્રતિનિધિત્વ હોવું જોઈએ. લોકો, રાજકારણીઓ અને અધિકારીઓ વચ્ચેની આંતરક્રિયામાં સાક્ષી અને સહભાગી બનવું ઘણું રસપ્રદ, ઉત્તેજક અને પડકારજનક પણ હતું. થરાદ હોય કે પછી ભુજ કે મહેસાણા, લોકો પોતાનો અવાજ ઉઠાવતા. જો કે અવાજ ઉઠાવવાની માત્રા અને દૃઢતામાં વિશાળ વિવિધતા હતી. ફક્ત દુકાળ કે પૂર જેવી કુદરતી હોનારતો દરમ્યાન જ નહીં, પણ ગ્રામવિકાસના કામો માટે પણ નાગરિક સમાજની સંસ્થાઓ પાયાના સ્તરે કામ કરતી. એ દિવસોમાં નિઃસ્વાર્થ સેવા માટે એ સંસ્થાઓ જાણીતી હતી. મોટાભાગે આમાં સામેલ વ્યક્તિઓના આધારે રાજકારણીઓના અને અધિકારીઓ સંબંધો

જટિલ ચોક્કસ હતા. વધારામાં અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં સશક્ત (પીઆરઆઈ) પ્રાઈમરી રેટ ઈન્ટરફેસ ટેલિસંચાર સેવાને કારણે ઝડપી વિકાસ માટે પડકાર અને તક બંને હતાં.

મેં વર્ણવેલા અનુભવો અને તે અંગેના પુરાવાઓમાં ઉપરથી એકંદર એવું ચિત્ર ઉપસે છે કે **શરૂઆતના દાયકાઓમાં તેમજ હાલના દાયકામાં પણ ગુજરાતના સામાજિક અને રાજકીય વાતાવરણે ગુજરાતના ઝડપી વિકાસમાં 'મહત્ત્વનો ફાળો' આપ્યો છે** એ પૂર્વ ધારણા સાચી હોવાનો આપણે ઈન્કાર ન કરી શકીએ.

સામાન્ય રીતે રાજકારણીઓ સાથે મારા કામકાજના અને વ્યવસાયિક સંબંધો સારા હતા. ખાસ કરીને જિલ્લા વિકાસ અધિકારી તરીકે, જિલ્લા કલેક્ટર તરીકે અને પછી સચિવાલયમાં. જો કે, કેટલીક વ્યક્તિઓ સાથે મારે સમસ્યા થઈ હતી. પણ મોટા ભાગના કિસ્સાઓમાં જિલ્લાસ્તરે અને રાજ્યસ્તરે એમ બંને જગ્યાએ અમલદારો, જેમાંના મોટાભાગના વિકાસપ્રક્રિયા પ્રત્યેની ફરજો અને જવાબદારીઓ સમર્પિત હતા તેમના સહકારથી ઘણો મોટો સહયોગ મળ્યો છે. બેશક, મતભેદ અને વિરોધાભાષી દૃષ્ટિકોણ પણ હતા. પણ મોટાભાગે રાજકારણીઓ અને અમલદારો એકબીજા પ્રત્યે આદર, સ્વીકૃતિ અને સહનશક્તિ અને ઉદાર અભિગમ હતા, જે મેં કેટલાક ઉદાહરણો આપી દેખાડ્યું છે.

ઘણી વખત આપણે સાંભળ્યું છે કે સનદી અધિકારીઓ ફરિયાદ કરતા હોય છે કે રાજકીય દબાણ અને દખલને કારણે તેઓ સારું પ્રદર્શન ન કરી શક્યા અથવા ચોક્કસ લક્ષ પ્રાપ્ત ન કરી શક્યા અને રાજકારણીઓ એમ કહેતા હોય છે કે અધિકારીઓ સ્થગિત, જડ અને ફેરફાર સ્વીકારવામાં આનાકાની કરનારા હોય છે. પણ આ શબ્દો 'રાજકારણીઓ' અને 'અમલદારશાહી'ની નકારાત્મક પ્રકૃતિ માટે વધારે વપરાય છે. હકીકત એ છે કે લોકશાહીમાં રાજકારણીઓ અને અધિકારીઓ બંનેએ સહભાગી થવું જરૂરી છે. સવાલ એ છે કે બંનેએ પોતાનો ભાગ કેવી રીતે ભજવવો જેથી પદ્ધતિ પોતાનું ધ્યેય વ્યાપક રીતે, શ્રેષ્ઠતાપૂર્વક અને અસરદાર રીતે હાંસલ કરી શકે. શ્રી બળવંતરાય મહેતાએ એ વખતે કહ્યું હતું કે, પંચાયત રાજ તો જ સફળ થઈ શકે જો અધિકારીઓ બિનઅધિકારીઓ જેમ અને બિનઅધિકારીઓ અધિકારીઓ જેમ ન વર્તે. કોઈ પણ સ્તરની લોકશાહી માટે આ સંદર્ભ લાગુ પડે છે.

મૂળભૂત સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી નાના નાના મુદ્દે જો અનુકૂળતા સધાય તો તણાવ અને સંઘર્ષની અનેક પરિસ્થિતિઓ ટાળી શકાય, રાજકીય દબાણને વશ થવું એટલે એવાં વધારે દબાણને આમંત્રણ રાજકીય દબાણ અજેય નથી. જો વ્યક્તિ સંનિષ્ઠ, હકારાત્મક અને બીજા દૃષ્ટિકોણ પ્રત્યે ખુલ્લી હોય તો રાજકીય ખુન્નસની શક્યતા ઓછી છે. રાજકારણીઓ મોટા ભાગે એવી વ્યક્તિઓ માટે આદર અને ઊંચો મત ધરાવતા હોય છે જેઓ હકારાત્મક અને પૂર્વગ્રહ વિનાના હોય છે.

અનુભવ એવું દર્શાવે છે કે વિકાસપ્રવૃત્તિમાં રાજકીય અવરોધ ઓછા આવે છે. બદલી,

પોસ્ટિંગ અને નિયમન પ્રવૃત્તિ જેવી બાબતોમાં સંઘર્ષ થતો હોય છે. પડકાર એ છે કે આવા ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણ, ખ્યાલો અને હિતોને સંભાળવા કઈ રીતે ? કારણ કે, લોકો અને અધિકારક્ષેત્રો વચ્ચે વિવિધતા હોય છે. કેટલાક કિસ્સાઓમાં તકરાર અને સંઘર્ષ, અન્ય કિસ્સાઓમાં સાંઠગાંઠ એટલે રાજકારણીઓ અને અધિકારીઓની મિલિભગત અને મોટા ભાગના કિસ્સાઓમાં સંવાદી અભિગમ. ગુજરાતમાં મારો અનુભવ ત્રીજા વિકલ્પના પ્રભુત્વનો છે.

રાજકીય હસ્તીઓ જડ અમલદારશાહીને સ્થિતિસ્થાપક બનાવી શકે છે. લોકોની જરૂરિયાત પ્રત્યે વધારે પ્રતિભાવક બની શકે છે. જેથી આ પદ્ધતિ જેના માટે બનાવાઈ છે તેનાથી તેઓ દૂર ન હોઈ શકે એનું ભાન થાય. સમર્પિત અને દીર્ઘદૃષ્ટિવાળો રાજકારણી રાજ્ય કે દેશને નવી ઊંચાઈઓએ લઈ જઈ શકે.

ગુજરાતની સ્થાપનાની શરૂઆતના દાયકામાં સહજ રીતે રાજકારણીઓના અને અધિકારીઓના સંબંધો મોટા ભાગના કિસ્સાઓમાં સંવાદી અને રચનાત્મક હતા. વિરોધ ઓછો હતો અને અથડામણ તો નહીંવત્. આ નિર્ણયાત્મક પાસું અને લોકોની સક્રિય ભાગીદારી તેમજ બિનસરકારી સંસ્થાઓના સામેલ થવાથી ગુજરાતના વિકાસને ઝડપી ગતિ આપવામાં સફળતા મળી.

# વિકાસનું રેખાંકન
# જાહેર શાસન

ભારતીય અર્થતંત્ર ટકાઉ દરે વિકસી રહ્યું છે. ૧૯૯૧ના ઉદારીકરણ પછી એણે સરેરાશ ૬ થી ૭ ટકાના દરે વિકાસ જાળવી રાખ્યો છે. ૨૦૧૭માં ભારત વિશ્વના ઝડપથી વિકસતા અર્થતંત્રમાંનું એક હતું. ભારતમાં ગુજરાત ઝડપથી વિકસતું અર્થતંત્ર છે.

- ફક્ત ૪.૯૯ ટકા વસતી સાથે ગુજરાતનો ફાળો રાષ્ટ્રના કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) ના ૭.૬ ટકા છે. ૨૦૧૧-૧૨થી ૨૦૧૬-૧૭ દરમ્યાન રાજ્યના કુલ ઘરેલુ ઉત્પાદન (GDP)નો વાર્ષિક વિકાસ દર સરેરાશ ૧૩ ટકાનો હતો. જે રૂ. ૧૧,૫૮,૧૫૧ કરોડ જેટલો છે.
- ૫૮ ટકા જમીન સૂકી અને આંશિક સૂકી હોવા છતાં ગુજરાત કપાસ, મગફળી, મસાલા, શેરડી અને એરંડિયાનું સૌથી મોટું ઉત્પાદક છે. છેલ્લા દાયકામાં ખેડૂતોની આવક બમણી થઈ છે.
- ૭.૯ ટકાના ફાળા સાથે દૂધ-ઉત્પાદનમાં ગુજરાત સૌથી મોટું રાજ્ય છે.
- ૧૮.૪ ટકા ઔદ્યોગિક ઉત્પાદન બધા રાજ્યો કરતાં વધારે છે.
- વીજળી ઉત્પાદનમાં ગુજરાતનો વિકાસ સ્થિર છે અને (ઇન્ટરેક્ટિવ રિન્યુએબલ પાવર) પારસ્પરિક પ્રક્રિયક પુનઃઉત્પાદિત વીજળીમાં ૧૨.૪ ટકાનો ફાળો આપે છે.
- ૨૦૦૧-૦૨માં પ્રાથમિક શિક્ષણ છોડી જનારની સંખ્યા ૨૦.૫ ટકા હતી, જે ઘટીને ૨૦૧૬-૧૭માં ૧.૫૪ ટકા થઈ ગઈ છે.
- શિશુ મૃત્યુદર ૨૦૦૨માં ૬૦ હતો તે ૨૦૧૬માં ઘટીને અડધો ૩૦ થઈ ગયો છે.
- ઉદ્યોગ અને બાંધકામ ક્ષેત્રના વિકાસમાં ગુજરાત પ્રથમ છે. ઉદ્યોગોમાં પેટ્રોલિયમ, ગૅસ, ઔષધ, હીરા અને ઝવેરાત, રસાયણ, સોડાએશ, મીઠું ઇત્યાદિનો સમાવેશ થાય છે. જહાજ તોડવાનો મોટામાં મોટો વાડો અલંગ, ભાવનગરમાં છે.
- શ્રમિકકેન્દ્રિત ક્ષેત્રમાં ગુજરાત ગ્રોસ વેલ્યુ એડેડ (GVA), કુલ મૂલ્યવૃદ્ધિની બાબતમાં પણ પ્રથમ છે તેમજ ૨૦૧૩/૧૬ના કુલ ઘરેલુ ઉત્પાદન (GDP)માં પણ.
- ૨૦૧૬/૧૭માં ૩.૩૬ બિલિયન અમેરિકન ડોલર ભારતીય ચલણમાં રૂ. ૨૨૬૧૦૦ કરોડ જેટલી કિંમતનું વિદેશી રોકાણ ગુજરાતમાં થયું હતું. ગુજરાત સીધા વિદેશી રોકાણો માટે દેશમાં મહત્ત્વનું આકર્ષણ કેન્દ્ર છે.

કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન (NSDP) એ એકધારા દરે મોટી છલાંગ દર્શાવી છે. વ્યક્તિદીઠ આવક ૧૯૬૦-૬૧માં રૂ. ૩૬૨થી વધીને ૧૯૮૦-૮૧માં રૂ. ૧૯૪૦ તથા ૧૯૯૯-૨૦૦૦માં આશ્ચર્યજનક વધારા સાથે રૂ. ૧૮૬૮૫ અને ૨૦૧૬-૧૭માં ૧,૩૨,૭૭૩ થઈ છે.

કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન (NSDP)માં કૃષિક્ષેત્રનો ફાળો ૧૯૬૦-૬૧માં ૪૧ ટકા હતો, જે ઘટીને ૧૯૯૯-૨૦૦૦માં ૨૦ ટકા અને ૨૦૧૬-૧૭માં એનાથી પણ ઘટીને ૧૯ ટકા થઈ ગયો. આનાથી વિરૂદ્ધ ઉત્પાદનક્ષેત્રનો ફાળો ૧૯૬૦-૬૦માં ૧૫.૪ ટકાથી વધીને ૧૯૯૯-૨૦૦૦માં ૩૨ ટકા અને ૨૦૧૬માં ૪૫ ટકા થઈ ગયો. સરકાર હસ્તકના સેવાઓના ક્ષેત્રોનો ફાળો પણ ૧૯૬૦-૬૧માં ૩૦ ટકાથી વધારીને ૩૬ ટકા થયો.

ઉત્પાદનક્ષેત્ર ૧૨.૫૬ ટકાના ચક્રવૃદ્ધિ દરે વિકસ્યું. ઝડપી ઔદ્યોગિકરણને કારણે પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો વધી. ગરીબી નિવારણ કાર્યક્રમના પીઠબળને લીધે લોકોએ વધારેમાં વધારે તકોને ઝડપી. પરિણામે સર્વાંગી વિકાસ થયો. હવે ગરીબીનું સંપૂર્ણ ઉન્મુલન આ નવી સહસ્ત્રાબ્દિના અંતે આપણી પહોંચમાં છે.

સર્વાંગી વિકાસનો અભિગમ અને સમાજના બધાં જ ઘટકોને સહાય દ્વારા આ પરિવર્તન શક્ય બન્યું. ગ્રામ્ય ગરીબોની આર્થિક સંભાવના, ગામડાંમાં અને શહેરોમાં વસતા મધ્યમ વર્ગ, યુવાનો, કારીગરો અને વેપારીઓ, સૂક્ષ્મ, લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગો ઓળખી કઢાયા. સહાય યોજનાઓ તૈયાર કરાઈ અને લાગુ કરાઈ. વિકાસ વહીવટીતંત્રએ બધાને માટે કામ કર્યું, ગુજરાતીઓ જાગી ગયા છે અને ગ્રામ્ય ગરીબો સહિતનો આખો સમાજ ઉન્નતિ તરફ આગળ વધી રહ્યો છે.

સૌથી રસપ્રદ બાબત એ છે કે ગુજરાતે ઘણી પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડ્યો હતો. સરહદી રાજ્ય હોવાને કારણે સાંઈઠ અને સિત્તેરના દાયકામાં થયેલા ભારત પાકિસ્તાન યુદ્ધોની અસર ગુજરાતને થઈ હતી. એનાથી વધારે અસર તો સતત પડતા દુકાળની થઈ. એમાંય ૧૯૬૭-૬૮, ૧૯૮૪-૮૬ અને ૧૯૯૭-૯૯ના દુકાળ તો ખૂબ ભયંકર હતા. આ દુકાળો કૃષિ અર્થતંત્રને નિયમિત અસર કરતા હતા. નજીકના ભૂતકાળમાં ગુજરાત વાવાઝોડા અને જાન્યુઆરી, ૨૦૦૧ના મહાવિનાશક ભૂકંપનો ભોગ બન્યું. કોમી તણાવ અને એને કારણે વારંવાર થતાં રમખાણોને લીધે ઊભા થતા સામાજિક સંઘર્ષ પણ ગુજરાતે ભોગવવાનો આવ્યો. આ બધા કારણોથી વિકાસમાં કામચલાઉ પીછેહઠ થઈ. દુકાળ, વાવાઝોડાં, ભૂકંપ અને રમખાણો છતાં ગુજરાત ઝડપથી બેઠું થઈ ગયું છે. બધી પ્રતિકૂળતાઓ અને અવરોધો છતાં ગુજરાત ઝડપથી વિકસી રહ્યું છે. એક નોંધપાત્ર સ્થિતિસ્થાપક સમાજ તરીકે ગુજરાતે દેશમાં વિકાસમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે.

ગુજરાતની સ્થાપના પછીના પચાસ વરસમાં ઘણાં રાજકીય પરિવર્તન આવ્યા છે. ૧૯૯૫થી ૨૦૦૦ સુધીમાં એક પછી એક ત્રણ મુખ્યમંત્રી આવ્યા. ગુજરાતનું રાજકીય નેતૃત્વ બહુ

પરિપક્વ છે એટલે વિકાસનીતિઓ સાથે કોઈ છેડછાડ ન થઈ. તેમાં વિરોધપક્ષના હોવા છતાં પણ એ નેતાઓએ વિકાસનીતિઓને પીઠબળ આપવાનું ચાલુ રાખ્યું. આ બીજું મહત્ત્વનું ઉલ્લેખનીય પાસું છે.

ભારતમાં મોટાભાગના રાજ્યોને એકસરખી માર્ગદર્શિકા, યોજનાઓ, સંસ્થાકીય માળખું અને ભંડોળ પૂરાં પાડવાની નીતિ ઘડાઈ છે. જો કે, કેટલાંક રાજ્યોએ અન્ય રાજ્યો કરતાં બહેતર કામ કર્યું. પાંચ રાજ્યોએ કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદનમાં પ્રમાણમાં મજબૂત એવો ૬ ટકાથી વધારેનો વિકાસ દર હાંસલ કર્યો. ગુજરાત, તામિલનાડુ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને કર્ણાટક આ રાજ્યો છે. ઉત્તરપ્રદેશ, બિહાર અને ઉત્તર-પૂર્વ પ્રદેશના રાજ્યોનો દેખાવ નબળો હતો અને એ બધાં રાષ્ટ્રીય સરેરાશથી નીચે હતાં. પણ લગભગ બધાં જ રાજ્યોએ વિકાસ કર્યો. ઝડપી ઉદ્યોગીકરણ, વિકાસ માટેના માળખાં ઉપર ભાર, માનવ સંસાધનો ઉપર ધ્યાન સાથેનું ઝડપથી આવતું રોકાણ એ ગતિશીલ વિકાસના સર્વ-સામાન્ય કારણો છે. અન્ય રાજ્યોની અને એશિયાઈ વાઘ ગણાતાં રાષ્ટ્રોની સરખામણીમાં ગુજરાતે બહેતર વિકાસ કર્યો છે. ગરીબી રેખા નીચે જીવતા લોકોની સંખ્યા દેશમાં જ્યારે પચાસના શરૂઆતના દાયકામાં વિકાસ પ્રક્રિયા શરૂ થઈ ત્યારના ૮૦ ટકાથી ૧૩ ટકા સુધી લાવવામાં ગુજરાતે સફળતા મેળવી છે એ સમાનતાની ભાવના સાથે વિકાસ સાધ્યો છે.

સામાન્ય નિષ્કર્ષ ઉપર આવતાં પહેલાં ગુજરાતના જાહેર શાસન વિષે કેટલીક લાક્ષણિકતા ઉપર ધ્યાન આપવું જોઈએ. જાહેર શાસનનો મતલબ શાસન પદ્ધતિમાં ચૂંટાયેલા અને ચૂંટાયા વગરના સમાજના સભ્યો જેમણે લોકો સાથે વિવિધ સ્તરે સર્વાંગી પ્રબંધન અને કાર્યક્રમના અમલમાં ભાગ લીધો હતો તેમનો સમાવેશ થાય છે.

## વિકાસ પ્રક્રિયાની કેટલીક મહત્ત્વની લાક્ષણિકતાઓ નીચે મુજબ ગણાવી શકાય :

૧. ગુજરાતે કાર્યક્રમના વિષયવસ્તુમાં નવીનકારી પ્રયોગો પોતે જ કર્યા. ગ્રામીણ વિકાસમાં ગરીબ કુટુંબોને રાહતદરે અનાજ પૂરું પાડ્યું. શાળાના બાળકો માટે મધ્યાહ્ન ભોજન યોજના શરૂ કરાઈ. આ યોજનાઓને કારણે ગ્રામવિસ્તાર અને ગરીબ લોકોને આના સ્ત્રોતનો લાભ સીધો જ મળવા લાગ્યો. જિલ્લાસ્તરે સહકારી દૂધ મંડળીઓની સ્થાપના કરી અને ગામડાંઓમાં સંચાર વ્યવસ્થાવાળી સહકારી ડેરીઓ અમૂલના ધોરણે દરરોજ ગામડાંમાંથી દૂધ એકઠું કરીને એની રકમ પશુપાલકોને દર અઠવાડિયે રોકડા ચૂકવી દેવાની એવી વ્યવસ્થા સાથે કામ કરતી થઈ. આ વ્યવસ્થાથી ગામમાં રોકડ-નગદનો પ્રવાહ શરૂ થયો અને લોકોની બિનખેતી ઉત્પાદનોની અને શહેરીઓ દ્વારા વપરાતી ટકાઉ સામાન અને અન્ય ચીજોની માંગ વધી. આને લીધે એંશી અને નેવુંના દાયકામાં ઝડપી ઉદ્યોગીકરણનો માર્ગ ખુલ્લો થયો. આમ ગ્રામ અર્થકારણથી વસ્તુઓની માંગ વધી, જે અત્યાર સુધી ગામડાં પૂરતી જ હતી.

૨. સ્થાનીય સ્તરે યોજના બનાવવા જિલ્લા આયોજન બોર્ડ બનાવાયું. સ્થાનિક સ્તરની યોજનાઓની જરૂરિયાતો માટે એની પાસે કેન્દ્રસ્થ ભંડોળ હતું. બોર્ડમાં સ્થાનિક વિધાનસભ્યો અને તાલુકા પંચાયતોના પ્રમુખો હોય છે. જિલ્લાના બધા જ કાર્યક્રમો ઉપર નિયંત્રણ રાખવું બોર્ડની જવાબદારી બની રહી.

૩. પ્રેરિત ઔદ્યોગિક વિકાસનો (Induced Industrial Development) 'ગુજરાત નમૂનો' દેશને ગુજરાતે આપ્યો – જે અન્ય રાજ્યોએ સ્વીકાર્યો અને અમલમાં મૂક્યો.

- નાની અને મધ્યમ ઔદ્યોગિક વસાહતો અને ગૃહનિર્માણ ક્ષત્રો સાથેની વ્યાપક ઔદ્યોગિક વસાહતો ઊભી થઈ. આવી વસાહતોની કુલ સંખ્યા ૨૦૨ જેટલી થવા જાય છે.
- આ ઔદ્યોગિક વિસ્તારોમાં ૨૪ કલાક પાણી પુરવઠો, વીજળી, ટેલિફોનના જોડાણો, રેલવે શેડિંગ સાથેની વાહનવ્યવહાર સગવડો અને ગંદા પાણીના નિકાલ અને શુદ્ધિકરણ માટેના પ્લાન્ટ સાથેના જુદી જુદી સાઈઝના તૈયાર ઔદ્યોગિક ગાળા ઉપલબ્ધ કરાયા. હજીરા જેવી વિશાળ વસાહતમાં રિલાયન્સ, એસ્સાર અને એલ. એન્ડ ટી. જેવી કંપનીઓ કામ કરતી થઈ. મોટી વસાહતોના રહેણાક માટે પૂર્ણ સુવિધાવાળા નાનાં નગરો સ્થપાયાં.
- ઉદ્યોગ સાહસિકો પોતાનો ઉદ્યોગ સ્થાપવા બધી જ ઔપચારિકતા સરળતાથી પૂરી કરી શકે તે માટેની 'એક બારી'ની વ્યવસ્થા દરેક જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ઉપર કરાઈ.
- ઈન્ડેક્ષ-બી નામથી વધારાની ઔદ્યોગિક કચેરી રચાઈ. આ પાંખ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મિટિંગો ગોઠવે છે. મુખ્યમંત્રી કે ઉદ્યોગમંત્રીની આગેવાનીમાં વરિષ્ઠ અધિકારીઓ સંભવિત રોકાણકારો અને સાહસિકોને મળે છે અને તેમને ગુજરાતમાં રોકાણ કરવા આમંત્રિત કરે છે. બધાં રાજ્યો આને અનુસરવા લાગ્યાં.
- ચોક્કસ ઉત્પાદન માટે સામાન્ય સગવડોવાળી ઔદ્યોગિક વસાહત સ્થાપવામાં આવી છે. દાખલા તરીકે અંબાજી પાસે આરસપહાણ ઉદ્યોગ અને હિંમતનગરમાં ચિનાઈ માટીનો ઉદ્યોગ.
- ઔદ્યોગિક વિકાસના અગ્રિમ બળે ગુજરાતને સર્વાંગી વિકાસ સાધવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.
- બધાં સ્તરે સાહસિકોને પ્રોત્સાહન જ ઔદ્યોગિક વિકાસની ચાવી છે. એટલે સ્વરોજગાર, સેવાક્ષેત્ર અને ગ્રામીણ તથા શહેરી કારીગરોને તેમના વ્યવસાય માટે વિશિષ્ટ સહાય તથા લઘુએકમ ક્ષેત્રોને આધારભૂત યોજનાઓ વડે પ્રોત્સાહન.
- ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાંના નાના એકમોમાં જોખમમાં ભાગીદારી દ્વારા વિશિષ્ટ સહાય અપાઈ. શહેરો તેમજ અંતરિયાળ ગામડાંઓમાં ગુજરાત રાજ્ય ઉદ્યોગ વિકાસ નિગમ દ્વારા ઔદ્યોગિક ગાળા બનાવીને ભાડાપટ્ટે ઉપલબ્ધ કરાવાયા. ગુજરાત રાજ્ય

નાણાં નિગમના સહકારથી મૂડી અસ્ક્યામતો માટે નાણાં ઉપલબ્ધ કરાવાયાં અને બેન્કોએ કાર્યવાહી મૂડી માટે નાણાં ફાળવ્યા અને સરકારે મૂળ મૂડી માટે રોકડ રાહત પૂરી પાડી.

- આને કારણે લઘુ અને નાના વેપારીઓ, તાંત્રિક હુન્નર ધરાવતી વ્યક્તિઓ અને સમૃદ્ધ ખેડૂતોને ઉત્પાદન પ્રવૃત્તિમાં પ્રવેશની તક મળી.
- ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC)એ સંયુક્ત સાહસોને પ્રોત્સાહિત કર્યા. ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ (GSPC)એ તેલ અને વાયુ ઉત્ખનનને પ્રોત્સાહન આપ્યું અને શહેરોમાં ગૅસની પાઈપ લાઈનો પૂરી પાડવાની સેવા આપી.

૪. સાહસિકો માટે નાવીન્યપૂર્ણ તાલીમ કાર્યક્રમો તૈયાર કરીને શહેરી અને ગ્રામીણ કેન્દ્રોમાં યુવાનોને પોતાનાં એકમો સ્થાપવાની તાલીમ આપી. આ અનોખા કાર્યક્રમ લોકોને જણાવાય છે કે સામાન્ય લોકો પણ પોતાના ઉદ્યોગના માલિક બની શકે છે, સરકાર તેને માટે તાલીમ અને નાણાકીય સહાય પૂરી પાડે છે અને સાહસિકતા કોઈ એક વર્ગ કે ધનિકોનો ઈજારો નથી. પછી બધા રાજ્યોમાં આ કાર્યક્રમ અપનાવાયો. સાહસિકોને સ્વરોજગારથી ટચૂકડા અને ટચૂકડાથી લઘુ અને લઘુથી મધ્યમ અને એના પછી મોટા ઉદ્યોગ તરફ જવા માટે સીડી પૂરી પાડી. બેન્કેબલ યોજના પણ દાખલ કરાઈ અને આયોજનબદ્ધ અમલમાં મૂકાઈ. આમાં અરજદારે બેન્કને ફક્ત અરજી જ કરવાની રહેતી.

૫. દરેક ઘટકના મુખ્ય મથકે ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ શરૂ કરવામાં આવી જેને કારણે ગામડાંના યુવાનો માટે હુન્નર પ્રાપ્ત કરવાનું શક્ય બન્યું અને ઝડપી ઉદ્યોગીકરણ માટે જરૂરી કૌશલ ધરાવતી માનવશક્તિ ઉપલબ્ધ થઈ.

૬. સરકારી તેમજ ખાનગી ક્ષેત્રોનો ઉદ્યોગોમાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજી ઉપર ભાર મૂકાયો અને સંશાધન અને વિકાસ માટે સહાય અપાઈ. ઉચ્ચકક્ષાની તાલીમ માટે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન (NID), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફૅશન ટૉક્નોલૉજી (NIFT), સેન્ટર ફોર પ્લાનિંગ એડ ટૅક્નોલૉજી (CEPT), ગુજરાત સાયન્સ સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, માઈકા ઇત્યાદિ શિક્ષણ સંસ્થાઓ સ્થપાઈ.

૭. કૃષિ અને ગ્રામવિકાસના સર્વસમાવેશક કાર્યક્રમોને પ્રાથમિકતા અને પ્રોત્સાહન અપાયું. કૃષિ ઉત્પાદન બજારને પ્રોત્સાહન અપાયું. શરૂઆતમાં જિલ્લાસ્તરે અને ચાલુ કરાયા પછી ઘટકકેન્દ્રો સુધી આ કાર્યક્રમો વિસ્તારાયાં. ઉપરાંત સહકારી દૂધ મંડળીઓની વ્યાપક સંચાર વ્યવસ્થાથી અંતરિયાળ સ્થળોએ રોકડ ઉપલબ્ધ થઈ. અર્થતંત્ર ઉપર આની ગુણક અસર થઈ. વોટર-શેડ અને ક્ષાર નિવારકબંધ મોટા પાયા પર બનાવાયા. દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં મોટાપાયે પાણીનો સંગ્રહ કરવા માટે ‘ચેકડેમો’ અને ‘તળાવ’નો કાર્યક્રમ હાથ પર ધરાયો અને ૧ લાખથી વધુ ચેકડેમો લોકભાગીદારીથી બંધાયા. વૈજ્ઞાનિક ઢબે

ખેતી કરવા માટીની ગુણવત્તાનું વિશ્લેષણ કરવા અને ખેડૂતોને ઘેર બેઠાં માર્ગદર્શન પૂરું પાડવા કૃષિ મહોત્સવ શરૂ કરાયા. પોતાની જમીનમાં કયા પાકની ક્ષમતા છે તેની પણ ખેડૂતોને સલાહ સુભગ બની.

૮. આજ રીતે બારેમાસ ઉપયોગમાં આવે તેવા રસ્તાઓ બાંધવામાં આવ્યા અને બધાં ગામડાંઓને સાંકળી લેવામાં આવ્યા. ભારે વાહનવ્યહાર માટે ૪ લેન અને ૬ લેન મુખ્ય ધોરી માર્ગો બનતાં ગ્રામ્યકક્ષાએ ઉત્પાદન થતી વસ્તુઓ બજાર સુધી પહોંચાડવામાં સરળતા થઈ. સિત્તેરના દાયકામાં અંતરિયાળ વિસ્તારોમાં દૂધ પરિવહન માટેના રસ્તા બનાવવા જરૂરી નાણાકીય જોગવાઈ કરાઈ. છેલ્લા દાયકામાં ગામડાં અને ત્યાંના લોકોને ૨૪ કલાક વીજળી મળે તેવી વ્યવસ્થા થઈ છે.

૯. સરકારી નીતિઓમાં સમય સાથે ફેરફાર થાય છે જે હંમેશાં સંબંધિત સંગઠનો અને હિતધારકો સાથે ચર્ચાવિચારણા કર્યા પછી જ ઘડવામાં આવે છે. ફરિયાદ નિવારણ માટે ખુલ્લા દિલે ચર્ચા થાય છે. ઉદારીકરણ સાથે સરકારે આઈઆઈએમ, પાઈસવોટરહાઉસ એન્ડ આર્થર એન્ડરસન અને તાતા કન્સલટન્સી સર્વિસીઝ જેવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની સાથે ચર્ચા-વિચારણા કરવાનું પણ શરૂ થયું.

૧૦.ગુજરાતના લોકોની રાજકીય સભાનતાને કારણે ઉદ્યોગો જાગૃત બન્યા તથા પોતાની સામાજિક જવાબદારીઓ પ્રત્યે સભાન થયા. સ્વૈચ્છિક સંસ્થાઓ ગ્રામ વિકાસ કાર્યક્રમોમાં સહભાગી રીતે લોકો અને સરકાર વચ્ચે વિકાસની કડી થઈને કાર્ય કરતી થઈ. વોટર-શેડ, ચેકડમે, તળાવ, કારીગરો માટે તાલીમ કેન્દ્રો, આરોગ્ય કેન્દ્રો, શાળાના વર્ગખંડો અને સામાજિક સભાગૃહો અને ગરીબો માટે આવક ઊભી કરતી અનેક મૂલ્યવર્ધક યોજનાઓ વડે સરકાર, લોકો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ ભાગીદારીથી કામ કર્યું.

૧૧.ઉચ્ચ ન્યાયાલયમાં જાહેરહિતની અરજી થવાથી પ્રદૂષણ ફેલાવતાં એકમો પર્યાવરણની સુરક્ષાના પગલાં લેવા જવાબદાર બન્યા. પ્રદૂષણ ચિંતાનું કારણ બન્યું હતું. ગંદા પાણીના શુદ્ધિકરણના સામૂહિક—સામાન્ય પ્લાન્ટ માટે સરકાર આગળ આવી અને ગંદા પાણીના શુદ્ધિકરણના આવા પ્લાન્ટ નાખવા ૨૫ ટકા રોકડ સહાય આપવામાં આવી. બધાએ ભેગા મળીને આવા પ્લાન્ટ ચાલુ કર્યા.

૧૨.સૌથી મહત્ત્વનું એ હતું કે એક પછી એક સરકાર બદલાતી હતી. પણ નીતિઓ સ્થિર રહી. રાજકીય નેતૃત્વમાં ફેરફાર છતાં નીતિમાં સાતત્ય હતું. જાહેર થયેલી નીતિઓમાં આપેલા વચનો પૂરા કરાશે એવો રોકાણકારોમાં વિશ્વાસ હતો. આની સાથે રોકાણકારો માટે મિત્રતાપૂર્ણ વિકાસ તથા વહીવટીતંત્રના પીઠબળને કારણે દેશ-વિદેશમાંથી રોકાણ આકર્ષાયું. ગ્રામ્ય અને શહેરી અર્થતંત્ર ઉપર રોકાણની આગવી અસર થઈ. રોજગાર પૂરો પડાયો. સ્વરોજગાર અને જોબવર્કની તક પૂરી પાડતાં ટચૂકડા અને લઘુ ઉદ્યોગો ખુલ્યાં. નવી સદીમાં શ્રી મોદીના નેતૃત્વ હેઠળ વિકાસની પ્રગતિ અત્યંત વેગવાન બની. તેમણે

વાઈબ્રન્ટ ગુજરાત મહોત્સવને પ્રોત્સાહિત કર્યા તથા અનેક વિધવિવિધ પ્રોત્સાહક પગલાં ભર્યા. તે વડે ગુજરાત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કેન્દ્રસ્થાને આવ્યું.

અમારી ઉપરોક્ત માહિતીનો આધાર માહિતી નિયામક અને આર્થિકબ્યુરોના પ્રકાશનો અને માહિતી છે. અમે એમના આભારી છીએ.

## કૃતનિશ્ચયી વીરો વિશે થોડું

ગુજરાતના અનેક બુદ્ધિવંત અને ગતિશીલ અધિકારીઓએ ચૂંટાયેલા જાહેરનેતૃત્વ સાથે ખભેખભા મેળવીને આજે છે એવું વિકસિત ગુજરાત બનાવવા કામ કર્યું. આ સહુ નિષ્ઠાવાન કૃતનિશ્ચયી સનદી સેવાના અધિકારીગણની બૃહદ્શૃંખલાને આભારી હતું. ગ્રામ્યકક્ષાના કાર્યકરથી લઈને મુખ્ય સચિવ સુધી સહુના યોગદાન વિષે વર્ણન કરવું અઘરું છે. પણ વહીવટીતંત્રના બધા જ સભ્યોનો પૂરો ટેકો આમાં છે. એ લોકો ઘણીવાર ફરિયાદોનો જવાબ ફોન ઉપર પણ આપી દે છે. રાજકીય રીતે સભાન એવા ગુજરાતીઓ વહીવટી તંત્ર સાથે સારા જાહેરસંબંધ રાખે છે પણ પોતાની ચિંતા વ્યક્ત કરતાં કે અવાજ ઉઠાવતાં ગભરાતા નથી. વળી, એક વાર વિકાસનું કામ શરૂ થઈ ગયા પછી પોતાની મેળે આગળ પણ વધારે છે. તેમનો સહકારી અભિગમ સનદી અધિકારીને સામાન્ય વિકાસના લક્ષ્ય માટે કામ કરવા પ્રોત્સાહિત કરે છે. સહકારી નેતાગીરી અબજો રૂપિયાનું બજાર સંગઠન બનાવી શકે છે. અમૂલ પદ્ધતિ એનું ઉદાહરણ છે.

ગુજરાતને કેટલાક નોંધપાત્ર અને હિંમતવાળા સનદી અધિકારીઓ મળ્યા છે. એના પ્રથમ સચિવ શ્રી વી. ઈશ્વરને મુંબઈ, સૌરાષ્ટ્ર અને કચ્છથી આવેલા અધિકારીઓના સમૂહને એકત્રિત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

એમના અનુગામી શ્રી વી. એલ. ગિડવાનીએ આ કાર્યપદ્ધતિને સ્થિરતા આપી અને પ્રજાભિમુખ બનાવી. એમના પછી શ્રી લલિત દલાલ આવ્યા જેઓ વિકાસ મોર્ચે આક્રમક હતા અને તેમણે ઉદ્યોગીકરણને વેગ આપ્યો. શ્રી એચ. આર. પાટણકર, શ્રી એચ. કે. ખાન અને શ્રી એસ. એમ. ઘોષની ત્રિપુટીએ પીઠબળ આપ્યું. આક્રમક ઔદ્યોગિક વિકાસ નીતિ ઘડાઈ અને ઔદ્યોગિક ગાળા અને વસાહતોનું માળખું અમલમાં આવ્યું. સંયુક્ત સાહસોને અને નવા લોકોને ઉદ્યોગ સાહસિકો બનવા પ્રોત્સાહિત કરાયાં. અતિ સરળ એવા શ્રી એચ. કે. એલ. કપૂર, ૧૯૭૬માં મુખ્ય સચિવ બન્યા. એમણે ગ્રામ્ય અને ખેતી વિકાસ ઉપર ભાર મૂક્યો. એમના પછી શ્રી પી. વી. ચંદ્રમૌલિ અને શ્રી એમ. શિવજ્ઞાનમ આવ્યા. બંને કડક અધિકારીઓ હતા, કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓને ખડે પગે રાખતા.

નેવુંના દાયકામાં મુખ્ય સચિવ તરીકે શ્રી પાટણકર અને શ્રી એચ. કે. ખાન ઉદ્યોગો, બંદર વિકાસ, માર્ગ સંપર્ક અને જાહેર-ખાનગી ભાગીદારી ઉપર વધારે ભાર મૂકીને ગુજરાતને એક નવી ઊંચાઈએ લઈ ગયા.

એમના અનુગામી તરીકે આવેલા શ્રી ડૉ. કે. વી. હરિહરદાસ, આર. બાલકૃષ્ણન, એસ. કે. શેલત, એ. એન. મુકુંદન, સી. સુબ્બારાવ, પી. કે. લહેરી, સુધીર માંકડ, ડૉ. મંજુલા સુબ્રમણ્યમ, ડી. રાજગોપાલન, એ. કે. જ્યોતિ, વરેશ સિન્હા અને ડી. જે. પાન્ડિયન – બધાએ આજે જે છે એ વિકસિત ગુજરાતની પ્રગતિમાં નેતૃત્વ પૂરું પાડવાનું ચાલુ રાખ્યું.

શ્રી એન. વિઠ્ઠલે આરોગ્યસેવાના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. ઇજનેરો શ્રી વી. પી. કામદાર અને શ્રી રાઠોડે રસ્તાઓના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું. નર્મદા બંધની નહેરનું કામ વેગીલું બનાવવાનું કામ શ્રી પ્રવીણભાઈ લહેરીએ કર્યું. બંદરમાળખાના વિકાસકાર્યમાં શ્રી એ. ડી. દેસાઈએ મહત્ત્વનો ભાગ ભજવ્યો. શ્રી આર. પાર્થસારથી (સિનિયર)એ માઈક્રોલેવલ પ્લાનિંગ દાખલ કર્યું અને તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ આયોજન મંડળો સ્થાપ્યાં. શ્રી સુરેશ શર્માએ પ્રાથમિક શિક્ષણને વ્યવસ્થિત બનાવ્યું. શ્રી નાનુભાઈ દવેએ નર્મદા યોજનાના વિસ્થાપિતો માટે પુનઃવસનની કામગીરી સારી રીતે ગોઠવી. કચ્છના પ્રચંડ ભૂકંપને લીધે ખંડેર થઈ ગયેલી કલેક્ટર ઑફિસમાંથી શ્રી અનિલ મુકિમે રાતદિવસ કામ કર્યું. એવી બીજી અનેક વ્યક્તિઓનો ખૂબ સક્રિય સહયોગ મળ્યો છે. અત્રે એ સહુનો ઉલ્લેખ શક્ય બન્યો નથી, જેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

આમાં મહત્ત્વનું એ છે કે લોકોને કેન્દ્રમાં રાખી એમની જરૂરિયાતો સમજી વહીવટીતંત્રએ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને રાજ્યસ્તરે પ્રધાનમંડળ અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે કામ કરીને એક સંકલિત વહીવટ વ્યવસ્થા બનાવી.

આનો અર્થ એવો નથી કે તંત્રમાં કોઈ અવરોધક વ્યક્તિઓ કે સ્થાપિત હિતો નહોતાં અને સંસ્થાકીય રાજકારણ નહોતું. બધા અવરોધોને પાર કરીને વિકાસને મધ્યમાં રાખી તંત્ર આગળ ધપતું રહ્યું.

આનો અર્થ એવો પણ નથી કે ગુજરાતે બધું મેળવી લીધું છે. ઔદ્યોગિક અને બીજી રીતે પણ હજુ કેટલાક પછાત વિસ્તારો છે. ત્યાં ઔદ્યોગિક વિકાસ માટેના પ્રોત્સાહનના પગલાં કેટલીક આગળથી ચાલી આવેલી નબળાઈઓને કારણે કારગત નથી થયાં. તેવા વિસ્તારોમાં વિકાસ માટે વૈકલ્પિક વ્યૂહરચનાની જરૂર છે. ગુજરાતમાં લગભગ ૫ ટકા જેટલા વિકલાંગો છે અને મોટા ભાગનાને હજુ સુધી કોઈ સહાય મળી નથી. આ સંખ્યા આશ્ચર્યજનક એવી ૨૫,૦૦,૦૦૦ જેટલી છે. કેટલાક પ્રાથમિક યુગના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારો છે. ગ્રામીણ વિસ્તારો અને શહેરી ઝૂંપડપટ્ટી છે જ્યાં આરોગ્ય અને શિક્ષણવ્યવસ્થા અત્યંત કંગાળ હાલતમાં છે ત્યાં પૂરતાં સામાજિક માળખાંની જરૂર છે. કેટલાંક ગામડાંઓમાં પીવાલાયક સલામત ચોખ્ખા પાણીનો પુરવઠો નિશ્ચિત નથી. ગ્રામપ્રજામાં એવી લાગણી છે કે અમુક લોકોને જ વિકાસનો લાભ મળ્યો છે અને પ્રગતિ કરી રહ્યા છે. બીજા કેટલાંક લોકો વિકાસના લાભથી વંચિત રહ્યા છે. બધી જ જ્ઞાતિઓ પટેલ, બ્રાહ્મણ, પછાત અને અનુસૂચિત જનજાતિઓ તેમજ અન્ય સર્વમાં ગરીબ અને શ્રીમંત લોકો છે. આને કારણે સમાજિક તણાવ

અને નાના મોટા આંદોલનો થયાં કરે છે. વિકાસના લાભથી વંચિત રહેલા કુટુંબોને પ્રાધાન્ય આપી બહાર લાવવા જોઈએ.

ગુજરાતની કથા આજીવિકા માટેના ચિરંતન વિકાસની છે. એણે સમાજના પ્રત્યેક ઘટકોને આવરી લીધો છે. વિકાસના પ્રથમ ચરણમાં અને અણધારી પ્રતિકૂળતાઓનો સામનો કરવો પડ્યો. પણ, ધીરેધીરે બધી જ પ્રતિકૂળતાઓ દૂર કરાઈ. બીજું ચરણ સિત્તેરના પાછલા દાયકામાં શરૂ થયું અને ગ્રામ્ય અર્થતંત્રને વેગ મળ્યો. સર્વાંગી વિકાસને પણ નવી સદીમાં ત્રીજા ચરણમાં રાજકીય સ્થિરતાને કારણે ઝડપી વિકાસદરનું બળ મળ્યું. આ કથા સમાનતા સાથેના વિકાસની છે. પણ દરેક જગ્યાએ બને છે તેમ વિકાસના ફળોથી વંચિત લોકો સામાજિક તણાવ પેદા કરે છે. ગુજરાત આ પડકારનો સામનો કરવા સજ્જ છે, જાહેર નેતૃત્વ અને શાસન તૈયાર છે.

આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને ત્રણ ટ્રિલિઅનની અર્થવ્યવસ્થા પર લઈ જવાનું ધ્યેય નિર્ધારીત કર્યું છે. આ માટે રાજ્ય તરીકે ગુજરાત સૌથી મોટો ફાળો આપવો પડશે. અત્યાર સુધીના ૧૧%ના વિકાસ દરને ૨૫% સુધી લઈ જવો પડશે. ગુજરાતની લોકનેતાગીરી, વહીવટીતંત્ર, ઉદ્યોગ સાહસિકો, ખેડૂતમિત્રો અને તમામ લોકો સાથે મળીને આ વિકાસ દર સાધશે, છેવાડાના પરિવારો સહિત સહુને લાભાન્વિત કરશે અને ગુજરાત એક સમૃદ્ધ રાજ્ય તરીકે વિકસશે અને છેલ્લા ૭૦ વર્ષમાં ગુજરાતમાં જે વિકાસ થયો તેનાથી અનેકગણો વિકાસ આવતા દાયકામાં થશે તેની અમને પૂરેપૂરી ખાતરી છે.







# માનનીય મુખ્ય મંત્રીશ્રીનું ભાવિદર્શન

## માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ભાવિદર્શન વિશે જણાવ્યું :

"વડાપ્રધાન અને ત્યારના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું દર્શન હતું કે વહીવટીતંત્ર ફક્ત અમલદારોએ ઘડેલી અને વિધાનસભાએ પસાર કરેલી નીતિઓ પરના અમલને વળગી ન રહે. સરકાર દ્વારા કરાતી બધી જ કામગીરીને એમણે માનવતાનો સ્પર્શ આપ્યો. સ્પષ્ટપણે ૨૦૦૧થી ૨૦૦૪માં ગુજરાત સરકાર દ્વારા કરાતી દરેક પહેલનો પાયો એ હતો કે દરેક નીતિ સમગ્ર સમાજ અને માણસની જિંદગીના રોજિંદા પાસાંને આવરી લે.

સરકારીતંત્રમાં સમાવેશ કરાયેલા માનવતાના સ્પર્શને અમલદારશાહી દ્વારા ભૂમિકક્ષાએ લઈ જવો અને વિકાસની પ્રક્રિયાને વણથંભી સફળતા અપાવવી. હવે આ વેગીલા વિકાસને એના અંતિમ ધ્યેય હાંસિયામાં રહેલા લોકો સહિતના સહુના હિત સુધી પહોંચાડવાની જવાબદારી આપણી છે."

**સરકાર દ્વારા તાજેતરમાં કરાયેલી કેટલીક પહેલ નીચે મુજબ છે :**

- વિસ્તૃત આધારવાળા અને ટકાઉ ભાવિ વિકાસને ધ્યાને રાખીને ગુજરાત સરકાર આવા પ્રારંભ અને પહેલને ભવિષ્યમાં પણ ચાલુ રાખશે.
- એવી ધારણા છે કે આવી પહેલ થકી વિકાસની પ્રગતિ અને ટકાઉપણા માટે કેટલાક એવા વિકાસકેન્દ્ર પેદા થશે જેથી વ્યવસાયી હરીફાઈમાં સુધારો થાય અને લોકોની વધતી અપેક્ષાઓ પૂરી કરવામાં ઉપોયગી થાય.
- કેટલાક વિકાસ લક્ષ્યોને હાંસલ કરવા માટે ગતિશીલ ગુજરાત મહોત્સવ, વાઈબ્રન્ટ ગુજરાત સમિટ વગેરે પ્રારંભોને ચાલુ રખાયેલ છે.
- દેશના અને બહારના વિશ્વના વિદ્યાર્થીઓ માટે આકર્ષણરૂપ ગુજરાત હવે શિક્ષણના એક ધમધમતા કેન્દ્ર તરીકે વિકસી રહ્યું છે.
- દેશના પ્રથમ આંતરરાષ્ટ્રીય નાણાં સેવા કેન્દ્ર (આઈ.એફ.એસ.સી.) અને કેન્દ્ર સરકારના સ્માર્ટ સિટી પહેલના ભાગ રૂપે ગુજરાત આંતરરાષ્ટ્રીય નાણાં ટેક (ગિફ્ટ સિટી)નો વિકાસ કરી રહ્યું છે.

- જાપાનના સહયોગથી અમદાવાદ-મુંબઈ વચ્ચે સુપર ફાસ્ટ ટ્રેન (બુલેટ ટ્રેન) યોજનાનું કામ ચાલી રહ્યું છે.
- સુરત, અમદાવાદ, વડોદરા અને રાજકોટ પાસે નવાં સ્માર્ટ શહેરો આકાર લઈ રહ્યાં છે.
- અત્યાર સુધી ગુજરાતની ગણના એની જાહેર અને ખાનગી કંપનીઓ દ્વારા કરાતા પેટ્રોલિયમ શુદ્ધીકરણની ક્ષમતાને કારણે પેટ્રોલિયમના પાટનગર તરીકે થતી હતી. પણ હવે રોકાણોમાં વિવિધતા લાવવાથી તાતા મોટર્સ, મારૂતિ સુઝુકી, ફોર્ડ અન હોન્ડા જેવી કંપનીઓએ પોતાના પ્રકલ્પો ગુજરાતમાં શરૂ કરતાં ગુજરાત હવે મોટર ઉદ્યોગોનું ધમધમતું કેન્દ્ર બન્યું છે.
- મોટરવાહન ઉત્પાદન ક્ષેત્રની કંપનીઓના રોકાણને કારીગરોના હુન્નર વિકાસ સાથે જોડવામાં આવ્યું છે.
- ૩૦૦૦ જેટલા આદિવાસી યુવાનોને દર વરસે હુન્નરની તાલીમ આપવા ધરમપુર અને હાલોલ ખાતે વ્યવસાયી તાલીમ કેન્દ્ર સ્થપાયાં છે. આ તાલીમમાં તાલીમબદ્ધ થયેલ યુવાનોને રોજગાર માટે, ઉદ્યોગો સાથે જોડવામાં આવ્યા છે.
- વડનગર, જૂનાગઢ, હિંમતનગર, પાટણ અને નડિયાદ ખાતે નવ મૅડિકલ કૉલેજોની સ્થાપના થઈ છે.
- અમદાવાદ, ગાંધીનગર ખાતે મહાત્મા ગાંધી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટરપ્રિન્યોરશીપ સ્થાપવા સહયોગ માટે લેવાનારા પગલાંની યોજના માટે સમજૂતીનો દસ્તાવેજ (એમઓયુ) કરાયો છે.
- કાપડઉદ્યોગ તરફી નીતિઓને કારણે રોકાણ વધ્યું છે. ભારતનું સૌથી વધુ વણાટ એકમ કચ્છમાં શરૂ થયું છે અને નિકાસમાં પણ વૃદ્ધિ થઈ છે.
- એક વિશાળ સૌરઊર્જા કાર્યક્રમ અમલમાં છે અને ખેડૂતોને ૧૩.૫ અશ્વશક્તિ ધરાવતા સૂર્યની શક્તિથી ચાલતા પંપ આપવાની દરખાસ્ત છે.
- બંદરોના વિકાસ માટે જરૂરી માળખું બનાવવા ગુજરાત મેરીટાઈમ નિગમે એક મેરીટાઈમ જૂથ વિકસાવ્યું છે.
- મિલકતના દસ્તાવેજો અન નકશાના રેકોર્ડ, રાહતની અરજી, અધિગ્રહણ ન કરાયેલી જમીનની પરવાનગી ઓન લાઈન થઈ શકે તે માટે ડિજિટલાઈઝેશન થઈ રહ્યું છે.
- સ્વદેશી પશુઓ અને ભેંસની નસલોમાંથી ગુજરાત ઊંચી ગુણવત્તાની નસલ ધરાવતા બળદો તૈયાર કરી રહ્યું છે.
- જૈવિક ખેતીની નીતિના અમલ માટે ગુજરાત સરકારે એક વિભાગીય શાખા બનાવી છે.

- ગ્રામસ્તરે પ્રજાની વ્યક્તિગત ફરિયાદોના નિરાકરણ માટે 'સેવાસેતુ' નામનો કાર્યક્રમ શરૂ કરાયો છે. નવી સદીમાં ઝડપી વિકાસ પ્રક્રિયા વડે ગુજરાત અને ગુજરાતીઓ વધુને વધુ ઉન્નત બની રહ્યા છે.
- ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે લાખોની સંખ્યામાં સુવિધાયુક્ત પાકા મકાનો આપવામાં આવ્યા છે.
- ખેડૂતોને ઝીરો ટકા વ્યાજથી ધિરાણ માટે રૂ. ૫૦૦ કરોડનું રિવોલ્વિંગ ફંડ ઊભું કરવામાં આવ્યું. તેમજ રૂ. ૮૫૦૦ કરોડથી વધુ કૃષિ ઉત્પાદનોની સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી છે.

**જય જય ગરવી ગુજરાત**

**જય હિંદ**

# સંસ્થા પરિચય

## નેશનલ કાઉન્સિલ ફોર ક્લાયમેટ ચેન્જ, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ પબ્લિક લીડરશિપ : ટકાઉ વિકાસ અને સુરક્ષિત નિર્વાહ



નવી સદીમાં વિશ્વમાં આબોહવામાં થઈ રહેલું પરિવર્તન પડકારજનક છે. હવામાનમાં થતી અણધારી ઘટનાઓ પૃથ્વીવાસીઓ પર ખૂબ માઠી અસર કરે છે. આબોહવામાં થતું પરિવર્તન વૈશ્વિક ગરમી અને વધતી જતી ગ્રીન હાઉસના કારણે છે. વૈશ્વિક ગરમી એવી આંતરરાષ્ટ્રીય ઘટના છે જેની પ્રતિકૂળ અસર સ્થાનિક સ્તરે પણ થાય છે. સૌથી વધારે ગંભીર અસર ગામડાંઓ, ખેતરો અને ખેડૂત ઉપર થઈ છે. જળરેલો, વાવાઝોડાં, વરસાદમાં વિલંબ, દુકાળ, ભારે વરસાદ, એક જ દિવસમાં અતિવૃષ્ટિ, કમોસમી ગરમ અને શીતલહેર તથા હિમવર્ષા, આ બધાંની અસરથી પાક નિષ્ફળ થાય છે કે ઉત્પાદકતા ઓછી થાય છે. મરઘાં-બતકાં, પશુધન અને માછલીઓ ઉપર પણ ગંભીર અસર થાય છે. આને પરિણામે ખોરાકની અછતનો પડકાર ઊભો થઈ શકે છે.

આના સંદર્ભમાં ડૉ. કિરીટ શેલતે ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ''વૈશ્વિક ગરમી, ખેતી, ટકાઉ વિકાસ અને જાહેર નેતૃત્વ'' વિષય ઉપર આંતરરાષ્ટ્રીય પરિષદ યોજી સંવાદની પહેલ ૨૦૧૦માં કરી. પરિષદનું પરિણામ દ્વિપરિમાણી હતું. ભારતીય આયોજન પંચના સલાહકાર ડૉ. સદામતેવે આયોજન પંચમાં આબોહવામાં પરિવર્તન માટે વધારે સજ્જ થવા ડૉ. કિરીટ શેલતના વડપણ હેઠળ એક પેટાજૂથ બનાવ્યું અને સાથોસાથ અમદાવાદ ખાતે રાષ્ટ્રીય

પરિષદ – આબોહવા પરિવર્તન, ટકાઉ વિકાસ અને જાહેર નેતૃત્વ (એનસીસીએસડી) નામની એક વિશિષ્ટ હેતુવાળી કૃષિ કેન્દ્રિત બિનસરકારી સંસ્થા બનાવવાનો વિચાર કર્યો. ભારતની વરિષ્ઠ ન્યાયાલયના માજી ન્યાયાધીશ શ્રી બી. પી. સિંહ સંસ્થાના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળવા સંમત થયા.

આ સંસ્થાને મહાન કૃષિવૈજ્ઞાનિક અને હરિતક્રાંતિના આગેવાન ડૉ એમ. એસ. સ્વામિનાથન, શ્રી પરશોત્તમ રૂપાલા, ડૉ. વી. એસ. રાજન અને કાંતિસેન શ્રોફ એ બધાની મદદ અને આશીર્વાદ મળ્યાં. સપ્ટેમ્બર, ૨૦૧૦માં કાર્યકારી પ્રમુખ તરીકે ડૉ. કિરીટ શેલત અને શ્રી બી. પી. સિંહના પ્રમુખપદ હેઠળ સંસ્થા શરૂ થઈ.

'એનસીસીએસડી' સંસ્થાએ પોતાના કાર્યધ્યેયની શરૂઆત નીતિ ઘડવા અને ખેડૂતો અને યુવાનોમાં ક્ષમતા ઊભી કરવા તાલીમ કાર્યક્રમ માટે વૈચારિક જૂથની મુલાકાતો યોજીને કરી. મુખ્ય ધ્યેય ખેડૂતો અને વહીવટીતંત્રને આબોહવા પરિવર્તન માટે તૈયાર કરવાનું હતું. આને આનુસંગિક અનેક પહેલ કરાઈ.

- રાષ્ટ્રીય સ્તરે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર ક્લાઈમેટ રિઝિલ્યન્ટ એગ્રિકલ્ચરની આઈસીએઆર ઇન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચ દ્વારા શરૂઆત કરાઈ. આ માટેની ક્ષમતા ઊભી કરવાના એક ભાગ તરીકે ખેડૂતો આબોહવા સ્થિતિસ્થાપક ખેતી વિકસાવી શકે તે માટે એક માર્ગદર્શિકા પુસ્તક એનસીસીએસડીએ તૈયાર કર્યું.
- એનસીસીએસડી એ 'આબાહવાનો ન્યાય' વિષય ઉપર એક આંતરરાષ્ટ્રીય પરિષદ બોલાવી. પરિષદનું ઉદ્‌ઘાટન ભારતના સર્વોચ્ચ ન્યાયાધીશે કર્યું. ખેડૂતોને સ્પર્શતા મુદ્દા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું અને પરિણામે બેન્કમાં ખાતું ન ધરાવતા હોય એવા ખેડૂતોને પણ આવરી લેતી પાકવિમા નીતિ ઘડાઈ.



નવી દિલ્હી ખાતે ગોળમેજી ચર્ચાસત્રમાં માન. રાજ્યપાલશ્રી, ગુજરાતના માન. મુખ્ય ન્યાયમૂર્તિ, સર્વોચ્ચ અદાલત, ભારત; મુખ્ય ન્યાયાધીશ વડી અદાલત તથા શિક્ષણમંત્રીશ્રી, ગુજરાત

- આબોહવામાં પરિવર્તનના પડકારનો સામનો કરવા યુએનએફસીસી, યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ દ્વારા યોજાયેલી આંતરરાષ્ટ્રીય બેઠક ''પક્ષકારોની પરિષદ''માં એનસીસીએસડી એ ભાગ લીધો. આ સભામાં થયેલી ચર્ચામાં ખેડૂત અને ખેતીને સ્થાન ન હતું  એ ધ્યાનમાં આવ્યું. પ્રાકૃતિક કોપના શમનના શસ્ત્ર તરીકે ખેતી એ સ્વાભાવિક સાધન હતું એ હકીકત ન સ્વીકારાઈ. એનસીસીએસડી એ સમાંતર કાર્યક્રમો અને પ્રદર્શન આયોજિત કર્યા. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની આગેવાનોની મુલાકાત પણ લેવાઈ અને ખેતી કેવી રીતે માઠી અસરોનું શમન કરી શકે છે તે સમજાવાયું. પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયા વાતાવરણમાંથી અંગારવાયુ શોષી લે છે અને હલકી અને ખરાબાની જમીન ઉપર ખેતી વિસ્તારવાથી અંગારવાયુના શોષણ સાથે રોજગાર અને વધુ ખોરાક પૂરાં પાડી શકાય છે
- NCCSD એ સી.ઓ.પી. (કોન્ફરન્સ ઑફ પાર્ટિસ્-પક્ષકારોની પરિષદમાં) ખેતીને પ્રાથમિકતા અપાવવામાં સફળતા મેળવી. અન્ન સુરક્ષા, અન્ન ઉત્પાદન, ટૅક્નોલૉજીનું હસ્તાંતરણ અને ક્ષમતા ઊભી કરવાના મહત્ત્વને પેરિસ સમજૂતિમાં સ્વીકારાયું.
- એફ.એ.ઓ. (ફૂડ એન્ડ એગ્રિકલ્ચર ઓર્ગેનાઈઝેશન ઓફ ધી યુનાઈટેડ નેશન્સ)ને આ વિચાર ગમ્યો. ''ગ્લોબલ એલાયન્સ ફોર ક્લાઈમેટ સ્માર્ટ એગ્રિકલ્ચર'' (GACSA) નામની વિશેષ હેતુવાળી એક સંસ્થાની એણે રચના કરી.
- ૨૦૧૪માં અમેરિકાની ફ્લોરિડા એ એન્ડ એમ યુનિવર્સિટી (FAMU) સાથે ક્લાઈમેટ સ્માર્ટ ખેડૂતો તૈયાર કરવા એનસીસીએસડી એ ટૅક્નોલૉજીનું યુનાઈટેડ સ્ટેટ્સ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટની સહાયથી એફએએમયુએને આપણા ખેડૂતોને તાલીમ આપવા અમેરિકન વૈજ્ઞાનિકોને બોલાવવામાં મદદ કરી. માંડવી કચ્છની વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ (VRTI) એ ખેડૂતો માટે તાલીમ કેન્દ્ર સ્થાપ્યું. અમેરિકાના ૨૬ વૈજ્ઞાનિકો ભારતની મુલાકાતે આવ્યા અને ખેડૂતો અને તાલીમ આપનારાઓને એ જ સંકુલમાં છેલ્લા બે વરસથી ઉપરના સમયગાળા દરમિયાન તાલીમ આપી. જમીન ગુણવત્તા પ્રયોગશાળા, હવામાનનો વર્તારો, પ્રત્યક્ષ દર્શન તથા નિદર્શન માટેના ખેતરો અને ખેડૂતો માટે ટૅક્નોલૉજી સાથેનો આ પ્રૉજેક્ટ એફ.એ.એમ.યુ., એન.સી.સી.એસ.ડી. અને વી.આર. ટી.આઈ.નું સંયુક્ત સાહસ છે.
- આ પ્રૉજેક્ટનું મહત્ત્વનું પરિણામ ''બિલ્ડિંગ સ્માર્ટ ફાર્મર્સ – એ ગાઈડબુક ઓન ડબલિંગ ઈન્કમ ઓફ ફાર્મર્સ ઈન એરેના ઑફ ક્લાઈમેટ ચેન્જ'' – લેખક ડૉ. કિરીટ એન. શેલત અને સહ લેખક ફ્લોરિડા એગ્રિકલ્ચર એન્ડ મિકેનિકલ

યુનિવર્સિટી (FAMU), અમેરિકાના ઓડેમારી એમબુઆ દ્વારા ખેડૂતો માટેનું આ પ્રકાશન ભારત-અમેરિકાના સહયોગનું પરિણામ છે. આ પુસ્તક વડાપ્રધાને ખેડૂતોની આવક બમણી કરવાની કરેલા આહ્‌વાનનો જવાબ છે. આ પુસ્તક ખેડૂતો આબોહવામાં પરિવર્તનની માઠી અસરોને સમજીને એને સંભાળવા સ્થિતિસ્થાપક રીતોનો ઉપયોગ કરી પોતાની મેળે જ આવક વધારી શકે એ માટેની માર્ગદર્શિકા છે.

- ‘કૃષિ મહોત્સવ, ૨૦૧૮’ના ભાગરૂપે આ માર્ગદર્શિકા-પુસ્તિકા દરેક ગામમાં ઉપલબ્ધ કરાઈ છે. રાષ્ટ્રીય સ્તરે તેમજ બધાં રાજ્યો પોતાના ખેડૂતો માટે વાપરી શકે એટલે તેની અંગ્રેજી અને હિંદી નકલો ઉપલબ્ધ કરાઈ છે.

એન.સી.સી.એસ.ડી.-સાહિત્ય મુદ્રણાલય પ્રાઈવેટ લિમિટેડ સાથે સંયુક્ત રીતે ‘‘ડેવલપિંગ ગુજરાત – માય મે’મરિઝ’’ ‘‘વિકસતું ગુજરાત – સહયાત્રા’’ પુસ્તકનું પ્રકાશન કરતાં ખુશી અનુભવે છે. ડૉ. શેલતે વિકાસ પ્રક્રિયાની વિગતો સમજાવતું પુસ્તક ‘મૅપિંગ ડેવલપમેન્ટ’ – ‘ગુજરાતના વિકાસના નકશા’ લખ્યું છે. હાલનું પુસ્તક જેમણે પોતે જ આ પ્રક્રિયામાં ભાગ લીધો છે તેમના એકત્રિત પ્રયાસો અને કયા કયા પ્રકારની પહેલને કારણે ગુજરાતે ટકાઉ આજીવિકા વિકસાવી તેનું વર્ણન છે. આ પ્રક્રિયામાં આવો આ એક પ્રાંત જે અર્ધવિકસિત હતો એ બદલાઈને ૬૦ વરસમાં વિકસિત રાજ્ય બની ગયું અને તે પણ વિકસિત વિશ્વના ભાગોની જેમ પોતાની ઓળખ ગુમાવ્યા વિના.

સુશ્રી નિશાબેન શાહ

**સંપર્ક**

**સુશ્રી નિશાબેન શાહ** (સી.ઈ.ઓ.)
**એન.સી.સી.એસ.ડી.**
નેશનલ કાઉન્સિલ ફોર ક્લાઈમેટ ચેન્જ
સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ પબ્લિક લીડરશીપ,
પટેલ બ્લોક, રાજદીપ ઈલેક્ટ્રોનિક્સ કંપાઉન્ડ, સ્ટેડિયમ છ રસ્તા પાસે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન/ફેક્સ : (૦૦૯૧૭૯) ૨૬૪૨૧૫૮૦
Email : drkiritshelat@gmail.com





માનનીય રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી દ્વારા પૂર્વ મુખ્ય મંત્રીશ્રીઓ તથા ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં ''ડેવલપિંગ ગુજરાત - માય મે'મરિઝ''ના વિમોચન વેળાએ
તા. ૨૬-૧૧-૨૦૧૮




SHRI BHAGWATI TRUST
WELCOMES YOU TO THE RELEASE OF THEIR PUBL
MAPPING DEVELOPMENT
AUTHORED BY
DR. KIRIT N. SHELAT

## લેખકના અન્ય પુસ્તકો/પ્રકાશન

- પ્લાનિંગ ફોર રૂરલ ડેવલપમેન્ટ (ગ્રંથ - ૧)
  ગ્રામીણ વિકાસ માટે માઈક્રો સપાટીએ આયોજન માટેની મેથોડોલોજી - ૧૯૮૦
  ગુજરાત રાજ્ય ગ્રામીણ વિકાસ નિગમ - ગાંધીનગર, ગુજરાત, ભારત

- પ્લાનિંગ ફોર રૂરલ ડેવલપમેન્ટ (ગ્રંથ - ૨)
  ગ્રામીણ વિકાસ કાર્યક્રમનું મૂલ્યાંકન-ક્ષેત્રીય અધિકારીઓ માટે ગાઈડલાઈન્સ - ૧૯૮૨
  ગુજરાત રાજ્ય ગ્રામીણ વિકાસ નિગમ, ગાંધીનગર, ગુજરાત-ભારત

- ઈવોલ્યુશન ઓફ રૂરલ ડેવલપમેન્ટ
  ૧૯૮૮ - કાથાન એજ્યુકેશન કોમ્યુનિકેશન યુનિટ, અમદાવાદ, ભારત

- મેપિંગ ડેવલપમેન્ટ
  ગુજરાતના અનુભવના આધારે
  (ઇંગ્લિશ આવૃત્તિ) અપ્રિલ ૨૦૦૩ - શ્રી ભગવતી ટ્રસ્ટ, અમદાવાદ
  (ગુજરાતી આવૃત્તિ) મે ૨૦૦૪ - નવભારત પબ્લિકેશન, અમદાવાદ, ભારત

- તાલુકા અને ગામ ઉત્પાદન યોજના
  મે ૨૦૦૫ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ, ગુજરાત, ભારત

- મેન્યુઅલ ફોર ફાર્મર્સ ફોર ક્રોપ પ્રોડક્શન પ્લાન
  મે ૨૦૦૫ (ખેડૂત માર્ગદર્શક-ગુજરાતી આવૃત્તિ) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ, ગુજરાત, ભારત

- પરમપૂજ્ય શ્રી પ્રમુખસ્વામી મહારાજનું જીવનચરિત્ર
  "યુગપુરુષ" - અંગ્રેજી આવૃત્તિ ૨૦૦૪ ગુજરાતી આવૃત્તિ ૨૦૦૫, હિંદી આવૃત્તિ ૨૦૦૬, તેલુગુ આવૃત્તિ ૨૦૦૭ શ્રી ભગવતી ટ્રસ્ટ, અમદાવાદ

- કૃષિ મહોત્સવ - ૨૦૦૫
  કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર, ઓગષ્ટ ૨૦૦૫

- વોટ એઈલ્સ અવર એગ્રિકલ્ચર - ૨૦૦૭
  શ્રી ભગવતી ટ્રસ્ટ, એપ્રિલ - ૨૦૦૭
- લીડરશીપ બાય ચોઈસ એન્ડ નોટ બાય ચાન્સ (અંગ્રેજી)
  શ્રી ભગવતી ટ્રસ્ટ, જુલાઈ - ૨૦૦૮
- નેતૃત્વ પસંદગીથી નહીં કે પ્રારબ્ધથી, ગુજરાતી ડિસેમ્બર ૨૦૦૯,
  નવસર્જન પબ્લિકેશન
- ન્યાયમૂર્તિ શ્રી નાનુભાઈ શેલત સ્મૃતિગ્રંથ - જૂન - ૨૦૦૮
- સસ્ટેનેબલ ડેવલપમેન્ટ -ગ્રીન સોલ્યુશન ટુ ગ્લોબલ વોર્નિંગ - ૨૦૧૦
- એપ્લાઈડ બાયો ડાયવર્ઝિટી ફોર સસ્ટેનેબલ એગ્રિકલ્ચર ૨૦૧૧, લીડરશીપ એન્ડ ગ્રીનર એગ્રિકલ્ચર ઈન ધ અરેના ઓફ ક્લાઈમેટ ચેન્જ - ૨૦૧૨
- ક્લાઈમેટ સ્માર્ટ એગ્રિકલ્ચર - ધી વે ફોરવર્ડ, ઇન્ડિયન પર્સ્પેક્ટિવ, ઓક્ટોબર, ૧૦૧૪
- વલ્નરાબિલિટી ઓફ એગ્રિકલ્ચર, વોટર એન્ડ ફિશરીઝ ટુ ક્લાઈમેટ ચેન્જ - સ્પ્રિંગર - ૨૦૧૪
- ક્લાઈમેટ ચેન્જ મોડલિંગ, પ્લાનિંગ એન્ડ પોલિસી ફોર એગ્રિકલ્ચર - સ્પ્રિંગર - ૨૦૧૫
- બદલાતા હવામાનમાં કુશળ ખેતી - ખેડૂતો માટેની ગુજરાતી ગાઈડબુક - ૨૦૧૪,
  સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.
- અન્ન કૃષિ ઉત્પાદન માટેની સાંકળ - ગુજરાતી પુસ્તક, ૨૦૧૫,
  સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.
- બદલાતા હવામાનમાં કુશળ ખેતી - ખેડૂતો માટેની હિંદી ગાઈડબુક - ૨૦૧૫,
  સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.
- ગાઈડ બુક ફોર ફાર્મર્સ - ક્લાઈમેટ સ્માર્ટ એગ્રિકલ્ચર અંગ્રેજી - ૨૦૧૪
  સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.
- બદલતા હવામાનમાં કુશળ ખેતી - જળ, જમીન અને ઊર્જાનું સંકલન - બમણી આવકના ઉપાયો - ગુજરાતી ૨૦૧૬, સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.

- બિલ્ડિંગ ક્લાઈમેટ સ્માર્ટ ફાર્મર્સ - ડબલીંગ ઓફ ફાર્મર ઈન્કમ ગાઈડબુક અંગ્રેજી, હિંદી, ગુજરાતી - ૨૦૧૮, સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.
- ડેવલપિંગ ગુજરાત - માય મેમરિઝ - અંગ્રેજી (શ્રી એચ. આર.પાટણકર અને ડૉ. કિરીટ એન શેલત) - ૨૦૧૮, સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.
- ભારતીય સંસ્કૃતિની ધરોહરના મહાન ઋષિ મહંત સ્વામી મહારાજ - ૨૦૧૯, સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.

# અથર્વવેદ, કાંડ ૧૯, સૂક્ત ૬૭

१. पश्येम शरदः शतम् ॥
આપણી નેત્ર જ્યોતિ સો વર્ષો સુધી સ્પષ્ટ રહે.
May we see for hundred years. (4960)

२. जीवेम शरदः शतम् ॥
આપણે સો વર્ષો સુધી જીવીએ.
May we live for hundred years. (4961)

३. बुध्येम शरदः शतम् ॥
આપણી બુદ્ધિ સો વર્ષો સુધી સક્ષમ બની રહે.
May we acquire knowledge for hundred years. (4962)

४. रोहेम शरदः शतम् ॥
આપણે સો વર્ષો સુધી ઉન્નતિ કરતા રહીએ.
May we go on prospering and progressing for hundred years. (4963)

५. पूषेम शरदः शतम् ॥
આપણને સો વર્ષો સુધી પોષણ મળતું રહે.
May we go on being nourished for hundred years. (4964)

६. भवेम शरदः शतम् ॥
આપણને સો વર્ષો સુધી હયાત રહીએ.
May we remain strong and sturdy for hundred years. (4965)

७. भयेम शरदः शतम् ॥
આપણે સો વર્ષો સુધી પવિત્ર બની રહીએ.
May we retain our prestige and influence for hundred years. (4966)

८. भूयसीः शरदः शतात् ॥
સો વર્ષો પછી પણ આ સઘળું કલ્યાણકારી થતું રહે.
May we retain all these powers of sight etc., for greater numbers of years than hundred. (4967)

સંકલન : ડૉ. આર. એસ. રાજન
ખ્યાતનામ પ્રૉફેસર, ઈસરો





ॐ

## ગુજરાત – વિકાસના સહયાત્રીઓ

માનનીય શ્રી નરેન્દ્ર મોદી ❖ શ્રી વિજય રૂપાણી ❖ શ્રી કેશુભાઈ પટેલ ❖ શ્રી સુરેશ મહેતા ❖ શ્રી શંકરસિંહ વાઘેલા ❖ શ્રી દિલીપ પરીખ ❖ શ્રીમતી આનંદીબેન પટેલ ❖ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ❖ શ્રી પરશોત્તમ રૂપાલા ❖ ડો. પી. કે. મિશ્રા ❖ શ્રી એચ. આર. પાટણકર ❖ ડો. કિરીટ એન. શેલત ❖ શ્રી એચ. કે. ખાન ❖ શ્રી નાગરાજન વિઠ્ઠલ ❖ શ્રી પી. વી. સ્વામીનાથન ❖ ડો. જી. સુંદરમ ❖ શ્રી એ. પ્રસાદ ❖ સુશ્રી એની પ્રસાદ ❖ શ્રી વી. બી. બુચ ❖ શ્રી ગૌરીશંકર ઘોષ ❖ શ્રી પ્રવીણ ક. લહેરી ❖ ડો. વી. જી. પટેલ ❖ શ્રી કાંતિસેન શ્રોફ (પૂ. કાકા) ❖ શ્રીમતી ચંદાબેન શ્રોફ (પૂ. કાકી) ❖ શ્રી રજ્જુ શ્રોફ ❖ શ્રી અશ્વિન શ્રોફ ❖ સુશ્રી શ્રુતિબેન શ્રોફ ❖ શ્રી અતુલ શ્રોફ ❖ શ્રી મુકુલ આશર ❖ સ્વામી અધ્યાત્માનંદજી ❖ શ્રી નારાયણ ગુરુજી ❖ શ્રી મહેન્દ્ર ગૃહા ❖ ડો. પ્રણવ પંડ્યા ❖ ડો. જગદીશ ભગવતી ❖ પ્રો. રવીન્દ્ર ધોળકીયા ❖ ડો. સુદર્શન આયંગર ❖ ડો. અનિલ ગુપ્તા ❖ શ્રી સુનિલ પારેખ ❖ શ્રી ગિરિશ દાણી ❖ શ્રી શ્રેયસ પંડ્યા ❖ શ્રી દેવાંશુ ગાંધી ❖ ડો. પ્રવીણ ભગવતી ❖ શ્રી મિલન દેસાઈ ❖ સુશ્રી સ્મિતા શાસ્ત્રી ❖ પ્રો. વાય. એસ. રાજન ❖ શ્રી કે. કે. નાયર ❖ ડો. નંદલાલ માનસેતા ❖ શ્રી દેવેન્દ્રકુમાર દેસાઈ ❖ ડો. અનિલ દેસાઈ ❖ ડો. નારાયણ હેગડે ❖ શ્રી બી. એસ. ભાટીયા ❖ ડો. એચ. એલ. ત્રિવેદી ❖ શ્રી મનુભાઈ પટેલ ❖ ડો. અરબિંદ સિંહ ❖ ડો. બી. કે. કિકાણી ❖ ડો. એ. આર. પાઠક ❖ ડો. સી. જે. ડાંગરીયા ❖ પ્રો. ઓડેમારી એમબુયા ❖ સુશ્રી રીમા નાણાવટી ❖ શ્રીમતી શર્મિષ્ઠા જગાવત ❖ શ્રી હરનાથ જગાવત ❖ શ્રી જીતેન્દ્ર ચૌહાણ ❖ શ્રી વિજય ગુપ્તા ❖ શ્રી હર્ષદ જાટકીયા ❖ શ્રી જયેન્દ્ર જાટકીયા ❖ સુશ્રી નિશાબેન શાહ ❖ સુશ્રી ધ્વનિબેન પંડ્યા ❖ હસમુખ ઉપાધ્યાય

પ્રકાશક

**સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**

સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨

ફોન : (૦૭૯) ૨૫૪૬ ૬૧૦૧-૦૨ • Email : smpl99@gmail.com

ISBN 978-81-907666-5-4